પુષ્ટિમાર્ગની પગદંડી

(પુષ્ટિમાર્ગ વિશે પાયાની સમજ આપતી પ્રશ્નોત્તરી)



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીવલ્લભો વિજયતે ॥

પુષ્ટિમાર્ગની પગદંડી

(પુષ્ટિમાર્ગ વિશે પાયાની સમજ આપતી પ્રશ્નોત્તરી)

● લેખક ●

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

● પ્રકાશક ●

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Puṣṭimārganī Pagadaṇḍī
by Prof. Rameshbhai V. Parikh

© કૉપીરાઈટ - શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫, Email : shpct@hotmail.com
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૯૩
બીજી આવૃત્તિ : મે, ૧૯૯૪
ત્રીજી આવૃત્તિ : ડિસેમ્બર, ૧૯૯૭
ચોથી આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૯૯
પાંચમી આવૃત્તિ : ઓક્ટોબર, ૨૦૦૦
છઠ્ઠી આવૃત્તિ : ઓગષ્ટ, ૨૦૦૮
સાતમી આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૧૦
આઠમી આવૃત્તિ : ફેબ્રુઆરી, ૨૦૧૩
નવમી આવૃત્તિ : જૂન-૨૦૧૬
દસમી આવૃત્તિ : જુલાઈ-૨૦૧૯

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૮૦/-

સાનુનય સમર્પણ

પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી)

પુષ્ટિમાર્ગીયસર્વજ્ઞઃ કરુણારસપૂરિતઃ ।
શ્રેષ્ઠફલપ્રદાતા ચ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

આપશ્રીની કૃપાદૃષ્ટિ સદૈવ મારાં
તન-મનને આપ્લાવિત કરે છે.
આપશ્રીના કૃપાપ્રસાદે આ માર્ગે ચાલવાની
રતિ અને ગતિ પ્રાપ્ત થઈ છે.
આપશ્રીએ સિદ્ધાંત અને સેવાનો
મારા જીવનમાં સુભગ સમન્વય કરી આપ્યો છે.
હું જન્મોજન્મનો આપશ્રીનો ઋણી છું.
આપશ્રીનાં યુગલ પાદારવિંદોમાં
કોટાનકોટિ સાષ્ટાંગ દંડવત્પ્રણામ સાથે
આ પુસ્તક આપને સમર્પિત કરું છું;
તેને 'શંખાવલી'નું પુષ્પ સમજી
અંગીકાર કરવા કૃપા કરશોજી.

દાસાનુદાસ
રમેશ

અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	પૃષ્ઠાંક
૧.	ધર્મનું સ્વરૂપ	૭
૨.	હિન્દુ ધર્મ અને તેના ગ્રંથો	૨૪
૩.	હિન્દુ ધર્મની સાધના-પ્રણાલિકાઓ	૩૮
૪.	વૈષ્ણવ સંપ્રદાયોનો ઉદ્ભવ અને વિકાસ	૪૫
૫.	શ્રીવલ્લભાચાર્યજી	૫૪
૬.	શ્રીવલ્લભાચાર્યજીના પ્રતાપી વંશજો	૬૫
૭.	પુષ્ટિમાર્ગનો તત્ત્વવિચાર	૭૭
૮.	પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપ	૧૦૧
૯.	પુષ્ટિમાર્ગ એટલે શું?	૧૨૨
૧૦.	પુષ્ટિમાર્ગીય મંત્રદીક્ષા	૧૩૨
૧૧.	પુષ્ટિભક્તિ	૧૪૮
૧૨.	પુષ્ટિમાર્ગમાં શરણાગતિનું સ્વરૂપ	૧૫૭
૧૩.	પુષ્ટિમાર્ગમાં સમર્પણ	૧૬૩
૧૪.	પુષ્ટિમાર્ગમાં સેવા	૧૬૮
૧૫.	અન્યાશ્રય અને અનન્યાશ્રય	૧૮૭
૧૬.	વિવેક, ધૈર્ય અને આશ્રય	૧૯૪
૧૭.	દુ:સંગ અને સત્સંગ	૨૦૪
૧૮.	અસમર્પિત અને સમર્પિત	૨૧૦
૧૯.	અસદાલાપ અને ગુણગાન	૨૧૫
૨૦.	વિરહ અને વિપ્રયોગ	૨૨૦
૨૧.	આપણાં બેઠકજી	૨૨૪
૨૨.	વ્રજ અને લીલાપરિકરનું સ્વરૂપ	૨૩૨
૨૩.	શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય	૨૩૯
૨૪.	પુષ્ટિમાર્ગની આચાર-પરંપરા	૨૪૩

પ્રસ્તાવના

ભગવદીયોએ કહ્યું છે કે **'જોં લૌં હરિ આપુનપેં ન જનાવે તોં લૌં યહ માર્ગકો સિદ્ધાંત પઢે-સુને નહીં આવૈ.'** આ વાત આજે આપણે અનુભવી શકીએ છીએ. આપણા પુષ્ટિમાર્ગમાં વચમાં એવો સમય આવી ગયો કે જ્યારે પુષ્ટિમાર્ગના આચારને આપણા વડીલોએ આગ્રહથી પકડી રાખ્યો હતો, પરંતુ સિદ્ધાંતજ્ઞાનના અભાવે એ આચાર પાછળનો મૂળ વિચાર ખોવાઈ ગયો હતો. પરિણામે આપણા વડીલોનો આચાર આપણી સમજણમાં આવતો ન હતો. મારો પણ અંગત અનુભવ આવો રહ્યો છે.

મારાં પૂજ્ય દાદીમાના અનુગ્રહથી સેવામાં હાથ પવિત્ર કરતો, ત્યારે એ યુવાનીના દિવસોમાં સેવામાંના આચારની ઘણી બાબતો પાછળનો વિચાર મને સમજાતો નહિ. હું તેમને પૂછું ત્યારે નિખાલસતાથી કહેતાં : 'આમ કેમ કરવાનું એની મને ખબર નથી, પણ ભગવદીયો પાસેથી જે શીખી છું તે હું કરું છું. તને જ્યારે કારણ સમજાય ત્યારે મને પણ કહેજે.' એમની આ નિખાલસતા, અમારા બંનેની જિજ્ઞાસા અને શ્રીવલ્લભના અનુગ્રહે પુષ્ટિમાર્ગને સમજવાની વૃત્તિ આપી. બાળપણ અને યુવાનીમાં આ ભગવદીય વડીલોના આચાર-સંસ્કારો ઝિલાયા. સાથે સાથે મારા મૂળ વતન પાટણમાં ચાલતી પુષ્ટિમાર્ગીય પાઠશાળાએ મારામાં વિચાર-સંસ્કારનાં બીજ રોપી આપ્યાં.

પરમ પૂજ્યપાદ શ્રીગુરુદેવ અને સમસ્ત શ્રીવલ્લભકુળના કૃપાબળે હું લૌકિક પ્રવાહમાં તણાતાં બચ્યો. એમના આશીર્વાદે મારી યોગ્યતા ન હોવા છતાં, શ્રીમહાપ્રભુજીના આકર-ગ્રંથોમાં પ્રવેશ થયો. શ્રીમહાપ્રભુજીનાં વચનો હૃદયમાં ઝગમગતાં રત્નોની જેમ અર્થરૂપે પ્રકાશવા લાગ્યાં, ત્યારે મારું જીવન ભગવદ્કૃપાથી પુષ્ટિના પંથે વળ્યું. એની અસર મારા આખા પરિવારમાં આજે હું અનુભવી રહ્યો છું.

આથી હૃદયમાં એવો ભાવ રહ્યા કર્યો છે કે શ્રીઠાકોરજી અને મહાપ્રભુજીએ જેમને પોતાના શરણે લીધા, એવા પુષ્ટિજીવો પુષ્ટિના પંથે ચાલતા રહે, એવી અપેક્ષા આપશ્રી રાખે છે. તેથી જ આજના સમયમાં આપણી આચાર-પરંપરાને સમજપૂર્વક સુદૃઢ બનાવી વળગી રહેવાની આપણામાં તત્પરતા આવે, તે હેતુથી શ્રીમહાપ્રભુજી સંપ્રદાયમાં નામસેવાનો વિસ્તાર કરી રહ્યા છે. એના ફળસ્વરૂપે વચનામૃતો, પ્રવચનો, ભગવદ્કથાઓ, ગ્રંથ-શિબિરો, સત્સંગ-સ્વાધ્યાય કેન્દ્રોના

કાર્યક્રમો પહેલાંના પ્રમાણમાં ઘણા વધ્યા છે. તેમાં ભાગ લેતા વૈષ્ણવોની જિજ્ઞાસા પણ વધી છે.

પરંતુ કેટલાક વૈષ્ણવોએ તેમની મુશ્કેલીઓ બતાવતાં સચ્ચાઈથી કહ્યું કે આ બધાંનું શ્રવણ-વાચન કરતાં એમ લાગે છે કે અમે તો એકડિયામાં ભણનારા વિદ્યાર્થીઓ જેવાં છીએ અને અમને પીરસાય છે તે કોલેજ કક્ષાનું છે ; એટલે એ વાતને અમે પચાવી શકતાં નથી, માટે અમને પાયાનું જ્ઞાન મળે એવું સાહિત્ય આપો.

આજનો સમય વગર મહેનતે ઇન્સ્ટન્ટ વસ્તુ મેળવવાનો છે. આપણી પાસે ઝાઝો સમય નથી. જિંદગી પણ ટૂંકી છે. તેમાં ઘણાં પુસ્તકો વાંચી, સરખી રીતે સમજી, જીવનનો પ્રવાહ બદલવાનું કામ થોડુંક કપરું પણ છે. એટલે આ બધી બાબતોનો વિચાર કરતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી એવી પ્રેરણા થઈ કે પુષ્ટિમાર્ગ વિષે વૈષ્ણવ-અવૈષ્ણવ જિજ્ઞાસુને પાયાની સમજ મળે, એવું એક પુસ્તક તૈયાર થાય તો સારું. અગાઉ આ જ હેતુથી બે નાનાં પુસ્તકો 'વદતિ વલ્લભઃ શ્રીહરેઃ' અને 'પુષ્ટિમાર્ગનો પરિચય' પ્રકાશિત થયેલાં; પરંતુ લાંબા સમયથી તે અપ્રાપ્ય બન્યાં છે. વળી, છેલ્લાં દશેક વર્ષમાં અનેક સ્થળોના વૈષ્ણવો સાથે વિશેષ સંપર્કમાં આવવાનું થયું. તેમની જિજ્ઞાસા અને મૂંઝવણોને જાણવા-સમજવાની તક મળી છે. તેમણે જાહેરમાં અને વ્યક્તિગત રીતે અનેક પ્રશ્નો કર્યા છે. એ બધાનું સંકલન કરીને આજે પુષ્ટિમાર્ગની પાયાની વાતો રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે, જે આ પુસ્તકરૂપે સાદર છે. એની પ્રથમ આવૃત્તિ જોતજોતામાં અપ્રાપ્ય બની છે.

આ પ્રકાશન આ પ્રથમ આવૃત્તિનું જ પુનર્મુદ્રણ છે. આવશ્યક થોડાક શાબ્દિક ફેરફાર અને મુદ્રણની અશુદ્ધિઓ સુધારી લેવા સિવાય બીજું કશું પરિવર્તન કર્યું નથી. પ્રથમ આવૃત્તિ માત્ર છ મહિના જેટલા ટૂંકા ગાળામાં સમાપ્ત થઈ જતાં, વૈષ્ણવોની અતિ માગણી હોવાથી ફરીથી આ પ્રકાશન કરવાની ફરજ પડી છે. આ બીજું પુનર્મુદ્રણ પણ એની ઉપયોગિતા અને વૈષ્ણવોની સ્વમાર્ગને સમજવાની ઉત્કંઠા બતાવી આપે છે.

મને શ્રદ્ધા છે કે શ્રીમહાપ્રભુજીના કૃપાબળે સૌ જિજ્ઞાસુ વૈષ્ણવોને પુષ્ટિ જીવનનો મર્મ જાણવામાં અને માણવામાં આ પુસ્તક ઉપયોગી બનશે. એ શ્રદ્ધા સાથે આ પુસ્તક પુનઃપ્રકાશિત થઇ રહ્યું છે. તેના પ્રકાશનમાં સહયોગી બનનાર સૌ કોઈનું ઉપકાર-સ્મરણ દીનતા અને પ્રસન્નતાથી કરું છું.

મહેસાણા, તા. ૬-૫-૧૯૯૪
શ્રીમહાપ્રભુજીનો પ્રાગટ્યોત્સવ
ચૈત્ર વદ ૧૧, વિ.સં. ૨૦૫૦

દાસાનુદાસ
રમેશભાઈ પરીખ

૧. ધર્મનું સ્વરૂપ

પ્ર. ૧ : 'ધર્મ' શબ્દનો અર્થ શો છે?

જ. ૧ : ભાષામાં શબ્દના અર્થ બે રીતે નક્કી થાય છે : (૧) યોગાર્થથી અને (૨) રૂઢાર્થથી. સંસ્કૃત ભાષામાં ક્રિયાવાચક ધાતુ પરથી મોટા ભાગના શબ્દો બને છે અથવા મૂળ શબ્દોને પ્રત્યયો લાગવાથી નવા શબ્દો બને છે. ધાતુ અથવા પ્રત્યયનો જે અર્થ થતો હોય, તેના આધારે શબ્દનો અર્થ બને છે. આમ, નવો શબ્દ ધાતુ કે પ્રત્યયના જોડાણથી બને છે. જોડાણ માટે સંસ્કૃતમાં 'યોગ' શબ્દ છે. તેથી ધાતુ કે પ્રત્યયના જોડાણથી બનતા શબ્દના અર્થને 'યોગાર્થ' કહેવામાં આવે છે.

જેમકે સંસ્કૃતમાં 'ભજ્' ધાતુ છે, તેને 'ક્તિન્' પ્રત્યય લાગવાથી 'ભક્તિ' શબ્દ બને. સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે શબ્દને જ્યારે પ્રત્યય લાગે, ત્યારે પ્રત્યયનો જે અર્થ થતો હોય તે મુખ્ય અર્થ ગણાય. તે નિયમ મુજબ 'ભક્તિ' શબ્દનો અર્થ કરવામાં આવ્યો છે. ભજ્ = સેવા કરવી; ક્તિન્ = પ્રેમપૂર્વક. જે સેવામાં ફરજ કરતાં પ્રેમનો ભાવ વિશેષ હોય, એવી પ્રેમપૂર્વકની ભગવદ્‌સેવાને ભક્તિ કહે છે. ભક્તિનો આ અર્થ સ્પષ્ટ કરવા તેને પ્રેમલક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. આ ભક્તિનો યોગાર્થ થયો.

આવી રીતે 'ધર્મ' શબ્દ 'ધૃ' ધાતુ પરથી બન્યો છે. 'ધૃ' ધાતુનો અર્થ 'ધારણ કરવું' એવો થાય છે; તેથી 'ધર્મ' શબ્દનો અર્થ ધારણા એવો થયો. ગુજરાતીમાં 'ધારણા' શબ્દ 'કલ્પના કરવી', એવા અર્થમાં વપરાય છે; તે અર્થમાં અહીં ધારણા વપરાયો નથી. અહીં 'ધારણા' = ધારણ કરવું અર્થાત્ સ્વીકારવું અર્થ છે. 'ધારણ કરવું'નો બીજો અર્થ જીવનમાં આચરણ કરવું, એવો પણ થાય છે. આમ, સ્વીકારવું અને અમલ કરવો એ બંને અર્થોને સાથે લેવાથી ધર્મનો યોગાર્થ થશે : ધર્મ એટલે જીવન માટે લાભદાયક હોય એવા વિચારો સ્વીકારવા અને તેમનું આચરણ કરવું. આમ, ધર્મ શબ્દ જીવનના વિચાર અને આચાર સાથે સંબંધ ધરાવે છે.

શબ્દ ઉપર પ્રમાણે અસ્તિત્વમાં આવે, પછી વર્ષો સુધી લોકો તેનો ઉપયોગ કરતા રહે છે. જેમ જેમ સમય બદલાતો જાય, તેમ તેમ શબ્દનો અર્થ પણ ક્યારેક બદલાતો જાય છે. ઘણા સમય પછી શબ્દ કોઈ એક ચોક્કસ અર્થમાં દૃઢ થાય છે,

ત્યારે મૂળ અર્થથી તે અર્થ ઘણો બદલાઇ ગયો હોય છે. આવી રીતે સમાજમાં શબ્દનો જે અર્થ પરંપરાથી રૂઢ થાય તેને 'રૂઢાર્થ' કહે છે. જેમ કે 'ભક્તિ' શબ્દનો મૂળ અર્થ 'પ્રેમપૂર્વક કરવામાં આવતી ભગવાનની સેવા' એવો છે; પરંતુ ભક્તિ શબ્દ સમાજમાં રૂઢ થતાં તેનો અર્થ બદલાયો. આજે 'ભક્તિ' શબ્દ મોટા ભાગના લોકો ભજન-કીર્તનના અર્થમાં વાપરે છે. ભજન-કીર્તન એ ભક્તિનો રૂઢ અર્થ છે. રૂઢાર્થ સંપૂર્ણ સાચો હોતો નથી. આથી જ્યારે કોઈપણ શબ્દને તેના સાચા અર્થમાં સમજવો હોય, ત્યારે તેનો યોગાર્થ વિચારવો જોઇએ.

આ પ્રમાણે **'ધર્મ'** શબ્દનો રૂઢ અર્થ થયો **'ફરજ'**. માણસ તેના જીવનમાં ઘણી બધી ફરજો બજાવે છે. જેમ કે તે કોઈકનો પુત્ર છે, તો કોઈકનો પિતા છે. તે કોઈકનો ભાઇ છે, તો કોઈકનો જેઠ પણ છે. તે કોઈકનો મિત્ર છે, તો કોઈનો માલિક પણ છે. આમ, એક જ માણસ તેના જીવનમાં જુદા જુદા રોલ ભજવે છે. તે જેટલા પ્રકારના રોલ ભજવે છે, એટલા પ્રકારની ફરજો તેને બજાવવાની રહે છે. એક માણસ પિતા, પુત્ર, ભાઈ, મિત્ર, માલિક, દેશનો નાગરિક - એમ અનેક પ્રકારના રોલ ભજવતાં ભજવતાં, તે પ્રકારની ફરજો બજાવે છે. આ બધી ફરજોને માટે 'ધર્મ' શબ્દ વપરાય છે. તેથી આપણી ભાષામાં પિતૃધર્મ, ભ્રાતૃધર્મ, મિત્રધર્મ, દાસધર્મ, સ્વામીધર્મ, રાષ્ટ્રધર્મ જેવા શબ્દો આવ્યા. આ બધા શબ્દો મનુષ્યની તે તે પ્રકારની ફરજનો અર્થ બતાવનારા છે.

આમ, ધર્મ શબ્દના યોગાર્થ અને રૂઢાર્થનો સમન્વય કરીએ, તો ધર્મ શબ્દથી નીચેના જેવી સંકલ્પના સમજાય છે : માણસને બે પ્રકારના વિચારો સતત રહેતા હોય છે. (૧) દુનિયાનું સુખ અને (૨) પરલોકનું સુખ. દુનિયાના સુખને 'પ્રેય' કહેવામાં આવે છે અને પરલોકના સુખને 'શ્રેય' કહેવામાં આવે છે. માણસ પ્રેય અને શ્રેય માટે શું કરવું તે સતત વિચારે છે. તેને જે સમજાય છે, તે આચરણમાં મૂકે છે.

આમ, માણસ તેના પ્રેય અને શ્રેય માટે જે પ્રવૃત્તિઓ કરે, તે બધી પ્રવૃત્તિઓ 'ધર્મ' કહેવાય છે. માણસને ત્રણ પ્રકારનાં દુ:ખ પજવે છે : (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક. આ દુ:ખો દૂર કરવા તે જે પ્રવૃત્તિઓ કરે છે, તે પણ ધર્મ કહેવાય છે. આથી ધર્મની એક વ્યાખ્યા છે: દુ:ખોની નિવૃત્તિ અને સાથે સુખોની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન. આપણે બે તત્ત્વોના બનેલા છીએ : (૧) શરીર (૨) આત્મા. આપણી કેટલીક પ્રવૃત્તિઓ શરીર માટેની હોય છે. તે શરીર સાથે જોડાયેલી હોય છે. એવી પ્રવૃત્તિઓને દેહધર્મ કહેવામાં આવે છે. જેમકે

ખાવું, પીવું, મનોરંજન મેળવવું, નોકરી-ધંધો કરવો, કુટુંબ, ગામ અને દેશના કલ્યાણ માટે કાર્યો કરવાં વગેરે.

આપણા શરીરમાં આત્મા રહેલો છે. શરીર અને આત્માનો સંબંધ કાયમી નથી. માત્ર આ જન્મ પૂરતો છે. શરીર જે સુખો મેળવવા પ્રવૃત્તિ કરે છે તે પ્રેય છે. આત્મા પરલોકના સુખને ઝંખે છે. તેથી આત્મા સદા શ્રેયનો વિચાર કરે છે. આત્માનું શ્રેય પરમાત્માની પ્રાપ્તિમાં છે. આથી, પરમાત્માની પ્રાપ્તિ માટે જે પ્રવૃત્તિઓ કરવામાં આવે, તેને આત્મધર્મ કહેવામાં આવે છે. આપણે ત્યાં ધર્મ શબ્દ મોટા ભાગે આત્મધર્મના અર્થમાં વપરાય છે. ટૂંકમાં, ધર્મ એટલે પરમાત્માની શોધનો માર્ગ. આત્મ-જાગૃતિ અને આત્મ-ઉત્કર્ષ માટેની સાધના-આરાધનાનો માર્ગ. દિવ્ય આનંદ - અલૌકિક સુખની શોધનો માર્ગ.

પ્ર. ૨ : પૃથ્વી પર ધર્મની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઈ હશે?

જ. ૨ : ધર્મનો સંબંધ માનવજાત જેટલો જૂનો છે. આ પ્રશ્નનો જવાબ સૌ ધર્મશાસ્ત્રોએ પોતપોતાની સમજ પ્રમાણે આપ્યો છે.

બાઈબલના મતે પૃથ્વી પર સૌ પહેલાં જન્મેલાં સ્ત્રી અને પુરુષ ઈવ અને આદમ નામે જાણીતાં છે. શેતાને તેમને બુદ્ધિનું ફળ ખાવા લલચાવ્યાં. તે ખાવાથી તેમનું અધઃપતન થયું. તેમાંથી તેમને બચાવવા પ્રભુના દેવદૂતે આવી, તેમને ધર્મ શીખવ્યો. ત્યારથી માનવજાત ધર્મનું આચરણ કરે છે.

ઈસ્લામના પ્રવર્તક મહંમદ પયગંબર કહે છે કે તેઓ અંધારી ગુફામાં ચિંતન કરતા હતા, ત્યારે અચાનક દિવ્ય પ્રકાશ ફેલાયો. તેના અજવાળામાં ખુદાનો એક ફિરસ્તો તેમના માટે ખુદાનો પયગામ લઈને આવ્યો. તે પયગામ તેમણે લોકોને આપ્યો. તે ધર્મનો સંદેશો હતો.

બૌદ્ધ સંપ્રદાયના પ્રવર્તક સિદ્ધાર્થ ઘર-પરિવાર છોડી નીકળી પડ્યા. તેમણે વનમાં પીપળાના વૃક્ષ નીચે આસન જમાવી, સમાધિ લગાવી. સમાધિમાં તેમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. તે બોધ તેમણે જગતને આપ્યો. તેથી તેઓ બુદ્ધ કહેવાયા.

જૈન ધર્મના પ્રવર્તક મહાવીર અને શીખ ધર્મના પ્રવર્તક નાનકજીની કથા પણ લગભગ આવી જ છે. આ સૌ મહાપુરુષોએ તેમને પ્રાપ્ત થયેલ ધર્મનો બોધ લોકોને આપ્યો, ત્યારથી તે-તે ધર્મો અસ્તિત્વમાં આવ્યા છે.

આપણા હિન્દુ ધર્મના પાયાનું પુસ્તક વેદ છે. વેદ-સાહિત્યમાં બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદોનો સમાવેશ થાય છે. વેદ સ્વયં પરમાત્માની વાણી

છે. તેમાં પરમાત્માના સ્વરૂપનું તથા તેમને પ્રાપ્ત કરવાના જુદા જુદા માર્ગોનું વર્ણન છે. પરમાત્મા પોતે પોતાના વિષે ઘણું બધું કહે છે, પરંતુ અંતે તેઓ કહે છે કે નેતિ, નેતિ (ન+ઇતિ) = આટલું જ નહીં; હજી આનાથી ઘણી વધારે બાબતો છે, જે શબ્દોમાં કહેવી મુશ્કેલ છે. મજાની વાત એ છે કે જો પરમાત્મા પોતે પોતાની વાત પૂરેપૂરી ન કહી શકે, તો મનુષ્યની શક્તિ કેટલી? છતાં આપણાં ઉપનિષદોએ કહ્યું: પરમાત્મા જગતની પહેલાં હતા અને જગતની પછી પણ હશે. તેઓ અનાદિ અને અનંત છે. તેઓ પરમાનંદ સ્વરૂપ છે. આવા પરમાત્માને ક્રીડા કરવાનું મન થયું, તેથી એકમાંથી અનેક થવા તેમણે પૃથ્વીનું સર્જન કર્યું. પૃથ્વી ઉપર જડ અને જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે તેમણે પોતાની નાભિમાંથી બ્રહ્માને પ્રગટ કર્યા. બ્રહ્માને ક્ષીરસાગરના કિનારે મૂકી દીધા. બ્રહ્માને મૂંઝવણ થઈ. મારે શું કરવાનું? ક્ષીર સાગરમાંથી ભગવાનની વાણી પ્રગટ થઈ: તપ, તપ, તપ. આથી બ્રહ્માએ હજારો વર્ષો સુધી તપ કર્યું. પરમાત્માએ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થઈ, બ્રહ્માને જે જ્ઞાન આપ્યું, તે ધર્મ. બ્રહ્માએ તેમને મળેલો ધર્મવિચાર તેમના પુત્રોને વારસામાં આપ્યો. બ્રહ્માના પુત્ર મનુ થયા. તેમના વંશજો 'માનવ' કહેવાયા.

આમ, પેઢી-દર-પેઢી ધર્મવિચારનો વારસો અપાતો ગયો. તેને સમજાવવા માટે દરેક પેઢીએ નવાં-નવાં શાસ્ત્રો રચાયાં. જ્યારે પૃથ્વીનો પ્રલયકાળ આવ્યો, ત્યારે પરમાત્માએ મત્સ્યાવતાર ધારણ કરી, ધર્મના જ્ઞાતા મનુ અને અન્ય ઋષિઓને નાવમાં બેસાડી, નાવને સુરક્ષિત સ્થળે ખેંચી જઈ, પ્રલયથી તેમનું રક્ષણ કર્યું. આ ઋષિઓએ પૃથ્વી પર ધર્મવિચારને જીવંત રાખ્યો.

આ સર્વ પ્રસંગોમાંથી એક વાત નક્કી થાય છે કે ધર્મનો વિચાર કોઈ મનુષ્યની બુદ્ધિમાંથી જન્મ્યો નથી. તે પરમાત્માની ભેટ છે. ધર્મવિચાર ભૂખ, નિદ્રા, ભય, મૈથુન જેવી પશુગત પ્રવૃત્તિઓ માટે નથી અથવા દુન્યવી જીવનના ભોગ માટે પણ નથી. ધર્મ દિવ્ય છે. તેથી પશુ-જીવનમાંથી માનવ-જીવનને દિવ્યતા તરફ લઈ જનાર છે. નરમાંથી નારાયણ સુધી પહોંચવા માટે, જીવનના ઉદ્ધાર માટે ધર્મ છે, જે માણસમાં રહેલી સુષુપ્ત વિશિષ્ટ ચેતનાને જગાડી, જીવનને સાર્થક બનાવે છે.

આમ, માનવજાતને જીવન વિષેની જ્યારથી સમજ આવવા માંડી, ત્યારથી ધર્મની શરૂઆત થઈ છે. માટે ધર્મને સનાતન-શાશ્વત કહેવામાં આવ્યો છે. તે માણસજાત જેટલો જ પ્રાચીન છે.

પ્ર. ૩ : સંસ્કૃત અને ગુજરાતીમાં જેમ 'ધર્મ' શબ્દ છે, તેમ બીજી ભાષાઓમાં પણ ધર્મ માટે જુદા જુદા શબ્દો હશે. કઇ ભાષામાં ધર્મ માટે કયો શબ્દ છે? તેનો શો અર્થ થાય છે?

જ. ૩ : જેમ સંસ્કૃતમાં અને ગુજરાતીમાં ધર્મ શબ્દ છે, એમ અંગ્રેજીમાં 'રિલિજીયન' શબ્દ છે. જેમ ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવી છે, તેમ અંગ્રેજી ભાષા લેટિનમાંથી ઊતરી આવી છે. લેટિન ભાષાના બે શબ્દો મળીને રિલિજીયન શબ્દ બન્યો છે : Re + Linger. Re - again (ફરીથી); Linger = to bind (બાંધવું). Religion = To bind again = ફરીથી સંબંધ બાંધવો યા જોડવો. આ તેનો યોગાર્થ છે. રિલિજીયન શબ્દનો રૂઢાર્થ છે ધર્મ. તેનો યોગાર્થ 'પરમાત્માથી છૂટી ગયેલો સંબંધ ફરી બાંધવો' એવો થાય છે; જે આત્મા પરમાત્માથી ઘણા સમયથી વિખૂટો પડ્યો છે, તે આત્માનો પરમાત્મા સાથે ફરીથી સંબંધ બાંધવો. આમ, આત્માનો પરમાત્મા સાથેનો સંબંધ પુનઃસ્થાપિત કરવાનો માર્ગ તે રિલિજીયન - ધર્મ.

અરબી ભાષામાં ધર્મ માટે 'ઈસ્લામ' શબ્દ વપરાય છે. તેનો વાચ્યાર્થ 'શાંતિ' છે. તેનો યોગાર્થ 'પ્રભુનો શાંતચિત્તે સ્વીકાર કરવો' અર્થાત્ પ્રભુની શરણાગતિ સ્વીકારવી એવો છે.

જાપાનીઝ ભાષામાં ધર્મ માટે 'શિન્ટો' શબ્દ છે. તેનો અર્થ છે ફિરસ્તાનો માર્ગ અથવા દૈવી માર્ગ. જે માર્ગે દિવ્ય પરમાત્માને પામી શકાય તેનું નામ ધર્મ.

ચીની ભાષામાં 'તાઓ' શબ્દ છે. જેના જુદા જુદા અર્થ થાય છે. જેમ કે માર્ગ, આધ્યાત્મિક નીતિ-નિયમો, વિશ્વવિચાર, પ્રકૃતિના માર્ગો વગેરે.

આમ, ધર્મ માટે જુદી જુદી ભાષાઓમાં જુદા જુદા શબ્દો મળી આવે છે. આ બધા શબ્દોના અર્થ સાથે મૂકીને વિચારીએ, તો ધર્મ એટલે જીવાત્માનો પરમાત્મા સાથેનો શાંતિમય શરણાગતિનો અને પુનઃમિલનનો દિવ્ય માર્ગ - એવો અર્થ નીકળે છે.

પ્ર. ૪ : પરમાત્મા એક જ છે, તો એક પરમાત્માએ જુદા જુદા ધર્મોનો બોધ કેમ કરાવ્યો? એક પરમાત્માને પામવા માટે એક જ ધર્મ કેમ ના બતાવ્યો?

જ. ૪ : જગતની રચના કરવાનો પરમાત્માનો મૂળ હેતુ તેમના આનંદ માટે ક્રીડા કરવાનો છે. ક્રીડાનો આનંદ ત્યારે જ મળે, જ્યારે ક્રીડામાં વૈવિધ્ય

હોય. એકનું એક ભોજન કે પહેરવેશ આપણને કાયમ ગમતાં નથી; તેનાથી કંટાળો આવે છે. માટે પરમાત્માએ વૈવિધ્યપૂર્ણ જગત બનાવ્યું, જેમાં માણસનો દેખાવ એક જેવો લાગે અને છતાંય અબજો માણસોમાં બે માણસો પણ એકસરખા ન હોય. માણસના સ્વભાવમાં પણ પાર વિનાનું વૈવિધ્ય જોવા મળે છે. એક જ સ્થળે જવા નીકળેલા માણસોની ત્યાં જવાની રીત પણ જુદી જુદી હોય છે. વાહનો પણ જુદાં જુદાં હોય છે. એ સ્થળે પહોંચવાના રસ્તા પણ જુદા જુદા હોય છે. જગતનાં બધાં તત્ત્વોમાં વિવિધતા છે, ત્યારે એ મનુષ્યોના જુદા જુદા સ્વભાવને ધ્યાનમાં રાખી, ધર્મવિચારમાં પણ પરમાત્માએ વિવિધતા પ્રગટ કરી છે. બધા જ મનુષ્યો એક જ પ્રકારે પોતાને ભજે એવું પરમાત્મા ઈચ્છતા નથી.

એક બીજું કારણ પણ છે. માણસનો સ્વભાવ અને શક્તિ જુદાં જુદાં હોવાથી તેમનાં જીવન અને ધ્યેયની પ્રાપ્તિના માર્ગો તથા પ્રયત્નો પણ જુદા જુદા જોવા મળે છે. કોઈ માણસ મગજની શક્તિથી આગળ વધે છે, કોઈ હાથની શક્તિનો વિશેષ ઉપયોગ કરે છે. કોઈ લાગણીના બળે કામ કરે છે. પરિણામે, જ્ઞાનપ્રધાન મનુષ્યો જ્ઞાનના માર્ગે અને ક્રિયાશીલ મનુષ્યો કર્મના માર્ગે ઈશ્વરને પામવા પ્રયત્ન કરે છે. જ્યારે લાગણીશીલ, પ્રેમપૂર્ણ મનુષ્યો ભક્તિના માર્ગે ઈશ્વરની આરાધના કરે છે. આમ, ઈશ્વરને પામવાના માર્ગો અનેક છે, તેથી ધર્મો પણ અનેક છે.

ધર્મો અનેક હોવા છતાં પાયાની વાત એકસરખી છે. બધા ધર્મોનો હેતુ ઈશ્વરપ્રાપ્તિનો જ છે. તે માટેનાં સાધનો ભલે જુદાં છે, પણ સાધ્ય એક જ છે. સમજદાર ડાહ્યો માણસ સાધનોના ઉપયોગમાં દેખાદેખી કરતો નથી. પોતાને અનુકૂળ આવે તે સાધન જ તે વાપરે છે. સાધનનો ઝઘડો ન હોય. સાધનનો આધાર તે વાપરવાની શક્તિ ઉપર છે. તેમાં દેખાદેખી ન ચાલે. તેથી ભલે દુનિયામાં ધર્મ અનેક હોય, પણ આપણા સ્વભાવ અને શક્તિને અનુકૂળ આવે તે આપણો સ્વધર્મ. બીજા બધા ધર્મ આપણા માટે પરધર્મ. આથી ગીતાજીમાં શ્રીકૃષ્ણે સમજાવ્યું કે દરેક માણસે સ્વધર્મનું આચરણ કરવું. પરધર્મનું અનુકરણ ન કરવું. સ્વધર્મના આચરણનો અર્થ એવો પણ નથી કે પરધર્મનો દ્વેષ અથવા તિરસ્કાર કરવો. સમજદાર માણસ ધર્મના નામે ઝઘડા ન કરે; કારણ કે ધર્મ તો સાધન છે. સાધનના ઝઘડા ન હોય. દરેક મનુષ્યમાં સ્વધર્મ પ્રત્યે નિષ્ઠા અને અન્ય ધર્મો પ્રત્યે આદર હોવાં જોઈએ. જે મનુષ્ય પોતાને ધાર્મિક કહેવડાવે, તેનામાં બધા ધર્મો પ્રત્યે સહિષ્ણુતા અને સદ્‌ભાવ હોવાં જોઈએ.

આજે ધર્મના નામે લોકો અસહિષ્ણુ બની, લડતા-ઝઘડતા જોવામાં આવે છે. તેમને ડાહ્યા કે શાણા માણસો કહી શકાય નહિ; કારણ કે ધર્મ આપસ-આપસમાં બડાઈ હાંકવાનો, મોટાઈ દેખાડવાનો કે બીજાને ઉતારી પાડવાનો વિષય નથી. ધર્મ ચર્ચાનો વિષય નથી, શ્રદ્ધાનો વિષય છે. ધર્મ અત્યાચારનો વિષય નથી, સદાચારનો વિષય છે. જગતનો ઈતિહાસ બતાવે છે કે આજ સુધીમાં ધર્મના નામે અનેક યુદ્ધો ખેલાયાં છે. મુસલમાનોએ તલવારથી આખા જગતને ઈસ્લામપંથી બનાવવાના અત્યાચાર કર્યા; જ્યારે 'ઈસ્લામ' શબ્દનો અર્થ જ શાંતિ થાય છે. ખ્રિસ્તીઓએ ગરીબ પ્રજાની આર્થિક મજબૂરીનો ગેરલાભ લઈ, ધર્મ-પરિવર્તન કરાવ્યું. આપણા દેશમાં હિન્દુ ધર્મના અનુયાયી શૂદ્ર વર્ણના લોકોએ સમાજમાં ઊંચો મોભો મેળવવા ખાતર બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા. સોલંકી યુગના ગુજરાતમાં કુમારપાળ જેવા રાજાઓએ રાજ્યસત્તાના ભયથી અનેક જ્ઞાતિઓને જૈન ધર્મ આચરતી કરી. આ સૌ એક વાત ભૂલી ગયા કે ધર્મના અનુયાયીઓના સંખ્યાબળથી ધર્મની મહાનતા નક્કી થતી નથી.

કયો ધર્મ શ્રેષ્ઠ અને કયો ધર્મ હીન એ વિચાર જ અયોગ્ય છે. શ્રીમહાપ્રભુજીએ એક પ્રસંગમાં એનો સુંદર ખુલાસો કર્યો છે. શ્રીમહાપ્રભુજી ગુજરાતમાં પધાર્યા હતા, ત્યારે એક ગામમાં તળાવના કિનારે મુકામ કર્યો હતો. તે ગામના પુરુષોત્તમ જોષી નામના એક વિદ્વાને શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કર્યો હતો કે જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગમાં કયો માર્ગ ઉત્તમ? શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યો : બધા ધર્મો ઈશ્વર તરફ લઈ જનારા જ છે, તેથી બધા ધર્મો ઉત્તમ છે. પસંદગીનો આધાર માણસના સ્વભાવ ઉપર છે. જેને જે માર્ગ અનુકૂળ આવે તે તેના માટે ઉત્તમ. મને પૂછો તો ભક્તિમાર્ગ ઉત્તમ છે.

આ વાત આજના સમયમાં ધર્મના માટે લડતા અને આતંકવાદી બનતા સૌએ સ્વસ્થતાથી સમજવા જેવી છે. જગતમાં વૈવિધ્યને માણવા માટે પણ મનની ઉદારતા જોઈએ, તેમ જુદા જુદા ધર્મોમાં રહેલા વૈવિધ્યને સ્વીકારવા માટે મનની ઉદારતા ઘણી જરૂરી છે. બધા ધર્મોના અસ્તિત્વનો ઉદારતાથી સ્વીકાર કરવો જોઈએ. તે માટે સંઘર્ષ કરવો યોગ્ય નથી.

આ સાથે એક બીજી વાત સમજી લેવાની જરૂર છે. સૌ ધર્મો પ્રત્યે સમભાવ હોવો જોઈએ, પરંતુ બધા ધર્મોનું અનુસરણ એક સાથે શક્ય નથી. એટલે અનુસરણ તો કોઈ એક જ ધર્મનું થાય. માટે આપણને અનુકૂળ આવે એવો એક ધર્મ પસંદ કરી, તે સ્વધર્મમાં આપણી નિષ્ઠા અને પ્રેમ રાખવી જોઈએ.

પ્ર. ૫ : જુદા જુદા ધર્મોમાં ધર્મની જુદી જુદી વ્યાખ્યાઓ હશે. તો એ વ્યાખ્યાઓ બતાવશો?

જ. ૫ : જુદા જુદા ધર્મોએ ધર્મનાં લક્ષણો બતાવ્યાં; કારણ કે ધર્મની વ્યાખ્યા કરવી અતિ અઘરી છે. જેમ આકાશની વ્યાખ્યા ન હોઇ શકે, તેમ ધર્મની પણ એક વ્યાખ્યા ન થઈ શકે. વસ્તુ કે વિચાર જેટલા વધારે વ્યાપક, તેટલી તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ.

બધા ધર્મોએ ધર્મનાં ચાર પાયાનાં લક્ષણો સ્વીકાર્યાં : (૧) દયા (૨) સત્ય (૩) તપ અને (૪) પ્રેમ. કોઈ પણ ધર્મ આ ચાર પૈકીના એક પણ લક્ષણનો ઈનકાર કરતો નથી. દરેક ધર્મે આ ચાર લક્ષણો ઉપર પોતપોતાની રીતે વત્તો કે ઓછો ભાર મૂક્યો છે; પરંતુ દરેક ધર્મ તેને સ્વીકારીને ચાલનારો છે.

ધર્મના સ્વરૂપ વિષે દરેક ધર્મ બે બાબતો સ્વીકારે છે : (૧) ધર્મનું વિચાર-સ્વરૂપ, જેને ધર્મનું તત્ત્વજ્ઞાન કહેવામાં આવે છે. (૨) ધર્મનું આચાર-સ્વરૂપ, જેને ધર્મના કર્મકાંડ કે ધાર્મિક ક્રિયાઓ કહેવામાં આવે છે. દરેક ધર્મ એમ પણ સ્વીકારે છે કે ધર્મના પાયામાં તેનું તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. તત્ત્વજ્ઞાન મુજબ ધાર્મિક ક્રિયાઓ થવી જોઈએ અને તે અનુસાર જીવન જિવાવું જોઇએ. આથી, દરેક ધર્મને પોતાનું આગવું તત્ત્વજ્ઞાન છે અને તે અનુસારની ધાર્મિક ક્રિયાઓ પણ છે. આ ક્રિયાઓ તત્ત્વજ્ઞાનના વિચારપૂર્વક થવી જોઈએ, એવું પણ દરેક ધર્મ સ્વીકારે છે. ધાર્મિક ક્રિયાઓ ધર્મનું બાહ્ય અંગ છે, જ્યારે તત્ત્વજ્ઞાન ધર્મનું આંતરિક અંગ છે. શાસ્ત્રોએ એમ કહ્યું કે જે વ્યક્તિ વિચારપૂર્વક ધર્મનું આચરણ કરીને ધર્મનું રક્ષણ કરે છે, તેનું ધર્મ પણ રક્ષણ કરે છે. આમ, ધર્મનાં મૂળભૂત તત્ત્વોમાં કોઈ ઝાઝો તફાવત જગતના ધર્મો વચ્ચે નથી.

મહર્ષિ મનુએ ધર્મનાં દશ લક્ષણો આપ્યાં છે : (૧) ધૈર્ય (૨) ક્ષમા (૩) મનનો નિગ્રહ (સંયમ) (૪) ચોરીનો ત્યાગ (૫) પવિત્રતા (૬) ઈન્દ્રિયોનો નિગ્રહ (સંયમ) (૭) બુદ્ધિ (૮) વિદ્યા (આત્મજ્ઞાન) (૯) સત્ય (૧૦) શાંતિ (ક્રોધનો અભાવ).

ધર્મને સમજવા અને આચરવાના ચાર માર્ગો મનુસ્મૃતિએ બતાવ્યા : (૧) વેદ (૨) સ્મૃતિ (ધર્મશાસ્ત્ર) (૩) સદાચાર (સત્પુરુષોનું આચરણ) અને (૪) આત્મબોધ.

વેદ ધર્મને સમજવાનું પાયાનું સાધન છે. તેનું સ્પષ્ટીકરણ ધર્મશાસ્ત્રોમાં છે. વેદ અને ધર્મશાસ્ત્રો દ્વારા જે વાત ન સમજાય, તે સત્પુરુષોના આચરણથી

સમજવી. તેમાં કોઇ શંકા પડે ત્યારે તેનો નિર્ણય અંતરાત્માથી અર્થાત્ આત્મબોધથી કરવો.

ધર્મ પરલોકના કલ્યાણ સાથે લૌકિક સુખ-સમૃદ્ધિનું સાધન પણ છે. મહર્ષિ કણાદના મતે જેનાથી લૌકિક ઉન્નતિ અને પારલૌકિક કલ્યાણ-મોક્ષ મળે તે ધર્મ.

જીવનના ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ માટે ધર્મ છે. અર્થ અને કામ પુરુષાર્થ પણ ધર્મમાર્ગે સિદ્ધ થવા જોઇએ.

પ્ર. ૬ : માનવજીવનમાં ધર્મનું આટલું બધું મહત્ત્વ કેમ છે?

જ. ૬ : આપણે મનુષ્યનો આકાર પામ્યા છીએ; પરંતુ આપણો આંતરિક સ્વભાવ મનુષ્ય કરતાં વિશેષ પશુ જેવો છે. પશુમાં અને માણસમાં મૂળભૂત સ્વભાવની બાબતમાં કોઈ ફરક નથી. પશુ પણ કેવળ તેના સ્વાર્થ માટે અને સલામતી માટે જીવે છે; તેમ માણસ પણ તેના સ્વાર્થ અને સલામતી માટે જીવતો જણાય છે. કૂતરો અજાણ્યાને જોઈને ભસે છે અને દુશ્મન જાણીને કરડે છે. માણસ પણ પોતાના દુશ્મનની સામે અપશબ્દો બોલીને ભસે છે અને તેને હાનિ પહોંચાડીને કરડે છે. સિંહ અને વાઘ હિંસક બનીને, પોતાના શિકાર ઉપર તરાપ મારે છે, તેમ માણસ પણ પોતાનો સ્વાર્થ સાધવા, બીજાનું ખૂન કરવા સુધીની ક્રૂરતા આચરે છે. ભૂંડ ગંદકીમાં પડ્યા રહેવાનું અને જે-તે પદાર્થ ગમે તે સમયે ખાવાનું પસંદ કરે છે; તેમ માણસ પણ અનીતિ, દુર્ગુણો, પાપાચરણ વગેરેની ગંદકીમાં જીવે છે અને કશા વિવેક વિના, જ્યાંથી જે કંઈ મળે તે ખાધે રાખે છે. પ્રજોત્પત્તિ એ પશુઓનો આનંદ છે; તેમ માણસોનો પણ આનંદ છે. આમ, માનવમાં પાશવી સ્વભાવ ઘણા મોટા પ્રમાણમાં છે.

આ સ્થિતિમાં માણસ પશુમાંથી સૌ પ્રથમ મનુષ્ય બને અને માનવતાના ગુણો વિકસાવીને જીવે તે જરૂરી છે. માણસની માણસાઈથી તેને માણસ કહી શકાય. આવી માણસાઈ માટે ધર્મ જરૂરી છે. દરેક ધર્મનાં શાસ્ત્રોએ સૌ પહેલાં માણસને સારા માણસ બનવાનો ઉપદેશ આપ્યો છે અને માણસાઈનો માર્ગ બતાવ્યો છે, જેને નીતિધર્મ કહેવામાં આવે છે. જેમ ગંદા વાસણમાં ભરેલું પાણી ગંદુ બને અને તે પીવાથી રોગ થાય, તેમ પશુ-સ્વભાવને લઈને માણસનું મન ગંદુ હોય. તે ગંદા મનથી કોઇ સુખ પામી શકે નહિ; તેથી શરીર અને મનની ગંદકીને દૂર કરવા, તેમને શુદ્ધ અને પવિત્ર બનાવવાની પહેલી જરૂર છે. શરીર અને મનની શુદ્ધતા અને પવિત્રતા નીતિ-ધર્મોના પાલનથી થાય છે, માટે સૌ ધર્મોએ નીતિધર્મોના પાલનને પહેલું ધર્માચરણ કહ્યું.

માણસનું તન-મન શુદ્ધ અને પવિત્ર બન્યા પછી, તે સ્વસ્થ ચિત્તે તેના પોતાના સ્વરૂપનો, ઈશ્વરના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો વિચાર કરી શકે. આ વિચાર દ્વારા તે ઈશ્વરને પામવાનો માર્ગ લઈ શકે. ધર્મનું આ બીજું સોપાન છે, જેને આત્મધર્મ કહેવામાં આવે છે.

આત્મધર્મના પાલનથી અને સાધનાથી મનુષ્ય માણસમાંથી દેવ જેવો બની શકે છે. તેની માણસાઈ દિવ્યતાની કક્ષાએ પહોંચે છે. આથી, માણસને નરમાંથી નારાયણ તરફ જવા માટે ધર્મરૂપી સાધનની ખાસ જરૂર છે. શાસ્ત્રોએ કહ્યું કે મનુષ્યરૂપે જન્મ લેવા છતાં જેનામાં ધર્માચરણ વિકસ્યું નથી, તે પશુ જેવો છે. **'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ ।'** આથી, જગતમાં દરેક સ્થળે, દરેક સમયે, દરેક માનવસમાજે ધર્મને મહત્ત્વ આપ્યું છે અને જીવનમાં ધર્મનો સ્વીકાર કર્યો છે.

પ્ર. ૭ : માનવજીવનમાં ધર્મનો ઉપયોગ શો છે?

જ. ૭ : માનવજીવનમાં ધર્મના મુખ્ય બે ઉપયોગ છે : (૧) માણસને માણસાઈવાળો માણસ બનાવવાનો; અને (૨) ઈશ્વરપ્રાપ્તિ કરવાનો. જ્યારે આપણા જીવનમાં ધર્મ નથી હોતો, ત્યારે આપણામાં આસુરી-રાક્ષસી વૃત્તિઓ વિશેષ હોય છે. ધર્મની સાધનાથી માણસ આસુરી વૃત્તિઓને છોડે છે અને દૈવી વૃત્તિઓવાળો બને છે. આ દૈવી સંપત્તિ માણસને મહાન બનાવે છે. દૈવી સંપત્તિથી માનવજીવનમાં શાંતિ, સ્વસ્થતા અને સુખ પ્રાપ્ત થાય છે. માણસને તેનું જીવન જીવવાલાયક લાગે છે. તે જીવન જીવવામાં તેને આનંદ આવે છે.

જે ધર્મશુદ્ધ જીવન જીવે છે, તેને ધર્મસાધનાના પરિણામે તે જન્મમાં અથવા તે જન્મ બાદ ઈશ્વરની અનુભૂતિ થાય છે. સાચો આનંદ ઈશ્વર પાસે જ છે, જગતમાં નથી; એવી સમજણ મળતાં, આનંદનો ભૂખ્યો માણસ આનંદ મેળવવા ઈશ્વરની દિશામાં ધર્મમાર્ગે ચાલતો રહે છે. તેથી તેનું તન અને મન બંને દિવ્ય બને છે; આનંદનો અનુભવ કરનારું થાય છે, જે તેના જીવનનું અંતિમ લક્ષ્ય છે. આમ, ધર્મ માનવજીવનનો પ્રાણ છે એમ કહીએ તો ખોટું નથી.

પ્ર. ૮ : ધર્મનું સ્વરૂપ આટલું દિવ્ય હોવા છતાં, આખી જિંદગી ધર્મપાલન કરવા છતાં, ધર્મની દિવ્યતાનો અનુભવ કેમ થતો નથી?

જ. ૮ : જ્ઞાની કવિ અખાએ આ જ ફરિયાદ નીચેના શબ્દોમાં કરી છે :

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
તુલસી દેખી તોડે પાન, નદી દેખી કરે સ્નાન.

જપમાળાનાં નાકાં ઘસ્યાં, કથા સુણી સુણી ફૂટ્યા કાન,
તોયે ન આવ્યું અખા બ્રહ્મનું જ્ઞાન.

કવિ અખો કહે છે કે આપણે આજ સુધી ધર્મનાં ક્રિયાકર્મો ઘણાં કર્યાં; પરંતુ તેમાં સમજનો અભાવ હતો. જેમ કે યંત્ર બુદ્ધિ વિના તેને સોંપેલું કામ કરતું રહે. જેમ એક પોપટ સમજણ વિના રામનામ રટ્યા કરે, તેમ આપણે ધર્મકાર્યો કેવળ જડતાથી કર્યાં છે. આ કાર્યો પાછળની ભાવના અને હેતુનો આપણે વિચાર ન કર્યો. તેથી ધર્મ પ્રત્યેની જે સાચી સંવેદનશીલતા જાગવી જોઈએ, એ આપણામાં જાગી નહિ. કવિ અખો નીચેની પંક્તિઓમાં આપણી આ જડતાની વાત કરે છેઃ

આંધળો સસરો ને શણવટ વહુ, કથા સુણવા ચાલ્યાં સહુ,
કહ્યું કંઈ ને સમજ્યાં કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.

અખો બે માણસોનું ઉદાહરણ આપે છે. સસરો આંધળો છે. તેની પુત્રવધુએ સસરાની લાજમાં મોટો ઘૂમટો તાણ્યો છે. બંને આંધળા હોય તેમ વર્તે છે. તેઓ આંખે તો આંધળાં જ છે, પણ કાનથી એવાં બહેરાં છે કે કથામાં કથાકારે એક વાત કહી, જ્યારે તેઓ તેનાથી અવળી વાત સમજીને ઘેર આવ્યાં. પોતાની બુદ્ધિ પ્રમાણે સમજેલી અવળી વાતના રસ્તે ધર્મનું આચરણ કરવા લાગ્યાં. કવિ અખો કહે છે કે કાજળ આંખમાં લગાડવાથી, આંખનું તેજ અને સુંદરતા વધે; પરંતુ તેજ કાજળ ગાલ ઉપર લગાડવાથી ગાલ ગંદા થાય અને કાજળનો કોઈ ફાયદો થાય નહિ.

આમ, મોટા ભાગના માણસો વંશપરંપરાથી જે કાંઈ સાચું ખોટું સમજ્યા, તે પ્રમાણે ધર્મને જીવતા રહ્યા છે; ધર્મનું પાલન યંત્રવત્ કરતા રહ્યા છે. આથી, ધર્મ તેમના જીવનમાં જીવતો રહ્યો નથી. સાચા ધર્મના સ્થાને તેમના જીવનમાં ઘણી વિકૃતિઓ પેસી ગઈ છે. આજે આપણે જોઈએ છીએ કે માણસ એક બાજુ ધર્મનું આચરણ કરતો હોય, તો બીજી બાજુ અનેક અનીતિઓ આચરતો હોય. મંદિરમાં ઈશ્વરની સામે તે અસત્ય બોલતો હોય, સેવાપૂજા કરતાં મનમાં તે પાપના વિચારો કરતો હોય. આજે માણસની કરણી ને કહેણીમાં ઘણું અંતર પડી ગયું છે. આપણે ધર્મને વિકૃત અને ભ્રષ્ટ કર્યો છે. જેમ ગંદા વાસણમાં રહેલું દૂધ બગડીને ખાટું થઈ જાય, ત્યારે તે પીવાથી ગુણ નહીં પણ અવગુણ કરે; એવી જ રીતે ભ્રષ્ટ ને વિકૃત બનેલા ધર્માચરણથી આપણાં તન-મન વિકૃત અને ભ્રષ્ટ થાય છે. આપણો આસુરી સ્વભાવ વધુ આસુરી બને છે. માટે જ શાસ્ત્રોએ કહ્યું કે જે ધર્મનું રક્ષણ કરશે, તેનું રક્ષણ ધર્મ કરશે. આથી, ધર્મપાલન સજાગતાપૂર્વક, સમજણપૂર્વક કરવાનું છે, વંશપરંપરાના અનુકરણ મુજબ કે બીજાની દેખાદેખી નહીં.

પ્ર. ૯ : ધર્મ દિવ્ય હોવા છતાં જુદા જુદા ધર્મો વચ્ચે દ્વેષ અને અસહિષ્ણુતાનું વાતાવરણ કેમ જોવા મળે છે?

જ. ૯ : જુદા જુદા ધર્મો વચ્ચે ભૂતકાળમાં પણ દ્વેષ અને અસહિષ્ણુતાનું વાતાવરણ હોવાના ઘણા ઐતિહાસિક ઉલ્લેખો છે. જેમ કે ખ્રિસ્તી અને મુસલમાન અનુયાયીઓ વચ્ચે યુરોપમાં ઘણાં ધર્મયુદ્ધો લડાયાં હતાં. એવી જ રીતે ભારતમાં પણ હિન્દુ ધર્મ અને મુસલમાન ધર્મ વચ્ચે સંઘર્ષ થતો રહ્યો છે. હિન્દુ ધર્મમાં પણ વિષ્ણુના ઉપાસકો અને શિવના ઉપાસકો વચ્ચે દ્વેષ જોવા મળે છે. તેવી જ રીતે હિન્દુઓ અને જૈનો વચ્ચે પણ અસહિષ્ણુતા હતી. તેને લઈને હિન્દુ ગ્રન્થોમાં એમ કહેવામાં આવ્યું કે 'જો આપણી પાછળ કોઈ ગાંડો હાથી પડે, તો તેનાથી બચવા બીજે ગમે ત્યાં શરણ લેવું, પણ જૈન મંદિરમાં જવું નહિ.' આ અન્ય ધર્મ પ્રત્યેની અસહિષ્ણુતા છે. આવી અસહિષ્ણુતામાંથી જ આપણા દેશમાં જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, શૈવ, મુસલમાન અને હિન્દુ ધર્મના અનુયાયીઓમાં પરસ્પર અવિશ્વાસ, અસદ્ભાવ અને અસહિષ્ણુતા વધે છે. પરિણામે, જુદા જુદા ધર્મના ઉત્સવોના જાહેર કાર્યક્રમોમાં અન્ય ધર્મના અનુયાયીઓ તરફથી વિક્ષેપ અને ક્લેશ થાય છે.

આમાં કોઈ પણ ધર્મનો દોષ નથી. કોઈ પણ ધર્મના પ્રવર્તક અથવા તેના મૂળભૂત ગ્રંથોએ તેમના અનુયાયીઓને અન્ય ધર્મ પ્રત્યે દ્વેષ, અવિશ્વાસ અને અસહિષ્ણુતા રાખવાનો ઉપદેશ આપેલો નથી; પરંતુ આપણે અનુયાયીઓ ધર્મના સાચા સ્વરૂપને ન સમજ્યા હોવાથી આ બધાં તોફાનોના ભોગ બનીએ છીએ. તેથી સમાજમાં ઉશ્કેરાટ ફેલાય છે. આમાં કોઈ પણ ધર્મ, ધર્મપ્રવર્તક કે તેના સિદ્ધાંતોનો દોષ નથી. જે દોષ છે તે માનવસહજ આપણી નબળાઈઓનો છે. ધર્મના અનુયાયીઓની સંખ્યા માનવવસ્તીની સાથે વધતી રહી છે; પરંતુ તેમનામાં ધર્મસાધનાનું ઊંડાણ આવ્યું નથી. તે જ આ સર્વ અનિષ્ટોનું કારણ છે.

પ્ર. ૧૦ : ધર્મ જુદા જુદા હોવાનું કારણ સમજાયું, પરંતુ એક જ ધર્મમાં ઘણા ફાંટા જોવા મળે છે, તેનું કારણ શું?

જ. ૧૦ : ધર્મમાં જે જુદા જુદા ફાંટા જોવા મળે છે, તેનાં મુખ્યત્વે બે કારણો છે : (૧) જુદા જુદા પ્રકારના સ્વભાવ અને શક્તિવાળા મનુષ્યોને માટે એક જ ધર્મના પેટાધર્મો ઈશ્વર દ્વારા જ નિર્મિત છે, એવું શાસ્ત્રગ્રંથોના અભ્યાસથી જણાય છે. શ્રીમહાપ્રભુજી આ બાબતમાં સમજાવે છે કે જુદા જુદા પ્રકારના જીવો માટે તેમને અનુકૂળ સંપ્રદાયો પ્રગટ કરવા ઈશ્વરે પોતાની વિભૂતિઓને આજ્ઞા કરી હતી. જેમ કે શિવ દ્વારા શાંકર મત પ્રગટ થયો. શેષ દ્વારા રામાનુજ મત પ્રગટ

થયો. મરુત દ્વારા નિમ્બાર્ક મત પ્રગટ થયો અને અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્ય દ્વારા પુષ્ટિમાર્ગ પ્રગટ થયો. આમ, એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો ઈશ્વરે પોતાનાં જે દૈવી સ્વરૂપો દ્વારા પ્રગટ કરાવ્યા છે. તેનું કારણ જે-તે જીવને તેના અધિકાર પ્રમાણે, જે-તે માર્ગમાં મોહ ઉત્પન્ન કરી, તે માર્ગે વાળવાનું છે.

આ જ પ્રમાણે દરેક ધર્મમાં અનેક પેટાધર્મો-નાનકડા પંથો બનેલા છે, જેમાં ઈશ્વરની ઈચ્છા જ કારણભૂત છે.

પેટાપંથો પ્રગટ થવાનું એક બીજું લૌકિક કારણ પણ જણાય છે. દરેક ધર્મમાં એવા કેટલાક વિદ્વાનો અને મહાનુભાવ વ્યક્તિઓ હતા, જેમણે મૂળ ધર્મપ્રવર્તકના બતાવેલા સિદ્ધાંતોનું દેશકાળ પ્રમાણે જુદું અર્થઘટન કર્યું. તેને લઈને જુદા પેટાપંથો અસ્તિત્વમાં આવ્યા. આવાં અલગ અર્થઘટન ક્યારેક પ્રામાણિકતાથી થયાં, તો ક્યારેક બીજાઓથી પોતાને વધારે મોટા બનાવવા, લાભ-પૂજાની બુદ્ધિથી થયાં. તેને લીધે આ બધા પેટાપંથો ઊભા થતા રહ્યા છે. જેમ ગંગા જેવી મોટી નદીમાંથી અનેક શાખાઓ જુદી પડે અને તે જુદા જુદા નામે ઓળખાય, તેમ દરેક ધર્મના પેટાપંથો જુદા જુદા નામે ઓળખાય છે. તેમને શાસ્ત્રની ભાષામાં **'સંપ્રદાય'** કહેવામાં આવે છે.

પ્ર. ૧૧ : 'સંપ્રદાય' શબ્દનો અર્થ શો થાય?

જ. ૧૧ : 'સંપ્રદાય' સંસ્કૃત શબ્દ છે. તે 'દા' ધાતુ પરથી બનેલો છે. 'દા' ધાતુનો અર્થ 'આપવું' એવો થાય છે. તેને બે ઉપસર્ગ લાગ્યા છે. 'સં' એટલે સારી રીતે; 'પ્ર' એટલે વધારે પ્રમાણમાં. જેના દ્વારા સારી રીતે, વધારે ઉત્તમ પ્રમાણમાં ધર્મનો બોધ અને જ્ઞાન આપી શકાય, તેને સંપ્રદાય કહેવાય. શ્રીશંકરાચાર્યથી માંડીને બધા હિન્દુ ધર્મના આચાર્યોએ સંપ્રદાયનો સ્વીકાર કર્યો છે. શ્રીમહાપ્રભુજીએ 'સંપ્રદાય' શબ્દનો અર્થ સમજાવતાં આજ્ઞા કરી કે જેમાં ઈશ્વર દ્વારા જીવાત્માને, તેને આવશ્યક ધર્મનું જ્ઞાન સારી રીતે, ઉત્તમ સ્વરૂપમાં આપવામાં આવે તે સંપ્રદાય. સંપ્રદાયનાં લક્ષણો બતાવતાં એમ કહેવામાં આવ્યું કે આવો સંપ્રદાય ચલાવવાની આજ્ઞા ઈશ્વર તરફથી તેમનાં દૈવી રૂપોને કરવામાં આવેલી હોય છે, તેથી તે-તે રૂપ મનુષ્ય-આકાર ધારણ કરી, પૃથ્વી ઉપર તે માટે અવતાર લે છે; જેમને આપણે તે સંપ્રદાયના ગુરુ કહીએ છીએ. જેમ કે માયાવાદ પ્રગટ કરવા અને વિસ્તારવા ભગવાનની આજ્ઞાથી શિવજી શ્રીશંકરાચાર્ય સ્વરૂપે પૃથ્વી ઉપર અવતર્યા. પુષ્ટિજીવો માટે પુષ્ટિમાર્ગ પ્રગટ કરવા ભગવાને પોતાના મુખારવિંદ અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભને પૃથ્વી ઉપર પ્રગટ થવાની આજ્ઞા કરી.

આમ, સંપ્રદાય-પ્રવર્તનની આજ્ઞા ઈશ્વર દ્વારા થાય છે અને તે માટે પરમાત્મા પોતાના કોઈ દિવ્ય અંશને પૃથ્વી પર મોકલે છે.

સંપ્રદાયનું બીજું લક્ષણ તેનો ગુરુમંત્ર છે, જે ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવે છે. આ મંત્ર ગુરુને પરમાત્મા દ્વારા પ્રાપ્ત થયેલો છે; એટલે ગુરુ તેમને પરમાત્મા પાસેથી મળેલો દિવ્ય મંત્ર પોતાના સંપ્રદાયના અનુયાયીઓને આપે છે. જેમ કે શ્રીમહાપ્રભુજીને પ્રભુ પાસેથી બે મંત્રો પ્રાપ્ત થયા, જેનો ઉલ્લેખ શ્રીમહાપ્રભુજીએ તેમના 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથના પ્રથમ શ્લોકમાં નીચે પ્રમાણે કર્યો છે : 'શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઈને મને જે આજ્ઞા કરી તે હું અક્ષરશઃ કહું છું.'

આ સમયે ભગવાને સ્વયં શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો હતો. આ બ્રહ્મસંબંધ મંત્રની સાથે અષ્ટાક્ષર મંત્ર પણ જોડાયેલો છે, એટલે અષ્ટાક્ષર મંત્ર અને બ્રહ્મસંબંધ મંત્ર સ્વયં ભગવાને શ્રીમહાપ્રભુજીને આપેલા છે, જે પુષ્ટિમાર્ગની પરંપરામાં શ્રીમહાપ્રભુજીના વંશજો દ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને આપવામાં આવે છેઃ આ મંત્ર ઈશ્વરદત્ત હોવાથી, તે દિવ્ય અને અલૌલિક છે. તેને ધારણ કરવા માટે મંત્રદીક્ષા લેવી આવશ્યક હોય છે.

આ મંત્રદીક્ષાની પરંપરા પણ ઈશ્વરદત્ત હોય છે. ઈશ્વરે ગુરુને જે પ્રમાણે આજ્ઞા કરી હોય, તે પ્રકારે જ ગુરુ તે મંત્રદીક્ષા આપે છે. એટલે સંપ્રદાયમાં મંત્રદીક્ષા આપવાનો અધિકાર માત્ર ગુરુને હોય છે, બીજા કોઈને હોતો નથી. કોઈ અનુયાયી બીજા અનુયાયીઓને મંત્રદીક્ષા આપી શકતો નથી. સંપ્રદાયનું આ ત્રીજું વિશિષ્ટ લક્ષણ છે.

દરેક ધર્મપ્રવર્તકને ઈશ્વર તરફથી તે ધર્મના જે સિદ્ધાંતો પ્રાપ્ત થયા હોય, તે પ્રમાણે તેઓ પોતાના અનુયાયીને ધર્માચરણ બતાવે છે. ધર્માચરણની આ વિશિષ્ટ સાધના તે સંપ્રદાયનું ચોથું લક્ષણ છે.

ધર્મસાધનાનું અંતિમ ફળ તે સંપ્રદાયનું પાંચમું લક્ષણ છે. દરેક સંપ્રદાયની ધર્મસાધનાના ફળરૂપ પરિણામ અલગ-અલગ બતાવવામાં આવેલાં છે.

આમ, સંપ્રદાયનાં મુખ્ય પાંચ લક્ષણો છે. આ પાંચ લક્ષણો જેનામાં હોય તેને સંપ્રદાય કહેવાય. પુષ્ટિમાર્ગમાં આ પાંચેય લક્ષણો છે. આ પાંચ લક્ષણો છે, તેથી તેને સંપ્રદાય કહેવામાં આવે છે. હિન્દુ ધર્મમાં આ પાંચ લક્ષણોવાળા ઘણા સંપ્રદાયો છે. જેમાં મુખ્યત્વે ત્રણ ઈશ્વરી રૂપોને પ્રાધાન્ય મળ્યું છે. શિવજીને ઈષ્ટ તરીકે સ્વીકારનાર સંપ્રદાય શાંકર સંપ્રદાય કહેવાય છે. શક્તિને ઈષ્ટ તરીકે સ્વીકારનાર સંપ્રદાય શક્તિ

(કે શાક્ત) સંપ્રદાય કહેવાય છે. વિષ્ણુનાં અવતારરૂપોને ઇષ્ટ તરીકે સ્વીકારનાર સંપ્રદાય વૈષ્ણવ સંપ્રદાય કહેવાય છે. વૈષ્ણવ સંપ્રદાયમાં પણ રામાનુજ સંપ્રદાય, મધ્વ સંપ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાય, ચૈતન્ય સંપ્રદાય, વલ્લભ સંપ્રદાય અને સ્વામીનારાયણ સંપ્રદાય અસ્તિત્વ ધરાવે છે.

પ્ર. ૧૨ : આજે ઘણા રાજકીય નેતાઓ સાંપ્રદાયિકતાને શા માટે વખોડે છે?

જ. ૧૨ : તેનું કારણ સંપ્રદાયના સ્વરૂપ વિષેની તેમની અજ્ઞાનતા છે. તેઓ સંપ્રદાયના સ્વરૂપને સાચી રીતે જાણતા નથી. આથી ભારતના રાજ્યબંધારણમાં બિનસાંપ્રદાયિકતાની ઘોષણા કરવામાં આવી. વાસ્તવમાં કોઈ પણ મનુષ્ય ધર્મ અથવા સંપ્રદાયના અવલંબન વિના જીવી શકતો નથી. પંડિત નહેરુએ પરંપરાગત ધર્મનો સ્વીકાર ન કર્યો, પણ તેમણે કહ્યું કે માનવતા એ મારો ધર્મ છે અને મનુષ્યો એ મારે માટે ઈશ્વર છે. આમ, માણસને કોઈક સ્વરૂપમાં ધર્મ અને સંપ્રદાયનો સ્વીકાર તો કરવો જ પડે છે. કોઈ પણ રાજ્ય ધર્માંધ બની શકે નહિ. રાજ્યમાં વસતા બધા નાગરિકોને તેમની અનુકૂળતા પ્રમાણેનો ધર્મ પાળવાની પૂરી સ્વતંત્રા મળવી જોઈએ. ભારત જેવા મહાકાય વૈવિધ્યપૂર્ણ દેશમાં ધર્મો અને સંપ્રદાયોની સંખ્યા ઘણી મોટી છે, ત્યારે દેશ કોઈ એક ધર્મનો સ્વીકાર ન કરે તે સમજી શકાય.

તેનો અર્થ એવો થાય કે આ દેશમાં બધા ધર્મોને સમાન મોભો, સ્થાન અને ગૌરવ છે. બધા ધર્મોના અનુયાયીઓને શાંતિપૂર્વક તેમના ધર્માચરણ માટે પૂર્ણ સ્વતંત્રતા છે. આને સર્વધર્મ-સમભાવ કહેવાય. એટલે આપણા રાજ્યબંધારણમાં સર્વધર્મ-સમભાવનો સિદ્ધાંત હોવો જોઈતો હતો; પરંતુ દુ:ખની વાત એ છે કે ઘણા બુદ્ધિજીવીઓ ધર્મના નામથી ભડકે છે, એટલે તેઓ ધર્મથી દૂર રહેવામાં સમાજનું શ્રેય સમજે છે. અથવા આવા અગ્રણી બુદ્ધિમાન રાજકારણી નેતાને એના અંગત જીવનમાં કોઈ ધર્મ તરફથી સહન કરવાનું થયું હોય, તેના પ્રતિભાવરૂપે પણ બિનસંપ્રદાયિકતાનો વિચાર જન્મ્યો હોય, એવું બનવાનો સંભવ વિશેષ છે. આને લઈને અથવા તો આવાં કેટલાંક કારણોને લઈને આપણા દેશના બંધારણમાં બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત સ્વીકારાયો. તેનું અર્થઘટન ખોટું થયું. પરિણામે રાજકારણીઓએ તેમના રાજકારણના સ્વાર્થ માટે એક બાજુ કેટલાક સંપ્રદાયના અનુયાયીઓને બીજા સંપ્રદાયો સામે લડવા પ્રેર્યા અને બીજી બાજુ બિનસાંપ્રદાયિકતાના નામે લઘુમતી સંખ્યા ધરાવતા ધર્મોના અનુયાયીઓને પંપાળ્યા અને તેમને વકરાવ્યા. આ બધી મેલી રાજરમત રહી છે, તેને લીધે તેમણે

'સંપ્રદાય' શબ્દને ઉતારી પાડ્યો છે. સંપ્રદાયના મૂળ વિચાર અને સ્વરૂપ સાથે આ નેતાઓને કોઈ લેવાદેવા નથી. આથી, આજે 'સંપ્રદાય' શબ્દ વગોવાયો છે અને સાંપ્રદાયિકતા શબ્દ ગાળ બન્યો છે. આની સામે આદિ શંકરાચાર્યજીનાં વચનો વિચારવા જેવાં છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે કોઇ મનુષ્યને ધર્મનું અનુસરણ કરવું છે, તેણે તે ધર્મના યોગ્ય સંપ્રદાયનો સ્વીકાર કરવો જરૂરી છે. સંપ્રદાયના સ્વીકાર વિના ધર્માચરણ શક્ય બનતું નથી. સંપ્રદાયનો સ્વીકાર એટલે ધર્મની એક ચોક્કસ પરંપરા અને પ્રણાલિકા તથા સાધનાનો સ્વીકાર. માણસ જ્યાં સુધી સંપ્રદાયનો સ્વીકાર ન કરે, ત્યાં સુધી તેને ધર્માચરણ માટે એક ચોક્કસ રસ્તો મળશે નહિ. આથી સંપ્રદાય દિવ્ય પંથ છે, એ વાત આપણે સમજી લેવી જોઇએ.

પ્ર. ૧૩ : દુનિયામાં ધર્મોની કુલ સંખ્યા કેટલી હશે?

જ. ૧૩ : દુનિયામાં ત્રણ પ્રકારના માનવસમાજ અસ્તિત્વ ધરાવે છે. પશ્ચિમના દેશોનો માનવસમાજ અતિ વિકસિત સમાજ છે. આપણા જેવા દેશોનો માનવ-સમાજ વિકાસશીલ અવસ્થામાં છે. આફ્રિકા જેવા દેશોમાં વસતો આદિવાસી માનવસમાજ અત્યંત પછાત સ્થિતિમાં છે. છતાં દરેક સમાજને તેનો એક ધર્મ હોય છે. આમ, પૃથ્વી ઉપર ઘણા ધર્મોનું અસ્તિત્વ છે. તેની ચોક્કસ સંખ્યા કહેવી મુશ્કેલ છે; પરંતુ મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, હિન્દુ ધર્મ, ચીનનો તાઓ ધર્મ અને જાપાનનો શિન્ટો ધર્મ એ અનુયાયીઓના સંખ્યાની દૃષ્ટિએ મોટા અને આગળ પડતા ધર્મો છે. એક સમયમાં બૌદ્ધ ધર્મનો વિકાસ પણ ઘણા દેશોમાં થયેલો હતો. ખ્રિસ્તી, ઈસ્લામ, હિન્દુ, ચીની અને જાપાનીઝ ધર્મો ઉપરાંત જૈન, બૌદ્ધ, શીખ જેવા ધર્મો ભારતમાં અસ્તિત્વ ધરાવે છે. સામ્યવાદી દેશો ધર્મનો સ્વીકાર કરતા નથી.

આ બધા ધર્મોમાં અનેક સંપ્રદાયો, પેટાસંપ્રદાયો, પંથો અને પેટાપંથો છે. એટલે તેમની સંખ્યા ગણી શકાતી નથી. સામાન્ય મનુષ્યના માટે આ વિગતો જાણવી ઝાઝી જરૂરી પણ નથી.

આપણે અમદાવાદથી દિલ્હી જવું હોય તો રેલવે સ્ટેશન પર જઈને, ત્યાંથી ઊપડતી ને આવતી બધી ગાડીઓ વિષે પૂછપરછ કરતા નથી. માત્ર અમદાવાદથી દિલ્હી જતી ગાડીઓના સમય અને ભાડાં વગેરેની તપાસ કરીને સંતોષ માનીએ છીએ. ડૉક્ટરના દવાખાને જનાર દર્દી દવાખાનાના કબાટમાં ગોઠવેલી બધી દવા વિશે ડૉક્ટરને પૂછપરછ કરતો નથી. ડૉક્ટર તરફથી તેને જે દવા આપવામાં આવે તે શ્રદ્ધાથી લે છે. એવી રીતે આપણે પણ બધા ધર્મો વિષે જાણતાં પહેલાં, આપણા

સ્વધર્મ વિષે જાણવું વધારે જરૂરી છે; કારણ કે જ્ઞાન અનંત છે. જ્ઞાનનો કોઈ અંત નથી. એ સ્થિતિમાં સ્વધર્મનું જ્ઞાન વધારે લાભદાયી બને. બધા ધર્મો વિષે જાણવા જતાં, આપણી બુદ્ધિ એવી ચકરાવે ચડે કે આપણે ક્યાંયના ન રહીએ. આથી હવે પછીના પ્રકરણમાં આપણે આપણા પોતાના ધર્મ-હિન્દુ ધર્મ વિષે વિશેષ જાણકારી મેળવીશું.

પ્ર. ૧૪ : ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ સંબંધ ખરો?

જ. ૧૪ : ધર્મનો સંબંધ સમગ્ર સૃષ્ટિ સાથે છે. સૃષ્ટિમાંનો કોઈ વિચાર ધર્મથી અલગ નથી. તેથી ધર્મનો સંબંધ વિજ્ઞાન સાથે પણ છે. ધર્મ અને વિજ્ઞાન બંનેનો હેતુ જગતનાં છૂપાં રહસ્યો શોધવા અને સમજાવવાનો છે. ધર્મ અંતઃકરણથી તેની શોધ કરે છે, જ્યારે વિજ્ઞાન આંખ અને કાનથી તેની શોધ કરે છે. વિજ્ઞાનની કસોટી ભૌતિક છે, ધર્મની કસોટી આધ્યાત્મિક છે. વિજ્ઞાન બુદ્ધિથી સમજવા મથે છે, ધર્મ હૃદયથી સમજવા મથે છે. ધર્મની સમજણમાં વિજ્ઞાનનાં સત્યો પૂરેપૂરાં ઝિલાયાં છે. જે પરમ સત્યોને આજે વિજ્ઞાન સમજાવી શક્યું છે, તે સત્યોને ધર્મે સેંકડો વર્ષ પહેલાં સમજાવ્યાં છે. વિજ્ઞાનમાં વિશેષ જ્ઞાન છે, તો ધર્મમાં પ્રજ્ઞાન છે. વિજ્ઞાનનું ક્ષેત્ર મર્યાદિત છે, ધર્મનું ક્ષેત્ર અમર્યાદિત છે. વિજ્ઞાન જે નથી સમજી શક્યું, એવાં સત્યો પણ જગતમાં ધર્મ દ્વારા સમજી શકાય છે. માટે ધર્મના વિચાર અને આચારમાં વિજ્ઞાન-તત્ત્વ પૂરેપૂરું રહેલું છે. વિજ્ઞાનની જે મર્યાદા છે, તે મર્યાદાથી ધર્મ ઘણો ઊંચો છે. એટલે ધર્મને કેવળ વિજ્ઞાનની પ્રયોગશાળામાં ચકાસી શકાશે નહિ. તેને માટે હૃદયની પ્રયોગશાળા જરૂરી છે.

પ્રસિદ્ધ ચિંતક અને વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન કહે છે કે 'વિજ્ઞાનની પ્રયોગશાળામાં સૂક્ષ્મ પદાર્થોનું વજન કરવાનો કાંટો હોય છે. ઘઉં-ચોખાની ૧૦૦ કિલો ગ્રામની ગુણીનું વજન કરવા કમ્પાઉન્ડ કાંટો હોય છે. આખી ટ્રકનું વજન વે-બ્રીજના કાંટા પર થાય. જેવો પદાર્થ, તેવો કાંટો.

'એવું જ સંસાર અને ધર્મનું છે. સંસારના કાંટે ધર્મ જોખી શકાતો નથી. આજે આપણામાં ધર્મ વિષેના સાચા જ્ઞાનનો અભાવ વધારે છે, ભ્રમ ઘણા છે; કારણ કે આપણે સંસારના કાંટે ધર્મને જોખવાની અબૌદ્ધિક ચેષ્ટા કરીએ છીએ. વિજ્ઞાન પણ અધ્યાત્મને સમજાવવા અસમર્થ છે.'

●

૨. હિન્દુ ધર્મ અને તેના ગ્રંથો

પ્ર. ૧ : હિન્દુ ધર્મની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તેના મુખ્ય ધર્મપ્રવર્તક કોણ હતા?

જ. ૧ : જેમ ઈસ્લામ ધર્મના પ્રવર્તક મહંમદ પયગંબર હતા, ખ્રિસ્તી ધર્મના પ્રવર્તક ઈશુ ખ્રિસ્ત હતા, તેમ હિન્દુ ધર્મના કોઈ એક પ્રવર્તક નથી. હિન્દુ ધર્મનું મૂળ ધર્મપુસ્તક વેદ છે. વેદ કોઈ મનુષ્યની રચના નથી, તે સ્વયં પરમાત્માની વાણી છે. આથી હિન્દુ ધર્મ કોઈ ધર્મપ્રવર્તક દ્વારા પ્રચારમાં આવેલો ધર્મ નથી. તેના પ્રવર્તક સ્વયં પરમાત્મા છે. આથી હિન્દુ ધર્મ સાથે ધર્મપ્રવર્તકનું નામ જોડાયેલું નથી.

હિન્દુ ધર્મ અત્યંત પ્રાચીન છે. એમ કહેવાય છે કે તે જગતનો સૌથી પ્રાચીન ધર્મ છે. આપણે આર્યજાતિના વંશજો કહેવાઈએ છીએ. અર્વાચીન ઈતિહાસના મતે આપણા વડવાઓ મૂળ એશિયા માઈનોરના પ્રદેશમાં વસતા હતા. ત્યાંથી તેઓ જગતના જુદા જુદા દેશોમાં ફેલાયા. તેમની એક શાખા ઈરાનના રસ્તે અફઘાનિસ્તાન થઈને ભારતમાં આવી. ભારત આવેલા આર્યો તેમનો ધર્મગ્રંથ ઋગ્વેદ પોતાની સાથે લઈને આવ્યા હતા, જે હિન્દુ ધર્મનો સૌથી પ્રાચીન ગ્રંથ છે. પરંતુ ભાગવત આદિ આપણાં શાસ્ત્રોના મતે આપણા પૂર્વજો આ દેશના જ મૂળ વતની છે. માણસ સુસંસ્કૃત અને સમજણો થયો, ત્યારથી તેને હિન્દુ ધર્મ પરમાત્મા દ્વારા મળેલો છે. એનું આયુષ્ય હજારો વર્ષોનું છે એમ કહી શકાય.

પ્ર. ૨ : આપણા ધર્મને 'હિન્દુ ધર્મ' કેમ કહેવામાં આવ્યો? 'હિન્દુ' શબ્દનો અર્થ શો થાય?

જ. ૨ : આપણા ધર્મને કોઈ શાસ્ત્રગ્રંથે હિન્દુ ધર્મ કહ્યો નથી. આપણે બોલચાલમાં તેને હિન્દુ ધર્મના નામે ઓળખાવીએ છીએ. 'હિન્દુ' શબ્દ 'સિન્ધુ' શબ્દનો અપભ્રંશ છે. આર્યો ભારતમાં આવ્યા ત્યારે પંજાબમાં વહેતી સિન્ધુ નદીનાં લીલાંછમ મેદાનોના પ્રદેશમાં સૌથી પહેલાં વસ્યા હતા. તે પ્રદેશ સપ્તસિંધુના પ્રદેશ તરીકે પ્રસિદ્ધ છે. સિન્ધુના કિનારે વસનારા લોકો માટે હિન્દુ શબ્દ વપરાયો. તે પરથી આ દેશનું નામ હિન્દુસ્તાન પડ્યું. તે પૂર્વે આપણા દેશના ચક્રવર્તી

ધર્મનિષ્ઠ રાજા ભરતના નામ પરથી આપણા દેશનું નામ 'ભારત' હતું. આ લોકો જે ધર્મ પાળતા, તે હિન્દુ ધર્મ કહેવાયો. આમ, હિન્દુ શબ્દ આ દેશના વતનીઓને ઓળખવા માટે વિદેશીઓએ વાપરેલો, ભૌગોલિક દૃષ્ટિએ બનેલો શબ્દ છે. તેને ધર્મના કોઈ સિદ્ધાંત કે વિચાર સાથે સંબંધ નથી.

કાલાન્તરે, હિન્દુ શબ્દની એવી એક વ્યાખ્યા મળે છે કે જે હૃદય અને મનની હીન-દુષ્ટ ગ્રંથિઓને ભેદે તે હિન્દુ.

પ્ર. ૩ : આપણા હિન્દુ ધર્મનું સાચું નામ શું?

જ. ૩ : શાસ્ત્રોમાં તેને 'સનાતન ધર્મ' તરીકે ઓળખવામાં આવ્યો છે; કારણ કે આ ધર્મ પરમાત્મા દ્વારા પ્રગટ થયો હોવાથી, તે પરમાત્મા જેટલો જ અનાદિ અને અનંત છે. સનાતન સમયથી તે ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે. આમ, સમયની દૃષ્ટિએ તે સનાતન હોવાથી, તેને સનાતન ધર્મ કહેવામાં આવે છે.

તેના સિદ્ધાંતો સનાતન છે. આજે હજારો વર્ષો થવા છતાં તેના મૂળભૂત સિદ્ધાંતોમાં કોઈ ફેરફાર થયો નથી. દેશકાળ બદલાવા છતાં આ સિદ્ધાંતો હમેશાં આચરી શકાય તેવા રહ્યા છે. સિદ્ધાંતોના આચરણમાં દેશકાળની કોઈ મર્યાદા નડતી નથી. આથી આવા શાશ્વત સિદ્ધાંતોને કારણે તેને સનાતન ધર્મ કહેવામાં આવે છે. આ ધર્મને 'વૈદિક ધર્મ'ના નામે પણ ઓળખવામાં આવે છે; કારણ કે તેનું મૂળ વેદગ્રંથોમાં રહેલું છે. કેટલાક લોકો સનાતન અને વૈદિક શબ્દને સાથે જોડી તેને 'સનાતન વૈદિક ધર્મ' પણ કહે છે.

જેમ સિંધુના પ્રદેશમાં વસવાને કારણે આપણે 'હિન્દુ' કહેવાયા, તેમ આપણે આ દેશમાં આવ્યા ત્યારે સુસંસ્કૃત હતા; સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો લઈને આવેલા હતા, તેથી આપણે આપણી જાતને આર્ય કહી. આર્ય એટલે સુસંસ્કૃત. આથી આર્ય લોકોનો ધર્મ તે આર્યધર્મ કહેવાયો. આમ, આપણો ધર્મ સનાતન ધર્મ, વૈદિક ધર્મ અને આર્ય ધર્મના નામે પ્રસિદ્ધ છે.

પ્ર. ૪ : આપણા સનાતન વૈદિક ધર્મનો મુખ્ય ગ્રંથ કયો? તે ઉપરાંત તેમાં બીજા કયા કયા ધર્મગ્રંથોનો સમાવેશ થાય છે?

જ. ૪ : આપણા સનાતન ધર્મનો મુખ્ય પાયાનો અને પ્રથમ ગ્રંથ વેદ કહેવાય છે. તે દરેક હિન્દુ-ધર્મી માટે અતિ પૂજનીય અને વંદનીય છે. તે પરમાત્માની વાણી હોવાથી, તેને દેવસ્વરૂપે સ્વીકારવામાં આવેલ છે; તેથી તે 'વેદભગવાન' પણ કહેવાય છે.

આપણા હિન્દુ ધર્મમાં વેદ પછી અનેક ગ્રંથોની રચનાઓ આજ સુધી થતી રહી છે. વેદ ઉપરાંત, શ્રીમહાપ્રભુજીએ બીજા ત્રણ ગ્રંથોને મુખ્ય ગ્રંથો તરીકે સ્વીકાર્યા છે, જ્યારે અન્ય આચાર્યોએ બે ગ્રંથોને મુખ્ય ગ્રંથો તરીકે સ્વીકાર્યા છે. જેમાંનો એક વેદવ્યાસજીરચિત 'બ્રહ્મસૂત્ર' ગ્રંથ છે. બીજો ભગવાન શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રના યુદ્ધના મેદાનમાં અર્જુનને કહેલ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા નામનો ગ્રંથ છે. આ બંને ગ્રંથોને બધા આચાર્યો મુખ્ય ગ્રંથ તરીકે સ્વીકારે છે. શ્રીમહાપ્રભુજીએ આ બે ગ્રંથો ઉપરાંત વેદવ્યાસજી રચિત શ્રીમદ્‌ભાગવતને ત્રીજા મુખ્ય ગ્રંથ તરીકે સ્વીકાર્યો છે. એટલે શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિએ આપણા સનાતન ધર્મને સમજવા માટે ચાર મુખ્ય ગ્રંથો છે : (૧) વેદ (૨) બ્રહ્મસૂત્ર (૩) ગીતા અને (૪) ભાગવત.

પ્ર. ૫ : આપણા ધર્મગ્રંથોમાં જે બાબતો બતાવવામાં આવેલી છે, તેને કયા નામે ઓળખવામાં આવે છે?

જ. ૫ : આપણા ધર્મગ્રંથોમાં ધર્મના જે સિદ્ધાંતો બતાવવામાં આવ્યા છે, તેને આપણે 'વિચાર' કહીએ છીએ. આ સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવવાનો માર્ગ પણ બતાવવામાં આવ્યો છે, તેને 'આચાર' કહેવામાં આવે છે.

દુનિયાના બધા ધર્મપ્રવર્તકોએ પોતપોતાના વિચાર પ્રમાણે જીવન જીવવા માટેના જુદા જુદા રસ્તા બતાવ્યા છે. તેનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે જીવન જીવવાના દૃષ્ટિકોણની બાબતમાં આ દુનિયા મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાયેલી છે: (૧) પૂર્વના દેશો (૨) પશ્ચિમના દેશો.

પૂર્વના દેશોના ધર્મગ્રંથોમાં રજૂ થયેલા જ્ઞાનને **તત્ત્વજ્ઞાન** કહેવામાં આવે છે. પશ્ચિમના દેશો તેને ફિલોસોફી કહે છે. 'તત્ત્વ' એટલે પરમ સત્ય. વેદમાં તત્ સત્ ૠચા છે. તત્ તે, પરમાત્મા. જે આપણી તદ્દન પાસે હોવા છતાં આપણાથી ઘણો દૂર છે. આ પરમાત્મા 'સત્' પરમ સત્ય સ્વરૂપ છે. આવું પરમાત્માપણું જેનામાં રહેલું છે તે તત્ત્વ. આમ, તત્ત્વનો મૂળ અર્થ પરમાત્મા છે. પરમાત્માને જાણવાનું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન. જે મહાપુરુષ આવું જ્ઞાન આપે તે તત્ત્વજ્ઞાની.

પશ્ચિમના દેશોમાં તત્ત્વજ્ઞાન માટે ફિલોસોફી શબ્દ વપરાય છે. ગ્રીક અને લેટિન ભાષામાં આ શબ્દના બે અર્થ થાય મળે છે : (૧) જ્ઞાન માટેનો પ્રેમ (૨) ડહાપણ. કેટલાક વિદ્વાનોએ તેનો ત્રીજો અર્થ પણ કર્યો. બુદ્ધિ વડે સત્ય માટેની શોધ. આ બધા અર્થો પરથી કહી શકાય કે પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓ પરમાત્માને સમજવા માટે તેમના હૃદયના સ્વભાવ કરતાં બુદ્ધિ પર વધારે આધાર રાખે છે.

હિન્દુ ધર્મનું તત્ત્વજ્ઞાન મુખ્ય ચાર બાબતોનો વિશેષ વિચાર કરે છે : (૧)

ઈશ્વર (૨) જગત (૩) જીવ અને (૪) સંસાર. આ ચાર બાબતોમાં સૌથી મહત્ત્વની બાબત ઈશ્વર છે. જગત, જીવ અને સંસારનો વિચાર ઈશ્વરના અનુસંધાનમાં કરવામાં આવે છે. દરેક મનુષ્ય ઈશ્વરને જાણવા અને પામવાની અંતિમ ઈચ્છા રાખે છે. માટે ઉપનિષદોએ કહ્યું કે જે જ્ઞાન ઈશ્વરને ઓળખવામાં અને સંસારને છોડવામાં ઉપયોગી બને તેનું નામ બ્રહ્મવિદ્યા. આ સિવાયના જ્ઞાનની કશી કિંમત નથી. બ્રહ્મ એટલે પરમાત્મા. પરમાત્માને જાણવાની વિદ્યા તે બ્રહ્મવિદ્યા, જેને આપણે તત્ત્વજ્ઞાન કહીએ છીએ. પ્રાચીન સમયથી આપણા ઋષિ-મુનિઓ અને આચાર્યોએ આ બ્રહ્મવિદ્યાને પામવાના ઘણા પ્રયત્નો કર્યા છે. પરિણામે તેમને તેનું જે જ્ઞાન પ્રાપ્ત થયું તે તત્ત્વજ્ઞાન, તેમના ગ્રંથોમાં તેમણે તે રજૂ કર્યું છે. આ બધા ધર્મગ્રંથોમાં વૈદિક સાહિત્ય મુખ્ય છે.

પ્ર. ૬ : વૈદિક સાહિત્ય વિશે વિગતવાર પરિચય આપશો?

જ. ૬ : વૈદિક સાહિત્યનો મૂળ ગ્રંથ વેદ છે. તે સર્વપ્રધાન અને સર્વસામાન્ય પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ માટે એમ કહેવાય છે કે તેની રચના સ્વયં પરમાત્માએ કરી છે. તે બ્રહ્માના ચાર મુખ દ્વારા પ્રગટ થયો છે. મનુ સ્મૃતિમાં મનુ મહારાજ કહે છે તેમ વેદ જ ધર્મનું મૂળ છે અને તેમાં સમસ્ત જ્ઞાન રહેલું છે. 'વેદ' શબ્દનો અર્થ છે જ્ઞાન. તે 'વિદ્' ધાતુ પરથી બન્યો છે. વિદ્ એટલે જાણવું. જેમાં પરમાત્મા-વિષયક સર્વ જ્ઞાન રહેલું છે, તેને વેદ કહેવામાં આવે છે. આ જ્ઞાન સનાતન અને ચિરંતન છે. તેમાં આચાર અને વિચાર બંનેનો સમાવેશ થાય છે; તેથી વેદ આધારિત જે ધર્મ છે તે વૈદિક ધર્મ કહેવાય છે.

આપણી પ્રાચીન ગુરુશિષ્ય-પરંપરામાં આ વેદમંત્રો ગુરુ દ્વારા શિષ્યે સાંભળીને ગ્રહણ કર્યા છે. શિષ્ય ગુરુ પાસેથી વેદમંત્રો સાંભળી તેને કંઠસ્થ કરતો હતો, તેથી વેદમંત્રોને 'શ્રુતિ' કહેવામાં આવે છે. શ્રુતિ શબ્દનો અર્થ છે કાનથી સાંભળેલો શબ્દ. ઘણાં વર્ષો પછી વેદમંત્રો લિખિત સ્વરૂપમાં પ્રાપ્ત થયા છે.

વિદ્વાનોનો એક મત એવો છે કે શરૂઆતમાં વેદ એક જ હતો; તેમાંથી તે ત્રણ વિભાગમાં વહેંચાયો, એટલે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ - એમ વેદત્રયી આપણને પ્રાપ્ત થઈ. ત્યારબાદ ઘણાં વર્ષો પછી અથર્વવેદ રચાયો. આમ, આજે ચાર વેદગ્રંથો મળે છે. ઋગ્વેદ પદ્યમાં છે. યજુર્વેદ ગદ્યમાં છે. સામવેદ ગેય ગીતોમાં છે. અથર્વવેદમાં શાંતિ, પૌષ્ટિક જીવન, પ્રાયશ્ચિત્તની વિધિઓ, તંત્ર-મંત્ર જેવા વિષયો છે.

ભગવાન નારાયણના હૃદયમાંથી આધિદૈવિક પ્રકાશ અને રસસ્વરૂપ સૂર્ય-

નારાયણ પ્રગટ થયા. તેઓ જ્ઞાનનું સાક્ષાત્ સ્વરૂપ. તેમનાં પત્ની સંજ્ઞા. સંજ્ઞા એટલે સમજણ. તેમનાં બે સંતાન : ધર્મ અને ધર્મી. જ્ઞાનની સમજણ મળતાં તેમાંથી ધર્મ પ્રકટે. જે ધર્મનું પાલન કરે કરાવે તે ધર્મી. આમ, વેદત્રયીમાંથી જ્ઞાન, ધર્મ અને ધર્મી પ્રકટ થયાં.

આ વેદસાહિત્યને મહર્ષિ વ્યાસજીએ વ્યવસ્થિત કર્યાનું મનાય છે. તેને કારણે તેઓ 'વેદવ્યાસ'ના નામે પ્રસિદ્ધ છે.

વેદના બે વિભાગ છે : (૧) પૂર્વકાંડ - યજ્ઞકાંડ (૨) ઉત્તરકાંડ - જ્ઞાનકાંડ. પૂર્વકાંડમાં ધર્મ મુજબના જીવનનાં આચરણ બતાવવામાં આવ્યાં છે, જેમાં મુખ્યત્વે યજ્ઞનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વૈદિક ધર્મનું એક મુખ્ય અંગ યજ્ઞતત્ત્વ છે. વેદમાં યજ્ઞનો ઉલ્લેખ વ્યાપક અર્થમાં કરવામાં આવ્યો છે. માનવજીવનની એવી કોઈ મહત્ત્વપૂર્ણ ક્રિયા નથી, જેનો સંબંધ યજ્ઞ સાથે જોડવામાં ન આવ્યો હોય.

ઋગ્વેદના મતે પરમાત્મા પોતે યજ્ઞરૂપ છે. યજ્ઞ જગતની ઉત્પત્તિનું મૂળ છે, વિશ્વનો આધાર છે. યજ્ઞ દ્વારા પાપોનો નાશ, વિપત્તિઓનું નિવારણ, રોગોમાંથી મુક્તિ, શત્રુઓનો સંહાર, દીર્ઘ આયુષ્ય, સમૃદ્ધિ અને અમરત્વ પ્રાપ્ત થાય છે, એમ કહ્યું છે. તે સમયના લોકોના જીવનનું સંપૂર્ણ દર્શન યજ્ઞમાં સુરક્ષિત હતું. આપણા વૈદિક ધર્મ અને સંસ્કૃતિનો આધાર યજ્ઞ છે. આપણી સંસ્કૃતિ યજ્ઞ-સંસ્કૃતિ છે.

વૈદિક ધર્મમાં ખાસ કરીને સોમયજ્ઞ, અગ્નિષ્ટોમ યજ્ઞ, અશ્વમેઘ યજ્ઞ, રાજસૂય યજ્ઞ વગેરેનો વિશેષ ઉલ્લેખ છે. યજુર્વેદમાં યજ્ઞતત્ત્વનું વિસ્તૃત વર્ણન છે. વેદના પૂર્વકાંડ વિષે સૌથી વધારે વિચાર મહર્ષિ જૈમિનિએ કર્યો છે. તેઓ વેદવ્યાસના શિષ્ય હતા. તેમણે વેદના પૂર્વકાંડને સમજાવવા માટે જૈમિનિસૂત્રો રચ્યાં છે. શ્રીમહાપ્રભુજીએ આ જૈમિનિસૂત્રો ઉપર જૈમિનિ-ભાષ્ય રચ્યું છે, જેને પૂર્વ મીમાંસા-ભાષ્ય પણ કહેવામાં આવે છે.

વેદનો બીજો વિભાગ જ્ઞાનકાંડ કહેવાય છે. એમાં પરમાત્માના સ્વરૂપનું વર્ણન છે. અગ્નિ, ઇન્દ્ર, વરુણ, સૂર્ય, સવિતા, ઉષા વગેરે નામોથી પરમાત્માના રૂપ અને ગુણની સ્તુતિ કરવામાં આવેલી છે. તેમાં ૩૩ જેટલાં દેવતત્ત્વોનું નિરૂપણ છે. વેદે એમ બતાવ્યું કે આ બધાં દેવતત્ત્વોનું કોઈ મૂળ આધારતત્ત્વ છે. આ એક જ મૂળતત્ત્વનાં અનેક નામો કહેવામાં આવ્યાં છે. આ મૂળતત્ત્વ આખાયે બ્રહ્માંડમાં વ્યાપક હોવાથી, તેના સર્વવ્યાપીપણાના ગુણને લઈને તેને બ્રહ્મ કહેવામાં આવે છે. બ્રહ્મ શબ્દ 'બૃહત્' પરથી બન્યો છે. બૃહત્ એટલે વ્યાપક. વેદના મતે બ્રહ્મમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. આમ, વેદમાં બહુદેવવાદ સાથે

એકતત્ત્વવાદ અને સર્વેશ્વરવાદ સાથે એકેશ્વરવાદનો સમન્વય જોવા મળે છે. વેદમાં પરમાત્માના વિરુદ્ધ ગુણો પણ બતાવવામાં આવેલા છે. આ જ્ઞાનકાંડને મહર્ષિ વ્યાસે બ્રહ્મસૂત્રોમાં સમજાવ્યો છે. આ બ્રહ્મસૂત્રો ઉપર શ્રીમહાપ્રભુજીએ 'અણુભાષ્ય' રચ્યું છે.

વેદમાં યજુર્વેદના બે ભાગ છે : શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ

વેદ ચાર વિભાગમાં વહેંચાયેલો છે : (૧) ચાર વેદ, જેને 'સંહિતા'ના નામે ઓળખવામાં આવે છે. તેમાં મુખ્યત્વે સ્તોત્ર, પ્રાર્થના, મંત્રપ્રયોગ, આશીર્વાદાત્મક મંત્રો, યજ્ઞવિધિ માટેના મંત્રો વગેરેનો સમાવેશ થાય છે. વેદોનો આ વિભાગ મંત્ર વિભાગ કહેવાય છે. (૨) વેદોનો બીજો વિભાગ 'બ્રાહ્મણ' કહેવાય છે. બ્રાહ્મણ વિભાગના ગ્રંથો ગદ્યમાં લખાયેલા છે. તેમાં અનેક દેવદેવતાઓની કથાઓ, યજ્ઞસંબંધી વિચાર, જુદી જુદી ઋતુઓમાં કરવામાં આવતાં ધાર્મિક કર્મો વગેરેનું નિરૂપણ છે. (૩) વનમાં રહેનારા ઋષિમુનિઓ અને સંન્યાસીઓએ પરમાત્મા, જગત અને મનુષ્ય-સંબંધે જે જે વિચારો કર્યા, તેનો સંગ્રહ આરણ્યકો અને (૪) ઉપનિષદોમાં કરવામાં આવેલો છે. ભારતનું પ્રાચીનતમ તત્ત્વજ્ઞાન આ ગ્રંથોમાં છે. ઉપનિષદો વેદનો અંતિમ ભાગ છે; તેથી તેને વેદાન્ત પણ કહેવાય છે.

વેદનો પ્રચાર ઈ. પૂ. હજારો વર્ષ પહેલાંથી છે. આથી કાલભેદ, દેશભેદ અને વ્યક્તિભેદને કારણે વેદોના ઉચ્ચારણમાં અનેક પાઠભેદ જોવા મળે છે. આ પાઠભેદોને કારણે વેદની સંહિતાઓ જુદી જુદી શાખાઓમાં વહેંચાયેલી છે. આમ, પ્રત્યેક વેદની અનેક શાખાઓ પણ છે. ચાર વેદોમાંથી ચાર વિદ્યાઓ પ્રગટ થઈ છે. જે ગ્રંથોમાં ચાર પૈકીની જે વિદ્યાનું વર્ણન છે, તે ઉપવેદ કહેવાય છે. પ્રત્યેક વેદનો એક એક ઉપવેદ પણ છે. વેદપરંપરા અનેક હજાર વર્ષ જૂની છે.

આ ઉપરાંત વેદનાં છ અંગો છે, જેના દ્વારા વેદ-સાહિત્યનું જ્ઞાન મળી શકે છે. તે આ પ્રમાણે છે : (૧) શિક્ષા (૨) કલ્પ (૩) વ્યાકરણ (૪) નિરુક્ત (૫) જ્યોતિષ (૬) છંદ. આ છ વેદનાં અંગો - વેદાંગ છે.

એમ કહેવાય છે કે વેદવ્યાસજીએ વેદોનું વર્તમાન સ્વરૂપ વ્યવસ્થિત કરી વેદના ચાર ભાગ કર્યા, જેમાંનો ઋગ્વેદ પૈલ મુનિને, યજુર્વેદ વૈશંપાયન મુનિને, સામવેદ જૈમિનિ મુનિને અને અથર્વવેદ સુમન્ત મુનિને સોંપ્યો હતો.

પ્ર. ૭ : ઉપનિષદ સાહિત્ય વિષે વિશેષ માહિતી આપશો?

જ. ૭ : ઉપનિષદ શબ્દમાં મૂળ શબ્દ 'સદ્' એટલે બેસવું છે, તેનો બીજો અર્થ 'સત્' એટલે સત્ય પણ છે. 'ઉપ' એટલે નજીક અને 'નિ' એટલે સારી રીતે.

જેમાં પરમ તત્ત્વની નજીક સારી રીતે રહેવામાં આવે તે ઉપનિષદ્. જેમાં પરમ સત્યને નજીકથી સારી રીતે જાણવા-સમજવામાં આવ્યું તે ઉપનિષદ્. તેમાં બ્રહ્મ, જીવ, જગત, પ્રવૃત્તિ, નિવૃત્તિ, મુક્તિ વગેરેનું આધ્યાત્મિક જ્ઞાનપૂર્ણ સૂક્ષ્મ વિવેચન છે. વેદની આધ્યાત્મિક વિચારધારાનો પૂર્ણ વિકાસ ઉપનિષદોમાં થયેલો છે. આ ઉપનિષદો પૈકી કેટલાંકના કર્તા વિષે માહિતી મળે છે. તેની સંખ્યા ૧૦૮ની માનવામાં આવે છે; પરંતુ મુખ્ય ઉપનિષદોની સંખ્યા ૧૦ની બતાવવામાં આવી છે. કોઈક તેમને ૧૮ની બતાવે છે. આ ઉપનિષદોમાં ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વેતર મુખ્ય છે.

વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદોને કંઠસ્થ કરવાનું અઘરું બનતું જતું હતું; તેથી તેમને સૂત્રરૂપે રજૂ કરવામાં આવ્યાં; જે વેદાંગ કહેવાયાં, જેમનાં છ સ્વરૂપો આપણે આગળ જોઈ ગયા છીએ.

પ્ર. ૮ : હિન્દુ ધર્મમાં 'દર્શન' શબ્દ પ્રચલિત છે, તેનો અર્થ શો થાય છે?

જ. ૮ : આપણે આગળ જોઈ ગયા કે ધર્મરૂપી રથનાં બે ચક્રો આચાર અને વિચાર છે. આચારનું વ્યવસ્થિત રૂપ, વેદ, બ્રાહ્મણ અને વેદાંગમાં છે, તેમ વિચારનો આધારસ્તંભ ઉપનિષદોમાં છે. ઉપનિષદોમાં રજૂ થયેલા વિચારના વિસ્તારને દર્શન કહે છે. દશ્ એટલે જોવું. જોઈને જ્ઞાન મેળવવામાં આવે તેનું નામ દર્શન. આવું જ્ઞાન આંખો દ્વારા અને અંતઃકરણાં દ્વારા પ્રાપ્ત થાય છે. માટે દર્શનના બે પ્રકાર છે : બાહ્યદર્શન અને આંતરદર્શન. ઉપનિષદના ઋષિઓએ વિચારજ્ઞાન અંતઃકરણમાં ચિંતન દ્વારા પ્રાપ્ત કર્યું છે, તેથી ઉપનિષદોનું દર્શન આંતર્દર્શન છે. ઉપનિષદોમાં રજૂ થયેલ જ્ઞાન અર્થાત્ દર્શન છ વિભાગોમાં વહેંચવામાં આવેલું છે : (૨) સાંખ્ય (૨) યોગ (૩) વૈશેષિક (૪) ન્યાય (૫) મીમાંસા (૬) વેદાન્ત. ઉપનિષદો વેદાન્ત કહેવાય છે, તેથી તેમનું દર્શન 'વેદાન્ત દર્શન' પણ કહેવાય છે અને તે 'ષડ્ દર્શન'ના નામે પણ પ્રસિદ્ધ છે.

પ્ર. ૯ : આપણા ધર્મગ્રંથોમાં આ સિવાય અન્ય કયા ગ્રંથોનો સમાવેશ થાય છે?

જ. ૯ : કલ્પ નામના વેદાંગની અંદર ધર્મસૂત્રોની રચના મળે છે; જેમની રચના લાટ્યાયન, આશ્વલાયન, આપસ્તમ્બ જેવા ઋષિઓએ કરી છે. તેમાં શ્રૌત, ગૃહ્ય અને ધર્મસૂત્રો મુખ્ય છે. થોડાં વર્ષો બાદ ધર્મસૂત્રોના આધારે ઋષિમુનિઓએ સ્મૃતિઓની રચના કરી. સ્મૃતિ એટલે યાદ. મેળવેલા જ્ઞાનમાંથી જે ધારણ થયું, યાદ રહ્યું તે સ્મૃતિ. આમાં મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કય-સ્મૃતિ મુખ્ય છે.

વૈદિક વિચારધારાને સમજવા માટેના મુખ્ય ગ્રંથો ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્ર છે, જેને 'પ્રસ્થાનત્રયી' કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીએ તેમાં ચોથા ગ્રંથ તરીકે ભાગવતનો સમાવેશ કર્યો છે; તેથી પ્રમુખ પ્રસ્થાન ચાર બનતાં, તેને 'પ્રસ્થાનચતુષ્ટયી' કહેવામાં આવે છે. આ ઉપરાંત, વાલ્મીકિ રામાયણ અને મહર્ષિ વ્યાસરચિત મહાભારત પણ મુખ્ય ગ્રંથો છે. રામાયણને આદિકાવ્ય અને મહાભારતને પંચમવેદ કહેવામાં આવે છે.

પ્ર. ૧૦ : આપણે ત્યાં પુરાણો પણ છે. તેમનો પરિચય આપશો?

જ. ૧૦ : પુરાણોની પરંપરા પણ ઘણી પ્રાચીન છે. તેમને અંતિમ સ્વરૂપ સાતમી સદીમાં પ્રાપ્ત થયું છે. તેમની સંખ્યા અઢારની છે. તે ઉપરાંત, બીજાં અઢાર ઉપપુરાણો પણ છે. આ અઢારેય પુરાણ અને ઉપપુરાણની રચના મહર્ષિ વ્યાસે કરી હતી અને તેમને તેનું શિક્ષણ તેમના શિષ્ય લોમહર્ષણ સૂતને આપ્યું હતું. આ સૂતજીની વંશપરંપરામાં, જેમણે પુરાણોની કથા કરી, તેઓ પૌરાણિક કહેવાયા. પુરાણોમાં ભગવાનની દશલીલાનાં વર્ણન મળે છે : (૧) સર્ગ (૨) વિસર્ગ (૩) સ્થાન (૪) પોષણ (૫) ઊતિ (૬) મન્વંતર (૭) ઈશાનુકથા (૮) નિરોધ (૯) મુક્તિ (૧૦) આશ્રય. આ ૧૮ પુરાણોમાં બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, નારદપુરાણ, શિવપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, વાયુપુરાણ વગેરે મુખ્ય છે. તેમની કુલ શ્લોક-સંખ્યા ચાર લાખની માનવામાં આવે છે. સૌથી પ્રાચીન પુરાણ બ્રહ્મપુરાણ કહેવાય છે. આ પુરાણોમાં જુદા જુદા દેવોની પ્રધાનતા છે. તે પ્રમાણે તેમનું વર્ગીકરણ કરવામાં આવેલું છે. આ બધાં પુરાણોમાં છેલ્લું પુરાણ શ્રી ભાગવત મહાપુરાણ છે; કારણ કે ૧૭ પુરાણો રચાયા પછી પણ વ્યાસ મુનિને માનસિક શાંતિ ન મળતાં, તેમણે નારદજીના ઉપદેશથી યોગસમાધિ સાધી. તેમાં તેમને ભગવાનની લીલાનો જે સાક્ષાત્ અનુભવ થયો, તે ભાગવત પુરાણમાં ગાયો છે. માટે બધાં પુરાણોમાં ભાગવત-પુરાણનું સૌથી વધારે મહત્ત્વ છે.

પ્ર. ૧૧ : શ્રીમદ્ભગવદ્ગીતા વિષે પરિચય આપશો?

જ. ૧૧ : જ્યારે કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવો અને કૌરવો યુદ્ધ માટે પોતપોતાનાં લશ્કરો સાથે આમનેસામને આવી ગયા, ત્યારે કૌરવોના પક્ષે ભીષ્મ પિતામહથી માંડીને બધા વડીલોને અર્જુને જોયા. તેમાં ગુરુ દ્રોણાચાર્ય પણ હતા. યુદ્ધમાં વડીલોનો સંહાર કરવો પડશે, ભાઈભાંડુઓને હણવા પડશે; એવા ખ્યાલથી અર્જુનનું મન બેચેન બની ગયું. અર્જુનના રથના સારથિ ભગવાન શ્રીકૃષ્ણ હતા.

તેમણે યુદ્ધમાં શસ્ત્ર ધારણ ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તેઓ અર્જુનના રથનું સારથિપદ સંભાળતા હતા. યુદ્ધપૂર્વે અર્જુને તેમને વિનંતી કરી કે બંને સેનાઓની વચ્ચે મારો રથ એક વખત ખડો કરી દો. હું બધાં સગાં-સ્વજનોને જોઈ લઉં. અર્જુનની ઈચ્છા પ્રમાણે બંને સૈન્યોની મધ્યમાં શ્રીકૃષ્ણે અર્જુનનો રથ લાવીને ઊભો કર્યો, ત્યારે અર્જુન શારીરિક અને માનસિક રીતે તદ્દન ઢીલો થઈ ગયો. તેણે યુદ્ધ કરવાનો ઈનકાર કર્યો; ત્યારે તેને ઉપદેશ આપવા માટે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આ ગીતાવચનો સંભળાવ્યાં હતાં.

તે વચનો ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં પોતાના મુખથી શ્લોકોના ગાન દ્વારા કહેલાં હોવાથી 'ગીત' શબ્દ પરથી 'ગીતા' શબ્દ બન્યો. તેથી તે ગ્રંથ શ્રીમદ્ 'ભગવદ્ગીતા'ના નામે પ્રસિદ્ધ થયો. આ ગીતા સર્વ ઉપનિષદોરૂપી ગાયનું દૂધ છે. તેને દોહનાર ગોપાલ ભગવાન શ્રીકૃષ્ણ છે, માટે ગીતાને સર્વ ઉપનિષદોના તત્ત્વરૂપી અમૃત તરીકે ઓળખવામાં આવે છે. ઉપનિષદોમાં ૩૨ જેટલી બ્રહ્મવિદ્યાઓ સમજાવવામાં આવી છે. તે બધાંનો સાર ગીતામાં છે. ગીતાના કુલ ૧૮ અધ્યાય છે. મોટા ભાગે તે અર્જુન-કૃષ્ણના સંવાદરૂપે છે. અર્જુનના પ્રશ્નોના ઉત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણે ૧૮ જેટલા જુદા જુદા યોગ અર્જુનને શીખવ્યા છે; માટે દરેક અધ્યાય એક-એક યોગના નામે પ્રસિદ્ધ છે. એકથી છ સુધીના અધ્યાયોમાં કર્મમાર્ગની; સાતથી બાર સુધીના અધ્યાયોઓમાં ભક્તિમાર્ગની; જ્યારે તેરથી અઢાર સુધીના અધ્યાયોમાં જ્ઞાનમાર્ગની વિગતવાર સમજણ છે. આમ, વેદ-ઉપનિષદમાં બતાવેલ ઈશ્વર-ઉપાસનાના મુખ્ય ત્રણ માર્ગ - કર્મ, ભક્તિ અને જ્ઞાન - નું સ્વરૂપ અહીં ખૂબ જ વિસ્તારપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું છે.

કેટલાક વિચારકોના મતે ગીતાનો મુખ્ય ઉપદેશ કર્મમાર્ગ દ્વારા ઈશ્વર-પ્રાપ્તિનો છે, તો કેટલાકના મતે જ્ઞાનમાર્ગ દ્વારા ઈશ્વરપ્રાપ્તિનો છે. શ્રીમહાપ્રભુજીના મતે ગીતામાં ભક્તિમાર્ગની ઉચ્ચતા અને તેનું પ્રાધાન્ય બતાવવામાં આવ્યું છે. છઠ્ઠા અધ્યાયના છેલ્લા બે શ્લોકમાં ભગવાને પોતે તેની રૂપરેખા આપી છે. તેઓ કહે છે કે તપસ્વી કરતાં તપોયોગી ઉત્તમ છે. તપોયોગી કરતાં કર્મ કરનાર ઉત્તમ છે. કર્મ કરનાર કરતાં કર્મયોગી ઉત્તમ છે. કર્મયોગી કરતાં જ્ઞાની ઉત્તમ છે. જ્ઞાનીથી જ્ઞાનયોગી ચઢિયાતો છે. જ્ઞાનયોગી કરતાં ભક્તિ કરનાર ભક્ત ઉત્તમ છે. ભક્ત કરતાં ભક્તયોગી ઉત્તમ છે. આ ભક્તયોગી સૌથી ઉત્તમ છે અને તે જ મને સૌથી વધુ પ્રિય પણ છે. આમ, ભગવાને સ્વયં ગીતામાં ત્રણે માર્ગોની ઉત્તમતા વિષે સરખામણી કરી છે. તે ઉપરથી પણ નક્કી થાય છે

કે ગીતાનો કેન્દ્રવર્તી વિચાર ભક્તિયોગની પ્રાપ્તિનો છે. આથી ભગવાને અંતે ૧૮મા અધ્યાયમાં અર્જુનને આજ્ઞા કરી કે હવે તું સંશય કરવાનું છોડી દે, પ્રશ્નો પૂછવાનું પણ બંધ કર. હવે તું વિચાર કરવાનું પણ માંડી વાળ. માત્ર તું એક જ કામ કર, મારું શરણ સ્વીકારી લે. બાકીની બધી ચિંતા હું કરીશ. તેનાથી તને સર્વ પાપોમાંથી હું છોડાવીશ. આમ, શરણ દ્વારા ભક્તિમાર્ગનો ઉપદેશ એ ગીતાનો પ્રધાન સૂર છે.

જેમ પર્વતની મધ્યમાં શિખર હોય, તેમ ગીતાના મધ્યના છ અધ્યાયોમાં વર્ણવેલ ભક્તિયોગ ગીતાનું શિખર છે. ગીતા ઉપર બધા આચાર્યોએ ભાષ્ય લખ્યાં છે. તે સિવાય અનેક વિદ્વાનોએ ગીતાનું વિવેચન કરતા ગ્રંથો લખ્યા છે. પશ્ચિમના વિદ્વાનોએ પણ ગીતા વિષેના ગ્રંથો આપ્યા છે. ગીતાનું સ્થાન વિશ્વના આધ્યાત્મિક સાહિત્યમાં ઘણું ઊંચું છે. ગીતા મહાભારતનો એક ભાગ છે.

એક વખત શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરી પધાર્યા હતા. ત્યારે ત્યાંના રાજાની રાજ્યસભામાં ધર્મચર્ચાનું આયોજન થયું હતું. ત્યાં ઉપસ્થિત વિદ્વાનો સામે જગન્નાથપુરીના રાજાએ ચાર પ્રશ્નો રજૂ કર્યા હતા : (૧) સૌથી મોટો દેવ કયો? (૨) સૌથી મોટો ગ્રંથ કયો? (૩) સૌથી મોટો મંત્ર કયો? (૪) સૌથી મોટું કર્મ કયું? આ ધર્મચર્ચામાં એકમતી થતી ન હતી; ત્યારે શ્રીમહાપ્રભુજીએ એવું સૂચન કર્યું કે આ નગરના મુખ્ય દેવ શ્રી જગન્નાથજી છે. તેમનામાં દરેકને શ્રદ્ધા છે, માટે આ ચાર પ્રશ્નોના જવાબ શ્રી જગન્નાથજી પાસેથી મેળવીએ. તેઓ જે જવાબ આપે તે જ સાચા જવાબ હોય. આપણને સૌને તે જવાબ સ્વીકાર્ય હોવા જોઈએ. સૌ સંમત થયા. શ્રી જગન્નાથજીની સામે શાહીનો ખડિયો, કલમ અને કાગળ મૂકવામાં આવ્યાં. મંદિરનાં દ્વાર બંધ થયાં. જ્યારે દ્વાર ખોલ્યાં ત્યારે કાગળ ઉપર એક શ્લોક લખાયેલો હતો, જેમાં ચાર પ્રશ્નોના નીચે મુજબના જવાબ હતા: (૧) સૌથી મોટા દેવ શ્રીકૃષ્ણ છે. (૨) સૌથી મોટો ગ્રંથ શ્રીકૃષ્ણે લખેલી ગીતા છે. (૩) સૌથી મોટો મંત્ર શ્રીકૃષ્ણનું નામ એટલે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' છે અને (૪) સૌથી મોટું કર્મ શ્રીકૃષ્ણની સેવા છે. આમ, ખુદ શ્રી જગન્નાથજીએ ગીતાને સર્વોત્તમ ગ્રંથ કહ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ ગીતાના ભાષ્યરૂપે શાસ્ત્રાર્થ પ્રકરણ લખ્યું છે. તેમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજીએ પણ ગીતા વિષે ઠીક-ઠીક પ્રમાણમાં ગ્રંથો લખ્યા છે. આમ, પુષ્ટિમાર્ગમાં પણ ગીતા પાયાનો, મહત્ત્વનો ગ્રંથ છે. વેદ અને બ્રહ્મ સૂત્રોથી જે સિદ્ધાંતોની સ્પષ્ટતા ન થાય, તેની સ્પષ્ટતા ગીતામાંથી મળે છે.

માટે હિન્દુ ધર્મમાં ગીતાનું સ્થાન વેદ પછી બીજા ક્રમનું છે. આથી ન્યાયાલયોમાં પણ સાક્ષીને ગીતાના નામે સત્ય બોલવાના સોગંદ અપાય છે.

પ્ર. ૧૨ : શ્રીમદ્ભાગવત વિષે વિસ્તારથી પરિચય આપશો?

જ. ૧૨ : આપણે આગળ જોઈ ગયા કે શ્રીમદ્ભાગવત અઢાર પુરાણોમાંનું એક મહાપુરાણ છે. તેના કર્તા મહર્ષિ વેદવ્યાસ છે. તેની રચના માટે એવી કથા છે કે મહર્ષિ વેદવ્યાસ ભગવાનનો જ્ઞાનાવતાર છે, તેથી તેમણે વેદસાહિત્યને વ્યવસ્થિત કરવાનું બહુ મોટું કામ કર્યું હતું. ત્યારબાદ તેમણે બ્રહ્મસૂત્રોની રચના કરી. ૧૭ જેટલાં પુરાણો અને અઢાર ઉપપુરાણો પણ રચ્યાં; છતાં તેમના આત્માને આ બધા ગ્રંથોથી પ્રસન્નતા થઈ નહિ. તેમનું મન હંમેશા ઉદ્વેગમાં રહ્યા કરતું હતું.

એક વખત બ્રહ્મર્ષિ નારદ તેમને મળવા માટે તેમના આશ્રમે આવ્યા. વ્યાસ મુનિએ તેમના મનની સ્થિતિ નારદજીને જણાવી. નારદજીએ તેમને કહ્યું કે તમે ઘણા ધર્મગ્રંથો રચ્યા, પણ ભગવાનની લીલાઓ અને ગુણોનું ગાન કર્યું નથી. જ્યાં સુધી ભગવદ્-ગુણગાન કરવામાં ન આવે, ત્યાં સુધી ભગવાન આપણા હૃદયમાં પધારતા અને બિરાજતા નથી. હૃદયમાં જ્યાં સુધી ભગવાનનો અનુભવ ન થાય, ત્યાં સુધી તન, મન અને હૃદયને આનંદનો અનુભવ થતો નથી; કારણ કે આનંદ-સ્વરૂપ ભગવાન છે. ભગવાનના સ્પર્શ વિના આનંદ અનુભવાતો નથી.

નારદજીએ વ્યાસમુનિને એમ પણ કહ્યું કે સૃષ્ટિની ઉત્પત્તિ ટાણે સ્વયં ભગવાને બ્રહ્માજીને ભાગવત સંભળાવ્યું હતું, જે કેવળ ચાર શ્લોકનું હોવાથી, ચતુઃશ્લોકી ભાગવત કહેવાય છે. બ્રહ્માજીએ આ ભાગવત મને સંભળાવ્યું હતું; તે હું તમને સંભળાવું છું. તમે તે ભાગવતનું હૃદયમાં મનન-ચિંતન કરો. સાથે સાથે સમાધિ પ્રાપ્ત કરો. સમાધિમાં તમને ભગવાનની લીલાઓનાં જે દર્શન થાય, તે તમે ગાજો. એ ગ્રંથ ભગવાને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો જ વિસ્તાર હશે. આમ, નારદજીના ઉપદેશ પછી ચતુઃશ્લોકી ભાગવતનું ચિંતન કરતાં વ્યાસજી સમાધિમાં બેઠા. તેમને સમાધિમાં જે ભગવદનુભવ થયો, તે તેમણે લખવા માંડ્યો. આ ગ્રંથ શ્રીમદ્ભાગવત મહાપુરાણ તરીકે પ્રસિદ્ધ છે.

આ ગ્રંથમાં કુલ બાર સ્કંધ છે, જે ભગવાનનાં બાર અંગોનું સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજીના મતે શ્રીભાગવત શ્રીગોવર્ધનનાથજી-ભગવાન શ્રીકૃષ્ણનું નામ-સ્વરૂપ છે. બાર સ્કંધો ભગવાનના દિવ્ય સ્વરૂપનાં બાર અંગો છે. તેમાં કુલ અઢાર હજાર શ્લોકો છે. અઢાર હજાર શ્લોકોનો આ ગ્રંથ સાત્વતિ સંહિતાના નામે પણ ઓળખાય છે. તેનું માહાત્મ્ય પદ્મપુરાણ વગેરેમાં પ્રસિદ્ધ છે.

શ્રીભાગવતની રચના વેદવ્યાસજીએ કરી. ત્યારબાદ તેમને વિચાર આવ્યો કે આ અલૌકિક ગ્રંથને જગતમાં કોના દ્વારા પ્રચલિત કરું? તે માટે તેમને તેમના પુત્ર શ્રીશુકદેવજી સૌથી વધુ યોગ્ય જણાયા; પરંતુ શ્રી શુકદેવજી તો જન્મતાંની સાથે જ પિતાનું ઘર છોડી હિમાલયમાં ચાલ્યા ગયા હતા. તેથી વેદ-વ્યાસજીએ તેમના બે શિષ્યોને ભાગવતમાંથી શ્રીકૃષ્ણના સ્વરૂપ અને લીલાનું વર્ણન કરતા કેટલાક શ્લોકો શીખવીને શ્રીશુકદેવજી પાસે મોકલ્યા. આ શ્લોકો સાંભળીને શ્રી શુકદેવજી ઘણા પ્રસન્ન થયા. તેઓ પિતાના આશ્રમે પાછા આવ્યા અને પિતા પાસેથી શ્રીભાગવતનો વારસો મેળવ્યો. શ્રીશુકદેવજીએ આ ભાગવત રાજા પરીક્ષિતને સંભળાવ્યું. તે ભાગવત સૂત-પુરાણીએ ઋષિઓને સંભળાવ્યું. આમ, શ્રીભાગવતનો જગતમાં પ્રચાર થયો.

'ભાગવત' શબ્દની વ્યાખ્યા કરતાં એમ કહેવામાં આવ્યું કે જે ભગવાને કહ્યું તે ભાગવત. વ્યાસમુનિના હૃદયમાં ભગવાને બિરાજી આ ભાગવતની રચના કરી અને શુકદેવજીના હૃદયમાં બિરાજી તેનું ગાન કર્યું; માટે તે ભાગવત કહેવાય છે. તેની બીજી વ્યાખ્યા પ્રમાણે ભગવાન વિષે જે કહેવાયું તે ભાગવત. આમાં ભગવાનની દશ પ્રકારની લીલાઓ કહેવાઈ છે, જેમાં દશમ સ્કંધની નિરોધલીલા મુખ્ય છે, તેથી તે ભાગવત કહેવાયું. તેની ત્રીજી વ્યાખ્યા છે - જેમાં ભગવાન અને ભગવદીયોની કથાઓ છે તે ભાગવત.

ભાગવત ઉપર પણ અનેક વિદ્વાનોની સુંદર ટીકાઓ છે, જેમાં શ્રીમહાપ્રભુજીની ટીકા સર્વોત્તમ છે. શ્રીમહાપ્રભુજીએ ભાગવત ઉપર ત્રણ ટીકા-ગ્રંથો લખ્યા છે : (૧) **શ્રીભાગવતાર્થ પ્રકરણ** : જેમાં ભાગવતના પ્રકરણ, સ્કંધ, અધ્યાય - એમ ત્રણ પ્રકારે અર્થ સમજાવવામાં આવ્યા છે. (૨) **શ્રીસુબોધિની:** આ શ્રીમહાપ્રભુજીએ રચેલી શ્રીભાગવત પરની બીજી ટીકા છે, જે એકથી ત્રણ સ્કંધ, દશમ સ્કંધ અને થોડાક અગિયારમાં સ્કંધ સુધીની મળે છે. જેમાં ભાગવતના શ્લોક, વાક્ય, પદ અને અક્ષર - એમ ચારે પ્રકારે અર્થ કરેલો છે. (૩) શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવત ઉપર **સૂક્ષ્મ** ટીકા લખ્યાની હકીકત મળે છે, પરંતુ આ ટીકા આજે મળતી નથી. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતને ત્રણ પ્રસ્થાન પ્રમાણગ્રંથોની સાથે ચોથા પ્રમાણગ્રંથ તરીકે ગૌરવભર્યું સ્થાન અપાવ્યું છે.

શ્રીમહાપ્રભુજીના પૃથ્વી ઉપરના અવતારના જુદા જુદા હેતુઓ પૈકીનો એક હેતુ શ્રીભાગવતનું રહસ્ય પ્રગટ કરવાનો હતો, તે તેમણે આ ત્રણ ટીકાગ્રંથો દ્વારા પ્રગટ કર્યું છે. આથી શ્રીમહાપ્રભુજીએ તેમના જીવનકાળ દરમ્યાન અનેક

સ્થળોએ શ્રીભાગવત પારાયણો પણ કર્યાં છે. આ સ્થળો આજે તેમનાં બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે. તે સ્થાનોની સંખ્યા ૮૪ની કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી શ્રીભાગવતને શ્રીનાથજીનું નામાત્મક સ્વરૂપ ગણતા હોઈ, તેમણે આજ્ઞા કરી છે કે જેમ ભગવાનના સ્વરૂપનો વેપાર કરીને પેટ ન ભરાય, તેમ ભગવાનના નામસ્વરૂપ શ્રીભાગવતની કથા પણ આજીવિકાના હેતુથી કરવી જોઈએ નહિ. કોઇ પણ મનુષ્યના પ્રાણ કંઠે આવી રહે, તો પણ તેણે આજીવિકા માટે ભાગવતની કથા ન જ કરવી. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતને આવું ઉચ્ચ સ્થાન આપ્યું છે. વેદ, બ્રહ્મસૂત્રો અને ગીતામાં જે સિદ્ધાંતો સમજાવ્યા છે એ સિદ્ધાંતોનું આચરણ કેવી રીતે થઈ શકે, તે ભાગવતમાંની જુદી જુદી કથાઓ દ્વારા આપણને શીખવા મળે છે.

પ્ર. ૧૩ : હિન્દુ ધર્મના આ બધા શાસ્ત્રગ્રંથોના સારરૂપે હિન્દુ ધર્મનાં મુખ્ય લક્ષણો કયાં કયાં છે તે સમજાવશો?

જ. ૧૩ : હિન્દુ ધર્મ મહાસાગર જેટલો વિશાળ અને ઊંડો છે. તેનો પાર પામવો મુશ્કેલ છે. પરંતુ દેવો અને દાનવોએ સમુદ્રમંથન કરીને સમુદ્રમાંથી ચૌદ અલૌકિક રત્નો મેળવ્યાં હતાં, તેમ હિન્દુ ધર્મગ્રંથોના સાગરમંથનમાંથી હિન્દુ ધર્મનાં નીચેનાં અલૌકિક તત્ત્વોરૂપી રત્નો મળે છેઃ

(૧) આ ધર્મના પ્રવર્તક કોઇ એક વ્યક્તિ નથી. તેનું પ્રવર્તન સ્વયં ભગવાન દ્વારા તેમની વાણીથી થયું છે.

(૨) આ ધર્મનો કોઇ એક આધારગ્રંથ નથી. તેમાં ઘણા આધારગ્રંથોનો સમાવેશ થાય છે.

(૩) આ સર્વ આધારગ્રંથો ભગવાનની પ્રેરણાથી જુદા જુદા ઋષિમુનિઓ દ્વારા હજારો વર્ષો પૂર્વે કહેવાયેલા છે અને કાન દ્વારા સાંભળી સ્મરણ-શક્તિમાં સંગ્રહાયેલા છે.

(૪) આ ધર્મમાં કોઈ એક જ ઈશ્વર કે દેવતત્ત્વનો સ્વીકાર નથી. આ ધર્મમાં સૌના મૂળસ્વરૂપે એક ઈશ્વરનો સ્વીકાર છે. તે ઈશ્વર જુદાં જુદાં કાર્યો માટે અંશ, કલા કે વ્યૂહ-સ્વરૂપે અનેક દેવ-દેવીઓનાં રૂપ ધારણ કરે છે, તેમજ ચોવીસ અવતારો પણ લે છે. સર્વ દેવદેવીઓ અને સર્વાવતારો એક જ ઈશ્વરના અંશાવતાર, કલાવતાર કે વ્યૂહાવતાર છે; તેથી તેમાં એકેશ્વરવાદની સાથે સર્વેશ્વરવાદ પણ છે. જેને જે દેવતત્ત્વ ઈષ્ટ લાગે, તે દેવતત્ત્વની ઉપાસના તે કરી શકે છે.

(૫) આ ધર્મમાં વિરોધાભાસી લાગતા ઈશ્વરપ્રાપ્તિના અનેક માર્ગો અને પ્રવાહો એકસાથે રહેલા છે. કોઇ પણ એક જ માર્ગ દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ થાય, એવી જડતાનો સ્વીકાર આ ધર્મ કરતો નથી. તેથી તેમાં વિવિધ સંપ્રદાયો, વિવિધ સિદ્ધાંતો, વિવિધ ગ્રંથો, વિવિધ ઉપાસનાના માર્ગો અને વિવિધ ઇષ્ટદેવોનો સમાવેશ થયેલો છે.

(૬) વૈદિક ધર્મમાં આસ્તિક અને નાસ્તિક એ બંને મતોનો સ્વીકાર છે. આમ, આ ધર્મ ઘણો ઉદાર મતવાદી છે, તેમાં સંકુચિતતા અને અસહિષ્ણુતાનો અભાવ છે. આ ધર્મમાં અનેક અનાર્ય પ્રજાઓ, વિદેશી પ્રજાઓ વગેરેને સ્વીકારવામાં આવેલી છે. આ ધર્મના દરવાજા સૌના માટે ખુલ્લા છે, છતાં કોઈ પણ મનુષ્ય ભય કે બળજબરીથી હિન્દુ બને એવો વિચાર ધર્મમાં નથી. તેથી આ ધર્મમાં બળાત્કારપૂર્વક ધર્મપરિવર્તન કરાવવામાં આવતું નથી. સ્વેચ્છાએ થતું ધર્મપરિવર્તન જ સ્વીકાર્ય બને છે.

(૭) આ ધર્મમાં હજારો વર્ષોથી નાનાં-મોટાં અનેક પરિવર્તનો થયાં છે; છતાં તેનું મૂળ સ્વરૂપ અને મૂળ સિદ્ધાંતો સારી રીતે સચવાઈ રહ્યાં છે.

(૮) આ ધર્મના અનેક સંપ્રદાયો, પેટા સંપ્રદાયો અને પંથો છે, તેમના સિદ્ધાંતો અલગ અલગ હોવા છતાં, સૌ વચ્ચે સમભાવ અને સહિષ્ણુતા સચવાયાં છે. આ ધર્મ સાચા સ્વરૂપમાં સમન્વયવાદી રહ્યો છે.

(૯) આ ધર્મની જીવનપ્રણાલિ સરળ, સહજ અને વ્યવહારલક્ષી છે. તેથી આ ધર્મ ઉપરથી ઠોકી બેસાડેલો કૃત્રિમ લાગતો નથી. પરંતુ જીવનમાં તાણાવાણાની જેમ વણાઇ ગયેલો જોવા મળે છે.

(૧૦) આ ધર્મ વિશ્વનો સૌથી પ્રાચીન ધર્મ છે.

વેદમાં જ્યારે કોઈ પણ વાત કરવામાં આવી છે, ત્યારે તે ભારતની નહીં, વિશ્વની વાત છે. વિશ્વમાં સુખ-શાંતિ-સંપત્તિ સર્જાય, સર્વત્ર વિશ્વબંધુત્વની ભાવના વિકસે, એવી વેદની ભાવના છે. વેદમાં રમણીય વિચારો છે, ઊંડું તત્ત્વજ્ઞાન છે, આહ્લાદક કાવ્યો છે.

માણસ સંન્યાસ લે, ત્યારે તેણે બધાં કર્મો છોડી દેવાં પડે, પણ એકલા વેદના અધ્યયન-ચિંતનનું કર્મ તેણે કરવું જ પડે. તે ન છોડાય. આટલું બધું મહત્ત્વ વેદનું છે.

૩. હિન્દુ ધર્મની સાધના-પ્રણાલિકાઓ

પ્ર. ૧ : હિન્દુ ધર્મમાં વિવિધ સંપ્રદાયો છે, તેથી તેમની સાધના અંગેની પ્રણાલિકાઓ પણ જુદી જુદી હશે. એનો આછો ખ્યાલ આપશો?

જ. ૧ : હિન્દુ ધર્મમાં ઈશ્વર વિષે મુખ્ય ત્રણ પ્રકારની માન્યતાઓ રહેલી છે: (૧) ઈશ્વર જેવું કોઈ વિશિષ્ટ તત્ત્વ નથી. જગત પુરુષ અને પ્રકૃતિથી ચાલે છે અને માણસ તેના કર્મ પ્રમાણે ફળ મેળવે છે. આ વિચારધારાને સાંખ્ય દર્શનની નાસ્તિક વિચારધારા કહેવામાં આવે છે. (૨) ઈશ્વર એક પરમ અને સર્વોચ્ચ તત્ત્વ છે, પરંતુ તેને કોઈ આકાર નથી. તેથી તે નિરાકાર છે. આને ઈશ્વરની નિરાકાર જ્ઞાનમાર્ગી વિચારધારા કહેવામાં આવે છે. (૩) ઈશ્વરરૂપી પરમ સર્વોચ્ચ તત્ત્વ અલૌકિક સ્વરૂપે સાકાર છે. તે ધારે તે રૂપ અને આકાર લઈ શકે છે. તેથી તે સર્વાકાર પણ બની શકે છે. આને ઈશ્વરની ભક્તિમાર્ગી સાકાર વિચારધારા કહેવામાં આવે છે.

જૈન અને બૌદ્ધ ધર્મો નાસ્તિક વિચારધારાને અનુસરનારા છે. આપણે ત્યાં હિન્દુ ધર્મમાં શ્રીશંકરાચાર્યે ઈશ્વરની નિરાકાર વિચારધારાનો ઉપદેશ આપ્યો છે. તેમના મતે નિરાકાર ઈશ્વરનો અનુભવ જ્ઞાન દ્વારા થઈ શકે છે. એટલે આ વિચારધારાની મુખ્ય સાધના-પ્રણાલિકા જ્ઞાનમાર્ગ કહેવાય છે.

જ્ઞાન દ્વારા ઈશ્વરના સ્વરૂપમાં લય પામવું તેને મોક્ષ કહેવામાં આવે છે. મોક્ષ જ્ઞાનમાર્ગનું પરમ ફળ છે. મોક્ષપ્રાપ્તિ પછી જન્મ-મરણની ઘટમાળમાંથી મુક્ત થવાય છે, માટે તેને મુક્તિ પણ કહેવામાં આવે છે.

મોક્ષ મેળવવા માટે મનુષ્યે પોતાની અવિદ્યા દૂર કરી વિદ્યા અર્થાત્ સાચું જ્ઞાન મેળવવું જરૂરી છે. આપણી અવિદ્યા આપણા પોતાના જીવાત્માના સ્વરૂપ વિષેની છે તેમજ પરમાત્મા વિષેની પણ છે. આપણે શરીરને મુખ્ય માનીને શરીરના પાલનપોષણમાં રચ્યા-પચ્યા રહીએ છીએ અને બધી ઇન્દ્રિયોથી શરીરના ભોગ ભોગવીએ છીએ અને તેને સુખ માનીએ છીએ, તેનું કારણ આ અવિદ્યા છે. અવિદ્યામાંથી અહંતા અને મમતા જન્મે છે. અહંતા એટલે આપણા કર્તાપણાનું અભિમાન. વાસ્તવમાં આપણે તો નિમિત્ત છીએ. કર્તા તો ઈશ્વર છે.

એ જ્ઞાન ન હોવાથી કર્તાપણાનું અભિમાન રહે છે. તેનું નામ અહંતા. આ અહંતાને કારણે આપણે આત્મા અને પરમાત્માના સાચા સ્વરૂપને જાણી શકતા નથી.

અહંતાની સાથે મમતા જોડાયેલી છે. આપણને આપણા શરીરનું અને તેની સાથે જોડાયેલ વ્યક્તિ અને વસ્તુઓનું ભારે મમત્વ હોય છે. જેમ કર્તાપણાના અભિમાનથી આપણે સુખી કે દુઃખી થઈએ છીએ, તેમ આ મમત્વનું કારણ આપણને દુઃખી કે સુખી કરે છે. વાસ્તવમાં આ બધા સંબંધો શરીર સાથેના છે, આત્મા સાથેના નહીં. શરીર નાશવંત હોવાથી આ સંબંધો પણ નાશવંત છે. આપણી અવિદ્યાને કારણે આ સમજ આપણામાં હોતી નથી. એટલે મમત્વને કારણે આત્મા કે પરમાત્માને આપણે સમજી શકતા નથી.

આથી જ્ઞાનમાર્ગે બતાવ્યું કે જ્ઞાનની સાધના કરનારે સૌ પ્રથમ અહંતા અને મમતાનો નાશ કરવો જોઈશે. તેના નાશ માટે બે માર્ગો બતાવવામાં આવ્યા : (૧) સાંખ્યમાર્ગ (૨) યોગમાર્ગ. સાંખ્ય માર્ગે ત્યાગ ઉપર ભાર મૂક્યો. તેના મત મુજબ સાધકે દુન્વયી પદાર્થો અને સંબંધો કે જેને લઈને આપણી અહંતા-મમતા જાગે છે, તેનો ત્યાગ કરવા સંન્યાસ લેવો જોઈએ. યોગમાર્ગે કહ્યું કે કેવળ બહારથી વ્યક્તિઓ અને વસ્તુઓનો ત્યાગ કરવાથી અહંતા-મમતાનો નાશ થતો નથી. તે બીજા સ્વરૂપે આપણને વળગેલી રહે છે; માટે અહંતા-મમતા મૂળમાંથી કચડી નાખવી જોઈએ. તે માટે ચિત્તવૃત્તિનો નિરોધ (શમન) કરવો જોઈએ. ચિત્તવૃત્તિનો નિરોધ એટલે ચિત્તવૃત્તિઓ ઉપર કાબૂ મેળવવો. તે માટે અષ્ટાંગ યોગની સાધના કરવી જોઈએ. સાંખ્યમાર્ગે સંન્યાસ માટે યમ, નિયમ, તપ વગેરે દશ બાબતો બતાવી; જ્યારે યોગમાર્ગે યોગનાં આઠ અંગો બતાવ્યાં.

આમાંથી કોઈ પણ માર્ગે ચાલતાં સાધક ધર્મશાસ્ત્રોનાં અધ્યયન, સ્વાધ્યાય દ્વારા ઈશ્વરને સમજવા લાગે છે. જેમ જેમ તેનો જ્ઞાનમાર્ગમાં વધારે ઊંડો પ્રવેશ થતો જાય, તેમ તેમ તેની અહંતા-મમતા છૂટતી જાય છે. તે શરીરમાં તત્પર રહેવાને બદલે આત્મામાં તત્પર બને છે અને અંતે તેનો મોક્ષ થાય છે.

આ માર્ગ ઘણો કઠિન છે. પ્રાચીન સમયમાં જ્ઞાનમાર્ગના સાધક ગૃહસ્થાશ્રમી હોવા છતાં વનમાં એકાંતમાં જઈને તેમનાં પત્ની સાથે રહેતા, ભારે તપશ્ચર્યા કરતા અને મોક્ષ મેળવવા ઉગ્ર સાધના કરતા. આજે આ પ્રકારે જ્ઞાનમાર્ગની સાધના કરવાનું કામ જરા પણ સહેલું રહ્યું નથી. જેઓ સંન્યાસી બને છે, તેમનાં મન સંન્યાસી બનતાં નથી; એટલે ભોગ છૂટતો નથી અને ત્યાગ આવતો નથી.

માટે જ્ઞાનમાર્ગ અને તપમાર્ગ ઘણા જ કષ્ટસાધ્ય છે. કોઈક વિરલ સાધકો જ તેના અંતિમ ચરણ સુધી પહોંચી શકે છે. જ્ઞાનમાર્ગ દ્વારા ઈશ્વરના નિરાકાર સ્વરૂપની સાધના થાય છે.

પ્ર. ૨ : ઈશ્વરના સાકાર સ્વરૂપની સાધનાની કઈ પ્રણાલિકા છે?

જ. ૨ : શ્રીશંકરાચાર્ય માને છે કે ઈશ્વર મૂળભૂત રીતે નિરાકાર છે, પરંતુ તે માયાના બળથી આકાર લે છે ત્યારે સાકાર બને છે. ઈશ્વરનું આ સાકાર સ્વરૂપ માયાને કારણે છે. ભક્તિમાર્ગના આચાર્યો શ્રીશંકરાચાર્યના આ મત સાથે સહમત થતા નથી. તેમના મતે ઈશ્વરમાં સર્જનનું સર્વોચ્ચ સામર્થ્ય છે, જેને લઈને ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું છે. જે સૃષ્ટિનું સર્જન કરી શકે તે પોતાની શક્તિથી વિવિધ આકારો પણ ધારણ કરી શકે. માટે જ ઈશ્વર સર્વાકાર પણ છે. જગતમાં દેખાતાં બધાં નામરૂપો ઈશ્વરનાં જ છે. આ બધાં નામરૂપે ઈશ્વર રહેલો છે.

આવા ઈશ્વરને જ્ઞાનથી પામવાનું મુશ્કેલ છે. જ્યારે જ્ઞાનથી અહંતા-મમતાનો નાશ ન થઈ શકે, ત્યારે આ આચાર્યોએ અહંતા-મમતાના નાશ માટે કર્મ અને ઉપાસનાનો માર્ગ બતાવ્યો, જે કર્મમાર્ગ કહેવાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કર્મમાર્ગને સમજાવતાં આજ્ઞા કરી કે જગતમાં જન્મેલ કોઈ પણ મનુષ્ય નિષ્ક્રિય રહી શકતો નથી. તેને કોઈ ને કોઈ પ્રકારનાં કાર્યો કરવાં જ પડે છે. તેને જીવવા માટે પણ કાર્યો કરવાં પડે છે. એ કાર્યો જ એના દુઃખ કે સુખનું કારણ બને છે. કાર્યોમાં રહેલી મમતા માણસને દુઃખી કે સુખી કરે છે અને કાર્યનો અહંકાર જ માણસનો વિનાશ કરે છે. માટે શ્રીકૃષ્ણે કહ્યું કે 'હે મનુષ્ય! તારો અધિકાર કર્મ કરવાનો છે. તે તું કરતો રહે, પણ તેમાં અહંતા-મમતા રાખીશ નહિ. અનાસક્ત ભાવે કર્મ કર. તેનું જે ફળ ઈશ્વરને આપવું હશે તે આપશે.' આમ, નિષ્કામ અને અનાસક્ત ભાવથી કર્મ કરવાનો માર્ગ ગીતામાં બતાવવામાં આવ્યો.

માણસ બે પ્રકારનાં કર્મો મુખ્યત્વે કરે છે : (૧) દુન્વયી સુખ મેળવવા અને દુઃખ દૂર કરવાનાં કર્મો, જેમકે આજીવિકા મેળવવી, વિદ્યાભ્યાસ કરવો, ઘરસંસાર ચલાવવો, આનંદ-પ્રમોદ કરવો વગેરે. (૨) પરલોકને સુધારવાનાં કર્મો, જેમ કે મૃત્યુ પછી નરક-યાતના ન ભોગવવી પડે, સ્વર્ગથી માંડીને મોક્ષ સુધીનું સુખ મળે તે માટે પૂજા, વ્રત, જપ, તપ, દાન, તીર્થયાત્રા વગેરે.

ગીતાના મત મુજબ નિષ્કામ ભાવે કર્મ કરવાનાં છે; પરંતુ માણસમાં સકામ ભાવ ભારોભાર રહેલો છે. સ્વાર્થ એનો સ્વભાવ છે. તે ન છૂટે ત્યાં સુધી માણસ કોઈ ને કોઈ ફળની આશા રાખીને પરલોક માટેનાં કર્મો કરતો રહે છે. આમ,

કર્મમાર્ગમાં કર્મ કરવાના બે મુખ્ય પ્રકારો છે : (૧) નિષ્કામ અને (૨) સકામ. કર્મમાર્ગમાં યજ્ઞ અને પૂજાને મુખ્ય કર્મ કહેવામાં આવ્યાં છે. તેને મદદરૂપ કર્મોમાં વ્રત, જપ, દાન, તીર્થયાત્રા જેવાં કર્મો બતાવવામાં આવ્યાં છે. કર્મમાર્ગના સાધક માટે કેટલાક નિયમો જરૂરી ગણાય છે. આવા સાધકે બહારથી અને અંદરથી શરીર-શુદ્ધિ અને ચિત્ત-શુદ્ધિ કરવી પડે છે. જ્યાં સુધી બહારથી અને અંદરથી શુદ્ધિ ન થાય, ત્યાં સુધી તેણે કરેલાં કર્મ ફળ આપતાં નથી. શરીર અને ચિત્તની શુદ્ધિ માટે સ્નાન, જપ, વ્રત મુખ્ય ગણ્યાં છે. તેના પણ ચોક્કસ નિયમો છે. તે નિયમો મુજબ જ તે કર્મો થવાં જોઈએ.

કોઈ પણ કર્મ માટે છ શુદ્ધ તત્ત્વો જરૂરી છે : (૧) કર્મ (૨) કર્તા (૩) કાળ (૪) દ્રવ્ય (૫) મંત્ર (૬) સ્થળ. આ છયે છ તત્ત્વો જો પૂરેપૂરાં શુદ્ધ હોય, તો તે કર્મ સંપૂર્ણ ફળ આપે છે. અન્યથા તે કર્મનું કોઈ ફળ મળતું નથી. શાસ્ત્રો કહે છે કે આ કલિયુગમાં એટલી બધી અપવિત્રતા છે કે આ છયે તત્ત્વો શુદ્ધ સ્વરૂપમાં મળવાં અશક્ય છે. તેથી યજ્ઞ અને પૂજા જેવાં કર્મોનું ફળ કલિયુગમાં મળતું નથી.

કર્મમાર્ગમાં પૂજા માટે ઉપાસનાની જુદી જુદી પદ્ધતિઓ બતાવવામાં આવી છે. જેમ કે રાજોપચાર પદ્ધતિ, ષોડશોપચાર પદ્ધતિ વગેરે. આ પદ્ધતિથી સાધક તેના ઈષ્ટદેવની પૂજા ઘરમાં કે દેવાલયમાં કરી શકે છે; પરંતુ તેને માટે પણ અગાઉ બતાવેલાં છ શુદ્ધ તત્ત્વો જરૂરી છે. આથી આ કર્મમાર્ગ પણ ઘણો કષ્ટસાધ્ય છે. બધા લોકો તેનું આચરણ સરળતાથી કરી શકતા નથી. સામાન્ય લોકો કર્મમાર્ગ દ્વારા લૌકિક દુઃખોની નિવૃત્તિ અને લૌકિક સુખોની પ્રાપ્તિથી સંતોષ માને છે. તેઓ વધુમાં વધુ સ્વર્ગસુખની કામના કરે છે.

પ્ર. ૩ : આ બે સિવાય ધર્મસાધનાની ત્રીજી કોઈ પદ્ધતિ છે?

જ. ૩ : હા, ધર્મસાધનાની ત્રીજી પ્રણાલિકાને ભક્તિમાર્ગ કહેવામાં આવે છે. ભક્તિ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરવાનો માર્ગ તે ભક્તિમાર્ગ. ભક્તિ સાધનાનો માર્ગ નથી, આરાધનાનો માર્ગ છે.

પ્ર. ૪ : ભક્તિમાર્ગ વિષે વિસ્તારથી સમજાવશો? આરાધના એટલે શું?

જ. ૪ : ભક્તિ એટલે ભગવાનની પ્રેમપૂર્વકની સેવા. જે માર્ગ દ્વારા મનુષ્ય ભગવાનને પૂરેપૂરો સમર્પિત બની, તેમની પ્રેમપૂર્વક સેવા કરે, તે ભક્તિમાર્ગ.

સાધના નિયમો મુજબ થાય છે. તેમાં વિધિ મુખ્ય છે. આરાધનામાં પ્રેમ મુખ્ય છે. નિયમો ને વિધિ ગૌણ છે. ભક્તિ પ્રેમનો અર્થાત્ આરાધનાનો માર્ગ છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં શાસ્ત્રોએ કેટલાક વિધિનિષેધો બતાવેલા છે, જે ભક્તિમાર્ગને લાગુ પડતા નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય કે જેમને યજ્ઞોપવીત-સંસ્કાર થાય છે, તેઓ જ જ્ઞાન અને કર્મમાર્ગે ચાલવાના અધિકારી છે. જેમને યજ્ઞોપવીત-સંસ્કારનો અધિકાર નથી, તેવા શૂદ્રો અને સ્ત્રીઓ જ્ઞાનમાર્ગે કે કર્મમાર્ગે ઈશ્વરપ્રાપ્તિની સાધના કરી શકતાં નથી. જ્યારે ભક્તિમાર્ગમાં આવો કોઈ નિયમ નથી. સ્ત્રીઓ, શૂદ્રો તેમજ હિન્દુ સિવાય અન્ય યોનિમાં જન્મેલા મનુષ્યો પણ ભક્તિના માર્ગ ઉપર ચાલીને ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. ભક્તિમાર્ગની આ **પ્રથમ વિશેષતા** છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગની સાધનાના ઘણા કડક નિયમો છે. શાસ્ત્રોએ બતાવેલી સાધનાની ચોક્કસ પદ્ધતિ છે. તેમાં જરાસરખો ફેરફાર થાય, તો તેનું ફળ મળતું નથી અને સાધના નિષ્ફળ જાય છે. ભક્તિમાર્ગમાં આવું નથી. ભક્ત પ્રેમપૂર્વક ભગવાનની સેવા, આરાધના કરે એટલે ભગવાન અવશ્ય તેના ઉપર કૃપા કરે છે. જ્ઞાન અને કર્મમાર્ગમાં દેશ, કાળ, કર્મ, કર્તા, દ્રવ્ય અને મંત્ર તદ્દન શુદ્ધ હોય; તો જ તેનું ફળ મળે છે. ભક્તિમાર્ગમાં આ છયે પદાર્થો કદાચ શુદ્ધ ન હોય, તો પણ ભક્તિમાર્ગનું ફળ મળે છે. ભક્તિમાર્ગની આ **બીજી વિશેષતા** છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગના પાયામાં આચારશુદ્ધિ અને દેહદમનનો ઘણો આગ્રહ છે. ત્યાગ અને વૈરાગ્ય તેનાં મુખ્ય અંગો છે. ભક્તિમાર્ગમાં દેહદમન અને આચારશુદ્ધિને ઓછું મહત્ત્વ છે. ભક્ત તેના કુટુંબ સાથે તેના ઘરમાં રહીને ગૃહસ્થ તરીકેની બધી ફરજો બજાવતાં બજાવતાં ભક્તિ કરી શકે. ભક્તિમાર્ગ સરળ, સુગમ અને સહજ છે. આ ભક્તિમાર્ગનું **ત્રીજું વિશિષ્ટ લક્ષણ** છે.

ભક્ત પોતાના ઈષ્ટની ભક્તિમાં તન્મય અને તત્પર બને છે. તેથી જગતનાં સુખદુઃખ તેને સ્પર્શી શકતાં નથી. તેનું સમગ્ર જગત ભગવાનમાં જ કેન્દ્રિત થાય છે. તેને લીધે જગતમાં તે કોઈ અભાવથી પીડાતો નથી. તેનું મન શાંત, સ્વસ્થ અને સુખી હોય છે. તેને તન-મનનું કોઈ જાતનું કષ્ટ સહેવું પડતું નથી. આ ભક્તિમાર્ગનું **ચોથું વિશિષ્ટ લક્ષણ** છે.

શાસ્ત્રોએ **ભક્તિનાં નવ પગથિયાં** બતાવ્યાં છે : (૧) શ્રવણ (૨) કીર્તન, (૩) સ્મરણ (૪) પાદસેવન (૫) અર્ચન (૬) વંદન (૭) સખ્ય (૮) દાસ્ય (૯) આત્મનિવેદન. ભક્ત ક્રમિક રીતે એક પછી એક પગથિયાં ચઢતાં નવમા પગથિયે પહોંચે, ત્યારે તે આત્મનિવેદન ભક્તિને પામે છે. આત્મનિવેદન બાદ તેને પ્રેમ-લક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે. આજે કલિયુગમાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગની

સાધના લગભગ અશક્ય બની છે, ત્યારે ભક્તિમાર્ગ સુગમ છે. તેથી શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ, શ્રીચૈતન્ય અને શ્રીસહજાનંદ જેવા આચાર્યોએ ભક્તિમાર્ગનો બોધ કર્યો છે. શ્રીશંકર પછી કોઈએ જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગનો બોધ કર્યો નથી. આમ, આજના સમય માટે ભક્તિમાર્ગ ઈશ્વરપ્રાપ્તિની આરાધનાનો સર્વોત્તમ માર્ગ છે.

પ્ર. ૫ : ઈશ્વર એક જ છે; છતાં હિન્દુ ધર્મમાં તેમનાં ઘણાં રૂપો જાણીતાં છે, તો ભક્તિમાર્ગમાં કયા રૂપની ભક્તિ કરવી જોઈએ?

જ. ૫ : ભક્તિનો અર્થ આપણે જોઈ ગયા. ભક્તિ એટલે પ્રેમપૂર્વકની સેવા. તેમાં પ્રેમ મુખ્ય છે. કોઈનામાં આપણને પ્રેમ હોય એટલે સહજ રીતે તેની સેવા કરવાનું આપણને મન થાય. પ્રેમનો સંબંધ સહજ છે. કોઈ કારણોને લઈને પ્રેમ થતો નથી. પ્રેમ કુદરતી છે. તેને કાર્યકારણ સાથે કોઈ સંબંધ નથી. જગતમાં પણ જેના પ્રત્યે આપણને પ્રેમ હોય છે, તે માણસ સારો હોય કે નરસો, એ બહુ મહત્ત્વનું રહેતું નથી. કવિ ભવભૂતિએ આ વાત સમજાવતાં કહ્યું કે સામસામી વ્યક્તિઓના હૃદયની લાગણીઓને જોડનાર પ્રેમ એક એવી શક્તિ છે, જે થવાનાં કારણો આપી શકાતાં નથી. જગતમાં અસંખ્ય માણસો હોવા છતાં, સાચો પ્રેમ એકાદ વ્યક્તિ માટે જ હોય છે.

એવી જ રીતે ઈશ્વર વ્યૂહ, કલા, અંશ વગેરે સ્વરૂપે અનેક રૂપો ધારણ કરે છે. આજ સુધીમાં ઈશ્વરનાં અનેક રૂપો પ્રગટ થયાં છે. ભક્તિના માર્ગે ચાલનાર પોતાના ઇષ્ટ તરીકે ઈશ્વરનું કોઇ પણ એક રૂપ પસંદ કરી શકે. શરત એટલી કે એક વખત તમે તમારા ઈષ્ટ તરીકે એક રૂપને પસંદ કરી લીધું, પછી કાયમ તમારે તેમના જ ભક્ત બનીને રહેવું જોઈએ. આથી જગતમાં કોઈ કૃષ્ણભક્ત છે, તો કોઈ રામભક્ત છે. કોઇ શિવભક્ત છે, તો કોઈ શક્તિની ભક્તિ કરનાર છે. કોઈ હનુમાનની ભક્તિ કરે છે, તો કોઈ ઈશ્વરના અન્ય રૂપને ભજે છે. એક વખત તમે કૃષ્ણભક્તિ સ્વીકારી, તો તમારે જીવનપર્યન્ત કૃષ્ણભક્ત બનીને રહેવું જોઈએ. તમે એકસાથે એકથી વધારે ઈશ્વરરૂપોની ભક્તિ કરી શકતા નથી અને કરવી જોઈએ પણ નહિ. ભક્તિની આ મોટામાં મોટી પહેલી શરત છે.

અંગ્રેજીમાં કહેવત છે કે ગબડતો પથ્થર ધૂળ ભેગી કરી શકતો નથી. એક ઠેકાણે પથ્થર પડ્યો રહે, તો જ તેના ઉપર ધૂળ ભેગી થાય. આપણામાં પણ એક કહેવત છે કે 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો.' એક બીજી કહેવત છે કે 'બાવાનાં બેય બગડ્યાં.' આ બધી કહેવત એક જ નિયમ શીખવે છે કે

પ્રેમમાં તમારે એકને જ વળગી રહેવું જોઈએ. અનન્યતા એ ભક્તિનો આત્મા છે; માટે ભક્તિમાર્ગમાં તમારે તમારા ઈષ્ટરૂપને પસંદ કરવાનું છે. તેમને જ તમારું સર્વસ્વ ગણવાનું છે. ભક્તિના માર્ગે ચાલવાનું શરૂ કર્યા પછી તમારા ઈષ્ટદેવ સિવાય બીજા કોઈ ઈશ્વરરૂપ તરફ તમારે ફાંફાં મારવાં જોઈએ નહિ.

શ્રીવલ્લભાચાર્યજીએ આપણા ઈષ્ટ દેવ તરીકે આપણને શ્રીયશોદોત્સંગ-લાલિત શ્રીકૃષ્ણ આપ્યા છે. માટે પુષ્ટિમાર્ગીય ભક્ત શ્રીયશોદાનંદનને જ પોતાના ઈષ્ટ ગણી તેમની પુષ્ટિભક્તિ કરે છે.

પ્ર. ૬ : જ્ઞાન, કર્મ અને ભક્તિના માર્ગો સિવાય હિન્દુ ધર્મમાં ઉપાસનાના અન્ય કોઈ માર્ગો ખરા?

જ. ૬ : મુખ્ય આ ત્રણ માર્ગો છે. તેના જ પેટાફાંટાઓરૂપે સાધનાની વિવિધ પદ્ધતિઓના માર્ગો જોવા મળે છે. શક્તિની ઉપાસના કરનારા કેટલાક લોકો વામમાર્ગને અનુસરે છે. કેટલાક લોકો ભૂત-પ્રેત આદિની ઉપાસનાના મલિન માર્ગોની સાધના પણ કરે છે. આજના સમયમાં કેટલાક લોકોએ પોતાની બુદ્ધિથી કેટલાક નવા ફાંટા ઊભા કર્યા છે. પરંતુ આગળ કહ્યું તેમ ત્રણ માર્ગ પૈકી આપણા સ્વભાવ, વિચાર અને આપણી શક્તિને અનુકૂળ આવે એવો કોઈ એક માર્ગ આપણે નક્કી કરી લેવો જોઈએ. આપણે વંશપરંપરાથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કુટુંબમાં જન્મેલા અને ઊછરેલા છીએ, માટે પુષ્ટિમાર્ગની પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ આપણને વધારે અનુકૂળ આવે તેવો છે. આપણો પુષ્ટિમાર્ગ 'વૈષ્ણવ સંપ્રદાય' કહેવાય છે. સંપ્રદાય વિષે આપણે આગળ વિચાર કરી ગયા છીએ. વૈષ્ણવ સંપ્રદાયમાં પણ અનેક સંપ્રદાયો છે. તેમાંનો એક પુષ્ટિમાર્ગ છે. વૈષ્ણવ સંપ્રદાય વિષે હવે આપણે વિચાર કરીશું.

●

ગીતામાં શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે - જે તપ કરે છે, તે તપસ્વીથી તપોયોગી મોટો છે. તપોયોગી કરતાં કર્મ કરનાર મોટો છે. કર્મ કરનારથી કર્મયોગી મોટો છે. કર્મયોગીથી જ્ઞાની મોટો છે. જ્ઞાની કરતાં જ્ઞાનયોગી મોટો છે. જ્ઞાનયોગીથી ભક્ત મોટો છે. ભક્ત કરતાં ભક્તયોગી મોટો છે. ભક્તયોગી ભક્ત મને સૌથી વધુ પ્રિય છે.

૪. વૈષ્ણવ સંપ્રદાયોનો ઉદ્‌ભવ અને વિકાસ

પ્ર. ૧ : તમે અગાઉ એમ કહ્યું કે પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાય છે, તો વૈષ્ણવ શબ્દનો અર્થ શો થાય?

જ. ૧ : 'વૈષ્ણવ' શબ્દ વિષ્ણુ ઉપરથી બન્યો છે. વિષ્ણુ શબ્દનો મૂળ અર્થ છે, જે સમગ્ર બ્રહ્માંડમાં સર્વવ્યાપી છે તે. વિષ્ણુ એટલે વ્યાપક. જગતમાં સર્વવ્યાપી પરબ્રહ્મ પરમાત્મા છે, માટે પરમાત્માને વેદમાં વિષ્ણુ કહેવામાં આવ્યા છે. જગતના સમગ્ર સંચાલન માટે પરમાત્માની ઇચ્છાથી પ્રગટ થયેલા ત્રણ મુખ્ય દેવો પૈકીના વિષ્ણુ એક દેવ પણ છે. આમ, 'વિષ્ણુ' શબ્દ પરમાત્મા માટે વપરાય છે, તેમ સૃષ્ટિના પાલક દેવ માટે પણ વપરાય છે. પરબ્રહ્મ પરમાત્મા વિષ્ણુના જે ભક્તો છે, તે વૈષ્ણવ કહેવાય છે.

'વૈષ્ણવ' શબ્દનો આ પરથી એક બીજો અર્થ પણ નીકળે છે. જેઓ એમ માને છે કે આ સમગ્ર જગતની રચના પરમાત્માએ કરી છે અને તેથી જગત પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે, તે વૈષ્ણવ છે. વૈષ્ણવ શબ્દનો ત્રીજો અર્થ એવો પણ કરવામાં આવ્યો છે કે જેઓ જગતના કણકણમાં પરમાત્માનો વાસ છે, એવી શ્રદ્ધા ધરાવે છે અને જગતનાં બધાં નામરૂપો એ પરમાત્માનાં જ છે, એમ સમજે છે તે વૈષ્ણવ છે.

આવા તત્ત્વવિચારને અનુસરનારા જે સંપ્રદાયો છે, તે વૈષ્ણવ સંપ્રદાયો કહેવાય છે. પરબ્રહ્મ પરમાત્માના દશાવતાર શ્રીભાગવતમાં બતાવવામાં આવ્યા છે, તેમાંના મુખ્ય ચાર અવતારો છે : વામન, નૃસિંહ, રામ અને કૃષ્ણ. આ ચાર અવતારો પૈકી કોઈ પણ એક અવતાર-સ્વરૂપને જેઓ પોતાના ઇષ્ટ ગણીને તેમની ભક્તિ કરે છે, તે વૈષ્ણવ કહેવાય છે.

પ્ર. ૨ : પરબ્રહ્મ પરમાત્મા વિષ્ણુની આ પ્રકારે ભક્તિ કરવાની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઈ હશે?

જ. ૨ : ઋગ્વેદમાં પુરુષસૂક્ત છે, તેમજ મહાભારતમાં નારાયણીય ઉપાખ્યાન છે. આ બંને સાહિત્યમાં પરમાત્માના નારાયણ-સ્વરૂપનું નિરૂપણ છે.

વેદકાલમાં યજ્ઞ-યાગને ભારે મહત્ત્વ અપાતું હતું. તેમાં શક્તિ અને સંપત્તિની ઘણી જરૂર રહેતી. તેથી મોટા રાજા-મહારાજા અને શ્રીમંત ગૃહસ્થો જ આવા યજ્ઞ-યાગ કરી શકતા. સામાન્ય પ્રજા યજ્ઞ-યાગ કરી શકતી નહિ. વળી, આ યજ્ઞોમાં જીવતાં પશુઓની આહુતિ અપાતી. તેને લીધે તે યજ્ઞો તરફ જનતાની અરુચિ વધવા લાગી. આ પરિસ્થિતિની પ્રતિક્રિયારૂપે ધર્માચરણની એક નવી વિચારધારા પ્રગટ થઈ. તેમાં વેદોક્ત યજ્ઞપદ્ધતિના પ્રચલિત રૂપમાં પરિવર્તન કરવામાં આવ્યું. આ વિચારધારાના આદિ પ્રચારક નારાયણ ઋષિ હતા, તેથી તેને નારાયણીય ધર્મ તરીકે ઓળખવામાં આવ્યો.

ઋગ્વેદના પુરુષસૂક્તમાં 'પુરુષ'નો અર્થ 'સૌના સ્વામી' એવો છે. તેઓ સમસ્ત વિશ્વના સર્જન અને પ્રલયના કારણરૂપ છે. તેઓ પોતાના ભક્તોની સર્વ કામનાઓ પૂર્ણ કરનાર છે; આટે આ પુરુષ તે જ પરમાત્માનું નારાયણ-સ્વરૂપ. સંસ્કૃતમાં 'જલ'ને 'નાર' કહે છે; અને 'અયન'નો એક અર્થ છે 'સૂઈ જવું'. જે જલ પર સૂઈ જાય તે નારાયણ. ભગવાન નારાયણ ક્ષીરસાગરમાં શેષનાગરૂપી શૈયા ઉપર સદા નિવાસ કરે છે, માટે તેને 'નારાયણ' કહ્યા છે.

એવી કથા છે કે અતિ પ્રાચીન સમયમાં બદ્રિકાશ્રમમાં નર અને નારાયણ નામના ઋષિઓ શ્રીનારાયણ ભગવાનની તપશ્ચર્યા કરતા હતા. તેમણે નારદજીને નારાયણીય ધર્મનો ઉપદેશ આપ્યો. તેમની પ્રેરણાથી નારદજી વૈકુંઠલોકમાં ગયા, જ્યાં તેમને ચુતર્ભુજ સ્વરૂપે ભગવાન વિષ્ણુનાં દિવ્ય દર્શન થયાં. નારદજીએ આ નારાયણીય ધર્મનો પ્રચાર કર્યો.

મહાભારતના શાંતિપર્વમાં પ્રાચીન રાજા ઉપરિચરનું ઉપાખ્યાન છે. તે રાજા નારાયણીય ધર્મનો અનુયાયી હતો. તે યજ્ઞમાં પશુઓને બદલે તલ, જવ વગેરે દ્રવ્યોની આહુતિ આપતો હતો. તેના સમયમાં નારાયણીય ધર્મનો ઘણો પ્રચાર થયો હતો; પરંતુ તેના મૃત્યુ પછી આ ધર્મ લુપ્તપ્રાય થયો હતો.

ત્યારબાદ શ્રીકૃષ્ણે આ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરી. શ્રીકૃષ્ણના સમયમાં એક બાજુ યજ્ઞપ્રધાન કર્મમાર્ગ-પ્રવૃત્તિમાર્ગ અને બીજી બાજુ ચિંતન-પ્રધાન જ્ઞાનમાર્ગ-નિવૃત્તિમાર્ગની બે વિચારધારાઓ સમાન્તરે પ્રચલિત હતા. શ્રીકૃષ્ણે ગીતામાં એ બંનેનો સમન્વય કર્યો અને ભક્તિની મહત્તા સમજાવી. શ્રીકૃષ્ણના અલૌકિક ચરિત્રના અનુભવ દ્વારા તે સમયના તેમના ભક્તોએ શ્રીકૃષ્ણને પોતાના ઇષ્ટ ગણી તેમની ભક્તિ શરૂ કરી. નારાયણીય ધર્મમાં ઉપાસ્ય દેવ નારાયણ નામે ઓળખાતા હતા, જે શ્રીકૃષ્ણના સમયમાં વાસુદેવ નામે ઓળખાવા લાગ્યા. વાસુદેવ શબ્દના

જુદા જુદા અર્થ થાય છે : જે વસુદેવના પુત્ર છે તે વાસુદેવ; અર્થાત્ શ્રીકૃષ્ણ. વાસુદેવ શબ્દનો બીજો અર્થ છે : વસુ એટલે પૃથ્વી, જે પૃથ્વીના સર્જક છે તે વાસુદેવ. વાસુદેવ શબ્દનો એક ત્રીજો અર્થ પણ છે : વાસુદેવ એટલે સર્વવ્યાપક દેવ. તેનો એક ચોથો અર્થ છે : વિશુદ્ધ સત્ત્વગુણ વસુદેવ કહેવાય છે. આવા વિશુદ્ધ સત્ત્વગુણથી જેમની પ્રાપ્તિ થાય તે વાસુદેવ. આમ, પરબ્રહ્મ પરમાત્માનું પ્રારંભમાં વિષ્ણુ નામ પ્રચલિત થયું, પછી નારાયણ નામ પ્રસિદ્ધ થયું, જે હવે વાસુદેવ કહેવાયું. વેદના મતે આ વાસુદેવ-સ્વરૂપ પરમપુરુષ છે. અનાદિ અનંત સર્વશક્તિમાન ષડ્ગુણ સંપન્ન છે. તેઓ જ પરમાત્મા છે. તેઓ જ ભગવાન છે.

શ્રીકૃષ્ણના સમયમાં ભક્તોએ વાસુદેવને પોતાના ઈષ્ટ તરીકે સ્વીકાર્યા. શ્રીકૃષ્ણનું લીલાધામ મથુરામંડલ હતું. ત્યાં રહેતા યાદવોની એક શાખા સાત્વત્ શાખા કહેવાતી. શ્રીકૃષ્ણ આ શાખાના હતા. આ શાખા વાસુદેવની ઉપાસના કરનારી હતી, તેથી તેમના નામ ઉપરથી વાસુદેવની ઉપાસનાની પદ્ધતિ સાત્વત ધર્મ તરીકે ઓળખાવા લાગી.

આ સાત્વત ધર્મને ભાગવત ધર્મ પણ કહેવામાં આવ્યો. ભાગવતમાં ભગવાનનું ચરિત્ર પ્રગટ થયું છે. ભાગવતની દશ લીલાઓ જેમણે કરી, તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ભક્તિને ભાગવત ધર્મ કહેવામાં આવ્યો. આ ભક્તિ કરનાર ભક્તને પણ ભાગવત કહેવામાં આવ્યા.

આ ધર્મનું એક બીજું નામ પણ સમયાંતરે પ્રસિદ્ધ થયું, તે પંચરાત્ર છે. પંચરાત્ર નામ પડવાનાં કેટલાંક કારણો જાણવા મળે છે. નારાયણ ઋષિએ તેમના પાંચ શિષ્યોને પાંચ રાત સુધી પાંચ પ્રકારે આ ધર્મનું જ્ઞાન આપ્યું હતું, તેથી તેનું નામ પંચરાત્ર પડ્યું. 'રાત્ર' શબ્દનો એક અર્થ જ્ઞાન થાય છે. ધર્મનું જ્ઞાન પાંચ પ્રકારે થાય છે એટલે કે તેના મુખ્ય પાંચ વિષયો છે : પરમતત્ત્વ, મુક્તિ, ભુક્તિ, યોગ અને સંસાર; માટે તેમને પંચરાત્ર કહે છે. પંચરાત્રમાં પાંચ વિષયોનો સમાવેશ થાય છેઃ જ્ઞાનકાંડ, સાધના-પદ્ધતિ, વિગ્રહ-વિવેચન, અર્ચન-વિધાન અને આચારકાંડ. આથી પણ તેને પંચરાત્ર કહે છે. નારદમુનિએ આ પંચરાત્ર ગ્રંથની રચના કરી છે. તેને નારદ પંચરાત્ર કહેવામાં આવે છે. શાંડિલ્ય મુનિએ પણ આ સિદ્ધાંતો વિષે શાંડિલ્ય-સંહિતા નામનો ગ્રંથ રચ્યો છે. આ બંને ગ્રંથો પંચરાત્ર ધર્મના મૂળ ગ્રંથો કહેવાય છે.

શ્રીકૃષ્ણના સમયથી જ શ્રીકૃષ્ણની ભક્તિનો સમગ્ર ભારતમાં વિસ્તાર થયો હતો. ત્યારથી માંડીને આજ સુધી ભારતમાં આ વૈષ્ણવ ધર્મ વધુ ને વધુ પ્રચલિત

થતો રહ્યો. કૃષ્ણ-ઉપાસનાની આ ધારા પ્રાચીન વ્રજમંડલમાંથી દ્વારકા, ત્યાંથી સૌરાષ્ટ્ર, વિદિશા, વિદર્ભ, કર્ણાટક વગેરે પ્રદેશોમાંથી આગળ વધતી વધતી દક્ષિણમાં તમિલ પ્રદેશ સુધી પહોંચી હતી. ત્યાં તે ધર્મ વૈષ્ણવધર્મના સ્વરૂપમાં વિકાસ પામ્યો. ત્યાંના આલવાર ભક્તો અને વૈષ્ણવ ધર્માચાર્યોએ તેના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે.

વૈષ્ણવ ધર્મનું મૂળ તત્ત્વ ભક્તિ છે, જે વિક્રમની પાંચમી સદીથી બારમી સદી સુધી દક્ષિણ ભારતમાં પ્રચલિત રહ્યો. ત્યારપછી વૈષ્ણવ ધર્મ દક્ષિણથી ઉત્તર તરફ વિસ્તરવા લાગ્યો અને તેનું મુખ્ય કેન્દ્ર વ્રજમંડલ બન્યું. ભક્તિમાર્ગીય વૈષ્ણવ ધર્મનો પ્રચાર દક્ષિણના ધર્માચાર્યો દ્વારા મુખ્યત્વે ઉત્તર ભારતમાં થયો.

પદ્મપુરાણમાં ભક્તિદેવીએ નારદજીને પોતાના જન્મ અને વિકાસની કથા સંભળાવી છે, તે મુજબ ભક્તિ દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઈ, કર્ણાટકમાં મોટી થઈ; પછી થોડો સમય મહારાષ્ટ્રમાં રહી. ત્યાંથી ગુજરાતમાં જતા તે વૃદ્ધ થઈ ગઈ. આ ભક્તિમાર્ગનો વિસ્તાર અને વિકાસ શ્રીવિષ્ણુ સ્વામી, શ્રીરામાનુજ, શ્રીનિમ્બાર્ક, શ્રીમધ્વ, શ્રીવલ્લભ જેવા દક્ષિણ દેશના આચાર્યો દ્વારા વિશેષ થયો છે. આમ, વૈષ્ણવ સંપ્રદાયનો ઉદ્ભવ અને વિકાસ થયો છે.

પ્ર. ૩ : વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ કરવામાં જુદા જુદા આચાર્યોએ ફાળો આપ્યો છે. તે તે આચાર્યો અને તેમના સંપ્રદાય વિષે માહિતી આપશો?

જ. ૩ : શ્રીશંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતની વિરુદ્ધમાં દક્ષિણના ચાર મુખ્ય ધર્માચાર્યોએ તેમના દાર્શનિક સિદ્ધાંતો રજૂ કર્યા અને તેના આધારે ચાર વૈષ્ણવ સંપ્રદાયો સ્થાપિત થયા. ૧૨મી સદીમાં શ્રીરામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત નામનો દાર્શનિક સિદ્ધાંત રજૂ કર્યો. તેના આધાર ઉપર શ્રી સંપ્રદાય શરૂ થયો. તેમની પૂર્વે શ્રીવિષ્ણુ સ્વામીએ શુદ્ધાદ્વૈત નામનો દાર્શનિક સિદ્ધાંત પ્રગટ કર્યો. તેના આધારે તેમનો રુદ્ર સંપ્રદાય પ્રસિદ્ધ થયો.

૧૩મી સદીમાં શ્રીનિમ્બાર્કાચાર્યે દ્વૈતાદ્વૈત નામનો દાર્શનિક સિદ્ધાંત આપ્યો. તેના આધારે તેમનો સનક સંપ્રદાય પ્રગટ થયો. ૧૪મી સદીમાં શ્રીમધ્વાચાર્યે દ્વૈત સિદ્ધાંત આપ્યો. તેના પર આધારિત તેમનો સંપ્રદાય બ્રહ્મ સંપ્રદાય કહેવાયો. ૧૫મી સદીમાં પ્રગટ થયેલા શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીવિષ્ણુ સ્વામીના શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનું પુનઃસ્થાપન કર્યું; તેથી તેમણે પ્રગટ કરેલો પુષ્ટિ-સંપ્રદાય રુદ્ર-સંપ્રદાયની પરંપરામાં રહ્યો. શ્રીવલ્લભાચાર્યજીએ તેનો વધુ વિકાસ કરી, તેને પુષ્ટિમાર્ગ-નિર્ગુણ ભક્તિમાર્ગ તરીકે વિકસાવ્યો.

આ સર્વ સંપ્રદાયોમાં ભગવાન વિષ્ણુ અને તેમના અવતારોને ઇષ્ટ માનવામાં આવતા હોવાથી, તે બધા વૈષ્ણવ સંપ્રદાય કહેવાય છે. આ બધા સંપ્રદાયોના આચાર્યોને જુદા જુદા દેવોનો અવતાર માનવામાં આવે છે; તેથી તેમને તે તે દેવોના પ્રતિનિધિ ગણવામાં આવે છે. જેમ કે શ્રી રામાનુજ શેષજીના અવતાર છે, તો શ્રી વલ્લભાચાર્યજી ભગવાનના મુખારવિંદ-સ્વરૂપ અલૌકિક અગ્નિના અવતાર છે.

આ સંપ્રદાયોમાં કેટલીક બાબતો સમાન છે, તો કેટલીક બાબતો અલગ અલગ પણ છે. શાંકરમત બ્રહ્મને નિર્ગુણ માને છે. માયાને કારણે બ્રહ્મ સગુણ જણાય છે, એમ તેમનું માનવું છે. વૈષ્ણવ સંપ્રદાયો બ્રહ્મને માયાને કારણે નહિ, પણ મૂળ સ્વરૂપથી જ સગુણ માને છે. શ્રીશંકરાચાર્ય જગતને માયા કહે છે, જ્યારે વૈષ્ણવ સંપ્રદાયો જગતને પણ બ્રહ્મની જેમ સત્ય માને છે. શાંકર મત પ્રમાણે જીવાત્મા સ્વયં બ્રહ્મ છે, જ્યારે વૈષ્ણવ સંપ્રદાયોના મતે જીવાત્મા પ્રભુનો અંશ છે.

આ સર્વ સંપ્રદાયોના દાર્શનિક સિદ્ધાંતોમાં પણ કેટલાક સૂક્ષ્મ તફાવતો છે.

પ્ર. ૪ : શ્રી રામાનુજાચાર્ય અને તેમના શ્રી સંપ્રદાયનો વિશેષ પરિચય કરાવશો?

જ. ૪ : શ્રી રામાનુજાચાર્યનો જન્મ વિ.સં. ૧૦૭૪ માં દક્ષિણ ભારતમાં પેરેમ્બુપુરમાં થયો હતો. બાળપણમાં તેમણે શ્રી યાદવપ્રકાશ નામના ગુરુ પાસે વેદાંતનો અભ્યાસ કર્યો હતો. તેઓ આરંભમાં ગૃહસ્થ હતા, પરંતુ તેમને લાગ્યું કે ગૃહસ્થાશ્રમમાં રહીને તેઓ ધર્મપ્રચારનું મહાન કાર્ય કરી શકશે નહિ; તેથી તેમણે સંન્યાસ ધારણ કર્યો. તેમણે ભારતના મોટા ભાગના પ્રદેશોમાં આલવાર ભક્તોની ભક્તિનો પ્રચાર કર્યો. તેમના ગુરુ શ્રી યામુનાચાર્યે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રતિ-પાદિત કર્યો હતો, તેને વધારે સારી રીતે સમજાવવા તેમણે બ્રહ્મસૂત્રો ઉપર શ્રીભાષ્ય લખ્યું. તે ઉપરાંત, તેમણે ગીતાભાષ્ય, વેદાંતસાર, વેદાંતદીપ નામના ગ્રંથો પણ રચ્યા છે. તેમણે દક્ષિણ ભારતમાં અનેક સ્થળોએ વિષ્ણુ મંદિરો સ્થાપ્યાં. ત્યાં વૈખાનસ-સંહિતા પ્રમાણે ઉપાસના શરૂ કરાવી. તેમનો સંપ્રદાય શ્રીસંપ્રદાય કહેવાયો. શ્રીસંપ્રદાયની મુખ્ય ગાદીઓ આજે દક્ષિણમાં કોટાદ્રિ, તિરુપતિ, શ્રીરંગમ્ અને વિષ્ણુકાંચીમાં છે. તેમનું દેહાવસાન સંવત ૧૧૯૪ માં થયું. તેમની વયમર્યાદા ૧૨૦ વર્ષની હતી.

શ્રીરામાનુજ બ્રહ્મને અદ્વૈત માનતા હોવા છતાં તેને આત્મા અને પ્રકૃતિથી વિશિષ્ટ ગણે છે. તેમના મતે જગત મિથ્યા અને માયાથી જન્મેલ નથી. તેમના

મતે ત્રણ મૂળ તત્ત્વ છે : પ્રકૃતિ, આત્મા અને ઈશ્વર. પ્રકૃતિ જડ પદાર્થ છે, જેને માયા અથવા અવિદ્યા પણ કહે છે. આત્મા ચેતન છે પણ અણુરૂપ છે. ઈશ્વર સર્વનિયંતા અને વિભુ છે. તેમનામાં સત્ય, જ્ઞાન અને આનંદના વિશિષ્ટ ગુણો રહ્યા છે. આ ત્રણ મૂળ તત્ત્વોના સંયોગથી બ્રહ્મનું એકત્વ સિદ્ધ થાય છે. નારાયણ વિષ્ણુ બધાંના સ્વામી એવા પરબ્રહ્મ છે. તેઓ શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી ચતુર્ભુજ છે. શ્રી, ભૂ અને લીલા એમની શક્તિઓ છે. તેમના મતે મોક્ષ એટલે ભગવાનના દાસત્વની પ્રાપ્તિ, જે મેળવવા ભક્તિ એક સાધન છે. જ્ઞાન ભક્તિમાં સહાયક છે. વૈકુંઠમાં શ્રી, ભૂ અને લીલા સાથે નારાયણ વિષ્ણુ બિરાજે છે. જીવ બ્રહ્મનો દાસ છે, માટે ભગવાનની ભક્તિ દાસ્યભાવથી કરવી જોઈએ, એવું તેઓ માને છે. આ સંપ્રદાયના અનુયાયીઓ વિરક્ત અને ગૃહસ્થ બંને પ્રકારના છે.

પ્ર. ૫ : શ્રી વિષ્ણુ સ્વામી અને તેમના સંપ્રદાય વિષે જણાવશો?

જ. ૫ : શ્રી વિષ્ણુ સ્વામી દ્રવિડ પ્રદેશ (કેરાલા)ના રાજાના બ્રાહ્મણ મંત્રીના પુત્ર હતા. તેમના જન્મની ચોક્કસ સાલ જાણી શકાતી નથી; પરંતુ વિદ્વાનોના મતે તેઓ ઈસુની ૧૦મી સદીની આસપાસ પૃથ્વી ઉપર હયાત હતા. તેઓ મહાન શાસ્ત્રજ્ઞ, વિદ્વાન, પરમ તપસ્વી અને ઉત્તમ ભક્ત હતા. તેમણે કઠણ તપશ્ચર્યા દ્વારા ભગવાન વાસુદેવનાં દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તે સ્વરૂપની મૂર્તિ બનાવી તેઓ તેમની ભક્તિ કરતા હતા. તેઓ સતત શ્રીકૃષ્ણના મંત્રનો જપ કરતા હતા. તેમનું આયુષ્ય ઘણું લાંબુ હતું. વૃદ્ધાવસ્થામાં તેમણે સંન્યાસ ધારણ કર્યો હતો.

તેમણે શુદ્ધાદ્વૈત નામનો દાર્શનિક સિદ્ધાંત જગતને આપ્યો હતો, જેનો વિશેષ પ્રચાર શ્રીવલ્લભાચાર્યજીએ કર્યો હતો. એમ કહેવાય છે કે આ સિદ્ધાંત-પરંપરા શ્રીમહાદેવજીએ પ્રગટ કરી; તેથી આ સંપ્રદાય રુદ્ર સંપ્રદાય તરીકે ઓળખાય છે. શ્રીમહાદેવજીએ તેનો પ્રથમ ઉપદેશ વાલખિલ્ય નામના ઋષિને કર્યો. તેમણે તેનો ઉપદેશ તેમના શિષ્યોને આપ્યો. એમ શિષ્ય-પરંપરામાં તે વિષ્ણુ સ્વામીને પ્રાપ્ત થયો. જગતમાં તેનો પ્રચાર કરવા વિષ્ણુ સ્વામીએ પોતાના સંપ્રદાય સ્થાપ્યો હતો. આ સંપ્રદાયમાં ગોપાલકૃષ્ણને સાક્ષાત્ ઈશ્વર માનવામાં આવે છે અને નૃસિંહને તેના મુખ્ય અવતાર ગણવામાં આવે છે. શ્રીવલ્લભાચાર્યજીના સમયમાં વિષ્ણુ સ્વામી સંપ્રદાયના ઘણા શિષ્યો અને અનુયાયીઓ હતા, જેમણે આચાર્ય શ્રીવલ્લભને વિષ્ણુ સ્વામીના રુદ્ર સંપ્રદાયના આચાર્યપદે સ્થાપિત કરી આચાર્યતિલક કર્યું હતું. શ્રીવલ્લભાચાર્યજીએ તે સૌને પોતાના સેવકો પણ કર્યા હતા. શ્રીવલ્લભાચાર્યજીએ પોતાને વિષ્ણુ સ્વામી મતના અનુયાયી કહ્યા છે.

પ્ર. ૬ : વૈષ્ણવ સંપ્રદાયના એક આચાર્ય શ્રી નિમ્બાર્ક થયા, તેમ તમે કહ્યું હતું. તેમનો અને તેમના સંપ્રદાયનો પરિચય આપશો?

જ. ૬ : શ્રી નિમ્બાર્ક વિષે ઐતિહાસિક માહિતી ખાસ મળતી નથી. એમ કહેવાય છે કે તેમનો જન્મ આંધ્રપ્રદેશમાં ગોદાવરી નદીના કિનારે પૈઠણ નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ જગન્નાથ અને માતાનું નામ સરસ્વતી હતું. તેમના સંપ્રદાયમાં તેમને ભગવાનના સુદર્શન ચક્રનો અવતાર માનવામાં આવે છે. તેમનું શરૂઆતનું નામ નિયમાનંદ હતું. તેઓ મથુરા-મંડળમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોવર્ધન ગામમાં રહેતા હતા.

એક વખત એક સંન્યાસી તેમની સાથે ધર્મચર્ચા કરવા તેમના આશ્રમમાં આવ્યા. ધર્મચર્ચામાં સાંજ પડી ગઈ. ત્યારબાદ નિયમાનંદે સંન્યાસીને ભોજન કરવા કહ્યું. સાંજ થઇ ગઈ હોવાથી તેમણે ભોજન કરવાની ના પાડી; તેથી નિયમાનંદને ઘણો ક્ષોભ થયો. તે સમયે એક ચમત્કાર થયો. આશ્રમમાંના એક લીમડાના વૃક્ષ પાછળથી સૂર્યપ્રકાશ જોઈ સંન્યાસીએ ભોજન કર્યું. તેમની અલૌકિક સિદ્ધિ જોઈને તે સંન્યાસીએ તેમને 'નિમ્બાર્ક' કહીને સંબોધ્યા. નિમ એટલે લીમડાનું વૃક્ષ એને અર્ક એટલે સૂર્ય. આજે પણ તે સ્થાન નિમ ગામ તરીકે પ્રસિદ્ધ છે. તેમનો જન્મ ૧૨મી સદીમાં થયાનું મનાય છે. તેમણે વેદાંત-પારિજાતસૌરભ, વેદાંત-કામધેનુ, રહસ્ય-ષોડશી, પ્રપન્નકલ્પવલ્લી અને કૃષ્ણ-સ્તોત્ર જેવા ગ્રંથો લખ્યા છે.

તેમનો સિદ્ધાંત દ્વૈતાદ્વૈત કહેવાય છે. તેમના મતે બ્રહ્મ જીવથી ભિન્ન છે અને અભિન્ન પણ છે. બ્રહ્મ સર્વજ્ઞ, વ્યાપક અને અચ્યુત છે. જીવ અલ્પજ્ઞ અને અણુ છે. આ અર્થમાં બ્રહ્મ જીવથી ભિન્ન છે. જેમ વૃક્ષથી તેનાં પત્તાં અલગ હોવા છતાં વૃક્ષ સાથે જોડાયેલાં છે, તેમ જીવ બ્રહ્મ સાથે જોડાયેલો હોવાથી અભિન્ન છે. જીવ ઈશ્વરને આધીન અને આશ્રિત છે. જગત બ્રહ્મનું પરિણામ હોવાથી જગત સત્ય છે. રાધા અને કૃષ્ણ અલગ નથી, પણ એક જ પરમ તત્ત્વ છે. જે કૃષ્ણ છે તે જ રાધા છે. આ સંપ્રદાયના પરમ આરાધ્ય શ્રીરાધા-કૃષ્ણનું યુગલ સ્વરૂપ છે. તેમના પ્રતીક તરીકે શાલિગ્રામજીનું પૂજન-અર્ચન આ સંપ્રદાયમાં વિશેષ પ્રકારે થાય છે.

આ સંપ્રદાયમાં એવી માન્યતા છે કે ભગવાનના હંસાવતારે સનક વગેરે ઋષિઓને બ્રહ્મજ્ઞાન આપ્યું હતું. જે તેમણે નારદજીને આપ્યું; તેથી આ સંપ્રદાય સનક સંપ્રદાય, હંસ સંપ્રદાય અને દેવર્ષિ સંપ્રદાયના નામે પણ જાણીતો છે; પરંતુ વિશેષ કરીને તે નિમ્બાર્ક સંપ્રદાય કહેવાય છે. તેનો દાર્શનિક સિદ્ધાંત ભેદાભેદવાદને નામે ઓળખાય છે. તેમની મુખ્ય પીઠ વૃંદાવનમાં છે.

પ્ર. ૭ : શ્રી મધ્વાચાર્યજી અને તેમના સંપ્રદાય વિષે કહેશો?

જ. ૭ : શ્રી મધ્વનો જન્મ ૧૩મી સદીમાં કર્ણાટકમાં ઉડુપી જિલ્લાના વેલ્લૈ નામના ગામમાં સંવત ૧૨૯૫ના મહા સુદ સાતમે થયો હતો. તેમના પિતાનું નામ નારાયણ ભક્ત અને માતાનું નામ વેદવતી હતું. તેમનું બાળપણનું નામ વાસુદેવ હતું. તેમણે ૧૧ વર્ષની ઉંમરે સંન્યાસ લીધો હતો. સંન્યાસી તરીકે તેમનું નામ પૂર્ણપ્રજ્ઞ રાખવામાં આવ્યું હતું. પાછળથી તેઓ મધ્વાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા હતા. તેઓએ દ્વૈતવાદનો સિદ્ધાંત આપ્યો. તેમણે ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય રચ્યાં છે. તેમના મુખ્ય ગ્રંથોમાં ગીતાતાત્પર્ય-નિર્ણય, ન્યાય-વિવરણ, તંત્રસારસંગ્રહ, વિષ્ણુતત્ત્વ-નિર્ણય, શ્રીકૃષ્ણામૃત-મહાર્ણવ મુખ્ય છે. તે ઉપરાંત, તેમણે માયાવાદનું ખંડન કરતા માયાવાદ-ખંડન અને પ્રપંચમિથ્યાવાદ-ખંડન નામના ગ્રંથો પણ લખ્યા છે.

તેમના મતે બે તત્ત્વો મુખ્ય છે : એક સ્વતંત્ર છે અને બીજું અસ્વતંત્ર છે. પરમાત્મા, જેમનું વિષ્ણુ નામ પ્રસિદ્ધ છે, તે સ્વતંત્ર તત્ત્વ છે. તેઓ સગુણ અને સવિશેષ છે. જીવાત્મા અસ્વતંત્ર તત્ત્વ છે. આ બંને તત્ત્વો નિત્ય અને અનાદિ છે. તેમનામાં પાંચે પ્રકારના સ્વાભાવિક ભેદ છે. જ્યાં સુધી આ સ્વાભાવિક ભેદ સમજાતા નથી, ત્યાં સુધી મોક્ષ મળતો નથી. તેમના મતે જગત સત્ય છે. તેમના સિદ્ધાંતમાં વિષ્ણુ જ સર્વોપરી તત્ત્વ છે. જીવનું એકમાત્ર કર્તવ્ય વિષ્ણુ ભગવાનની સેવા કરવાનું છે તે જ પરમ પુરુષાર્થ છે. ભગવાનની કૃપાથી જ વૈકુંઠની પ્રાપ્તિ સર્વોચ્ચ તત્ત્વ છે. (૨) જગત સત્ય છે. (૩) બ્રહ્મ અને જીવનો ભેદ વાસ્તવિક છે. (૪) જીવ ઈશ્વરને અધીન છે (૫) જીવોમાં તફાવત છે. (૬) આત્માના આંતરિક સુખનો અનુભવ એ મોક્ષ છે. (૭) શુદ્ધ અને નિર્મળ ભક્તિ જ મોક્ષનું સાધન છે. (૮) પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ ત્રણ પ્રમાણ છે. (૯) વેદો દ્વારા જ શ્રીહરિને જાણી શકાય છે.

એમ કહેવાય છે કે આ સિદ્ધાંતનો સૌ પ્રથમ ઉપદેશ બ્રહ્માજીએ આપ્યો હતો; તેથી આ સંપ્રદાય બ્રહ્મ સંપ્રદાય કહેવાય છે. તેનો સિદ્ધાંત દ્વૈતવાદ કહેવાય છે; કારણ કે તે શ્રી શંકરાચાર્યના અદ્વૈતવાદથી તદ્દન વિરુદ્ધ છે. આ સંપ્રદાયમાં દાર્શનિક સિદ્ધાંત કરતાં ભક્તિતત્ત્વ ઉપર વિશેષ જોર આપવામાં આવ્યું છે. તેથી વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતાંની સાથે શ્રીભાગવતપુરાણને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

મધ્વ સંપ્રદાયનો પ્રચાર મુખ્યત્વે દક્ષિણ ભારતમાં હતો. ઉત્તર ભારતમાં

તેનો પ્રચાર શ્રી માધવેન્દ્રપુરીએ કર્યો. શ્રી માધવેન્દ્રપુરીની શિષ્ય-પરંપરામાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ થયા.

પ્ર. ૮ : શ્રીવલ્લભાચાર્યજી અને તેમના સંપ્રદાય વિશે કહેશો?

જ. ૮ : શ્રીવલ્લભાચાર્યજી અને તેમના સંપ્રદાય વિશે આપણે વિગતે આગળ જોવાના છીએ; એટલે હાલમાં તેમના વિશે વાત કરીશું નહિ, પરંતુ એક બીજા વૈષ્ણવ આચાર્ય થયા, જેમનું નામ શ્રી સહજાનંદ સ્વામી છે. તેમણે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રચાર કર્યો. તેમણે પોતાના દાર્શનિક સિદ્ધાંત તરીકે કોઈ નવો મત બતાવ્યો નથી. તેમણે શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને સ્વીકાર્યો છે; જ્યારે ઉપાસના-પદ્ધતિમાં શ્રીવલ્લભ સંપ્રદાયની કેટલીક પ્રણાલિકાઓ સ્વીકારવામાં આવી છે. તેઓ શ્રીલક્ષ્મી-નારાયણને ઉપાસ્ય ગણે છે. તેમનો સંપ્રદાય નીતિનિયમો, સદ્ગુણો, વ્યસનમુક્તિ વગેરે બાબતો પર વધારે ભાર મૂકે છે. તેમના સંપ્રદાયમાં સ્ત્રી-પુરુષો માટે અલગ મંદિરો, સત્સંગ વગેરેની અલગ વ્યવસ્થા જોવા મળે છે.

આમ, આપણે જુદા જુદા વૈષ્ણવ સંપ્રદાયો વિશે થોડોક પ્રારંભિક પરિચય મેળવ્યો. આપણે શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગના અનુયાયી છીએ, એટલે આપણને શ્રીવલ્લભાચાર્યજી વિશે અને તેમના પુષ્ટિમાર્ગ વિશે વધારે જાણવામાં રસ પડે તે સ્વાભાવિક છે. તેથી હવે આપણે શ્રી વલ્લભાચાર્યજી વિશે વિશેષ જાણકારી મેળવીશું.

●

'વૈષ્ણવ' શબ્દ કોઈ જ્ઞાતિ, જાતિ, વર્ણ, વ્યવસાય-વિષયક નથી. બ્રાહ્મણથી શૂદ્ર અને રાયથી રંક, ભારતીયથી લઈ કોઈ પણ વિદેશી, પુરુષ અને સ્ત્રી - સૌ કોઈ વૈષ્ણવ બની શકે છે. વૈષ્ણવી જીવન જીવી શકે છે.

શ્રીવિષ્ણુ સ્વામીથી પ્રારંભાયેલી વૈષ્ણવતાની સંકલ્પનાનો પૂર્ણ વિકાસ શ્રીવલ્લભાચાર્યજીએ કર્યો.

૫. શ્રીવલ્લભાચાર્યજી

પ્ર. ૧ : શ્રીવલ્લભાચાર્યજીના સમય અને તેમના પૂર્વજો વિશે માહિતી આપશો?

જ. ૧ : શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજો આંધ્ર પ્રદેશમાં વ્યોમસ્તંભ નામના પર્વતની તળેટીમાં કૃષ્ણા નદીના કિનારે આવેલા કાંકરવાડ નામના એક નાનકડા ગામમાં રહેતા હતા. તે પ્રદેશ તેલંગાણા તરીકે પણ ઓળખાય છે. ત્યાંની ભાષા તેલુગુ હોવાથી ત્યાં રહેતા બ્રાહ્મણો તૈલંગ બ્રાહ્મણ કહેવાય છે. તેલુગુ ભાષામાં કાંકરવાડ ગામ 'કાકરપાઢુ' નામે જાણીતું હતું. શ્રીવલ્લભાચાર્યજીના કુળમાં તેમના પૂર્વપુરુષ તરીકે શ્રી ગોવિંદાચાર્ય નામના વિદ્વાન થઈ ગયા. તેઓ વિષ્ણુ સ્વામી સંપ્રદાયના અનુયાયી હતા. તે સંપ્રદાયની ગોપાલ-મંત્રની દીક્ષા તેમણે લીધી હતી. તેઓ શ્રીકૃષ્ણના બાલકૃષ્ણ-સ્વરૂપની ઉપાસના કરતા હતા. તેમનું ગોત્ર ભારદ્વાજ ગોત્ર કહેવાતું. તેમનું કુળ 'વેલ્લનાડુ' અથવા 'વેલનાડ' ના નામે પ્રસિદ્ધ હતું.

તેમના વંશમાં યજ્ઞનારાયણ ભટ્ટ થયા. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેઓ વેદના ઉત્તમ જ્ઞાતા હતા; તેથી લોકો તેમને વેદ ભગવાનનો અવતાર માનતા. તેમણે જ્યારે સૌ પ્રથમ સોમયજ્ઞ કર્યો, ત્યારે યજ્ઞની પૂર્ણાહુતિ વખતે વેદીમાંથી સાક્ષાત્ શ્રીચતુર્ભુજ ભગવાન પ્રગટ થયા હતા. તેમણે શ્રીયજ્ઞનારાયણ ભટ્ટને વરદાન માગવા કહ્યું. ભટ્ટજીએ કહ્યું કે આપની ભક્તિનું ફળ મને આજે આપનાં દર્શનરૂપે પ્રાપ્ત થયું છે. તેનાથી ઉત્તમ કોઈ વસ્તુ જગતમાં હોઈ શકે નહિ. આપનાં દર્શન કર્યા પછી હું કૃતાર્થ થયો છું. હવે મને મોક્ષની પણ કામના નથી. માટે મારે આપની કૃપા સિવાય બીજું કંઈ જોઈતું નથી. ત્યારે ભગવાને આજ્ઞા કરી કે તમારા વંશમાં જ્યારે સો સોમયજ્ઞ પૂરા થશે, ત્યારે હું પોતે પુત્ર સ્વરૂપે તમારા કુળમાં અવતાર ધારણ કરીશ. યજ્ઞનારાયણ ભટ્ટે તેમના જીવનકાળ દરમ્યાન ૩૧ સોમયજ્ઞો કર્યા.

તેમના પુત્રનું નામ ગંગાધર ભટ્ટ હતું. તેઓ પણ શાસ્ત્રોના પરમ વિદ્વાન હતા. તેમણે પણ ગ્રંથો લખ્યા છે. લોકો તેમને શિવજીનો અવતાર માનતા હતા.

તેમણે ૨૭ સોમયજ્ઞો કર્યા. તેમના પુત્ર ગણપતિ ભટ્ટ હતા. તેઓ પણ એટલા જ વિદ્વાન અને ઉત્તમ ગ્રંથોના લેખક તરીકે જાણીતા હતા. તેમને સૌ ગણપતિનો અવતાર કહેતા. તેમણે ૩૨ સોમયજ્ઞો કર્યા. ત્યારબાદ તેમના પુત્ર વલ્લભ ભટ્ટ થયા. તેમણે પાંચ સોમયજ્ઞો કર્યા. વલ્લભ ભટ્ટને બે પુત્રો હતા. મોટાનું નામ લક્ષ્મણ ભટ્ટ અને નાનાનું નામ જનાર્દન ભટ્ટ. લક્ષ્મણ ભટ્ટે પાંચ સોમયજ્ઞ પૂરા કર્યા તે સાથે તેમના વંશમાં સો સોમયજ્ઞ પૂરા થયા. લક્ષ્મણ ભટ્ટને શ્રદ્ધા હતી કે સો સોમયજ્ઞ પૂરા થતાં ભગવાન જરૂર મારે ત્યાં પુત્રરૂપે અવતરશે.

લક્ષ્મણ ભટ્ટનાં લગ્ન તે સમયના દક્ષિણ ભારતમાં આવેલા વિજયનગર રાજ્યના દાનાધ્યક્ષ સુશર્માનાં પુત્રી ઈલમ્માગારુ સાથે થયાં હતાં. તેલુગુ ભાષામાં ‘ગારુ’ શબ્દ માનવાચક છે. સો સોમયજ્ઞ પૂરા થયા પછી ઠીકઠીક વર્ષો વીત્યાં; પણ ભગવાનનું પ્રાગટ્ય થયું નહિ. તેથી લક્ષ્મણ ભટ્ટ નિરાશ થઈ ગયા. તેમણે સંન્યાસ લેવાનો વિચાર કર્યો. તેઓ કોઈને પણ કહ્યા વિના ઘર છોડીને ચાલ્યા ગયા.

તેમના કુલગુરુ પ્રેમાકર મુનિ કેરળ રાજ્યમાં આવેલા જનાર્દન ક્ષેત્રમાં આશ્રમ બાંધીને રહેતા હતા. ત્યાં જઈને તેમની સેવામાં રહી ગયા. પરંતુ ગુરુએ તેમને સંન્યાસની દીક્ષા માટે રાહ જોવાનું કહ્યું. દરમ્યાન લક્ષ્મણ ભટ્ટનાં માતા અને પત્ની તેમને શોધતાં શોધતાં પ્રેમાકર મુનિના આશ્રમે આવ્યાં. ત્યાં લક્ષ્મણ ભટ્ટને જોયા. ગુરુએ લક્ષ્મણ ભટ્ટને ઘેર પાછા જવાની આજ્ઞા કરી. તેમણે એમ પણ કહ્યું કે ભગવાનનું વરદાન કદી નિષ્ફળ જાય નહિ. હવે ટૂંક સમયમાં તેઓ તમારા પુત્રરૂપે પ્રગટ થશે,માટે તમારે સંન્યાસ લેવાની જરૂર નથી.

લક્ષ્મણ ભટ્ટ વતન પાછા આવ્યા. તેમણે સો સોમયજ્ઞ પૂરા થયા, ત્યારે સવાલાખ બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવવાનો સંકલ્પ કર્યો હતો. તે પૂરો કરવા તેમણે પત્ની સાથે કાશી જવાનું નક્કી કર્યું. ઘરની સંભાળ નાના ભાઈને સોંપી તેઓ કાશી જવા નીકળ્યા.

પ્ર. ૨ : શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય ક્યાં, કેવી રીતે અને ક્યારે થયું?

જ. ૨ : લક્ષ્મણ ભટ્ટ કાશી જતાં રસ્તામાં પ્રયાગમાં રોકાયા. ત્યાં તેમને મધ્યપ્રદેશના ચૌડાનગરના દીવાન કૃષ્ણદાસ ચોપડાની મુલાકાત થઈ. કૃષ્ણદાસ ચોપડાને પુત્ર ન હતો. તેઓ લક્ષ્મણ ભટ્ટના શિષ્ય થયા. લક્ષ્મણ ભટ્ટે તેમને પુત્ર માટે આશીર્વાદ આપ્યા. કૃષ્ણદાસ ચોપડાની મદદથી તેમણે પ્રયાગમાં અને પછી કાશીમાં થઈને સવા લાખ બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવવાનો સંકલ્પ પૂરો કર્યો.

ત્યારબાદ તેમણે કાશીમાં જ કાયમી નિવાસ કરવાનું નક્કી કર્યું. દરમ્યાન દિલ્હીના લોદી વંશના મુસલમાન બાદશાહનું લશ્કર કાશી ઉપર આક્રમણ કરવા આવી રહ્યાના સમાચાર આવ્યા. કાશીના લોકો જીવ અને ધર્મ બચાવવા ભાગવા લાગ્યા. તે વખતે લક્ષ્મણ ભટ્ટનાં પત્ની ગર્ભવતી હતાં; પરંતુ બીજો કોઈ વિકલ્પ ન હોવાથી લક્ષ્મણ ભટ્ટ પણ પત્નીને લઈને વતન જવા નીકળ્યા.

રસ્તામાં એક રાત્રિએ પતિ-પત્ની બંનેને સ્વપ્નમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. તેમણે આજ્ઞા કરી કે હવે ટૂંક સમયમાં હું તમારે ત્યાં પુત્ર બનીને આવીશ. તમે એ વખતે મને આ કેસરી વસ્ત્ર ઓઢાડજો. આ તુલસીમાળા મારા કંઠમાં પહેરાવજો અને આ પ્રસાદી તાંબુલ જન્મઘૂંટી તરીકે મારા મુખમાં મૂકજો. સ્વપ્ન અદૃશ્ય થતાં બંને જાગી ગયાં. જુએ છે તો તે બધી દિવ્ય વસ્તુઓ તેમની બાજુમાં છે. બંનેની શ્રદ્ધા અને વિશ્વાસ વધ્યાં. બંને ખૂબ રાજી થયાં.

પ્રવાસમાં આગળ વધતાં, તેઓ મધ્યપ્રદેશમાં આવેલા રાયપુર શહેર નજીક ચંપારણ્ય નામે ગાઢ જંગલમાં પહોંચ્યાં. તે જંગલ અતિ ગીચ હતું. ત્યાં ઘણાં હિંસક પ્રાણીઓ પણ હતાં. અનેક ઋષિમુનિઓ ત્યાં તપશ્ચર્યા કરતા હતા. સામાન્ય માણસો ત્યાં રાતવાસો કરવાની હિંમત કરી શકતા નહિ. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે સૂર્યાસ્ત થયો હતો. આકાશમાંથી અંધારુ પૃથ્વી ઉપર ઊતરી રહ્યું હતું.

તે વખતે ઈલમ્માજીને પ્રસૂતિની સખત પીડા થવા લાગી. ત્યાં મહા નદીની એક શાખા વહેતી હતી. તેના કિનારે શમીવૃક્ષોની વનરાજી હતી. ઈલમ્માજી ત્યાં બેસી પડ્યાં. આગળ જવું મુશ્કેલ હતું. રાત પડી ગઈ. રાતના અંધારામાં તેમણે સાતમા માસે બાળકને જન્મ આપ્યો. તારાઓના આછા અજવાળામાં તેમણે જોયું કે નવજાત બાળક પુત્ર છે, પણ તેના શરીરમાં જરા પણ ચેતન નથી. તે મરેલો જન્મ્યો હોય એવું લાગ્યું. તેમને ઘણું દુ:ખ થયું, પણ બીજો કોઈ ઉપાય ન હતો.

તેમણે પોતાની લાંબી સાડીમાંથી વસ્ત્રનો મોટો ટુકડો ફાડ્યો. તેની અંદર બાળકને લપેટ્યું. આજુબાજુ જમીન પર ખરેલાં પાંદડાં ભેગાં કર્યાં. એક શમી વૃક્ષની બખોલમાં પાંદડાં પાથરી, તેના પર બાળકને સુવાડી ઉપર પાંદડાં ઢાંકી દીધાં. પછી લક્ષ્મણ ભટ્ટ સાથે તેઓ ધીમે ધીમે આગળ જવા નીકળ્યાં. ત્યાં રાતવાસો કરવો હિતાવહ ન હતું. જંગલમાંથી પહોંચતાં એક ગામ આવ્યું. તેમને જાણવા મળ્યું કે તે ગામનું નામ ચૌડાનગર છે. લક્ષ્મણ ભટ્ટને ચૌડાનગરના દીવાન કૃષ્ણદાસ ચોપડા યાદ આવ્યા. શોધતા શોધતા તેમના ઘેર ગયા. ત્યાં તેમનું પ્રેમપૂર્વક સ્વાગત થયું. બંને ત્યાં રાતવાસો કરીને સૂઈ ગયાં.

રાતે સ્વપ્નમાં ફરી ભગવાન શ્રીકૃષ્ણે દર્શન આપી, આજ્ઞા કરી કે 'કાલે રાત્રે હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થયો છું. તમે પાછાં ફરો. મને સાથે લઈને જાઓ.' સ્વપ્ન પુરું થતાં સવાર પડ્યું હતું. તેમણે સ્વપ્નની વાત કૃષ્ણદાસને કરી. સૌ ચંપારણ્ય પાછાં આવ્યાં. ત્યાં પહોંચ્યાં ત્યારે મધ્યાહ્ન થવા આવ્યો હતો.

તેમણે જોયું કે જે વૃક્ષની બખોલમાં બાળકને મૂક્યું હતું, તેની છાયામાં અગ્નિનો એક લાંબો-પહોળો કુંડ બની ગયો હતો. ચારે બાજુ અગ્નિની જ્વાળાઓ લપકારા મારતી હતી. વચમાં રેતી ઉપર એક નવજાત બાળક સૂઈ ગયું હતું. ઈલમ્માજીએ બાળકની નીચે પોતાની સાડીનું વસ્ત્ર જોયું, જેમાં તેમણે ગઈ કાલે તેનું શરીર વીંટાળ્યું હતું. બાળક અતિ સુંદર અને દિવ્ય હતું. તેને જોતાં જ ઈલમ્માજીમાં માતૃત્વ જાગી ઊઠ્યું. તેમના સ્તનમાંથી દૂધની ધારાઓ નીકળવા લાગી. તેમણે લક્ષ્મણ ભટ્ટને કહ્યું કે આ બાળક મારું જ છે. ભટ્ટજીએ કહ્યું : જો એ તમારું હશે તો અગ્નિ તમને જરૂર માર્ગ આપશે. તમે ડર્યા વિના જાઓ. તેઓ દોડ્યાં. અગ્નિ અલોપ થઈ ગયો. તેમણે બાળકને ઊંચકી લીધું. છાતીસરસું લગાડ્યું અને ભટ્ટજીના હાથમાં આપ્યું. આ બાળક તે જ શ્રીવલ્લભાચાર્યજી.

તેમનું પ્રાગટ્ય વિક્રમ સંવત ૧૫૩૫માં ચૈત્ર વદ એકાદશી ને રવિવારે મધ્યાહ્ન સમયે થયું હતું. આજે તે સ્થળે ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનાં સુંદર અને ભવ્ય બેઠકજી બિરાજે છે. મધ્યપ્રદેશમાં આવેલા રાયપુર શહેરથી ત્યાં જવાય છે.

પ્ર. ૩ : શ્રીવલ્લભાચાર્યજીનું નામ વલ્લભ કેમ રાખવામાં આવ્યું?

જ. ૩ : તેઓ તેમના સ્વરૂપ અને ગુણોથી સૌને અતિ વહાલા હતા. સંસ્કૃતમાં 'વલ્લભ' શબ્દનો અર્થ વહાલા અથવા પ્રિય થાય છે; તેથી સૌ તેમને વલ્લભ કહેતા, માટે તેઓ શ્રીવલ્લભ તરીકે પ્રસિદ્ધ થયા. પાછળથી વિજયનગરની ધર્મસભામાં બધા જ ધર્માચાર્યોએ તેમને આચાર્ય-પદવી પ્રદાન કરી. ત્યાર પછી તેઓ શ્રીવલ્લભાચાર્યજી કહેવાયા.

પ્ર. ૪ : શ્રીવલ્લભાચાર્યજીના પ્રારંભિક જીવન વિષે વિગતે કહેશો?

જ. ૪ : શ્રીવલ્લભાચાર્યજીને બાળક-સ્વરૂપે સાથે લઈ માતા-પિતા કાશી આવ્યાં અને ત્યાં સ્થિરવાસ કરીને રહ્યાં. તેમની બાલ્યાવસ્થા અનેક ચમત્કારોથી ભરપૂર છે. તેમના પિતા લક્ષ્મણ ભટ્ટજીએ તેમને આઠ વર્ષની વયે યજ્ઞોપવીત સંસ્કાર કર્યા અને ગોપાલમંત્રની દીક્ષા આપી. બંગાળના વિદ્વાન શ્રી માધવેન્દ્રપુરીની પાઠશાળામાં તેમણે અભ્યાસ શરૂ કર્યો. તેમના બીજા

વિદ્યાગુરુઓમાં વિષ્ણુચિત, તિરુમલ અને નારાયણ દીક્ષિત પણ હતા. તેમણે માત્ર બે વર્ષમાં જ વેદ, વેદાંગ, દર્શન, પુરાણ, કાવ્ય વગેરે બધા વિષયોમાં અભૂતપૂર્વ નિપુણતા મેળવી લીધી હતી. તેમણે ભારતમાં પ્રવર્તમાન જૈન, બૌદ્ધ, શૈવ, શાક્ત વગેરે બધા સંપ્રદાયોના ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો હતો. તેઓ આવી અત્યંત કુશાગ્ર બુદ્ધિના અદ્‌ભુત પ્રતિભાશાળી હતા. તેમની બાલ્યાવસ્થામાં તેમની આવી વિદ્વત્તા જોઈને કાશીના વિદ્વાનો આશ્ચર્યચકિત થતા. તેઓ શ્રીવલ્લભને બાલસરસ્વતી અને વાક્‌પતિ કહીને આદરથી બોલાવતા.

પ્ર. ૫ : તેમના પરિવારમાં તેમનાં ભાઈ-બહેનો વગેરે કોણ-કોણ હતાં?

જ. ૫ : તેમને બે બહેનો અને ત્રણ ભાઈ હતા. મોટા ભાઈનું નામ રામકૃષ્ણ ભટ્ટ હતું. તેઓ સંવત ૧૫૬૮માં શ્રીવલ્લભાચાર્યજીની સાથે બદ્રિનાથની યાત્રાએ પણ ગયા હતા. તેઓ પાછળથી શ્રી માધવેન્દ્રપુરીના શિષ્ય બન્યા હતા અને તેમના મઠના અધિપતિ થયા હતા. સંન્યાસી તરીકે તેમનું નામ કેશવપુરી હતું.

શ્રીવલ્લભના બીજા બે ભાઈ તેમનાથી ઉંમરમાં નાના હતા. તેમાંના એકનું નામ રામચંદ્ર અને બીજાનું નામ વિશ્વનાથ હતું. રામચંદ્ર મોટા વિદ્વાન અને શાસ્ત્રોના જાણકાર હતા. તેમના કુટુંબમાં એક વડીલે તેમને દત્તક લીધા હતા. તેઓ પોતાના પાલક પિતા સાથે અયોધ્યામાં રહેતા હતા. તેમણે શૃંગાર-રોમાવલિશતક, કૃપા-કુતૂહલ, ગોપાલલીલા મહાકાવ્ય અને શૃંગારવેદાંત જેવા ગ્રંથોની રચના પણ કરી હતી. તેમની બે બહેનોનાં નામ સરસ્વતી અને સુભદ્રા હતાં.

પ્ર. ૬ : શ્રીવલ્લભાચાર્યજીનો અભ્યાસ પૂરો થયા પછી તેમણે શું કર્યું?

જ. ૬ : શ્રીવલ્લભનો અભ્યાસ સંવત ૧૫૪૫માં તેમની દશ વર્ષની ઉંમરે પૂરો થયો. પછી તેમને લઈને તેમનાં માતાપિતા તીર્થયાત્રાએ નીકળ્યાં. જગન્નાથપુરી થઈને તેઓ દક્ષિણમાં તિરુપતિ ગયાં. ત્યાં તેમના પિતા લક્ષ્મણ ભટ્ટજી સંવત ૧૫૪૬ના ચૈત્ર વદ નોમના રોજ હરિશરણ થયા. અગિયાર વર્ષની વયે શ્રીવલ્લભ કાશી અને જગન્નાથપુરીના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી, વિજય મેળવી ચૂક્યા હતા. તેઓ પરમ વિદ્વાન તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.

તેમણે પ્રેમલક્ષણા ભક્તિના સિદ્ધાંતના વ્યાપક પ્રચાર માટે ભારતયાત્રા કરવાનો સંકલ્પ કર્યો. માતાને સમજાવી, તેમની આજ્ઞા લઈ, તેઓ પિતાના ચાર શિષ્યોને સાથે લઈ, પહેલી ભારતયાત્રાએ નીકળ્યા. તેમની પહેલી યાત્રા સંવત ૧૫૪૬ ના વૈશાખ વદ બીજથી શરૂ થઈ હતી. આ પહેલાં તેઓ ઉજ્જૈનની યાત્રા

કરી આવ્યા હતા. ત્યાંથી તેઓ મધ્યપ્રદેશમાં આવેલા ઓડછા રાજ્યમાં ગયા હતા. જ્યાં 'ઘટ-સરસ્વતી' નામના એક તાંત્રિક વિદ્વાન સાથે થયેલા શાસ્ત્રાર્થમાં તેને પરાજિત કર્યો હતો. ઓડછાના રાજા રામભદ્રદેવે તેમનો કનકાભિષેક કરી, તેમનું બહુમાન કર્યું હતું. આમ, બાર વર્ષની વયે શ્રીવલ્લભ શ્રેષ્ઠ શાસ્ત્રજ્ઞાતા તરીકે પ્રસિદ્ધ થયા અને તેમનો કનકાભિષેક થયો.

પ્ર. ૭ : શ્રીવલ્લભાચાર્યજીની ત્રણે ભારતયાત્રા વિષે જાણકારી આપશો?

જ. ૭ : શ્રીવલ્લભાચાર્યજીએ ભારતયાત્રા શરૂ કરતાં પહેલાં કેટલાક સંકલ્પો કર્યા હતા; જેમ કે ખુલ્લા ચરણથી ચાલીને જ યાત્રા કરવી. ચરણમાં પાદુકાઓ ન પહેરવી. વાહનનો ઉપયોગ ન કરવો. ગામ બહાર જલાશયના કિનારે વૃક્ષ નીચે મુકામ રાખવો. સ્વયંપાકી રહી જાતે રસોઈ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરીને ભોજન કરવું. વિવિધ સ્થાનોમાં શ્રીભાગવતનું પારાયણ કરવું. સેવક સિવાય અન્ય કોઈ પાસેથી કંઈ પણ સ્વીકારવું નહિ. અન્ય મતાનુયાયીઓ સાથે શાસ્ત્રચર્ચા કરી, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવું. દૈવી જીવોને સેવક કરી પ્રભુનાં ચરણમાં સોંપવા.

તેમણે પ્રથમ યાત્રાની શરૂઆત સંવત ૧૫૪૬ના વૈશાખ વદ બીજથી કરી હતી. યાત્રાની શરૂઆતમાં તેઓ ચંપારણ્ય ગયા હતા. ત્યાં તેમના પ્રાગટ્ય-સ્થાન પર એક મહિનો બિરાજી શ્રીભાગવતનું પ્રથમ પારાયણ કર્યું હતું. ત્યાંથી દક્ષિણમાં તેમના મોસાળ વિજયનગર પધાર્યા હતા, જ્યાં તેમનાં માતા અને ભાઈને રાખ્યાં હતાં. ત્યાંની વિદ્વાનોની સભામાં તેમણે શાસ્ત્રચર્ચા કરી વિદ્વાનોને નિરુત્તર કર્યા હતા. પછી સીધા વ્રજમંડળ તરફ પધાર્યા. સં. ૧૫૪૯ નો ઉનાળો પૂરો થતાં તેઓ વ્રજમાં પહોંચ્યા. ત્યાં તેમણે ચાતુર્માસ કર્યો. શ્રાવણ સુદ ત્રીજના રોજ તેઓ ગોકુળ ગયા. ત્યાં શ્રીયમુનાજીનાં સાક્ષાત્ દર્શન થતાં, શ્રી યમુનાષ્ટક રચી, શ્રીયમુનાજીની સ્તુતિ કરી. ત્યાં ગોવિંદઘાટ ઉપર શ્રીભાગવતનું પારાયણ કર્યું. ત્યાં શ્રાવણ સુદ ૧૧ની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઈ, તેમને બ્રહ્મસંબંધ મંત્રનો ઉપદેશ આપ્યો. શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીઠાકોરજીને સૂતરનું કેશરી પવિત્રું ધરાવી, મિસરીનો ભોગ ધર્યો અને મધુરાષ્ટક ગાઈ સ્તુતિ કરી. બીજા દિવસે દામોદરદાસ હરસાનીને બ્રહ્મસંબંધ મંત્રની સર્વ પ્રથમ દીક્ષા આપી અને પુષ્ટિમાર્ગીય સંપ્રદાયની સ્થાપના કરી. તેમણે મથુરામાં મુસલમાન સૂબા દ્વારા વિશ્રામઘાટે ઊભી કરાયેલી યંત્રબાધા દૂર કરી. તેમની પહેલી યાત્રા સંવત ૧૫૫૩માં પૂરી થઈ, જેમાં સાત વર્ષ લાગ્યાં.

પછી થોડો સમય તેઓ કાશીમાં સ્વગૃહે બિરાજ્યા. બીજી યાત્રાનો પ્રારંભ સંવત ૧૫૫૪ ના જેઠ સુદ બીજ ને રવિવારે થયો. આ યાત્રામાં તેમણે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગીય ભક્તિ-સિદ્ધાંતનો વ્યાપક પ્રચાર કર્યો. સંવત ૧૫૫૬ માં તેઓ વ્રજમાં પધાર્યા. ત્યાં શ્રીગિરિરાજ પર્વત પર પ્રગટ થયેલા શ્રીનાથજીના સ્વરૂપને મંદિરમાં પધરાવી, તેમનો સેવાપ્રકાર શરૂ કર્યો. તે સમયે સદૂ પાંડે, રામદાસ ચૌહાણ, કુંભનદાસ વગેરે ઘણા વ્રજવાસીએ તેમના સેવક થયા. ત્યાંથી ધર્મ-પ્રચાર કરતા તેઓ મહારાષ્ટ્રમાં પધાર્યા. ત્યાંના વિખ્યાત તીર્થધામ પંઢરપુરમાં શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યાં. શ્રીવિઠ્ઠલનાથજીએ તેમને લગ્ન કરવાની આજ્ઞા કરી. ત્યાંથી તેઓ વિજયનગર ગયા. ત્યાંથી માતાને સાથે લઈ તીર્થયાત્રા કરતા કાશી પધાર્યા. તે યાત્રા સંવત ૧૫૫૮માં પૂરી થઈ, જેમાં પાંચ વર્ષ લાગ્યાં.

સં. ૧૫૫૮ના અષાઢ સુદ પાંચમના રોજ કાશીમાં એક સજાતીય બ્રાહ્મણની સુલક્ષણા કન્યા મહાલક્ષ્મી સાથે તેમનાં લગ્ન થયાં. લગ્ન બાદ તેમણે તૃતીય યાત્રાનું આયોજન કર્યું. તે જ વર્ષમાં પોષ માસમાં ત્રીજી યાત્રાએ પધાર્યા. આ યાત્રા અગાઉની બે યાત્રાઓ કરતાં અધિક મહત્ત્વપૂર્ણ હતી. પહેલાં તેઓ ગોવર્ધન ગયા. ત્યાં સંવત ૧૫૫૯ના વૈશાખ સુદ ત્રીજના રોજ અંબાલાના પૂરણમલ ક્ષત્રિય દ્વારા શ્રીનાથજીનું વિશાળ મંદિર બનાવવાનો પ્રારંભ કર્યો. પછી અનેક સ્થાનોમાં ભ્રમણ કરતાં કરતાં સંવત ૧૫૬૩માં કાશી પધાર્યા. ત્યાં **'પત્રાવલંબન'** ગ્રંથ દ્વારા માયાવાદીઓને નિરુત્તર કર્યા. ત્યાંથી ફરી ગોવર્ધન પધાર્યા. પછી ત્યાંથી દક્ષિણની યાત્રાએ પધાર્યા. સં. ૧૫૬૫-૬૬ ના અરસામાં વિજયનગરના રાજા કૃષ્ણદેવરાયની સભામાં શાસ્ત્રાર્થમાં ભાગ લીધો અને વિજયી બન્યા. રાજા કૃષ્ણદેવરાયે તેમનો કનકાભિષેક કર્યો. સૌ આચાર્યોએ તેમને **'આચાર્ય'**ની પદવીથી સન્માન્યા. સંવત ૧૫૬૬માં તેમની ત્રીજી યાત્રા પૂરી થઈ, જેને નવ વર્ષ લાગ્યાં.

આમ, કુલ ત્રણ યાત્રામાં લગભગ એકવીસ વર્ષ થયાં. આ એકવીસ વર્ષ દરમ્યાન આપે સમગ્ર ભારતભરમાં પુષ્ટિભક્તિ સંપ્રદાય પ્રસ્થાપિત કર્યો અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું.

પ્ર. ૮ : શ્રીવલ્લભાચાર્યજીના જીવનના અતિ મહત્ત્વના પ્રસંગો કયા છે?

જ. ૮ : શ્રીવલ્લભાચાર્યજીના જીવનમાં અનેક પ્રસંગો અતિ મહત્ત્વના છે. શાસ્ત્રાર્થની બાબતમાં જોઈએ તો જગન્નાથપુરી, ઓડછા, ઉજ્જૈન, વિજયનગર

અને પાટણ મુકામે થયેલા શાસ્ત્રાર્થો ખૂબ જ જાણીતા છે. જગન્નાથપુરીમાં ત્યાંના રાજાની સભામાં શ્રીજગન્નાથજી દ્વારા ચાર પ્રશ્નોના જવાબ મેળવ્યા હતા, તે શાસ્ત્રાર્થ ખૂબ જ જાણીતા છે. મધ્યપ્રદેશમાં ઓડછા રાજ્યમાં ઘટ સરસ્વતી નામના તાંત્રિક વિદ્વાનને હરાવી કનકાભિષેકનું સન્માન પ્રાપ્ત કર્યું હતું. ઉજ્જૈનમાં એક સાથે સેંકડો માયાવાદીઓ શાસ્ત્રચર્ચા કરવા આવ્યા હતા. સૌએ એક સાથે પ્રશ્નો પૂછવાનો આગ્રહ રાખેલો. ત્યારે શ્રીવલ્લભચાર્યજીએ જેટલા બ્રહ્મણો હતા તેટલાં મુખ ધારણ કરી, એક સાથે સૌને જવાબ આપી, નિરુત્તર કર્યા હતા.

વિજયનગરની રાજ્યસભામાં માયાવાદીઓ સાથે અઠ્ઠાવીસ દિવસ સુધી લાગલાગટ શાસ્ત્રાર્થ કરી, સૌને નિરુત્તર કર્યા હતા. ત્યાં રાજા કૃષ્ણદેવે તેમનો કનકાભિષેક ભારે ધામધૂમથી કર્યો હતો. દક્ષિણમાં પણ અનેક સ્થળોએ વિદ્વાનો સાથે તેમણે શાસ્ત્રાર્થ કર્યો હતો. કાશીમાં શ્રીકાશીવિશ્વનાથ મહાદેવજીના મંદિરના દ્વારે-પત્રાવલંબન ગ્રંથનો પત્ર લગાડી, તેમણે સૌને ચૂપ કરી દીધા હતા. પાટણમાં જૈન મુનિઓ સાથે શાસ્ત્રાર્થ થયો હતો.

આપના જીવનના બીજા મહત્ત્વપૂર્ણ પ્રસંગોમાં આપે મથુરામાં વિશ્રામઘાટ પર મુસલમાન સૂબાએ ઊભી કરેલી યંત્રબાધા દૂર કરાવી હતી. વ્રજમાં કૃષ્ણકુંડ ઉપર બહુલાવનમાં ત્યાંના સૂબાના આગ્રહથી પથ્થરની ગાયને ચેતનવંતી કરી, ઘાસ ખાતી કરી હતી. ગોકુળ, જે કેવળ વન બની ગયું હતું, તેને પુનઃ વસાવ્યું હતું. વ્રજમાં શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીને બહાર પધરાવી, મંદિર બનાવી, તેમની સેવાનો પ્રકાર ચાલુ કર્યો હતો. શ્રીઠાકોરજી પાસેથી ગોકુળમાં બ્રહ્મસંબંધ મંત્રનો ઉપદેશ પ્રાપ્ત કરી, દૈવી જીવોને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા પ્રદાન કરી હતી.

પ્ર. ૯ : શ્રીમહાપ્રભુજીના ગૃહસ્થાશ્રમ વિષે માહિતી આપશો?

જ. ૯ : શ્રીવલ્લભાચાર્યજીએ ૨૩ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. તેમણે જીવન-પર્યન્ત બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવાનું નક્કી કર્યું હતું, પરંતુ પ્રભુની આજ્ઞાથી તેમણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. ત્રણ યાત્રા બાદ પ્રયાગમાં ત્રિવેણી-સંગમ પર શ્રીયમુનાજીના દક્ષિણ કિનારે આવેલા અડેલ નામના ગામમાં તેમણે સ્થિર નિવાસ કર્યો હતો. તેમણે થોડા સમય માટે કાશી નજીક આવેલા ચરણાટ નામના સ્થાનમાં પણ નિવાસ કર્યો હતો. તેમને બે પુત્રરત્ન પ્રાપ્ત થયાં હતાં. મોટા પુત્ર શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૫૬૭ના ભાદરવા વદ ૧૨ ના રોજ અડેલમાં થયું હતું. નાના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૫૭૨ના માગસર વદ

૯ના રોજ ચરણાટમાં થયું હતું. તેમના બંને પુત્રો - શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી પિતાની જેમ વિદ્વાન અને ધર્મનિષ્ઠ હતા.

પ્ર. ૧૦ : શ્રીવલ્લભાચાર્યજીએ અનેક ગ્રંથો લખ્યા છે, તે વિષે માહિતી આપશો?

જ. ૧૦ : શ્રીવલ્લભાચાર્યજી તેમના બાવન વર્ષના જીવનકાળ દરમ્યાન લગભગ અડધો સમય પર્યટન અને પ્રચારમાં વ્યસ્ત હતા; છતાં તેમણે નાનામોટા અનેક ગ્રંથો લખ્યા છે, જે તેમના ગંભીર અભ્યાસ અને પ્રકાંડ પાંડિત્યનો પરિચય કરાવે છે. તેમના ગ્રંથલેખન-કાર્યમાં કાશ્મીરી પંડિત માધવ ભટ્ટનો તેમને ઘણો સહયોગ મળ્યો હતો. માધવ ભટ્ટ તેમના સેવક હતા. ફુરસદના સમયમાં શ્રીવલ્લભાચાર્યજી બોલીને માધવ ભટ્ટ પાસે ગ્રંથ લખાવતા હતા. માધવ ભટ્ટનો અનાયાસ ગોલોકવાસ થતાં ગ્રંથલેખન કાર્ય ધીમું પડી ગયું.

તેમના ગ્રંથોની ચોક્કસ સંખ્યા કહેવી અઘરી છે; પરંતુ તેમણે ચોર્યાસી ગ્રંથો લખ્યાનું કહેવાય છે. તેમના કેટલાક ગ્રંથો વિષે આજે કોઈ માહિતી મળતી નથી, કારણ કે તેમના પછી તે ગ્રંથો આઘાપાછા થઈ ગયા હોવાનો સંભવ છે. હાલ તેમના નાના-મોટા ૩૫ જેટલા ગ્રંથો મળે છે, જે નીચે પ્રમાણે છે :

(૧) બ્રહ્મસૂત્ર પર અણુભાષ્ય (૨) ભાગવતની સુબોધિની ટીકા (૩) તત્ત્વદીપ નિબંધ (૪) પૂર્વમીમાંસા-ભાષ્ય (૫) ગાયત્રીભાષ્ય (૬) પત્રાવલંબન (૭) પુરુષોત્તમ-સહસ્ત્રનામ (૮) દશમસ્કંધ અનુક્રમણિકા (૯) ત્રિવિધ નામાવલિ (૧૦) શિક્ષાશ્લોકા: (૧૧) યમુનાષ્ટક (૧૨) બાલબોધ (૧૩) સિદ્ધાંત-મુક્તાવલિ (૧૪) પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (૧૫) સિદ્ધાંત-રહસ્ય (૧૬) નવરત્ન (૧૭) અંત:કરણ-પ્રબોધ (૧૮) વિવેકધૈર્યાશ્રય (૧૯) કૃષ્ણાશ્રય (૨૦) ચતુ:શ્લોકી (૨૧) ભક્તિવર્ધિની (૨૨) જલભેદ (૨૩) પંચપદ્યાનિ (૨૪) સંન્યાસ-નિર્ણય (૨૫) નિરોધ-લક્ષણ (૨૬) સેવાફલ (૨૭) સેવાફલ-વિવરણ (૨૮) ભગવત્-પીઠિકા (૨૯) ન્યાસાદેશ (૩૦) પ્રેમામૃત (૩૧) મધુરાષ્ટક (૩૨) પરિવૃઢાષ્ટકમ્ (૩૩) નંદ-કુમારાષ્ટક (૩૪) કૃષ્ણાષ્ટક (૩૫) ગોપીજન વલ્લભાષ્ટક.

આ પૈકીના 'યમુનાષ્ટક'થી લઈને 'સેવાફલ' સુધીના સોળ ગ્રંથો 'ષોડશ ગ્રંથ'ના નામે પ્રસિદ્ધ છે. શ્રીવલ્લભાચાર્યજીની સૌ પ્રથમ રચના ૧૪ વર્ષની વયે ગોકુળમાં થયેલ શ્રીયમુનાષ્ટક છે અને છેલ્લી રચના આસુરવ્યામોહ-લીલા પૂર્વે કાશીમાં થયેલ શિક્ષાશ્લોકા: છે. તેમના બધા ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે.

પ્ર. ૧૧ : શ્રીવલ્લભાચાર્યજીની કુલ કેટલી બેઠકો છે અને તે ક્યાં ક્યાં આવેલી છે?

જ. ૧૧ : શ્રીવલ્લભાચાર્યજીની કુલ ૮૪ બેઠકો છે. તે સમસ્ત દેશમાં આવેલી છે. જે પૈકી ૨૪ બેઠકો વ્રજમંડળમાં છે. ૨૨ જેટલી બેઠકો ગુજરાતમાં છે, બાકીની રામેશ્વરથી બદ્રિનાથ અને જગન્નાથપુરીથી દ્વારકા સુધી સમસ્ત ભારતમાં છે. તેમાંથી કેટલીક બેઠકો આજે પ્રગટ નથી. આ સ્થળોએ શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીભાગવત, ગીતા, વેદ અથવા વાલ્મીકિ રામાયણનું પારાયણ કરેલું છે. ત્યાં જે જે અલૌકિક પ્રસંગો બન્યા, તેની વિગતો 'બેઠક ચરિત્ર' નામના પુસ્તકમાં આપવામાં આવેલી છે.

પ્ર. ૧૨ : શ્રીવલ્લભાચાર્યજીના જીવનની માહિતી આપતાં પ્રાચીન પુસ્તકો ક્યાં ક્યાં છે?

જ. ૧૨ : શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજીએ નિજવાર્તા, ઘરુવાર્તા અને બેઠકચરિત્ર નામના ત્રણ ગ્રંથો વ્રજભાષામાં લખ્યા છે. તેમજ ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓનું વ્રજભાષામાં પુસ્તક છે. તેમાંથી શ્રીવલ્લભાચાર્યજી વિષે ઘણી માહિતી મળે છે. તદુપરાંત, તેમના બીજા પૌત્ર શ્રી યદુનાથજીએ સંસ્કૃતમાં 'શ્રીવલ્લભ દિગ્વિજય' નામનો ગ્રંથ લખ્યો છે, તેમાં તેમણે ખૂબ જ વિગતવાર શ્રીવલ્લભાચાર્યજીનું ચરિત્ર આપ્યું છે. આ ઉપરાંત, શ્રી મુરલીધરદાસ-રચિત 'શ્રીવલ્લભાચાર્ય ચરિતમ્', શ્રી કલ્યાણ ભટ્ટ-રચિત 'કલ્લોલ', પંડિત ગદાધરદાસ રચિત 'સંપ્રદાય-પ્રદીપ' જેવા સંસ્કૃત ગ્રંથો અને સંપ્રદાય-કલ્પદ્રુમ નામના ગ્રંથમાં પણ શ્રીવલ્લભાચાર્યજી વિષે ઘણું કહેવાયું છે. આ બધા પ્રાચીન ગ્રંથો છે.

પ્ર. ૧૩ : શ્રીવલ્લભાચાર્યજીનું એક પ્રાચીન ચિત્ર કિશનગઢમાં છે, તે વિષે વિગત આપશો?

જ. ૧૩ : શ્રીવલ્લભાચાર્યજીનું સૌથી પ્રાચીન ચિત્ર રાજસ્થાનમાં અજમેર પાસે આવેલા કિશનગઢના રાજમહેલના મંદિરમાં બિરાજે છે. તે વિષે એમ કહેવાય છે કે દિલ્હીના સુલતાન સિકંદર લોદીએ શ્રીઆચાર્યજીથી પ્રભાવિત થઈને તેમના શાહી ચિત્રકાર હોનહાર પાસે તે બનાવડાવ્યું હતું. તે ચિત્ર મોગલ બાદશાહોના સમય સુધી ચિત્રશાળામાં સંગ્રહાયું હતું. કિશનગઢના રાજા રૂપસિંહે શાહજહાં પાસેથી તે પ્રાપ્ત કર્યું હતું, ત્યારથી તે ત્યાં બિરાજે છે.

પ્ર. ૧૪ : શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં કેવી રીતે પાછા પધાર્યા?

જ. ૧૪ : શ્રીમહાપ્રભુજી ૫૨ વર્ષના થયા, ત્યાં સુધીમાં ત્રણ જુદાં જુદાં સ્થળે ભગવાને તેમને નિત્યલીલામાં પાછા પધારવાની આજ્ઞા કરી હતી. જે પૈકી પહેલી આજ્ઞા મધુવનમાં થઈ. બીજી આજ્ઞા ગંગાસાગર સંગમ પર થઈ અને ત્રીજી આજ્ઞા કાશીમાં થઈ. સંવત ૧૫૮૭ના વૈશાખ સુદ દશમે અડેલથી આપ પ્રયાગ આવ્યા. ત્યાં તેમણે ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કર્યો. પૂર્ણાનંદ નામ ધારણ કર્યું. ત્યાંથી કાશી પધાર્યા. ત્યાં ૪૦ દિવસ સુધી અન્નજળનો ત્યાગ કરી, પ્રભુના વિપ્રયોગમાં બિરાજ્યા. સંવત ૧૫૮૭ના અષાઢ સુદ બીજના રોજ મધ્યાહ્ન સમયે કાશીમાં હનુમાનઘાટ પર ગંગાજીની મધ્યધારામાં આપે પ્રવેશ કર્યો. તે સમયે આકાશમાંથી એક તેજપુંજ નીચે ઊતરી આવ્યો અને તે દ્વારા આપ નિત્યલીલામાં સદેહે પધાર્યા. આપ પૃથ્વી ઉપર કુલ બાવન વર્ષ, બે માસ અને સાત દિવસ બિરાજ્યા.

પ્ર. ૧૫ : શ્રીવલ્લભાચાર્યજીને શ્રીમહાપ્રભુજી કેમ કહેવામાં આવે છે?

જ. ૧૫ : હિન્દુ ધર્મમાં ગુરુનું સ્થાન અને મહિમા અનન્ય છે. ગુરુને ગોવિંદ કરતાં પણ મોટા માનવામાં આવે છે, કારણ કે ગુરુની કૃપા વિના નથી જ્ઞાન મળતું કે નથી ગોવિંદ મળતા. શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને સંપૂર્ણ વશ છે; તેથી સેવકોને મન શ્રીવલ્લભ પ્રભુના પણ પ્રભુ છે. શ્રીવલ્લભની કૃપા વિના શ્રીઠાકોરજી મળે નહિ, માટે આપના સેવકો આપને પ્રભુનાયે પ્રભુ એટલે મહાપ્રભુ કહે છે.

●

ક્યાંક ક્યાંક પાંડિત્ય છે; પરંતુ જ્યાં પાંડિત્ય છે, ત્યાં બધે વેદની સાચી જાણકારી નથી. ક્યાંક પાંડિત્ય સાથે વેદનું જ્ઞાન છે, તો તે મુજબનો આચાર નથી. ક્યાંક વૈદિક ધર્મનું આચરણ છે, પણ ભક્તિમાર્ગની જાણકારી નથી. ક્યાંક આ બધા સાથે ભક્તિ પણ છે, છતાં શ્રી વ્રજપતિ કૃષ્ણમાં પ્રેમ નથી. આ સર્વ ગુણો એકમાત્ર શ્રીવલ્લભમાં જ છે. અન્યત્ર આ સર્વ ગુણો એકસાથે જોવામાં આવતા નથી.

૬. શ્રીવલ્લભાચાર્યજીના પ્રતાપી વંશજો

પ્ર. ૧ : શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠકુમાર શ્રીગોપીનાથજીનો પરિચય કરાવશો?

જ. ૧ : શ્રીગોપીનાથજી શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૫૬૮ના ભાદરવા વદ ૧૨ ના રોજ અડેલમાં થયું હતું. શ્રીમહાપ્રભુજીના નિરીક્ષણમાં તેમનો વિદ્યાભ્યાસ થયો હતો. શ્રીમહાપ્રભુજીની વિદ્વત્તા અને અનન્ય ભક્તિનો તેમના ઉપર ઘણો પ્રભાવ હતો. શ્રીમહાપ્રભુજી દરરોજ શ્રીભાગવતનું પારાયણ કરતા. તે જોઈને શ્રી ગોપીનાથજીએ પણ બાલ્યાવસ્થામાં શ્રીભાગવતનું પારાયણ કર્યા પછી ભોજન કરવાનો નિયમ લીધો હતો. તેના પરિણામે ક્યારેક ભોજન વિના ત્રણ-ચાર દિવસો નીકળી જતા. આથી તેમનાં માતાને ઘણો ખેદ થતો. આ જોઈને શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના સારરૂપ 'શ્રીપુરુષોત્તમ સહસ્રનામ' ગ્રંથની રચના કરી. શ્રી ગોપીનાથજીને તે ગ્રંથ આપીને આજ્ઞા કરી કે તમે દરરોજ આ ગ્રંથનો પાઠ કરજો, તેથી તમને ભાગવતના પાઠનું ફળ મળશે.

શ્રીમહાપ્રભુજી સંવત ૧૫૮૭માં કાશીમાં તિરોધાન થયા, ત્યારે શ્રીગોપીનાથજીની ઉંમર ૧૯ વર્ષની હતી. શ્રીમહાપ્રભુજી પછી શ્રી ગોપીનાથજીને યુવાન વયે પુષ્ટિ-સંપ્રદાયનું આચાર્યપદ પ્રાપ્ત થયું હતું. તેમનાં વહુજીનું નામ પાયમ્માજી હતું. તેમને શ્રી પુરુષોત્તમજી નામે એક પુત્ર હતા, જેમનું પ્રાગટ્ય સં. ૧૫૮૭માં થયું હતું. તેઓ શાંત અને ગંભીર પ્રકૃતિના વિદ્વાન હતા. તેમની રુચિ ગ્રંથોના અભ્યાસમાં અને તીર્થયાત્રામાં વિશેષ હતી. તેઓ વારંવાર જગન્નાથપુરી અને દ્વારકાની યાત્રાએ પધારતા.

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવા બંગાળી વૈષ્ણવોને સોંપી હતી અને મંદિરનો અધિકાર કૃષ્ણદાસજીને સોંપ્યો હતો. બંગાળી વૈષ્ણવો યોગ્ય રીતે સેવા ન કરતા હોઈ, તેમના દૂર કરવા ગોપીનાથજી પોતાના નાનાભાઈ શ્રીવિઠ્ઠલનાથજી સાથે સંવત ૧૫૮૯માં જતિપુરા પધાર્યા હતા. ત્યાં તેમણે કૃષ્ણદાસની ફરિયાદમાં તથ્ય જોયું, તેથી યુક્તિપૂર્વક બંગાળીઓને દૂર કરવા કૃષ્ણદાસને આજ્ઞા આપી.

સંવત ૧૫૯૫માં શ્રી ગોપીનાથજી જગન્નાથપુરીની યાત્રાએ ગયા. યાત્રા દરમ્યાન તેમને જે વિત્તજા સેવા ચરણભેટમાં પ્રાપ્ત થઈ, તે રૂપિયા એક લાખ જેટલી હતી. તેમાંથી સોના-ચાંદીનાં વાસણ અને સેવા-સંબંધી જરૂરી સાધન-સામગ્રી વસાવી, શ્રીનાથજીને તે બધું અર્પણ કરી દીધું. ત્યારથી શ્રીનાથજીનો વૈભવ વધવા લાગ્યો.

શ્રીગોપીનાથજીએ તેમના પિતાની જેમ ગ્રંથોની રચના અવશ્ય કરી છે. કેટલાકના મંતવ્ય પ્રમાણે 'સૌંદર્યપદ્ય' તેમની રચના છે. તદુપરાંત, સેવાવિધિ, નામનિરૂપણસંજ્ઞા, વલ્લભાષ્ટક અને સાધનદીપિકા જેવા ગ્રંથો તેમણે રચ્યા હોવાનું મનાય છે, જેમાંથી આજે કેવળ સાધનદીપિકા ગ્રંથ પ્રાપ્ય છે. તેમાં ભક્તિની સાધનાનું સ્વરૂપ સેવાવિધિ બતાવવામાં આવી છે.

શ્રી ગોપીનાથજી ભૂતળ ઉપર અધિક સમય બિરાજ્યા નથી. ભૂતળત્યાગ કરવાના તેમના વર્ષ માટે જુદા જુદા મત પ્રવર્તે છે. કેટલાકના મતે સંવત ૧૬૧૦, તો કેટલાકના મતે સંવત ૧૬૨૦ છે. પરંતુ બધી રીતે વિચાર કરતાં તેઓ સંવત ૧૫૯૯માં જગન્નાથપુરીમાં જ નિત્યલીલામાં પધાર્યા હતા. તેઓ ૫૧ વર્ષ ભૂતળ પર બિરાજ્યા. એમ કહેવાય છે કે તેઓ સદેહે શ્રીજગન્નાથજીના સ્વરૂપમાં અંતર્ધાન થઈ ગયા હતા.

પ્ર. ૨ : શ્રીગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજી વિષે કહેશો?

જ. ૨ : શ્રી પુરુષોત્તમજીનું પ્રાગટ્ય સંવત ૧૫૮૭માં થયું હતું. શ્રી ગોપીનાથજીના નિત્યલીલાપ્રવેશ પછી શ્રીગોપીનાથજીના નાનાભાઈ શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રી પુરુષોત્તમજીને પુષ્ટિ-સંપ્રદાયના આચાર્યપદનું તિલક કર્યું હતું. તેઓ પુષ્ટિ-સંપ્રદાયના ત્રીજા આચાર્ય હતા. તેમના વિષે વિશેષ માહિતી મળતી નથી. તેઓ બહુ નાની વયમાં સં. ૧૬૦૬માં ૧૯ વર્ષની વયે નિત્યલીલામાં પ્રાપ્ત થયા હતા. શ્રીગોપીનાથજી ભૂતલ પર ૫૧ વર્ષ બિરાજ્યા, જ્યારે શ્રીપુરુષોત્તમજી ભૂતલ પર કેવળ ૧૯ વર્ષ બિરાજ્યા છે. શ્રીપુરુષોત્તમજીના લીલાપ્રવેશ બાદ શ્રી ગોપીનાથજીનાં વહુજી શ્રીપાયમ્માજીને કૌટુંબિક વિવાદ થતાં, તેઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીગોપીનાથજીના ઘણા ગ્રંથો વગેરે સાથે લઈ, દક્ષિણમાં તેમના પિયર ચાલ્યાં ગયાં હોવાનું કહેવાય છે. આથી આપણું ઘણું ગ્રંથસાહિત્ય લુપ્ત થઈ ગયું.

પ્ર. ૩ : શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી વિષે માહિતી આપશો?

જ. ૩ : શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર અને શ્રી ગોપીનાથજીના નાનાભાઈ હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૫૭૨ના માગશર વદ

નોમ ને શુક્રવારે કાશી પાસે આવેલા ચરણાટ નામના સ્થાનમાં થયું હતું. તેમના પ્રાગટ્ય સમયે એક સંન્યાસી મહાત્મા શ્રીવિઠ્ઠલનાથજી ઠાકોરજીનું સ્વરૂપ લઈને શ્રીમહાપ્રભુજી પાસે આવેલા અને તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને સોંપી, હિમાલય તરફ ચાલ્યા ગયેલા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ એમ આજ્ઞા કરેલી કે આજે ભગવાન અને ભક્ત બંને એક સાથે મારે ત્યાં પધાર્યા છે. આથી તેમણે પુત્રનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખ્યું. શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાગટ્ય પછી શ્રીમહાપ્રભુજી ફરી અડેલ પધાર્યા અને ત્યાં બિરાજ્યા. શ્રીવિઠ્ઠલનાથજીનો વિદ્યાભ્યાસ મોટા ભાગે કાશીમાં થયો. તેઓ બાળપણથી ઘણા બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી હતા. ૧૫ વર્ષની વયે તેમણે વેદ, વેદાંત, છ દર્શન, પુરાણો અને ધર્મશાસ્ત્રોનો પૂરો અભ્યાસ કરી લીધો હતો, તેમ જ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો હતો. તેમની ૧૫ વર્ષની વયે શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા હતા. આથી સંપ્રદાયના પ્રચાર-પ્રસાર અને સુરક્ષાની જવાબદારી તેમના માથે યુવાવસ્થામાં જ આવી હતી.

શ્રીવિઠ્ઠલનાથજીએ અડેલ છોડી વ્રજમાં, પહેલાં મથુરા અને પછી ગોકુલમાં, સ્થાયી નિવાસ કર્યો હતો. અડેલ બાજુ મોગલ લશ્કરના હુમલા થવાથી તેમણે તે સ્થાન છોડ્યું હતું. તેઓ સંવત ૧૬૨૩માં સપરિવાર મથુરા પધાર્યા. ત્યાં મધ્ય પ્રદેશમાં આવેલા ગઢા રાજ્યનાં રાણી દુર્ગાવતી દ્વારા તૈયાર થયેલ એક મોટા મકાનમાં આપે નિવાસ કર્યો હતો, જે સતઘરા તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં મુકામ કર્યા પછી શ્રીવિઠ્ઠલનાથજી સંવત ૧૬૨૩માં ગુજરાતની યાત્રાએ પધાર્યા હતા. તે સમયમાં શ્રીનાથજીની ઇચ્છાથી શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજી શ્રીનાથજીના સ્વરૂપને સતઘરામાં પધરાવી લાવ્યા હતા, જ્યાં શ્રીનાથજી બે માસ અને બાવીસ દિવસ બિરાજ્યા હતા.

શ્રીવિઠ્ઠલનાથજીને મોગલ બાદશાહ અકબર સાથે ઘણા સારા સંબંધો રહ્યા હતા. તેને લીધે મોગલ બાદશાહ અકબરે શ્રીવિઠ્ઠલનાથજીને 'ગોસ્વામી'ની પદવી પ્રદાન કરી, તેથી તેઓ 'શ્રીગુસાંઈજી' તરીકે પ્રસિદ્ધ થયા. અકબરે તેમને અનેક પરવાના પણ આપ્યા હતા. સંવત ૧૬૨૭માં તેમણે ગોકુળમાં કાયમી નિવાસ કરવાનું નક્કી કર્યું. તેમણે નિર્જન બનેલું ગોકુળ ફરી વસાવ્યું.

શ્રીગુસાંઈજીના પ્રથમ લગ્ન શ્રીરુક્મિણી વહુજી સાથે થયાં હતાં. તેમનાથી તેમને છ પુત્રો અને ચાર બેટીજી થયાં હતાં. તેમનાં નામ નીચે પ્રમાણે છે : (૧) શ્રી ગિરિધરજી (૨) શ્રી ગોવિંદરાયજી (૩) શ્રી બાલકૃષ્ણજી (૪) શ્રી

ગોકુલનાથજી (૫) શ્રી રઘુનાથજી અને (૬) શ્રી યદુનાથજી. શોભા, યમુના, કમલા અને દેવકા નામના ચાર બેટીજી હતાં. તેમનાં પ્રથમ પત્ની શ્રીરુક્મિણી વહુજીના લીલાપ્રવેશ બાદ ગઢાનાં રાણી દુર્ગાવતીની વિનંતીથી અને પુત્રોના આગ્રહથી તેમણે શ્રી પદ્માવતી વહુજી સાથે બીજાં લગ્ન કર્યાં હતાં. તેમનાથી તેમને શ્રી ઘનશ્યામજી નામના પુત્ર પ્રાપ્ત થયા હતા.

શ્રીગુસાંઈજીએ તેમના પિતાની જેમ ઘણી યાત્રાઓ કરી હતી. જેમાં જગન્નાથપુરીથી દ્વારકા સુધીની યાત્રાઓ વિશેષ હતી. તેમણે છ વખત દ્વારકાની યાત્રા કરી હતા. તેમણે મોટા ભાગની યાત્રાઓ ઘોડેસવાર થઈને કરી હતી. તે જમાનામાં યાત્રામાં બળદગાડાં અને રથ અથવા ઘોડાનો વધારે ઉપયોગ થતો હતો. તેમણે સં. ૧૬૦૦ થી ૧૬૩૮ સુધીમાં ગુજરાત-સૌરાષ્ટ્રની છ યાત્રાઓ કરી. તદુપરાંત સં. ૧૬૧૦માં મધ્યપ્રદેશ અને સં. ૧૬૧૪ માં ગૌડ પ્રદેશની યાત્રા કરી હતા. સં. ૧૬૧૬માં જગન્નાથપુરી પધાર્યા હતા. સં. ૧૬૩૪ માં ફરી ગૌડ પ્રદેશની યાત્રા કરી હતી. તેમણે સં. ૧૬૦૦ થી ૧૬૨૮ સુધીમાં અનેક વખત વ્રજયાત્રાઓ પણ કરી હતી.

તેમણે પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલિકાનો ઘણો વિસ્તાર કર્યો હતો. સેવામાં રાગ-ભોગ અને શૃંગારને સારી રીતે ગોઠવ્યા હતા. શ્રીઠાકોરજીની સન્મુખ કીર્તન માટે અષ્ટછાપ ભક્ત કવિઓના મંડળની રચના કરી હતી. તેમાં શ્રીમહાપ્રભુજીના ચાર સેવક – કુંભનદાસ, સૂરદાસ, કૃષ્ણદાસ અને પરમાનંદદાસ હતા; તેમ જ પોતાના ચાર સેવક – ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસ હતા.

શ્રીગુસાંઈજીએ પિતાની જેમ અનેક ગ્રંથો લખ્યા છે તેમજ પિતાના અધૂરા ગ્રંથો પૂરા કર્યા છે. તેમના નાના-મોટા ૫૦ ગ્રંથો હોવાનું કહેવાય છે. તેમણે પિતાનો અણુભાષ્ય ગ્રંથ પૂરો કર્યો હતો. તેમના સ્વતંત્ર ગ્રંથોમાં વિદ્વન્ મંડન, ભક્તિહંસ અને શૃંગાર રસમંડન વિશેષ પ્રસિદ્ધ છે. અન્ય ગ્રંથોમાં ભક્તિહેતુ વિજ્ઞપ્તિ, સર્વોત્તમસ્તોત્ર, સ્વામિનીસ્તોત્ર, ચતુઃશ્લોકી, દાનલીલા, નિબંધપ્રકાશની પૂર્તિ અને ટીકા, સુબોધિની-ટિપ્પણી, ન્યાસાદેશ વિવૃત્તિ અને ષોડશગ્રંથ વિવૃત્તિઓ મુખ્ય છે. તદુપરાંત, શ્રીમહાપ્રભુજી-વિષયક સૌંદર્યપદ્ય, સપ્તશ્લોકી અને શ્રી વલ્લભાષ્ટક પણ તેમણે રચેલાં છે.

તેમના સેંકડો સેવકો થઈ ગયા. તેમાં પરમ ભક્તો, વિદ્વાનો, કવિ કલાકારો, રાજા-મહારાજાઓ, શેઠ-શાહુકારો અને સામાન્ય સ્ત્રી-પુરુષો પણ હતાં. તેમના

અનેક મુસલમાન સેવકો પણ હતા. શૂદ્ર અને અંત્યજ જાતિના પણ ઘણા લોકોને તેમણે સેવક કર્યા હતા.

તેમણે તેમના અંતિમ કાળમાં પોતાના સાત પુત્રોને સાત સ્વરૂપો પધરાવી આપ્યાં. તદુપરાંત, પોતાના સેવ્ય શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવા પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રગિરિધરજીને સોંપી. આ વહેંચણી સં. ૧૬૩૫ના અરસામાં થઈ. તેમાં શ્રી ગિરિધરજીને શ્રી મથુરેશજી, શ્રી ગોવિંદરાયજીને શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીબાલકૃષ્ણજીને શ્રીદ્વારકાનાથજી, શ્રીગોકુલનાથજીને શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજીને શ્રીગોકુલચંદ્રમાજી, શ્રી યદુનાથજીને શ્રીબાલકૃષ્ણજી અને શ્રીઘનશ્યામજીને શ્રીમદનમોહનજી પધરાવી આપ્યા હતા.

શ્રીગુસાંઈજીના આ સાત પુત્રો ઉપરાંત તેમણે માનેલા એક આઠમા પુત્ર હતા, જેનો ઉલ્લેખ બસોબાવન વૈષ્ણવની વાર્તામાં છે. તે મુજબ તુલસીદાસ નામના એક બ્રાહ્મણ શ્રીગુસાંઈજીના સેવક હતા. તેઓ શ્રીનાથજીના જલઘરાની સેવા કરતા હતા. તેઓ બહુ જ સરળ સ્વભાવના હતા. બાળપણથી તેમનાં માતા-પિતા મૃત્યુ પામેલાં હતાં. તેમનું પાલનપોષણ શ્રીગુસાંઈજીએ કર્યું હતું. તેથી તેઓ એમ સમજતા હતા કે હું શ્રીગુસાંઈજીનો પુત્ર છું. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીગોપીનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું અને આજ્ઞા કરી હતી કે તમે સિંધ પ્રદેશમાં જઈને પુષ્ટિમાર્ગનો પ્રચાર કરો. તેમના વંશજો હાલ વૃંદાવનમાં રહે છે.

શ્રીમહાપ્રભુજીની ચાર્યાસી બેઠકો પ્રસિદ્ધ છે, તેમ શ્રીગુસાંઈજીની ૨૮ બેઠકો પ્રસિદ્ધ છે. જેમાંની સોળ બેઠકો વ્રજમાં છે. બાકીની ભારતમાં અન્યત્ર છે.

શ્રીગુસાંઈજી સંવત ૧૬૪૨માં મહા વદ સાતમના રોજ ગોવિંદ સ્વામીને સાથે લઈ, સદેહે શ્રીગિરિરાજજીની કંદરામાં પધાર્યા અને ત્યાંથી નિત્યલીલા પ્રવેશ કર્યો. તેઓ ૭૦ વર્ષ ભૂતલ પર બિરાજ્યા. તેમના પછી પુષ્ટિ-સંપ્રદાયનું આચાર્યપદ તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીને પ્રાપ્ત થયું.

પ્ર. ૪ : શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજીનો પરિચય આપશો?

જ. ૪ : શ્રી ગિરિધરજીનું પ્રાગટ્ય સંવત ૧૫૯૭ના કારતક સુદ બારસે અડેલમાં થયું હતું. શ્રીગુસાંઈજી પછી જ્યારે તેઓ પુષ્ટિ-સંપ્રદાયના આચાર્ય થયા, ત્યારે તેમનું વય ૪૫ વર્ષનું હતું. તેમને પિતાના સંપર્કનો વિશેષ લાભ મળ્યો હતો. તેઓ પ્રગાઢ વિદ્વાન અને સંપ્રદાયના ઉત્તમ જ્ઞાતા હતા. જ્યારે શ્રીગુસાંઈજીએ વિદ્વન્ મંડન ગ્રંથની રચના કરી, ત્યારે પૂર્વપક્ષ તરીકે તેમણે પ્રશ્નો પૂછ્યા હતા. તેમનું જીવન વિશેષ કરીને વૈરાગ્યપૂર્ણ હતું, તેથી વ્રજવાસીઓ તેમને 'જતિજી'

તરીકે ઓળખતા. શ્રીગુસાંઈજી તેમને 'ગોવર્ધન' કહીને બોલાવતા. તેમને સેવા અને સ્મરણમાં વિશેષ રુચિ હતી.

તેમના રચેલા બે ગ્રંથો પ્રાપ્ત થાય છે : ગદ્યમંત્ર ટીકા તથા ઉત્સવનિર્ણય સ્તોત્ર. તેમનાં વહુજીનું નામ શ્રી ભામિની વહુજી હતું. તેમને ત્રણ પુત્ર અને ત્રણ બેટીજી હતાં. તેમના પ્રથમ પુત્ર શ્રી મુરલીધરજી, બીજા પુત્ર શ્રી દામોદરજી અને ત્રીજા પુત્ર શ્રી ગોપીનાથજી હતા. શ્રી મુરલીધરજી યુવાવસ્થામાં લીલાપ્રવેશ કરતાં, તેમના બીજા પુત્ર શ્રી દામોદરજી શ્રી ગિરિધરજી પછી પુષ્ટિ-સંપ્રદાયના આચાર્યપદે બિરાજ્યા હતા.

તેમણે શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયજી અને શ્રીમથુરાનાથજીની ખૂબ પ્રેમથી સેવા કરી. પ્રભુને છપ્પનભોગ અંગીકાર કરાવ્યા.

શ્રી ગિરિધરજી લગભગ ૩૫ વર્ષ સુધી આચાર્યપદ પર બિરાજ્યા હતા. શ્રી ગિરિધરજીના સમયમાં તેમના નાના પાંચ ભાઈઓ લીલામાં પધાર્યા હતા. માત્ર શ્રીગોકુલનાથજી જ ભૂતલ પર બિરાજમાન હતા. સંવત ૧૬૭૭માં ગોકુળમાં તેમણે નિત્યલીલાપ્રવેશ કર્યો. તેઓ ભૂતલ ઉપર એંસી વર્ષ બિરાજ્યા.

તેમની કુલ પાંચ બેઠકો પ્રસિદ્ધ છે, જે વ્રજમાં આવેલી છે.

પ્ર. ૫ : શ્રીગુસાંઈજીના બીજા પુત્ર શ્રીગોવિંદરાયજીનો પરિચય આપશો?

જ. ૫ : શ્રી ગોવિંદરાયજીનું પ્રાગટ્ય વિ. સં. ૧૫૯૯ના કારતક વદ આઠમે અડેલમાં થયું હતું. તેમનાં પત્નીનું નામ શ્રીરાણી વહુજી હતું. તેમને ઘરમાં સૌ રાજાજીના નામથી બોલાવતાં. તેમને ચાર પુત્રો હતા : શ્રી કલ્યાણરાયજી, શ્રીગોકુલોત્સવજી, શ્રીકૃષ્ણરાયજી અને શ્રી લક્ષ્મીનરસિંહજી, શ્રીગુસાંઈજીએ તેમને શ્રીવિઠ્ઠલનાથજી ઠાકોરજી પધરાવી આપ્યા હતા. તેમની રચનાઓમાં શ્રી વિઠ્ઠલેશાષ્ટક પ્રસિદ્ધ છે. તેમને શ્રીરુક્મિણીજી અને રામકુંવરી નામનાં બે બેટીજી પણ હતાં. તેમને સેવાનો અત્યંત આગ્રહ હતો. તેમના લગ્ન સમયે તેઓ વરઘોડામાં ઘોડા પર બિરાજમાન હતા, ત્યારે ઉત્થાપનનો સમય થતાં, તેઓ સેવા વિના વ્યાકુળ થઈ ગયા. તેમનો આવો ભાવ જોઈ, શ્રીગુસાંઈજીએ તેમને સેવા માટે મોકલ્યા અને લગ્નનું બીજું મુહૂર્ત રાખ્યું. તેમને ત્યાં શ્રીકલ્યાણરાયજીનું પ્રાગટ્ય થયું, ત્યારે તેના આનંદમાં શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને સોનાનાં નૂપુર બનાવી અંગીકાર કરાવ્યાં હતાં. તેઓ સંવત ૧૬૫૦માં લીલામાં પધાર્યા. આમ તેઓ ૫૧ વર્ષ ભૂતળ પર બિરાજ્યા હતા.

પ્ર. ૬ : શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો પરિચય આપશો?

જ. ૬ : શ્રીબાલકૃષ્ણજીનું પ્રાગટ્ય સંવત ૧૬૦૬માં ભાદરવા વદ તેરસ ને બુધવારે અડેલમાં થયું. તેઓ કસાયેલા શરીર અને શ્યામ વર્ણના હતા. તેમનાં નેત્રો કમળ જેવાં વિશાળ હતાં, તેથી ઘરમાં સૌ તેમને 'રાજીવલોચન' કહેતાં. સંવત ૧૬૧૪માં તેમના જનોઈ-સંસ્કાર થયા હતા. સંવત ૧૬૨૩માં અભ્યાસ પૂરો થતાં તેમનું લગ્ન શ્રી કમલાવતી વહુજી સાથે થયું હતું. તેમને છ પુત્રો શ્રી દ્વારકેશજી, શ્રી વ્રજનાથજી, શ્રીવ્રજભૂષણજી, શ્રીપીતાંબરજી, શ્રી વ્રજાલંકારજી અને શ્રીપુરુષોત્તમજી હતા. તેમને શ્રીગુસાંઈજીએ શ્રીદ્વારકાનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેઓ તેમની સેવા ખૂબ શ્રદ્ધાથી અને સ્નેહથી કરતા.

તેમને એક રાતે સ્વપ્નમાં શ્રીયમુનાજીનાં દર્શન થયાં. ત્યારબાદ શ્રીદ્વારકાધીશજીનાં સ્વામિનીજીની સેવા કરવા તેમની આતુરતા વધી. શ્રીગુસાંઈજીએ તેમને સોનાનાં બે કંગન આપ્યાં અને આજ્ઞા કરી કે જે સ્વરૂપના હસ્તમાં આ કંગન બંધ બેસતા આવે, તે તમારા શ્રીદ્વારકાધીશજીનાં સ્વામિનીજી હશે. શ્રીસ્વામિનીજીના સ્વરૂપની શોધમાં તેઓ વ્રજનાં અનેક સ્થાનોમાં ફર્યા. અંતે સં. ૧૬૩૮માં ગુંજાવનમાંથી તેમને શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. ત્યારથી શ્રીદ્વારકાધીશજીની સાથે ગુપ્ત રીતે શ્રીસ્વામિનીજી બિરાજે છે.

તેમના ભાઈ શ્રી યદુનાથજીને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ શ્રીગુસાંઈજીએ પધરાવી આપ્યું હતું. બંને ભાઈઓમાં અત્યંત સ્નેહ હોવાથી શ્રીદ્વારકાધીશ અને શ્રીબાલકૃષ્ણજીને સાથે પધરાવી બંને ભાઈઓ મળીને સેવા કરતા હતા.

શ્રીબાલકૃષ્ણજીએ અનેક યાત્રાઓ કરી હતા અને ઘણા દૈવી જીવોને શરણે લીધા હતા. તેમના પાંચ ગ્રંથો પ્રસિદ્ધ છે : (૧) સ્વપ્નદૃષ્ટ સ્વામિની-સ્તોત્ર (૨) ગુપ્તસ્વામિની સ્તોત્ર-વિવૃત્તિ (૩) ભક્તિવર્ધિની સ્તોત્ર-વિવૃત્તિ (૪) પ્રસાદવાગીશ ભાષ્ય-વિવરણ (૫) સર્વોત્તમ સ્તોત્ર-વિવૃત્તિ. આપનો નિત્યલીલા પ્રવેશ સંવત ૧૬૫૦ના અરસામાં થયો હતો. આપ ૪૪ વર્ષ ભૂતલ પર બિરાજ્યા હતા.

પ્ર. ૭ : શ્રીગુસાંઈજીના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીનો પરિચય કરાવશો?

જ. ૭ : શ્રીગોકુલનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૬૦૮ ના માગસર સુદ સાતમ ને ગુરુવારે અડેલમાં થયું હતું. તેમનાં લગ્ન સંવત ૧૬૨૪નાં જેઠ વદ બીજને ગુરુવારે મથુરામાં થયાં હતાં. તેમનાં વહુજીનું નામ શ્રીપાર્વતી વહુજી હતું. તેમને

ત્રણ પુત્રો હતા. શ્રી ગોપાલજી, શ્રી વિઠ્ઠલેશજી અને શ્રી વ્રજરત્નજી. તેમને એક બેટીજી હતાં. શ્રીરોહિણીજી. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીગોકુલનાથજી ઠાકોરજી પધરાવી આપ્યા હતા. તેમને ઘરમાં સૌ 'વલ્લભ' કહેતાં.

શ્રીગોકુલનાથજીની વિદ્વત્તા, વ્યવહારકુશળતા અને વચનામૃત શૈલીથી વૈષ્ણવોમાં તેમનો અધિક પ્રભાવ હતો. તેમણે શ્રીગુસાંઈજીનું દેવું ચૂકવી આપ્યું હતું. તેમણે એક વખત ગુજરાતનો પ્રવાસ કર્યો હતો. તેમના સમયમાં માલા-તિલક રક્ષણનો અભૂતપૂર્વ બનાવ બન્યો.

ચિદ્રુપ નામના એક માયાવાદી સંન્યાસીએ બાદશાહ જહાંગીરના કાન ભંભેરી, માળા અને તિલક ઉતારવાનું ફરમાન કરાવ્યું. શ્રીગોકુલનાથજીએ અને તે સમયના વૈષ્ણવોએ તેનો ભારે વિરોધ કર્યો. બાદશાહને સાચો સિદ્ધાંત સમજાવવા શ્રીગોકુલનાથજીએ પાછલી વયે ઘણું કષ્ટ લઈ, કાશ્મીરનો પ્રવાસ પણ કર્યો હતો; કારણ કે બાદશાહ જહાંગીર તે વખતે ત્યાં હતા. બાદશાહ જહાંગીર ન માનતાં, તેમણે જરૂર પડે ગોકુળનો ત્યાગ કરી, સોરમ ક્ષેત્રમાં ત્રણ માસ અને બાર દિવસ સપરિવાર મુકામ કર્યો હતો. અંતે તેમનો વિજય થયો હતો. આમ, તેમણે માળા-તિલકના રક્ષણ સાથે પુષ્ટિમાર્ગનું રક્ષણ કર્યું હતું.

તેમણે સંસ્કૃત અને વ્રજભાષામાં ઘણા ગ્રંથો રચ્યા છે. તેમના તેર ગ્રંથો જાણીતા છે : (૧) શ્રીસર્વોત્તમજીની લઘુટીકા (૨) વેણુગીતનાં સુબોધિની પર સ્વતંત્ર લેખ (૩) ગુપ્તરસની ટીકા (૪) બ્રહ્મસંબંધમંત્ર પરની ટીકા (૫) ષોડશ ગ્રંથો પરની ટીકાઓ; જેમાં પુષ્ટિપ્રવાહ-મર્યાદા, સિદ્ધાંત-રહસ્ય, ભક્તિવર્ધિની, અંતઃકરણપ્રબોધ અને સંન્યાસ-નિર્ણય પર ટીકાઓ છે. (૬) શ્રીવલ્લભાષ્ટક પર ટીકા (૭) પ્રાકૃત સુગમ સુપંથ (૮) દંડી મદમર્દન (૯) માલાવાદ (૧૦) ભાવ-રસાયણ (૧૧) નિર્ણયાર્થ (૧૨) વલ્લભ-વિઠ્ઠલ વાર્તા (૧૩) શ્રીયમુનાષ્ટક પરની શ્રીગુસાંઈજીની અધૂરી રહેલી ટીકાની પૂર્તિ.

વ્રજભાષામાં તેમણે નીચે પ્રમાણે ગ્રંથો લખ્યા છે : (૧) રહસ્યભાવના (૨) ભાવભાવના (૩) સેવાભાવના (૪) ખટ્ઋતુભાવના (૫) હાસ્ય-પ્રસંગ (૬) વચનામૃતો (૭) સ્વરૂપ-ભાવના (૮) લીલાભાવના (૯) નિજવાર્તા (૧૦) ઘરુવાર્તા (૧૧) બેઠકચરિત્ર (૧૨) શ્રીઆચાર્યજીની પ્રાગટ્ય વાર્તા (૧૩) શ્રીગુસાંઈજીની નિજવાર્તા (૧૪) શ્રીગોપીનાથજીની વાર્તા (૧૫) ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા (૧૬) દોસો બાવન વૈષ્ણવ કી વાર્તા (૧૭) ભાવસિંધુ (૧૮) શ્રીનાથજીની પ્રાગટ્ય વાર્તા. આ ઉપરાંત, તેમણે અનેક પદો રચ્યાં છે.

તેમણે સંવત ૧૬૯૭ના મહા વદ નોમના રોજ લીલાપ્રવેશ કર્યો. તેઓ પૃથ્વી ઉપર ૮૯ વર્ષ, ૨ માસ અને ૯ દિવસ બિરાજ્યા.

પ્ર. ૮ : શ્રીગુસાંઈજીના પાંચમા પુત્ર શ્રીરઘુનાથજી વિષે જાણકારી આપશો?

જ. ૮ : શ્રી રઘુનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૬૧૧ ના કારતક સુદ બારસના રોજ અડેલમાં થયું હતું. જ્યારે તેઓ પાંચ વર્ષના હતા, ત્યારે પિતાની સાથે સેવામાં જતા. ત્યારે ઘરમાં સંસ્કૃતનો ઉપયોગ થતો. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીના શૃંગાર કરતાં આજ્ઞા કરી કે 'મંજૂષામાનય' એટલે કે શૃંગારની પેટી લાવો. શ્રી રઘુનાથજી અંદર ગયા, પણ શું લઈ જવાનું તે સમજાયું નહિ. તેથી ઘણા ગભરાઈ ગયા અને રડવા લાગ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ પ્રગટ થઈ તેમને સમજણ પાડી. શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી કે મને વ્રજભાષા પ્રિય છે, માટે બધો વ્યવહાર વ્રજભાષામાં કરવો.

સંવત ૧૬૨૬માં ૧૫ વર્ષની વયે તેમનાં લગ્ન શ્રીજાનકીજી સાથે થયાં તેમને પાંચ પુત્રો અને એક બેટીજી હતાં. બેટીજીનું નામ શ્રીજમુનાજી હતું. પુત્રો શ્રી દેવકીનંદનજી, શ્રી ગોપાલજી, શ્રી જયદેવજી, શ્રી યશોદાનંદજી અને શ્રી દ્વારકેશજી હતા.

તેમના લગ્ન પછી તુલસીદાસજી વ્રજમાં આવ્યા હતા. તેમના નાના ભાઈ નંદદાસજી તેમને શ્રીગુસાંઈજી પાસે લઈ આવ્યા હતા. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી શ્રીરઘુનાથજી અને તેમનાં વહુજી શ્રીજાનકીજીએ તેમને રામ-સીતા સ્વરૂપે દર્શન આપ્યાં હતાં.

તેમને શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમને દરરોજ સવારે સૌ પ્રથમ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવાનો નિયમ હતો. તેઓ આંખો બંધ રાખી, શ્રીગુસાંઈજીની બેઠકમાં જતા. આ રીતે જતાં એક દિવસ તેમને ચોટ લાગી; તેથી શ્રીગુસાંઈજીએ દર્શન માટે પોતાનું એક ચિત્ર પોતાના હસ્તે દોરીને તેમને આપ્યું હતું.

તેમણે સંસ્કૃતમાં ચૌદ જેટલાં ગ્રંથો લખ્યા છે : (૧) શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર (૨) વહ્નિસ્તવન (૩) આરાધના-સ્તુતિ (૪) ગિરિધરાષ્ટક (૫) ગોકુલેશાષ્ટક (૬) અષ્ટછબિ (૭) કૃષ્ણચંદ્રાષ્ટક (૮) શયન-આર્યા (૯) વિઠ્ઠલેશાષ્ટક (૧૦) ષોડશ ગ્રંથ ટીકા (૧૧) નામચંદ્રિકા (૧૨) શ્રીવલ્લભાષ્ટક અર્થ (૧૩) સહિતવચન (૧૪) આખ્યાન-સ્તુતિ. વ્રજભાષામાં તેમનું એક પદ પણ પ્રસિદ્ધ

છે. તેઓ સંવત ૧૬૬૦ માં લીલામાં પધાર્યા હતા. ભૂતળ પર તેઓ ૪૯ વર્ષ બિરાજ્યા હતા. તેમને ઘરમાં સૌ 'રામચંદ્ર'ના નામથી બોલાવતાં.

પ્ર. ૯ : શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજી વિષે કહેશો?

જ. ૯ : શ્રીયદુનાથજીનું પ્રાગટ્ય સંવત ૧૬૧૫ના ચૈત્ર સુદ છઠના રોજ અડેલમાં થયું હતું. તેમણે આયુર્વેદનો વિશેષ અભ્યાસ કર્યો હતો. તેમનાં લગ્ન સંવત ૧૬૩૦માં ગોકુલમાં શ્રીમહારાણી વહુજી સાથે થયાં હતાં. તેમને પાંચ પુત્રો હતા: શ્રીમધુસૂદનજી, શ્રીરામચંદ્રજી, શ્રીજગન્નાથજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોપીનાથજી, તેમને શ્રીદમયંતીજી નામે એક બેટીજી પણ હતાં. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમની સેવા તેઓ તેમના મોટાભાઈ શ્રીબાલકૃષ્ણજીની સાથે મળીને કરતા.

સંવત ૧૬૫૮માં તેઓ ગુજરાતમાં પધાર્યા હતા. ત્યાં ચાણોદમાં શ્રીવલ્લભ દિગ્વીજય ગ્રંથની રચના પૂરી કરી હતી. તેમનો તે એકમાત્ર ગ્રંથ પ્રસિદ્ધ છે. તેમણે સંવત ૧૬૬૦માં ૪૫ વર્ષની વયે લીલાપ્રવેશ કર્યો હતો. તેમને ઘરમાં સૌ 'મહારાજા' કહેતાં.

પ્ર. ૧૦ : શ્રીગુસાંઈજીના સાતમા પુત્ર શ્રી ઘનશ્યામજી વિષે માહિતી આપશો?

જ. ૧૦ : શ્રી ઘનશ્યામજી શ્રીગુસાંઈજીનાં દ્વિતીય પત્ની શ્રી પદ્માવતી વહુજીથી થયેલા શ્રીગુસાંઈજીના સાતમા અને છેલ્લા પુત્ર હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૬૨૮ના કારતક વદ તેરસે ગોકુલમાં થયું હતું. તેમનાં માતા તેમને નાના મૂકીને લીલામાં પધાર્યાં હતાં; તેથી તેમના સૌથી મોટાભાઈ શ્રી ગિરિધરજીનાં વહુજી શ્રી ભામિની વહુજીએ તેમને મોટા કર્યા હતા. શ્રીગુસાંઈજીએ શ્રી ઘનશ્યામજીને શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. સંવત ૧૬૬૯માં અન્નકૂટ માટે સુખપાલમાં શ્રીઠાકોરજીને પધરાવતાં, તેમને શ્રી ગોકુલનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપાલજી સાથે સુખપાલના દંડાની લંબાઈ બાબતમાં ભારે વિવાદ થયેલો. ત્યારબાદ ઉનાળામાં શ્રીગોપાલજીએ શ્રી ઘનશ્યામજીના શ્રીઠાકોરજીને ચોરાવ્યા હતા. શ્રીઠાકોરજીના વિયોગમાં તેમણે થોડા દિવસો બાદ દેહત્યાગ કર્યો હતો. તેમનો લીલાપ્રવેશ સંવત ૧૬૬૯માં થયો હતો. સંસ્કૃતમાં તેમણે મધુરાષ્ટક અને ગુપ્ત રસની ટીકાઓ લખી છે. વ્રજભાષામાં તેમનાં કેટલાંક પદો પ્રાપ્ત થાય છે. તેમને બેટીજી પણ હતાં. તેમનું નામ શ્રી જાનકીબેટીજી હતું. શ્રી ઘનશ્યામજીને ઘરમાં સૌ 'પ્રાણવલ્લભ' કહેતાં. તેઓ ભૂતળ ઉપર ૪૧ વર્ષ બિરાજ્યા હતા.

પ્ર. ૧૧ : આ સાત પુત્રોના વંશમાં થયેલા પ્રતાપી આચાર્યો વિષે કહેશો?

જ. ૧૧ : આ સાત પુત્રોના વંશમાં ૪૦૦ વર્ષમાં અનેક પ્રતાપી અને વિદ્વાન આચાર્યો થયા છે; જેમાં શ્રી હરિરાયજી અને શ્રી પુરુષોત્તમજી પ્રસિદ્ધ છે. તદુપરાંત, ચાચા ગોપેશજી, કાકા વલ્લભજી, શ્રી દ્વારકેશજી, શ્રીવ્રજોત્સવજી જેવા અનેક આચાર્યો થયા છે. તેમણે સંસ્કૃત અને વ્રજભાષામાં ઘણું ગ્રંથ-સાહિત્ય લખ્યું છે તેમ જ પુષ્ટિમાર્ગનો ઘણો પ્રચાર-પ્રસાર કર્યો છે. ગુજરાતના મહાકવિ ન્હાનાલાલે શ્રીવલ્લભ-વંશજોની વિદ્વત્તાપૂર્ણ સાહિત્ય-સેવાને અને શ્રીવલ્લભવંશને ઘણાં બિરદાવ્યાં છે. આજે ભૂતળ પર આ સાત પુત્રો પૈકી શ્રી ગિરિધરજી અને શ્રી યદુનાથજીનો વંશ ચાલી રહ્યો છે.

પ્ર. ૧૨ : શ્રી હરિરાયજી વિષે વિસ્તારથી કહેશો?

જ. ૧૨ : શ્રી હરિરાયજી શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના પૌત્ર હતા. તેમના પિતાનું નામ શ્રી કલ્યાણરાયજી અને માતાનું નામ શ્રી જમુનાજી. શ્રી હરિરાયજીનું પ્રાગટ્ય સં. ૧૬૪૭ ના ભાદરવા વદ પાંચમે ગોકુલમાં થયું હતું. ત્યાં આજે પણ તેમનાં બેઠક છે. તેમને બ્રહ્મસંબંધ શ્રી ગોકુલનાથજીએ આપ્યું હતું. તેમને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી ઉપર ભરપૂર ભાવ હતો. તેમણે સં. ૧૭૨૫ માં ગોકુલ છોડી, રાજસ્થાનમાં ખીમનૌરમાં મુકામ કર્યો હતો. તેમના જીવનમાં અનેક અલૌકિક પ્રસંગો બન્યા છે. તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજીએ લીલાપ્રવેશ કરતાં, શ્રીગોપેશ્વરજીને આશ્વાસન આપવા તેમણે ૪૧ પત્રો લખ્યા હતા, જે 'શિક્ષાપત્ર'ના નામે પ્રસિદ્ધ છે. સંસ્કૃતમાં તેમના ૧૫૬ જેટલા ગ્રંથો છે; જ્યારે વ્રજભાષામાં ૯૪ જેટલા ગ્રંથો અને પદોના સંગ્રહો છે. તેમણે ગુજરાતી, પંજાબી અને મારવાડી ભાષામાં પણ પદો રચ્યાં છે. સંપ્રદાયમાં કોઈ વિષય એવો નથી, જેના પર તેમનો ગ્રંથ ન હોય. શ્રીમહાપ્રભુજીની જેમ તેમને પણ શ્રીહરિરાય મહાપ્રભુ તરીકે ઓળખવામાં આવે છે.

તેમનાં વહુજીનું નામ સુંદરવંતાં વહુજી હતું. તેમણે પણ વ્રજભાષા અને ગુજરાતીમાં ઘણાં પદો રચ્યાં છે. તેઓ ભૂતળ ઉપર સૌથી વધુ સમય - લગભગ ૧૨૦ વર્ષ સુધી બિરાજયા હતા. તેમની બેઠકો ગોકુલમાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં છે. તદુપરાંત, નાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં છે. તે સિવાય ખીમનૌરમાં પણ છે. ગુજરાતમાં ડાકોર, સાવલી અને જંબુસરમાં પણ છે.

પ્ર. ૧૩ : શ્રી પુરુષોત્તમજી વિષે વિશેષ પરિચય આપશો?

જ. ૧૩ : શ્રી પુરુષોત્તમજી શ્રીમહાપ્રભુજીની સાતમી પેઢીએ પ્રગટ થયા હતા. શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણજીના ચોથા પુત્ર શ્રી પીતાંબરજી હતા. શ્રી પીતાંબરજીને ત્યાં શ્રી યદુપતિજી થયા. શ્રી યદુપતિજીના પુત્ર શ્રી પીતાંબરજી અને શ્રીપીતાંબરજીના પુત્ર શ્રીપુરુષોત્તમજી થયા. શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય સંવત ૧૭૧૪ માં ભાદરવા સુદ એકાદશીના રોજ ગોકુલમાં થયું હતું. તેમના વિદ્યાગુરુ શ્રીકૃષ્ણચંદ્રજી હતા. તેમના કાકા શ્રી વ્રજરાયજી મહારાજે તેમને દત્તક લીધા હતા; તેથી શ્રી પુરુષોત્તમજી ગોકુલથી સુરત પધાર્યા હતા. સુરતમાં તેમની બાલ્યાવસ્થામાં એક માયાવાદી પંડિત શાસ્ત્રાર્થ માટે આવ્યો હતો. તેમનાં માતાની આજ્ઞાથી શ્રી પુરુષોત્તમજીએ ત્રણ દિવસ-રાત શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કર્યા. તેથી પ્રસન્ન થઈ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને ઠાકોરજી શ્રીબાલકૃષ્ણજીએ તેમને આશીર્વાદ આપ્યા; તેથી તેઓ તે પંડિતને શાસ્ત્રાર્થમાં જીત્યા હતા.

તેમનાં પ્રથમ પત્ની શ્રી રાણી વહુજી હતાં. તેમના લીલાપ્રવેશ બાદ તેમનું લગ્ન શ્રી ચંદ્રાવલી વહુજી સાથે થયું હતું. તેમનો પણ લીલાપ્રવેશ થતાં, ત્રીજું લગ્ન શ્રી પદ્માવતીવહુજી સાથે થયું હતું. તેમને શ્રીયદુપતિજી અને શ્રી દામોદરજી નામે બે પુત્રો અને શ્રી હરિપ્રિયા નામનાં એક બેટીજી હતાં. તેમનાં બધાં બાળકો તેમની ઉપસ્થિતિમાં જ લીલામાં પધાર્યા હતાં.

તેમને ચિત્રકલાનો પણ જબરો શોખ હતો. તેમણે ઘણાં સ્થળોએ પ્રવાસ કર્યો અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો વિજયડંકો વગાડ્યો; તેથી તેઓ 'દશદિગંતવિજયી' કહેવાયા. તેઓ પ્રવાસમાં સાથે અનેક ગાડાં ભરીને પુસ્તકો રાખતા. પ્રવાસ દરમ્યાન પણ સુખપાલમાં બિરાજી ગ્રંથોનો અભ્યાસ કરતા. તે નવેક જેટલા લહિયોઓ રાખતા અને તેમની પાસે ગ્રંથોનું લેખનકાર્ય કરાવતા. તેમણે નવ લાખ શ્લોકનું સાહિત્ય રચ્યાનું કહેવાય છે. તેમના મુખ્ય ગ્રંથોમાં અવતાર વાદાવલિના ૨૭ ગ્રંથો તેમજ ૧૧ સ્વતંત્ર ગ્રંથો અને ૨૯ જેટલા ટીકાગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમનો નિત્યલીલા પ્રવેશ સં. ૧૭૮૧ બાદ થયો છે. તેઓ લગભગ ૭૦ વર્ષ ભૂતળ પર બિરાજ્યા હતા.

●

શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફળ્યો, તેની શાખા પ્રસરી અનેક રે રસના,
નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણુ સમરિયે, શ્રીવલ્લભનો પરિવાર રે રસના.

૭. પુષ્ટિમાર્ગનો તત્ત્વવિચાર

પ્ર. ૧ : દરેક માણસને પોતાની એક ફિલોસોફી હોય છે. ભારતના લોક-સમાજ માટે એમ કહેવાય છે કે ચોર જેવા અપરાધીને પણ એની એક ફિલોસોફી હોય છે; તો ફિલોસોફી એટલે શું?

જ. ૧ : ફિલોસોફી ગ્રીક ભાષામાંથી ઊતરી આવેલ અંગ્રેજી શબ્દ છે. તે બે શબ્દનો બનેલો છે : 'ફિલો' + 'લોગસ'. ફિલો એટલે ડહાપણ; 'લોગસ' એટલે જ્ઞાન. આમ, ફિલોસોફી એટલે જ્ઞાન દ્વારા મળતું ડહાપણ. ફિલોસોફી શબ્દનો અંગ્રેજીમાં બીજો અર્થ છે : જ્ઞાન માટેનો પ્રેમ. ફિલોસોફીની વ્યાખ્યા આપતાં પશ્ચિમના વિદ્વાનોએ તેને બુદ્ધિ વડે કરવામાં આવતી સત્ય માટેની શોધ એમ કહ્યું. એક બીજા વિદ્વાને કહ્યું કે ફિલોસોફી એક એવો વિચાર છે, જે જીવન જીવવાની પદ્ધતિ નક્કી કરે છે. આ બધા અર્થો ઉપરથી એમ કહી શકાય કે પશ્ચિમના દેશો ફિલોસોફી માટે બુદ્ધિ ઉપર વધારે આધાર રાખે છે.

સામાન્ય રીતે તર્ક, અનુમાન અને પ્રયોગ દ્વારા વસ્તુનો નિર્ણય કરવાની પ્રક્રિયા વિજ્ઞાનશાસ્ત્રમાં છે. પ્રયોગશાળામાં જે વિચારને સિદ્ધ અને પ્રમાણિત કરી શકાય, એને જ સત્ય તરીકે વિજ્ઞાન સ્વીકારે છે. વિજ્ઞાનની આ ફિલસૂફી પશ્ચિમના દેશોમાંથી આવેલી છે. સત્યને પ્રમાણિત કરવાનો વિજ્ઞાનનો પ્રયાસ સો ટકા સિદ્ધ થતો નથી; કારણ કે જે સિદ્ધાંત આજે કોઈ એક વૈજ્ઞાનિકે સિદ્ધ કરી બતાવ્યો, એ સિદ્ધાંત પણ આવતીકાલે ખોટો ઠરે છે અને તેનું સ્થાન નવો સિદ્ધાંત લે છે. આમ, વિજ્ઞાનના સિદ્ધાંત તાત્કાલિક સત્ય છે, પણ અંતિમ સત્ય નથી; કારણ કે પશ્ચિમની ફિલસૂફી અનુભવ કરતાં બુદ્ધિ ઉપર વિશેષ આધાર રાખે છે. માણસની બુદ્ધિ અત્યંત અલ્પ છે. અનેક અગોચર તત્ત્વો એ બુદ્ધિથી સમજી-સમજાવી શકાતાં નથી. પરિણામે, માણસ એની દૃષ્ટિમર્યાદામાં આવતાં જગતનાં સત્યો સુધી જ પહોંચી શકે છે. તેથી આગળ જઈ શકતો નથી.

આમ, પશ્ચિમના દેશોની ફિલોસોફી બુદ્ધિપ્રધાન હોવાથી જગત પૂરતી મર્યાદિત છે. બીજા શબ્દોમાં કહીએ તો તે માત્ર દુન્વયી જ્ઞાન અને ડહાપણ તરફ લઈ જનારી છે. તેના પરિણામ-સ્વરૂપે પશ્ચિમનું જગત જે જીવન જીવે છે, તે

ભૌતિક અથવા ભોગવાદી જીવન છે. તે જીવનમાં વધુમાં વધુ માણસને માણસ બનાવવાનો વિચાર છે. તે ફિલોસોફી માણસનો આધિદૈવિક વિકાસ કરી, નરને નારાયણ બનાવવામાં ઉપયોગી બની શકતી નથી. આ તેની મોટામાં મોટી મર્યાદા છે. આ ફિલોસોફીને કારણે આજે આખું પશ્ચિમનું જગત ભોગવાદમાં ડૂબી ગયું છે. માણસ સ્વાર્થી બન્યો છે. તેના સ્વાર્થે તેને હિંસક અને ક્રૂર પણ બનાવ્યો છે.

પ્ર. ૨ : પશ્ચિમના દેશો જેને ફિલોસોફી કહે છે, તેને પૂર્વના દેશો કયા નામથી ઓળખે છે? એ નામ પાછળ શો વિચાર રહેલો છે?

જ. ૨ : ભારતીય ભાષાઓમાં ફિલોસોફીનું નામકરણ ફિલસૂફી થયું છે. ફિલોસોફરને ફિલસૂફ કહેવામાં આવે છે; પરંતુ તે મૂળ આપણી ભાષાનો શબ્દ નથી. આપણી ભાષામાં ફિલોસોફી માટે 'તત્ત્વજ્ઞાન' શબ્દ વપરાયો છે. તત્ત્વજ્ઞાન આપનારને તત્ત્વજ્ઞાની કહેવામાં આવે છે. આ શબ્દ બે શબ્દોનો બનેલો છે: 'તત્ત્વ' + 'જ્ઞાન'. 'તત્ત્વ' શબ્દ 'તત્' ઉપરથી બન્યો છે. તત્ એટલે તે. જે વ્યક્તિ કે વસ્તુ આપણાથી ઘણી દૂર હોય, ક્યારેક આપણે તેને નજરોનજર જોઈ પણ ન શકતા હોઈએ, તેને માટે 'તત્' સર્વનામ વપરાય છે. આપણે કહીએ છીએ કે તે ઘણે દૂર છે. આપણી બુદ્ધિ અને નજરથી એક જ બાબત એવી છે કે જે ઘણી-ઘણી દૂર છે. તે આપણી બુદ્ધિ અને દૃષ્ટિની પહોંચમાં નથી; છતાં આપણે હૃદયથી વારંવાર તેની પ્રતીતિ કરી શકીએ છીએ. તે આપણા અનુભવમાં આવે છે. તે છે એક પરમ સત્ય. તેને તત્ત્વજ્ઞાનીઓ પરમ તત્ત્વ અથવા પરમ ચેતના કહે છે. તેને પરમ આનંદ પણ કહેવામાં આવે છે. આ પરમ સત્ય એ તે છે. માટે 'તત્' શબ્દને 'ત્વ' પ્રત્યય લાગવાથી 'તત્ત્વ' શબ્દ બન્યો છે.

સાદીસીધી ભાષામાં કહીએ તો તત્ત્વ એટલે પરમાત્મા, પરમેશ્વર. આવા પરમ તત્ત્વ પરમાત્માનું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન. જ્ઞાન શબ્દ 'જ્ઞા' ધાતુ ઉપરથી બન્યો છે. 'જ્ઞા' ધાતુનો અર્થ છે જાણવું. જેને મન, બુદ્ધિ અને હૃદયથી સંપૂર્ણ રીતે-સર્વાંગરૂપે જાણી શકાય, તેને જ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન માત્ર ભૌતિક પદાર્થોનું હોતું નથી. તે અલૌકિક, અપાર્થિવ તત્ત્વોનું પણ હોય છે.

આ જ્ઞાનને માટે આપણે ત્યાં બીજો શબ્દ વપરાય છે, પરાવિદ્યા અથવા બ્રહ્મ વિદ્યા. વિદ્યા શબ્દ 'વિદ્' ધાતુ ઉપરથી બનેલો છે. 'વિદ્' એટલે સચોટ રીતે જાણવું. પરા એટલે પરમ તત્ત્વ. પરાનો બીજો અર્થ છે શ્રેષ્ઠ. પરમ તત્ત્વનું શ્રેષ્ઠ જ્ઞાન એટલે પરાવિદ્યા. તેને બ્રહ્મવિદ્યા પણ કહી છે; કારણ કે 'બ્રહ્મ' શબ્દનો અર્થ પણ પરમાત્મા થાય છે.

આપણાં ઉપનિષદોએ એમ કહ્યું કે જે જ્ઞાન ઈશ્વરને ઓળખવામાં અને સંસારમાંથી મુક્ત થવામાં ઉપયોગી ન હોય, તેની કશી કિંમત નથી. માટે ઉપનિષદોએ જગત(સંસાર)ના જ્ઞાનને અવિદ્યા કહી છે. પરમાત્મા-વિષયક જ્ઞાનને વિદ્યા, બ્રહ્મવિદ્યા અથવા પરાવિદ્યા કહી છે. અવિદ્યા એટલે પરમાત્મા વિષેનું અજ્ઞાન. પોતાના વિષેનું અજ્ઞાન અને જગત યા સંસાર વિષેનું અન્યથા જ્ઞાન. અવિદ્યા માણસને જગતના ભોગોમાં ડુબાડે છે અને પરમાત્માથી દૂર રાખે છે. તે મૃત્યુ તરફ લઈ જનારી છે. તે અસત્યો શીખવનારી છે. પરાવિદ્યા પરમાત્મા તરફ લઈ જનારી છે. જગત-સંસારમાંથી મુક્ત કરાવનારી છે. આપણને આપણું સાચું સ્વરૂપ અને કર્તવ્ય બતાવનારી છે; તેથી તેને અમૃતા-વિદ્યા કહેવામાં આવે છે.

આથી ઉપનિષદોના ઋષિઓએ પ્રાર્થના કરી કે હે પરમ તત્ત્વ, તમે અમને અસત્યોમાંથી પરમ સત્ય તરફ લઈ જાઓ. અંધકારમાંથી દિવ્ય પ્રકાશ તરફ લઈ જાઓ. મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જાઓ.

આપણું આ તત્ત્વજ્ઞાન મુખ્યત્વે ચાર બાબતોનો વિચાર કરે છે : (૧) પરમ તત્ત્વ પરમાત્મા શું છે? તે ક્યાંથી આવ્યા છે? તેમના ગુણો કયા છે? તેઓ શું કાર્ય કરે છે? (૨) આપણી આજુબાજુ જે જગત રહ્યું છે, તે ક્યાંથી આવ્યું? તેનું સંચાલન કેવી રીતે થાય છે? તે સંચાલન કોણ કરે છે? (૩) આપણે પોતે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? આપણું મૂળ સ્વરૂપ શું છે? આપણો અંત કેવો છે? (૪) જગતમાં આપણે હું-હું અને મારું-મારું કરી જીવીએ છીએ. આપણાપણાનું અભિમાન રાખીએ છીએ, મારાપણાનું મમત્વ રાખીએ છીએ એ યોગ્ય છે કે કેમ? આ બાબતોનો વિચાર આપણે ત્યાં હજારો વર્ષો પૂર્વેથી થતો આવ્યો છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ કોઈ ભૌતિક પ્રયોગશાળાની મદદ લીધા વિના, એકાંત તપોવનમાં બેસીને, તેમની બુદ્ધિ અને આત્મદષ્ટિને હૃદયમાં સ્થિર કરીને આ પરાવિદ્યા પ્રાપ્ત કરી હતી. વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા, ઉપનિષદો, પુરાણો ને ધર્મ-શાસ્ત્રોમાં આ તત્ત્વજ્ઞાન ભરપૂર પ્રમાણમાં ભરેલું છે. આ તત્ત્વજ્ઞાન બુદ્ધિગમ્ય છે, તેના કરતાં વધારે અનુભવગમ્ય છે. તે જેટલો બુદ્ધિનો વિષય છે, એટલો હૃદયનો વિષય પણ છે. આ તત્ત્વજ્ઞાન માણસને ભોગવાદી અને ભૌતિકવાદી બનાવવાને બદલે પરમાત્માવાદી બનાવે છે. તેનું જીવન ભોગમય બનવાને બદલે ભગવાનમય બને છે. પરિણામે, આ તત્ત્વજ્ઞાન જીવનાર વ્યક્તિ નરમાંથી નારાયણ બને છે.

પ્ર. ૩ : આપણા ભારતવર્ષમાં આપણે હિન્દુધર્મી કહેવાઈએ છીએ. હિન્દુ ધર્મની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ કેવું છે, એ સમજાવશો?

જ. ૩ : દરેક ધર્મનું તત્ત્વજ્ઞાન તેના ધર્મગ્રંથોમાં રહેલું હોય છે. આપણે આગળ જોઈ ગયા કે ઈશ્વરના જુદા જુદા અંશાવતારોએ જુદા જુદા ધર્મો આપ્યા છે. તે ધર્મના ઉપદેશ માટે તેમણે જે જે સિદ્ધાંતો સમજાવ્યા, તે તે સિદ્ધાંતો એ ધર્મનું તત્ત્વજ્ઞાન છે. હિન્દુ ધર્મનું તત્ત્વજ્ઞાન મુખ્યત્વે તેના સૌથી પ્રાચીન ગ્રંથ વેદમાં બતાવવામાં આવ્યું છે. હિન્દુ ધર્મના તત્ત્વજ્ઞાનનું મૂળ વેદ છે.

વેદ શબ્દ 'વિદ્' ધાતુ પરથી બન્યો છે. જે પરમાત્માને ઓળખાવે તે વેદ. પરંતુ પરમાત્મા પોતે જગતથી અગોચર છે; તેથી જગતના હિસાબે અને આપણી બુદ્ધિથી પરમાત્માને ઓળખવા અશક્ય છે. આથી પરમાત્માએ સ્વમુખે પોતાનું પરમતત્ત્વ વેદ દ્વારા બતાવ્યું. વેદને હિંદુધર્મમાં અપૌરુષેય કહેવામાં આવે છે; કારણકે તે પરમાત્માની વાણી છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર કોઈ પણ વ્યક્તિ પરમાત્માની વાણીનો અસ્વીકાર કરી શકે નહીં, માટે દરેક હિંદુધર્મીને વેદ માન્ય છે.

આપણે આગળ જોઈ ગયા તેમ વેદ-સાહિત્યમાં ચાર વેદ, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે. પ્રાચીન સમયમાં વેદનું જ્ઞાન ગુરુ શિષ્યને કાનથી સંભળાવીને આપતા. શિષ્યો વેદમંત્રોને કંઠસ્થ રાખતા. આ પ્રમાણે વેદસાહિત્યનો વારસો એક પેઢી બીજી પેઢીને આપતી હતી. સમગ્ર વેદ-સાહિત્યને કંઠસ્થ રાખવાનું અશક્ય હતું. આ સ્થિતિમાં સંપૂર્ણ વેદ-સાહિત્ય સ્મરણ-શક્તિમાં સચવાઈ રહે અને તેનું વિશેષ અધ્યયન-અધ્યાપન થતું રહે, એ હેતુથી આપણે ત્યાં ભગવાનના જ્ઞાનાવતાર ગણાતા મહર્ષિ વ્યાસે વેદ-સાહિત્યને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખ્યું. તેમણે વેદનો એક એક વિભાગ પોતાના એક એક શિષ્યને સોંપ્યો અને તે પ્રમાણે અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી. તેનું બહુ જ વિગતવાર અધ્યયન થવા લાગ્યું.

વેદમાં બે બાબતો મુખ્ય છે : (૧) પરમાત્મા અંગેનો વિચાર અને (૨) પરમાત્માને પામવાનો આચાર. પરમાત્માને પામવાના વિચારને 'ઉત્તરકાંડ' કહેવામાં આવે છે. તેના મુખ્ય પ્રણેતા મહર્ષિ બાદરાયણ વેદવ્યાસ છે. પરમાત્માને પામવાના આચારને 'પૂર્વકાંડ' કહેવામાં આવે છે. તેના મુખ્ય પ્રણેતા મહર્ષિ વ્યાસના શિષ્ય જૈમિનિ મુનિ છે. જૈમિનિ મુનિએ વેદના પૂર્વકાંડ ઉપર જૈમિનિસૂત્રો રચ્યાં છે. વેદવ્યાસજીએ વેદના ઉત્તરકાંડ ઉપર બ્રહ્મસૂત્રો રચ્યાં છે. આ બે ગ્રંથો ભારતીય તત્ત્વવિચારને સમજાવનારા પાયાના ગ્રંથો છે.

વેદ-ઉપનિષદોનો અભ્યાસ અનેક વિદ્વાન ઋષિમુનિઓએ કર્યો છે. તેમણે તેમની બુદ્ધિ અને શક્તિ પ્રમાણે વેદમંત્રોમાંથી જુદા જુદા અર્થો તારવ્યા છે. તેમાંથી ભારતીય તત્ત્વજ્ઞાનના છ મુખ્ય સિદ્ધાંત ઊપસી આવ્યા છે. આ સિદ્ધાંતો પરમાત્માનું વૈચારિક દર્શન કરાવે છે; તેથી તેમને 'દર્શન' ના નામથી પણ ઓળખવામાં આવે છે. આ છ દર્શન-સિદ્ધાંતોને ભારતીય તત્ત્વજ્ઞાનમાં ષડ્દર્શનના નામે ઓળખવામાં આવે છે. તે આ પ્રમાણે છે : (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) પૂર્વમીમાંસા (૬) ઉત્તરમીમાંસા. આમાંથી નિરીશ્વરવાદી સાંખ્ય-દર્શન પરમતત્ત્વ તરીકે ઈશ્વરને સ્વીકારતો નથી. સેશ્વરવાદી સાંખ્ય-દર્શન ઈશ્વરનો સ્વીકાર કરે છે. બાકીની પાંચ વિચારસરણી ઈશ્વરવાદી છે. વેદ અને બ્રહ્મસૂત્રોમાં રજૂ થયેલ દર્શનને 'વેદાન્ત'ના નામે ઓળખવામાં આવે છે. વેદનું સંપૂર્ણ સત્ત્વ એટલે વેદાન્ત. આ વેદાન્ત ગીતામાં સિદ્ધાંતરૂપે અને ભાગવતમાં દૃષ્ટાંતરૂપે રજૂ થયું છે. શ્રીવલ્લભાચાર્યજી સિવાયના હિંદુ ધર્મના આચાર્યો ભારતીય તત્ત્વજ્ઞાનને સમજાવવા વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતાને સ્વીકારે છે. શ્રીવલ્લભાચાર્યજીએ આ ત્રણ ગ્રંથોની સાથે શ્રીભાગવતનો પણ સ્વીકાર કર્યો છે. આમ, આ ચાર મુખ્ય ગ્રંથોમાં ભારતીય તત્ત્વજ્ઞાનનો સાગર ભરેલો છે.

પ્ર. ૪ : તમે કહ્યું કે હિંદુ ધર્મમાં અનેક આચાર્યો થઈ ગયા. તેમણે વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતાના આધારે પોતપોતાનો દૃષ્ટિકોણ આપ્યો છે, જે તેમની ફિલસૂફી છે. એ વિષે વધારે જાણકારી આપશો?

જ. ૪ : આપણે ત્યાં સાતમી સદીથી વેદના વિચારદોહનમાંથી પોતાની એક ફિલસૂફી રજૂ કરવાની પરંપરા શરૂ થઈ છે. તે સમયથી એવી એક પ્રણાલિકા ઊભી થઈ છે કે જે કોઈ વિદ્વાન બ્રહ્મસૂત્રો ઉપર પોતાનું આગવું ભાષ્ય લખે અને એમની એ વિચારસરણીને તે સમયના અન્ય વિદ્વાનો માન્ય કરે, તો એવા વિદ્વાનને 'આચાર્ય' પદવી અર્પણ કરવામાં આવે. આ પરંપરાના સૌ પ્રથમ આચાર્ય થઈ ગયા શ્રીભર્તૃપ્રપંચ. તેમનો ભાષ્યગ્રંથ આપણા કમનસીબે આજે ઉપલબ્ધ નથી; પરંતુ શ્રીશંકરાચાર્યે તેમના ગ્રંથ શાંકરભાષ્યમાં શ્રીભર્તૃપ્રપંચ અને તેમની વિચારસરણીના અનેક ઉલ્લેખો કરેલા છે. તે ઉપરથી સમજાય છે કે શ્રીભર્તૃપ્રપંચ આદિશંકરાચાર્ય પૂર્વે હિંદુ ધર્મના એક આચાર્ય છે. તેમની ફિલસૂફીને 'સમુચ્ચયવાદ'ના નામે ઓળખવામાં આવે છે.

આઠમી સદીમાં આદિશંકરાચાર્ય થયા. તેમની પહેલાં અને તેમના સમયમાં ભારતમાં બૌદ્ધ ધર્મ વિશેષ પ્રમાણમાં વ્યાપ્યો હતો. હિંદુ ધર્મ અને તેની આચાર-

પરંપરા ઉપર બૌદ્ધ વિચારનું ભારે આક્રમણ હતું. અનેક હિંદુઓ બૌદ્ધધર્મી બની રહ્યા હતા. ત્યારે બૌદ્ધ ધર્મના શૂન્યવાદને રોકવા, આદિશંકરાચાર્યે જબરજસ્ત પુરુષાર્થ કર્યો હતો. તેમણે 'કેવલાદ્વૈત' નામે પોતાની વિચારસરણી શાંકરભાષ્યમાં રજૂ કરી. આ વિચારસરણીને 'માયાવાદ' પણ કહેવામાં આવે છે; કારણ કે તેમના મતે જગત વગેરેની રચના બ્રહ્મ-પરમાત્માએ કરી નથી, પણ માયા નામની પરમાત્માની એક શક્તિએ કરેલી છે; માટે તેમણે જગતને મિથ્યા યા અસાર કહ્યું છે.

શ્રીઆદિશંકરાચાર્યનો પ્રભાવ ભારતવર્ષમાં ઘણો રહ્યો. તેમના પ્રયત્નોને પરિણામે હિંદુ ધર્મનું પુનરુત્થાન થયું. હિંદુ ધર્મ અને સંસ્કૃતિ બચી ગયાં. બૌદ્ધોનું આક્રમણ રોકી શકાયું; પરંતુ ૨૦૦ વર્ષ પછી હિંદુ સમાજ શાંકર-વિચારને જીવનમાં આચરવામાં મુશ્કેલી અનુભવવા લાગ્યો. જ્ઞાન અને મોક્ષ સામાન્ય હિંદુ માટે બહુ મુશ્કેલ બાબતો હતી. એ સ્થિતિમાં હિંદુ-ધર્મીઓને કેટલાક આચાર્યોએ જ્ઞાનને બદલે ભક્તિનો માર્ગ બતાવ્યો. તે આચાર્યો ભક્તિમાર્ગના પ્રવર્તક કહેવાયા. જેમાં ૧૧મી સદીમાં થઈ ગયેલા શ્રીરામાનુજાચાર્ય એક હતા. તેમણે તેમનો ભાષ્યગ્રંથ આપણને આપ્યો. તેમની વિચારસરણી 'વિશિષ્ટાદ્વૈત' નામે પ્રસિદ્ધ છે. તેમનાથી એક સદી બાદ શ્રીનિમ્બાર્કાચાર્ય થયા. તેમણે કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો. તેમનો વિચાર સ્વાભાવિક 'ભેદાભેદ'ના નામે પ્રસિદ્ધ છે, જેને દ્વૈત-અદ્વૈતવાદ પણ કહેવામાં આવે છે. તેમના સમકાલીન શ્રીભાસ્કરાચાર્યે પણ ઔપાધિક ભેદાભેદવાદ આપ્યો. ૧૩મી સદીમાં થયેલા શ્રીમધ્વાચાર્યે 'દ્વૈતવાદ' રજૂ કર્યો. પંદરમી સદીમાં શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનો પુષ્ટિમાર્ગ પ્રગટ કરતાં અણુભાષ્ય નામે ભાષ્યની રચના કરી. તેમની વિચારસરણી 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' તરીકે પ્રસિદ્ધ છે. ૧૭મી સદીમાં શ્રીવિજ્ઞાનભિક્ષુએ 'અવિભાગાદ્વૈત બ્રહ્મવાદ' રજૂ કર્યો.

આમ, આ બધા આચાર્યોએ બ્રહ્મસૂત્ર ઉપર પોતપોતાનાં ભાષ્ય રચીને પોતાનું તત્ત્વજ્ઞાન જગતને આપ્યું છે. ભારતીય તત્ત્વજ્ઞાનની આ વિચારસરણીઓ મુખ્ય ત્રણ ધારાઓમાં વહેંચાયેલી છે : (૧) અદ્વૈતવાદ - ઈશ્વર અને જગત જુદાં દેખાય છે, (૨) દ્વૈતવાદ - ઈશ્વર ને જગત જુદાં છે. (૩) દ્વૈત-અદ્વૈતવાદ - ઈશ્વર અને જગત જુદાં દેખાય છે, છતાં એક છે. આમાં શ્રીમધ્વાચાર્ય દ્વૈતવાદના પ્રવર્તક છે. શ્રીનિમ્બાર્કાચાર્ય અને શ્રીભાસ્કરાચાર્ય દ્વૈત-અદ્વૈતવાદના પ્રવર્તક છે. બાકીના પાંચ આચાર્યો અદ્વૈતવાદના પ્રવર્તકો છે. તેમાં આદિશંકરાચાર્ય માયાવાદને સ્વીકારે છે. બાકીના આચાર્યો બ્રહ્મવાદને સ્વીકારે છે.

પ્ર. ૫ : શ્રીવલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સમજાવ્યો, એમ આપે કહ્યું. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો અર્થ સમજાવશો?

જ. ૫ : મજાની વાત એ છે કે શ્રીવલ્લાચાર્યજીનો દષ્ટિકોણ, જે આજે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના નામે પ્રસિદ્ધ છે, તે દષ્ટિકોણ માટે શ્રીવલ્લભાચાર્યજીએ પોતે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ શબ્દનો પ્રયોગ કર્યો નથી. શ્રીવલ્લભાચાર્યજીએ તેમના તત્ત્વાર્થદીપ-નિબંધ ગ્રંથમાં પોતાની વિચારસરણીને અખંડ બ્રહ્મવાદનું નામ આપ્યું છે. તેનો આશય સમજાવતાં તેમણે કહ્યું કે બ્રહ્મ એટલે પરમાત્મા એક, અખંડ અને અવિભાજ્ય છે. તેના ટુકડા ન થઈ શકે. ભક્તે જગતના ચરાચરમાં ઈશ્વરનાં દર્શન કરવાનાં છે. ત્યાં ઈશ્વરનું અખંડ દર્શન હોઈ આ વિચાર અખંડ બ્રહ્મવાદ કહેવાયો.

શ્રીવલ્લભાચાર્યજીએ 'શુદ્ધાદ્વૈત' શબ્દનો પ્રયોગ એમના ગ્રંથોમાં ફક્ત એક જ વખત 'શ્રીસુબોધિનીજી'માં કર્યો છે. ત્યાં તેઓ કહે છે કે આત્મજ્ઞાન આપણા અજ્ઞાનને દૂર કરે છે. બ્રહ્મજ્ઞાન બ્રહ્મ અને જીવનું સ્વરૂપ સમજાવે છે. જ્યારે આત્મજ્ઞાન સાથે બ્રહ્મજ્ઞાન ઉમેરાય ત્યારે શુદ્ધાદ્વૈતનું જ્ઞાન થાય છે.

પ્ર. ૬ : તો પછી શુદ્ધાદ્વૈત શબ્દનો પ્રયોગ કોણે કર્યો?

જ. ૬ : શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ તેમના ગ્રંથોમાં આ વિચારસરણી માટે શુદ્ધ બ્રહ્મવાદ શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે. સત્તરમી સદીમાં થયેલા તેમના વંશજ શ્રીપુરુષોત્તમજીએ શ્રીવલ્લભાચાર્યજીની વિચારસરણીને સૌ પ્રથમ વખત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ તરીકે ઓળખાવી છે. ત્યારબાદ શ્રીવલ્લભાચાર્યજીથી દશમી પેઢીએ થયેલા શ્રીગિરિધરજીએ ઓગણીસમી સદીમાં શુદ્ધાદ્વૈત-માર્તણ્ડ નામનો ગ્રંથ લખ્યો. ત્યારથી શ્રીવલ્લભાચાર્યજીનું તત્ત્વજ્ઞાન 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' તરીકે પ્રસિદ્ધ થયું અને આ નામ સૌએ સ્વીકારી લીધું.

શ્રીગિરિધરજી શુદ્ધાદ્વૈત શબ્દનો સમાસ બે રીતે છૂટો પાડે છે : શુદ્ધ અને અદ્વૈત, તે શુદ્ધાદ્વૈત. તેને કર્મધારય સમાસ તરીકે લેતાં એમ કહેવામાં આવ્યું કે બ્રહ્મ, જગત અને જીવનું અદ્વૈત છે; એટલે ત્રણેનું એક જ સ્વરૂપ છે. તે ત્રણ વચ્ચે કોઈ તફાવત નથી. બ્રહ્મ તેમની માયા નામની શક્તિથી જીવ અને જગતથી જુદા જણાય છે તે આપણો ભ્રમ છે, બાકી ત્રણે એક જ છે. બ્રહ્મ શુદ્ધ છે, માટે જીવ અને જગત પણ મૂળમાં શુદ્ધ છે. તેમનું અદ્વૈત શુદ્ધ છે, માટે તેને શુદ્ધાદ્વૈત કહે છે.

શુદ્ધાદ્વૈત શબ્દનો સમાસ બીજી રીતે છૂટો પાડતાં બંને શુદ્ધનું અદ્વૈત એમ કહેવામાં આવ્યું. પરમાત્માએ તેમની ઈચ્છાથી તેમનામાંથી જગત ઉત્પન્ન કર્યું

છે. તેથી પરમાત્માથી જગત જુદું નથી. બ્રહ્મના કાર્યરૂપ જગત પણ પરમાત્માની જેમ શુદ્ધ છે. બ્રહ્મમાંથી જેમ જગત પ્રગટ થયું, તેમ જીવો પણ પ્રગટ થયા. તે પણ શુદ્ધ છે. આમ, બ્રહ્મ અને જગત તથા બ્રહ્મ અને જીવ બંને શુદ્ધોનું અદ્વૈત રચાતાં તે શુદ્ધાદ્વૈત કહેવાય છે.

પ્ર. ૭ : શુદ્ધાદ્વૈત શબ્દ તો સમજાયો. હવે બ્રહ્મવાદ શબ્દ સમજાવશો?

જ. ૭ : બ્રહ્મ એટલે પરમાત્મા. વાદ એટલે વિચાર. સંસ્કૃતમાં 'વદ્' ધાતુ છે, તે પરથી વાદ શબ્દ બન્યો. વદ્ એટલે કહેવું. જે વિચાર કહેવામાં આવે, જેની ચર્ચા-વિચારણા થાય, તે વાદ કહેવાય. બે વિરુદ્ધ વિચારોની ચર્ચાને વિવાદ કહેવાય. આમ, બ્રહ્મવાદ એટલે બ્રહ્મ વિશેનો વિચાર.

પ્ર. ૮ : આપે આગળ કહ્યું કે બધા આચાર્યોએ પરમાત્મા વિષે જ વિચાર કર્યો છે, તો પછી બ્રહ્મવાદ એવો વિશેષ શબ્દ વાપરવાનું કારણ શું?

જ. ૮ : એનું કારણ એ છે કે શ્રીશંકારાચાર્ય બીજા આચાર્યો કરતાં તત્ત્વજ્ઞાનની બાબતમાં ઘણા જુદા પડે છે. શ્રીશંકરાચાર્યે એવો મત બતાવ્યો કે માયા નામની બ્રહ્મની એક શક્તિ છે. તે બ્રહ્મની શક્તિ છે; છતાં બ્રહ્મ જેટલું જ તેનું સામર્થ્ય છે. એક ઉદાહરણ લઈને આ વાત સમજવી પડે. સૂર્ય અને સૂર્યનાં કિરણો. સૂર્યનાં કિરણોમાં ગરમી આપવાની શક્તિ છે. સૂર્ય આ શક્તિથી ભરેલો છે, તેથી સૂર્યને શક્તિમાન કહેવાય અને તેનાં કિરણોને શક્તિ કહેવાય. શક્તિમાનમાંથી શક્તિ પ્રગટ થઈ છે; પરંતુ શક્તિમાન અને શક્તિ બે બરાબર નથી. શક્તિમાન શક્તિ કરતાં ચઢિયાતો છે. તેમ વાસ્તવમાં બ્રહ્મ શક્તિમાન છે અને માયા તેની એક શક્તિ છે. બ્રહ્મમાં માયા જેવી બીજી અનેક શક્તિઓ છે. એટલે શક્તિમાન બ્રહ્મ અને શક્તિ માયા એ બંને સમોવડિયાં - બરાબરનાં કહેવાય નહિ.

છતાં શ્રીશંકરાચાર્યજીએ એમ કહ્યું કે માયામાંથી જગત પ્રગટ થયું છે. માયા જાદુગર જેવી છે. એટલે એક જાદુગર જેમ સ્ટેજ ઉપર જાદુનગરી રચે, તેમ માયાએ આ જગત રચ્યું છે. જાદુનગરી આપણી આંખનો ભ્રમ હોય છે, વાસ્તવમાં સ્ટેજ તદ્દન ખાલી હોય છે. કોઈ નગરી હોતી નથી. તેથી જાદુગરે રચેલી જાદુનગરીને માયાવી અને મિથ્યા કહેવામાં આવે છે.

શ્રીશંકરાચાર્યજી કહે છે કે માયામાંથી પ્રગટ થયેલું જગત પણ માયાવી અને મિથ્યા છે. વાસ્તવમાં જગત જેવું કંઈ છે જ નહિ. જેમ જાદુનગરી આંખે દેખાતી હોવા છતાં મિથ્યા છે, તેમ આ જગત પણ આપણી આંખે દેખાતું હોવા

છતાં સત્ય નથી, મિથ્યા છે. શ્રીશંકરાચાર્યજી જગતને સ્વપ્ન સાથે પણ સરખાવે છે. આપણો સ્વપ્નનો અનુભવ સત્ય ઘટના હોતી નથી, તે મિથ્યા હોય છે, તેવું જગતનું પણ છે.

શ્રીશંકરાચાર્યજીએ માયાને આટલું બધું મહત્ત્વ આપવાને કારણે તેમનું તત્ત્વજ્ઞાન માયાવાદ તરીકે પ્રસિદ્ધ થયું હતું.

શ્રીવલ્લભાચાર્યજી અને અન્ય આચાર્યોને શ્રીશંકરાચાર્યજીનો આ વિચાર જરા પણ સ્વીકાર્ય ન હતો; તેથી તેમણે તેનો અસ્વીકાર કરવા માયાવાદની વિરુદ્ધ બ્રહ્મવાદ શબ્દનો પ્રયોગ કર્યો. તેથી શ્રીવલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના નામે પ્રસિદ્ધ છે.

પ્ર. ૯ : આપે કહ્યું કે શુદ્ધાદ્વૈત દર્શનમાં બ્રહ્મનો મુખ્ય વિચાર કરવામાં આવ્યો છે, તો બ્રહ્મ વિષે શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય શો છે?

જ. ૯ : બ્રહ્મ શબ્દ બૃહત્ શબ્દમાંથી બનેલો છે. બૃહત્ એટલે વ્યાપક. જે સર્વ બ્રહ્માંડોના કણકણમાં, પ્રત્યેક અણુમાં વ્યાપેલા છે તે બ્રહ્મ. સામાન્ય રીતે સર્વવ્યાપી પદાર્થ તરીકે આપણા અનુભવમાં હવા આવે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે હવાને બ્રહ્મ કહી શકાય નહિ; કારણ કે હવા કેવળ પૃથ્વી ઉપર છે. આ બ્રહ્માંડમાં આવી અનેક પૃથ્વીઓ, ગ્રહો, નક્ષત્રો, તારાઓ વગેરે છે. આવા એક બ્રહ્માંડ જેવાં બીજાં અનેક બ્રહ્માંડો છે. એ બધાંમાં હવા રહેલી છે, એમ આપણે કહી શકતા નથી. માટે હવા સર્વવ્યાપી નથી. સર્વવ્યાપી કેવળ બ્રહ્મ છે. આથી પરમાત્માને વેદમાં બ્રહ્મ શબ્દથી ઓળખવામાં આવ્યા છે. બ્રહ્મ શબ્દ પરમાત્માના અસ્તિત્વનું સર્વવ્યાપીપણું બતાવે છે. પરમાત્માનું એ વિશેષ નામ નથી. પરમાત્મા બ્રહ્માંડમાં સર્વવ્યાપી છે, એટલે બ્રહ્માંડમાં જેટલા જડચેતન પદાર્થો છે, એ બધા આ પરમાત્માનાં જ જુદાં જુદાં નામ અને રૂપ છે એમ કહી શકાય. આમ, બ્રહ્માંડમાં વ્યાપેલા પરામાત્માને કોઈ આકાર નથી. માટે બ્રહ્મને નિરાકાર કહેવામાં આવે છે. પરંતુ બ્રહ્માંડના દરેક નામ-રૂપમાં બ્રહ્મ હોવાથી, બધા આકારો બ્રહ્મના જ આકારો છે. આ દૃષ્ટિથી બ્રહ્મ સર્વાકાર પણ છે.

ગીતામાં આ પરમ તત્ત્વને પરમાત્મા શબ્દથી ઓળખવામાં આવેલા છે. આપણા શરીરમાં રહેલ ચૈતન્ય જીવાત્મા કહેવાય છે. બધા જીવાત્માઓ જે પરમ આત્મામાંથી છૂટા પડ્યા તે પરમાત્મા કહેવાયા. આપણા શરીરમાં જીવાત્માની સાથે એક બીજું દિવ્ય તત્ત્વ રહેલું છે, તેને અંતર્યામી કહેવામાં આવે છે. તે પરમાત્મા છે. વેદમાં જીવાત્મા અને પરમાત્મા માટે એક સુંદર વાત બતાવવામાં

આવી છે. એક વૃક્ષની ડાળ ઉપર બે પક્ષી બેઠાં છે. બંને મિત્રો છે. એક પક્ષી બોલે છે, બીજું સાંભળે છે, બધું જુએ છે, પણ કંઈ કહેતું નથી. વૃક્ષ એટલે આપણું શરીર. તેની ડાળ એટલે હૃદય. બે પક્ષી એટલે જીવાત્મા અને પરમાત્મા. જીવાત્મા સતત કાર્યરત રહે છે. પરમાત્મા સાક્ષીભાવથી તટસ્થ પ્રેક્ષક બનીને બધું જોયા કરે છે. પણ જીવાત્માનાં કાર્યો માટે પોતાનો કોઈ અભિપ્રાય આપતા નથી. ક્યારેક જીવાત્માને અમુક કરવાની કે અમુક ન કરવાની અંતઃકરણમાં પ્રેરણા કરે છે. આ અંતર્યામી સ્વરૂપ એ પરમ તત્ત્વનું સૂક્ષ્મ સ્વરૂપ છે. તે પરમાત્મા કહેવાયા. બ્રહ્મ નિરાકાર અને સર્વાકાર છે, તો પરમાત્મા સૂક્ષ્મ આકારવાળા છે.

હૃદયમાં રહેલા પરમાત્માને આપણે જોઈ શકતા નથી. જ્ઞાનીઓ અને ભક્તોને પરમાત્માનાં દર્શન કરવાની ઉત્કટ ઇચ્છા હોય છે. ભક્ત પરમાત્માને પોતાની આસક્તિના સુંદર મધુર નરાકાર સ્વરૂપે જોવા ઝંખે છે. ભક્ત ભગવાનને નરાકારરૂપે વિચારે છે અને અનુભવે છે. તેમ સૂફી સંપ્રદાયના સેવકો આ પરમ તત્ત્વને પોતાની પ્રિયતમાના સ્વરૂપે વિચારે છે અને અનુભવે છે. પરમેશ્વર જ્યારે ભક્ત ઉપર કૃપા કરી, એના ભાવનું સ્વરૂપ ધારણ કરી પ્રગટ થાય છે; ત્યારે તેને ભગવાન કહેવામાં આવે છે. ભગ એટલે સામર્થ્ય. જેમનામાં કોઇ પણ સ્વરૂપ ધારણ કરવાનું સામર્થ્ય છે તે ભગવાન. ભગ એટલે ઐશ્વર્ય. જેમનામાં મહત્તમ ઐશ્વર્ય છે, તે ભગવાન. ભાગવતમાં ભક્તોનાં ચરિત્રો છે. આ પરમ તત્ત્વ ભક્તો સામે જુદાં જુદાં રૂપ લઈ પ્રગટ થયું. માટે તેમને ભાગવતે ભગવાન કહ્યા. આ ભગવત્-સ્વરૂપ સાકાર છે. તેમને પોતાને એક વિશિષ્ટ સંપૂર્ણ આકાર છે, તેથી ભગવાનને પુરુષ અથવા પુરુષાકાર પણ કહેવામાં આવે છે.

પ્ર. ૧૦ : બ્રહ્મ સાકાર બને ત્યારે ભગવાન કહેવાય, તો શું એ બ્રહ્મનું સ્વરૂપ જ્યારે પૃથ્વી ઉપર મનુષ્યદેહ લઈ પ્રગટ થાય, ત્યારે મનુષ્ય શરીર જેવું તેમનું શરીર હોય? શું ભગવાન આપણા જેવા શરીરવાળા હોય?

જ. ૧૦ : ના. મનુષ્ય-શરીર અને ભગવત્-શરીરમાં આસમાન-જમીનનો તફાવત છે. મનુષ્ય શરીર સ્ત્રી-પુરુષના સંયોગથી જન્મેલું છે. એટલે તેનામાં પ્રકૃતિના ગુણધર્મો છે. તેનો એક ગુણધર્મ એ છે કે શરીર જન્મથી મરણ સુધી છ અવસ્થાઓમાંથી પસાર થાય છે : જન્મવું, વધવું, વૃદ્ધ થવું આ બધી શરીરની અવસ્થાઓ છે. જન્મથી મરણ સુધી શરીર એકસરખું રહેતું નથી. તેનામાં ઘણા વિકારો જોવા મળે છે, માટે તેને પ્રાકૃત શરીર કહેવામાં આવે છે. ભગવાનનું સ્વરૂપ આવા પ્રાકૃત શરીરવાળું હોતું નથી. ભગવાનનું દિવ્ય-સ્વરૂપ અપ્રાકૃત છે;

છતાં ભગવાન જ્યારે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે, ત્યારે જગતના લોકોને એવો ભાસ કરાવે છે કે હું પણ તમારામાંનો એક છું, તેથી બાહ્ય રીતે ભગવદ્-અવતાર આપણને પ્રાકૃત શરીરવાળો લાગે છે. પણ વાસ્તવમાં તેમનું સ્વરૂપ અપ્રાકૃત, અલૌકિક, દિવ્ય છે. બાહ્ય દેખાવ જ સન્મનુષ્યાકૃતિ હોય છે. તે શરીરના ગુણધર્મો મનુષ્યના હોતા નથી.

બ્રહ્મને જન્મ નથી તેમ મરણ પણ નથી. બાળપણ, યુવાની, ઘડપણ જેવી કોઈ અવસ્થાઓ પણ નથી. તેઓ સનાતન એકરૂપ છે. તેઓ અનાદિ છે અને અનંત છે. એમના કોઈ માતા-પિતા નથી, તેઓ કશામાંથી પ્રગટ થયા નથી, તેમનો કોઈ કાળે લય થવાનો નથી.

મનુષ્યો અને ભગવાનમાં એક બીજો મોટો તફાવત છે. આપણું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. જળ, તેજ, વાયુ, પૃથ્વી અને આકાશ. આપણા શરીરમાં લોહી, માંસ, હાડકાં, ચરબી વગેરે પદાર્થો રહેલા છે. આપણા શરીરને થાક, ભૂખ, તરસ, ઊંઘ, સુખ વગેરેના અનુભવ થાય છે. ભગવાનને આવું કંઈ થતું નથી. ભગવત્-સ્વરૂપ કેવળ આનંદાત્મક છે. આનંદ દિવ્ય રસ છે. જેમ પાણી થીજી જઈને બરફ બને, ત્યારે તે પાણીનું ઘન સ્વરૂપ કહેવાય છે. તેમ બ્રહ્મ આનંદ રસનું ઘન સ્વરૂપ છે. સાકરમાંથી બનાવેલી ઢીંગલીના બધા અવયવો સાકરના જ હોય છે, તેમ આનંદ રસાત્મક સ્વરૂપ ધરાવે છે. તેમને મનુષ્ય જેવા કોઈ લૌકિક અનુભવો નથી. બ્રહ્મમાં સત્, ચિત્ ને આનંદ રહેલો છે. તેથી બ્રહ્મ સચ્ચિદાનંદ પણ કહેવાય છે. બ્રહ્મનો આનંદ હમેશાં એકસરખો છે, સમુદ્રની જેમ સ્થિર રહે છે, તેમાં કોઈ વધઘટ થતી નથી. માટે બ્રહ્મ સદાનંદ - પૂર્ણાનંદ પણ કહેવાય છે.

વેદોએ એમ કહ્યું કે બ્રહ્મ નિરાકાર, છતાં સાકાર છે. સામાન્યતઃ જે નિરાકાર હોય તે સાકાર ન હોય અને જે સાકાર હોય તે નિરાકાર ન હોય. બંને વિરુદ્ધ બાબતો છે. તો બ્રહ્મ કેવી રીતે નિરાકાર અને સાકાર હોઈ શકે? શ્રીમહાપ્રભુજી એનો ખુલાસો કરતાં કહે છે કે બ્રહ્મમાં મનુષ્યના પ્રાકૃત શરીરનાં લક્ષણો નથી, તે અર્થમાં બ્રહ્મ નિરાકાર છે. બ્રહ્મનું દિવ્ય સ્વરૂપ છે, તે અર્થમાં બ્રહ્મ સાકાર છે.

આ બ્રહ્મ ભક્તોને જુદા જુદા સ્વરૂપે દર્શન આપે છે. ઉપનિષદોએ બ્રહ્મના સાકાર સ્વરૂપને 'કૃષ્ણ' શબ્દથી ઓળખાવ્યું છે. 'કૃષ્' + 'ણ' એમ બે શબ્દોના બનેલા કૃષ્ણ શબ્દનો વિચાર આપણે કરી ગયા છીએ. તે સર્વશક્તિમાન અને સદાનંદ છે. માટે બ્રહ્મને કૃષ્ણ કહેવામાં આવ્યા. બ્રહ્મને માટે બીજા બે શબ્દો પણ વપરાય છે. પરબ્રહ્મ અને પૂર્ણપુરુષોત્તમ. પર એટલે શ્રેષ્ઠ. બ્રહ્મ સૌથી શ્રેષ્ઠ છે,

તેમના સમાન આખા બ્રહ્માંડમાં બીજું કોઈ નથી, એમ સૂચવવા માટે તેમને પરબ્રહ્મ કહ્યા. પુરુષ એટલે આત્મા. પુરુષોત્તમ એટલે પરમાત્મા. જગતમાં જુદાં જુદાં કાર્યો કરવા માટે પરબ્રહ્મ પરમાત્મા તે તે કાર્યને અનુરૂપ શક્તિવાળું પોતાનું રૂપ પ્રગટ કરે છે. આવા ચોવીસ અવતારો આપણે ત્યાં કહેવાયા છે. તેમાં પરમાત્મા એક જ અવતારમાં પૂર્ણ શક્તિશાળી સ્વરૂપે પ્રગટ થયા, તે કૃષ્ણાવતાર છે. તેથી કૃષ્ણ અવતારને પૂર્ણપુરુષોત્તમ અવતાર કહેવામાં આવે છે. બાકીના અવતારો આ પુરુષોત્તમના અવતારો છે, એમ સમજવામાં આવે છે. કૃષ્ણ અવતારી છે.

આ પ્રમાણે આપણે બ્રહ્મનાં વિવિધ નામો, એમનું સ્વરૂપ અને એમના રૂપનો વિચાર કર્યો.

પ્ર. ૧૧ : બ્રહ્મને જેમ પોતાનું એક અલૌકિક સ્વરૂપ છે, તેમ બ્રહ્મને એમના ગુણો પણ હશે. બ્રહ્મના ગુણો વિશે કહેશો?

જ. ૧૧ : સંસ્કૃતમાં ગુણ અને ધર્મ શબ્દ એકબીજાના પર્યાય તરીકે પણ વપરાય છે. સામાન્ય રીતે આપણે ધર્મ શબ્દથી ફરજ એવો અર્થ સમજીએ છીએ. પરંતુ ધર્મ શબ્દ ગુણના અર્થમાં વપરાય છે. માટે આપણે પદાર્થના ગુણધર્મો એવો શબ્દપ્રયોગ કરીએ છીએ. તે પ્રમાણે શાસ્ત્રોમાં બ્રહ્મના ગુણો માટે ધર્મ શબ્દનો ઉપયોગ થયો છે. વેદોએ એમ કહ્યું કે બ્રહ્મ નિર્ગુણ છે, એટલે નિર્ધર્મક છે. પણ સાથે સાથે તે સગુણ છે, એટલે સધર્મક છે. નિર્ગુણ એટલે ગુણો ન હોવા, સગુણ એટલે ગુણો હોવા. અહીં પાછો વિરોધાભાસ આવ્યો. એકબાજુ કહે છે કે ગુણો નથી, બીજી બાજુ કહે છે કે ગુણો છે. શ્રીમહાપ્રભુજીએ તેની સ્પષ્ટતા કરી કે લૌકિક મનુષ્યો જેવા લૌકિક ગુણો બ્રહ્મમાં નથી, માટે તે નિર્ગુણ છે. પરંતુ બ્રહ્મમાં અલૌકિક દિવ્ય ગુણો રહેલા છે, માટે તે સગુણ છે. બ્રહ્મમાં મુખ્યત્વે છ અલૌકિક ગુણો રહેલા છે. તે છે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. આ છ દિવ્ય ગુણો બ્રહ્મમાં રહેલા હોવાથી બ્રહ્મને ધર્મીસ્વરૂપ પણ કહેવામાં આવે છે. ધર્મોને ધારણ કરે કે ધર્મી.

આ ઉપરાંત, બ્રહ્મમાં નીચેના જેવા બીજા છ ગુણો પણ છે : (૧) તે વ્યાપક છે, જગતમાં દરેક પદાર્થમાં તે અંશરૂપે રહેલા છે. (૨) તે અવ્યયી છે, વ્યય એટલે વધઘટ થવી. બ્રહ્મમાં કોઈ વધઘટ થતી નથી. તેઓ સદા એક જ સ્વરૂપે રહેલા છે. પૂર્ણાનંદ છે. (૩) તે સર્વશક્તિમાન છે, તેમની બાર મુખ્ય શક્તિઓ છે. તે દ્વારા તેઓ જગતનું સમગ્ર તંત્ર ચલાવે છે. તેઓ સર્વશક્તિમાન હોવાથી, કરવા

જેવું કરે છે અને ન કરવા જેવું પણ કરે છે. કરવા લાયક હોય તેનાથી ઊલટું પણ કરે છે અને કરવા જેવું હોય તે નથી પણ કરતા. (૪) તેઓ સ્વતંત્ર છે, તેઓ બીજા કોઈની ઇચ્છા પ્રમાણે ચાલતા નથી. તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે જ બધું કરે છે. માયા દ્વારા જગતમાં જડચેતન પદાર્થો પાસે પોતાની ઇચ્છા પ્રમાણે બધું કરાવે છે. (૫) તે સર્વજ્ઞ છે, તે બધું જાણે છે. તેનાથી કશું છૂપું કે અજાણ્યું નથી. (૬) તે નિર્ગુણ છે, દુનિયાના લૌકિક ગુણો તેમનામાં નથી.

આ બ્રહ્મ કેવળ અલૌકિક ગુણોવાળા નથી; પરંતુ તેમનામાં એકીસાથે એક જ સમયે વિરુદ્ધ ગુણો પણ રહેલા છે. માટે તેમને વિરુદ્ધધર્માશ્રયી કહેવામાં આવે છે. બ્રહ્મમાં રહેલા **વિરુદ્ધ ધર્મો** આ પ્રમાણે છે : (૧) તે નિરાકાર હોવા છતાં સાકાર છે. (૨) નિર્ગુણ છતાં સગુણ છે. (૩) અણુથી સૂક્ષ્મ છતાં વિરાટથી વિરાટ છે. (૪) એક હોવા છતાં અનંત રૂપધારી છે. (૫) અચલ હોવા છતાં ચલ છે. (૬) અકૃત હોવા છતાં સર્વકૃત છે. (૭) અવિભક્ત હોવા છતાં વિભક્ત છે. (૮) અગમ્ય હોવા છતાં ગમ્ય છે. (૯) અદૃશ્ય હોવા છતાં દૃશ્ય છે. (૧૦) અપક્ષપાતી હોવા છતાં પક્ષપાતી છે. (૧૧) સ્વતંત્ર છતાં પરતંત્ર છે. (૧૨) સર્વજ્ઞ છતાં મુગ્ધ છે. (૧૩) નિર્ભય છતાં ભયભીત છે. (૧૪) નિરપેક્ષ છતાં અપેક્ષાવાળા છે. (૧૫) આત્મારામ છતાં રમણ કરે છે. (૧૬) પૂર્ણકામ છતાં અપૂર્ણકામ છે.

જેમ સૂર્યનાં કિરણો જુદાં જુદાં હોવા છતાં સમગ્ર સૂર્યનો પ્રકાશ એક જ છે, તેમ બ્રહ્મના ધર્મો જુદા જુદા દેખાવા છતાં વસ્તુતઃ તે એકબીજાથી અલગ નથી.

પ્ર. ૧૨ : બ્રહ્મનું કાર્ય સમજાવશો?

જ. ૧૨ : આપણી નજરે દેખાય છે તે પૃથ્વી, આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો વગેરેને એકત્ર કરીએ તો તેને બ્રહ્માંડ કહેવાય છે. બ્રહ્માંડ શબ્દ બ્રહ્મ+અંડ મળીને બનેલો છે. જેમ માદા પક્ષી બચ્ચાના જન્મ માટે ઈંડું મૂકે, તેમ બ્રહ્મમાંથી આ આખી સૃષ્ટિ પ્રગટ થઈ છે એમ સૂચવવા માટે તેને બ્રહ્મના ઈંડા સાથે સરખાવવામાં આવેલ છે. તેથી તેને બ્રહ્માંડ કહ્યું છે. આવાં અનેક બ્રહ્માંડો સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે. દરેક બ્રહ્માંડમાં આપણા જેવી પૃથ્વી, સૂર્ય વગેરે પણ છે. આ સર્વ બ્રહ્માંડોની રચના પરબ્રહ્મ પરમાત્મામાંથી થઈ છે.

વેદ જણાવે છે તેમ બ્રહ્માંડની રચનાપૂર્વે પરબ્રહ્મ પરમાત્મા એકલા અને એકાકી હતા. તેમનું સ્વરૂપ આનંદ-રસાત્મક હોવાથી, આનંદરસ માણવો એ તેમનો સ્વભાવ છે. પરંતુ એકલાથી રમણ કરી શકાય નહિ. રમણ વિના આનંદ આવે નહિ, તેથી આનંદરસ અનુભવવા પરમાત્મા રમણ કરવા માટે એકમાંથી

અનેક થયા. તેમણે અનેક રૂપ ધારણ કરવાની ઈચ્છા કરી. તેઓ એટલા શક્તિમાન છે કે ઈચ્છામાત્રથી તેમણે સમગ્ર બ્રહ્માંડ પ્રગટ કર્યું. તેમાં જડ અને ચેતન સૃષ્ટિનાં વિવિધ નામરૂપો પણ પ્રગટ કર્યાં.

પરબ્રહ્મ પરમાત્માએ સૌ પ્રથમ પોતાના સ્વરૂપમાંથી જ અક્ષરબ્રહ્મને પ્રગટ કર્યું. અક્ષરબ્રહ્મને પુરાણોમાં વ્યાપિ-વૈકુંઠ, ગોલોકધામ જેવાં નામોથી ઓળખવામાં આવેલું છે. આધિદૈવિક સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મામાંથી પ્રગટ થયેલું અક્ષર બ્રહ્મ પરમાત્માનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આ અક્ષરબ્રહ્મમાંથી પરમાત્મા તેમના સદંશને પ્રગટ કરી, સૃષ્ટિનાં અનેક જડ પદાર્થોરૂપે પ્રગટ થયા. તેથી જડ સૃષ્ટિ બની. પોતાના સદંશ અને ચિદંશ દ્વારા પરમાત્મા અક્ષરબ્રહ્મમાંથી જીવસૃષ્ટિરૂપે પ્રગટ થયા. પરિણામે ચોર્યાસી લાખ યોનિઓની જીવસૃષ્ટિ નિર્માણ થઈ. આમ, અક્ષરબ્રહ્મમાંથી સમગ્ર બ્રહ્માંડોની રચના થઈ. આપણી પૃથ્વી પરની જડ-ચેતન સૃષ્ટિને આપણે જગતના નામે ઓળખીએ છીએ. જગત બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. આમ, જગતની રચના એ બ્રહ્મનું એક મુખ્ય કાર્ય છે. આ કાર્ય પાછળનો હેતુ પોતાનો આનંદ પોતે માણવાનો છે.

બ્રહ્મમાંથી જગતની રચના કરવાનું જે કાર્ય પરમાત્માએ કર્યું તેને સમજાવવા માટે શાસ્ત્રોમાં ત્રણ ઉદાહરણો આપવામાં આવે છે. પહેલું ઉદાહરણ સોનાનું અને તેમાંથી બનતા દાગીનાઓનું છે. સોનામાંથી દાગીના બને છે. દરેક દાગીનાનો આકાર અને નામ જુદાં જુદાં હોય છે, પરંતુ વાસ્તવમાં તે સોનું જ હોય છે. તે દાગીનાઓને અગ્નિમાં ઓગાળવાથી ફરી પાછું સોનું બની જાય છે. તેવી રીતે બ્રહ્મમાંથી જગત પ્રગટ થયું છે. તે જગત ફરી બ્રહ્મમાં લય પામે છે. આમ, જગતનું સ્વરૂપ ધારણ કરવા છતાં બ્રહ્મના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર થતો નથી.

બીજો દાખલો કરોળિયાનો આપવામાં આવ્યો. કરોળિયો તેના મોંમાંથી લાળ કાઢી, તેનું જાળું બનાવે છે અને તેની ઈચ્છા પ્રમાણે તે જાળામાં રહે છે. તેને તે જાળું સંકેલી લેવાની ઈચ્છા થાય, ત્યારે તેના મોંમાં તે લાળને સંકેલી લે છે. આમ, કરોળિયાનું મૂળ સ્વરૂપ બદલાતું નથી.

ત્રીજો દાખલો માટી અને ઘડાનો આપવામાં આવ્યો. માટીમાંથી ઘડો બને છે. ઘડો ફૂટી જતાં ફરી પાછી માટી થઈ જાય છે. આમ, બ્રહ્મ પણ અનેક નામરૂપો ધારણ કરે છે; છતાં બ્રહ્મનું મૂળ સ્વરૂપ તેનું તે જ રહે છે. બ્રહ્મમાંથી પ્રગટ થયેલા જગતમાં કોઈ વસ્તુ નવી જન્મતી નથી, બધું જ બ્રહ્મમાંથી બહાર પ્રગટ થાય છે. જે મૂળમાં છે તે જ અસ્તિત્વ ધારણ કરે છે. માટે તેને જન્મ ન કહેતાં આવિર્ભાવ

કહેવામાં આવે છે. આવિર્ભાવ એટલે જેમનું અસ્તિત્વ હોય, તેમનું અસ્તિત્વ આપણી સામે પ્રગટ થવું. એવી જ રીતે જગતમાં બધાં જ નામરૂપો નાશ પામતાં નથી. તેમનાં રૂપાંતર થાય છે અને અંતે તે બ્રહ્મમાં લય પામે છે. તેથી તે પ્રક્રિયાને તિરોભાવ કહેવામાં આવે છે. તિરોભાવ એટલે જે અસ્તિત્વ નજર સામે પ્રગટ થયું હતું. તેનું તેના મૂળ રૂપમાં સમાઈ જવું. આમ, બ્રહ્મનું કાર્ય જગત એ બ્રહ્મની આવિર્ભાવ અને તિરોભાવ-લીલા છે.

બ્રહ્મમાંથી જગત પ્રગટ થયું, તે સિદ્ધાંતને સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે, ત્યારે કુંભાર ઘડાનું નિમિત્ત-કારણ છે. માટીમાંથી ઘડો બને છે, એટલે માટી ઘડાનું ઉપાદાન-કારણ છે અને ઘડો કાર્ય છે. વિજ્ઞાન પણ કહે છે કે કારણ વિના કાર્ય સંભવતું નથી. કારણમાં જ કાર્ય છુપાયેલું હોય છે, જે સમય આવે પ્રગટ થાય છે. ઘડાનું ઉપાદાન કારણ અને નિમિત્તકારણ અલગ-અલગ છે, પણ ઘડારૂપી કાર્ય એક છે. આમ, ઉપાદાનકારણ કાર્યરૂપ બને છે ત્યારે તેના મૂળ સ્વરૂપમાં કોઈ પરિવર્તન આવતું નથી. માટે આ પરિણામને અવિકૃત પરિણામ કહેવામાં આવે છે. આ જ પ્રકારે બ્રહ્મ ઉપાદાન કારણ છે, જગત તેનું કાર્ય છે. અહીં બ્રહ્મ જ નિમિત્ત કારણ છે. એટલે જગતરૂપી કાર્યનું ઉપાદાન અને નિમિત્ત બંને કારણ બ્રહ્મ છે. માટે બ્રહ્મમાંથી પ્રગટ થયેલું જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. તેને અવિકૃત પરિણામવાદ કહેવામાં આવે છે.

શ્રીશંકરાચાર્ય માને છે કે બ્રહ્મની માયા નામની એક શક્તિ છે, જે બ્રહ્મનું સ્વરૂપ જગતથી ઢાંકી દેવાનું કાર્ય કરે છે. આ માયા નામની શક્તિએ જગતની રચના કરી છે. બ્રહ્મે પોતે જગત રચ્યું નથી; માટે જગત માયિક હોવાથી મિથ્યા છે. શ્રીમહાપ્રભુજી શ્રીશંકરાચાર્યજીનો આ મત સ્વીકારતા નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે બ્રહ્મ પોતે જગતરૂપ થયા છે. પોતાના ક્રીડાવિહાર માટે પોતાનામાંથી જગતનો આવિર્ભાવ કર્યો છે. તેના પ્રત્યેક નામરૂપમાં બ્રહ્મ પોતે રહેલા છે. તેઓ જગતને ચલાવે છે અને જગતનો તિરોભાવ પણ પોતે પોતાનામાં જ કરે છે. આથી જેમ બ્રહ્મ શુદ્ધ અને અનન્ય છે, તેમ બ્રહ્મના કાર્યરૂપ જગત પણ શુદ્ધ, અનન્ય અને માયાથી રહિત છે. 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

પ્ર. ૧૩ : આપણે આવા બ્રહ્મ-સ્વરૂપને કેવી રીતે પામી શકીએ? તેમને પામવાનો ટૂંકો અને સરળ માર્ગ કયો?

જ. ૧૩ : જીવ પોતાની શક્તિથી તો બ્રહ્મસ્વરૂપને પામી શકતો નથી. અતિ પ્રાચીન સમયમાં અનેક લોકોએ જ્ઞાન, કર્મ અને યોગનાં વિવિધ સાધનો દ્વારા

બ્રહ્મપ્રાપ્તિના પુષ્કળ પ્રયત્નો કર્યા હતા; છતાં તેઓ બ્રહ્મને પામી શક્યા ન હતા. વેદની શ્રુતિઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે બ્રહ્મને સાધનો દ્વારા પામવા અશક્ય છે. બ્રહ્મ પોતે જ જ્યારે જીવ ઉપર કૃપા કરે, ત્યારે બ્રહ્મ જીવને પ્રાપ્ત થાય છે.

કૃપા એ બ્રહ્મની એક વીર્યશક્તિ છે, તેથી કૃપા કરવી એ બ્રહ્મનો એક ધર્મ છે. આમ, બ્રહ્મ જીવ પર કૃપા કરે એ બ્રહ્મનો માર્ગ છે. શ્રીમહાપ્રભુજીએ તેને પુષ્ટિમાર્ગ કહ્યો છે. પુષ્ટિનો અર્થ છે કૃપા. જે માર્ગે બ્રહ્મ જીવ પર કૃપા કરે તેનું નામ પુષ્ટિમાર્ગ. આ માર્ગમાં બ્રહ્મની કૃપા મેળવવા માટે જ્યારે કોઈ સાધનોથી જીવ પરિણામ લાવી શકતો નથી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પરબ્રહ્મ પરમાત્મા આનંદ-રસાત્મક પ્રેમસ્વરૂપ છે. એ પ્રેમસ્વરૂપને હૃદયના શુદ્ધ પ્રેમથી રીઝવી શકાય અને તેમની કૃપા પામી શકાય. હૃદયના શુદ્ધ પ્રેમનો માર્ગ એટલે પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ. તેને આપણે પુષ્ટિમાર્ગના નામે ઓળખીએ છીએ.

સારસ્વત કલ્પમાં વ્રજમાં પ્રગટ થયેલાં ગોપીજનોએ પોતાના હૃદયના શુદ્ધ સાચા પ્રેમથી પરબ્રહ્મ-સ્વરૂપ નંદનંદન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કર્યા હતા. એટલે પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરવાનો માર્ગ ગોપીજનોએ બતાવેલો છે. તે છે તેમની સ્નેહપૂર્ણ સેવાનો માર્ગ. આપણા પ્રભુને સાધનબળ કે બુદ્ધિબળથી પ્રસન્ન કરવાને બદલે દાસભાવની દીનતા અને પ્રેમથી પ્રસન્ન કરી શકાશે. ૮૪-૨૫૨ વૈષ્ણવનાં ચરિત્રો આ વાતની સાક્ષી પૂરે છે. શ્રીઠાકોરજીની સ્નેહપૂર્વક સેવા કરવાથી, નિષ્કામ ભાવ રાખીને શ્રીઠાકોરજીને પ્રેમ કરવાથી, તેમના પૂર્ણાનંદનો અનુભવ થઈ શકે છે.

પ્ર. ૧૪ : બ્રહ્મમાંથી અક્ષરબ્રહ્મ પ્રગટ થયું. આ અક્ષરબ્રહ્મનો વિશેષ પરિચય આપશો?

જ. ૧૪ : આપણે જોઈ ગયા કે પોતાની ક્રીડા માટે સૃષ્ટિ પ્રગટ કરવા બ્રહ્મે પોતાના સ્વરૂપમાંથી પોતાનું દિવ્યધામ અક્ષરબ્રહ્મ પ્રગટ કર્યું છે. 'અક્ષર' એટલે જે કદી નાશ ન પામે તે. પ્રલયકાળમાં જગતનો તિરોભાવ થાય છે. સામાન્ય સંજોગોમાં જગતનાં ઘણાં નામરૂપો તિરોભાવ પામે છે, પણ ક્યારેય આ અક્ષરબ્રહ્મનો તિરોભાવ થતો નથી. જેમાં બ્રહ્મ અક્ષર અટલે કાયમ માટે બિરાજમાન છે, તેનું નામ અક્ષરબ્રહ્મ છે. શાસ્ત્રોએ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે અક્ષરબ્રહ્મ એ બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. તે બ્રહ્મનું આધારસ્થાન છે. બ્રહ્મ આનંદ-સ્વરૂપ છે. રસ પાત્ર વિના રહી શકતો નથી, માટે બ્રહ્મરૂપી રસનું પાત્ર અક્ષરબ્રહ્મ છે. જો બ્રહ્મને હંસનું રૂપક આપીએ, તો જેમ

હંસને પુચ્છ હોય છે તેમ અક્ષરબ્રહ્મ એ હંસનું પુચ્છ છે. હંસથી તેનું પુચ્છ અલગ હોતું નથી, તેમ બ્રહ્મથી અક્ષરબ્રહ્મ પણ અલગ નથી.

બ્રહ્મમાં સત્, ચિત્ અને આનંદ રહેલાં છે. અક્ષરબ્રહ્મમાં પણ સત્, ચિત્ અને આનંદ રહેલાં છે. તફાવત એટલો જ છે કે બ્રહ્મનો આનંદ અગણિતાનંદ છે. તેની ગણતરી થઈ શકતી નથી. જ્યારે અક્ષરબ્રહ્મનો આનંદ ગણિતાનંદ છે, તેથી તેની ગણતરી થઈ શકે છે. અક્ષરબ્રહ્મ અત્યંત અલૌકિક તેજસ્વી સ્વરૂપનું છે. તેનું તેજ એટલું બધું છે કે તે તેજમાં તેનું મૂળ સ્વરૂપ જોઈ શકાતું નથી. કર્મ અને જ્ઞાનથી પરમાત્માને પામવા પ્રયત્નશીલ જીવોને વધુમાં વધુ ફળરૂપે અક્ષરબ્રહ્મમાં મોક્ષ મળે છે; એટલે કે તેમના જીવાત્મા કાયમ માટે અક્ષરબ્રહ્મમાં લય પામી જાય છે. પરિણામે, તેમને ફરી નવો જન્મ લેવો પડતો નથી.

જ્ઞાનીઓ જ્યારે જ્ઞાનસમાધિ લે છે, ત્યારે તેમના ચિત્તચક્ષુ સમક્ષ આ અક્ષરબ્રહ્મ અંતર્યામી-સ્વરૂપે પ્રગટ થાય છે. જ્ઞાનીઓની ગતિ અહીં સુધીની જ છે. આ અક્ષરબ્રહ્મ ભગવાનનાં ચરણારવિંદ છે. તે ચાર સ્વરૂપે અનુભવ કરાવે છેઃ (૧) અક્ષર-સ્વરૂપ (૨) કાલ-સ્વરૂપ (૩) કર્મ-સ્વરૂપ અને (૪) સ્વભાવ-સ્વરૂપ.

આ અક્ષરબ્રહ્મમાંથી અંતર્યામી, જડ પદાર્થો અને જીવસૃષ્ટિ પ્રગટ થયાં છે. પ્રાણીમાત્રમાં જીવાત્માની સાથે પરમાત્મા અંતર્યામી સ્વરૂપે રહેલા છે. આ અંતર્યામી સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી પ્રગટ થયેલું છે.

પ્ર. ૧૫ : પુષ્ટિમાર્ગમાં અક્ષરબ્રહ્મનું સ્થાન શું છે?

જ. ૧૫ : પુષ્ટિમાર્ગમાં અક્ષરબ્રહ્મ એટલે શ્રીઠાકોરજીનું નિત્યલીલાનું અલૌકિક દિવ્યધામ. તેને ગોલોકધામ તરીકે ઓળખવામાં આવે છે. પુષ્ટિભક્તો આ ધામમાં લય પામી મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા ક્યારેય રાખતા નથી. કોઈ માણસ શરબતના સમુદ્રમાં ડૂબકી મારી અંદર લીન થઈ જાય, તો તેને શરબતનો મીઠો સ્વાદ માણવા મળતો નથી; તેમ મોક્ષ મળવાથી શ્રીઠાકોરજીના અલૌકિક આનંદરસનો આસ્વાદ મળતો નથી; શ્રીઠાકોરજીનો સાક્ષાત્ અનુભવ થતો નથી. તેથી પુષ્ટિભક્તો મોક્ષ ઈચ્છતા નથી, પરંતુ નિત્યલીલાવાસ ઈચ્છે છે. તેથી શ્રી દયારામભાઈ કહે છે કે 'વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું.'

પ્ર. ૧૬ : આપે બ્રહ્મનું કાર્ય સમજાવતાં જગત વિષે વિસ્તારથી વાત કરી, તે પરથી એટલી વાત સમજમાં આવી છે કે જગતની રચના કરવાનું કારણ ઈશ્વર પોતે જ છે, જગત ઈશ્વરનું જ કાર્ય છે અને ઈશ્વરમાંથી જ પ્રગટ થયું છે. આમ, જગત ભગવદ્-કાર્ય અને ભગવદ્-રૂપ છે, તેથી તે

ભગવાનનું જ આધિભૌતિક સ્વરૂપ છે. માટે જગત સત્ય છે. તો આવા જગત સાથે આપણો વ્યવહાર કેવા પ્રકારનો હોવો જોઈએ?

જ. ૧૬ : તમે બહુ સુંદર પ્રશ્ન કર્યો. બ્રહ્મ ધર્મી-સ્વરૂપ છે. જગત બ્રહ્મનું ધર્મ-સ્વરૂપ છે. જગતની બધી ગતિવિધિ પરમાત્માના હાથમાં છે. તેમણે જગત પોતાના આનંદ માટે રચ્યું છે. આ મૂળ વાતને સમજીને આ જગતમાં આપણે તે મુજબનો બધો વ્યવહાર કરીએ, તો જીવન સુખમય અને આનંદમય બને.

જગતના કર્તાહર્તા પરમાત્મા છે. તેમની ઈચ્છા વિના એક પાન પણ હાલી શકતું નથી. એ સત્યને આપણે સમજતા થયા પછી, 'હું બધું કરું છું' એવો ખોટો ખ્યાલ મનમાંથી કાઢી નાખવો જોઈએ. પરમાત્માની ઈચ્છાનો સ્વીકાર કરીને, પરમાત્મા આપણી પાસે જે કંઈ કાર્ય કરાવે તે વિનમ્ર ભાવે કરવું જોઈએ. આપણી જાતને નિમિત્તમાત્ર માનવી જોઈએ.

જો દરેક કાર્યના કર્તા પરમાત્માને જ માનીશું, તો આપણને કોઈ પણ કામ થવાનું કે ન થવાનું ટેન્શન, ચિંતા રહેશે નહિ. કોઈ કાર્ય સારું થાય કે નિષ્ફળ જાય એનું દુઃખ, ઉદ્વેગ, ગ્લાનિ આપણને થશે નહીં. આપણા સમગ્ર જીવન અને તેનાં કાર્યોમાં આપણી તટસ્થતાની - એક પ્રેક્ષકની - દૃષ્ટિ કેળવાશે.

પરમાત્મા તેમના આનંદ માટે જગતરૂપ થયા છે, એટલે જગત પરમાત્માની ક્રીડાભૂમિ છે. શેક્સપિયર કહે છે તેમ જગત નાટકનો રંગમંચ છે. જગતનાં સૌ પ્રાણી અને પદાર્થો એ નાટકનાં પાત્રો છે. એક બહુ જ વિરાટ નાટક પરમાત્માના આનંદ માટે જગતના રંગમંચ ઉપર ભજવાઈ રહ્યું છે. દરેક પાત્ર પરમાત્માને પ્રસન્ન કરવા પોતાની પૂરેપૂરી શક્તિ રેડીને પોતાનો રોલ ભજવે છે. બધા રોલ એક પ્રકારના હોય, તો નાટકમાંથી વિવિધ રસો પ્રગટ થાય નહિ. વિવિધ રસો માટે વિવિધ પ્રકારનાં પાત્રો હોવાં જોઈએ. કેટલાંક ખલપાત્રો પણ હોય, કેટલાંક ગૌણપાત્રો પણ હોય. આ બધાં પાત્રોનો જે સ્વભાવ નાટકમાં જોવા મળે છે, તે તેમનો મૂળ સ્વભાવ નથી. મૂળમાં તો બધાં એક જ સ્વભાવનાં, એક પ્રકારનાં છે; પરંતુ નાટક માટે તેમણે જુદા જુદા સ્વભાવ ધારણ કર્યા છે, જુદો જુદો અભિનય સ્વીકાર્યો છે. આ દૃષ્ટિકોણથી આપણે જગતનો સ્વીકાર કરીએ, તો દરેક વ્યક્તિ માટે આપણને સન્માનની ભાવના જાગશે. કોઈના માટે આપણને દોષદર્શન થશે નહિ. કોઈ જીવ નાનો અને કોઈ જીવ મોટો, કોઈ સારો અને કોઈ ખરાબ લાગશે નહિ. જગતમાં થતું દરેક કાર્ય સુંદર જ લાગશે. જગતમાં બધું જ આપણને સુંદર દેખાશે, કશું નકામું કે ફેંકી દેવા જેવું લાગશે નહિ. આમ, આખું

જગત સત્ય, શિવ એટલે કલ્યાણમય અને સુંદર લાગશે. તેના કારણે જગત સાથેનો આપણો વ્યવહાર 'નેગેટિવ' ન રહેતાં 'પોઝિટિવ' બનશે. ટીકા-ટિપ્પણ, નિંદા-દોષદર્શન વગેરેથી આપણે આપણી જાતને બચાવી શકીશું. ગુણદર્શનથી આપણા મનને પ્રસન્નતાનો અનુભવ થશે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે જગતના દરેક નામરૂપમાં પરમાત્મા વસેલા હોય, તો એ જગતના પ્રાણીમાત્ર સાથેનો આપણો વ્યવહાર પણ હવે એ ભાવથી થવો જોઈએ. જડ પદાર્થોમાં પણ બ્રહ્મ રહેલા છે, તેથી જડ પદાર્થો સાથે પણ આપણે કોમળતાથી, સલુકાઈથી વર્તન-વ્યવહાર કરવાં જોઈએ. જમીનના કણકણમાં પરમાત્મા છે; એટલે આપણે હળવાશથી જમીન પર પગ મૂકીને ચાલીએ. જડ વસ્તુઓની ભાંગફોડ ન કરીએ. એવી જ રીતે પ્રાણીમાત્રમાં પણ પરમાત્મા છે, એટલે સૌના ઉપર દયા રાખીશું. કોઈની હિંસા નહિ કરીએ, કોઈને ત્રાસ નહિ આપીએ, કોઈને ઈજા નહિ પહોંચાડીએ. કોઈને કઠોર શબ્દ નહિ કહીએ, કોઈનું અપમાન, અનાદર કે તિરસ્કાર નહિ કરીએ. કોઈની નિંદા નહિ કરીએ. સૌની સાથે વિવેક અને વિનયથી વર્તન કરીશું. સૌ પ્રત્યે પ્રેમ રાખીશું, સૌને માટે પરોપકાર કરીશું. કદી આપણી જાતનું અભિમાન નહિ કરીએ. બીજા આપણને કઠોર શબ્દો કહેશે, તો એમ સમજીશું કે પરમાત્મા જ આપણા દોષ માટે આપણને ઠપકો આપી રહ્યા છે. જગતમાં આવો આપણો એક સદ્ગુણી વ્યવહાર ઊભો થશે.

પ્ર. ૧૭ : શાસ્ત્રો સંસારનો ત્યાગ કરી, સંન્યાસ લેવાનું કહે છે, તો સંસારનો ત્યાગ કરવાનું કારણ શું?

જ. ૧૭ : જ્યારે શાસ્ત્રો સંસારનો ત્યાગ કરવાનું કહે છે, ત્યારે તેઓ શ્રીશંકરાચાર્યજીના મતને અનુસરે છે. હિન્દી ભાષામાં 'સંસાર' શબ્દ દુનિયાના અર્થમાં વપરાય છે. ગુજરાતીમાં પણ કુટુંબ-વ્યવસ્થા માટે સંસાર શબ્દ વપરાય છે. શ્રીશંકરાચાર્યજીએ જગતને મિથ્યા કહ્યું, એટલે કુટુંબના બધા સંબંધો પણ મિથ્યા બની ગયા; માટે એ સંબંધોનો ત્યાગ કરી, સંન્યાસ લેવાની વાત થઈ.

શ્રીમહાપ્રભુજી કહે છે કે સંસાર શબ્દનો સાચો અર્થ દુનિયા અથવા કુટુંબ-જીવન નથી. સંસાર એટલે આપણી અહંતા અને મમતા. આપણામાં આ વૃત્તિઓ સદાને માટે રહેલી છે. આપણે જે કંઈ કરીએ છીએ તેનું અભિમાન સેવીએ છીએ. તેના કર્તા તરીકે આપણે આપણી જાતને માનીએ છીએ. આ આપણું અજ્ઞાન છે. આ વૃત્તિને અહંતા કહેવામાં આવે છે. આ જ પ્રકારે આપણામાં મમતાની વૃત્તિ પણ રહેલી છે. આપણે જન્મ્યા ત્યારે જગતમાં એકલા આવ્યા હતા, સાથે કશું

લાવ્યા ન હતા. જગતમાંથી જઈશું ત્યારે પણ આવ્યા હતા તેમ એકલા જઈશું, સાથે કશું લઈ જવાના નથી. છતાં જગતની ઘણી વસ્તુઓ મારી છે એવી માલિકીની ભાવના રાખીએ છીએ. તેમ ઘણી વ્યક્તિઓમાં પણ મમત્વ ધરાવીએ છીએ. મારાપણાની આ માલિકીની ભાવના પણ સત્ય નથી, મિથ્યા છે. તેને મમતાની વૃત્તિ કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે આ અહંતા અને મમતાની વૃત્તિઓ અસત્ય હોવાથી મિથ્યા છે. માટે તેમનો ત્યાગ કરવો જોઈએ. જગતનો કે કુટુંબનો ત્યાગ કરવાની જરૂર નથી. સંન્યાસ લઈ, વેશ-કેશનો ત્યાગ કરવાની પણ બિલકુલ જરૂર નથી. જરૂર છે કેવળ અહંતા-મમતાની ખોટી વૃત્તિઓનો ત્યાગ કરવાની.

શાસ્ત્રો કહે છે જ્યાં સુધી આપણામાં આ અહંતા અને મમતા રહે છે, ત્યાં સુધી આપણે માયામાં ફસાયેલા રહીએ છીએ. માયાને કારણે આપણામાં અવિદ્યા આવે છે. અવિદ્યા એટલે આપણા પોતાના જીવ-સ્વરૂપને ભૂલી જવું. પરમાત્માને ભૂલી જવા. જીવાત્મા અને પરમાત્માનો મૂળ સંબંધ ભૂલી જવો. પરિણામે જીવનનું સાચું લક્ષ્ય ભૂલી જવું. આ અવિદ્યાને કારણે આત્મા એનું મહત્ત્વ ગુમાવી બેસે છે. આપણે શરીરનું મહત્ત્વ વધારીએ છીએ. શરીરને જ આત્મા ગણવાની ભૂલ કરીએ છીએ, તેમાંથી અહંતા-મમતા પેદા થાય છે.

અહંતા-મમતાનો નાશ કરવા માટે કર્મ, જ્ઞાન, યોગ વગેરે માર્ગો બતાવવામાં આવ્યા છે. તેમાં દેહ અને મનનું ઘણું દમન કરવું પડે છે. તેની સાધનાનો માર્ગ ઘણો લાંબો, અઘરો અને દુ:ખદ છે. એટલું કરવા છતાં પણ અહંતા-મમતાનો નાશ થતો નથી. તે થોડાક સમય પૂરતી દબાઈ જાય છે. પણ ફરી સંજોગો ઊભા થતાં દબાયેલી અહંતા-મમતા બમણા વેગથી આપણા જીવનનો કબજો લે છે. તેને લીધે આપણે પરમાત્માની પ્રાપ્તિ કરી શકતા નથી.

આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે અહંતા-મમતાને જ્યારે મારી શકતા નથી, ત્યારે તે પરમાત્મા સાથે મેળવી દો, તે પરમાત્માને સોંપી દો. પછી અહંતા-મમતા પરમાત્માને મેળવવામાં નડતરરૂપ બનશે નહિ. અહંતા-મમતા પરમાત્માને સોંપી દેવી એટલે આપણી જાતનું પરમાત્માને સંપૂર્ણ સમર્પણ કરવું. 'હું પરમાત્માનો છું' એવું વિચારીને જીવન જીવવાથી અહંતા પરમાત્માને સોંપી દેવાય છે. 'પરમાત્મા મારા છે' એવો સ્વીકાર કરીને જીવન જીવવાથી આપણી મમતા પરમાત્માને સોંપી દેવાય છે. આવો ભાવ શ્રીઠાકોરજીની સેવા દ્વારા જ દૃઢ થઈ શકે છે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે મિથ્યા સંસાર છોડવા માટે ગૃહસ્થાશ્રમ છોડવાનો નથી, પરંતુ ગૃહસ્થાશ્રમમાં રહીને, શ્રીઠાકોરજીને સમર્પિત

થઈને, એમની સેવા કરવાની છે. તેનાથી અહંતા-મમતા નાશ પામશે અને આપણને શ્રીઠાકોરજીનો સાનુભવ પણ થશે.

પ્ર. ૧૮ : જીવનું સ્વરૂપ સમજાવશો?

જ. ૧૮ : બ્રહ્મ એક હતા. એકમાંથી અનેક થવા તેમણે ઇચ્છા કરી. તેથી તેઓ પોતાના સત્ અને ચિત્ તત્ત્વમાંથી અનેક સૂક્ષ્મ અંશોરૂપે પ્રગટ થયા. આ સૂક્ષ્મ અંશો જીવ કહેવાયા. જે સદા જીવતા રહે તે જીવ. જીવને આત્મા પણ કહેવામાં આવે છે. આત્મ એટલે પોતાનું. જે પરમાત્મામાંથી પ્રગટ થયા તે બધા આત્મા કહેવાયા.

જેમ એક મોટી સગડીમાંથી એકીસાથે અસંખ્ય તણખા બહાર આવે, તેમ બ્રહ્મમાંથી અસંખ્ય જીવોનો આવિર્ભાવ થયો છે. તણખો એકાદ ક્ષણ ઝબકીને કોલસાની કણી બની જાય છે. તેને ફરી સગડીમાં નાખવામાં આવે, તો તે પાછો અગ્નિ-સ્વરૂપ ધારણ કરે છે. તેવી રીતે જીવ જ્યારે બ્રહ્મમાંથી સત્ અને ચિત્ અંશ ધારણ કરીને છૂટો પડ્યો, ત્યારે તેનામાં બ્રહ્મનો આનંદ-અંશ તિરોભાવ પામેલો હતો. આનંદ-અંશ ન હોવાથી બ્રહ્મનું સ્વરૂપ અને શક્તિઓ જીવમાંથી તિરોધાન થયાં. પરિણામે જીવ દીન, હીન, દોષવાન બન્યો. જીવમાંથી પરમાત્માના છ દિવ્ય ગુણોનો તિરોભાવ થતાં જીવમાં નીચેના જેવા વિકારો આવ્યા : (૧) ઐશ્વર્ય જતાં દીનતા અને પરાધીનતા આવી. (૨) વીર્ય જતાં બધું દુઃખ સહન કરવાનું આવ્યું. (૩) યશ જતાં સર્વ પ્રકારની હીનતા આવી. (૪) શ્રી જતાં જન્મ-મરણની આપત્તિઓ આવી. (૫) જ્ઞાન જતાં અહંકાર, બુદ્ધિ અને અવિદ્યા આવ્યાં. (૬) વૈરાગ્ય જતાં વિષયાસક્તિ આવી.

આથી, જીવ પોતાના મૂળ સ્વરૂપને અને પરમાત્મા સાથેના મૂળ સંબંધને ભૂલી ગયો. પરિણામે તેણે પૃથ્વી ઉપર જે શરીર ધારણ કર્યું, એ શરીરને જ તેણે મુખ્ય માન્યું અને પોતાને ગૌણ માન્યો. શરીરને મહત્ત્વ આપતો રહ્યો. શરીર માટે જીવતો રહ્યો, સર્વદા શરીરનો જ વિચાર કરતો રહ્યો. તેનામાં ઇન્દ્રિયાધ્યાસ પ્રગટ થયો. પરિણામે તેની ઇન્દ્રિયો દુનિયાના વિષયોમાં રચીપચી બની. તેનામાં પ્રાણાધ્યાસ આવ્યો. તેનો શ્વાસ, તેના શરીરના વાયુઓ એ બધાંની સ્વસ્થતાની તેણે ઉપેક્ષા કરી. તેનામાં અંતઃકરણાધ્યાસ જાગ્યો. તે મન, બુદ્ધિ, ચિત્તથી અહંકારી બન્યો. આ ચાર અધ્યાસોના પરિણામે તેને પોતાના આત્મ-સ્વરૂપની અને પરમાત્મ-સ્વરૂપની વિસ્મૃતિ થઈ. તે સ્વભાવે દુષ્ટ બન્યો. છતાં, તે પરમાત્માનો અંશ રહ્યો જ.

સૃષ્ટિમાં રહેલા ઝીણામાં ઝીણા જંતુમાં પણ જીવાત્મા રહેલો છે. એવા કેટલાય જંતુઓ છે, જેમને અતિશય શક્તિશાળી માઇક્રોસ્કોપની મદદથી પણ જોઈ શકાતા નથી. એવાં જંતુઓથી માંડીને હાથી જેવાં પર્વતકાય પ્રાણીઓ સુધી સૌમાં જીવાત્મા રહેલો છે. તેનું કદ એકસરખું જ છે. શાસ્ત્રોએ એનું કદ બતાવતાં કહ્યું કે માથાના વાળની ટોચના સો ટુકડા કરવામાં આવે અને તેવા એક ટુકડાના ફરી સો ટુકડા કરવામાં આવે, તો તે ટુકડા કરતાં પણ જીવનું કદ નાનું છે. પરંતુ તેનામાં ચિત્-અંશ હોવાથી તે ચૈતન્યનો ઝરો છે. તેને કારણે શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણ વગેરે કામ કરે છે.

જીવાત્મા નિત્ય છે, તેનો કદી પણ નાશ થતો નથી. ગીતાજી કહે છે કે તેને અગ્નિ બાળી શકતો નથી, શસ્ત્રો છેદી શકતાં નથી. તે જ્ઞાતા છે. જ્ઞાન એ તેનો ધર્મ છે. પોતાના સ્વરૂપનું અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન મેળવીને તે દ્વારા ફરી બ્રહ્મ સ્વરૂપને પામવું એ તેનું લક્ષ્ય છે. જીવાત્મામાં જ્યારે પરમાત્માનો આનંદ-અંશ ફરી આવિર્ભાવ પામે, ત્યારે જીવાત્મા બ્રહ્મસ્વરૂપ બની જાય છે. આવું ન થાય ત્યાં સુધી તેને એક પછી એક જુદી જુદી યોનિઓમાં દેહ ધારણ કરી, ભટકવું પડે છે. જન્મ-મરણ, બાળપણ-ઘડપણ વગેરે શરીરના ધર્મો છે. જીવાત્માના ધર્મો નથી. આ જીવાત્મા પરમાત્માનો અંશ છે. તે પોતે પરમાત્મા નથી.

શ્રીમહાપ્રભુજી કહે છે કે જેમ બધા માણસો એકસરખા દેખાવવાળા હોવા છતાં દરેકનાં દેહ, ક્રિયા, જન્મ અને શક્તિમાં ફેરફાર હોય છે; તેમ બધા જીવો પણ એકસરખા દેખાવા છતાં તેમનામાં દેહ, ક્રિયા, સર્ગ અને ફળની બાબતમાં તફાવતો છે. આ તફાવતોના આધારે ગીતાજીએ જીવસૃષ્ટિને દૈવી અને આસુરી એમ બે વિભાગમાં વહેંચી છે. શ્રીમહાપ્રભુજી દૈવી સૃષ્ટિના બે વધુ વિભાગ આપે છે. પુષ્ટિ અને મર્યાદા. તેઓ આસુરી સૃષ્ટિને પ્રવાહી સૃષ્ટિ કહે છે.

પ્રવાહી સૃષ્ટિ બ્રહ્મના મનમાંથી પ્રગટ થયેલી છે. બ્રહ્મના મનમાં સદા આનંદ-પ્રાપ્તિનો જ વિચાર હોવાથી, આ પ્રવાહી જીવો પણ દુનિયામાં કેવળ મોજમજાના જ વિચારથી જન્મે છે અને જીવે છે. કેવી રીતે દુનિયાનાં સુખ ભોગવવાં એ જ તેમની ક્રિયા હોય છે. તેઓ પરમાત્મા સાથે વ્યવહાર રાખે છે, તો એટલા માટે કે પરમાત્મા તેમને મોજમજાનાં સુખ આપે. તેમને દુનિયાનાં સુખમાં જ તેમના જીવનનું પરમ ફળ લાગે છે. પરિણામે, તેમનો ક્યારેય મોક્ષ થતો નથી. તેઓ જન્મ-મરણની ઘટમાળમાં ફર્યા કરે છે.

મર્યાદા જીવો ભગવાનની વાણીમાંથી પ્રગટ થયા છે. વેદ ભગવાનની વાણી

છે, એટલે આ જીવો વેદમાર્ગને અનુસરે છે. વેદમાં બતાવ્યા પ્રમાણે જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગ પ્રમાણે તેઓ જીવન જીવે છે. બધાં કાર્યો કરે છે. કેટલાક મર્યાદા જીવો સકામ બુદ્ધિના હોય છે. તેઓ લૌકિક સુખોની સાથે સ્વર્ગ કે પિતૃલોકના સુખની કામના રાખે છે. કેટલાક મર્યાદા જીવો નિષ્કામ બુદ્ધિવાળા હોય છે. તેઓ મોક્ષની અપેક્ષા રાખે છે.

પુષ્ટિ-જીવો બ્રહ્મના શ્રીઅંગમાંથી પ્રગટ થયા છે. તેઓ બ્રહ્મની કૃપાને પામેલા છે. તેમનો જન્મ પરમાત્માએ પોતાની સેવા કરાવવા માટે આપેલો છે. આ પુષ્ટિ-જીવો પોતાના સુખ માટે જીવતા નથી, તેઓ સદા પરમાત્માના સુખ માટે જ તેમની સેવા કરે છે. પરમાત્મા તેમના પર કૃપા કરી, તેમને મોક્ષથી પણ અધિક એવા પોતાના સ્વરૂપાનંદનું દાન કરે છે.

પુષ્ટિ-જીવોના ચાર પેટા પ્રકાર છે. જેમને પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થઈ ગઈ છે. તેઓ શુદ્ધ **પુષ્ટિજીવો** છે. તેમની સંખ્યા અતિ અલ્પ હોય છે. જેઓ ભગવાનના અભિપ્રાયને જાણનારા સર્વજ્ઞ હોઈને, સદા પ્રેમપૂર્વક સેવામાં તત્પર રહે છે તે **પુષ્ટિજીવ** છે. જેઓ ભગવાનના ધર્મોને જાણીને સેવા કરતાં કથા આદિમાં વિશેષ આસક્ત રહે છે, તેઓ **પુષ્ટિ-મર્યાદા જીવ** છે. જેઓ ભગવદ્ધર્મને થોડો થોડો જાણીને સ્મરણ, જપ વગેરેમાં પ્રવૃત્ત રહે છે તેઓ **પુષ્ટિ-પ્રવાહી જીવ** છે.

આ જીવો જ્યારે ભગવત્સુખ છોડીને સ્વસુખમાં આસક્ત થાય, અથવા અહંકારી બની પ્રભુની ઉપેક્ષા કરે, ત્યારે તેમને પ્રભુ શિક્ષા દંડ આપે છે. પછી તેમના પર કૃપા કરી તેમના દોષો નિવૃત્ત કરી, તેમને અલૌકિક ફળ આપે છે.

પ્ર. ૧૯ : **આપે જીવનું સ્વરૂપ અને તેના પ્રકારો બતાવ્યા. તેમાંથી આપણે કયા પ્રકારના જીવ છીએ તે કેવી રીતે સમજી શકાય? જીવ તરીકે આપણે શું કરવું જોઈએ?**

જ. ૧૯ : આપણે જુદા જુદા પ્રકારના જીવોનાં લક્ષણો, સ્વભાવ, કાર્યો વિષે જોયું. તે સાથે આપણે આપણી જાતને સરખાવીશું, તો માલૂમ પડશે કે આપણે કયા પ્રકારના જીવ છીએ. બીજી રીતે વિચાર કરીએ તો શ્રીમહાપ્રભુજીએ આપણને સેવક તરીકે સ્વીકારી, કંઠી આપી છે. એટલે આપણે પ્રવાહી કે મર્યાદાજીવ તો નથી જ, આપણે પુષ્ટિજીવ છીએ તે ચોક્કસ. પુષ્ટિમાં કયા પ્રકારના છીએ, તેનો નિર્ણય કરવા માટે આપણે એ વિચારવું જોઈએ કે આપણું મન સેવા અને સ્મરણ પૈકી શામાં, કેટલું લાગે છે? સાથે સાથે જે સેવા-સ્મરણ

કરીએ છીએ તે કોઈ લૌકિક ફળ મેળવવા કરીએ છીએ કે પ્રભુના સુખનો વિચાર રાખીને કરીએ છીએ? આ બાબતોનો વિચાર કરવાથી આપણું પોતાનું સ્વરૂપ સમજી શકાય છે.

પુષ્ટિજીવ તરીકે આપણી ફરજ છે કે પ્રભુને આપણા સ્વામી તરીકે સ્વીકારી, આપણે તેમને દાસ બનીને રહેવું. પ્રભુમાં અનન્યતા રાખવી, પ્રભુની શરણાગતિ સ્વીકારવી. બ્રહ્મસંબંધ લઈ પ્રભુને સમર્પિત થવું. અવિદ્યાજન્ય ચાર અધ્યાસોમાંથી છૂટીને પ્રભુની તનુ-વિત્તજા સેવામાં તત્પર થવું. અહંતા-મમતા છોડવાં, પ્રભુને ફરી પ્રાપ્ત કરવા માટે સદા દીનતા અને વિરહભાવ રાખવો. આ રીતે જો આપણે પ્રભુના દાસ બનીને રહીશું, તો આ જન્મ આપણો છેલ્લો જન્મ બની રહેશે.

આમ, શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ આપ્યો છે. આ તત્ત્વવિચાર સાચી દિશામાં પ્રસન્નતાપૂર્વક, સ્વસ્થ જીવન જીવવા માટે સર્વોત્તમ વિચાર છે. તેની એક સિસ્ટમ છે. આખીએ સિસ્ટમને સ્વીકારીને જે ચાલે તેને માટે જીવન સરળ, સહજ, સ્વસ્થ અને સુખમય બની રહે. આ જ વિચારધારા ઉપર પુષ્ટિમાર્ગ રચાયો છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ વિચાર છે, તો પુષ્ટિમાર્ગ આચાર છે. આજે આપણે ત્યાં આ વિચાર ભુલાઈ ગયો અને માત્ર આચાર રહ્યો. તેને લીધે આપણા આચારમાં ઘણી વિકૃત્તિઓ આવી. આપણા આચારને શુદ્ધ અને યોગ્ય બનાવવા માટે શુદ્ધાદ્વૈત વિચારને યથાર્થ સ્વરૂપમાં સમજીને, તેના પ્રકાશમાં આપણા આચારને ગોઠવવો જોઈએ. માટે હવે પછીના પ્રકરણમાં પુષ્ટિમાર્ગનો વિચાર કરીશું.

◆

કોઈપણ ધર્મ-સંપ્રદાયનો પાયો તેનું તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન પ્રમાણે તે ધર્મ-સંપ્રદાયની આચારસરણી નક્કી થઈ હોય છે. તત્ત્વજ્ઞાન અને આચારસરણી કાપડના તાણાવાણાની જેમ જીવનમાં વણાઈ જવાં જોઈએ. ત્યારે જ ધર્મ સંપૂર્ણ રીતે જિવાય છે.

આચાર વિનાનું કેવળ જ્ઞાન ભારરૂપ છે. રાવણ જ્ઞાની હતો, પણ તેનામાં ધર્મજ્ઞાન જીવવાની-જીવનમાં ઉતારવાની તૈયારી ન હતી, તેથી જ્ઞાની હોવા છતાં તે અનીતિના માર્ગે ચાલ્યો હતો.

જ્ઞાન-સમજણ વિનાનો આચાર પણ અધૂરો છે, તેથી અખાએ કહ્યું: 'તિલક કરતાં ત્રેપન વહ્યાં...'

૮. પુષ્ટિમાર્ગમાં સેવ્ય-સ્વરૂપ

પ્ર. ૧ : હિન્દુ ધર્મમાં જુદા જુદા સંપ્રદાયોમાં ઈશ્વરનાં જુદાં જુદાં રૂપોને ઇષ્ટ ગણવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં કોને ઇષ્ટ ગણવામાં આવે છે?

જ. ૧ : પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. જ્ઞાનમાર્ગમાં ઈશ્વરના નિરાકાર સ્વરૂપનું ધ્યાન ધરવામાં આવે છે; પરંતુ ભક્તિમાર્ગમાં નિરાકાર સ્વરૂપની ભક્તિ શક્ય નથી, તેથી ઈશ્વરના સાકાર સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવે છે. વેદ ઈશ્વરને 'બ્રહ્મ' શબ્દથી ઓળખે છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપી, જે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલા છે તે. ઈશ્વરનું બ્રહ્મ-સ્વરૂપ સર્વવ્યાપીપણાનો બોધ કરાવે છે.

બ્રહ્મ-સ્વરૂપે ઈશ્વર જગતના બધા પદાર્થોમાં રહેલા છે; એટલે પદાર્થના આકારને ધારણ કરનારા છે. આવા ઈશ્વર જ્યારે પ્રાણીમાત્રના શરીરમાં અંતર્યામી-સ્વરૂપે આત્માની સાથે રહે છે, ત્યારે તેમને પરમાત્મા તરીકે ઓળખવામાં આવે છે. ઈશ્વરના આ સ્વરૂપનો અનુભવ થાય છે, પણ તેમને જોઈ શકાતા નથી. ઉપનિષદ અને ગીતા ઈશ્વરના પરમાત્મા-સ્વરૂપની વાત કરે છે. આવા ઈશ્વર ભક્તના હૃદયની આતુરતાને જાણીને ભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તેઓ ભગવાન કહેવાય છે. ભગવાન ઈશ્વરનું સાકાર સ્વરૂપ છે. શ્રીભાગવતે ઈશ્વરનું આવું ભગવાન-સ્વરૂપ બતાવ્યું છે. સર્વ શાસ્ત્રોના મતે આ પરમ તત્ત્વ શ્રીકૃષ્ણ છે. શ્રીમહાપ્રભુજી આથી પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તરીકે સેવવાની અને તેમની ભક્તિ કરવાની આજ્ઞા કરે છે. આથી પુષ્ટિમાર્ગમાં ભગવાન શ્રીકૃષ્ણ ઈષ્ટ છે.

પ્ર. ૨ : ભગવાન શ્રીકૃષ્ણ ગોકુલ, મથુરા અને દ્વારકામાં બિરાજ્યા. ત્યાં તેમણે જુદી જુદી લીલાઓ કરી. આમાંથી ક્યા કૃષ્ણને પુષ્ટિમાર્ગમાં ઇષ્ટ તરીકે સ્વીકારવામાં આવે છે? શા માટે?

જ. ૨ : ભગવાન શ્રીકૃષ્ણ જુદી જુદી લીલાઓ કરવા છતાં એક અને અનન્ય છે. તેમના સ્વરૂપનાં બે મહત્ત્વનાં પાસાં છે : (૧) ધર્મ-સ્વરૂપ અને (૨) ધર્મીસ્વરૂપ. ધર્મ-સ્વરૂપે તેમનાં મુખ્ય કાર્યોમાં અસુરોનો સંહાર કરવો અને ધર્મનું સ્થાપન કરવું છે. તે સાથે વંશવૃદ્ધિનું એક ત્રીજું કાર્ય પણ ભગવાન પોતાના ધર્મ-

સ્વરૂપથી કરે છે. આ બધાં કાર્યો કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ નામના ત્રણ વ્યૂહો સાથે મથુરામાં વસુદેવ-દેવકીજીને ત્યાં ધર્મ-સ્વરૂપે અવતાર લીધો હતો.

ભગવાન શ્રીકૃષ્ણનું બીજું સ્વરૂપ ધર્મી-સ્વરૂપ છે. જેમનામાં ધર્મ રહેલા છે તે ધર્મી. ધર્મી-સ્વરૂપ પૂર્ણરસાત્મક સ્વરૂપ છે. તેમનું એક જ કાર્ય છે : પોતાના રસનો અનુભવ કરવો અને પોતાના કૃપાપાત્ર ભક્તોને તે રસનો અનુભવ કરાવવો. આ માટે ધર્મી-સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણે ગોકુલમાં નંદ-યશોદાજીને ત્યાં અવતાર ધારણ કર્યો હતો.

જ્યારે મથુરામાં પ્રગટ થયેલ ધર્મ-સ્વરૂપને પધરાવીને વસુદેવજી ગોકુલ આવ્યા, ત્યારે જેમ પાત્રમાં રસ સમાઈ જાય, તેમ એ ધર્મ-સ્વરૂપમાં ગોકુલમાં પ્રગટ થયેલ ધર્મી-સ્વરૂપ બિરાજી ગયું. પરિણામે, ધર્મ અને ધર્મી-સ્વરૂપ અલગ ન રહેતાં એક થયાં. ભગવાન શ્રીકૃષ્ણે વ્રજમાં અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી જુદી જુદી લીલાઓ કરી. તેમાં ભક્તોને આનંદ આપવા માટેની માખણ-ચોરી, દાનલીલા, રાસલીલા, ગોવર્ધન-ધારણલીલા આદિ જે જે રસાત્મક લીલાઓ કરી, તે બધી ધર્મી-સ્વરૂપે કરી હતી. મથુરાથી આવેલા રાક્ષસો, કાલિયનાગ વગેરેનો વધ કે દમન કરવાની અથવા દાવાનલનું પાન કરવાની વગેરે લીલાઓ કરી, તે ધર્મ-સ્વરૂપે કરેલી લીલાઓ હતી.

ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે મથુરા પધાર્યા, ત્યારે ધર્મ-સ્વરૂપ મથુરા પધાર્યું અને ધર્મી-સ્વરૂપ વ્રજભક્તોના હૃદયને વિષે સદાને માટે બિરાજી ગયું. તેથી મથુરા અને દ્વારકામાં કરેલી લીલાઓ એ ધર્મ-સ્વરૂપની લીલાઓ છે, જે ધર્મ-સ્થાપન માટે થઈ હતી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાન શ્રીકૃષ્ણનું સેવન અને સ્મરણ કરવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણના ધર્મી-સ્વરૂપનું સેવન અને ધર્મી તથા ધર્મ-સ્વરૂપનું સ્મરણ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. જે પૂર્ણ રસાત્મક ધર્મી-સ્વરૂપ છે, એમની સેવા દ્વારા જ એમના પૂર્ણ આનંદનો અનુભવ પ્રાપ્ત થાય. આ પૂર્ણ આનંદની પ્રાપ્તિ ધર્મ-સ્વરૂપ કરાવી શકે નહિ; માટે શ્રી યશોદાજીની ગોદમાં ખેલતા શ્રીનંદનંદનની સેવા કરવાની આજ્ઞા થઈ છે.

ધર્મ-સ્વરૂપ તેમની લીલાઓ અને ઉપદેશ દ્વારા ધર્માચરણ શીખવે છે, તેથી તેમની લીલાઓનું સ્મરણ-ચિંતન તેમજ તેમના ઉપદેશના ચિંતનથી ધર્માચરણની પ્રાપ્તિ થાય છે; માટે મથુરા અને દ્વારકાની લીલા કરનારા ધર્મ-સ્વરૂપ શ્રીકૃષ્ણનું સ્મરણ-ચિંતન કરવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

પ્ર. ૩ : પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણના બાળ-સ્વરૂપની સેવા કરવાની આજ્ઞા કેમ કરી છે?

જ. ૩ : જો આપણે ભગવાનને સર્વસત્તાધીશ અને સર્વસમર્થ દેવાધિદેવ તરીકે જાણીએ, તો તેમની સાથે સ્નેહનો વ્યવહાર થઈ શકે નહિ. એક રાજા સાથે આપણે આત્મીય સ્વજન તરીકેનો વ્યવહાર કરી શકતા નથી. રાજા સાથે તો પ્રજાજન તરીકેનો આદર-સન્માનનો વ્યવહાર શક્ય છે. પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે, જ્યાં આત્મા અને પરમાત્મા વચ્ચે શુદ્ધ, નિર્દોષ, દિવ્ય પ્રેમનો સંબંધ છે, માત્ર આદર-સન્માનનો સંબંધ નથી. જગતમાં સ્નેહનો સંબંધ વધુ ગાઢ રીતે બે પ્રકારે જોવામાં આવે છે : (૧) માતા અને તેનાં સંતાનો વચ્ચેનો સ્નેહનો સંબંધ, જે વાત્સલ્ય ભાવ કહેવાય છે. (૨) પતિ-પત્ની વચ્ચેનો સ્નેહનો સંબંધ, જે માધુર્ય ભાવ કહેવાય છે. સ્નેહના આ બંને સંબંધો ઉત્કૃષ્ટ કક્ષાના છે. આ પૈકી કોઈપણ એક પ્રકારનો સંબંધ ભક્ત ભગવાન સાથે જોડી શકે. આ બંને સ્નેહ ભાવમાં શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિએ સેવા માટે વાત્સલ્ય ભાવ ઉત્તમ છે, જેને બાલભાવ કહેવામાં આવે છે.

એક પત્ની પણ તેના પતિની સુખ-સગવડો સાચવતાં તેની સેવા કરે છે, ત્યારે પતિને ભોજન કરી જમાડવા વગેરે કાર્યોમાં તેના હૃદયમાં આવો વાત્સલ્ય ભાવ જ વધારે હોય છે. કવિ કાલિદાસ કહે છે કે પતિને ભોજન કરાવતાં પત્ની માતા જેવી જણાય છે. આમ, માધુર્ય ભાવમાં પણ વાત્સલ્ય ભાવ પ્રગટ થાય છે.

માધુર્ય ભાવમાં કામવાસનાની અસર આવવાનો સંભવ રહે છે, જે વાત્સલ્ય ભાવમાં હોતો નથી. વાત્સલ્ય ભાવમાં માતાનો એક જ વિચાર હોય છે : બાળકને સર્વ રીતે સુખ આપવું. માતા કદી બાળકની સામે રડતી નથી કે બાળક પાસે કશું માગતી પણ નથી. માતા હંમેશાં આપીને રાજી થાય છે, માટે માતાના સ્નેહને શુદ્ધ કહ્યો છે. તે નિષ્કામ અને નિર્દોષ છે. તેમાં શરીરસુખની ગંધ પણ હોતી નથી. આથી, પ્રભુમાં આવો શુદ્ધ, નિર્દોષ અને નિષ્કામ સ્નેહ વાત્સલ્ય ભાવ દ્વારા ખૂબ સારી રીતે વ્યક્ત થઈ શકે. વાત્સલ્ય ભાવ સ્ત્રી અને પુરુષ બંને માટે સહજ છે. જ્યારે ભગવાનને પ્રિયતમ માનવા અને પોતાને ભગવાનની પ્રિયતમા માનવી તે માધુર્ય ભાવ સૌના માટે સહજ અને શક્ય નથી. આથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં બાલભાવથી સેવા કરવાની આજ્ઞા કરી છે.

પ્ર. ૪ : પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણને ઇષ્ટ ગણવામાં આવ્યા, તેનું કારણ શું?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણ' શબ્દનો અર્થ ઉપનિષદમાંથી બતાવ્યો. કૃષ્ણ એ વિશેષ નામ નથી. કૃષ્ણ પરમાત્માનું ગુણવાચક નામ છે. 'કૃષ્' એટલે

સર્વસામર્થ્ય અને 'ણ' એટલે આનંદ. જે પરમ તત્ત્વમાં આખાયે બ્રહ્માંડમાં સૌથી વધારે સામર્થ્ય અને પૂર્ણ આનંદ રહેલો છે તે પરમ તત્ત્વ એટલે કૃષ્ણ. જગતમાં આપણે સૌ શક્તિની બાબતમાં પાંગળા છીએ, તેથી આપણા રક્ષણ માટે આપણાથી વધુ શક્તિશાળીનો આશરો આપણે શોધીએ છીએ. તેની મહેરબાની બની રહે એવું ઈચ્છીએ છીએ. શાસ્ત્રો કહે છે કે દેવો માણસોથી વધારે શક્તિશાળી છે, પરંતુ તેમની શક્તિની અમુક હદ છે; જ્યારે અનહદ શક્તિ કેવળ પરમાત્મામાં છે. એટલે જો શક્તિમાનનું શરણ જ લેવાનું હોય, તો પછી પરમ શક્તિમાન એવા પરમાત્માનું શરણ શા માટે ન લેવું? તેમનાથી ઓછા શક્તિમાનનું શરણ શા માટે લેવું? આથી શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણને આપણા ઈષ્ટ તરીકે બતાવ્યા છે.

જગતમાં આપણી બીજી નબળાઈ આપણામાં રહેલો આનંદનો અભાવ છે, જે મેળવવા આપણે સતત ફાંફાં મારીએ છીએ; પણ સાચો આનંદ મળતો નથી. સાચો પૂર્ણ આનંદ કેવળ પરમાત્મામાં જ છે. બાકી સૌનો આનંદ અલ્પ અને મર્યાદિત પ્રમાણનો છે. એટલે પૂર્ણ આનંદ કેવળ પરમાત્મા પાસેથી જ મળી શકે. અન્ય કોઈ પૂર્ણ આનંદ આપી શકતા નથી; માટે શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણને ઈષ્ટ ગણવાની આજ્ઞા કરી. આ કૃષ્ણ-તત્ત્વ પરમાત્મા ગોકુલમાં શ્રીનંદયશોદાના પુત્રરૂપે પ્રગટ થયા છે, તેથી એ સાકાર-સ્વરૂપની સેવા પુષ્ટિમાર્ગમાં કરવામાં આવે છે.

પ્ર. ૫ : પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા બતાવી છે, જ્યારે પુષ્ટિમાર્ગીય ઘરોમાં શ્રીનાથજી વગેરેની સેવા થાય છે, તેનું કારણ શું?

જ. ૫ : શ્રીકૃષ્ણ અને શ્રીનાથજી એક જ છે. નામ જુદાં છે, પણ સ્વરૂપ જુદું નથી; માટે પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજી-સ્વરૂપે શ્રીકૃષ્ણની જ સેવા થાય છે. શ્રીકૃષ્ણ જ ગોવર્ધન પર્વતમાંથી શ્રીનાથજી-સ્વરૂપે ફરી પ્રગટ થયા છે. તેમણે જ શ્રીમહાપ્રભુજીને પોતાની સેવા શરૂ કરવાની આજ્ઞા કરી હતી. આથી આપણાં ઘરોમાં શ્રીનાથજીની સેવા કરવામાં આવે છે.

પ્ર. ૬ : પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજીના સ્વરૂપ ઉપરાંત શ્રીબાલકૃષ્ણજી, શ્રીમદનમોહનજી જેવાં સ્વરૂપોની પણ સેવા થાય છે. એ જ રીતે શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજીની સેવા પણ થાય છે. તમે કહ્યું કે મથુરાલીલા અને દ્વારકાલીલા ધર્મ-સ્વરૂપની છે, માટે ધર્મ-સ્વરૂપનું સ્મરણ કરવું જોઈએ અને ધર્મી-સ્વરૂપનું સેવન કરવું જોઈએ. તો શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજી મથુરાલીલા અને દ્વારકાલીલાના હોવા છતાં તેમનું સેવન કેમ થાય છે? જો તેમનું સેવન થઈ શકતું હોય, તો ગીતાના ગાયક યોગેશ્વર શ્રીકૃષ્ણનું સેવન કેમ થતું નથી?

જ. ૬ : આપણે આગળ જોઈ ગયા કે શ્રીમહાપ્રભુજીએ ભગવાનના ધર્મી-સ્વરૂપની સેવા કરવાની આજ્ઞા કરી છે. ધર્મી-સ્વરૂપ ગોકુળમાં પ્રગટ થયેલ શ્રીકૃષ્ણ છે, માટે એ ધર્મી-સ્વરૂપ શ્રીકૃષ્ણનાં જુદાં જુદાં આનંદાત્મક લીલા-સ્વરૂપોની સેવા પુષ્ટિમાર્ગમાં થાય છે. જેમ કે શ્રીબાલકૃષ્ણજી, જેમણે નંદાલયમાં બાલલીલા કરી છે. શ્રીવિઠ્ઠલનાથજી, જેમણે રાસમાં વેણુનાદ સાંભળીને આવેલાં ગોપીજનો સાથે સંવાદ કર્યો છે. શ્રીનવનીતપ્રિયજી, જેમણે નંદાલયમાં બાલલીલા કરી છે. શ્રીમદનમોહનજી, જેમણે ગોપીજનો સાથે રાસલીલા કરી છે. શ્રીગોકુલચંદ્રમાજી, જેમણે વેણુનાદ કરી ગોપીજનોને બોલાવ્યાં છે. શ્રીગોકુલનાથજી, જેમણે શ્રીગિરિરાજ ધારણ કર્યો છે. એ સૌ સ્વરૂપોની સેવા થાય છે.

હવે તમારો પ્રશ્ન શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજી વિષેનો છે. મથુરા અને દ્વારકા શબ્દથી તમે એવું અનુમાન કર્યું કે એ બંને મથુરા અને દ્વારકાલીલા કરનારાં ધર્મ-સ્વરૂપો છે. પણ એ વાત બરાબર નથી. અહીં મથુરા અને દ્વારકા શબ્દના અર્થ જુદા છે, જેનો વિગતવાર ખ્યાલ આપણે આગળ ઉપર મેળવીશું. અત્યારે એટલું જ જાણી લઈએ કે શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજીનાં સ્વરૂપો પણ વ્રજલીલાનાં ધર્મી-સ્વરૂપ છે, ધર્મ-સ્વરૂપ નથી; માટે પુષ્ટિમાર્ગમાં તેમની સેવા થાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ ધર્મ-સ્વરૂપ છે, ધર્મી-સ્વરૂપ નથી. જ્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણનાં દર્શન કરીએ, ત્યારે તેમના એક હસ્તમાં રહેલ સુદર્શન ચક્ર અને બીજા હસ્તમાં રહેલ શંખ અધર્મનો નાશ કરવા માટે છે, એમની રૌદ્ર મુખમુદ્રા જોઈને ભય લાગે, પ્રેમ ન જાગે. આથી યોગેશ્વર શ્રીકૃષ્ણ સ્મરણીય છે, પુષ્ટિમાર્ગમાં સેવનીય નથી.

એક બીજી વાત પણ જાણી લેવા જેવી છે. પુષ્ટિમાર્ગમાં જે જે સ્વરૂપોની સેવા થાય છે, તેમાં કેટલાંક સ્વરૂપો દ્વિભુજ છે, તો કેટલાંક સ્વરૂપો ચતુર્ભુજ છે. જ્યારે વિરમગામમાં બિરાજતું શ્રીઅષ્ટભુજાજીનું સ્વરૂપ અષ્ટભુજ પણ છે. પણ આ બધાં સ્વરૂપો વ્રજલીલામાં ધર્મી-સ્વરૂપો છે, તે ખાસ યાદ રાખવું.

પ્ર. ૭ : શ્રીનાથજીના સ્વરૂપ વિષે વિગતે સમજણ આપશો?

જ. ૭ : શ્રીનાથજીનું પૂરું નામ શ્રીગોવર્ધનનાથજી છે. સારસ્વત કલ્પમાં ગોકુળમાં શ્રીનંદયશોદાજીના પુત્ર તરીકે પ્રગટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણ જ શ્રીગોવર્ધનનાથજી-સ્વરૂપે પ્રગટ થયા છે. વ્રજમાં મથુરાથી લગભગ અઢાર માઈલ દૂર આન્યોર ગામ પાસે આવેલા શ્રીગોવર્ધન પર્વતમાંથી વિક્રમ સંવત ૧૪૭૦ના અરસામાં એક વ્રજવાસીને તેમની ઊર્ધ્વભુજાનાં દર્શન થયાં હતાં. સંવત ૧૫૩૫ના ચૈત્ર વદ અગિયારસના રોજ ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું, તે જ

સમયે શ્રીગોવર્ધનનાથજીનું મુખારવિંદ પણ પ્રગટ થયું હતું. શ્રીમહાપ્રભુજીને શ્રી ગોવર્ધનનાથજીએ પોતાના પ્રાગટ્યની આજ્ઞા પૃથ્વી-પરિક્રમા દરમ્યાન કરતાં, શ્રીમહાપ્રભુજી આન્યોર પધાર્યા હતા. શ્રીગોવર્ધનનાથજીને પર્વતમાંથી બહાર પધરાવી, પર્વત ઉપર એક નાનકડું મંદિર બનાવી તેમાં પધરાવ્યા હતા. તેમની સેવા શરૂ કરી હતી. શ્રીગોવર્ધનનાથજીનું જ ટૂંકું નામ શ્રીનાથજી છે. તેઓ વૈષ્ણવોના કુળદેવતા છે. સૌ તેમને સ્નેહથી શ્રીજીબાવા કહે છે.

શ્રીઠાકોરજીની ઈચ્છાથી અંબાલાના પૂરણમલ ક્ષત્રિય વ્રજમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે તેમણે શ્રીનાથજીનું નવું વિશાળ મંદિર બનાવ્યું. શ્રીમહાપ્રભુજીએ તેમાં શ્રીનાથજીને પધરાવ્યા. ત્યારથી તેમની સેવાનો વૈભવ વધવા લાગ્યો. લગભગ ૨૫૦ વર્ષ શ્રીનાથજી ત્યાં બિરાજ્યા. મોગલ બાદશાહ ઔરંગઝેબના સમયમાં હિન્દુ મંદિરો પર આક્રમણ વધ્યાં. વ્રજનાં મંદિરો તૂટવા લાગ્યાં, ત્યારે શ્રીનાથજી પોતાની ઈચ્છાથી વ્રજ છોડી રાજસ્થાનમાં ઉદયપુર નજીક આવેલા સિંહાડ ગામમાં પધાર્યા. હાલ ત્યાં બિરાજે છે. તેને શ્રીનાથદ્વારા નામથી ઓળખવામાં આવે છે.

શ્રીનાથજીનું સ્વરૂપ સ્વયંસિદ્ધ છે. કોઈ મનુષ્યે બનાવેલું નથી. આ સ્વરૂપ કિશોરલીલાનું છે. શ્રીગિરિરાજજીની કંદરામાં આવેલી શ્રીસ્વામિનીજીની નિકુંજના આપ નાયક છે. તેથી શ્રીનાથજી નિકુંજનાયક કહેવાય છે. શ્રીગિરિ-રાજજીની સઘન કંદરામાં આવેલી શ્રીસ્વામિનીજીની નિકુંજના દ્વારે આપ ઊભા છે. આપની પીઠિકા ચોખંડી છે. તેના ચાર ખૂણે ચાર યૂથાધિપતિ સ્વામિનીજીનાં ભાવાત્મક સ્વરૂપ બિરાજે છે. આપશ્રીએ તેમનો જમણો શ્રીહસ્ત મૂઠી વાળી, કટિ ઉપર રાખ્યો છે. અંગૂઠો આગળ દેખાય છે. ડાબો શ્રીહસ્ત ઊંચો છે. આપનું શ્યામ સ્વરૂપ છે.

રસશાસ્ત્રની દષ્ટિએ શ્યામ વર્ણ શૃંગાર રસનો વર્ણ છે. આથી આપ દિવ્ય શૃંગારરસનું અલૌકિક દિવ્ય સ્વરૂપ છે. આપનો ઊંચો હસ્ત દૂર રહેલા ભક્તોને પોતાની પાસે બોલાવે છે. નજીક આવેલા ભક્તોના મનનું આકર્ષણ કરી, તેમનાં મન પોતાના જમણા હસ્તની મૂઠીમાં જાણે કેદ કરી રાખ્યાં છે. અંગૂઠો બતાવી આજ્ઞા કરે છે કે હવે તમે મારી મૂઠીમાંથી ક્યાંય જઈ શકશો નહિ.

આપનું આખુંયે સ્વરૂપ નૃત્યની મુદ્રામાં દર્શન આપે છે. કારણ કે આપ રાસલીલાના નાયક છે. આપના સ્વરૂપમાં નિકુંજલીલા મુખ્ય છે. બીજી બધી લીલાઓ ગુપ્ત છે. આપની કંદરામાં ઉપરના ભાગે મધ્યમાં પોપટ છે. તદુપરાંત, સિંહ, ગાયો, મોર, ઘેટું વગેરે અંકિત છે. આ બધાં ભાવાત્મક છે. તેમાં સર્પ પણ છે, શ્રીગિરિરાજજી પણ છે.

આપના મસ્તક ઉપર કેશનો મોટો ઊભો અંબોડો વાળેલો છે. કટિ પર તનિયો ધરેલો છે. આપના આવા અદ્‌ભુત સ્વરૂપની ભાવના શ્રીદ્વારકેશજી મહારાજે નીચેના પદમાં વર્ણવી છે :

દેખ્યો રી મૈં સ્યામ-સ્વરૂપ,
વામભુજા ઊંચે કર ગિરિધર, દક્ષિણ કર કટિ ધરત અનૂપ. (૧)
મુષ્ટિકા બાંધ અંગુષ્ઠ દિખાવત, સન્મુખ દૃષ્ટિ સુહાઈ,
ચરનકમલ યુગલ સમ ધરકે કુંજદ્વાર મન ભાઈ. (૨)
અતિ રહસ્ય નિકુંજકી લીલા, હૃદય સ્મરણ કીજે,
'દ્વારકેશ' મન વચન અગોચર, ચરનકમલ ચિત્ત દીજે. (૩)

હાલમાં ગોસ્વામી તિલકાયત શ્રી રાકેશકુમારજી (શ્રી ઈન્દ્રદમનજી) મહારાજશ્રી આપની સેવા કરે છે.

પ્ર. ૮ : શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપ વિષે કહેશો?

જ. ૮ : શ્રીનવનીતપ્રિયજી શ્રીમહાપ્રભુજીનું સેવ્ય-સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીનાં સેવક એક ક્ષત્રાણી હતાં. તેઓ ગોકુળ પાસે આવેલા મહાવનમાં રહેતાં હતાં. એક દિવસ તેઓ જળ ભરવા યમુનાકિનારે ગયાં. શ્રીયમુનાજીમાં તેમણે ગાગર ડુબાવી, ત્યારે ગાગરમાં જળની સાથે શ્રીઠાકોરજીનાં ચાર-સ્વરૂપો પણ બિરાજી ગયાં. ઘેર આવતાં આ ચાર-સ્વરૂપોનાં દર્શન થયાં. તેમણે આજ્ઞા કરી કે અમને શ્રીમહાપ્રભુજી પાસે ગોકુળમાં પધરાવી આવો. તેથી ક્ષત્રાણી ચારે સ્વરૂપોને પધરાવી, શ્રીમહાપ્રભુજી પાસે ગોકુળ આવ્યાં.

તે વખતે શ્રીમહાપ્રભુજીની પાસે તેમના સેવક આગ્રાના વતની ગજન ધાવન બેઠેલા હતા. ગજન ધાવને આ ચાર સ્વરૂપોનાં દર્શન કર્યાં. તે પૈકીના શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપમાં તેમની આસક્તિ થઈ. એટલે તેમણે શ્રીમહાપ્રભુજીને તે સ્વરૂપ સેવા માટે પધરાવી આપવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ શ્રીનવનીતપ્રિયજીનું આ સ્વરૂપ ગજન ધાવનને પધરાવી આપ્યું. તેમની સેવા કરતાં કરતાં તેમનું મન આ સ્વરૂપમાં પૂરેપૂરું લાગી ગયું. જ્યારે તેમનું શરીર અશક્ત થયું, ત્યારે તેમણે આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવ્યું. શ્રીમહાપ્રભુજી પછી શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીએ આ સ્વરૂપની સેવા કરી. શ્રીગુસાંઈજીએ જ્યારે સાતે પુત્રોને ભાગ વહેંચી આપ્યા, ત્યારે પોતાના સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીને શ્રીનાથજીની સાથે શ્રીનવનીતપ્રિયજીની સેવા વધારામાં સોંપી. શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી અને તેમના વંશજ તેમની સેવા

ગોકુળમાં કરતા હતા. જ્યારે શ્રીનાથજી વ્રજ છોડી શ્રીનાથદ્વારા પધાર્યા, ત્યારે તેમની સાથે શ્રીનવનીતપ્રિયજી પણ ગોકુળ છોડી નાથદ્વારા પધાર્યા. હાલમાં શ્રીનાથજીના મંદિરની બાજુમાં શ્રીતિલકાયત મહારાજના મોતીમહેલના સ્થાનમાં આપનું અલગ મંદિર છે. આપની સેવા શ્રી તિલકાયત મહારાજ કરે છે.

શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ બાલલીલાનું સ્વરૂપ છે. બીજી લીલાઓ ગુપ્ત છે. દશમ સ્કંધના આઠમા અધ્યાયમાં પ્રમાણ પ્રકરણની રિંગણલીલા છે, તે લીલાનું આ સ્વરૂપ છે. શ્રીનંદનંદન નંદભવનના આંગણામાં ઘૂંટણિયાં તાણે છે, તેને રિંગણલીલા કહે છે. તેમના જમણા શ્રીહસ્તમાં માખણ છે. બંને ચરણે ઘૂંટણિયાં તાણે છે. ડાબો હસ્ત ભૂમિ ઉપર ટેકવેલો છે. જમણા હસ્તથી માખણ આરોગે છે. તેમને માખણ અતિ પ્રિય હોવાથી, એમનું નામ શ્રીનવનીતપ્રિયજી છે. તેમનો વર્ણ ગૌર છે. નેત્રોમાં અંજન છે. સ્વરૂપ અતિ નાનું પણ સુંદર છે. શ્રીકાકા વલ્લભજી મહારાજે નીચેના પદમાં આ સ્વરૂપની ભાવના વર્ણવી છે :

લૈ જુ ગયો ચિત માખનપ્યારો,
તનક કમલમુખમેં દ્વૈ દઁતિયાં, ઈન આઁખનતેં હોત ન ન્યારો. (૧)
રિંગનલીલા ભાવ જનાવત, મર્યાદારહિત યે રૂપ,
કટિ કિંકિની પાઁય પૈજની, ફિરિ ચિતવત હઁસત બજત અનૂપ. (૨)
દેખિ સખી લપટે ભુજ ભીડત, નખછત કૂચ કપોલ કર પરસત,
કહત ફિરત સબસોં નંદરાની, દેખ મૈયા બહાવરો હ્વૈ દરસત. (૩)
મુગ્ધ ભાવ ગોપિનસોં સોચત, યહ લીલા કોઈ નાહિન જાને,
કે જાને સેવા-સંયોગી, દાસ ભાવાદિક લેશ બખાને. (૪)

પ્ર. ૯ : શ્રીમથુરાનાથજીના સ્વરૂપનો પરિચય કરાવશો?

જ. ૯ : જ્યારે શ્રીમહાપ્રભુજી કનોજ પધાર્યા, ત્યારે પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક થયા હતા. તેમણે વિનંતી કરી કે મને પ્રભુના સ્વરૂપનો ચમત્કાર જોવા મળે; તો તેમની સેવા કરવામાં મન લાગે. આથી, શ્રીમહાપ્રભુજી તેમને લઈને કનોજથી વ્રજમાં પધાર્યા. ત્યાં મહાવન પાસે કર્ણાવલ નામના સ્થાનમાં શ્રીયમુનાજીના કિનારે આપશ્રી પ્રાતઃસંધ્યા કરતા હતા. પાસે પદ્મનાભદાસ બેઠા હતા. ત્યારે એકાએક શ્રીયમુનાજીના સામા કિનારે ભેખડ તૂટતાં, તેમાંથી સાત તાડ જેટલું ઊંચું વિરાટ દિવ્ય ચતુર્ભુજસ્વરૂપ પ્રગટ થયું. તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યું અને આજ્ઞા કરી કે મારી સેવા કરો.

શ્રીમહાપ્રભુજીએ બે હાથ જોડી વિનંતી કરી, કૃપાનાથ આપની સેવા કરવાનું સામર્થ્ય કલિયુગના કોઈ જીવમાં નથી. જો સેવા કરાવવી હોય તો ગોદમાં બિરાજે તેવડું સ્વરૂપ ધારણ કરો. તેથી તે સ્વરૂપ અઠ્ઠાવીસ આંગળ જેટલી ઊંચાઈનું બની, શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજ્યું.

શ્રીપદ્મનાભદાસજીએ આ અદ્ભુત લીલાનાં દર્શન નજરોનજર કર્યાં. તેમણે શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપ પોતાને પધરાવી આપવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને આ સ્વરૂપ પધરાવી આપ્યું. તેમણે કનોજમાં જીવન પર્યન્ત આ સ્વરૂપની સેવા કરી. તેમના પરિવારમાં તેમનાં દીકરી તુલસાંએ તથા તેમના પુત્રની પત્ની પાર્વતીએ પણ આ સ્વરૂપની સેવા કરી હતી. પછી તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના ઘેર પધાર્યું. શ્રીગુસાંઈજીએ તેમનાં સાત બાળકોનો ભાગ વહેંચ્યો, તેમાં મોટા પુત્ર શ્રીગિરિધરજીના ભાગમાં આ સ્વરૂપ પધાર્યું. ત્યારથી પ્રથમ ગૃહમાં આ સ્વરૂપ બિરાજે છે. હાલમાં પ્રથમ ગૃહના તિલકાયત ગો. શ્રી લાલમણિજી મહારાજ આ સ્વરૂપની સેવા કરે છે. તે હાલ કોટા (રાજસ્થાન)માં બિરાજે છે. તેમનો પાટોત્સવ ફાગણ સુદ સાતમનો છે.

આ સ્વરૂપ શ્યામ વર્ણનું અને ચતુર્ભુજ છે. તેમની કંદરા ઉપરથી અર્ધગોળ આકારની છે. આ સ્વરૂપ ગૌચારણ વખતે પ્રભુએ કરેલી માખણચોરી લીલાનું છે. ગૌચારણ માટે પ્રભુ વનમાં પધાર્યા, ત્યારે એક ગોપીના સૂના ઘરમાં સખાઓ સાથે માખણચોરી કરવા પધાર્યા હતા. છાપરામાં ઊંચે લટકાવેલા શીંકામાંથી મટકી ઉતારવા તેઓ ખાંડણિયા પર ચઢ્યા. બે હસ્તે મટકી પકડી, ત્યારે કટિ પરથી રેશમી પીતાંબર સરક્યું. તે પકડવા બીજા બે હસ્ત પ્રગટ કર્યા. આવા ચતુર્ભુજસ્વરૂપે સામે ઊભેલા શ્રી કુંભનદાસજીને દર્શન આપ્યાં.

આપના નીચેના જમણા શ્રીહસ્તમાં શંખ છે. તે શ્રીસ્વામિનીજીને આલિંગન આપતાં તેમની ગ્રીવાને શ્રીહસ્તથી પકડવાનો ભાવ છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં પદ્મ છે. શ્રીસ્વામિનીજીના કપોલ ઉપર તે હસ્ત ધર્યો હોવાથી, તે કપોળકમળના ચિહ્નથી અંકિત છે. ઉપરના ડાબા શ્રીહસ્તમાં ગદા છે. આશ્લેષ વખતે શ્રી સ્વામિનીજીનો શ્રીહસ્ત પકડવાનો ભાવ છે. નીચલા ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. આલિંગન સમયે શ્રીસ્વામિનીજીના કર-કંકણનાં ચિહ્ન અંકિત થયાનો ભાવ છે. તેમની કંદરામાં જમણી બાજુ નીચે શ્રીયમુનાજી, જમણી બાજુએ ઉપર શ્રીસ્વામિનીજી, ડાબી બાજુ ઉપર શ્રીકુમારિકાજી અને ડાબી બાજુ નીચે શ્રીચંદ્રાવલીજી બિરાજે છે.

આમ, આ સ્વરૂપ માખણચોરી નિમિત્તે વ્રજભક્તોને રસદાન કરનાર રસાત્મક-સ્વરૂપ છે. તે મથુરાલીલાનું સ્વરૂપ નથી. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પ્રમેય પ્રકરણના પ્રથમ અધ્યાયની લીલાનું સ્વરૂપ છે.

મંથન કરે તે મથુરા. ભક્તોના હૃદયનું મંથન કરી, તેમાં રહેલી અશુદ્ધિઓ દૂર કરી, તે હૃદયને પોતાને બિરાજવા લાયક બનાવી, તેમાં બિરાજેલા તેમના હૃદયના નાથ તે શ્રીમથુરાનાથજી. આવો એમના નામનો ગૂઢ અર્થ છે.

શ્રીદ્વારકેશજી મહારાજ આ સ્વરૂપની ભાવના નીચેના પદમાં વર્ણવે છે :

સબ વ્રજકો રસ-સ્વરૂપ,
ચાર ભુજા ચારોં કર આયુધ, કમલ સ્વામિની રૂપ. (૧)
ચક્રતેજ ચંદ્રાવલીજુ કો, શંખ શ્રીયમુના જાનો,
ગદા કુમારી સ્યામ બરન વપુ, 'દ્વારકેશ' મન આનો. (૨)

પ્ર. ૧૦ : શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપ વિષે જાણકારી આપશો?

જ. ૧૦ : શ્રીમહાપ્રભુજી ભારતયાત્રા કરતાં જ્યારે પંઢરપુર પધાર્યા, ત્યારે ત્યાં બિરાજતા પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવા આજ્ઞા કરી. તે સમયે ત્યાં શ્રીનાથજી પણ પ્રગટ થયા. તેમણે પણ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે આપ લગ્ન કરો. આપને ત્યાં હું પુત્રરૂપે પ્રગટ થઈશ. આમ, ભગવદાજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજીનાં લગ્ન શ્રીમહાલક્ષ્મીજી સાથે થયાં.

સંવત ૧૫૭૨ના માગસર વદ નોમના દિવસે ચરણાટમાં શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું. તે સમયે એક બ્રાહ્મણ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે મને ગંગાજીમાંથી આ ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું છે. પ્રભુની ઈચ્છા આપને ત્યાં બિરાજવાની હોવાથી તેમને પધરાવી લાવ્યો છું. શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા. પાંડુરંગ શ્રીવિઠ્ઠલ-નાથજીની આજ્ઞાથી પુત્રપ્રાગટ્ય થયું અને શ્રીવિઠ્ઠલનાથજીનું ભગવત્સ્વરૂપ પણ તે જ દિવસે પ્રાપ્ત થયું. માટે આપ બંનેનાં નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખ્યાં. આ સ્વરૂપ હમેશાં શ્રીમહાપ્રભુજીના ઘરમાં જ બિરાજ્યું અને તેમની સેવા થઈ. શ્રીગુસાંઈજીએ પોતાના બીજા પુત્ર શ્રી ગોવિંદરાયજીના ભાગમાં આ સ્વરૂપ પધરાવી આપ્યું. ગોકુળમાં યશોદાઘાટ પાસે શ્રીગોવિંદરાયજીએ પોતાનું ઘર અલગ બનાવી, ત્યાં આ સ્વરૂપને પધરાવી તેમની સેવા કરી. હાલ તે સ્થાન શ્રીવિઠ્ઠલનાથજીના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. શ્રીગોવિંદરાયજીના પૌત્ર શ્રીહરિરાયજી આ સ્વરૂપને પધરાવી,

શ્રીનાથજીથી પહેલાં રાજસ્થાનમાં પધાર્યા. ત્યાં ઉદયપુરથી થોડેક દૂર હલદીઘાટી પાસે આવેલ ખિમનોરમાં નિવાસસ્થાન બનાવી બિરાજ્યા. પછી નાથદ્વારામાં શ્રી નાથજીના મંદિરની નજીક નવું મંદિર બનાવી, તેમાં શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવ્યા. ત્યારથી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીનાથદ્વારામાં બિરાજે છે. દ્વિતીયગૃહના તિલકાયત ગોસ્વામી શ્રીકલ્યાણરાયજી મહારાજ આપની સેવા કરે છે.

આ સ્વરૂપનું અડધું શ્રીઅંગ શ્યામ છે અને અડધું ગૌર. ચરણારવિંદથી કટિ સુધી ગૌર છે અને કટિથી શિખા સુધી શ્યામ છે. બે ભુજા કટિ પર ધારણ કરી છે. ડાબા હસ્તમાં છિદ્રવાળો શંખ છે. મસ્તકે કિરીટ ધારણ કર્યો છે. તેમની સાથે શ્રીયમુનાજીનું સ્વરૂપ બિરાજે છે. તે તેમનાં સ્વામિનીજી છે. તેમના બંને હસ્તમાં કમળ ધર્યાં છે. એક ચરણાવિંદમાં આભૂષણ ધર્યાં છે, બીજામાં ધર્યાં નથી.

દશમ સ્કંધના ફળ પ્રકરણના દ્વિતીય અધ્યાયની લીલાનું આ સ્વરૂપ છે. રાસલીલામાં વેણુનાદ થતાં ગોપીજનો દોડતાં આવ્યાં, ત્યારે પ્રભુએ બે હસ્ત કટિ પર ધારણ કરી જે સંવાદ કર્યો, તે લીલાનું આ સ્વરૂપ છે; તેથી કિશોરભાવની પ્રેમવિવશ લીલાનું સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજી પ્રત્યેની આસક્તિના ભાવથી અડધું-સ્વરૂપ ગૌર છે. શ્રીયમુનાજીના ભગવદ્-ભાવથી થયેલી આસક્તિને કારણે આપનું અડધું સ્વરૂપ શ્યામ છે. શ્રીયમુનાજીએ એક જ ચરણારવિંદમાં આભૂષણ ધર્યાં છે, કારણ કે આપનું સ્વરૂપ શૃંગારરસના સંયોગ અને વિપ્રયોગ બંને ભાવનું સ્વરૂપ છે. રાસલીલામાં પધારવાની ઉતાવળમાં આભૂષણ પૂરાં ધર્યાં નથી.

'વિઠ્ઠલ'નો અર્થ અજ્ઞાન દૂર કરીને જ્ઞાન આપનાર એવો થાય છે. તેઓ ભક્તોના માયારૂપી અજ્ઞાનને દૂર કરતા હોવાથી તેમનું નામ શ્રીવિઠ્ઠલનાથજી છે. શ્રીદ્વારકેશજી મહારાજ નીચેના પદમાં તેમનું સ્વરૂપ સમજાવે છે :

દેખ્યો અદ્‌ભુત રૂપ સખી, રી સુરસુતાકે સાથ,
વિવશ ભયે દેખ કરિ, સુંદર કટિ પર રહિ ગયે દોઉ હાથ. (૧)
તાતેં ગૌર ચિત્ર સ્યામલ તન ઉપમા કહત ન આવે ગાથ,
'દ્વારકેશ' પ્રભુ યહ વિધિ દેખ મૈં તો કર લિયો જન્મ સનાથ. (૨)

પ્ર. ૧૧ : શ્રીદ્વારકાનાથજીના સ્વરૂપનો પરિચય કરાવશો?

જ. ૧૧ : સૃષ્ટિના પ્રારંભમાં ભગવાને બ્રહ્માજીને સૃષ્ટિનું સર્જન કરતાં પહેલાં તપ કરવાની આજ્ઞા કરેલી. તેમના તપથી પ્રસન્ન થઈ ભગવાને ચતુર્ભુજ-સ્વરૂપે બ્રહ્માજીને દર્શન આપેલાં. બ્રહ્માજીએ તેમને પોતાના આશ્રમમાં બિરાજવા વિનંતી કરી. આથી ભગવાન હંમેશ માટે ત્યાં બિરાજ્યા. બ્રહ્માજીએ તેમની ઘણાં

વર્ષો સુધી સેવા કરી. બ્રહ્માજીના પુત્ર કર્દમ ઋષિ થઈ ગયા. તેમનાં પત્ની દેવહૂતિજી હતાં. તેમનો આશ્રમ સિદ્ધપુરમાં સરસ્વતીના કિનારે હતો. બ્રહ્માજીએ તેમને આ સ્વરૂપ પધરાવી આપેલું. તેઓ તેમની સેવા કરતા હતા. તેમના પુત્ર કપિલદેવજી થયા. તેમણે પણ આ સ્વરૂપની સેવા કરી હતી. ત્યાર પછી આ સ્વરૂપ તેમના શિષ્યો દ્વારા ઘણાં વર્ષો સુધી સેવાયું હતું.

તે પછી આ સ્વરૂપ સિદ્ધપુરમાં આવેલા બિંદુ સરોવરમાં અંતર્ધાન થયું હતું. વર્ષો બાદ ત્યાંના દેવશર્માં બ્રાહ્મણને સ્વપ્નમાં આ સ્વરૂપે દર્શન આપી, તેને સરોવરમાંથી બહાર પધરાવી સેવા કરવા આજ્ઞા કરી હતી. તે પ્રમાણે આ સ્વરૂપ દેવશર્માના કુટુંબમાં બિરાજ્યું હતું. તેમના વંશમાં છેલ્લે એક વૃદ્ધ માજી તેમની સેવા કરતાં હતાં.

આબુના રાજા અંબરીશે ઘણું તપ કરેલું. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાને તેમને દર્શન આપી, આજ્ઞા કરેલી કે તમે સિદ્ધપુર જઈ, માજી પાસેથી મારું સ્વરૂપ પધરાવી તેમની સેવા કરો. તે પ્રમાણે રાજા અંબરીશ આ સ્વરૂપને પોતાના મહેલમાં પધરાવી લાવ્યા હતા અને તેમની સેવા કરતા હતા. રાજા અંબરીશ પછી આ સ્વરૂપ આબુ પર્વત પર વસિષ્ઠ મુનિના આશ્રમમાં બિરાજ્યું. વસિષ્ઠ અયોધ્યાના રાજા દશરથના કુલગુરુ હતા. એક વખત રાણી કૌશલ્યા આદિ આશ્રમમાં આવ્યાં, ત્યારે આ સ્વરૂપનાં દર્શન કરી તે પધરાવી આપવા તેમણે વિનંતી કરેલી. તેથી આ સ્વરૂપ ઠીક-ઠીક સમય સુધી અયોધ્યાના રાજમહેલમાં બિરાજ્યું. ત્યાં માતા કૌશલ્યા, શ્રીરામચંદ્રજી વગેરેએ તેમની સેવા કરી હતા. ફરી પાછું આ સ્વરૂપ આબુ પર્વત પર વસિષ્ઠ મુનિના આશ્રમમાં પધાર્યું. પાંડવો તેરમા વર્ષના ગુપ્તવાસ દરમ્યાન થોડો સમય આબુમાં રહ્યા હતા, ત્યારે તેમણે પણ આ સ્વરૂપની સેવા કરેલી.

કલિયુગમાં કનોજના એક દરજી ભક્તને દર્શન આપી ભગવાને પોતાનું આ સ્વરૂપ આબુથી પધરાવી લાવવા આજ્ઞા કરી હતી. તે મુજબ આ સ્વરૂપ કનોજમાં દરજીના ઘરમાં બિરાજ્યું.

જ્યારે કનોજના દીવાન દામોદરદાસ સંભરવાળા શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થતાં તેઓ આ સ્વરૂપને દરજીને ત્યાંથી પધરાવી લાવ્યા હતા. દામોદરદાસે આ સ્વરૂપની સેવા ખૂબ જ પ્રેમ અને રાજ-વૈભવથી કરી. તેમના લીલાપ્રવેશ બાદ આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના ઘેર પધાર્યું.

શ્રીગુસાંઈજીએ પોતાના તૃતીય કુમાર શ્રી બાલકૃષ્ણલાલજીને આ સ્વરૂપ

પધરાવી આપ્યું. શ્રીબાલકૃષ્ણલાલજીને શ્રીસ્વામિનીજી સાથે આ સ્વરૂપની સેવા કરવાનો મનોરથ હતો. આથી શ્રીગુસાંઈજીએ તેમને સોનાનાં બે કડાં આપીને આજ્ઞા કરી કે તમે વ્રજમાં શોધ કરો. જે સ્વરૂપના હસ્તમાં આ કડાં બંધબેસતાં થશે, તે તમારા શ્રીદ્વારકાધીશનાં સ્વામિનીજી હશે. શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીબાલકૃષ્ણલાલજીને ગુંજાવનમાંથી શ્રીસ્વામિનીજી તરીકે શ્રીયમુનાજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. તે ગોકુળ પધરાવી લાવ્યા. શ્રીગુસાંઈજીની આજ્ઞા મુજબ શ્રીદ્વારકાધીશજીની સાથે શ્રીસ્વામિનીજીની સેવા ગુપ્ત રીતે થાય છે. શ્રીબાલકૃષ્ણલાલજીએ ગોકુળમાં શ્રીયમુનાજીના કિનારે નિજસ્થાન સિદ્ધ કરાવી, તેમાં શ્રીદ્વારકાધીશજી પધરાવી સેવા કરવા માંડી. તેમના વંશમાં ઘણાં વર્ષો સુધી શ્રીપ્રભુ ગોકુળમાં બિરાજ્યા. પછી ત્યાંથી અમદાવાદ થઈ કાંકરોલી પધાર્યા. ત્યારથી આપ તૃતીય ગૃહના નિધિસ્વરૂપે કાંકરોલીમાં બિરાજે છે. હાલમાં તૃતીય ગૃહના તિલકાયત ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ તેમની સેવા કરે છે.

દશમ-સ્કંધના પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયમાં વેણુકૂજનલીલા છે અને એકવીસમા અધ્યાયમાં આંખમિચોલી લીલા છે. આ બંને લીલાઓ શ્રીદ્વારકાધીશ પ્રભુમાં પ્રગટ બિરાજે છે. એક વખત શ્રીસ્વામિનીજી તેમની નિકુંજમાં બિરાજતાં હતાં, ત્યારે પાછળથી ચૂપકીદીથી પધારીને શ્રીપ્રભુએ શ્રીસ્વામિનીજીનાં નેત્રો મીંચી દીધેલાં. શ્રીસ્વામિનીજીએ શ્રીપ્રભુના હસ્ત છોડાવતાં 'કોણ છે?' એમ પૂછ્યું, તેના જવાબમાં બીજા બે હસ્ત ધારણ કરી, તે દ્વારા વેણુનાદ કરી, 'હું શ્યામ છું.' એમ શ્રીપ્રભુએ જણાવ્યું. આવી અદ્ભુત લીલાથી પ્રસન્ન થયેલાં શ્રીસ્વામિનીજીએ શ્રીપ્રભુને આલિંગન આપ્યું. આ રસાત્મક લીલાનું આ સ્વરૂપ છે, તેથી તે પુષ્ટિ-પુરુષોત્તમ હોવા છતાં ચતુર્ભુજ છે.

આપનું શ્રીઅંગ શૃંગારરસના ભાવથી શ્યામ છે. નીચેના ડાબા શ્રીહસ્તમાં શંખ છે, જે આલિંગન સમયે પ્રભુએ શ્રીસ્વામિનીજીની ગ્રીવાને પોતાના હસ્તથી પકડ્યાના ભાવનું સ્વરૂપ છે. ઉપરના ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે, જે આલિંગન સમયે શ્રીસ્વામિનીજીનાં કંકણ શ્રીપ્રભુના હસ્ત ઉપર દબાતાં થયેલ ચિહ્નના ભાવનું સ્વરૂપ છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં ગદા છે, જે આલિંગન સમયે પ્રભુએ પકડેલ શ્રીસ્વામિનીજીના હસ્તના ભાવનું સ્વરૂપ છે. નીચેના જમણા શ્રીહસ્તમાં પદ્મનું ચિહ્ન છે. આ ચિહ્ન આલિંગન સમયે શ્રીપ્રભુનો હસ્ત શ્રીસ્વામિનીજીના કપોલ પર લાગ્યાનું છે. આપની પીઠિકા ચોરસ છે. ચાર ખૂણે ચાર સ્વામિનીજીનાં સ્વરૂપો બિરાજમાન છે. શ્રીઅંગ ઉપર તનિયો અને મસ્તક પર કિરીટ ધારણ કર્યો છે.

સંસ્કૃતમાં 'દ્વાર' એટલે બારણું અને 'ક' એટલે જલ. પુષ્ટિમાર્ગમાં જલ-સ્વરૂપ શ્રીયમુનાજી છે. તેથી દ્વારકાધીશ એટલે શ્રીયમુનાજીની નિકુંજના દ્વારના અધિપતિ. આ સ્વરૂપને દ્વારકાલીલા સાથે કોઈ સંબંધ નથી. તેમનો પાટોત્સવ અષાઢ સુદ ૫ નો છે. તેમની સ્વરૂપભાવના શ્રીદ્વારકેશજી નીચેના પદમાં વર્ણવે છે.

આજ વિહરત હરિ કુંજનિકેત,
દુરિમુરિ આય યુગલ દગ મીંચે, પ્યારીજુ અતિ ઉપજ્યો હેત. (૧)
હસ્તકમલ તારી દે મોહન, દ્વિજ ભુજ ભરિ ઉર લેત,
'દ્વારકેશ' પ્રભુ યહી બિધિ ક્રીડત, યાતેં ભલો બન્યો સંકેત. (૨)

પ્ર. ૧૨ : શ્રીગોકુલનાથજીના સ્વરૂપ વિષે માહિતી આપશો?

જ. ૧૨ : શ્રીમહાપ્રભુજીના સસરાને ત્યાં કાશીમાં પંચાયતન પૂજા હતી. તેમની પુત્રીના લગ્ન બાદ તેમણે પોતાના જમાઈ શ્રીમહાપ્રભુજીને આ પૂજા સોંપી, ત્યારે તેમાં બિરાજતા શ્રીગોકુલનાથજીના અલૌકિક સ્વરૂપને આપે સ્વગૃહે પધરાવ્યા. અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓને શ્રીગંગાજીમાં વિસર્જન કરી દીધી.

દશમ સ્કંધના સાધન પ્રકરણના ૨૫મા અધ્યાયની શ્રીગિરિરાજધારણ લીલાનું આ સ્વરૂપ છે. આ સ્વરૂપને ઈન્દ્રે સ્વર્ગની સુરભિ ગાયના દૂધથી ગોવિંદાભિષેક કર્યો હતો. ઈન્દ્ર તેમનો સેવક થયો હતો. ઈન્દ્રની વિનંતીથી આ સ્વરૂપ ઈન્દ્ર પાસે સ્વર્ગમાં બિરાજ્યું હતું. લંકાના રાજા રાવણે સ્વર્ગ પર વિજય મેળવીને ઈન્દ્રને હરાવ્યો, ત્યારે તે આ સ્વરૂપને પધરાવી લાવ્યો હતો. રાવણ શિવભક્ત હતો; જ્યારે તેનો ભાઈ વિભિષણ વિષ્ણુભક્ત હતો. તેથી વિભીષણે આ સ્વરૂપની સેવા કર્યાનું કહેવાય છે. આ સ્વરૂપ હમેશાં શ્રીમહપ્રભુજીના ત્યાં બિરાજેલું છે.

શ્રીગુસાંઈજીએ પોતાના ચતુર્થ કુમાર શ્રીગોકુલેશજીને આ સ્વરૂપ પધરાવી આપ્યું હતું. હાલ આપ ગોકુલમાં બિરાજે છે. આપનું બીજું નામ શ્રીગોવર્ધનધર પણ છે. આપે વ્રજ સહિત શ્રીગોકુલની રક્ષા કરી હોવાથી આપ શ્રીગોકુલનાથજી કહેવાય છે. ચતુર્થ ગૃહના તિલકાયત ગોસ્વામી શ્રી દેવકીનંદનજી મહારાજ આપની સેવા કરે છે. આપની સાથે આપનાં બે શ્રીસ્વામિનીજી પણ બિરાજે છે. આજે પણ અન્નકૂટના દિવસે જતિપુરામાં શ્રીગોવર્ધનપૂજનનો પ્રથમ અધિકાર આ સ્વરૂપનો છે. આપનું સ્વરૂપ ગૌર છે; કારણકે વ્રજભક્તો અને હરિદાસવર્ય એવા શ્રીગિરિરાજજીની આસક્તિના ભાવનું આ સ્વરૂપ છે. આપ ચતુર્ભુજ છે. બે ભુજામાં વેણુ ધારણ કરી છે. જમણો શ્રીહસ્ત ઊંચો છે. તેમાં શ્રીગિરિરાજજી ધારણ

કર્યા છે. ડાબા શ્રીહસ્તમાં શંખ છે. ઈન્દ્રે જ્યારે સાત દિવસ વૃષ્ટિ કરી, ત્યારે બધું જળ આ શંખમાં ઝીલ્યું હતું. એક બિંદુ પણ વ્રજમાં પડવા દીધું ન હતું.

આપ કમળમાં ઠાડા છે. કમળના બે ભાવ છે : કમળ એટલે વ્રજ. આપ વ્રજમંડલમાં બિરાજમાન છે. કમળ એટલે શ્રીસ્વામિનીજીની સાડીનું વસ્ત્ર. તેના ઉપર આપ બિરાજે છે. વેણુનાદ દ્વારા શ્રીગિરિરાજજીને આલિંગનનું સુખ આપે છે. આપની ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. શ્રીરાધિકાજીના એક હસ્તમાં ચઁવર છે અને બીજા હસ્તમાં છડી છે. બંને સ્વામિનીજી શ્રીપ્રભુને ચઁવર ઢોળી શ્રીગિરિરાજ ધારણ કર્યાના શ્રમનું નિવારણ કરે છે. આપનો પાટોત્સવ શ્રાવણ સુદ પાંચમનો છે.

આ સ્વરૂપની ભાવના શ્રીદ્વારકેશજી નીચેના પદમાં ગાય છે :

વ્રજપતિ તુમ બિન કૌન કરે,
ઉત મઘવાકો માનભંગ કરિ, ઈત વ્રજગોપિન ગોપ વરે. (૧)
વેણુ બજાવત કર પર ગિરિવર, વામભુજા લૈ શંખ ધરે,
'દ્વારકેશ' પ્રભુ ગૌરવર્ણ વપુ, નિગમ પ્રશંસિત વિપદ હરે. (૨)

પ્ર. ૧૩ : શ્રીગોકુલચંદ્રમાજી વિષે જાણકારી આપશો?

જ. ૧૩ : આપણે આગળ શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપનો વિચાર કરી ગયા છીએ. મહાવનનાં ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાંથી શ્રીનવનીતપ્રિયજી સાથે અન્ય ત્રણ સ્વરૂપો પ્રાપ્ત થયાં હતાં, તેમાંનું જ એક સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીનું પણ છે. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ મહાવન-નિવાસી નારાયણદાસ બ્રહ્મચારીને પધરાવી આપ્યું હતું. તેમના લીલાપ્રવેશ બાદ તે સ્વરૂપ શ્રીગુસાંઈજીને ત્યાં પધાર્યું હતું. શ્રીગુસાંઈજીએ આ સ્વરૂપ તેમના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીને પધરાવી આપ્યું હતું. પંચમ ગૃહના નિધિ-સ્વરૂપરૂપે આપ હાલ કામવનમાં પંચમગૃહ તિલકાયત પૂ. શ્રીવલ્લભલાલજી, ગો. શ્રીગિરિધરલાલજી મહારાજના માથે બિરાજે છે. આપનો પાટોત્સવ અષાઢ વદ ચોથનો મનાય છે.

દશમ સ્કંધના તામસ ફલ પ્રકરણના ૩૨મા અધ્યાયની લીલાનું આ સ્વરૂપ છે. આ જ સ્વરૂપે વ્રજભક્તો સાથે મહારાસ કર્યો હતો. તેમણે વ્રજભક્તોને પૂર્ણ રસનું દાન કર્યું હોવાથી તેઓ શ્રીમધુરેશજી અને શ્રીગોકુલનાથજીના નામે પણ પ્રસિદ્ધ છે. આ જ સ્વરૂપે ગોકુળમાં શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ મધુરાષ્ટકથી તેમની સ્તુતિ કરી હતી. તેથી આપ

શ્રીગોકુલનાથ-શ્રીગોકુલચંદ્રમા કહેવાય છે. આપનો વર્ણ શ્યામ છે. ચરણ, કટિ અને ગ્રીવાની ત્રિભંગી હોવાથી આપ લલિતત્રિભંગી-સ્વરૂપ છે. બે ભુજા દ્વારા વેણુ ધારણ કરી છે. વામ ચરણ સ્થિર છે. જમણો ચરણ ઉન્નત છે. તેની અંગુલિનો સ્પર્શ વામચરણને થાય છે. વામચરણ ભૂતલ પર ધરી, પુષ્ટિપંથના સ્થાપનનું સૂચન કર્યું છે. જમણો ચરણ ઉન્નત રાખી, મર્યાદાના ઉલ્લંઘનનું સૂચન કર્યું છે.

શ્રીદ્વારકેશજી નીચેના પદમાં આ સ્વરૂપની ભાવના વર્ણવે છે :

અંગ છબિ નિરખત લજિત અનંગે,
ચરન કટિ ગ્રીવકો નમિત કર નંદસુત, દેત રસદાન લલિત ત્રિભંગે. (૧)
પુષ્ટિપથ થાપિ મર્યાદ ઉલ્લંઘ કર, ચિહ્ન પ્રકટિત વિવિધ અંગ અંગે,
પ્રેમ આસક્તિ સ્નેહબિબસ, વિવિધ પરિવેશ જિયે બેનુ સંગે. (૨)
સ્યામ સુકુમાર તન ચિતવન લલિત, આવનિ પદ લટિક જબ ચલત તબ માન ભંગે,
પરમ મોહન 'દ્વારકેશ' પ્રભુ મધુર અતિ, ગોકુલાધીશ ઉચ્છલિત તરંગે. (૩)

પ્ર. ૧૪ : શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપ વિષે જાણકારી આપશો?

જ. ૧૪ : એક વખત શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીમાં સ્નાન કરતા હતા, ત્યારે આ સ્વરૂપ આપની જનોઈ પોતાના શ્રીહસ્તમાં પકડી શ્રીયમુનાજીમાંથી બહાર પધાર્યું હતું. શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ શ્રીગુસાંઈજી નાના હતા ત્યારે તેમને ખેલવા માટે આપ્યું હતું. આ સ્વરૂપ હંમેશા શ્રીમહાપ્રભુજીને ત્યાં જ બિરાજ્યું હતું, જે શ્રીગુસાંઈજીએ પોતાના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીને પધરાવી આપ્યું હતું. શ્રીયદુનાથજીએ તેમની અલગ સેવા ન કરતાં પોતાના મોટાભાઈ શ્રી બાલકૃષ્ણલાલજીની સાથે મળીને શ્રીદ્વારકાનાથજીની સાથે તેમને પધરાવી સેવા કરી હતી. શ્રી બાલકૃષ્ણલાલજીના પુત્ર શ્રીદ્વારકાનાથજી અને શ્રીયદુનાથજીના પુત્ર શ્રીમધુસૂદનજીએ વિચાર કરીને આ સ્વરૂપ શ્રીમધુસૂદનજીને અલગ પધરાવી આપ્યું હતું; પરંતુ શ્રીપ્રભુની ઇચ્છા શ્રીદ્વારકાનાથજીની સાથે બિરાજવાની હોઈ, તે પાછું શ્રીદ્વારકાનાથજી પાસે પધાર્યું હતું. જ્યારે શ્રીદ્વારકાનાથજી અમદાવાદ પધાર્યા, ત્યારે આ સ્વરૂપ સાથે બિરાજતું હતું. તૃતીયગૃહના વંશજ શ્રી વ્રજરાયજીએ ઔરંગઝેબના હુકમથી આ સ્વરૂપ અમદાવાદમાંથી પધરાવી લીધું હતું. તે લઈને આપ સુરત પધાર્યા હતા અને ત્યાં બિરાજ્યા હતા. ત્યારથી આપના વંશમા તેમની સેવા થાય છે. હાલ સુરતમાં આ સ્વરૂપની સેવા ગો. શ્રી ગોપીશરાયજી મહારાજશ્રી તથા ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી કરે છે. આપનો પાટોત્સવ આસો સુદ ૧૩નો મનાય છે.

દશમ સ્કંધના સાતમા અધ્યાયની શકટભંજન, પૂતનાવધ અને તૃણાવર્તલીલાનું ત્રણ માસની વયનું સ્વરૂપ છે. તેમનો વર્ણ ગૌર છે. એક ચરણ ભૂમિ ઉપર ટેકવેલો છે. બીજો ચરણ વાળેલો છે. ડાબો શ્રીહસ્ત ભૂમિ પર ટેકવ્યો છે. જમણા શ્રીહસ્તમાં લાડુ છે. બાલલીલાનું આ સ્વરૂપ છે.

આ સ્વરૂપની ભાવના શ્રીદ્વારકેશજીએ નીચેના પદમાં વર્ણવેલી છે :

નંદઆંગન ક્રીડત સુખરૂપ,
દ્વિભુજ ગૌર માખન કર લીને, ઘુટુરન ચલત અનૂપ. (૧)
વ્રજયુવતિન પ્રતિબંધ નેક નહિ, સબ દેખત ઉર ભાવે,
'દ્વારકેશ' પ્રભુકું લૈ ગોપિન તનકે તાપ સમાવે. (૨)

પ્ર. ૧૫ : શ્રીમદનમોહનજીના સ્વરૂપનો પરિચય કરાવશો?

જ. ૧૫ : શ્રીમહાપ્રભુજીના પૂર્વપુરુષ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીને પ્રથમ સોમયજ્ઞ વખતે અગ્નિકુંડમાંથી પ્રાપ્ત થયેલ આ સ્વરૂપ છે, જે શ્રીમહાપ્રભુજીને વારસામાં મળ્યું હતું. તેઓ હમેશાં શ્રીમહાપ્રભુજીના ઘરમાં જ બિરાજ્યા છે. શ્રીગુસાંઈજીએ પોતાના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીને આ સ્વરૂપ પધરાવી આપ્યું હતું. આજે આપશ્રી કામવનમાં બિરાજે છે. સપ્તમ ગૃહના તિલકાયત શ્રીઘનશ્યામલાલજી મહારાજ તેમની સેવા કરે છે.

દશમ સ્કંધના ફળ પ્રકરણના ૨૯મા અધ્યાયની લીલાનું સ્વરૂપ છે. મહારાસ સમયે વેણુનાદ કરી, આ સ્વરૂપે વ્રજભક્તોને બોલાવ્યાં હતાં. આપનું વર્ણ ગૌર છે. શ્રીઅંગ પર જનોઈનું ચિહ્ન છે. બે શ્રીહસ્તથી વેણુનાદ કરે છે. આપને બે સ્વામિનીજી છે. ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. બંનેના જમણા શ્રીહસ્તમાં કમળની કળી છે. આપે ગોપીજનોનાં મન મોહ્યાં હોવાથી, આપનું નામ શ્રીમદનમોહનજી છે.

આ સ્વરૂપની ભાવના નીચેના પદમાં શ્રીદ્વારકેશજી વર્ણવે છે :

દેખ્યો રી મૈં સુંદર બદન,
બેન બજાય બુલાય લઈ હૈ, પૂછત રી ક્યોં છાઁડ્યો સદન. (૧)
સદન છાઁડિ નિજ ધર્મ કિયો હૈ, યાતેં ગૌર ભયે નંદનંદન,
'દ્વારકેશ' પ્રભુ યહ બિધિ દેખી, ન્યાયકે હેત મન્મથ નિકંદન. (૨)

પ્ર. ૧૬ : પુષ્ટિમાર્ગમાં બીજાં મુખ્ય સ્વરૂપો ક્યાં ક્યાં છે? તેમના વિષે વિશેષ પરિચય કરાવશો?

જ. ૧૬ : પહેલી વાત એ સમજી લેવી જોઈએ કે શ્રીમહાપ્રભુજી અને તેમના વંશજો દ્વારા જે સ્વરૂપો સેવ્ય થયાં છે, તે બધાં જ મુખ્ય સ્વરૂપો છે. કોઈ સ્વરૂપ મુખ્ય છે અને કોઈ સ્વરૂપ ગૌણ છે એવું નથી. છતાં શ્રીમહપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ સેવ્ય કરેલાં સ્વરૂપોને આપણા સંપ્રદાયમાં નિધિ-સ્વરૂપો તરીકે ઓળખવામાં આવે છે. નિધિ એટલે કિંમતી ખજાનો. આપણા માટે તો પ્રત્યેક ભગવત્-સ્વરૂપ નિધિરૂપ છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં કેટલાંક નિધિ-સ્વરૂપોનો આપણે વિશેષ પરિચય જરૂર મેળવીએ.

ષષ્ઠ ગૃહમાં બિરાજતા શ્રીકલ્યાણરાયજી શ્રીમહાપ્રભુજીના નિધિ છે. એક સમયે શ્રીમહાપ્રભુજી યાત્રા કરતાં કરતાં પ્રયાગથી થોડે દૂર આવેલા કડા નામના ગામે પધાર્યા. ત્યાં તળાવ ઉપર એક હિન્દુ મંદિર હતું. તેમાં શ્રીઠાકોરજીનું પ્રાચીન સ્વરૂપ બિરાજતું હતું; પરંતુ ગામના લોકો અજ્ઞાનવશ તેમને કલ્યાણી દેવી તરીકે પૂજતા હતા. બાબા વેણુ અને તેના મિત્રો તેમની પૂજા કરતા. તે ભગવત્સ્વરૂપે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે મને શ્રીઠાકોરજી-સ્વરૂપે પ્રગટ કરો. આથી શ્રીમહાપ્રભુજીએ તરત જ તે સ્વરૂપને સાડીના વસ્ત્રની ધોતી બનાવીને ધરી. બીજી સાડીના વસ્ત્રમાંથી પાઘ બાંધ્યો. આમ, આપે તે સ્વરૂપની ભગવત્સ્વરૂપે સ્થાપના કરી. તેમનું નામ શ્રીકલ્યાણરાયજી પાડ્યું. જ્યારે બાબા વેણુ અને તેમના મિત્રો આવ્યા, ત્યારે આ સ્વરૂપનાં દર્શન કરી તેઓ ઘણા પ્રસન્ન થયા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ તેમને આ સ્વરૂપ પધરાવી આપ્યું. તેઓ તેમની સેવા કરવા લાગ્યા. પછી આ સ્વરૂપ શ્રીગુસાંઈજીને ત્યાં પધાર્યું. જ્યારે શ્રીગુસાંઈજીના સાતેય પુત્રોના ભાગ વહેંચાયા, ત્યારે ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજી પાસે આ સ્વરૂપ બિરાજ્યું. જ્યારે શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના પુત્ર શ્રી મધુસૂદનજીને તેમના સેવ્ય-સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીએ કાયમ માટે શ્રીદ્વારકાધીશ સાથે બિરાજવાની આજ્ઞા કરી, ત્યારે શ્રીમધુસૂદનજીની વિનંતીથી શ્રીગોકુલનાથજીએ શ્રી કલ્યાણરાયજીનું સ્વરૂપ તેમને પધરાવી આપ્યું. ત્યારથી આ સ્વરૂપ ષષ્ઠગૃહના મુખ્ય સ્વરૂપ તરીકે શ્રીયદુનાથજીના વંશજોના માથે બિરાજે છે.

તેમના વંશજ ગો. શ્રી ગિરિધરલાલજીએ આ સ્વરૂપને સં. ૧૯૯૭ ના વૈશાખ વદ બીજના દિવસે શેરગઢથી વડોદરા પધરાવ્યું હતું. તે પહેલાં આ સ્વરૂપ દક્ષિણમાં આવેલા હૈદ્રાબાદમાં પણ થોડો સમય બિરાજ્યું હતું. હાલ ષષ્ઠપીઠાધીશ ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી મહારાજ તેમની સેવા કરી રહ્યા છે. હાલમાં શ્રીકલ્યાણરાયજીની સાથે શ્રીગોપીનાથજી અને શ્રીકપૂરરાયજી પણ બિરાજે છે. શ્રીકપૂરરાયજી ચોર્યાસી વૈષ્ણવ પૈકીનાં વીરબાઈના માથે બિરાજતા હતા.

શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ મોહિની-સ્વરૂપ છે. તામસ ફલ પ્રકરણની લઘુરાસની લીલાનું સ્વરૂપ છે, તેથી તે પ્રમેય-સ્વરૂપ છે. લઘુરાસમાં શ્રીસ્વામિનીજીની સાથે કરેલા આલિંગનના ભાવનું સ્વરૂપ છે. આ સ્વરૂપ ચતુર્ભુજ છે. ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ બિરાજે છે. ચારેય આયુધોના આલિંગનનો ભાવ આપણે અગાઉ શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજીની સ્વરૂપ ભાવનામાં સમજી ચૂક્યા છીએ. આ શ્યામ સ્વરૂપ છે. પીઠિકાનો ઉપરનો ભાગ ત્રિકોણ આકારનો છે. હાલમાં આપ વડોદરામાં બિરાજે છે.

શ્રીનટવરલાલજી પ્રથમ ગૃહમાં અમદાવાદ મુકામે ગોસ્વામી શ્રીવ્રજરાયજી મહારાજના માથે બિરાજે છે. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવ્ય છે. તેમનું પ્રાગટ્ય શ્રીયમુનાજીમાંથી થયું હતું. તેમનું સ્વરૂપ ગૌર છે. બે ભુજા છે. જમણા હસ્તમાં નવનીત છે. ડાબા હસ્તમાં માટ (ઠોર) છે. બાર માસની વયનું આ સ્વરૂપ છે. તૃણાવર્ત-મર્દન અને વેણુગીતની લીલા મુખ્ય છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીને ખેલવા માટે આ સ્વરૂપ પધરાવી આપ્યું હતું, ત્યારથી આપના ઘરમાં બિરાજે છે.

શ્રીમુકુંદરાયજી ષષ્ઠગૃહમાં હાલ કાશીમાં બિરાજે છે. એક સમયે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાકિનારે ઊભા રહીને શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતા હતા, તે વખતે **'મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા'** એ પંક્તિનો પાઠ થતાં આ સ્વરૂપ આપની જનોઈ પકડીને શ્રીયમુનાજીમાંથી બહાર પધાર્યું હતું. તે બાલલીલાનું સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી આ સ્વરૂપને પરિક્રમામાં પોતાની સાથે પધરાવતા હતા. ત્યાર પછી તે સ્વરૂપ શ્રીનાથજીની સાથે બિરાજતું હતું. ત્યાંથી છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના વંશજ કાશીવાળા ગોસ્વામી શ્રી ગિરિધરજી મહારાજ તેમને પધરાવી, કાશીમાં તેમની સેવા કરવા લાગ્યા. ત્યારથી આ સ્વરૂપ કાશીમાં બિરાજે છે. હાલ ગો. શ્રી શરદવલ્લભા બેટીજી તેમની સેવા કરે છે.

પ્ર. ૧૭ : આપણે ત્યાં શ્રીકૃષ્ણના મોટાભાઈ શ્રીબળદેવજીની સેવા થાય છે કે કેમ? તેમના વિશે વિશેષ માહિતી આપશો?

જ. ૧૭ : શ્રીબળદેવજી શ્રીકૃષ્ણના મોટા ભાઈ છે. તેમનાં માતા રોહિણીજી અને પિતા વસુદેવજી છે. કંસના ત્રાસથી શ્રી રોહિણીજીને ગોકુળમાં નંદનભવનમાં મોકલી આપ્યાં હતાં. ત્યાં શ્રી બળદેવજીનું પ્રાગટ્ય થયું હતું. વ્રજભાષામાં મોટાભાઈને માનવાચક શબ્દ 'દાઉ' છે, તેથી શ્રીબળદેવજી 'દાઉજી'ના નામે પણ પ્રસિદ્ધ છે. તેઓ નિત્યલીલામાં શેષજીનું સ્વરૂપ છે. શેષજીનું બીજું નામ અનંત છે. તેઓ ભગવાનનાં શૈયા-સ્વરૂપ છે. તેઓ ધર્મનું પણ સ્વરૂપ છે. તેમનું પ્રાગટ્ય

વ્રજમાં માગસર સુદ પૂનમના દિવસે થયું છે. વ્રજલીલામાં કેટલાંક વ્રજભક્તોનો ઉદ્ધાર શ્રીબલરામજીએ કર્યો છે. ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓમાં તેઓ સાક્ષી-સ્વરૂપ છે. શ્રીપ્રભુનું પ્રિય કરવા માટે તેઓ પધાર્યા છે. તેમણે ઘણા દૈત્યોનો સંહાર કરી, પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. તેમનું સ્વરૂપ ગૌર છે.

શેષાવતારમાં જ્યારે શ્રીશેષજીએ પૃથ્વીનો ભાર પોતાના મસ્તક પર લઈ લીધો, ત્યારે શેષજીની નાગપત્નીઓએ તેમની ઘણી સ્તુતિ કરી. તેથી શેષજીએ પ્રસન્ન થઈને તેમને વરદાન માગવા કહ્યું. નાગપત્નીઓએ કહ્યું : આપ પુરુષ સ્વરૂપ ધારણ કરી, અમને રાસનું સુખ આપો. ત્યારે શેષજીએ આજ્ઞા કરી કે હું જ્યારે વ્રજમાં પ્રગટ થઈશ અને ત્યાંથી દ્વારકા જઈશ, ત્યારે દ્વારકાથી પાછો વ્રજમાં આવીને તમારી ઈચ્છા પૂરી કરીશ. તમે વ્રજમાં ગોપીરૂપે જન્મશો.

તે પ્રમાણે શ્રીબળદેવજીએ તેમનો મનોરથ પૂરો કર્યો. શ્રી બળદેવજીનાં દર્શન આજે ગૌર અને શ્યામ બંને સ્વરૂપે થાય છે. તેમનું મૂળ સ્વરૂપ ગૌર હોવા છતાં તેમણે શ્રીયમુનાજીને શ્યામ-સ્વરૂપે દર્શન આપ્યાં હતાં; તેથી પુષ્ટિમાર્ગમાં શ્રી બળદેવજીના શ્યામ-સ્વરૂપની સેવા ભગવત્સ્વરૂપના ભાવથી થાય છે. તેમનું મુખ્ય સ્વરૂપ ગોકુળ પાસે આવેલા બળદેવ ગામમાં બિરાજે છે. તેમને બે ભુજા છે. એક હસ્ત નૃત્યની મુદ્રામાં ઊંચો છે, બીજા હસ્તમાં ભાંગનો પ્યાલો છે. પીઠિકામાં શેષજીનું સ્વરૂપ છે. તેમનાં સ્વામિનીજી શ્રી રેવતીજી બાજુમાં બિરાજે છે. તેમને ખીરનો ખાણો અને માખણ-મિસરી આરોગાવવાનો ઘણો મહિમા છે.

પ્ર. ૧૮ : પુષ્ટિમાર્ગમાં શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજીની સેવા કરવાનો પણ ઘણો મહિમા જોવા મળે છે. એ બંને સ્વરૂપોનો થોડોક પરિચય કરાવશો?

જ. ૧૮ : શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજી બંને અલૌકિક ભગવત્સ્વરૂપ છે. બંને સ્વરૂપો વ્રજમાં સાક્ષાત્ બિરાજે છે. શ્રીગિરિરાજજી આન્યોર પાસે શ્રીગોવર્ધન પર્વત-સ્વરૂપે બિરાજે છે. નિત્યલીલામાં શ્રીસ્વામિનીજીને અલૌકિક લીલાવિલાસ માટે સુયોગ્ય સ્થાન સિદ્ધ કરવાની ઈચ્છા થઈ, ત્યારે શ્રીઠાકોરજીએ પોતાના હૃદયમાંથી શ્રીગિરિરાજજીને પ્રગટ કર્યા હતા. તેઓ અલૌકિક તેજપુંજરૂપે પ્રગટ થયા હતા. જ્યારે નિત્યલીલા પૃથ્વી પર પ્રગટ કરવાની પ્રભુએ ઈચ્છા કરી, ત્યારે શ્રીગિરિરાજજી પૃથ્વી ઉપર ઉતર્યા હતા. એક મુનિ શ્રીગોવર્ધન પર્વતને કાશીમાં સ્થિર કરવા, હાથમાં ઊંચકીને લઈ જતા હતા; પણ શ્રીગિરિરાજજીની ઈચ્છા વ્રજમાં બિરાજવાની હોવાથી આપ વ્રજમાં સ્થિર થઈને બિરાજ્યા. સારસ્વત

કલ્પમાં શ્રીઠાકોરજીની આજ્ઞાથી વ્રજવાસીઓએ શ્રીગિરિરાજજીનું ગોવર્ધનપૂજન કરી, અન્નકૂટ આરોગાવ્યો હતો. ઈન્દ્રે અતિવૃષ્ટિ કરી ત્યારે શ્રીગિરિરાજજીને ધારણ કરી, શ્રીકૃષ્ણે વ્રજનું રક્ષણ કર્યું હતું. ત્યારથી વ્રજના કુળદેવતા શ્રીગિરિરાજજી કહેવાય છે. ભક્તો પોતાના હૃદયના સ્નેહથી શ્રીગિરિરાજજીનો સદૈવ દૂધથી અભિષેક કરે છે. માટે શ્રીગિરિરાજજીને ગાયના દૂધનો અભિષેક વિશેષ પ્રિય છે. શ્રીગિરિરાજજીના મુખારવિંદ ઉપર આજે પણ ભક્તો પોતાની ભાવના અને શક્તિ પ્રમાણે દૂધનો અભિષેક કરે છે અને સુંદર સામગ્રીઓનો ભોગ ધરે છે. તેમની પરિક્રમા કરે છે. શ્રીવલ્લભવંશની આજ્ઞાથી શ્રીગિરિરાજજીનું નાનું સ્વરૂપ વૈષ્ણવો પોતાને ઘેર પધરાવી, તેમની સેવા પણ કરે છે.

શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનાં ચોથાં સ્વામિની છે. તેમનું પ્રાગટ્ય નિત્ય લીલામાં યુગલ-સ્વરૂપ રમણસુખ માટે થયું હતું. ત્યાંથી આપ પૃથ્વી ઉપર પધાર્યાં. કલિન્દ પર્વત દ્વારા ભૂમિ ઉપર પધારી વ્રજમાં પધાર્યાં. પ્રયાગ આગળ શ્રીગંગાજીમાં મળી ગયાં. શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપો છે. જળ-સ્વરૂપ તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. યમયાતનામાંથી મુક્ત કરનારું સ્વરૂપ તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. શ્રીસ્વામિની-સ્વરૂપ તેમનું આધિદૈવિક સ્વરૂપ છે. શ્રીસ્વામિની-સ્વરૂપે તેઓ ભાનુ ગોપને ત્યાં પ્રગટ થયાં હતાં, તેથી ભાનુસુતા કહેવાય છે. આપ સોળ વર્ષનું સ્વરૂપ ધારણ કરી, વ્રજલીલામાં સદા બિરાજમાન છે. આપનો વર્ણ શ્રીઠાકોરજીના જેવો મેઘશ્યામ છે. આપ હંમેશા ભગવત્સુખ માટે તત્પર છે. વ્રજભક્તોને રાસનું સુખ મળે, તે માટે શ્રીઠાકોરજીનાં વસ્ત્રાભૂષણ આપે ધારણ કર્યાં હતાં. આથી શ્રી યમુનાજીનાં દર્શન મુકુટ-કાછનીના શૃંગારમાં થાય છે.

આપણે ત્યાં શ્રીયમુનાજીની સેવા બે પ્રકારે થાય છે. કેટલાંક સ્વરૂપોની સાથે સ્વામિની-સ્વરૂપે શ્રીયમુનાજી બિરાજે છે; તો કેટલેક ઠેકાણે શ્રીયમુનાજીનું શ્યામ-સ્વરૂપ સ્વતંત્ર રીતે બિરાજે છે. કેટલાક વૈષ્ણવોને ઘેર શ્રીયમુનાજીનાં લોટીજી અથવા વાલુકાજીની પણ સેવા થાય છે. શ્રીયમુનાજી પુષ્ટિજીવોના દોષો દૂર કરી, પ્રભુમાં પ્રેમ વધારનાર અને પુષ્ટિજીવોનો સ્વભાવ ભગવત્સુખને અનુકૂળ કરનારાં છે. આથી શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકથી અને શ્રીગુસાંઈજીએ શ્રીયમુનાષ્ટપદીથી તેમની સ્તુતિ કરી છે. અષ્ટછાપ આદિ ભક્તકવિઓએ રચેલાં શ્રીયમુનાજીનાં ૪૧ પદો પણ પ્રસિદ્ધ છે.

◆

૯. પુષ્ટિમાર્ગ એટલે શું?

પ્ર. ૧ : શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા ત્યારે ભારતમાં સનાતન ધર્મના ઘણા સંપ્રદાયો અસ્તિત્વમાં હતા. તે દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે તેમ હતી, તો શ્રીમહાપ્રભુજીએ એક નવો સંપ્રદાય કેમ સ્થાપ્યો?

જ. ૧ : શ્રીમહાપ્રભુજીના સમયમાં સનાતન હિંદુ ધર્મમાં ઘણા સંપ્રદાય અસ્તિત્વમાં હતા, એ વાત સાચી છે; પરંતુ શ્રીમહાપ્રભુજી સ્વયં ષોડશ ગ્રંથોમાં આજ્ઞા કરે છે તે પ્રમાણે પહેલી વાત એ છે કે કલિયુગમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનના માર્ગ પર ચાલવું અને તે માર્ગનું આચરણ કરવું દુ:સાધ્ય હતું; કારણ કે ધર્માચરણ માટે છ શુદ્ધ બાબતો જરૂરી છે : (૧) દેશ (૨) કાલ (૩) કર્મ (૪) દ્રવ્ય (૫) મંત્ર (૬) કર્તા. આ છ પૈકી એક પણ બાબત કલિયુગમાં શુદ્ધ સ્વરૂપમાં નથી, તેથી આ અશુદ્ધ બાબતો દ્વારા કરવામાં આવતું ધર્માચરણ ફળ આપતું નથી. બીજી બાબત એ બતાવી કે ભક્તિ, કર્મ અને જ્ઞાનના માર્ગો કલિયુગમાં નાશ પામ્યા છે. જ્યાં માર્ગ જ નાશ પામ્યો હોય ત્યાં તે માર્ગે ચાલવાનું બની શકે નહિ.

શ્રીમહાપ્રભુજીએ તેમના સમયના દેશના ધાર્મિક વાતાવરણનું સચોટ શબ્દચિત્ર 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં બતાવ્યું છે. ઈશ્વરપ્રાપ્તિના બધા માર્ગો નાશ પામ્યા છે. ધર્મના નામે દંભ, કપટ અને પાખંડ વધી ગયાં છે. દેશમાં સ્વાર્થી, મલીન ઈચ્છાઓવાળા લોકોનું પ્રમાણ વધ્યું છે. ગંગાજી જેવાં પવિત્ર તીર્થો પણ અપવિત્ર બન્યાં છે. ધર્મના જાણકારો અહંકારથી મૂઢ બની, લાભ-પૂજા માટેના પ્રયત્નોમાં લાગી ગયા છે. વિદ્વાનો વાદવિવાદમાં ફસાયા છે. મંત્રશક્તિ લુપ્ત થઈ છે. આવી સ્થિતિમાં કેવળ શ્રીકૃષ્ણ જ આપણું રક્ષણ કરવા સમર્થ છે. આપણે સ્વ-પ્રયત્નથી આ પરિસ્થિતિમાં શાસ્ત્રોએ બતાવેલા માર્ગોથી ધર્માચરણ કરી શકતા નથી.

'કૃષ્ણાશ્રય'માં વધુમાં એમ પણ સમજાવ્યું કે જેમ ધર્માચરણનાં સાધનો નષ્ટ થયાં છે, તેમ ધર્માચરણ કરનાર આપણે પણ ધર્માચરણનો અધિકાર ગુમાવી બેઠાં છીએ. ધર્માચરણ માટે મુખ્યત્વે વિવેક, ધૈર્ય, આશ્રય અને ભક્તિની જરૂર પડે છે. આ ચારે બાબતો આપણામાં રહી નથી. તેને લીધે આપણે પાપાચરણમાં ડૂબી ગયાં છીએ. આપણે ધર્માચરણ કરવાનું સામર્થ્ય ગુમાવી દીધું છે. આપણે

દીનહીન, પતિત, પાપી બન્યા છીએ. વર્ણાશ્રય ધર્મનું પાલન કરી શકતા નથી. એ સ્થિતિમાં શ્રીકૃષ્ણનું શરણ સ્વીકાર્યા સિવાય આપણે માટે બીજો કોઈ માર્ગ બાકી રહેતો નથી. માટે શ્રીમહાપ્રભુજીએ ધર્માચરણ માટે અસહાય બનેલા જીવાત્માઓને આવી વિષમ પરિસ્થિતિમાં પણ આચરી શકાય એવો એક સરળ, સહજ, સુગમ અને સરસ માર્ગ બતાવ્યો, જે પુષ્ટિમાર્ગ તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીમહાપ્રભુજીની પૂર્વે હિન્દુ પ્રજા યજ્ઞો, વ્રત, દાન કરતી. જુદા જુદા દેવોની પૂજા કરતી તેમજ તીર્થયાત્રા પણ કરતી. આ બધાં કર્મમાર્ગનાં સાધનો છે. તેનું નિરૂપણ જૈમિની ઋષિએ પૂર્વમીમાંસા નામના ગ્રંથમાં કર્યું છે. આ કર્મો કરવા માટે ઉપર બતાવેલાં છ સાધનો શુદ્ધ હોવાં જરૂરી છે, જે આજે નથી. વળી આ કર્મો કરવાનો અધિકાર સ્ત્રીઓ અને શૂદ્રોને આપવામાં આવ્યો ન હોઈ બધા લોકો આ માર્ગે ઈશ્વરપ્રાપ્તિ કરી શકતા નથી. ઉપનિષદમાં કહ્યા પ્રમાણે પરમાત્માની પ્રાપ્તિ સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞથી, દ્વાપરયુગમાં ઉપાસનાથી અને કલિયુગમાં નામ-સ્મરણથી થાય છે. માટે કલિયુગમાં કર્મમાર્ગ ઉપયોગી રહ્યો ન હતો.

યોગસાધના કરવી, વનમાં એકાંત સ્થાને જઈ ઘણાં વર્ષો સુધી દેહદમન કરી, તપ કરવું. સમાધિમાં ઈશ્વરના સ્વરૂપનું ચિંતન કરવું, એ જ્ઞાનમાર્ગની પ્રવૃત્તિઓ છે. એનું નિરૂપણ વ્યાસમુનિએ ઉત્તરમીમાંસા ગ્રંથમાં કર્યું છે. આજના સંઘર્ષના વિષમ સમયમાં આ રીતે આખી જિંદગી ઈશ્વરપ્રાપ્તિ માટે આકરી તપશ્ચર્યામાં વિતાવવાનું શક્ય નથી. વળી, આ જ્ઞાનમાર્ગ મુખ્યત્વે ઈશ્વરના નિરાકાર સ્વરૂપને સ્વીકારનારો છે. નિરાકાર સ્વરૂપનું મનન-ચિંતન ઘણું મુશ્કેલ છે. ત્રીજી વાત એ છે કે જ્ઞાનમાર્ગ ઉપર શ્રીશંકરાચાર્યના માયાવાદનો ભારે પ્રભાવ પડ્યો છે. તેને લીધે બ્રહ્મનું, જગતનું, જીવનું અને સંસારનું શુદ્ધ સ્વરૂપ સમજાતું નથી. એટલે જ્ઞાનમાર્ગ પણ આપણા માટે અતિ કઠણ છે.

શાંડિલ્ય અને નારદ જેવા મુનિઓએ તેમનાં ભક્તિસૂત્રો અને પાંચરાત્ર નામના ગ્રંથોમાં શાસ્ત્ર-પ્રમાણિત ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું છે. 'ભક્તિ'નો અર્થ છે પ્રેમપૂર્વકની સેવા. ભગવાનની પ્રેમપૂર્વક સેવા કરવાનો અધિકાર મનુષ્યમાત્રને છે. તેમાં કોઈ જાતિ, વર્ણ કે આશ્રમનો વિશેષ અધિકાર નથી. સ્ત્રી અને શૂદ્રો સહિત સૌ કોઈ ભક્તિ કરી શકે છે. ભક્તિ માટે વિશેષ શક્તિ, સાધનો, સ્થિતિ, સંપત્તિ કે સમયની જરૂર પડતી નથી. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગનું આચરણ સરળ છે; છતાં આધુનિક સમયમાં શાસ્ત્રોએ બતાવ્યા પ્રમાણેની ભક્તિ પણ સરળ રહી નથી.

આથી શ્રીમહાપ્રભુજીએ સંપૂર્ણ વિચાર કરીને પુષ્ટિમાર્ગની સ્થાપના કરી.

એક બીજી વાત પણ આપણે સમજી લેવી જરૂરી છે. શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર પધાર્યા તે પહેલાં નિત્યલીલામાં કૃપાશક્તિ-સ્વરૂપે બિરાજતા હતા, ત્યારે નિત્યલીલામાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને એવો વિચાર આવ્યો કે એમના કેટલાક લીલાના જીવો અપરાધ થવાથી પૃથ્વી પર પડ્યા છે. તેમનો ફરીથી ઉદ્ધાર કરી, તેમને નિત્યલીલાની પ્રાપ્તિ થાય એમ કરવું જાઈએ. આથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે તમે કૃપાશક્તિ છો. આ કાર્ય કેવળ કૃપાથી શક્ય છે. જીવ એનાં સાધનોથી નિત્યલીલામાં પ્રવેશી શકશે નહિ. માટે આપ પૃથ્વી ઉપર પધારી કૃપામાર્ગ દ્વારા જીવોને નિત્યલીલાની પ્રાપ્તિ કરાવો. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની આજ્ઞા સ્વીકારી, શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર પધાર્યા. આપણે શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં આગળના પ્રકરણમાં જોઈ ગયા છીએ કે પવિત્રા એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઈને શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી હતી. ત્યારથી પુષ્ટિમાર્ગની શરૂઆત થઈ. આમ, પુષ્ટિમાર્ગનો પ્રારંભ ભગવાનની આજ્ઞાથી અને ઇચ્છાથી થયો છે.

પ્ર. ૨ : 'પુષ્ટિમાર્ગ' શબ્દનો અર્થ શો થાય?

જ. ૨ : સામાન્ય ભાષામાં આપણે 'પુષ્ટ' શબ્દનો અર્થ 'ભરાવદાર શરીર' એવો કરીએ છીએ. તે પરથી કેટલાક લોકો એવું અનુમાન કરે છે કે શ્રીઠાકોરજીને ધરાવેલા પૌષ્ટિક પદાર્થો ખાઈને હૃષ્ટપુષ્ટ થયેલા શરીરવાળાઓનો માર્ગ એટલે પુષ્ટિમાર્ગ. આવો અર્થ કેટલાક સમજદાર લોકોએ પણ ભૂતકાળમાં કર્યો છે. એવો એક પ્રસંગ શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં છે. એક વખત શ્રીમહાપ્રભુજી ગોકુલમાં બિરાજતા હતા. ત્યાં તેમને મળવા માટે શ્રીકૃષ્ણ ચૈતન્ય સંપ્રદાયના કેટલાક સંતો આવ્યા. તેમણે જોયું કે શ્રીમહાપ્રભુજીની સાથે જે સેવકો છે એ ખૂબ જ દૂબળા-પાતળા છે. તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછયું, 'તમારો માર્ગ પુષ્ટિમાર્ગ છે. પુષ્ટિમાર્ગ એટલે પુષ્ટ થવાનો માર્ગ; છતાં તમારા સેવકો આવા મૂઠી હાડકાંના કેમ છે?' શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યો કે 'મેં આ માર્ગમાં આવવાની એમને ના પાડી, છતાં આવ્યા છે; તેથી તેનું ફળ ભોગવે છે.' આ જવાબ ઘણો માર્મિક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'પુષ્ટિ' શબ્દનો સાચો અર્થ એ સમયમાં અન્ય કૃષ્ણભક્તો પણ સમજતા ન હતા.

શ્રીમહાપ્રભુજીએ 'પુષ્ટિ' શબ્દની વ્યાખ્યા કરતાં આજ્ઞા કરી કે પુષ્ટિ એટલે પોષણ. પોષણ શબ્દના ઘણા અર્થ છે. તેમાં એક અર્થ છે અનુગ્રહ. અનુગ્રહ એટલે કૃપા. તેથી પુષ્ટિ એટલે ભગવાનની કૃપા. 'માર્ગ' શબ્દનો અર્થ મહાનુભાવ ટીકાકારોએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથ પરની તેમની ટીકાઓમાં બતાવ્યો છે. મૃગ્ ધાતુ

પરથી માર્ગ શબ્દ બન્યો છે. તે રીતે મૃજ્ પરથી પણ માર્ગ શબ્દ બને છે. મૃગ્ એટલે શોધવું અને મૃજ્ એટલે સાફ કરવું. ઈષ્ટપ્રાપ્તિ માટેના ઉપાયો કરવાનો પુરુષાર્થ તેનું નામ માર્ગ. મૃજ્ એટલે સાફ કરવું - એ અર્થ પ્રમાણે માર્ગ એટલે ઈષ્ટપ્રાપ્તિમાં આવતા અવરોધોને દૂર કરવા. આમ, પુષ્ટિમાર્ગ શબ્દનો અર્થ 'કૃપામાર્ગ' થાય છે.

કૃપા એ ભગવાનનો સ્વભાવ છે તેમજ ભગવાનની શક્તિ છે. ભગવાન જીવ પર કૃપા કરે છે. કૃપા કરવા માટે ભગવાને કોઈ કાયદો બનાવ્યો નથી. કર્મનો કાયદો છે, કૃપાનો કાયદો નથી. વેદની શ્રુતિઓએ કૃપા માટે એમ કહ્યું કે પરમાત્મા સાધનો કરનાર જીવનાં સાધનોનો વિચાર કરીને, સાધનોના પ્રમાણમાં કૃપા કરતા નથી. તેઓ જીવના ગુણ-અવગુણ જોતા નથી. જે જીવ પર કૃપા કરવી હોય, તેના ઉપર તેઓ કૃપા વરસાવે છે. પરમાત્મા કોના ઉપર કૃપા કરશે અને કોના ઉપર કૃપા નહિ કરે તે કહી શકાતું નથી. પાપીમાં પાપી ઉપર ભગવાનની કૃપા થાય છે. મોટામાં મોટો યોગી પણ ભગવાનની કૃપા પામી શકતો નથી. તે માટે ભગવાનનો ખુલાસો માગી શકાતો નથી. આ સંજોગોમાં ભગવાન જીવાત્મા ઉપર કૃપા કરવા માટે સામે ચાલીને પધારે અને પોતાની કૃપા દ્વારા જીવાત્માનો ઉદ્ધાર કરે, એ માર્ગનું નામ પુષ્ટિમાર્ગ છે.

કેટલાંક લોકો પુષ્ટિમાર્ગનો અર્થ એવો પણ કરે છે કે પુષ્ટિમાર્ગ એટલે ભગવાનની કૃપા મેળવવાનો માર્ગ. આપણને પ્રશ્ન થશે કે કૃપાનો જો કાયદો નથી, તો તે મેળવવાનો માર્ગ કેવી રીતે હોય? તેના જવાબમાં ભગવદીયોએ સુંદર વાત સમજાવી કે જેમ કૃપા કરવી એ ભગવાનનો સ્વભાવ છે, તેમ પ્રેમ કરવો એ જીવનો સ્વભાવ છે. પ્રેમ-સ્વરૂપ ભગવાનને સૌથી પ્રિય પોતાના ભક્તનો પ્રેમ છે. તેથી ભક્તના પ્રેમને વશ થઈ ભગવાન એના ઉપર કૃપા કરે છે. આ પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા ભગવાનને રીઝવી શકાય છે. પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ જીવાત્માને ચાલવા માટેનો માર્ગ છે. પરમાત્માને ચાલવા માટેનો માર્ગ છે કૃપાનો માર્ગ. આ બંને માર્ગ જ્યાં ભેગા થાય, ત્યાં ભગવાન અને ભક્ત એકબીજાને મળે છે.

ભગવાન સર્વશક્તિમાન છે. જીવ અશક્તિમાન છે. પ્રેમલક્ષણા ભક્તિના માર્ગે ચાલવા જીવ તૈયાર થાય છે, પરંતુ ક્યારેક તે થાકી જાય છે. જેમ રસ્તે ચાલતાં ચાલતાં નાનું બાળક થાકીને બેસી જાય, ત્યારે તેની માતા કૃપા કરીને તેને તેડી લે છે, તેમ ભક્ત જ્યારે પ્રેમલક્ષણા ભક્તિના માર્ગ ઉપર ચાલતાં ચાલતાં થાકીને અટકી જાય, ત્યારે ભગવાન સ્વયં સામે પધારીને તે ભક્તને સ્વીકારે છે.

આમ, અસહાય ભક્તને સ્વીકારવાનો અને તેના ઉપર કૃપા કરવાનો જે માર્ગ તે પુષ્ટિમાર્ગ.

એક રાજા પોતાની પ્રજા પૈકીના એક ગરીબમાં ગરીબ મજૂરને મળવાની ઈચ્છા કરે, તો તે સામે પગલે જઈને મજૂરને મળી શકે છે. પરંતુ રાજ્યનો દીવાન રાજાને મળવા રાજમહેલ સુધી આવ્યો હોય, તોય રાજાની ઈચ્છા વિના રાજાને મળી શકતો નથી. એક લૌકિક રાજા કોને મળવું અને કોને ન મળવું એનો નિર્ણય એની ઈચ્છાથી કરે છે, તો સર્વતંત્ર સ્વતંત્ર એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કયા જીવને મળવું એનો નિર્ણય પોતાની કૃપાશક્તિથી કરે એમાં કોઈ આશ્ચર્ય નથી.

એક વખત બાદશાહ અકબર શ્રીગુસાંઈજીને મળવા ગોકુલ આવ્યા હતા. અકબરે બુદ્ધિશાળી બિરબલને એક પ્રશ્ન કર્યો હતો, 'ભગવાન કેવી રીતે મળે?' બિરબલમાં દુનિયાનું ડહાપણ હતું, પણ ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હતું. તેથી તે અકબરને શ્રીગુસાંઈજી પાસે લઈ આવ્યો હતો. અકબરે શ્રીગુસાંઈજીને પ્રશ્ન કર્યો કે 'ભગવાન કેવી રીતે મળે?' તેના જવાબમાં શ્રીગુસાંઈજીએ વિશેષમાં ખુલાસો કર્યો કે રાજાની ઈચ્છા થાય તો તે પ્રજાજનને સામે પગલે જઈને મળે છે. પ્રજાજનથી ઈચ્છાથી રાજાને મળવું સરળ નથી. આમ, જીવ ભગવાનને મળવાની ઈચ્છા કરે તો કદાચ ભગવાન ન પણ મળે; પરંતુ ભગવાન જે જીવને મળવાની ઈચ્છા કરે તેને તરત જ મળે છે. માટે ગીતામાં પણ ભગવાને કહ્યું કે કોઈ જીવ ગમે તેટલો દુરાચારી હોય, પણ જો તે ભગવાન પ્રત્યે પૂરા પ્રેમથી વર્તતો હોય તો તેને પણ ભગવત્પ્રાપ્તિ થાય છે.

'પુષ્ટિમાર્ગ ભગવત્કૃપાનો માર્ગ છે' એમ કહી શ્રીમહાપ્રભુજીએ એવું સૂચવ્યું કે આ માર્ગમાં જીવનું જ્ઞાન, શક્તિ, સંપત્તિ જરૂરી નથી. તેનાથી પ્રભુને રીઝવી શકાશે નહિ. પ્રભુને રીઝવવા માટે દીનતા અને પ્રેમ જરૂરી છે. સાધનોથી આ માર્ગ પર ચાલી શકાશે નહિ. માટે પુષ્ટિમાર્ગ નિ:સાધન ભક્તિનો માર્ગ છે. નિ:સાધન ભક્તિને નિર્ગુણ ભક્તિ પણ કહેવામાં આવે છે. તેને પ્રેમલક્ષણા ભક્તિ પણ કહેવામાં આવે છે. શાસ્ત્રમાં બતાવેલી ભક્તિથી પુષ્ટિભક્તિ જુદી છે.

પ્ર. ૩ : તમે કહ્યું કે પુષ્ટિમાર્ગ નિર્ગુણ ભક્તિનો માર્ગ છે, તો નિર્ગુણ ભક્તિનું સ્વરૂપ સમજાવશો?

જ. ૩ : શાસ્ત્રોએ ભક્તિના અનેક પ્રકારો બતાવ્યા છે, તેમાં મુખ્ય બે પ્રકાર છે : સગુણ અને નિર્ગુણ. સગુણ ભક્તિને શાસ્ત્રીય ભક્તિ અથવા મર્યાદા ભક્તિ પણ કહે છે. સગુણ ભક્તિમાર્ગમાં પૂર્ણપુરુષોત્તમ ભગવાનના વિવિધ અંશ, કલા,

વિભૂતિરૂપોની પૂજા-ઉપાસના કરવામાં આવે છે. એ દેવરૂપોમાં શિવ, ગણેશ, સૂર્ય, દેવી, શ્રીરામજી, નૃસિંહજી વગેરે મુખ્ય છે. આવી ભક્તિ કાં તો મોક્ષની ઇચ્છાથી કરવામાં આવે છે અથવા લૌકિક ફળ મેળવવા માટે કરવામાં આવે છે.

આ ભક્તિનાં નવ પગથિયાં શાસ્ત્રોમાં બતાવ્યાં છે. પહેલું પગથિયું છે શ્રવણ. ભગવાનની કથાનું શ્રવણ કરતાં ભગવાનમાં પ્રેમ જાગવા માંડે છે. તેમાંથી **કીર્તન અને સ્મરણ** જાગે છે. ભગવાનનું માહાત્મ્ય સરખી રીતે જાણ્યા પછી એ જીવ **પાદસેવન, અર્ચન અને વંદન** કરે છે. તેમાંથી **દાસ્ય અને સખ્યભાવ** પ્રગટ થાય છે. અંતે એ જીવ ભગવાનને **આત્મનિવેદન** કરે છે. આ મર્યાદા ભક્તિનો વિકાસક્રમ છે. આ ભક્તિ ઉત્તમ પ્રકારની નથી; કારણ કે ભક્તિનું સંપૂર્ણ ફળ આપવાની શક્તિ પૂર્ણપુરુષોત્તમનાં વિભૂતિ, અંશ, કલારૂપોમાં નથી. તેથી આ ભક્તિ દ્વારા વધુમાં વધુ મોક્ષ મળે છે. મોટા ભાગે લૌકિક લાભ મળે છે. આવી ભક્તિ કરનાર જીવને પ્રભુમાં શુદ્ધ પ્રેમ હોતો નથી. તેની સકામ બુદ્ધિ હોય છે.

આવા ભક્તિમાર્ગનો પ્રચાર શ્રી રામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય અને શ્રી નિમ્બાર્કાચાર્યે કર્યો છે. શ્રી રામાનુજાચાર્યનો ભક્તિમાર્ગ સાત્ત્વિક ભક્તિમાર્ગ કહેવાય છે. શ્રી વિષ્ણુ સ્વામીનો ભક્તિમાર્ગ તામસ ભક્તિમાર્ગ કહેવાય છે. શ્રી મધ્વાચાર્ય અને શ્રી નિમ્બાર્કાચાર્યનો ભક્તિમાર્ગ રાજસ ભક્તિમાર્ગ કહેવાય છે. શ્રી મહાપ્રભુજીનો ભક્તિમાર્ગ નિર્ગુણ ભક્તિમાર્ગ છે.

શાસ્ત્રોમાં ભક્તિના કુલ ૮૪ પ્રકાર બતાવ્યા છે. સગુણ ભક્તિને ગૌણી ભક્તિ કહી છે. નિર્ગુણ ભક્તિને પરા (શ્રેષ્ઠ) ભક્તિ કહી છે. નિર્ગુણ ભક્તિમાર્ગ- પુષ્ટિમાર્ગનાં વિશિષ્ટ લક્ષણો નીચે મુજબ છે :

(૧) આ માર્ગ વૈદિક મર્યાદા સ્વીકારે છે, છતાં તેનાથી જ બંધાયેલો છે, એવું નથી. માટે તેને સ્વતંત્ર અથવા પૃથક્ ભક્તિમાર્ગ કહેવામાં આવે છે.

(૨) આ માર્ગમાં સેવ્ય ફક્ત પૂર્ણપુરુષોત્તમ શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણચંદ્ર જ છે. તેમના અન્ય કોઈ વિભૂતિ, અંશ, કલારૂપોની પૂજા-ઉપાસના થતી નથી.

(૩) આ માર્ગમાં ભગવત્સેવા એ જ મુખ્ય સાધન છે. ભક્ત પોતાના ઘરમાં પોતાના ભગવત્સ્વરૂપને પધરાવી, પોતાના શરીર અને પોતાના દ્રવ્યથી તેમનું સુખ થાય એવી રીતે એમની સેવા કરી છે. સેવારૂપી સાધન દ્વારા જ્યારે ભક્તનું ચિત્ત ભગવાનમાં પૂરેપૂરું ચોંટી જાય, ત્યારે તેને માનસી સેવા સિદ્ધ થાય છે. માનસી સેવા એ જ ફળ છે. આમ, આ માર્ગમાં સેવા સાધન પણ છે અને ફળ પણ છે.

(૪) આ માર્ગમાં ભક્ત કોઈ લૌકિક ફળ કે મોક્ષ મેળવવાની કામના રાખીને કશું કરતો નથી. તેનો ભગવાન પ્રત્યેનો પ્રેમ નિષ્કામ હોય છે. ભગવાનનું સુખ કરવું એ જ તેની એકમાત્ર કામના હોય છે.

(૫) મર્યાદા ભક્તિમાર્ગમાં બતાવેલી પૂજા-ઉપાસનાની વિધિને આ માર્ગમાં કોઈ અવકાશ નથી. દાન, વ્રત, તીર્થ જેવાં સાધનોનું પણ આ માર્ગમાં કોઈ મુખ્ય મહત્ત્વ નથી.

(૬) પ્રભુ પ્રત્યેનો નિઃસ્વાર્થ, નિષ્કામ અને નિર્હેતુક સ્નેહ જ આ માર્ગમાં મુખ્ય છે. આવો સ્નેહ પ્રગટ કરવા ભગવત્સ્વરૂપના માહાત્મ્યનું જ્ઞાન હોવું જરૂરી છે. સ્નેહ લધ્યા પછી જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી. માહાત્મ્યજ્ઞાન માટે શ્રવણ, કીર્તન અને સ્મરણ જરૂરી છે. તેથી સેવાના અનવસરમાં સત્સંગ અને સ્મરણ કરવામાં આવે છે. સેવાના ભોગે સત્સંગ અને સ્મરણ નથી.

(૭) આ માર્ગમાં સાધનમાર્ગ નથી. પ્રભુમાં સ્નેહ કરવા કોઈ સાધનની જરૂર નથી. આ માર્ગમાં શ્રવણભક્તિ પાયાનું પગથિયું નથી, આત્મનિવેદન એ જ પાયાનું પગથિયું છે. આત્મનિવેદનથી પ્રભુમાં પ્રેમ પ્રગટ થાય છે. તે પ્રેમને લઈને શ્રવણ, કીર્તન, સ્મરણ બને છે. આમ, નવધા ભક્તિ પ્રેમરૂપ બની જાય છે. તે સાધનરૂપ મટી જાય છે. માટે આ માર્ગને નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ પણ કહેવામાં આવે છે.

(૮) આ માર્ગમાં પ્રભુને ધર્યા સિવાયનું અસમર્પિત લેવું, ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોઈનો પણ આશ્રય કરવો, ભગવદીયો સિવાયનો સંગ કરવો અને ભગવન્નામ સિવાય લૌકિક વાતો કરવી એ પ્રતિબંધરૂપ છે. આ માર્ગમાં સમર્પિત પદાર્થોનો ઉપયોગ, ભગવાનનો અનન્યાશ્રય, સત્સંગ અને ભગવદ્-ગુણગાન અત્યંત જરૂરી છે.

(૯) આ માર્ગમાં બિનશરતી શરણાગતિ અને સર્વસમર્પણ પાયાની બાબતો ગણવામાં આવી છે.

(૧૦) આ માર્ગમાં દીનતા, નિઃસાધનતા, ગુણગાન અને વિરહભાવના ખૂબ જ અગત્યનાં છે.

પ્ર. ૪ : પુષ્ટિમાર્ગનાં મુખ્ય મુખ્ય લક્ષણો બતાવશો?

જ. ૪ : શ્રીહરિરાયજીએ 'શ્રીપુષ્ટિમાર્ગલક્ષણાનિ' નામનો ૨૧ શ્લોકોનો લઘુગ્રંથ રચ્યો છે, તેમાં પુષ્ટિમાર્ગનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે બતાવેલાં છે.

(૧) પુષ્ટિભક્તિના માર્ગે ચાલનાર ભક્ત કોઈ લૌકિક કે અલૌકિક ફળ

મેળવવા માટે કોઈ સાધન કરતો નથી. પુષ્ટિમાર્ગમાં સકામ અને નિષ્કામ બધાં સાધનોનો અભાવ છે. પ્રભુની પ્રાપ્તિમાં દીનતા જ મુખ્ય સાધન છે.

(૨) પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપાથી જ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સિદ્ધિ પ્રાપ્ત કરવા વેદોમાં બતાવેલાં સાધનો કરવાની જરૂર નથી. શ્રીઠાકોરજીની સેવા સિવાય અન્ય સાધન કરવાથી વિઘ્ન પ્રાપ્ત થાય છે. પુષ્ટિભક્તની બધી સિદ્ધિઓ ભગવત્કૃપાને અધીન છે.

(૩) ભગવાન પુષ્ટિ-ભક્તિમાર્ગમાં જીવાત્માનું વરણ કરે છે, ત્યારે તેની યોગ્યતાનો વિચાર કરતા નથી તેમજ વરણ કરવામાં વિલંબ પણ કરતા નથી. ભગવાન વરણ ન કરે તો જીવાત્મા આ માર્ગમાં આવી શકતો નથી.

(૪) પુષ્ટિમાર્ગમાં પ્રભુને પામવામાં જે ધર્મો અંતરાયરૂપ બનતા હોય, તેમનો ત્યાગ કરી કેવળ પ્રભુ-સ્વરૂપમાં એકચિત્ત રહેવું જરૂરી છે.

(૫) પુષ્ટિમાર્ગમાં પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની બધી લીલાઓને ઉત્તમ ગણવામાં આવે છે. પ્રભુની કોઈ કૃતિમાં ગુણદોષનો વિચાર કરવામાં આવતો નથી.

(૬) પુષ્ટિમાર્ગમાં વેદમાં બતાવેલા કર્મકાંડની અપેક્ષા નથી. પુષ્ટિભક્તો લોક અને વેદમાં નિષ્ઠા રાખવાને બદલે કેવળ પ્રભુના સુખની અપેક્ષા રાખે છે. તેઓ ભગવન્નિષ્ઠ બનીને રહે છે.

(૭) પ્રભુ જીવનાં સાધનનો વિચાર કર્યા વિના પોતાની ઈચ્છાથી જ જીવના દાસત્વને અંગીકાર કરે છે અને સર્વોત્તમ ફળરૂપ પોતાના સ્વરૂપાનંદનું દાન કરે છે.

(૮) ભગવદ્-ગુણગાન વિપ્રયોગ અવસ્થામાં પ્રભુ-પ્રાગટ્યની અપેક્ષાથી કરવામાં આવે છે. પ્રેમથી કરાતાં શ્રવણ-કીર્તન લીલા-સુખનો અનુભવ કરાવે છે.

(૯) પુષ્ટિભક્તિ સ્વતંત્ર છે, નિર્ગુણ અને નિષ્કામ છે.

(૧૦) જ્યારે ભગવદ્-ભાવ પ્રાપ્ત થાય છે ત્યારે કાલ, કર્મ, સ્વભાવ વગેરેનું કશું ચાલતું નથી. પુષ્ટિભક્તો કોઈનાથી ડરતા નથી. સ્વર્ગ, મોક્ષ કે નરક તેમને મન સમાન હોય છે.

(૧૧) પુષ્ટિભક્તના દેહ અને ઈન્દ્રિયોના બધા સંબંધો ભગવાન સાથે જ જોડાયેલા હોય છે.

(૧૨) ભગવાન સાથે સંબંધ રાખનારા વૈષ્ણવોમાં પણ ભગવદ્બુદ્ધિ રાખવામાં આવે છે. ભગવાનથી વિમુખ સાથે સંબંધ રાખવામાં આવતો નથી.

(૧૩) પુષ્ટિભક્તિ તેના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ વગેરેમાં મમતા અને આસક્તિ રાખતો નથી. તેમનું રક્ષણ પ્રભુની સેવાના હેતુથી કરે છે.

(૧૪) પુષ્ટિમાર્ગમાં સેવાના બદલામાં પ્રભુ પાસેથી કોઈ ઉપકારની અપેક્ષા રાખવામાં આવતી નથી.

(૧૫) પુષ્ટિમાર્ગમાં પ્રભુની સેવા જ શ્રેષ્ઠ ફળરૂપ છે.

(૧૬) પુષ્ટિમાર્ગમાં સંયોગ-અવસ્થા કરતાં વિપ્રયોગ-અવસ્થામાં વિશેષ સુખ માનવામાં આવ્યું છે.

(૧૭) પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ એક જ છે, જુદાં જુદાં નથી. તેમ ચારેય પુરુષાર્થરૂપે ભગવાન જ છે. ભગવાન જ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ છે.

(૧૮) નિરંતર દીનતા બની રહે અને અભિમાન ન આવે, તે માટે વિરહતાપ જરૂરી છે. આ વિરહતાપ-ક્લેશનો માર્ગ છે. પુષ્ટિભક્તને આ દેહથી, આ જન્મમાં જ ભગવાનનો સાક્ષાત્કાર થઈ શકે છે. તનુનત્વની પ્રાપ્તિ પણ થાય છે.

(૧૯) પુષ્ટિમાર્ગમાં જીવની દીનતાથી પ્રભુ પ્રગટ થાય છે. આ દીનતા સાધન છે; પરંતુ પ્રભુનાં દર્શન પછી વિયોગ થતાં જે દીનતા પ્રગટ થાય છે, તે ફળરૂપ છે.

(૨૦) પુષ્ટિમાર્ગમાં સર્વ લૌકિક વિષયોનો ત્યાગ અને સર્વાત્મભાવથી દેહ વગેરેનું પ્રભુને સમર્પણ જરૂરી છે.

(૨૧) પુષ્ટિમાર્ગમાં વિષયવાસનાના સેવનનો ત્યાગ અત્યંત જરૂરી છે. તે વિના હૃદયમાં ભગવદાવેશ થતો નથી.

પ્ર. ૫ : ઘણાં વૈષ્ણવો એમ કહેતાં હોય છે કે પુષ્ટિમાર્ગ વેદમાર્ગ નથી; તેથી સૂતક, ગ્રહણ વગેરે પાળવાનું જરૂરી નથી. વૈદિક કર્મો કરવાની જરૂર નથી, તે વાત સાચી છે?

જ. ૫ : ના. શ્રીમહાપ્રભુજીએ આ પ્રકારની આજ્ઞા કોઈ ઠેકાણે કરી નથી. શ્રીમહાપ્રભુજીએ તો એવી આજ્ઞા કરી છે કે જ્યાં સુધી આપણને આપણા શરીરનું ભાન છે, ત્યાં સુધી વર્ણાશ્રય ધર્મ એ સ્વધર્મ છે. તેથી વર્ણાશ્રય ધર્મનું પાલન કરતાં કરતાં પુષ્ટિમાર્ગનું પાલન કરવાનું છે. વેદમાં વર્ણ અને આશ્રમના જુદા જુદા સંસ્કારો - ધર્મો બતાવ્યા છે. તે સંસ્કારોનું પાલન કરવું તે દરેક વૈષ્ણવ માટે જરૂરી છે. તેથી જન્મ અને મૃત્યુનાં સૂતક, સ્ત્રીઓનો રજસ્વલા ધર્મ, ગ્રહણ આદિ અશુદ્ધ પરિસ્થિતિઓમાં ભગવત્સેવા થઈ શકતી નથી. લગ્ન વગેરેમાં ગણેશ-સ્થાપન, ગ્રહશાંતિ વગેરે વૈદિક સંસ્કારો જરૂરી છે. તેમજ મૃત્યુ પછીની ક્રિયાઓના સંસ્કારો પણ જરૂરી છે. આ બધા સંસ્કારો તટસ્થ ભાવથી કરવાના છે; કારણ કે આપણે

વેદની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકીએ નહિ. શાસ્ત્રો એમ કહે છે કે જે વેદની નિંદા કરે છે અને વેદની આજ્ઞાનું જાણીજોઈને ઉલ્લંઘન કરે છે, તે બીજા જન્મે મ્લેચ્છ યોનિને પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય જીવનનું જે બંધારણ બાંધ્યું છે, તેમાં આપણી બુદ્ધિથી ફેરફાર થઇ શકે નહિ. લૌકિક અને વૈદિક કાર્યો ફળની ઇચ્છા રાખ્યા વિના, ફરજના ભાગરૂપે કરવાનાં છે. તેમાં પણ પ્રભુના સુખનો વિચાર અવશ્ય કરવો.

પ્ર. ૬ : પુષ્ટિમાર્ગમાં અને અન્ય સંપ્રદાયોમાં મુખ્યત્વે શો તફાવત છે?

જ. ૬ : દરેક સંપ્રદાય તેના વિશિષ્ટ તત્ત્વજ્ઞાન ઉપર આધારિત છે. આપણો પુષ્ટિમાર્ગ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ઉપર આધારિત છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રમાણે પરમાત્મા સત્ય, આનંદ-સ્વરૂપ, રસાત્મક છે. જીવ પરમાત્માનો અંશ છે, જે પરમાત્માથી અનેક વર્ષો પૂર્વે વિખૂટો પડેલો છે. જીવમાંથી પરમાત્માનો આનંદ-અંશ તિરોહિત થયો છે. જગત પરમાત્માનું આધિભૌતિક-સ્વરૂપ હોવાથી તે સત્ય છે. જીવની અહંતા-મમતા એ સંસાર છે. આવો જીવ જગતમાં રહી અહંતા-મમતા પ્રભુને સમર્પિત કરી દાસભાવથી પરમાત્માની સેવા કરી, તેમનો પૂર્ણ આનંદ પ્રાપ્ત કરે એ જીવનની સાર્થકતા છે. આવા તત્ત્વજ્ઞાન ઉપર પુષ્ટિમાર્ગ આધારિત છે. આ તત્ત્વજ્ઞાન નકારાત્મક નથી, હકારાત્મક છે. તેથી પુષ્ટિમાર્ગ પણ હકારાત્મક છે.

અન્ય સંપ્રદાયોમાં પૂજા-ઉપાસનાનો પ્રકાર છે. તેમાં સકામ ભક્તિની વિશેષતા છે. કર્મ-જ્ઞાનને વધારે મહત્ત્વ અપાયું છે. પુષ્ટિમાર્ગમાં નિષ્કામ પ્રેમ-લક્ષણા ભક્તિનું મહત્ત્વ છે, તેથી પુષ્ટિમાર્ગની ભક્તિ નિર્ગુણ ભક્તિ છે.

અન્ય માર્ગો વૈરાગ્યપ્રધાન છે. તેમાં દેહદમનનો સ્વીકાર છે. પુષ્ટિમાર્ગ ગૃહસ્થ-જીવન સાથે વણાયેલો છે, તેથી તેમાં સહજતા છે, પ્રસન્નતા છે, જીવનનો આનંદ છે. પુષ્ટિમાર્ગનો સેવાપ્રકાર પણ એવો છે કે તેને અનુસરવાથી જીવનમાં કલાત્મકતા, સરસતા અને પ્રસન્નતા મળે છે.

અન્ય માર્ગો સાધનની અપેક્ષા રાખે છે. પુષ્ટિમાર્ગમાં સાધનની કોઈ અપેક્ષા નથી. પુષ્ટિમાર્ગ પર ચાલવા માટે કોઈ વિશેષ પ્રયત્નની પણ જરૂર નથી, માત્ર પુષ્ટિમાર્ગીય ભક્તે લૌકિક અને વૈદિક પ્રલોભનોથી દૂર રહેવું જરૂરી છે. તેને સર્વ લૌકિક ફળોની ઇચ્છા છોડી દેવી પડે. આમ, અન્ય માર્ગો કરતાં પુષ્ટિમાર્ગ આચરણ માટે ઘણો સુગમ છે.

●

૧૦. પુષ્ટિમાર્ગીય મંત્રદીક્ષા

પ્ર. ૧ : મંત્ર એટલે શું?

જ. ૧ : ગુજરાતીમાં 'મંત્રણા' શબ્દ છે. મંત્રણા એટલે કોઈ મહત્ત્વપૂર્ણ બાબત વિષે ખાનગી વાતચીત કરીને નિર્ણય કરવો. રાજ્યવહીવટ માટે રાજાઓ અને પ્રધાનો આવી ગુપ્ત મંત્રણા કરતા હોય છે, તે ઉપરથી મંત્ર શબ્દ બન્યો. મંત્ર એટલે કાનમાં કહેવામાં આવતું ભગવાનનું એક નામ. ભગવાનનાં અનેક નામો છે. આ નામો પૈકી વેદમાં કેટલાંક નામો મંત્રરૂપે પ્રગટ થયેલાં છે. ભગવાને સ્વયં આવા કેટલાક મંત્રો આપ્યા છે. જેમ કે, ગાયત્રી મંત્ર. કેટલીક વાર ભગવાન કૃપા કરીને ઋષિમુનિઓ, સંપ્રદાય-પ્રવર્તકો વગેરે મહાપુરુષોના હૃદયમાં પોતાના સ્વરૂપ અને તેના નામનો પ્રકાશ કરી તેમને કોઈ મંત્ર આપે છે. જે મંત્ર તેમના દ્વારા તેમના અનુયાયીઓને આપવામાં આવે છે. તે ગુપ્ત રખાય છે; એટલે કાનમાં કહેવામાં આવે છે.

આવા મંત્રમાં ભગવાનનું દિવ્ય રૂપ અને અલૌકિક શક્તિ રહેલાં હોય છે. મહાપુરુષો દ્વારા તે મંત્રની સાધના થઈ હોય છે. તેમનાથી તે મંત્ર સિદ્ધ થયેલો હોય છે. આવો મંત્ર અલૌકિક ફળ આપનારો હોય છે.

મંત્રનું એક વિશિષ્ટ શાસ્ત્ર પણ છે. તેમાંની થોડીક બાબતો આપણે સમજવા જેવી છે. પહેલી વાત એ છે કે મંત્રો મુખ્યત્વે બે પ્રકારના છે. સાત્ત્વિક મંત્રો અને તામસ્ મંત્રો. ભૂત, પ્રેત, પિશાચને વશ કરવા માટેના, લૌકિક મનુષ્યોના વશીકરણના, કોઈ ઉપર વેર લેવા માટેના, કોઈનું અહિત કરવા માટેના જે મંત્રો છે તે તામસ્ મંત્રો અથવા હીન મંત્રો કહેવાય છે. તેને આસુરી મંત્રો પણ કહેવામાં આવે છે. ધર્મપાલન કરનાર મનુષ્યે આવા મંત્રોથી દૂર રહેવાની જરૂર હોય છે; કારણ કે આવું હીન ફળ એ મનુષ્ય-જીવનનું લક્ષ્ય નથી.

જે મંત્રો પ્રભુના દિવ્ય સ્વરૂપનું ભાન અને ધ્યાન કરાવે, ભગવન્મય જીવન જીવવાનું બળ આપે, દિવ્ય શાંતિ આપે અને અલૌકિક ફળ આપે તે મંત્રો સાત્ત્વિક મંત્રો કહેવાય છે. મંત્રોનું એક બીજી રીતે પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે : નિષ્કામ મંત્રો અને સકામ મંત્રો. જે મંત્ર કેવળ ભગવાની પ્રસન્નતા માટે રટાય

તે નિષ્કામ મંત્ર કહેવાય છે. આવા મંત્રો રટનારને કોઈ પણ પ્રકારની લૌકિક સિદ્ધિ મેળવવાની ઈચ્છા હોતી નથી. તે કેવળ પ્રભુની પ્રસન્નતા માટે, સ્વકર્તવ્ય સમજીને એ મંત્રનું રટણ કરે છે. આવું મંત્રરટણ ઉત્તમ કક્ષાનું છે.

કેટલાક લોકો પોતાનાં દુઃખ દૂર કરવા અને સુખ પ્રાપ્ત કરવા મંત્રજાપ કરે છે. તેમને બે પ્રકારનાં દુઃખ-સુખમાંથી મુક્તિ જોઈતી હોય છે. આ જગતમાં પડતાં દુઃખસુખ અને મૃત્યુ બાદ મળતાં દુઃખસુખ. તેમાંથી મુક્તિ મેળવવાના હેતુથી તેઓ મંત્રજાપ કરે છે. આ પ્રકારનો મંત્રજાપ સકામ કહેવાય છે. તે ઉત્તમ ફળ હોતું નથી, માટે તેને મધ્યમ પ્રકાર કહી શકાય.

મંત્ર બાબતમાં એક બીજી વિશિષ્ટતા પણ ધ્યાન ખેંચનારી છે. મંત્ર બાહ્ય રીતે પાંચ, આઠ, બાર જેટલા અક્ષરોનું ભગવાનનું નામ છે; પરંતુ ભગવાનના નામ અને મંત્રમાં સ્વરૂપની દૃષ્ટિએ એક ખાસ તફાવત છે. જ્યારે ભગવન્નામ ભગવાન દ્વારા પ્રાપ્ત થાય અને તેના સતત ભાવપૂર્વકના રટણથી મંત્ર-સ્વરૂપ પામે, ત્યારે તેમાં દિવ્ય બળ ઉમેરાય છે. તે અલૌકિક સિદ્ધિ આપનાર હોય છે. ભગવન્નામ પ્રભુના સ્મરણ અને ગુણગાન માટે છે, જ્યારે મંત્ર વિશેષ પ્રકારે પ્રભુના ચિંતન અને જપ માટે છે. મંત્રમાં જે દિવ્ય શક્તિ પ્રવેશે છે તેને લઈને મંત્ર સ્વરૂપાત્મક બને છે. જેમ કાગળ ઉપર દોરેલા ભગવાનના ચિત્રમાં કે ભગવાનની મૂર્તિમાં ભગવત્સ્વરૂપનો આવિર્ભાવ થતાં તે સાક્ષાત્ ભગવાનનું રૂપ લે છે, પછી તે જડ ચિત્ર કે મૂર્તિ રહેતી નથી, તેમ મંત્ર પણ ભગવાનનું સાક્ષાત્ નામાત્મક સ્વરૂપ છે. તે કેવળ ભગવાનનું નામ નથી. વિદેશોમાં વૈજ્ઞાનિકો દ્વારા મંત્ર અંગેના કેટલાક પ્રયોગો થયા છે. તે મુજબ મંત્રને યોગ્ય રીતે ઉચ્ચારવામાં આવે, ત્યારે તે મંત્રમાં બિરાજમાન ભાવાત્મક ભગવત્સ્વરૂપ પડદા ઉપર અંકિત થાય છે. તે આ વાતની પુષ્ટિ કરે છે કે મંત્રમાં સાક્ષાત્ ભગવત્સ્વરૂપ બિરાજે છે; માટે મંત્રજપની એક વિશિષ્ટ વ્યવસ્થા શાસ્ત્રોએ બતાવેલી છે.

મંત્રનો જપ શુદ્ધ અને પવિત્ર સ્થિતિમાં જ થવો જોઈએ. તે માટે શરીરની બહારથી અને અંદરથી શુદ્ધિ જરૂરી છે. અશુદ્ધ સ્થિતિમાં, અશુદ્ધ મનથી મંત્રજપ કરવાથી મંત્રનું અલૌકિક ફળ મળતું નથી. મંત્રજપ માટે પવિત્ર વાતાવરણની પણ જરૂર છે. વહેલી સવારનો સમય મંત્રજપ માટે વધારે સુયોગ્ય માનવામાં આવ્યો છે. એ સમયે શુદ્ધ પવિત્ર સ્થિતિમાં એકાંતમાં આસન ઉપર બેસી, સ્થિર ચિત્તથી મંત્રજપ કરવો જોઈએ. મંત્ર જપવાના મુખ્ય ત્રણ પ્રકારો છે : (૧) બીજા સાંભળે તેમ મોટેથી (૨) બીજા સાંભળે નહિ, પરંતુ હોઠ ફફડે તે પ્રકારે (૩) હોઠ

પણ ન ફફડે તે રીતે મનમાં. આ ત્રીજા પ્રકારનો જપ ઉત્તમ કહેવાય છે. તે પ્રકારે રોજ નિયમપૂર્વક મંત્રજપ કરવો જોઈએ.

જગતમાં મંત્રો અનેક છે. તેમાંથી આપણને આપણા ગુરુદેવ દ્વારા વિધિવત્ રીતે જે મંત્રની દીક્ષા મળી હોય, તેનો જપ કરવાના જ આપણે અધિકારી છીએ. બીજાની દેખાદેખી અન્ય કોઈ મંત્રનો જપ કરવાથી તેનું ફળ મળતું નથી. જપ કરવા માટે તુલસીના મોટા ૧૦૮ મણકાવાળી જપમાળાનો ઉપયોગ કરવો જોઈએ. મેરુબંધ આવે ત્યારે જપમાળા પલટાવી દેવામાં આવે છે. જપ કરતાં અંગૂઠા અને છેલ્લી ટચલી આંગળીનો ઉપયોગ થતો નથી, વચ્ચેની ત્રણ આંગળીઓથી જપમાળાના મણકા ફેરવાય છે.

પ્ર. ૨ : પુષ્ટિમાર્ગમાં કયો મંત્ર છે?

જ. ૨ : પુષ્ટિમાર્ગમાં બે મુખ્ય મંત્ર છે : (૧) નામમંત્ર અથવા અષ્ટાક્ષર મંત્ર (૨) નિવેદન-મંત્ર અથવા બ્રહ્મસંબંધ મંત્ર.

પ્ર. ૩ : નામમંત્ર અથવા અષ્ટાક્ષર મંત્ર કયો છે? તે કેવી રીતે, કોણે પ્રગટ કર્યો છે?

જ. ૩ : અષ્ટાક્ષર મંત્ર ભગવાનના નામના આઠ અક્ષરોનો છે, તેથી તેને નામમંત્ર અથવા અષ્ટાક્ષર મંત્ર કહેવામાં આવે છે. આમ તો આ મંત્ર સનાતન ધર્મમાં પ્રસિદ્ધ છે : '**શ્રીકૃષ્ણઃ શરણં મમ**' એ અષ્ટાક્ષર મંત્ર છે.

એના પ્રાગટ્યની દિવ્ય વાર્તા છે. એક વખત શ્રીસ્વામિનીજીએ નિત્ય લીલામાં શ્રીઠાકોરજીથી માન કર્યું અને તેમની નિકુંજમાં એકલાં જઈને બિરાજ્યાં. કોઈ રીતે તેઓ માન્યાં નહિ. કોઈ તેમને સમજાવી શક્યું નહિ. શ્રીઠાકોરજીને ઘણો વિરહ થયો, પણ તેમની હઠ તેઓ છોડી શકતા ન હતા. બંનેના હૃદયનો વિરહ ભાવાત્મક-સ્વરૂપે બહાર પ્રગટ થયો, તે આપણા શ્રીમહાપ્રભુજી છે. શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજી પાસે પધાર્યા. હાથ જોડી દીનતાથી વિનંતી કરી. શ્રીસ્વામિનીજી માની ગયાં; શ્રીમહાપ્રભુજીની સાથે શ્રીઠાકોરજી પાસે પધાર્યાં. શ્રીયુગલ-સ્વરૂપનું ફરી મિલન થયું. આ સમયે શ્રીમહાપ્રભુજીએ વંદન કરીને શ્રીયુગલ-સ્વરૂપની સામે આ મંત્ર કહ્યો : **શ્રીકૃષ્ણઃ શરણં મમ.** આમ, નિત્યલીલામાં આ મંત્રનું પ્રાગટ્ય થયું.

શ્રીમહાપ્રભુજી જ્યારે ભૂતલ ઉપર પધાર્યા, ત્યારે દૈવી જીવોને શરણે લઈ ભગવાનનાં ચરણકમળોમાં સોંપવા માટે તેમણે દૈવી જીવોને આ મંત્ર આપ્યો. ત્યારથી આ મંત્ર પુષ્ટિમાર્ગમાં 'શરણમંત્ર' તરીકે પ્રસિદ્ધ થયો. આ મંત્ર દ્વારા

જીવને ભગવાનનું શરણ અથવા આશ્રય સિદ્ધ થાય છે, ભગવાનની પ્રાપ્તિ થાય છે. માટે પુષ્ટિમાર્ગની પરંપરામાં શરણે આવતા કોઈ પણ જીવને સૌ પ્રથમ આ મંત્રનું દાન કરવામાં આવે છે.

પ્ર. ૪ : આ મંત્રનું દાન કોણ કરી શકે? તે મંત્ર કઈ રીતે આપવામાં આવે છે? આ મંત્ર કોણ લઈ શકે?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીને પુષ્ટિમાર્ગમાં ગુરુ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. શ્રીમહાપ્રભુજીની પરોક્ષ સ્થિતિમાં તેમના વંશજોને તેમના દ્વારભૂત ગુરુ તરીકે સ્વીકારવામાં આવેલા છે; કારણ કે શ્રીમહાપ્રભુજી જ્યારે પંઢરપુર પધાર્યા હતા, ત્યારે પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીની હાજરીમાં સાક્ષાત્ શ્રીનાથજીએ પ્રગટ થઈને શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા કરી હતી; કારણ કે પુષ્ટિમાર્ગને ચાલુ રાખવા શ્રીનાથજી પોતે શ્રીમહાપ્રભુજીના વંશમાં પુત્રરૂપે પ્રગટ થવા ઈચ્છતા હતા. આથી શ્રીમહાપ્રભુજીએ લગ્ન કરી વંશ ધારણ કર્યો હતો. શ્રીગુસાંઈજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં બતાવ્યા પ્રમાણે, શ્રીમહાપ્રભુજીએ તેમના વંશમાં એમનું સંપૂર્ણ પ્રતાપબળ પધરાવેલું છે; એટલે કે શ્રીવલ્લભવંશના હૃદયમાં શ્રીમહાપ્રભુજી સદૈવ બિરાજમાન છે. આથી પુષ્ટિમાર્ગમાં ગુરુગાદીની વંશપરંપરા છે, સેવક-પરંપરા નથી. આમ, શ્રીવલ્લભવંશ જ આ મંત્રની દીક્ષા આપી શકે છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના સમયમાં પોતાના બે-ત્રણ સેવકોને આ મંત્રની દીક્ષા આપવાનો પ્રાથમિક અધિકાર આપ્યો હતો. તેમાં કાશીના શેઠ પુરુષોત્તમદાસ અને નરોડાના ગોપાલદાસ મુખ્ય હતા. શ્રીમહાપ્રભુજીએ તેમને એવી આજ્ઞા કરી હતી કે મારી ગેરહાજરીમાં શરણે આવવા ઈચ્છતા જીવને તમારે આ મંત્ર, મારું સ્મરણ કરી, મારા પ્રતિનિધિરૂપે આપવો. જ્યારે હું તે સ્થળમાં આવું, ત્યારે તે જીવોને મારી પાસે ફરીથી તે મંત્રની દીક્ષા અપાવવી. ત્યારબાદ આ પરંપરા ચાલુ રહી નથી.

આવી આજ્ઞા આપવાનું કારણ એ હોઈ શકે કે શ્રીમહાપ્રભુજીના સમયમાં શ્રીમહાપ્રભુજી પગપાળા પ્રવાસ કરતા હતા; તેથી દરેક સ્થળે, દરેક સમયે બિરાજી શકતા ન હતા. તે સ્થિતિમાં આવી કામચલાઉ વ્યવસ્થા આપે કરી આપી હતી. પાછળના સમયમાં જેમ શ્રીવલ્લભવંશ વિસ્તરતો ગયો, તેમ તેમ આવી વ્યવસ્થાની જરૂર રહી ન હતી. આ શરણમંત્રની દીક્ષા કોઈ પણ જીવ લઈ શકે છે. તેમાં વર્ણ, આશ્રમ, જાતિ વગેરેનું કોઈ નિયમન નથી. સ્ત્રી અને શૂદ્રો પણ આ દીક્ષાનાં અધિકારી છે. મ્લેચ્છો જેવા વિધર્મીએ પણ આ દીક્ષા લેવા ઈચ્છતા

હોય, તો તેમને આપવામાં આવે છે. આ દીક્ષા માટે ઉંમરનું પણ કોઈ નિયમન નથી. જન્મના ૧૭ દિવસ પછી કોઈ પણ સમયે આ દીક્ષા આપી શકાય છે અને લઈ શકાય છે.

આ મંત્રનો દીક્ષાવિધિ પણ અત્યંત સરળ છે. દીક્ષાર્થી અગર તેના વડીલો શ્રીવલ્લભ-વંશજ પાસે જઈને આ દીક્ષા માટે વિનંતી કરી શકે છે. ત્યારે શ્રી વલ્લભ-વંશજ દીક્ષાર્થીના જમણા કાનમાં ત્રણ વખત શ્રીઅષ્ટાક્ષર મંત્ર બોલે છે. દીક્ષાર્થીની વય તે મંત્રનો ઉચ્ચાર કરવા જેટલી હોય, તો તેની પાસે પણ ત્રણ વખત મંત્રનો ઉચ્ચાર કરાવવામાં આવે છે. પછી શ્રીવલ્લભ-વંશજ પ્રસાદી તુલસીમાળા દીક્ષાર્થીના કંઠમાં પહેરાવે છે. આથી દીક્ષાર્થી વૈષ્ણવ બને છે. તે હવે શ્રીઅષ્ટાક્ષર મંત્રનો જપ કરવાનો અધિકારી પણ બને છે.

પ્ર. ૫ : શ્રી અષ્ટાક્ષર મંત્રનો અર્થ સમજાવશો?

જ. ૫ : 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' તે અષ્ટાક્ષર મંત્ર છે. તેનો અર્થ એવો છે કે શ્રીકૃષ્ણ મારું શરણ છે, એટલે કે હું શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારું છું. 'શરણ' શબ્દના ઘણા અર્થ છે. તેમાં ત્રણ મુખ્ય અર્થ છે : શરણ એટલે આશ્રય, ઘર અને રક્ષક. આ ત્રણે અર્થ અહીં લાગુ પડે છે. શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે એટલે કે હું શ્રીકૃષ્ણનો જ છું. મારું સર્વ કંઈ શ્રીકૃષ્ણ જ કરશે. મારા કોઈ પણ નાના-મોટા સ્વાર્થ માટે હું શ્રીકૃષ્ણને છોડીને બીજા કોઈની પાસે જઈશ નહિ. શ્રીકૃષ્ણ સર્વસમર્થ છે, તેથી તેઓ જ મારી રક્ષા કરશે. તેઓ મારા રક્ષક છે. તેમની રક્ષા કરવાની શક્તિમાં મને દૃઢ વિશ્વાસ છે. જેમ ઘર માણસને રક્ષણ આપી, નિર્ભય બનાવે છે અને સુખ આપે છે, તેમ શ્રીકૃષ્ણનાં ચરણકમળો જ મારું નિવાસસ્થાન છે. તેમનાં ચરણારવિંદની છત્રછાયામાં હું સંપૂર્ણ રીતે સુરક્ષિત અને નિર્ભય છું. મને ત્યાં કોઈ પણ પ્રકારનો ડર નથી. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્રનો આવો અર્થ છે.

આ મંત્રમાં 'શ્રીકૃષ્ણઃ' શબ્દ વાપરવામાં આવ્યો છે. શ્રીકૃષ્ણ એટલે ગોકુલમાં નંદયશોદાને ત્યાં, યશોદાજીની કૂખે પ્રગટ થયેલા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન. શ્રીકૃષ્ણ એ કેવળ ભગવાનનું વિશેષ નામ જ નથી. કૃષ્ણ શબ્દ ભગવાનના ગુણ બતાવનાર છે. ઉપનિષદમાં કૃષ્ણ શબ્દનો અર્થ આપવામાં આવ્યો છે. તે બે શબ્દોનો બનેલો છે : 'કૃષ્ + ણ. 'કૃષ્' એટલે સર્વશક્તિમાન અને 'ણ' એટલે પરમાનંદ. જે સર્વથી વિશેષ શક્તિમાન છે અને પરમાનંદ - સ્વરૂપ છે તે પરમાત્મા એટલે કૃષ્ણ. તેમના જેટલા શક્તિમાન અને આનંદસભર કોઈ દેવ કે મનુષ્ય નથી; એટલે પરમાત્મા, શ્રીકૃષ્ણ આપણું જેટલું રક્ષણ કરી શકે અને

આનંદનું દાન કરી શકે, એટલું અન્ય કોઈ કરી શકે તેમ નથી. માટે આવા સર્વોચ્ચ અને સર્વોપરી પરમાત્મા, જે ગોકુલમાં કૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયા છે, તેમનું શરણ હું સ્વીકારું છું. શ્રી એટલે લક્ષ્મી અથવા સ્વામિની. લક્ષ્મી ભગવાનનાં પત્ની છે. નિત્યલીલામાં શ્રીરાધિકાજી, લક્ષ્મી- સ્વરૂપા છે. આમ, શ્રીકૃષ્ણ એટલે યુગલ-સ્વરૂપ. આ યુગલ સ્વરૂપ જ મારું સર્વસ્વ છે, એવો ભાવ આ મંત્રનો છે.

'કૃષ્ણ' શબ્દનો એક બીજો અર્થ પણ શાસ્ત્રોએ બતાવ્યો છે. 'કૃષ્' એટલે ખેંચવું અથવા આકર્ષવું. 'ણ' એટલે આનંદ. જે પોતાના અલૌકિક આનંદ - રસાત્મક - સ્વરૂપથી જીવોને પોતાના તરફ આકર્ષીને પોતાનામાં જોડી રાખે છે, તે શ્રીકૃષ્ણ. આવા શ્રીકૃષ્ણને શરણે હું છું, એવો ભાવ પણ વિચારવો જોઈએ.

દરેક મંત્રને એક બીજમંત્ર હોય છે. જેમ બીજમાં પરોક્ષ રીતે આખું વૃક્ષ છુપાયેલું હોય છે, તેમ બીજમંત્રમાં આખો મંત્ર પરોક્ષ રીતે રહેલો હોય છે. મંત્રસાધનામાં બીજમંત્રનું ઘણું મહત્ત્વ છે. અષ્ટાક્ષર મંત્રમાં શ્રી અક્ષર બીજમંત્ર છે. બીજમાંથી જ અલૌકિક રસાત્મક પૂર્ણપુરુષોત્તમ પ્રગટ થયા છે. માટે આ અષ્ટાક્ષર મંત્રના પ્રારંભમાં બીજમંત્ર મૂકવામાં આવ્યો છે.

મંત્રને જેમ બીજમંત્ર જરૂરી છે, તેમ તેના દેવતા પણ જરૂરી છે. દેવતા એટલે મંત્રમાં બિરાજમાન પ્રભુનું અલૌકિક સ્વરૂપ, જે મંત્રરૂપે આપણા મન - હૃદયમાં સદા રમણ કરે છે. અષ્ટાક્ષર મંત્રના દેવતા શ્રીયશોદાનંદન પૂર્ણપુરુષોત્તમ રસ - સ્વરૂપ શ્રીકૃષ્ણ છે.

મંત્રનો વિનિયોગ અને મંત્રનું ફળ પણ હોય છે. આ અષ્ટાક્ષર મંત્રનો વિનિયોગ, લૌકિક દુઃખોના નિવારણ અને લૌકિક સુખો મેળવવા માટે નથી. તેનો વિનિયોગ ભગવાનનું દૃઢ શરણ ગ્રહણ કરવા માટે છે. તેનું ફળ ભગવાનના સંયોગસુખનો અનુભવ છે. આ મંત્ર સિદ્ધ થતાં સાક્ષાત્ ભગવાનનો રસાનુભવ પ્રાપ્ત થાય છે.

શ્રીગુસાંઈજીના એક સેવકનો પ્રસંગ છે. શ્રીગુસાંઈજીએ તેમને નામમંત્ર આપ્યા બાદ આજ્ઞા કરી કે તમે શ્રીગિરિરાજજીની તળેટીમાં દંડવતી શિલા સામે બેસીને છ મહિના સુધી શ્રીઅષ્ટાક્ષર મંત્રનો દીનતા, શ્રદ્ધા અને નિષ્કામ ભાવથી જપ કરો. તે વૈષ્ણવ તે પ્રમાણે જપ કરતાં, તેમને સદેહે પ્રભુની અલૌકિક લીલાનાં દર્શન થવા લાગ્યાં.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આ મંત્ર અલૌકિક સામર્થ્યવાન હોવાથી પ્રભુના સાક્ષાત્ અનુભવનું શ્રેષ્ઠ ફળ તો આપે જ છે, પરંતુ સાથે સાથે વગર માગે

જગતનાં દુઃખ દૂર કરી આવશ્યક લૌકિક સુખ પણ આપે છે. માટે આ મંત્રને વૈષ્ણવોએ પોતાનું સર્વસ્વ માનીને પૂરી શ્રદ્ધાથી તેનો જપ કરવો જોઈએ.

શ્રીગુસાંઈજીએ આ મંત્રના આઠેય અક્ષરોનું રહસ્ય સમજાવ્યું છે :

'શ્રી' એટલે શ્રીસ્વામિનીજી. તેઓ અલૌકિક લક્ષ્મી છે. તેઓ પોતાનાં ભક્તોને બીજમંત્ર - જપના ફળરૂપે સાક્ષાત્ શ્રીઠાકોરજીનું દાન કરી, જીવને અવિચલ અલૌકિક સૌખ્ય આપે છે. એ જીવને વ્રજભક્તનું દિવ્ય સૌભાગ્ય મળે છે. તેના માથે શ્રીઠાકોરજી જેવા પતિ બિરાજવાથી, તે લૌકિકમાં પણ ધનવાન બને છે. સામાન્ય રીતે લૌકિક ધન આખરે તો દુઃખરૂપ હોય છે. પરંતુ પ્રભુકૃપાથી મળેલી સંપત્તિ પ્રભુની સેવામાં વપરાતાં દુઃખરૂપ બનતી નથી, યશ અપાવનારી બને છે. 'શ્રી' મંત્રાક્ષરના પ્રભાવથી તે વ્યક્તિ રાજાને પ્રિય બને છે. સમાજમાં તેનાં માન- પ્રતિષ્ઠા વધે છે; છતાં તેથી તેને અભિમાનરૂપી અનર્થ થતો નથી.

'કૃ' અક્ષર સમસ્ત પાપોનો નાશ કરે છે. અજાણતાંમાં થઈ ગયેલા સર્વ અપરાધો 'કૃ' ના ઉચ્ચારથી નિવૃત્ત થાય છે.

'ષ્ણઃ' અક્ષરના પ્રભાવથી આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રણે તાપ શાંત થાય છે. આધિ - વ્યાધિ - ઉપાધિમાંથી જીવ મુક્ત થાય છે. તેના મનની વ્યગ્રતા દૂર થાય છે.

'શ' અક્ષરના પ્રભાવથી જન્મ - મરણમાંથી અને કર્મફળમાંથી મુક્તિ મળે છે. જગતમાં જન્મેલો જીવ કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. કર્મના મુખ્ય ત્રણ પ્રકાર છે : ક્રિયમાણ, પ્રારબ્ધ અને સંચિત. આ જન્મમાં કરવામાં આવતાં કર્મ ક્રિયમાણ કર્મ કહેવાય છે. પૂર્વજન્મમાં કરેલાં કર્મોના ફળરૂપે જે સારાં-ખોટા કર્મ આ જન્મમાં ભોગવવાં પડે, તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. પૂર્વજન્મોનાં અને આ જન્મનાં જે કર્મો ભવિષ્યના જન્મોમાં ભોગવવાં પડે, તે સંચિત કર્મો કહેવાય છે. આ સંચિત કર્મોના પરિણામે જન્મ-મરણનું ચક્કર ચાલ્યા કરે છે. અષ્ટાક્ષર મંત્રના 'શ' અક્ષરના પ્રભાવથી જન્મ - મરણમાંથી મુક્તિ મળે છે.

'ર' અક્ષરના પ્રભાવથી પ્રભુના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય છે. પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થવું, એ બહુ મોટી સિદ્ધિ છે. તેના જ્ઞાનને લીધે જીવ અન્ય લૌકિક કર્મોમાં ફસાતો નથી.

'ણં' અક્ષરથી પુષ્ટિભક્તિની પ્રાપ્તિ થાય છે. પુષ્ટિભક્તિ સાધનોથી મળતી નથી, પ્રભુકૃપાથી મળે છે. પુષ્ટિભક્તિમાં ભગવાન પ્રત્યે દૃઢ અનન્યતા અને તેમના સુખનો ભાવ મુખ્ય છે. પુષ્ટિભક્તિનું ફળ સાક્ષાત્ ભગવદ્પ્રાપ્તિ છે.

'મ' અક્ષરના પ્રભાવથી ગુરુદેવમાં પ્રીતિ થાય છે. ગુરુકૃપાથી ભગવાનનું જ્ઞાન અને ભગવાન બંને પ્રાપ્ત થાય છે.

'મ' અક્ષરના પ્રભાવથી પુષ્ટિભક્તિનું અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. પુષ્ટિ ભક્તિનાં ત્રણ ફળ છે. મુખ્ય ફળ અલૌકિક સામર્થ્ય છે. મધ્યમ ફળ સાયુજ્ય મોક્ષ છે, કનિષ્ઠ ફળ સેવોપયોગી દેહ છે. અધિકાર પ્રમાણે આ ત્રણ પૈકી એક ફળ પ્રાપ્ત થાય છે.

આ મંત્રનું મહત્ત્વ સમજાવતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે જે જીવ શ્રદ્ધાથી અને ભક્તિથી આ મંત્રનો જપ કરે છે, તેને જગતમાં વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. લૌકિક અને અલૌકિક અષ્ટસિદ્ધિ અને નવનિધિ પ્રાપ્ત થાય છે. શ્રીપૂર્ણપુરુષોત્તમની પુષ્ટિભક્તિ પ્રાપ્ત થતાં, અલૌકિક પરમાનંદનો અનુભવ થાય છે. આ સિદ્ધિદાયક મંત્રના પ્રભાવથી ભૂત, પ્રેત, પિશાચ આદિનો ભય રહેતો નથી. કોઈ સંકટ આવતું નથી અને આવેલાં સંકટ દૂર થાય છે. શત્રુ મિત્ર બની જાય છે. મેલી વિદ્યાનો પ્રભાવ થતો નથી. ગ્રહપીડા નાશ પામે છે, હૃદયની મલિનતાઓ દૂર થાય છે. સમસ્ત સંકટો દૂર થાય છે. શ્રીઠાકોરજી સદા તેના હૃદયમાં બિરાજે છે.

પ્ર. ૬ : આ મંત્રનો જપ કરવા માટે કયા નિયમોનું પાલન કરવું જરૂરી છે?

જ. ૬ : જેમ બીજા મંત્રનો જપ કરવા માટે શાસ્ત્રોમાં ચોક્કસ નિયમો બતાવવામાં આવ્યા છે, એવા કોઈ નિયમો અષ્ટાક્ષર મંત્રના જપ માટે લાગુ પડતા નથી. અષ્ટાક્ષર મંત્રનો જપ કોઈ પણ પરિસ્થિતિમાં કરી શકાય, તેને માટે કોઈ નિયમો નથી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આ મંત્રનો જપ વૈષ્ણવોએ હંમેશા રાત-દિવસ કરવો જોઈએ. બીજા મંત્રોનો યોગ્ય રીતે જપ ન થવાથી તેનું ફળ મળતું નથી અથવા વિપરીત પરિણામ પણ આવી શકે છે; જ્યારે અષ્ટાક્ષર મંત્ર હમેશાં ફળદાયી રહ્યો છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ચૈતન્યનો વ્રજમાં મેળાપ થયો, ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી હતી કે ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો રહે એટલી વાર પણ ભગવન્નામ ચૂકી જવાથી જીવ બહિર્મુખ થાય છે. અષ્ટાક્ષર મંત્ર

મણિ જેવો છે. તેના પ્રભાવથી કલિયુગના સર્વ દોષો દૂર થાય છે. માટે આપણે પ્રયત્નપૂર્વક મનમાં સતત અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા રહેવું જોઈએ. શ્રીગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજી આ પ્રમાણે સતત જપ કરતા હતા. તેને પરિણામે તેમને અષ્ટાક્ષર મંત્ર સિદ્ધ થયો હતો. તેથી એક વખત જરૂર પડતાં તેઓ શ્રીયમુનાજીના ઊંડા જળ ઉપર વગર પૂલે ચાલીને સામે પાર જઈ શક્યા હતા.

પ્ર. ૭ : આ મંત્રની દીક્ષા લેનારે કઈ કઈ બાબતોનું પાલન કરવું જરૂરી છે?

જ. ૭ : અષ્ટાક્ષર મંત્ર દ્વારા આપણે પ્રતિજ્ઞા કરી કે આજથી શ્રીકૃષ્ણ જ મારું શરણ છે અર્થાત્ આજથી હું શ્રીકૃષ્ણનો છું. શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય રાખવો એ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લેનાર દરેક વૈષ્ણવની પહેલી ફરજ છે. તેને અનન્યતા કહેવામાં આવે છે. આવો વૈષ્ણવ શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવદેવીઓને કે મનુષ્યોને પોતાના ઈષ્ટ ગણશે નહિ. તેમની પાસે કશું મેળવવા જશે નહિ. તેમની પૂજા-ઉપાસના કરશે નહિ. સૌને આદર આપશે, પણ શ્રીકૃષ્ણ સિવાય કોઈનો આશ્રય કરશે નહિ. આવી દૃઢ અનન્યતા પહેલી શરત છે.

આવો વૈષ્ણવ શ્રીકૃષ્ણનાં કથાશ્રવણ, કથાકીર્તન અને સ્મરણ કરશે. તેમાં તે વિશેષ પ્રેમવાળો બનશે. આ બીજી શરત છે.

તે શ્રીકૃષ્ણનાં દર્શન કરશે. શ્રીકૃષ્ણના ભક્ત એવા વૈષ્ણવો સાથે સત્સંગ કરશે. આ ત્રીજી શરત છે.

તે લૌકિક વાતો ઓછી કરશે, કામ પૂરતું જ બોલશે. લૌકિક-વૈદિક કાર્યોમાં જરૂર પૂરતું જ ધ્યાન આપશે. બને ત્યાં સુધી શ્રીઠાકોરજીનો પ્રસાદ જ લેશે. તે દુઃસંગ થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરશે નહીં. આ ચોથી શરત છે.

આમ, આ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લઈને, અનન્યતાપૂર્વક ભગવદ્-કથામાં આસક્તિ કેળવીને જે વૈષ્ણવ પ્રભુમાં પ્રેમ વધારશે, તે વૈષ્ણવને કથા દ્વારા ઉત્તરોત્તર પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ થઈ શકશે. તે દ્વારા તેને આ દેહથી તનુ-નવત્વની પ્રાપ્તિ થતાં આંખથી અને અંતઃકરણથી સાક્ષાત્ ભગવલ્લીલાનો અનુભવ પણ થઈ શકશે. અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લેનાર વૈષ્ણવે આદર અને આગ્રહપૂર્વક હંમેશ માટે ગળામાં સુતરના દોરામાં પરોવેલી તુલસીની બે કંઠીઓ પહેરવી જ જોઈએ તેમજ લલાટમાં પ્રસાદી કંકુનું તિલક પણ અવશ્ય કરવું જોઈએ.

પ્ર. ૮ : પુષ્ટિમાર્ગમાં બીજી કઈ દીક્ષા લેવામાં આવે છે?

જ. ૮ : પુષ્ટિમાર્ગની બીજી દીક્ષા બ્રહ્મસંબંધ દીક્ષા છે. તેને સમર્પણની દીક્ષા પણ કહેવામાં આવે છે.

પ્ર. ૯ : બ્રહ્મસંબંધની દીક્ષા કોણ અને ક્યારે લઈ શકે?

જ. ૯ : જે મનુષ્ય ભગવાન શ્રીકૃષ્ણને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી, તેમનો સેવક બની, તેમની સેવામાં પૂરેપૂરો સમર્પિત થવા તૈયાર હોય તે જ બ્રહ્મસંબંધની દીક્ષા લઈ શકે. તેણે જ આ દીક્ષા લેવી જોઈએ. જેનાથી બ્રહ્મસંબંધ લીધા પછી શ્રીઠાકોરજીની પૂરેપૂરી સેવા બની શકે તેમ ન હોય, તેણે આ દીક્ષા લેવી જોઈએ નહિ. આ દીક્ષા સમર્પિત જીવન જીવવા માટે કરવામાં આવતી પ્રતિજ્ઞા છે. તે પ્રતિજ્ઞાનું પાલન કરવાની મોટી જવાબદારી છે.

કેટલાક એવું માને છે કે ઘરમાં બધાંને આ દીક્ષા એટલા માટે અપાવવી જોઈએ કે જેથી તેમના હાથનું ખાનપાન થઈ શકે. આવો વિચાર બરાબર નથી. કેટલાક એમ પણ માને છે કે બ્રહ્મસંબંધની દીક્ષા લીધી એટલે કશું કરવાનું બાકી રહેતું નથી. મૃત્યુ પછી ગોલોકવાસ થશે. નવો જન્મ લેવો પડશે નહિ. આ વાત પણ બરાબર નથી. બ્રહ્મસંબંધની દીક્ષા એ ગોલોકમાં જવા માટેનો પાસપોર્ટ નથી.

ઉપરની બાબતો સમજીને જ્યારે વ્યક્તિ બરાબર સમજદાર થાય અને સેવા કરવાના આગ્રહવાળી થાય, ત્યારે જ તેણે આ દીક્ષા લેવી જોઈએ. હાલમાં બાળપણમાં આ દીક્ષા અપાવવાનો પ્રકાર પુનર્વિચાર માગી લે છે.

પ્ર. ૧૦ : બ્રહ્મસંબંધની દીક્ષા કોણ આપી શકે?

જ. ૧૦ : શ્રીઠાકોરજીએ ગોકુળમાં પવિત્રા એકાદશીની મધરાતે સાક્ષાત્ પ્રગટ થઈને શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો હતો અને આજ્ઞા કરી હતી કે તમે જે જીવોને આ મંત્ર આપશો, તેમનો હું અંગીકાર કરીશ. આથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધનો મંત્ર આપી, પુષ્ટિમાર્ગમાં શરણે લેવાની શરૂઆત કરી હતી.

આપણે આગળ જોઈ ગયા તેમ શ્રીવલ્લભવંશજ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. તેથી શ્રીવલ્લભવંશજના હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજી જ આ દીક્ષા આપે છે. માટે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપવાનો અધિકાર કેવળ શ્રીવલ્લભવંશજોનો છે. તેમના સિવાય અન્ય કોઈ પાસે આ દીક્ષા લઈ શકાય નહિ કે અન્ય કોઈ આ દીક્ષા આપી શકે નહિ.

પ્ર. ૧૧ : બ્રહ્મસંબંધ મંત્રનો અર્થ સમજાવશો?

જ. ૧૧ : બ્રહ્મ એટલે પરમાત્મા. બધા જીવો પરમાત્માના અંશ છે; કારણ કે આજથી અગણિત વર્ષો પહેલાં જીવસૃષ્ટિ પરમાત્મામાંથી છૂટી પડી છે. એકી સાથે સેંકડો તણખા છૂટા પડે, તેમ જીવો પરમાત્મામાંથી છૂટા પડ્યા છે. અગ્નિમાંથી તણખો છૂટો પડતાં જરાક ઝબકીને તે કોલસાની કણી બની જાય, તેમ જીવાત્મા પરમાત્માથી છૂટો પડતાં આનંદ વિનાનો બની ગયો. તેનામાંથી પરમાત્માનો આનંદ-ગુણ ચાલ્યો જતાં, તે જીવાત્મા પરમાત્માને ભૂલી ગયો. તે દીન-હીન-પતિત-પાપી બન્યો. શરીરને વધારે મહત્ત્વ આપતો થયો. તે પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયો. પરમાત્માને ફરીથી પ્રાપ્ત કરવાનું તેનું લક્ષ્ય પણ તે વીસરી ગયો. પરિણામે, ચોર્યાસી લાખ યોનિના જન્મમરણના ચક્કરમાં તે હજારો વર્ષોથી અથડાતો-કૂટાતો રહ્યો છે. આને કારણે એ જીવાત્માને ભગવાનને ફરી મેળવવાનો વિરહ-તાપ પણ રહ્યો નથી. આવા જીવાત્માને શ્રીમહાપ્રભુજી દ્વારા તેના મૂળ સ્વરૂપનું અને લક્ષ્યનું જ્ઞાન થયું છે. તેથી તે બ્રહ્મ સાથેનો તેનો છૂટી ગયેલો સંબંધ ફરીથી જોડવા પ્રતિજ્ઞાબદ્ધ થયો છે.

આમ, બ્રહ્મ સાથેનો છૂટી ગયેલો સંબંધ ફરીથી જે મંત્ર દ્વારા જોડાય, તેને બ્રહ્મસંબંધ મંત્ર કહેવામાં આવે છે. તે મંત્ર લેવાની દીક્ષાને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા કહેવામાં આવે છે.

આ મંત્રમાં ચોર્યાસી અક્ષરો છે. તે ગદ્યમાં કહેવાયો છે, તેથી તેને **'ગદ્યમંત્ર'** પણ કહેવામાં આવે છે. તેના છેલ્લા **પાંચ અક્ષરો પંચાક્ષર** મંત્ર કહેવાય છે.

આ મંત્ર દ્વારા ભગવાનને સમર્પણ કરવામાં આવતું હોવાથી તેને **'સમર્પણ મંત્ર'** પણ કહેવામાં આવે છે. આ મંત્રના ચાર્યાસી અક્ષરો ચોર્યાસી લાખ યોનિના સૂચક છે. તે એમ સૂચવે છે કે આ મંત્રની વિધિસર દીક્ષા લઈને જેઓ તેનું પાલન કરે છે, તેઓ ચોર્યાસી લાખ યોનિની ઘટમાળમાંથી સદાને માટે મુક્ત થઈને ભગવાનની નિત્યલીલામાં પ્રાપ્ત થાય છે.

આ મંત્ર દ્વારા ભગવાનને જીવ નિવેદન કરે છે, તેથી તેને 'નિવેદન મંત્ર' પણ કહેવાય છે.

પ્ર. ૧૨ : આ મંત્ર શો છે, તે કહેશો?

જ. ૧૨ : સામાન્ય રીતે મંત્ર માટે એવો નિયમ છે કે મંત્ર જાહેરમાં કહેવાતો કે બોલાતો નથી. તે ગુપ્ત રાખવામાં આવે છે. એ મંત્રની વિધિપૂર્વકની દીક્ષા જેને આપવાની હોય, તેના કાનમાં દીક્ષા આપનાર ગુરુ તે મંત્ર કહેતા હોય છે.

મંત્ર લેનાર તેને ગુપ્ત રાખીને તેનો જપ કરે છે. માત્ર અષ્ટાક્ષર મંત્ર માટે આવી જરૂર નથી. બાળકને જનોઈ અપાય છે ત્યારે તેને કાનમાં ગાયત્રી મંત્ર આપવામાં આવે છે. એવી જ રીતે બ્રહ્મસંબંધ મંત્ર પણ શ્રીવલ્લભ-વંશજ દ્વારા તેની દીક્ષા લેનારને એકાંતમાં બોલાવવામાં આવે છે. આ મંત્ર સંસ્કૃત ભાષામાં છે. તે જાહેરમાં બોલી, લખી કે વાંચી શકાતો નથી. માટે અહીં તે મંત્ર કહી શકું નહિ; પરંતુ તેનો ગુજરાતી ભાવાર્થ કહી શકાય. તે નીચે મુજબ છે :

'ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય પસાર થવાથી, તેમની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-ક્લેશનો આનંદ થવો જોઈએ, તે જેને તિરોધાન થયો છે, એવો હું જીવ ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજનવલ્લભ)ને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ! હું તમારો છું.'

'હે કૃષ્ણ! હું તમારો છું,' એ પંચાક્ષર મંત્ર છે.

પ્ર. ૧૩ : આ મંત્ર વિશેષ વિસ્તારથી સમજાવશો?

જ. ૧૩ : આ મંત્રમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થયો છે : (૧) જીવનું સ્વરૂપ (૨) પરમાત્માનું સ્વરૂપ (૩) સમર્પણની પ્રતિજ્ઞા. સૌ પ્રથમ જીવનું સ્વરૂપ બતાવવામાં આવ્યું. જીવ હજારો વર્ષોથી ભગવાનથી વિખૂટો પડ્યો છે. વિખૂટા પડવાથી તે ભગવાનને ભૂલી ગયો છે. ભગવાનને ફરી મેળવવા માટે તેના મનમાં તાપ-ક્લેશ નથી.

જીવનું આ સ્વરૂપ બતાવી, ભગવાનનો પરિચય કરાવવામાં આવ્યો. તે માટે બે શબ્દ વપરાયા : ભગવાન કૃષ્ણ. ભગવાન એટલે જે સૌથી વધુ ઐશ્વર્યવાળા છે તે. ઐશ્વર્યમાં શક્તિ અને સંપત્તિનો સમાવેશ થાય છે. ભગવાન સર્વથી સમર્થ શક્તિમાન છે. તે બધું કરવાની ક્ષમતાવાળા છે. તેમની પાસે જે સંપત્તિ છે તેટલી અન્ય કોઈ પાસે નથી. આનંદ એ તેમની મોટામાં મોટી દિવ્ય સંપત્તિ છે. આવા શક્તિમાન અને સંપત્તિવાન ભગવાન આપણું જેટલું રક્ષણ કરી શકે અને આપણને જેટલું આપી શકે તેટલું અન્ય કોઈ કરી શકે નહિ કે આપી શકે નહીં. વિશ્વના કણેકણમાં વ્યાપેલા પરમાત્મા અલૌકિક આનંદઘન-સ્વરૂપ દ્વારા, સાકાર બની પધારે ત્યારે તેમને ભગવાન કહેવામાં આવે છે.

પરમાત્મા માટે બીજો શબ્દ વપરાયો કૃષ્ણ. કૃષ્ણ શબ્દનો અર્થ તો આપણે આગળ જોઈ ગયા છીએ. અનેક ગુણો ધરાવનાર પરમાત્મા ગોકુળમાં શ્રીનંદ-

યશોદાના પુત્ર બની પ્રગટ થયા. તે પરમાત્મા એટલે ભગવાન કૃષ્ણ. કૃષ્ણથી અન્ય કોઈ અર્થ કાઢવામાં ન આવે, તે માટે શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજીએ સ્પષ્ટીકરણરૂપે ( ) કૌંસમાં 'શ્રીગોપીજનવલ્લભ' શબ્દ મૂક્યો. અર્થાત્ જેઓ સદા વ્રજમાં ગોપીજનોના પ્રાણપ્રિય બનીને બિરાજમાન છે તે કૃષ્ણ. આવા ભગવાન કૃષ્ણને જીવ પોતાનું બધું સમર્પણ કરે છે.

જીવ ભગવાનને ભૂલી ગયો, ત્યારે અવિદ્યાને લઈને અહંતા-મમતામાં ફસાયો છે. 'બધું હું કરું છું' એમ માનવું તે અહંતા. 'બધું મારું છે' એમ માનવું તે મમતા. આ બન્ને ખોટાં છે, કારણ કે જીવ પોતાની શક્તિથી કાંઈ કરી શકતો નથી. કરાવનાર ભગવાન છે. જીવ જન્મીને આવ્યો, ત્યારે તેની સાથે તેનું કહેવાય એવું કંઈ લઈને આવ્યો ન હતો. તેને જે કંઈ મળ્યું તે પરમાત્માએ આપેલું છે. માટે દુનિયામાં તે જે મમતા રાખે છે તે પણ ખોટી છે.

જ્યાં સુધી જીવને આવી અહંતા-મમતા વળગેલી રહે છે, ત્યાં સુધી તે પોતાના સ્વરૂપને, પરમાત્માના સ્વરૂપને અને તેના કર્તવ્યને જાણી શકતો નથી તેમજ કર્તવ્યના માર્ગે ચાલી શકતો નથી. અહંતા-મમતાને કારણે તે જન્મ-મરણમાં કાયમ માટે ફસાયેલો રહે છે. તેમાંથી મુક્તિ મેળવવા તેણે અહંતા-મમતાનો સદંતર ત્યાગ કરવો જોઈએ.

શાસ્ત્રોએ અહંતા-મમતાનો ત્યાગ કરવાના અને મોક્ષ મેળવવાના મુખ્ય બે માર્ગ બતાવ્યા છે : પહેલો માર્ગ છે જીવ યોગ વગેરે સાધનો દ્વારા અહંતા-મમતાને કચડીને મોક્ષ પામી શકે છે. આ માર્ગ ઘણો મુશ્કેલ છે. તેનાથી સો ટકા સફળતા મળતી નથી. કારણ કે જીવની અહંતા-મમતા પૂરેપૂરી કદી નાશ પામતી નથી. તે થોડો સમય દબાય છે, ફરીથી બમણા વેગે બહાર આવે છે. આ સંજોગોમાં બીજો માર્ગ બતાવવામાં આવ્યો, તે ભક્તિનો છે. જે અહંતા-મમતા કદી મરતી નથી, તેને મારવાને બદલે ભગવાન સાથે જોડી દેવામાં આવે છે. એટલે જીવાત્મા ભગવાનનો બની જાય છે. 'હું ભગવાનનો છું' એ અહંતાનું સમર્પણ થયું. 'ભગવાન મારા છે' એ મમતાનું સમર્પણ છે. આમ, અહંતા અને મમતા ભગવાનને સોંપવા માટે જીવ પ્રતિજ્ઞા કરે છે. તે આજ સુધીનાં તેનાં કહેવાતાં દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણમાં તેની જે અહંતા હતી, તે હવે ભગવાનને સોંપી દે છે. હવે તે પૂરેપૂરો ભગવાનનો બનીને રહેવાની પ્રતિજ્ઞા કરે છે. તે ભગવાનનું દાસત્વ સ્વીકારે છે. આ બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય છે.

પ્ર. ૧૪ : જીવ ભગવાનને સમર્પણ કરે છે, એવું આ મંત્રમાં કહેવામાં આવ્યું, તો 'દાન' અને 'સમર્પણ'માં કોઈ તફાવત ખરો?'

જ. ૧૪ : શાસ્ત્રોમાં ત્રણ શબ્દો બતાવવામાં આવ્યા છે : દાન, અર્પણ અને સમર્પણ. માણસ પોતાની માલિકીની કોઈ પણ વસ્તુ બીજા માણસને કાયમને માટે આપી દે, ત્યારે તેને દાન કહેવાય. એક વખત દાનમાં આપેલી વસ્તુ પોતાના ઉપયોગ માટે પાછી લઈ શકાય નહિ અને પોતાના ઉપયોગમાં વાપરી શકાય નહિ. આપેલું દાન પાછું લેવાથી અથવા વાપરવાથી મહાદોષ લાગે છે.

જેવી રીતે બીજા મનુષ્યને આપવામાં આવે તે દાન કહેવાય, તેમ પરમાત્માને અથવા કોઈ દેવ-દેવીને કોઈ વસ્તુ કાયમ માટે આપી દેવામાં આવે તે અર્પણ કહેવાય. જે નિયમ દાન માટે છે, તે જ નિયમ અર્પણ માટે પણ છે. તેથી પરમાત્મા કે દેવદેવીને એક વખત અર્પણ કરેલી વસ્તુ ફરીથી આપણે આપણા ઉપયોગમાં લઈ શકતા નથી; કારણ કે તે દ્રવ્ય હવે આપણું રહ્યું નથી. તે દેવદ્રવ્ય બન્યું છે. શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે જે માણસ દેવદ્રવ્ય પોતાના માટે વાપરે છે, તે દેવલક કહેવાય છે. દેવલકને મહાન પતિત અને પાપી ગણવામાં આવ્યો છે. તેને અડવાથી પણ માથાની ચીકાશ કાઢીને સ્નાન કરવું પડે એમ શાસ્ત્રોએ કહ્યું છે.

દા.ત. સંધ્યાકાળે કોઈ માણસ એના ઘરમાં એના ઈષ્ટદેવ પાસે ઘીનો દીવો કરે, એ દીવો દેવને અર્પણ કર્યો કહેવાય. તેથી તે દીવાના પ્રકાશનો ઉપયોગ પોતાને માટે થઈ શકે નહિ. માની લો કે તે જ વખતે ઘરમાં લાઈટો જતી રહી, અંધારું થઈ ગયું. કોઈ માણસ ખાસ સંદેશો લઈને આવ્યો છે. અંધારામાં ચિઠ્ઠી વાંચવા માટે દેવને અર્પણ કરેલા ઘીના દીવાના પ્રકાશનો જો તે માણસ ઉપયોગ કરે, તો તે દેવલક કહેવાય. તેનો ભારે દોષ લાગે.

આ સ્થિતિમાં જાહેર દેવાલયોમાં બિરાજતા પરમાત્માને કોઈ ભક્ત જે કંઈ ચીજવસ્તુ કે રૂપિયા અર્પણ કરે તે દૈવદ્રવ્ય બને. તે પરત લેવાથી દેવલક બનાય છે. માટે શાસ્ત્રોમાં દેવદ્રવ્ય વાપરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આથી આ મંત્રમાં જીવાત્મા પોતાની માલિકીની ચીજવસ્તુઓ ભગવાનને અર્પણ કરતો નથી. એણે અર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી નથી.

જીવાત્મા પરમાત્માને સમર્પણ કરવાની પ્રતિજ્ઞા કરે છે. અર્પણ અને સમર્પણમાં મોટો તફાવત છે. આપણું જે કંઈ છે તે પ્રભુની સેવામાં વાપરવું એ સમર્પણ છે. તેમાં અર્પણનો ભાવ નથી. પ્રભુની સેવામાં સમર્પિત કરેલા પદાર્થો

પ્રભુના પ્રસાદરૂપે આપણે ઉપયોગમાં લઈ શકીએ છીએ. તેમાં દેવદ્રવ્યનો દોષ લાગતો નથી.

આમ, મર્યાદામાર્ગના અર્પણના પ્રકાર કરતાં પુષ્ટિમાર્ગનો સમર્પણનો પ્રકાર ઘણો જુદો છે. 'સમર્પણ'ના આ સિદ્ધાંતને લઈને શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવાનો પ્રકાર બતાવ્યો છે. પૂજાનો પ્રકાર બતાવ્યો નથી; કારણ કે પૂજામાં અર્પણ છે, સેવામાં સમર્પણ છે. શ્રીમહાપ્રભુજીએ ઘરમાં જ સેવાનો પ્રકાર બતાવ્યો છે; કારણ કે આપણે આપણી સત્તાની ચીજ-વસ્તુઓનું પ્રભુને આપણા ઘરમાં સમર્પણ કરી શકીએ છીએ. અન્ય સ્થળે સમર્પણ થઈ શકતું નથી. અન્ય સ્થળે તો અર્પણ જ થાય.

આથી પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ જાહેર મંદિરોની વ્યવસ્થા રાખી નથી. જ્યારે આપણે મંદિરમાં શ્રીઠાકોરજીની સામગ્રી માટે રૂપિયા આપીએ, ત્યારે તે દ્રવ્ય શ્રીઠાકોરજીને અર્પણ થાય છે. તે શ્રીઠાકોરજીને સમર્પણ થતું નથી. તે દ્રવ્યની માલિકી શ્રીઠાકોરજીની બને છે. શ્રીઠાકોરજીને આપેલા દ્રવ્યની સામગ્રી શ્રીઠાકોરજી આરોગી શકે છે, પરંતુ તે પ્રસાદના સ્વરૂપમાં આપણે લઈ શકતા નથી; કારણ કે તે પ્રસાદ શ્રીઠાકોરજીની માલિકીના દ્રવ્યનો છે, તેથી તે દેવદ્રવ્ય છે. તે લેવાથી દેવદ્રવ્યનો દોષ લાગે છે, માટે પુષ્ટિમાર્ગમાં સમર્પણનો પ્રકાર છે.

પ્ર. ૧૫ : બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષાનો વિધિ બતાવશો?

જ. ૧૫ : જેમણે બ્રહ્મસંબંધ લેવું હોય તેમણે શ્રીવલ્લભકુળના બાળકને તે માટે વિનંતી કરી, તેમની આજ્ઞા લેવી પડે. તેઓ આજ્ઞા આપે તે દિવસે ઉપવાસ કરવો જોઈએ. ઉપવાસ શક્ય હોય ત્યાં સુધી કેવળ પ્રસાદી જળ લઈને કરવો જોઈએ. તે શક્ય ન હોય તો એકાદશીનો પ્રસાદી ફલાહાર અલ્પ પ્રમાણમાં લેવો જોઈએ. ઉપવાસના દિવસે મનની શુદ્ધિ માટે અષ્ટાક્ષર મંત્ર વધુ જપવો જોઈએ.

બીજા દિવસે બ્રહ્મસંબંધની દીક્ષા લેવા માટે આજ્ઞા આપનાર પૂ. ગો. બાળક આજ્ઞા કરે ત્યાં, તે સમયે જવું જોઈએ. ત્યાં અપરસમાં સ્નાન કરીને પહેરવા માટે રેશમી અથવા કોરાં વસ્ત્રો લઈ જવાં જોઈએ. ત્યાં સ્નાન કરી, અપરસનાં વસ્ત્રો પહેરી ચરણામૃત લઈ, તિલક કરવું જોઈએ. પછી પૂ. ગોસ્વામી બાળક શ્રીઠાકોરજી સામે તેમને બેસાડશે. તેઓ એમના હાથમાં તુલસીદળ આપશે. ત્યારબાદ બ્રહ્મસંબંધનો મંત્ર બોલાવશે. તે બોલવો જોઈએ. પછી પૂ. ગોસ્વામી બાળક તે તુલસીદળ લઈને શ્રીઠાકોરજીનાં ચરણારવિંદમાં ધરશે. આમ થતાં

બ્રહ્મસંબંધની દીક્ષા થાય છે. આ દીક્ષા લેનારે શ્રીઠાકોરજીને અને દીક્ષા આપનાર ગુરુદેવને દંડવત્ કરવાં જોઈએ.

પ્ર. ૧૬ : બ્રહ્મસંબંધની દીક્ષા લીધા પછી કેવું જીવન જીવવું જોઈએ?

જ. ૧૬ : બ્રહ્મસંબંધ લેનારે ભગવાનને પોતાના સ્વામી માની તેમના સેવક બનીને સદા માટે રહેવું જોઈએ. સેવકનો ધર્મ સ્વામીને સમર્પિત બનીને સ્વામીની સેવા કરવાનો છે. તેથી બ્રહ્મસંબંધી વૈષ્ણવે શ્રીગુરુદેવને વિનંતી કરી, શ્રીઠાકોરજી પધરાવી શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રકારે, ગુરુદેવની આજ્ઞા મુજબ તેમની સેવા કરવી જોઈએ. સેવા એ તેનું મુખ્ય કર્તવ્ય છે.

બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવના દોષો સેવામાં બાધા કરતા નથી. તે દોષો ફરીથી સેવામાં ઉપદ્રવ ન કરે માટે બ્રહ્મસંબંધી જીવે અસમર્પિત વસ્તુઓનો કાયમ માટે ત્યાગ કરવો જોઈએ. તેણે સદા પોતાના ઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લેવો જોઈએ. તેણે કોઈ પણ અસમર્પિત વસ્તુ વાપરવી જોઈએ નહિ.

સેવાની સાથે સાથે તેણે સત્સંગ અને સ્મરણમાં બાકીનો સમય આપવો જોઈએ. તેણે ચાર વસ્તુઓથી હંમેશ માટે દૂર રહેવું જોઈએ : (૧) અન્યાશ્રય (૨) અસમર્પિત (૩) દુઃસંગ (૪) અસદાલાપ.

આ ચાર વ્રત જે લઈ શકે, તેણે જ બ્રહ્મસંબંધ લેવું જોઈએ અથવા બ્રહ્મસંબંધ લીધા પછી આ વ્રતોનું પાલન અવશ્ય કરવું જોઈએ. તો જ બ્રહ્મસંબંધ ફળરૂપ બને છે. કેવળ બ્રહ્મસંબંધની દીક્ષા લેવાથી પુષ્ટિમાર્ગનું ફળ મળી જતું નથી. બ્રહ્મસંબંધ લેનાર જીવે અષ્ટાક્ષર મંત્રની સાથે પંચાક્ષર મંત્રનો અને બ્રહ્મસંબંધ મંત્રનો વિશેષ જપ અપરસમાં રહીને કરવો જોઈએ. આ જપ મનમાં જ કરવો જોઈએ. આ મંત્રોનું મોટેથી ઉચ્ચારણ ન કરવું.

●

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વીતી જવાથી, તેમને ફરી મળવા માટે હૃદયમાં જે તાપક્લેશનો આનંદ થવો જોઈએ. તે જેને તિરોધાન થયો છે, તેવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજનવલ્લભ)ને દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું, હે કૃષ્ણ, હું તમારો છું.

૧૧. પુષ્ટિભક્તિ

પ્ર. ૧ : પુષ્ટિમાર્ગ ભક્તિમાર્ગ છે, તો ભક્તિનું સ્વરૂપ બતાવશો?

જ. ૧ : શ્રીમહાપ્રભુજીએ ભક્તિ શબ્દનો અર્થ આ પ્રમાણે સમજાવ્યો છે: 'ભક્તિ' શબ્દમાં 'ભજ્' ધાતુ છે. તેનો અર્થ થાય છે સેવા કરવી. તેને 'ક્તિન્' પ્રત્યય લાગ્યો છે. તેનો અર્થ છે પ્રેમપૂર્વક. તેથી આખા શબ્દનો અર્થ 'પ્રેમપૂર્વકની સેવા' એવો થાય છે. સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે જ્યારે શબ્દને પ્રત્યય લાગે, ત્યારે તે પ્રત્યયનો અર્થ મુખ્ય અર્થ તરીકે લેવામાં આવે છે; એટલે 'ભક્તિ' શબ્દમાં 'પ્રેમ' મહત્ત્વનો છે.

દવાખાનામાં ડોક્ટર અને નર્સ દર્દીની સેવાચાકરી કરે છે; પરંતુ તેમને દર્દી ઉપર હૃદયનો આત્મીયતાભર્યો પ્રેમ હોતો નથી. એ સેવાચાકરી તેઓ ફરજ સમજીને કરે છે. માટે તેને ભક્તિ કહી શકાય નહિ. એક માતા એના સંતાનની સેવાચાકરી કરે છે, તેમાં સંતાન પ્રત્યેનો પ્રેમ મહત્ત્વનો છે. માટે માતાની સેવા ભક્તિના સ્વરૂપની છે.

આપણી ભાષામાં ત્રણ શબ્દોનો અવારનવાર ઉપયોગ થાય છે : મોહ, પ્રેમ અને ભક્તિ. આ ત્રણ વચ્ચે ઘણો તફાવત છે; તે આપણે બરાબર સમજીશું તો 'ભક્તિ' સમજાશે. આપણી જુદી જુદી ઇન્દ્રિયોને શબ્દ, રૂપ, ગંધ, સ્વાદ અને સ્પર્શનું દૈહિક આકર્ષણ હોય છે. તેથી આપણી આંખો, કાન, નાક, જીભ અને ચામડી વિજાતીય આકર્ષણ અનુભવે છે. તેને કારણે આપણું શરીર અને ઇન્દ્રિયો વિજાતીય સુંદર વ્યક્તિઓ તરફ ખેંચાય છે અને લાગણી અનુભવે છે તેને મોહ કહેવામાં આવે છે. મોહ શબ્દ 'મુહ્' ધાતુમાંથી બન્યો છે. એનો અર્થ છે ભાન ભૂલવું. માણસ જ્યારે ભાન ભૂલી, કોઈ વસ્તુમાં ગળાડૂબ બને ત્યારે તે મોહ છે. બિલ્વમંગલ સૂરદાસ અને તુલસીદાસ ભક્ત થયા, તે પહેલાં તેમની પત્નીમાં આવા મોહાંધ બનેલા હતા. આજે મોટા ભાગનું જગત આવું મોહાંધ છે. મોહ એ પ્રેમ નથી, તે શરીરના ભોગની અને શારીરિક સુખની ક્ષણિક ઉત્તેજના છે.

આ શારીરિક મોહ જ્યારે ઊર્ધ્વીકરણ પામે, ત્યારે તે પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે. પ્રેમનો સંબંધ માનસિક અને હાર્દિક હોય છે. પ્રેમને શરીર સાથે સંબંધ

નથી. પ્રેમમાં શરીર-સુખની અપેક્ષા હોતી નથી. પ્રેમમાં મેળવવા કરતાં આપવાની ભાવના બળવત્તર હોય છે, તેથી પ્રેમી માણસ પોતાના પ્રેમપાત્ર માટે સર્વસ્વનું બલિદાન આપી શકે છે. પ્રેમ સર્વ વ્યક્તિઓને થઈ શકે છે. તે કેવળ વિજાતીય વ્યક્તિઓ માટે હોતો નથી. માટે આપણે ત્યાં માનવપ્રેમ, દેશપ્રેમ, વતનપ્રેમ, મિત્રપ્રેમ એવાં અનેક પ્રેમનાં સ્વરૂપ જોવા મળે છે. પ્રેમનો સંબંધ આત્મા સાથે હોવાથી આવકારદાયક છે. મોહ માણસને હેવાન બનાવે છે, પ્રેમ માણસને દેવ બનાવે છે. પ્રેમમાંથી વિશ્વબંધુત્વની ભાવના દૃઢ થાય છે, પરંતુ આખરે તો આ પ્રેમ જગત સાથે જોડાયેલો છે.

માણસની પ્રેમભાવના જ્યારે દિવ્ય બને, ત્યારે તેને ભક્તિ કહેવામાં આવે છે. ભક્તિનો સંબંધ જગત સાથે નથી, તેનો સંબંધ પરમાત્મા સાથે છે. પરમાત્મા સાથેનો પ્રેમ નિર્દોષ, નિષ્કામ અને નિર્હેતુક છે. તેમાં શરીરસુખના કોઈ વિકારો કે દોષો હોતા નથી. તેમાં કશું મેળવવાની કામવાસના પણ હોતી નથી. તેનો હેતુ દુ:ખનિવૃત્તિ કે સુખપ્રાપ્તિનો પણ હોતો નથી. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ સહજ અને સ્વાભાવિક છે; કારણ કે જીવાત્મા પરામાત્માનો જ અંશ છે. તે પરમાત્મામાંથી હજારો વર્ષો પૂર્વે છૂટો પડેલો છે. તે પરમાત્માને ચાહે છે. પરમાત્માને પ્રાપ્ત કરવા એ જ તેનું એક લક્ષ છે, માટે પરમાત્મા પ્રત્યેનો પ્રેમ દિવ્ય અને અલૌકિક છે. તેને જ ભક્તિ કહેવામાં આવે છે.

ભક્તિમાર્ગમાં મહર્ષિ શાંડિલ્ય અને મહર્ષિ નારદ ઘણા પ્રસિદ્ધ છે. તે બંનેએ ભક્તિનું સ્વરૂપ સમજાવવા માટે 'ભક્તિસૂત્રો' નામના ગ્રંથની રચના કરેલી છે. મહર્ષિ શાંડિલ્ય ભક્તિની વ્યાખ્યા આપતાં કહે છે કે પરમાત્મામાં પરમોચ્ચ પ્રેમ એટલે ભક્તિ. મહર્ષિ નારદે ભક્તિની આ વ્યાખ્યાને વધારે સ્પષ્ટ કરતાં કહ્યું કે પરમાત્માનું માહાત્મ્યજ્ઞાન થતાં પરમાત્મામાં પ્રેમ જાગે છે. આ પ્રેમ જ્યારે સુદૃઢ અને આત્માથી પણ અધિક બને, ત્યારે તેને ભક્તિ કહેવામાં આવે છે. આ જ ભક્તિને શાસ્ત્રોમાં પ્રેમલક્ષણા ભક્તિ કહેવામાં આવી છે, જેને શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિ કહે છે.

શાસ્ત્રોએ સર્વસંમતિથી એક વાત બતાવી છે કે જ્યાં સુધી આપણામાં અહંતા-મમતાની વૃત્તિઓ છે ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિ કદી સંભવિત નથી. જ્યારે અહંતા-મમતાનો નાશ થાય ત્યારે આપણને આત્માનું જ્ઞાન થાય છે. આત્માનું જ્ઞાન થતાં અવિદ્યા દૂર થાય છે. ત્યાર બાદ પરમાત્માની પ્રાપ્તિ શક્ય છે. શાસ્ત્રોએ અહંતા-મમતા દૂર કરવા માટે જુદા જુદા માર્ગો બતાવ્યા. જેમ કે

કર્મ, જ્ઞાન, ઉપાસના, યોગ વગેરે. આ બધા માર્ગો કષ્ટસાધ્ય છે. તેની પ્રક્રિયા ઘણી લાંબી છે; છતાં તે માર્ગો દ્વારા અહંતા-મમતાનો પૂર્ણ રીતે કદાપિ નાશ થતો નથી. અહંતા-મમતાનું દમન થાય છે, શમન થતું નથી. આથી ભક્તિમાર્ગમાં અહંતા-મમતાનું સહજ રીત શમન કરવાનું બતાવવામાં આવ્યું છે. ભક્તિમાર્ગ કહે છે કે અહંતા-મમતાને જ્યારે મારી શકાતી નથી, ત્યારે તેને ભગવાન સાથે મેળવી દેવી જોઈએ. અહંતા-મમતા જ્યારે ભગવાન સાથે મળી જાય છે; ત્યારે જીવને આપોઆપ આત્મજ્ઞાન થાય છે અને તે પ્રભુને પ્રાપ્ત કરી લે છે.

'હું પ્રભુનો છું' એવું સતત વિચારી ભક્ત કાર્ય કરે છે, ત્યારે તેની અહંતા પ્રભુ સાથે મળી જાય છે. એ જ ભક્ત 'પ્રભુ મારા છે' એમ માનીને પ્રભુનાં સેવા-સ્મરણમાં લાગી જાય છે, ત્યારે તેની મમતા પ્રભુમાં મળી જાય છે. પછી તેને અહંતા-મમતાનો સંસાર બાધા કરતો નથી. આમ, ભક્તિમાર્ગ અહંતા-મમતાના શમનનો અત્યંત સરળ અને સો ટકા પરિણામ આપનારો માર્ગ છે. માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ અપનાવ્યો છે.

પ્ર. ૨ : તમે કહ્યું કે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભક્તિનો માર્ગ અપનાવ્યો છે, તો શું પુષ્ટિભક્તિ સિવાય ભક્તિના અન્ય પ્રકારો પણ છે?

જ. ૨ : હા. ભક્તિ એક પ્રકારની નથી. કારણ ભક્તિનો સીધો સંબંધ માણસના સ્વભાવ અને હૃદય સાથે છે. આપણે જાણીએ છીએ કે બધાં માણસો એકસરખા સ્વભાવ અને હૃદયવાળાં હોતાં નથી. કેટલાક માણસો બુદ્ધિપ્રધાન હોય છે. તેમાં પણ બુદ્ધિ, કર્મ અને લાગણીઓનું વત્તાઓછા પ્રમાણમાં સંમિશ્રણ હોય છે. તેને લીધે મનુષ્યોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે માનવસૃષ્ટિને બે વિભાગોમાં વહેંચી છે : દૈવી સૃષ્ટિ અને આસુરી સૃષ્ટિ. શ્રીમહાપ્રભુજી દૈવી સૃષ્ટિના બે પેટાપ્રકાર આપે છે : મર્યાદા-જીવો અને પુષ્ટિ-જીવો. આ જીવો પણ પાછા બબ્બે વિભાગમાં વહેંચાય છે : નિર્ગુણ અને સગુણ. સગુણ જીવોમાં સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ ગુણોવાળા જીવોનો સમાવેશ થાય છે. આ ત્રણ ગુણોનું પણ એકબીજા સાથે મિશ્રણ થવાથી નવ પ્રકારના સગુણ જીવો મર્યાદામાં અને પુષ્ટિમાં બંનેમાં હોય છે. આ ઉપરાંત પણ બીજાં મિશ્રણો થાય છે, તેને લઈને શાસ્ત્રોએ કુલ ચોર્યાસી પ્રકારની ભક્તિ બતાવી છે. તેમાં મુખ્ય બે પ્રકાર છે. એક આપણે જોયો તે પુષ્ટિ-ભક્તિ અને બીજો મર્યાદા-ભક્તિ. માટે શ્રીમહાપ્રભુજીએ પોતાનો ભક્તિમાર્ગ પુષ્ટિભક્તિ માર્ગ છે, એવું વધારે સ્પષ્ટતાથી કહ્યું છે.

પ્ર. ૩ : મર્યાદા ભક્તિમાર્ગ વિશે થોડો ખ્યાલ આપશો?

જ. ૩ : શાસ્ત્રોમાં ભક્તિ વિશે ઘણી છણાવટ થઈ છે. ભક્તિનાં બે તંત્ર પ્રસિદ્ધ છે : વૈખાનસ તંત્ર અને પાંચરાત્ર તંત્ર. આ બંને તંત્રમાર્ગોમાં ભક્તિનો સિદ્ધાંત, ભક્તિનું સ્વરૂપ, ભક્તિની ઉપાસના, ઉપાસનાની જુદી જુદી વિધિઓ વગેરેનું વિસ્તૃત વિવરણ આપવામાં આવેલું છે, તે અનુસાર જે મનુષ્ય પોતપોતાના ઈષ્ટદેવની ઉપાસના કરે છે, તેને મર્યાદા-ભક્તિ કહેવામાં આવે છે. મર્યાદા એટલે સીમા. રમતના મેદાનની એક ચોક્કસ સીમા અર્થાત્ મર્યાદા હોય છે. ખેલાડીઓએ એ સીમામાં રહીને જ રમવું પડે છે. તે સીમાની બહાર જઈને રમી શકાતું નથી, તેમ મર્યાદા-ભક્તિમાર્ગમાં શાસ્ત્રોએ ભક્તિની જે પદ્ધતિઓ બતાવી છે, એની સીમામાં રહીને જ તે તે ભક્તિ કરવાની હોય છે. ભક્ત પોતાની ઈચ્છા પ્રમાણે કરી શકતો નથી, માટે તેને મર્યાદા-ભક્તિમાર્ગ કહેવામાં આવે છે.

મર્યાદા-ભક્તિમાં એક બીજી બાબત પણ ધ્યાન આપવાલાયક છે. મર્યાદા-ભક્તિ પરમાત્માના કોઈ પણ દેવરૂપની થઈ શકે છે. જે ભક્તને જે દેવરૂપમાં વિશેષ આકર્ષણ થાય, તે દેવરૂપની તે ભક્તિ કરી શકે છે. વળી, મર્યાદા-ભક્તિ સકામ અને નિષ્કામ એમ બંને પ્રકારની છે. સકામ ભક્ત પોતાનાં લૌકિક અને પારલૌકિક દુઃખોની નિવૃત્તિ માટે અને કામનાઓ તથા સુખો પ્રાપ્ત કરવા માટે કોઈ પણ દેવરૂપની ભક્તિ કરે, ત્યારે તે સકામ ભક્તિ કહેવાય છે. જ્યારે કોઈ અપેક્ષા વિના આ પ્રકારે ભક્તિ કરવામાં આવે ત્યારે તે નિષ્કામ ભક્તિ કહેવાય છે.

મર્યાદા-ભક્તિનું ફળ વધુમાં વધુ મોક્ષપ્રાપ્તિનું છે, તે કેવળ નિષ્કામભાવે ભક્તિ કરનારને મળે છે. મોક્ષ એટલે અક્ષરબ્રહ્મમાં લીન થઈ જવું. પરિણામે જીવાત્માને જન્મ-મરણ રહેતાં નથી. સકામ ભક્તિ કરનારાઓને મોક્ષ મળતો નથી, તેમને વધુમાં વધુ સ્વર્ગ વગેરે લોકનું સુખ નિયત સમય પૂરતું મળે છે. શ્રીરામાનુજાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય શ્રીમધ્વાચાર્ય જેવા આચાર્યોએ મર્યાદામાર્ગીય ભક્તિ જગતમાં ફેલાવી છે.

પ્ર. ૪ : હવે આપ પુષ્ટિ-ભક્તિ અને મર્યાદા-ભક્તિ વચ્ચેનો મુખ્ય તફાવત બતાવશો, જેથી પુષ્ટિ-ભક્તિ આચરતાં મર્યાદા-ભક્તિની સેળભેળ ન થઈ જાય?

જ. ૪ : જરૂર. આ તફાવત આપણે જોઈએ. તે જાણવા ખાસ જરૂરી પણ છે, જેથી આપણે ભક્તિના નામે જે કંઈ કરીએ છીએ તે કયા પ્રકારની ભક્તિ છે તેનો આપણને સાચો ખ્યાલ આવે.

મર્યાદા-ભક્તિમાં મનુષ્ય કોઈ પણ દેવરૂપને પોતાના ઈષ્ટ ગણીને તેમની ભક્તિ કરી શકે છે. જેમ કે મહાદેવજી, માતાજી, ગણપતિ, રામજી, નૃસિંહજી વગેરે. પુષ્ટિ-ભક્તિમાં પુષ્ટિ-ભક્તોના ઈષ્ટ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ્ શ્રીનંદનંદન કૃષ્ણ જ છે. પુષ્ટિ-ભક્તિમાં અન્ય કોઈ દેવરૂપને ઈષ્ટ તરીકે સ્વીકારવામાં આવતા નથી. મર્યાદા-ભક્તિ હોય કે પુષ્ટિ-ભક્તિ, તે બંનેના માટે એક નિયમ એકસરખો છે. તમે જેને તમારા ઈષ્ટ ગણો, તેના જ સંપૂર્ણ રીતે અનન્ય બનીને રહો. જુદાં જુદાં દેવદેવીઓની ભક્તિ એક સાથે તમારાથી થઈ શકે નહિ. જ્યારે માણસ એક સાથે જુદાં જુદાં દેવદેવીઓની પૂજા કરે છે, ત્યારે તે ઉપાસના છે; ભક્તિ નથી. ભક્તિમાં અનન્યતા પાયાની શરત છે. માટે પુષ્ટિભકતે શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીનાથજીને જ પોતાના ઈષ્ટ ગણીને, એમના અનન્ય બનીને એમની ભક્તિ કરવાની છે.

મર્યાદા-ભક્તિમાં ભક્તિની વિધિ શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે જુદા જુદા પ્રકારનાં અર્ચનથી થાય છે. જેને એકોપચાર, પંચોપચાર, ષોડશોપચાર અર્ચન કહેવામાં આવે છે. પુષ્પ, તુલસી, કંકુ, ચંદન આદિ જુદાં જુદાં દ્રવ્યોથી મર્યાદા-ભક્ત પોતાના ઈષ્ટનું અર્ચન કરે છે. તે મર્યાદા-અર્ચનમાં ઈષ્ટના સુખનો વિચાર હોતો નથી, શાસ્ત્રના નિયમોનો જ આગ્રહ હોય છે. જેમ કે ઈષ્ટને ઠંડા જળથી અભિષેક કરવામાં આવે. શિયાળામાં પણ તેમને ચંદન સમર્પવામાં આવે. પુષ્ટિ-ભક્તિ શાસ્ત્રવિચારને સ્વીકારે છે; પરંતુ પ્રભુનું સુખ થાય તે પ્રકારે પ્રભુની સેવામાં શાસ્ત્રવિધિને ઉપયોગમાં લે છે. જેમ કે જે પ્રકારે દેહને સુખ થાય, તે પ્રકારે પ્રભુની સેવા થાય. પ્રભુમાં કોઈ મૂર્તિ નથી, પણ સાક્ષાત્ ભગવાન છે, એવો ભાવ રાખીને સવારથી સાંજ સુધીનો સેવાપ્રકાર પ્રભુના સુખનો વિચાર કરીને પુષ્ટિ-ભક્તિમાં યોજવામાં આવ્યો છે.

મર્યાદા-ભક્તિ સવારના અમુક સમયમાં કરી શકાય છે. તે પાર્ટટાઈમ કાર્ય બને છે. પુષ્ટિ-ભક્તિ આવી પાર્ટટાઈમ નથી. આપણું સમગ્ર જીવન ભક્તિમય બનવું જોઈએ. રાતદિવસ આપણી દરેક પ્રવૃત્તિ પ્રભુનાં સેવા અને સુખ માટે થવી જોઈએ. તેથી પુષ્ટિભક્તિ સમગ્ર જીવન છે, જીવન જીવવાની એક શૈલી છે. તે કલાક બે કલાકની પ્રવૃત્તિ નથી. મર્યાદા-ભક્તિ સકામ હોઈ શકે છે, પણ પુષ્ટિ-ભક્તિ સકામ નથી; કેવળ નિષ્કામ પ્રકારની જ છે. પુષ્ટિ-ભક્તિમાં પ્રભુની પાસે ભક્ત કોઈ પણ પ્રકારના પોતાના સુખની અપેક્ષા રાખતો નથી. તે ભગવાન પાસે કશું માગતો નથી, તેમ જ પોતાના દુઃખનાં રોદણાં રડતો નથી.

પુષ્ટિ-ભક્તિનું પરમ ફળ પ્રભુના સ્વરૂપાનંદની પ્રાપ્તિ છે. આ સ્વરૂપનંદની પ્રાપ્તિ આ દેહથી પણ થાય છે અને મૃત્યુ બાદ પણ થાય છે. પુષ્ટિ ભક્ત કદી મોક્ષની ઇચ્છા ધરાવતો નથી.

મર્યાદા ભક્તિ ઘરમાં કે જાહેરમાં દેવાલયમાં થઈ શકે છે; કારણ કે તેમાં સ્નેહ કરતાં આદરનો ભાવ વધારે હોય છે. પુષ્ટિ ભક્તિ કેવળ સ્નેહપ્રધાન છે. તેથી તે ભક્ત પોતાના ઘરમાં જ એકાંતમાં કરી શકે છે. પુષ્ટિ ભક્તિ જાહેર દેવાલયમાં શક્ય નથી.

આમ, મર્યાદા ભક્તિ અને પુષ્ટિ ભક્તિનો મુખ્ય તફાવત આપણે જોયો. શ્રી મહાપ્રભુજીએ તેમના ગ્રંથોમાં પુષ્ટિભક્તિનું સ્વરૂપ વધારે સ્પષ્ટ રીતે બતાવેલું છે.

પ્ર. ૫ : શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ ભક્તિ વિશે જે સમજાવ્યું છે, તે અમને વિસ્તારથી સમજાવશો?

જ. ૫ : શ્રીમહાપ્રભુજી કહે છે કે ભક્તિ મનુષ્યનો કુદરતી સ્વભાવ છે. જેના હૃદયમાં ભક્તિનું બીજ સુષુપ્ત અવસ્થામાં રહેલું હોય છે, તેના જીવનમાં ભક્તિરૂપી વૃક્ષ ફૂલીફાલી શકે છે. ભક્તિ એવો છોડ નથી કે જે બીજેથી લાવીને આપણા હૃદયમાં રોપી શકાય. એટલે જો હૃદયમાં ભક્તિનું બીજ છે, તો તેને વિકસાવવાના પ્રયત્નો સફળ થાય.

ભક્તિરૂપી છોડને વિકસાવનારાં ત્રણ સાધનો છે : ત્યાગ, શ્રવણ અને કીર્તન. ભક્તિ અને સંસાર પરસ્પર વિરોધી છે. ભક્તિ એટલે ભગવાન પ્રત્યેનો પ્રેમ. સંસાર એટલે માણસને પોતાના માટે અને પોતાની વસ્તુઓ અને વ્યક્તિઓ માટે જે મોહ હોય છે તે. પ્રભુનો પ્રેમ અને સંસારનો મોહ એક જ હૃદયમાં સાથે સાથે રહી શકતા નથી. તેથી બાઇબલ પણ એમ કહે છે કે જો તમારે જગતને ચાહવું હોય, તો જગદીશની વાત પડતી મૂકો. જો તમને જગદીશમાં પ્રેમ હોય, તો જગતને ચાહવાનું છોડી દો. બે કામ એક સાથે થઈ શકશે નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે જો તમારે ભક્તિનું બીજ ઉછેરવું છે, તો તમારે સંસારના મોહનો ત્યાગ કરવો પડશે.

અહીં એક વાત વધારે સ્પષ્ટ રીતે સમજી લેવાની છે. ભક્તે જગતનો અને તેના ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાનો નથી. ભક્તે તેના માની લીધેલા મિથ્યા અહંતા-મમતાત્મક સંસારનો ત્યાગ કરવાનો છે. આ ત્યાગ માટે ભક્તે બ્રહ્મસંબંધ દ્વારા પોતાનું કહેવાતું સર્વ કંઈ ભગવાનને સમર્પણ કરી દેવાનું છે. તેણે

ભગવાનના દાસ બનીને સમર્પિત પદાર્થોથી ભગવાનની સેવા કરીને, એ પ્રસાદી વસ્તુઓ દ્વારા તેના ગૃહસ્થાશ્રમને ચલાવવાનો છે. સ્વસુખનો ત્યાગ એ ભક્તિના બીજને ઉછેરવા માટેની પહેલી શરત છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે આપણે સામી વ્યક્તિના ગુણો, સ્વરૂપ અને શક્તિઓને બરાબર સમજીએ, ત્યારે તેના માટે માન અને પ્રેમ વધે. કદરૂપા, મૂઢ, નબળા માણસ ઉપર કોઈને પ્રેમ થતો નથી. આમ પ્રેમ પાંગરવામાં સામેની વ્યક્તિનો ઘનિષ્ઠ પરિચય મહત્ત્વનો ભાગ ભજવે છે. શાસ્ત્રમાં તેને માહાત્મ્ય જ્ઞાન કહેવામાં આવે છે. આપણને આપણા ઈષ્ટ પ્રભુ શ્રીકૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન થવું જોઈએ. આ માહાત્મ્યજ્ઞાનમાં ચાર બાબતો મુખ્ય છે : શ્રીકૃષ્ણના નામની સમજણ, શ્રીકૃષ્ણના સ્વરૂપની સમજણ, શ્રીકૃષ્ણના ગુણોની સમજણ અને શ્રીકૃષ્ણની લીલાઓની સમજણ. આ ચાર પ્રકારની સમજણથી શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જ્ઞાન થાય છે.

આ સમજણ મેળવવાનાં બે સાધનો છે. શ્રવણ અને કીર્તન. શ્રવણ માટે સત્સંગ બતાવવામાં આવ્યો છે. સત્સંગ બે પ્રકારે થઈ શકે : જે પ્રભુ શ્રીકૃષ્ણના માહાત્મ્ય જ્ઞાનને સારી રીતે જાણે છે અને તેમનામાં પૂર્ણ પ્રેમ ધરાવે છે, એવા ભગવદીયોનો સંગ કરવો તે સત્સંગ. આવા ભગવદીયો પાસેથી પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન સાંભળવું તે સત્સંગ. તદુપરાંત, શ્રીમહાપ્રભુજી આદિના ગ્રંથોથી પણ પ્રભુ શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જ્ઞાન જાણી શકાય છે. તેને ગ્રંથો દ્વારા થતો સત્સંગ કહેવાય છે. આ બંને પ્રકારમાં ભગવદીયો દ્વારા થતો સત્સંગ વધારે ઉત્તમ છે; કારણ કે જે ભગવદીયોએ તેમના જીવનમાં પુષ્ટિભક્તિ આચરી છે, તેઓ જ્યારે પુષ્ટિભક્તિ સમજાવે ત્યારે તે આપણને વધારે અસર કરે છે. તેનો પ્રભાવ આપણાં મન ઉપર વધુ પડે છે. આમ, સત્સંગ દ્વારા શ્રવણભક્તિ સિદ્ધ થાય છે, તેથી આપણા હૃદયમાં રહેલું ભક્તિનું બીજ પાંગરવા લાગે છે.

ભક્તિરૂપી અંકુર શ્રવણ દ્વારા પ્રગટ થાય ત્યારે તેને ઉછેરવા માટે ત્રીજું સાધન કીર્તન છે. કીર્તન હમેશાં હૃદયને આનંદ આપે છે. તે આપણામાં દીનતા લાવે છે. તેનાથી પ્રભુને મેળવવાનો વિરહતાપ વધે છે. તેનાથી મન પ્રભુમાં પરોવાય છે. સૂરદાસ, પરમાનંદદાસ જેવા ભગવદીયો પુષ્ટિભક્ત બન્યા, તે પહેલાં આવી કીર્તન-ભક્તિને પામી ચૂક્યા હતા. તેનાથી તેમના હૃદયમાં દીનતા અને વિરહતાપ વધેલાં હતાં.

આમ, શ્રીમહાપ્રભુજીએ હૃદયમાં રહેલા પુષ્ટિભક્તિના સુષુપ્ત બીજને અંકુરિત કરી, એક છોડ તરીકે તેને ઉછેરવાનાં આ ત્રણ સાધનો બતાવ્યાં.

હવે શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિરૂપી વૃક્ષનાં પાન, ફૂલ અને ફળ સમજાવે છે. પ્રભુમાં પ્રેમ પ્રગટ થવો એ પુષ્ટિ-ભક્તિરૂપી વૃક્ષનાં પાન છે. જ્યારે સંસારમાંથી આપણો મોહ નાશ પામે, ત્યારે પ્રભુમાં પ્રેમ પ્રગટ થાય. લીલાં પાનવાળી ડાળીઓ ઉપર ફૂલ બેસે છે. પ્રભુમાં આસક્તિ થવી એ પુષ્ટિભક્તિનાં પુષ્પો છે. તેનું લક્ષણ એ છે કે ભગવાનમાં એટલું બધું મન લાગી જાય કે ઘરમાં રહેવામાં અરુચિ થાય. સતત ભગવાન સાથે જ રહેવું ગમે. ફૂલ આવ્યા પછી વૃક્ષને ફળ આવે છે. પુષ્ટિભક્તિનું ફળ વ્યસન છે.

વ્યસન એટલે પ્રભુમાં થતો નિરોધ. આ અવસ્થામાં ભક્ત ભગવાન સિવાય એક ક્ષણ પણ રહી શકતો નથી. તેનું અંતર સતત પ્રભુ સાથે એવું જોડાઈ જાય છે કે, તેને જગતનું ભાન રહેતું નથી. આ વ્યસન-અવસ્થાને તન્મય અવસ્થા અથવા સર્વાત્મભાવની સ્થિતિ પણ કહેવામાં આવે છે તે પુષ્ટિભક્તિનું પરમ ફળ છે.

શ્રીમહાપ્રભુજી આગળ સમજાવે છે કે પુષ્ટિભક્તિનાં પાન, ફૂલ અને ફળ ત્યારે જ આવે કે જ્યારે પુષ્ટિભક્ત તેના ઘરમાં રહીને પ્રભુની સેવાને પોતાનો સ્વધર્મ સમજીને, પ્રભુની સેવામાં જોડાઈ જાય. પ્રભુની સેવાની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ચિત્ત પ્રભુમાં પૂરેપૂરું જોડાઈ જાય તેનું નામ સેવા. સેવામાં આવી એકાગ્રતા સાધવા માટે **તનુવિત્તજા** પ્રકાર બતાવવામાં આવ્યો.

તનુવિત્તજા એટલે આપણે આપણા ઘરમાં, આપણી પોતાની જાતે, આપણા કુટુંબની સાથે, આપણી પ્રામાણિક મહેનતથી જ મેળવેલા પૈસા વડે, શ્રીઠાકોરજીને પ્રેમથી લાડ લડાવીએ તે. શ્રીમહાપ્રભુજી કહે છે આવી સેવા હંમેશા કરવાની છે. આપણા આખા જીવનને સેવામય બનાવી દેવાનું છે.

ગૃહસ્થાશ્રમના નિર્વાહ સાથે સેવા બે પ્રકારે થઈ શકે. પ્રથમ પ્રકાર એ છે કે આજીવિકાના ઉપાયોમાં રચ્યાપચ્યા રહ્યા વિના, જ્યારે જે કંઈ ભગવદિચ્છાથી મળે તેમાં સંતોષ રાખી, મન પ્રભુમાં પરોવી સેવામાં લાગેલા રહેવું. તેને શ્રીમહાપ્રભુજી **અવ્યાવૃત્તિ** કહે છે.

આવી સ્થિતિ બધાં માટે શક્ય ન પણ હોય. જ્યાં સુધી પ્રભુમાં દઢ વિશ્વાસ ન થાય ત્યાં સુધી આવી અવ્યાવૃત્તિ સંભવતી નથી. તે સંજોગોમાં ગૃહસ્થાશ્રમના નિર્વાહ માટે જે કંઈ વ્યાવૃત્તિ કરવી પડે, તે કરતાં કરતાં પણ સેવા - સત્સંગ કરવાં અને શક્ય તેટલું મન પ્રભુમાં પરોવવાનો પ્રયત્ન કરવો તેનું નામ **વ્યાવૃત્તિ** છે.

આમ, અવ્યાવૃત્તિ અથવા વ્યાવૃત્તિ દ્વારા ગૃહસ્થાશ્રમમાં રહીને પુષ્ટિભક્તે

ભગવત્સેવામાં તત્પર રહેવું. સાથે સાથે ભગવદ્કથામાં પણ તત્પર થવું. સેવા અને કથા બંને પુષ્ટિભક્તિના રથનાં સમાન પૈડાં છે. માટે સેવા અને કથા બંનેનો આગ્રહ રાખીને તેમનું સેવન કરવામાં આવે તો તેનાથી પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય છે.

શ્રીમહાપ્રભુજી પુષ્ટિ-ભક્તિની એક બીજી વિશિષ્ટતા બતાવે છે, જે મર્યાદા-ભક્તિમાં નથી. મર્યાદા-ભક્તિમાં ભક્ત ભગવાન પાછળ સતત દોડે છે. પુષ્ટિભક્તિમાં ભક્ત ભગવાન પાછળ દોડે છે; તો ભગવાન પણ ભક્તને માટે દોડે છે. ભક્ત અને ભગવાન બંનેનો પુષ્ટિ-ભક્તિથી એકબીજામાં નિરોધ થાય છે.

પુષ્ટિ-ભક્તને સેવા-સત્સંગથી તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. તનુનવત્વ એટલે શરીરમાંથી લૌકિક વિકારો દૂર થવા અને આંતરિક ઈન્દ્રિયો અલૌકિક શક્તિવાળી થવી. તનુનવત્વને કારણે આ જન્મમાં જ પુષ્ટિભક્તને ભગવાનનો સાક્ષાત્ અનુભવ સદેહે થાય છે. આ પુષ્ટિભક્તને મૃત્યુ પછી નિત્યલીલાની પ્રાપ્તિ થાય છે, ત્યારે તેને 'નવતનુ' એટલે અલૌકિક દેહ મળે છે. પરિણામે નિત્યલીલામાં પણ તેને પ્રભુની લીલાઓનો સતત રસાત્મક અનુભવ અને સ્વરૂપાનંદ પ્રાપ્ત થાય છે.

આમ, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે.

●

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ॥

- શ્રીમહાપ્રભુજી

જે મનુષ્ય સેવા અથવા કથા-શ્રવણ કરે છે, તેની ભગવાનમાં દઢ આસક્તિ થાય છે. તેનો આજીવન ક્યારેય નાશ થતો નથી, એવો મારો (શ્રીમહાપ્રભુજીનો) મત છે.

નાશ થવો એટલે માનવ મટી દાનવ બનવું. સેવા અને કથા દ્વારા સાચી પુષ્ટિભક્તિ કરનારનો હમેશાં ઉદ્ધાર થાય છે, નાશ થતો નથી. ઉદ્ધાર થવો એટલે ભગવત્પ્રાપ્તિ થવી. સમર્પણ અને શરણાગતિના ભાવપૂર્વક સેવા-સ્મરણમય જીવન જીવવું એ પુષ્ટિભક્તિ છે.

૧૨. પુષ્ટિમાર્ગમાં શરણાગતિનું સ્વરૂપ

પ્ર. ૧ : શરણાગતિ અને સમર્પણ પુષ્ટિભક્તિનાં બે ચરણ છે, તો શરણાગતિ એટલે શું? 'શરણ' શબ્દનો અર્થ શો છે?

જ. ૧ : ગુજરાતીમાં 'શરણ' શબ્દ વપરાય છે. જે કામ આપણે પોતે ન કરી શકતા હોઈએ, તે કામ કરાવવામાં બીજાની મદદ લેવામાં આવે, ત્યારે એમ કહી શકાય કે આપણે તેનું શરણ સ્વીકાર્યું છે. પ્રાચીન સમયમાં નબળો રાજા સબળ રાજાનું શરણ સ્વીકારતો અને તેના તાબે રહેતો. શરણ સ્વીકારીને કોઈના તાબે રહેવું એટલે તેના કહ્યામાં રહેવું. આવો શરણનો લૌકિક અર્થ છે.

'શરણ' માટે 'આશ્રય' શબ્દ પણ વપરાય છે, જેને ગુજરાતીમાં આશરો અથવા આધાર કહીએ છીએ. તેનો પણ આ જ અર્થ છે. સંસ્કૃતમાં શરણ શબ્દના બીજા બે અર્થ છે : ગૃહ અને રક્ષક. ઠંડી, ગરમી, વરસાદ, શત્રુઓનો ભય વગેરેથી ઘર આપણું રક્ષણ કરે છે. ઘર રક્ષણ કરવાનું સાધન છે. આપણે રક્ષણ માટે ઘર સુધી જવું પડે છે. ઘરનો આશરો લેવો પડે છે. તે માટે આપણે પ્રયત્ન કરવો પડે છે. તેથી, ઘરનું શરણ એ સાધનરૂપી શરણ છે. કોઈ રક્ષક આપણા ઉપર દયા કે કૃપા વિચારી સામે પગલે આપણું રક્ષણ કરવા આવે અને રક્ષણ કરે ત્યારે, તેમાં આપણે કોઈ સાધન કરવાનું હોતું નથી. આપણા સાધન વિના જ શરણરૂપી ફળ પ્રાપ્ત થાય છે.

આમ, શરણના બે પ્રકાર થયા. સાધનરૂપી શરણ અને ફળરૂપી શરણ. દુનિયામાં પરમાત્માથી મહાન અને શક્તિમાન બીજું કોઈ નથી. જીવ તરીકે આપણે તદ્દન અશક્ત છીએ. અશક્ત હમેશાં શક્તિમાનનું શરણ લે. તેથી આપણે પરમાત્માનું શરણ લઈએ, પરમાત્માનો આશ્રય કરીને રહીએ, તેને પરમાત્માની શરણાગતિ કહેવાય. આ શરણાગતિ બે પ્રકારે સિદ્ધ થાય : (૧) સાધનો દ્વારા (૨) ફળ દ્વારા. પરમાત્માનું શરણ સ્વીકારવા આપણે આપણી શક્તિથી સાધનો કરીએ; જપ કરીએ, તપ કરીએ, દાન કરીએ, યાત્રા કરીએ, પૂજા વગેરે કરીએ અને બદલામાં અપેક્ષા રાખીએ કે પરમાત્મા મારું રક્ષણ કરે; તો તે સાધનરૂપ શરણ છે. તેને મર્યાદા-શરણ કહેવામાં આવે છે.

મર્યાદા-શરણને સમજાવવા વાંદરી અને તેના બચ્ચાંનું ઉદાહરણ આપવામાં આવે છે. વાંદરી તેના બચ્ચાંને તેડતી નથી. બચ્ચું વાંદરીની છાતીએ વળગે છે. વાંદરી જ્યારે એક વૃક્ષથી બીજા વૃક્ષે કૂદકો મારે છે, ત્યારે બચ્ચું તેના હાથ-પગથી વાંદરીને ચુસ્ત રીતે વળગી રહે છે. આમ, વાંદરીનું શરણ લેવાનું સાધન બચ્ચું પોતે કરે છે, વાંદરી તે માટે કશું કરતી નથી. જો બચ્ચાની પકડ ઢીલી પડે, તો બચ્ચું જાન ગુમાવે છે. એવી રીતે જ્યારે આપણે પરમાત્માનું શરણ લેવા જુદાં જુદાં સાધનો કરીએ, ત્યારે જો સાધનોના આચરણમાં પાછી પાની કરીએ, તો પરમાત્માનું શરણ આપણને પ્રાપ્ત થતું નથી. આ શરણાગતિમાં જીવ સક્રિય રહે છે અને પરમાત્મા નિષ્ક્રિય રહે છે. મર્યાદા-શરણાગતિને **'તદાશ્રય'** પણ કહેવામાં આવે છે. 'તત્' એટલે તે, પરમાત્મા. તેમનો જીવ વડે થતો આશ્રય તે તદાશ્રય કહેવાય છે.

પુરાણોમાં ઘણા પ્રસંગો છે; જ્યાં મનુષ્યો, ઋષિ-મુનિઓ, દેવો સાધનો કરીને પરમાત્માનું શરણ સ્વીકારવા પ્રયત્નશીલ બન્યા છે. પરંતુ અંતે તેઓ શરણ સિદ્ધ કરી શક્યા નથી, ત્યારે બધાં સાધનો છોડીને પરમાત્માનાં ચરણ પકડ્યાં છે.

ગીતાજીમાં અર્જુનને પણ આવું જ થયું. ૧૭ અધ્યાયો સુધી અર્જુને પરમાત્માને પામવાનાં સાધનો અને સાધનાઓ વિષે પ્રશ્નો પૂછ્યા કર્યા; પરંતુ તે પોતે આમાંથી કયું સાધન અને કઈ સાધના-પદ્ધતિ સ્વીકારવી, તેનો નિર્ણય કરી શક્યો નહિ. છેવટે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આજ્ઞા કરી કે હવે તું તારા બધા પ્રયત્નો છોડી દઈને માત્ર મારું શરણ સ્વીકારી લે. બાકીનું બધું હું સંભાળી લઈશ.

આમ, ભગવાન જ્યારે સામે પગલે જીવને રક્ષણ પૂરું પાડે અને તેનું બધું સંભાળી લે, ત્યારે તે પુષ્ટિ-શરણ કહેવાય છે. પુષ્ટિ-શરણ ફલરૂપ છે; કારણ કે તેમાં જીવને કોઈ સાધન કરવાનાં રહેતાં નથી. પરમાત્મા સ્વયં જીવનો સ્વીકાર કરે છે. પુષ્ટિ-શરણને **'તદીયતા'** પણ કહેવામાં આવે છે. જેમાં જીવે પરમાત્માને સાચા હૃદયથી એટલું જ કહેવાનું હોય છે કે 'હું તમારો છું, તમને ફાવે તેમ મને રાખો.'

પુષ્ટિ-શરણને સમજાવવા બિલાડી અને તેના બચ્ચાનું ઉદાહરણ આપવામાં આવે છે. બિલાડીનું બચ્ચું ચાલવા માટે અશક્ત હોય છે, ત્યારે બિલાડી તેના મોંથી બચ્ચાને પકડીને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જાય છે. તે બચ્ચાને તેની શક્તિના ભરોસે છોડતી નથી. બિલાડીના દાંત ઘણા તીક્ષ્ણ હોય છે. તે દાંતથી તે ઉંદરનો શિકાર કરે છે, પરંતુ તેના બચ્ચાને એ જ દાંતથી તે એવી રીતે પકડે છે કે બચ્ચાંને જરા પણ ઈજા થાય નહિ. આવી જ રીતે પરમાત્મા જ્યારે સામે પગલે જીવ ઉપર

કૃપા કરી, તેને પોતાનું શરણ આપે છે, પરમાત્મા સ્વયં જીવના રક્ષક બને છે, ત્યારે જીવને કોઈ ચિંતા રહેતી નથી, તે નિશ્ચિંત બની જાય છે. આ પુષ્ટિ-શરણાગતિ છે. શાસ્ત્રોમાં શરણાગતિને 'પ્રપત્તિ' કહી છે. 'પ્ર-પદ' એટલે પગનો આગળનો પંજો. જીવ જ્યારે પરમાત્માના ચરણનો આગળનો પંજો પકડી લે અને તેમને બિનશરતી તાબે થઈ જાય, તેને પ્રપત્તિ કહેવામાં આવે છે. ગીતામાં જે શરણાગતિ બતાવેલી છે, તે મર્યાદા-શરણાગતિ છે. તેનું ફળ બતાવતાં ભગવાને કહ્યું કે મારું શરણ સ્વીકારવાથી હું તને સર્વ દુઃખોમાંથી મુક્ત કરીશ. ભગવાને સર્વ સુખો આપવાનું વચન આપ્યું નથી, એટલે મર્યાદા-શરણાગતિથી જીવાત્મા માત્ર દુઃખોમાંથી મુક્ત થાય છે, પણ તે જીવાત્માને પરમાત્માનું અલૌકિક સુખ મળતું નથી. ત્યારે પુષ્ટિ-શરણાગતિ સ્વીકારનારને પરમાત્મા સર્વ દુઃખોમાંથી મુક્ત કરે છે અને સર્વ અલૌકિક સુખોનું દાન પણ કરે છે. મર્યાદા-શરણાગતિમાં અનેક સાધનો કરવાં પડે છે. પુષ્ટિ-શરણાગતિમાં કોઈ સાધન કરવાનું નથી. કેવળ પરમાત્માનાં ચરણારવિંદ દૃઢ અનન્યતાથી પકડી લેવાનાં છે. આમ, મર્યાદામાર્ગની શરણાગતિ કરતાં પુષ્ટિમાર્ગની શરણાગતિ સરળ અને ઉત્તમ છે.

પ્ર. ૨ : પુષ્ટિમાર્ગીય શરણાગતિ કેવી રીતે પ્રાપ્ત થાય?

જ. ૨ : પુષ્ટિમાર્ગીય શરણાગતિ પ્રાપ્ત કરવામાં જીવે પરમાત્માને સાચા હૃદયથી એટલું જ કહેવાનું છે કે 'આજથી હું તમારો થયો છું, તમે મારા બનો. તમે યોગ્ય લાગે તેમ મને રાખજો. તમે જેમ રાખશો તે સ્થિતિમાં હું આનંદથી રહીશ. તમારામાં દૃઢ વિશ્વાસ રાખીશ, હું કોઈ ફરિયાદ કરીશ નહિ.'

પરમાત્માને આવું વચન આપવા માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં શરણદીક્ષા બતાવી છે, જેને આપણે નામમંત્રની દીક્ષા અથવા અષ્ટાક્ષર મંત્રની દીક્ષા કહીએ છીએ. સામાન્ય ભાષામાં 'કંઠી બંધાવવી' એમ કહીએ છીએ. શ્રીમહાપ્રભુજી અથવા શ્રીવલ્લભકુળની હાજરીમાં આપણે ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિનો સ્વીકાર કરીએ છીએ. તેમના દાસ બનવા તૈયારી બતાવીએ છીએ, ત્યારે તેઓ આપણા જમણા કાનમાં ત્રણ વખત અષ્ટાક્ષર મંત્ર સંભળાવી દીક્ષા આપે છે. આપણે પણ ત્રણ વખત એ મંત્રનો ઉચ્ચાર કરી, ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય શરણાગત બનવાની પ્રતિજ્ઞા લઈએ છીએ. તેના સમર્થનમાં હંમેશ માટે ગળામાં તુલસીની કંઠી ધારણ કરીએ છીએ. તુલસીની કંઠી પુષ્ટિ-શરણાગતિનું ચિહ્ન છે.

આ અષ્ટાક્ષર મંત્ર છે '**શ્રીકૃષ્ણઃ શરણં મમ્**' તેનો અર્થ એવો છે કે શ્રીકૃષ્ણ મારા શરણ એટલે રક્ષક છે. હું શ્રીકૃષ્ણનું રક્ષણ સ્વીકારું છે. આમ,

પુષ્ટિજીવ પુષ્ટિપ્રભુનું શરણ સ્વીકારે, ત્યારે તેને પુષ્ટિમાર્ગીય શરણાગતિ કહેવામાં આવે છે.

પ્ર. ૩ : પુષ્ટિમાર્ગમાં નામમંત્રની દીક્ષા લઈ, જે શરણાગત બને તેણે શું કરવાનું? તમે આગળ કહ્યું કે પુષ્ટિ-શરણાગતિમાં જીવે કોઈ સાધન કરવાનાં નથી, તો આ મંત્રદીક્ષા લીધા પછી આપણે કશું કરવાનું નહિ?

જ. ૩ : પુષ્ટિમાર્ગીય શરણાગતિ મેળવવા માટે આપણે કોઈ સાધન કરવાનું નથી. પ્રભુ પોતે કૃપા કરીને સામે પગલે આપણી શરણાગતિ સ્વીકારે છે. નામમંત્રની દીક્ષા લેવામાં જીવે કંઈ કરવાનું હોતું નથી. એનો બધો વિધિ શ્રીમહાપ્રભુજી અથવા તેમના વંશજ કરે છે. શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય શરણાગતિને લગ્નપૂર્વેના સગપણ સાથે સરખાવે છે. એક કન્યાનું સગપણ થાય, તે પહેલાં તે કન્યા અનેક મૂરતિયાઓને જુએ, તેમનો વિચાર કરે, તેની પર્સમાં તેમના ફોટા રાખે, તેમની સાથે વાતચીત કરે, સાથે હરે-ફરે એનો વાંધો કોઈ હોતો નથી; પરંતુ જે મિનિટે ઘણા મૂરતિયાઓમાંથી તે એક મૂરતિયાનો સ્વીકાર કરી લે, તે મિનિટથી તેણે તે યુવાનની શરણાગતિ સ્વીકારી લીધી એમ કહેવાય. ચાંલ્લા થયા પછી તે કન્યાએ એની પર્સમાં માત્ર એના ભાવિ પતિનો ફોટો રાખવો જોઈએ. બાકીના યુવાનોના ફોટા પછી પર્સમાં રહી શકે નહિ. પછી તે કેવળ તેના ભાવિ પતિને જ હળેમળે. બધા યુવાનો સાથે તે પ્રકારનો વર્તાવ કરી શકે નહિ. આ તેના સગપણ સમયની તેની આચારસંહિતા છે. સગપણ-સમયમાં તે પતિને જોઈ શકે છે, પતિ સાથે તે વાતો કરી શકે છે; પણ કાયમ માટે સાસરવાસ કરીને તેને પતિની સેવાનો અધિકાર મળ્યો હોતો નથી. તેમ પુષ્ટિજીવ જ્યારે અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લઈ પ્રભુનો શરણાગત બને, ત્યારે તેને પણ એટલી જ આચારસંહિતા પાળવી જરૂરી બને છે. તેમાં મુખ્ય બાબત દૃઢ અનન્યતાની છે. હવે તેના સ્વામી કેવળ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. તેમને છોડીને અથવા તેમની સાથે અન્ય કોઈ દેવરૂપ, મનુષ્યરૂપનો કોઈ પણ કામમાં આધાર લેવો તે તેના માટે અયોગ્ય છે. તેને પોતાના પુષ્ટિપ્રભુમાં સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. તેઓ જેમ રાખે તેમ રહેવાની તૈયારી હોવી જોઈએ. પોતાના સુખ માટે તે ફાંફા મારનાર રહેવો જોઈએ નહિ.

શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં પુષ્ટિ-શરણાગત જીવની ત્રણ આચારસંહિતા બતાવી છે : (૧) તેણે પુષ્ટિપ્રભુ સિવાય અન્ય કોઈ દેવ-દેવી પાસે તેમના સ્થાનમાં જાતે, પોતાની ઇચ્છાથી જવું નહિ. (૨) અન્ય દેવ-દેવીની પૂજા-ઉપાસના કરવી નહિ. (૩) પુષ્ટિપ્રભુ અથવા અન્ય કોઈની પણ પાસે કંઈ પણ માગવું નહિ. આવા જીવે પ્રભુનું માહાત્મ્ય જાણવા માટે સદા સત્સંગ-તત્પર રહેવું

જોઈએ, જેથી પ્રભુમાં તેનો પ્રેમ વધે, તેની અનન્યતા દૃઢ થાય. તેણે પ્રભુનાં કથા-શ્રવણ, કીર્તન-સ્મરણમાં બધો સમય આપવો જોઈએ. તેણે સદા મનથી અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું જોઈએ. શ્રીમહાપ્રભુજીનાં સ્તોત્રોનો પાઠ કરવો જોઈએ, શ્રીભાગવતનું પારાયણ આદિ કરવું જોઈએ. આવી રીતે જો પુષ્ટિજીવ શરણાગત થઈને પુષ્ટિમાર્ગમાં રહે, તો તેને કોઈ ચિંતાનું કારણ રહેતું નથી. તેનું બધું પુષ્ટિપ્રભુ સંભાળી લે છે. પરંતુ આજે આપણે નામમંત્રની દીક્ષા લીધા પછી, આપણી આચાર-સંહિતાને ભૂલી ગયા છીએ. તેને લઈને આપણી શરણાગતિનું અલૌકિક ફળ આપણને પ્રાપ્ત થતું નથી.

પ્ર. ૪ : પુષ્ટિ-શરણાગતિનાં છ પગથિયાં છે, એવું સાંભળવામાં આવ્યું છે. તે વિષે વધારે પ્રકાશ પાડશો?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીએ 'પંચશ્લોકી' ગ્રંથમાં શરણાગતિનાં છ પગથિયાં બતાવ્યાં છે. જીવનમાં આ છ બાબતોનો બરાબર સ્વીકાર કરવામાં આવે તો શરણાગતિ અવશ્ય દૃઢ થઈ શકે. આ પગથિયાંનો આપણે વિચાર કરીએ :

(૧) અનુકૂલસ્ય સંકલ્પ : જે ભગવત્સુખમાં અનુકૂળ હોય તે કરવાનો સંકલ્પ રાખવો. શ્રીઠાકોરજીનું સુખ એ દાસત્વની પહેલી શરત છે. દાસ બનીને જો સ્વામીનું સુખ ન થઈ શકે, તો તે દાસપણાની કશી કિંમત નથી. આપણે આપણું જીવન આપણા સુખ માટે જીવવાનું નથી; પરંતુ ભગવત્સુખ માટે જ જીવવાનું છે. જીવનની દરેક પ્રવૃત્તિ પ્રભુના સુખનો વિચાર કરીને જ થવી જોઈએ. સવારે ઊઠવાથી માંડી સૂવા સુધીની એકએક ક્રિયા આ દૃષ્ટિબિંદુથી કરવી જોઈએ. જેમ કે દંતધાવન એટલા માટે કરવું જોઈએ કે આપણા મોંની દુર્ગંધથી પ્રભુને પરિશ્રમ ન થાય. શ્રીમહાપ્રભુજી 'નિરોધ-લક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે લગ્ન અને સંતાનપ્રાપ્તિ પણ આ હેતુથી થવાં જોઈએ. મળત્યાગ વગેરે પણ આ જ વિચારથી થવાં જોઈએ. જે પ્રવૃત્તિમાં ભગવત્સુખ સ્પષ્ટ રીતે ન જણાતું હોય, તેને રોકવી જોઈએ. આ પ્રમાણે આપણે જ્યારે પ્રભુને અનુકૂળ થઈને રહીએ, ત્યારે એમ કહી શકાય કે શરણાગતિનું પહેલું ચરણ સિદ્ધ થયું છે.

(૨) પ્રતિકૂલ વિસર્જનમ્ : પ્રભુભક્તિમાં જે જે બાબતો અને વ્યક્તિઓ પ્રતિકૂળ હોય, તેમનો ત્યાગ કરવો. આપણા જીભના સ્વાદ માટે જો ભોજન કરવામાં આવતું હોય, તો એવા ભોજનનો ત્યાગ કરવો જોઈએ. પ્રભુને અંગીકાર કરાવેલી ભોજન-સામગ્રીથી જ જીવનનિર્વાહ કરવો જોઈએ. આપણા સ્વાદનો વિચાર તેમાં કરી શકાય નહિ. જેમ કે શ્રીઠાકોરજી બાલ-સ્વરૂપે બિરાજે છે. નાનું બાળક મરચું

ખાઈ શકતું નથી, તો શ્રીઠાકોરજીને પણ મસાલેદાર તીખી વાનગીઓનો ભોગ ન ધરાય. આપણે પણ મરચા વિનાનું ખાતાં શીખવું પડે. લૌકિક વાતો અને લૌકિક પ્રવૃત્તિઓ પ્રભુ સાથેનો આપણો સંબંધ ઢીલો કરે છે. માટે લૌકિક વાતો અને લૌકિક સંબંધો ઓછાં કરી, ચિત્ત શ્રીઠાકોરજીમાં જોડાયેલું રાખવું જોઈએ.

(૩) **કરિષ્યતીતિ વિશ્વાસો :** શ્રીઠાકોરજી આપણું સર્વ પ્રકારે કલ્યાણ જ કરશે, એવો શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ રાખવો. એક બાળક એનાં માતાપિતામાં પાકો વિશ્વાસ રાખે છે, તેથી તે નિશ્ચિંત બનીને જીવે છે. તેવી રીતે આપણે શ્રીપ્રભુમાં જો દૃઢ વિશ્વાસ રાખીએ, તો જ આપણું શરણ સિદ્ધ થઈ શકે. અવિશ્વાસ કરવાથી શરણ શિથિલ બને છે. શરણમાર્ગની આ એક મોટી શરત છે.

(૪) **ભર્તૃત્વે વરણં યથા :** પતિ-પત્ની એકબીજાનું વરણ કરીને સહજીવન જીવે છે, તેવી રીતે પ્રભુએ આપણું પણ વરણ કર્યું છે; એટલે પ્રભુ આપણો ક્યારેય ત્યાગ નહિ જ કરે, તેવો પ્રભુમાં પાકો વિશ્વાસ રાખવો અને પ્રભુના બનીને રહેવું. પ્રભુમાં અનન્યતા કેળવવી. પ્રભુને છોડીને અન્ય કોઈનો આશ્રય ન કરવો.

(૫) **આત્મનિવેદ્ય :** એટલે આત્મનિવેદન. 'શ્રીકૃષ્ણ! તમે મારા રક્ષક છો, તમે મારા સ્વામી છો, હું તમારો દાસ છું.' એવી પ્રતિજ્ઞા શરણાગત જીવે લેવી જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ. જે પોતાનો આત્મા શ્રીઠાકોરજીને સોંપી દે છે, તેણે કાયમ માટે શ્રીઠાકોરજીના બનીને જ રહેવું જોઈએ.

(૬) **કાર્પણ્યે :** કાર્પણ્યે એટલે સમર્પણ. પ્રભુને સમર્પિત બનીને જીવવું.

આમ, છ પ્રકારે શરણાગતિ સિદ્ધ થાય છે. પુષ્ટિભક્તિમાં શરણાગતિ પહેલું પગથિયું છે. જ્યાં સુધી શરણાગતિ સિદ્ધ ન થાય ત્યાં સુધી સમર્પણ થતું નથી. મર્યાદામાર્ગમાં પણ ભગવાનનાં પત્ની લક્ષ્મીજી, ગંગાજી, તુલસીજી વગેરેએ ભગવાનની શરણાગતિ સ્વીકારી, સદા માટે તેમનાં ચરણકમળમાં રહેવાનું રાખ્યું છે. પુષ્ટિભક્તો પણ હમેશાં પ્રભુનાં ચરણકમળમાં વાસ માગે છે.

શરણાગત જીવે પ્રભુનાં બંને ચરણકમળોનું સદા ચિંતન કરવું. પ્રભુનાં ચરણકમળમાં વજ્ર, અંકુશ, ધ્વજા, તોરણમાલા, યવ, ઊર્ધ્વરેખા જેવાં સોળ દિવ્ય ચિહ્નો બિરાજે છે. આ દિવ્ય સોળ ચિહ્નો સહિત ભગવચ્ચરણારવિંદનું ચિત્તમાં ધ્યાન ધરવું. શ્રીહરિરાયજી સમજાવે છે કે – *'રસિક ચરણ શરણ રહત હૈ, બડભાગી જન અપનો કરી ગોકુલપતિ ભરત તાહિ બાથે.'* જે જીવ પ્રભુનાં ચરણકમળનું શરણ રાખે છે, તેમને પ્રભુ પોતાના બનાવી પોતાના આલિંગનમાં લે છે. માટે પુષ્ટિ જીવોએ સૌ પહેલાં પુષ્ટિશરણાગતિ સિદ્ધ કરવી જરૂરી છે. ●

૧૩. પુષ્ટિમાર્ગમાં સમર્પણ

પ્ર. ૧ : સમર્પણ એટલે શું?

જ. ૧ : આપણી ભાષામાં ત્રણ શબ્દો છે. દાન, અર્પણ અને સમર્પણ. પહેલી નજરે આ ત્રણે શબ્દો એક અર્થના દેખાય છે. પરંતુ તેમાં તફાવત છે. આપણી માલિકીની કોઈ પણ વસ્તુ આપણે હંમેશ માટે બીજાને ભેટ તરીકે આપી દઈએ, તેને દાન કહેવામાં આવે છે. દાનનો નિયમ એવો છે કે એક વખત જે વસ્તુ બીજાને આપી દેવાનો સંકલ્પ કરવામાં આવે, તે પછી તે વસ્તુનો ઉપયોગ આપણાથી કરી શકાય નહિ; કારણકે તેની માલિકી હવે આપણી રહેતી નથી. તેની માલિકી દાનનો સ્વીકાર કરનારની થાય છે, છતાં જો દાનમાં આપેલી વસ્તુનો અજાણતામાં પણ આપણે આપણા માટે ઉપયોગ કરીએ, તો ધર્મશાસ્ત્રોની દૃષ્ટિએ તે ઘોર અપરાધ કહેવાય છે.

એક મનુષ્ય બીજા મનુષ્યને ભેટ આપે તે દાન કહેવાય. એક મનુષ્ય કોઈ પણ દેવરૂપને કોઈ પણ વસ્તુ કે દ્રવ્ય ભેટ આપે ત્યારે તેને અર્પણ કહેવામાં આવે છે. અહીં શબ્દ જ જુદો છે. ભાવ તો દાનનો છે. એટલે દાનમાં જે નિયમ લાગુ પડે છે તે જ નિયમ અર્પણમાં પણ લાગુ પડે છે. દેવરૂપને અર્પણ કર્યા પછી તે દ્રવ્ય કે વસ્તુનો આપણે આપણા માટે ઉપયોગ કરી શકતા નથી. ધર્મશાસ્ત્ર તેનો પાકો નિષેધ કરે છે; કારણ કે દેવરૂપને અર્પણ કરેલ દ્રવ્ય અથવા વસ્તુ દેવની માલિકીની થાય છે, તેથી તે દેવદ્રવ્ય કહેવાય છે.

આ વાત એક ઉદાહરણથી સમજીએ. સાંજે સૂર્યાસ્ત થતાં એક ગૃહિણી તેના ઘરના પાણિયારે તેના ઈષ્ટદેવ પાસે ઘીનો દીવો પ્રગટાવે છે. તે દીવો તે પોતાના ઈષ્ટદેવને અર્પણ કરે છે. આથી તે દીવો અને તેનો પ્રકાશ દેવદ્રવ્ય બને છે. માની લો કે તે સમયે વીજળી રિસાઈ ગઈ, ઘરમાં અંધારું છે, બહારથી એક વ્યક્તિ બહુ જ અગત્યનો એક લેખિત સંદેશો લઈને આવે છે, જે તાત્કાલિક વાંચી તેનો તરત જ જવાબ આપવાનો છે. તે ગૃહિણી પેલા દીવાના પ્રકાશમાં તે ચિઠ્ઠી વાંચે છે; ત્યારે તેણે દેવદ્રવ્યનો ઉપયોગ પોતાના માટે કર્યો એમ કહી શકાય. આમ, દેવદ્રવ્યનો ઉપયોગ કરવાથી મોટો દોષ લાગે છે.

શ્રીઠાકોરજીએ શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ પ્રગટ થઈને શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, ત્યારે તેમાં દાન કે અર્પણને બદલે સમર્પણનો સિદ્ધાંત બતાવ્યો; જેથી દેવદ્રવ્યના ઉપયોગનો અપરાધ લાગે નહિ. સમર્પણનો અર્થ છે આપણી માલિકીનું જે કંઈ છે તે આપણા સ્વામી શ્રીપ્રભુને અંગીકાર કરાવીને આપણા માટે ઉપયોગમાં લેવું. અહીં આપણા પદાર્થો શ્રીપ્રભુને અર્પણ કરી દેતાં નથી. શ્રીપ્રભુની સાથે આપણે બ્રહ્મસંબંધથી દાસભાવનો સંબંધ જોડ્યો છે. એક દાસ સ્વામીની સેવા કરે, તેમ આપણે શ્રીઠાકોરજીની સેવા કરીએ. દાસની સેવાના બદલામાં સ્વામી પોતાના ઉપયોગમાં લીધેલી વસ્તુઓ દાસને એના જીવનનિર્વાહ માટે આપે, તે સ્વામીનો પ્રસાદ કહેવાય છે. તેવી રીતે આપણે આપણા સ્વામી શ્રી ઠાકોરજીની સાથે રહીએ, આપણી માલિકીની વસ્તુઓથી તેમની સેવા કરીએ અને તેમણે અંગીકાર કરેલી તે વસ્તુઓથી આપણે જીવન જીવીએ, તેને સમર્પણ કહેવામાં આવે છે.

એક સ્ત્રી લગ્ન કરીને તેનું તન, મન, ધન તેના પતિને સોંપે છે. પતિના ઉપયોગ બાદ પતિના પ્રસાદરૂપે તે વસ્તુઓનો તે પોતે ઉપયોગ કરે છે. પત્નીનું આ પતિને સમર્પણ છે. આમ, આપણો ગૃહસ્થાશ્રમ જેમ આપણા પરિવારને સમર્પિત છે, તેમ આપણા આ ગૃહસ્થાશ્રમમાં આપણા પરિવારના સ્વજન તરીકે શ્રીઠાકોરજીને પધરાવી, તેમની સેવાને મુખ્ય કરી, સેવામય જીવન જીવવું તેનું નામ સમર્પણ છે. સમર્પણમાં **'મદીય'** અને **'તદીય'**ની ભાવના છે. શ્રીઠાકોરજી મારા છે અને હું શ્રીઠાકોરજીનો છું, એવી પાકી ભાવના રાખીને શ્રીઠાકોરજીના અર્થે જ્યારે જીવન જીવવામાં આવે ત્યારે તેને સમર્પિત જીવન કહે છે.

પ્ર. ૨ : સમર્પિત જીવન માટે કોઈ શરતો ખરી?

જ. ૨ : હા, સમર્પિત જીવન માટે કેટલીક શરતો છે. પહેલી શરત એ છે કે શ્રીઠાકોરજી અને આપણી વચ્ચે અનન્યતાનો દૃઢ સંબંધ હોવો જોઈએ. આપણા મન, વચન, કર્મમાં શ્રીઠાકોરજી સિવાય અન્ય કોઈ હોવું જોઈએ નહિ. આપણું દરેક કાર્ય ભગવત્સુખ માટે જ હોવું જોઈએ. આપણા સ્વાર્થ માટે શ્રીઠાકોરજીને છોડીને બીજા કોઈ પાસે કંઈ માગવાથી અનન્યતાનો ભંગ થાય છે. શ્રીઠાકોરજી પાસે પણ આપણા સુખ માટે માગવાથી તેમનામાં અવિશ્વાસ થાય છે.

બીજી શરત છે નિષ્ઠાની. શ્રીઠાકોરજીમાં આપણી શ્રદ્ધા અને નિષ્ઠા બની રહેવી જોઈએ. શ્રીઠાકોરજી મારા સ્વામી છે અને હું તેમનો દાસ છું, એવી નિષ્ઠા રાખવી તેને પતિવ્રતા ધર્મ કહેવામાં આવે છે. પતિવ્રતા નારી સંપૂર્ણ સમર્પિત હોય

છે. તેની નિષ્ઠા તેના પતિમાં જ હોય છે. તે પતિ ચાહે ગમે તેવો હોય, છતાં તે પતિને છોડીને અન્ય કોઈ પુરુષમાં ચિત્ત લગાડતી નથી. એવી જ રીતે આપણે પણ શ્રીઠાકોરજીને જ સર્વસ્વ સમર્પણ કરવાની નિષ્ઠા રાખવી પડે. માત્ર બ્રહ્મસંબંધ લઈ લીધું અને મંત્ર બોલી ગયાં એટલે સમર્પણ થઈ જતું નથી.

ત્રીજી શરત છે સ્નેહની. જો શ્રીઠાકોરજીમાં આપણે સાચો સ્નેહ હશે તો જ આપણે સમર્પિત થઈ શકીશું. શ્રીઠાકોરજીને આપણા સ્વાર્થનું સાધન બનાવીશું તો તેમને સમર્પિત થઈ શકાશે નહિ. આપણા સુખ માટે આપણે કથાશ્રવણ કરીશું, સેવા દ્વારા લૌકિક લાભની આશા રાખીશું, તો તે વેપાર થશે; સમર્પણ નહિ થાય. પત્નીને પતિમાં સાચો સ્નેહ હોય, તો જ પત્ની અને પતિ એકબીજાને સમર્પિત થઈ શકે. સ્નેહ સમર્પણનો મુખ્ય પાયો છે.

ચોથી શરત છે સેવા. માત્ર સ્નેહ મનમાં હોય અથવા વાણીમાં પ્રગટ થાય એ પૂરતું નથી. સ્નેહની અભિવ્યક્તિ ક્રિયામાં પણ થવી જોઈએ. સેવા એ સ્નેહની ક્રિયાત્મક અભિવ્યક્તિ છે. જેમ પતિવ્રતા પત્ની પતિની સેવાને જ પોતાનું સુખ માને છે, તેમ પુષ્ટિભક્તે પણ પ્રભુની સેવાને જ પોતાનું સુખ માનવું જોઈએ. સેવાથી આપોઆપ અસમર્પિતનો ત્યાગ થાય છે. સેવા કરનાર ભક્ત પ્રભુને સમર્પિત પદાર્થો જ વાપરતો થાય છે. સેવાને લઈને અન્યાશ્રય દૂર થાય છે. તેને લઈને ભક્તનો પ્રભુમાં સ્નેહ વધે છે. જેમની સેવા કરવામાં આવે, તેમનામાં અનન્યતા અને આસક્તિ દૃઢ થાય છે. સેવાથી અસદાલાપ જાય છે. સેવા દરમ્યાન અને સેવાના અનવસરમાં ભક્તના ચિત્તમાં પ્રભુનું ગુણગાન અને સ્મરણ બન્યું રહે છે. સેવાને કારણે દુઃસંગ પણ થતો નથી, ભગવદીયોનો સંગ જ રહે છે. ભગવદીયોના સંગથી પ્રભુમાં સ્નેહ વધે છે. આમ, સેવા કરનારનું આખું જીવન પ્રભુમય બને છે. જીવનની દરેક ક્ષણ પ્રભુને માટે જિવાય છે અને તેથી તે ભક્તનું જીવન પ્રભુને સમર્પિત થાય છે.

આથી, શ્રીમહાપ્રભુજી વારંવાર સેવા દ્વારા સમર્પિત જીવન જીવવાની આજ્ઞા કરે છે. 'બાલબોધ' ગ્રંથમાં કહે છે કે જ્યારે જીવ તેના આત્માનું સમર્પણ પરમાત્માને કરે છે, ત્યારે તેનામાં ચોક્કસરૂપે તદીયતા આવે છે. આવું સમર્પણ ન થયું હોય અને તેને કારણે તદીયતા ન આવી હોય, ત્યારે પણ જો તે જીવ ભગવાનનો તદાશ્રય રાખશે, તો પ્રભુ તેના ઉપર અવશ્ય કૃપા કરશે. શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંતરહસ્ય'માં આજ્ઞા કરે છે કે બ્રહ્મસંબંધથી પાંચ પ્રકારના દોષો નિવૃત્ત થાય છે. તે દોષો ફરીથી ન લાગે તે માટે અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. બ્રહ્મસંબંધ

કરનારે સર્વ વસ્તુઓ પ્રભુને સમર્પણ કરીને પોતાના ગૃહસ્થાશ્રમનાં સર્વ કાર્યો કરવાં. 'નવરત્ન' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેવામાં પૂરેપૂરું ચિત્ત રાખીને, સુખથી રહેવું. 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથમાં આપની આજ્ઞા છે કે ભક્તિપૂર્વક સર્વ વસ્તુઓ તું પ્રભુને સમર્પિત કર, તેનાથી તું કૃતાર્થ છે, તેથી તું સુખી થઈશ. 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં પણ શ્રીમહાપ્રભુજી સ્મરણ અને સેવાનો કદી પણ ત્યાગ ન કરવાની આજ્ઞા કરે છે. 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જેઓ સેવા અને કથામાં દૃઢ આસક્તિ રાખે છે, તેમનો કદી નાશ થતો નથી. 'નિરોધલક્ષણ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે પ્રભુની સેવા અને ગુણગાનથી પ્રભુમાં ચિત્તનો નિરોધ થવો તે જ સમર્પણ છે. 'શિક્ષાશ્લોકી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે આપણું સર્વસ્વ શ્રીઠાકોરજી જ છે, એવો તેમનામાં સર્વાત્મ ભાવ રાખીને તેમની સેવા કરવી એ જ આપણું એકમાત્ર કર્તવ્ય છે.

પ્ર. ૩ : સમર્પણનો સિદ્ધાંત કેવળ પુષ્ટિમાર્ગમાં જ છે કે અન્ય સંપ્રદાયોમાં પણ છે?

જ. ૩ : સમર્પણનો સિદ્ધાંત પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે. તે અન્ય સંપ્રદાયોમાં આ સ્વરૂપમાં જોવા મળતો નથી. અન્ય સંપ્રદાયોમાં પરમાત્માને પુષ્કળ આદર-સન્માન આપવામાં આવે છે. ત્રિલોકના નાથ તરીકે તેમની સાથે વર્તન કરવામાં આવે છે. મર્યાદાભક્તમાં ભક્તિ કરતાં માહાત્મ્યજ્ઞાન વધારે હોય છે, તેથી ત્યાં બ્રહ્મસંબંધ જેવી સમર્પણની કોઈ મંત્રદીક્ષા નથી. ત્યાં સમર્પણ ન હોવાથી, મર્યાદાભક્તિ પૂજા-ઉપાસના પ્રકારની છે. આદર-સન્માન જાહેરમાં પણ કરી શકાય, પરંતુ સ્નેહ જાહેરમાં થતો નથી. એટલે અન્ય સંપ્રદાયોમાં પૂજા-ઉપાસનાનો પ્રકાર ભક્ત પોતાના ઘરમાં અને જાહેર દેવાલયોમાં કરી શકે છે. તેમાં કોઈ વાંધો આવતો નથી. પરંતુ પુષ્ટિમાર્ગમાં સ્નેહપૂર્વકનું સમર્પણ છે.

આ સમર્પણની પ્રતિજ્ઞાથી આપણે બંધાયેલા છીએ. તેથી આપણા સ્નેહની અભિવ્યક્તિ આપણે ઘરના એકાંતમાં કરી શકીએ, જાહેરમાં કરી શકતા નથી. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે પ્રભુને સમર્પિત થયા છો, તો તમારા ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવીને તમે સેવા દ્વારા તમારા સ્નેહની તેમના તરફ અભિવ્યક્તિ કરો. તેમને સમર્પિત થઈને રહો. જે સ્વરૂપ તમારા માથે તમારા ઘરમાં બિરાજ્યું, એને જ તમારું સર્વસ્વ માનો. એને જ સમર્પિત બનો, એનાં જ સેવા-સ્મરણ કરો, એનામાં જ તમારા ચિત્તની એકાગ્રતા કરો. આથી, પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ જાહેર દેવાલયોનો પ્રકાર અપનાવેલો નથી. પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનો પ્રકાર જ છે.

પ્ર. ૪ : જેમને બ્રહ્મસંબંધ થયું છે તેમણે શ્રીઠાકોરજીને ભોગ ધરીને જ લેવું જોઈએ એ વાત સાચી?

જ. ૪ : હા. બ્રહ્મસંબંધની સાથે સેવા જોડાયેલી છે. સેવા કરવા માટે બ્રહ્મ સંબંધ લેવાનું છે. સેવામાં શ્રીઠાકોરજીને જે ધરવામાં આવે તે લઈને જ સેવકે તેનો જીવનનિર્વાહ કરવાનો છે. એટલે સેવા કરનારે અસમર્પિતનો ત્યાગ કરવો જ જોઈએ. પોતાના શ્રીઠાકોરજીને ધરેલું જ લેવું જોઈએ.

આપણામાં એવી એક સમજ છે કે ભોજનના પદાર્થ શ્રીઠાકોરજીને ભોગ ધરીને લેવાય તો જ સમર્પિત જીવન જીવ્યું કહેવાય. આ સમજ થોડી અધૂરી છે. માત્ર ભોજનના પદાર્થો જ નહિ, પણ જીવનમાં ઉપયોગમાં લેવાતી દરેક વસ્તુ પહેલાં શ્રીઠાકોરજીને અંગીકાર થાય, એટલે કે શ્રીઠાકોરજીની સેવામાં વપરાય અને પછી જ તેનો આપણા જીવનમાં આપણે ઉપયોગ કરીએ. જેમ કે કપડાં સિવડાવવા વસ્ત્ર લાવ્યા, તો પહેલાં તે વસ્ત્ર પ્રસાદી થાય, પછી જ તેમાંથી કપડાં સિવડાવવા. દાગીના બનાવીએ તો પહેલાં તે દાગીના શ્રીઠાકોરજીને અંગીકાર થાય, પછી જ આપણા ઉપયોગમાં લેવાય. આમ દરેક વસ્તુનું સમજવું.

અહીં એક બીજી વાત પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે બ્રહ્મસંબંધ શ્રીઠાકોરજી સાથે થાય છે. બ્રહ્મસંબંધ શ્રીમહાપ્રભુજી કે શ્રીવલ્લભકુળ સાથે થતું નથી. એટલે આપણું સર્વસમર્પણ માત્ર શ્રીઠાકોરજીને જ કરીએ છીએ. અન્ય કોઈને સર્વસમર્પણ કરતાં નથી.

●

અસમર્પિતવસ્તુનાં તસ્માદ્વર્જનમાચરેત્ ।

- શ્રીમહાપ્રભુજી

બ્રહ્મસંબંધ કરનાર મનુષ્યે કદાપિ અસમર્પિત પદાર્થોનો ઉપયોગ કરવો નહીં.

પ્રભુને પ્રત્યેક પદાર્થ સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લીધી છે, તેનું પાલન કરવું જરૂરી છે. સેવા દ્વારા પ્રત્યેક પદાર્થ પ્રભુને સમર્પિત થઈ શકે છે. માત્ર પ્રભુનો પ્રસાદ લેવાથી પૂરું સમર્પણ થતું નથી. સંપૂર્ણ જીવન પ્રભુ કાજે - પ્રભુના સુખ માટે - પ્રભુની સેવાર્થે જિવાય, ત્યારે સમર્પણ થાય છે.

૧૪. પુષ્ટિમાર્ગમાં સેવા

પ્ર. ૧ : સેવા એટલે શું?

જ. ૧ : 'સેવા' શબ્દ 'સેવ્' ધાતુ ઉપરથી બન્યો છે. લૌકિક ભાષામાં આપણે કહીએ છીએ કે પક્ષી ઈંડાં સેવે છે. પક્ષીનાં ઈંડાંને સેવવા જેવી જ કોઈક પ્રક્રિયા આપણી સેવામાં પણ છે. માદા પક્ષી તેના ઈંડા ઉપર અત્યંત સ્નેહ રાખે છે. તેને પાકી શ્રદ્ધા હોય છે કે તે ઈંડાંમાં પોતાનું બચ્ચું રહેલું છે. એક દિવસ ઈંડું ફાટશે અને બચ્ચું પ્રાપ્ત થશે. આ શ્રદ્ધાના બળે તે ઈંડાની માવજત કરે છે. રાતદિવસ ઈંડા ઉપર બેસી તેને પોતાની હૂંફ આપે છે, જેથી ઈંડુ પાકીને બચ્ચું બહાર પ્રગટ થાય. ઈંડાંના રક્ષણ ખાતર પક્ષી માળો છોડીને દાણા ચણવા પણ જતું નથી. તે ઈંડામય બની જાય છે. એવી રીતે બ્રહ્મસંબંધ પછી આપણને શ્રીઠાકોરજી પ્રાપ્ત થાય છે. શ્રીગુરુદેવ આપણને ભગવત્-સ્વરૂપ પધરાવી આપે છે. એ સ્વરૂપમાં આપણને પાકી શ્રદ્ધા હોવી જોઈએ કે તે ફ્રેમ કરેલું ચિત્ર કે ધાતુની મૂર્તિ નથી. તે જડ પદાર્થ નથી, તેમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી બિરાજેલા છે. ઈંડામાં બચ્ચું રહેલું હોવા છતાં જેમ દેખાતું નથી, તેમ આપણા માથે બિરાજતા સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી રહેલા હોવા છતાં આપણને તેમનાં દર્શન થતાં નથી. આવો દૃઢભાવ એ સ્વરૂપમાં રહેવો જોઈએ. પક્ષી ઈંડાને હૂંફ આપે છે, તેમ આપણે પણ આપણા માથે બિરાજતા સ્વરૂપને આપણા હૃદયનો સાચો પ્રેમ આપવો જોઈએ. તે માટે તેમની તનુવિત્તજા સેવા કરવી જોઈએ. આ સેવા કરતાં આપણે તેમાં ઓતપ્રોત થઈ જઈએ, સેવાને જ મુખ્ય કર્તવ્ય બનાવીએ તો આપણી સેવાથી પ્રસન્ન થઈને શ્રીઠાકોરજી એક દિવસ તે સ્વરૂપમાંથી સાક્ષાત્ પ્રગટ થશે અને આપણને અનુભવ જતાવશે. સેવાની આવી અલૌકિક પ્રક્રિયા છે.

પ્ર. ૨ : સેવા શા માટે કરવી જોઈએ?

જ. ૨ : સેવા કરવાનું પહેલું કારણ એ છે કે આપણે જીવાત્મા છીએ. આગળ જોઈ ગયા તેમ જીવાત્મા પરમાત્માનો અંશ છે, તે પરમાત્મામાંથી છૂટો પડેલો છે. પરમાત્માને ફરી પ્રાપ્ત થવું એ તેનું લક્ષ્ય છે. સેવા દ્વારા જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. માટે આપણે સેવા કરવી જરૂરી છે.

બીજું કારણ એ છે કે પરમાત્મા અને જીવાત્માનો સંબંધ સ્વામી-સેવકનો છે. સેવકનું કર્તવ્ય સ્વામીની સેવા કરવાનું હોય છે, તેથી આપણે શ્રીઠાકોરજીની સેવા કરવી જરૂરી છે.

ત્રીજું કારણ એ છે કે પરમાત્મામાંથી છૂટા પડવાને કારણે જીવાત્મામાંથી પરમાત્માનો આનંદ-અંશ લુપ્ત થઈ ગયેલો છે. તેને કારણે આપણે જગતમાં દુઃખ ભોગવીએ છીએ અને સુખ શોધીએ છીએ. દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે ધર્માચરણ મહત્ત્વનું છે. દુનિયામાં ક્યાંય સાચું સુખ નથી. સાચું સુખ કેવળ પરમાત્મા પાસે જ છે, તેથી પરમાત્માનો આનંદ મળે તો આપણાં દુઃખ દૂર થાય અને સુખનો અનુભવ થાય. પરમાત્માના દિવ્ય આનંદની પ્રાપ્તિ માટે એક જ રસ્તો છે અને તે છે સેવા.

ચોથું કારણ એ છે કે આપણે બ્રહ્મસંબંધ લીધું, તે વખતે આપણે પ્રભુને આપણું બધું સમર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી છે. પ્રભુનું દાસત્વ સ્વીકાર્યું છે. આ પ્રતિજ્ઞાનું પાલન કરવા સેવા કરવી જરૂરી છે.

પાંચમું કારણ એ છે કે આપણામાં અહંતા-મમતા રહેલી છે. અહંતા-મમતા દૂર ન થાય ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ થતી નથી. સેવા દ્વારા સરળતા અને સહજતાથી અહંતા-મમતા દૂર થાય છે, માટે સેવા જરૂરી છે.

છઠ્ઠું કારણ એ છે કે સેવા કરવાથી પ્રભુમાં સ્નેહ વધે છે. તેને કારણે ચિત્તમાં અલૌકિક આનંદ રહે છે. ચિત્ત સેવામાં પરોવવાથી દુનિયાના ક્લેશ પજવતા નથી. જીવનમાં કોઈ સંઘર્ષ કે ચિંતા રહેતાં નથી. જીવનમાં સુખનો અનુભવ થાય છે; માટે શ્રીમહાપ્રભુજીએ સેવા કરવાની આજ્ઞા કરી છે.

પ્ર. ૩ : સેવા કોની કરવી જોઈએ, શા માટે?

જ. ૩ : શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણ-સેવા કરવાનું કહ્યું છે. કૃષ્ણ એ પરબ્રહ્મ પરમાત્માનું નામ છે. કૃષ્ણ-સેવા એટલે પરબ્રહ્મ પરમાત્માની સેવા. પરમાત્માએ સૃષ્ટિની રચના માટે અને તેના સંચાલન માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ અનેક દેવદેવીઓને પ્રગટ કર્યા છે. તે બધા પરમાત્માના અંશ-સ્વરૂપ છે. તેમાંથી કોઈ પરમાત્માની સમાન નથી. જગતમાં સર્વોચ્ચ શક્તિ અને સમાર્થ્ય એક માત્ર પરમાત્મામાં છે. પૂર્ણ આનંદ પણ કેવળ પરમાત્મામાં છે. બીજાં દેવ-દેવીઓમાં મર્યાદિત પ્રમાણમાં પરમાત્માની શક્તિ અને આનંદ રહેલાં છે. તેથી પરમાત્મા આપણું જેટલું રક્ષણ કરી શકે અને આનંદ આપી શકે એટલું સામર્થ્ય અન્ય કોઈમાં નથી. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે કૃષ્ણના સેવક બની કૃષ્ણની સેવા કરો.

આ પરબ્રહ્મ પરમાત્મા ગોકુળમાં શ્રીનંદરાયજીને ત્યાં કૃષ્ણ-સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થયા. તેમણે વ્રજવાસીઓને પોતાનો પૂર્ણ આનંદ આપ્યો અને વ્રજવાસીઓનું સંપૂર્ણ રીતે રક્ષણ પણ કર્યું. તેમના ચરિત્રમાંથી સમજાય છે કે તેઓ પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં તેમણે સામાન્ય વ્રજવાસીઓની પાસે પ્રેમ સિવાય અન્ય કોઈ અપેક્ષા રાખી ન હતી. કેવળ પ્રેમથી તેઓ પ્રસન્ન થતા હતા. આથી તેમની સેવા સહજ અને સુગમ છે. નિઃસાધન જીવો પણ તેમની સેવા સરળતાથી કરી શકે છે.

આ બધી બાબતોનો વિચાર કરીને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણની તમે સેવા કરો. આ જ શ્રીયશોદાનંદન શ્રીમહાપ્રભુજીની સાથે પૃથ્વી ઉપર ફરીથી શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે પ્રગટ થયા અને તેમનો સેવા પ્રકાર ચાલુ કરાવ્યો. માટે શ્રીમહાપ્રભુજીએ આપણા ઇષ્ટ તરીકે શ્રીનાથજીને આપ્યા. આપણા સંપ્રદાયમાં શ્રીઠાકોરજીનાં જેટલાં સ્વરૂપો છે તે બધાં સ્વરૂપો આ શ્રીકૃષ્ણ-શ્રીનાથજીનાં જ વિવિધ લીલા-સ્વરૂપો છે, એટલે મૂળમાં એક જ સ્વરૂપ છે. આથી આપણે એમ કહી શકીએ કે આપણે શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણની સેવા કરવાની છે.

પ્ર. ૪ : સેવાનું સ્વરૂપ સમજાવશો? સેવા કરવી એટલે શું કરવું?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીએ સેવાનું સ્વરૂપ 'સિદ્ધાંત-મુક્તાવલી' ગ્રંથમાં બતાવ્યું છે. આપે આજ્ઞા કરી કે 'કૃષ્ણસેવા સદા કાર્યા' - હમેશાં શ્રીકૃષ્ણની સેવા કરવી. સેવાની વ્યાખ્યા આપતાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ચિત્ત પ્રભુમાં પરોવાય, તે સેવા. આપણું ચિત્ત શ્રીઠાકોરજીમાં ઓતપ્રોત થઈ જાય, ત્યારે સાચી સેવા થઈ એમ કહેવાય. ચિત્ત પ્રભુમાં ઓતપ્રોત કરવાનાં સાધન બતાવતાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તનુ-વિત્તજા સેવા કરો. તનુ-વિત્તજા સેવા એટલે આપણી જાતે, આપણા શરીરથી અને આપણી પ્રામાણિક કમાણીના દ્રવ્યથી કરવામાં આવતી સેવા. આવી સેવા જ્યારે આપણા તન અને ધનથી થતી હોય, ત્યારે તે આપણા જ ઘરમાં થઈ શકે. અન્યત્ર આપણું તન અને ધન એક સાથે ઉપયોગમાં લઈને સેવા કરી શકતા નથી. આ સેવામાં શરીર, ધન, ઘર, કુટુંબ જેવાં સાધનોનો ઉપયોગ થતો હોવાથી એને સાધનરૂપ સેવા પણ કહેવામાં આવે છે. આ બધાં સાધનોથી સેવા કરતાં કરતાં ક્રમશઃ આપણું ચિત્ત પ્રભુમાં ઓતપ્રોત થવા લાગે. પછી એક એવી સ્થિતિ આવે છે કે મન સંપૂર્ણ રીતે ઓતપ્રોત થઈ જાય બહારનું કોઈ ભાન રહે નહિ, ત્યારે મનમાં સાક્ષાત્ પ્રભુ પ્રગટ થાય અને આપણા મનથી કરેલી આપણી બધી સેવા સાક્ષાત્ અંગીકાર કરે, ત્યારે તેને માનસી સેવા કહેવામાં આવે છે. માનસી સેવામાં કોઈ ભૌતિક સાધનો વપરાતાં નથી. માનસી સેવા એ તનુવિત્તજા સેવાનું અલૌકિક ફળ છે; માટે તેને ફળરૂપા કહેવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં પુષ્ટિજીવોનો ધર્મ બતાવતાં આજ્ઞા કરે છે કે સર્વદા સર્વાત્મ ભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા કરવી એ જ આપણો એકમાત્ર ધર્મ છે. આ સિવાય કોઈપણ સ્થળે અને કોઈપણ સમયે બીજો ધર્મ નથી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે સેવાનું જ બીજું નામ ભક્તિ છે. ભક્તિ એટલે શ્રીઠાકોરજીનું સ્વરૂપ જાણીને તેમનામાં સુદૃઢ અને સર્વથી અધિક પ્રેમ કરવો. સેવા દ્વારા જ આપણો સ્નેહ સુદૃઢ અને સર્વથી અધિક બને છે; માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને સેવા કરવાની આજ્ઞા કરી છે.

પ્ર. ૫ : સેવામાં અપરસ જાળવવાનો આગ્રહ રાખવામાં આવે છે. અપરસ એટલે શું? તે શા માટે જરૂરી છે?

જ. ૫ : શ્રીઠાકોરજી નિર્દોષ અને અલૌકિક છે, તેથી દરેક ધર્મની સાધના-પ્રણાલિકામાં ધર્માચરણની બાબતમાં શુદ્ધિ અને પવિત્રતાનો આગ્રહ જરૂરી ગણવામાં આવ્યો છે. શાસ્ત્રોના મતે પૂજા-ઉપાસના-સેવા વગેરેમાં છ બાબતો શુદ્ધ અને પવિત્ર હોવી જોઈએ : સ્થળ, સમય, દ્રવ્ય, કર્મ, મંત્ર અને કર્તા. માટે દરેક ધર્મ-સાધનામાં જરૂરી શુદ્ધિ અને પવિત્રતાનો વિચાર અને આગ્રહ જોવા મળે છે. આપણે ત્યાં સેવામાં શુદ્ધિ અને પવિત્રતા માટે 'અપરસ'નો વિચાર છે.

'અપરસ' શબ્દ 'અસ્પર્શ' શબ્દનું અપભ્રંશરૂપ છે. અસ્પર્શ એટલે સ્પર્શ ન કરવો. જેઓ સેવામાં જોડાયેલા ન હોય, એવી વ્યક્તિઓનો અને એવી વસ્તુઓનો સેવા કરતાં સ્પર્શ ન કરવો તેનું નામ અપરસ છે. તેનાં બે કારણો છે : પહેલું કારણ એ છે કે સેવામાં વપરાતી વસ્તુઓ શુદ્ધ અને પવિત્ર હોવી જોઈએ. પરિણામે સેવામાં ઉપયોગમાં લેતાં પહેલાં શાકભાજી, ફળફૂલ વગેરેને શુદ્ધ જળથી ધોઈને શુદ્ધ કરવામાં આવે છે. પછી તેમનો સેવામાં ઉપયોગ થાય છે. એવી જ રીતે સેવામાં વપરાતું જળ પણ શુદ્ધ અને પવિત્ર હોય, એની કાળજી રાખવામાં આવે છે. આથી શુદ્ધ અને અપવિત્ર સ્થિતિમાં જળને સ્પર્શ કરવામાં આવતો નથી. આવું જ સેવામાં પહેરવાનાં વસ્ત્રોનું પણ છે. અશુદ્ધ અને અપવિત્ર વ્યક્તિઓનો સ્પર્શ થયેલાં વસ્ત્રો સેવામાં પહેરાતાં નથી.

બીજું કારણ એ છે કે સેવા પ્રભુમાં ચિત્તને ઓતપ્રોત કરવા માટેની એક પ્રક્રિયા છે. ચિત્તને એકાગ્ર બનાવવા માટે એકાંત જરૂરી છે. ધ્યાનમાં બેસનાર માણસ પણ એકાંત સ્થાનમાં એકાકી રહે છે. એ જ પ્રકારે સેવામાં એકાંત અને એકાકીપણું જરૂરી છે. આપણા ઘરની વ્યક્તિ સેવામાં જોડાયેલી ન હોય, ત્યારે તે લૌકિક કાર્યમાં તત્પર હોઈ શકે છે. તે સમયે તેના મનમાં લૌકિક વિચારો હોય

છે. તેનું મન ત્યારે પ્રભુમાં લાગેલું હોતું નથી. આવી વ્યક્તિઓને સ્પર્શ કરવાથી અગર તેમની સાથે વાતચીત કરવાથી સેવામાં રહેનાર વ્યક્તિનું ચિત્ત પ્રભુમાંથી હઠી જાય છે. તેને લઈને સેવામાં અસ્પર્શનો વિચાર સ્વીકારવામાં આવ્યો છે.

પ્રાચીન સમયમાં જળ માટે કૂવા, તળાવ, નદી મુખ્ય હતાં. તે સંજોગોમાં આ જળાશયો પૈકી જેમનું જળ શુદ્ધ, પવિત્ર અને મીઠું હોય તેનો ઉપયોગ થતો. સ્નાન કરવા માટે પણ જળાશયનો જ ઉપયોગ થતો. જળાશયમાં ડૂબકી મારીને સ્નાન કરવાનું સ્વાભાવિક હોય છે; તેથી આપણે ત્યાં સેવામાં સ્નાન કરતી વખતે માથું પલાળીને સ્નાન કરવાનો પ્રકાર છે. તેનું એક બીજું કારણ પણ છે. જો માથું પલાળવામાં ન આવે, તો માથાનો અને તેની આજુબાજુનો શરીરનો ભાગ કોરો રહી જાય છે; તેથી શરીર પૂર્ણ રીતે શુદ્ધ અને પવિત્ર બનતું નથી. ભાગવતમાં પ્રસંગ છે. રાજા પરિક્ષિત મહાન ભક્ત હતા. તેઓ ધર્માચરણમાં અત્યંત આગ્રહવાળા હતા. તેને લઈને કલિયુગ તેમના દેહમાં પ્રવેશી શકતો ન હતો. એક વખત સંડાસ જઈને હાથ-પગ ધોતાં અજાણતામાં તેમના એક પગની પાની થોડી કોરી રહી ગઈ. શરીરનો એ ભાગ અશુદ્ધ અને અપવિત્ર રહેવાથી તે ભાગમાં થઈને કલિયુગ તેમનાં મન-બુદ્ધિમાં પ્રવેશ્યો. પરિણામે ધર્મશીલ પરીક્ષિતે ઋષિનો અનાદર કરતાં મરેલો સાપ તેમના ગળામાં પહેરાવ્યો. આમ, અજાણતાં રહી ગયેલી અશુદ્ધિ પણ માણસને બહિર્મુખ બનાવે છે. તેથી સેવામાં સ્નાનાદિ ચોક્સાઈથી કરવાનો આગ્રહ રહ્યો છે.

કેટલાક એવી દલીલ કરે છે કે કેટલાક વૈષ્ણવોના ઘરે સેવાનું સ્થળ અને પાત્રો અશુદ્ધ હોય છે. તેનું કારણ એ નથી કે શુદ્ધિનો તેમનો આગ્રહ નથી; પરંતુ ક્યારેક સેવા કરનાર અશક્ત થાય, એકલા હાથે પહોંચી ન વળે, ત્યારે અસ્વચ્છતા રહેવાનો સંભવ રહે છે. તે અસ્વચ્છતા છે, અપવિત્રતા નથી.

અપરસનો ખ્યાલ આજે આપણને અનુકૂળ આવતો નથી; કારણ કે આપણા જીવનની રહેણીકરણી બદલાઈ ગઈ છે. આજે અપરસનો જે પ્રકાર જોવા મળે છે તે આપણી આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાંની રહેણીકરણીનું સ્વરૂપ છે. તે સમયમાં કોઈ પણ ધાર્મિક હિંદુ કુટુંબમાં ઘરમાંથી જે સ્ત્રીવર્ગ રસોઈ કરવાનો હોય, તે અપરસની પદ્ધતિએ સ્નાન કરી, રેશમી અથવા શુદ્ધ વસ્ત્રો પહેરી રસોઈમાં જાય અને રસોઈ કરે. જે આવી રીતે સ્નાનાદિ કરીને તૈયાર ન થયાં હોય, તેઓ રસોઈમાં જઈ શકતાં નહિ. ઘરનો પુરુષ વર્ગ પણ ભોજન કરવા બેસે ત્યારે સુતરાઉ વસ્ત્રો ઉતારી, રેશમી પીતાંબર પહેરી, રસોડાની પાસેના ચોકમાં ભોજન લે. તેઓ રસોડામાં જઈ શકે નહિ. આ પદ્ધતિ માત્ર વૈષ્ણવોમાં જ હતી,

એમ નહિ; તમામ હિંદુ કુટુંબોમાં હતી. એ જ પદ્ધતિ આપણે ત્યાં સેવામાં પણ ચાલુ રહી હતી. ત્યાર પછી આપણી રહેણીકરણી બદલાઈ ગઈ, એટલે હવે આપણને અપરસ કંઈક જુદી, વિચિત્ર અને નવાઈભરી લાગે છે. શ્રીમહાપ્રભુજીએ તો અપરસ બાબતમાં એવી આજ્ઞા કરી છે કે સેવકો જગતમાં જે પ્રકારે તેમનો જીવન-વ્યવહાર ચલાવતા હોય, એ જ પ્રકારે એમના જીવન-વ્યવહારમાં સેવાને ગોઠવવાની છે. સેવામાં બે વસ્તુનું ખાસ ધ્યાન રાખવું જોઈએ: (૧) શુદ્ધિ અને પવિત્રતા (૨) આપણું વાપરેલું કંઈ પણ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી શકાય નહિ.

૮૪-૨૫૨ વૈષ્ણવોના પ્રસંગોમાંથી જાણી શકાય છે કે અપરસનો વિચાર દરેક વૈષ્ણવે વ્યક્તિગત રીતે કરવાનો છે. અપરસ આચાર છે, પ્રભુની સન્મુખ સમર્પિત થઈને રહેવું એ વિચાર છે. વિચાર મસ્તકમાં જન્મે છે, આચાર હાથમાં રહે છે. કોઈક કારણસર હાથ કપાઈ જાય તો પણ માણસ જીવી શકે છે, પરંતુ મસ્તક કપાઈ ગયા પછી, માણસ જીવી શકતો નથી. એવી રીતે કદાચ ઘર અને કુટુંબમાં આચારપાલનની મોકળાશ ઓછી હોય, તો પણ સેવા થઈ શકે છે. પરંતુ અપરસના આગ્રહને કારણે અપરસ સાચવવા જતાં જો સેવા છૂટી જતી હોય અથવા તો ચિત્તમાં અપરસનો વિચાર એટલો વળગેલો રહે કે તે ચિત્ત પ્રભુમાં લાગતું ન હોય, તો એવી અપરસનું પાલન કરતાં આપણે જરૂર સો વખત વિચાર કરવો જોઈએ.

સેવા ગુરુઆજ્ઞા પ્રમાણે કરવાની છે, એટલે સેવાની આજ્ઞા લેતી વખતે આપણે આપણા પૂજ્ય ગુરુદેવને આપણી ઘર અને કુટુંબની અગવડ-સગવડ જણાવી શકીએ. તેને ધ્યાનમાં લઈને આપ જે પ્રમાણે આજ્ઞા આપે તે પ્રમાણે અપરસ રાખીને સેવા કરી શકાય. આજના સમયમાં બધે કૂવાનું જળ શક્ય નથી. ત્યાં નળના જળથી પણ સેવા કરવાની આજ્ઞા મળે છે.

પ્ર. ૬ : સેવા કેટલો સમય અને કેવી રીતે કરવી જોઈએ?

જ. ૬ : શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે આપણો સેવાપ્રકાર વ્રજભક્તોએ બતાવેલો પ્રકાર છે. વ્રજભક્તો ગોકુલ અને વ્રજમાં સવારથી સાંજ સુધી શ્રીઠાકોરજીને પ્રેમથી લાડ લડાવતાં. શ્રીઠાકોરજી જાગે તે પહેલાંથી સેવા શરૂ થતી. શ્રીઠાકોરજીને માટે જરૂરી સામગ્રીઓ વ્રજભક્તો સિદ્ધ કરતાં. શ્રીઠાકોરજીને જગાવીને મંગળભોગ ધરતાં, પછી મંગલા આરતી કરી શ્રીઠાકોરજીને સ્નાન-શૃંગાર કરાવતાં, પછી પલને ઝુલાવતાં. પછી શ્રીઠાકોરજી સખાઓ સાથે ખેલતા.

બપોરે ભોજન-સમય થતાં શ્રીઠાકોરજીને ભોજન કરાવાતું, પછી વિશ્રામનો સમય રહેતો. સાંજે ફરી શ્રીઠાકોરજી જાગે ત્યારે ફળફૂલનો ભોગ ધરાતો. પછી સંધ્યા આરતી બાદ શ્રીઠાકોરજીએ પહેરેલાં વસ્ત્ર-આભૂષણ વડાં કરી, શયન-ભોગ ધરવામાં આવતો. છેલ્લે, શયન-આરતી કરી શ્રીઠાકોરજીને પોઢાડવામાં આવતા.

વ્રજમાં શ્રીયશોદાજી અને કુમારિકાઓ નંદાલયમાં આ પ્રકારે સેવા કરતાં. શ્રીસ્વામિનીજી અને તેમનાં સખીઓ નિકુંજમાં પતિભાવથી શ્રીઠાકોરજીની સેવા કરતાં. વળી, દરેક વ્રજભક્ત પોતાના ઘરમાં પણ આ જ ભાવથી શ્રીઠાકોરજીને સેવતાં, આમ, આપણી સેવા અષ્ટયામ પ્રકારની સેવા છે. સવારે મંગલા, શણગાર, ગ્વાલ અને રાજભોગ. સાંજે ઉત્થાપન, ભોગ, આરતી અને શયન. એમ આઠ સમયની સેવાનો પ્રકાર જે વ્રજભક્તો કરતાં હતાં; તે જ પ્રકાર શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યો છે.

આ પ્રકારમાં મુખ્ય સિદ્ધાંત એ રહેતો કે **'યથા દેહે તથા દેવે.'** જે આપણને પ્રિય અને ઉત્તમ લાગે, તે જ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવું. શ્રીઠાકોરજી કોઈ જડ મૂર્તિ કે ચિત્ર નથી કે તેમની સામે અડધો કલાક, કલાક પૂજાના જેવો પ્રકાર કરી લેવાથી સેવા થઈ જાય. જેમ ઘરમાં આપણે આપણાં સ્વજનને ચોવીસે કલાક સાચવીએ, તેવી રીતે શ્રીઠાકોરજીની પૂરી સેવા કરવી જરૂરી છે. સેવામાં ઋતુ, સમય, તહેવારો વગેરેનો પણ વિચાર કરવામાં આવેલો છે.

શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવોએ એક કાલ, દ્વિકાલ અથવા ત્રિકાલ સેવા કરવી જોઈએ. એક કાલની સેવા એટલે સવારના સમયમાં મંગલાથી લઈને શયન સુધીની અષ્ટયામની સેવા પરિપૂર્ણ કરવી. દ્વિકાલની સેવા એટલે સવારે મંગલાથી રાજભોગ સુધી અને સાંજે ઉત્થાપનથી શયન સુધી સેવા પહોંચવી. ત્રિકાલનો પ્રકાર મધ્યરાત્રિની સેવાનો હતો, જે પ્રકાર આજે આપણી સેવા-પ્રણાલિકામાં નથી. શ્રીમહાપ્રભુજીએ એમ પણ આજ્ઞા કરી કે વૈષ્ણવે સેવામાં ઓછામાં ઓછા ત્રણ કલાક આપવા. ત્રણ કલાકમાં મંગલાથી શયન સુધીનો પ્રકાર મન લગાડીને પ્રભુના સુખનો વિચાર કરીને કરવો જોઈએ.

પ્ર. ૭ : સેવામાં શ્રીઠાકોરજીને શું શું અંગીકાર કરાવી શકાય અને શું શું ન કરાવી શકાય?

જ. ૭ : જે કોઈ વસ્તુઓ ઋતુને અનુકૂળ અને ઉત્તમ હોય, ધર્મશાસ્ત્રોએ જેનો નિષેધ ન કર્યો હોય, એ બધું સેવામાં શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી શકાય. ભોજનમાં કાંદા, લસણ, ગાજર જેવા તામસી પદાર્થો શ્રીઠાકોરજીને ધરી શકાતા

નથી. પુષ્પોની બાબતમાં સુંદર, સુગંધવાળાં પુષ્પો જ અંગીકાર થાય છે. તીવ્ર વાસવાળાં અને સુગંધ વિનાનાં પુષ્પો શ્રીઠાકોરજીને ધરાતાં નથી. સેવાનો પ્રકાર પૂજાના પ્રકારથી જુદો પડે છે, એટલે લીલો મેવો વગેરે પણ આખો ને આખો ધરવાને બદલે સુંદર રીતે સિદ્ધ કરીને ધરવામાં આવે છે.

સેવામાં ત્રણ વસ્તુનો વિશેષ અંગીકાર છે : રાગ, ભોગ અને શૃંગાર. રાગ એટલે કીર્તન. શ્રીઠાકોરજી જાગે ત્યારેથી પોઢે ત્યાં સુધી કીર્તનની એક વ્યવસ્થિત પ્રણાલિકા છે. તે મુજબ કીર્તનની સાથે સેવા થવી જોઈએ. કીર્તન ઉપરાંત ઋતુ અનુસાર સુંદર સામગ્રીઓ પ્રભુને ભોગમાં ધરવી જોઈએ. તે સામગ્રીઓ જાતે સિદ્ધ કરવી જોઈએ. વસ્ત્ર-શૃંગાર પણ ઋતુ અને ઉત્સવ અનુસાર ધરવાં જોઈએ. રાગ, ભોગ અને શૃંગાર આ ત્રણે બાબતોથી ચિત્તની એકાગ્રતા થાય છે. સેવામાં વૈવિધ્ય અને નવીનતા આવે છે. તેને લઈને સેવાનો ઉત્સાહ અને આનંદ વધે છે. શ્રીઠાકોરજીને પણ ઘણી પ્રસન્નતા થાય છે.

પ્ર. ૮ : સામાન્ય રીતે સેવા કરતાં આપણું મન આઘુંપાછું થાય છે, એકાગ્રતા સચવાતી નથી. તે માટે કોઈ ઉપાય બતાવશો?

જ. ૮ : શ્રીમહાપ્રભુજી ચિત્તને એકાગ્ર કરવા માટે આજ્ઞા કરે છે કે ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે. ભાવ એટલે પ્રભુમાં પ્રેમ. મનનો સ્વભાવ છે કે જેમાં મનને રસ પડે, પ્રેમ જાગે તેમાં મન વગર પ્રયત્ને આપોઆપ એકાગ્ર થઈ જાય છે. જેમાં મનને રસ પડતો નથી, તેમાં મન એકાગ્ર થતું નથી. જ્યારે આપણે એમ કહીએ છીએ કે શ્રીઠાકોરજીની સેવામાં આપણું મન લાગતું નથી, ત્યારે તેનો અર્થ એવો કે શ્રીઠાકોરજીમાં આપણો પૂરો પ્રેમ થયો નથી. આવો ભગવદ્ભાવ વધારવા માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ભાવનાઓથી ભાવ સિદ્ધ થાય છે. ભાવના એટલે મૂળ લીલાનો વિચાર અને ચિંતન. ગોપીજનોએ જે ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરી, તે ભગવદ્-ભાવનાનું અનુસંધાન રાખીને જો સેવામાં આપણે પ્રવૃત્ત થઈએ, તો આપણું મન સેવામાં અવશ્ય એકાગ્ર થાય.

આ માટે શ્રીમહાપ્રભુજી ત્રણ પ્રકારની ભાવનાઓ બતાવે છે : સ્વરૂપ-ભાવના, લીલા-ભાવના અને ભાવ-ભાવના. આપણે જેમની સેવા કરીએ છીએ, તેમના **સ્વરૂપનો** ભાવ વિચારવો જોઈએ. જેમ કે શ્રીનાથજીનું સ્વરૂપ. તેમનો જમણો શ્રીહસ્ત કટિ ઉપર અને ડાબો શ્રીહસ્ત ઊંચો કેમ છે, આ બધી બાબતો આગળ જોઈ ગયા છીએ. સેવા દરમ્યાન એમના સ્વરૂપનું ચિંતન થવું જોઈએ.

બીજી લીલા-ભાવના છે. લીલા-ભાવના એટલે વ્રજલીલામાં નિત્યનો અને ઉત્સવોનો સેવાનો પ્રકાર. શ્રીહરિરાયજીએ 'સહસ્ત્રીભાવના' નામના ગ્રંથમાં નિત્યની સેવા અને નિત્યલીલાઓની ભાવના બહુ સુંદર રીતે બતાવી છે. જ્યારે જે સમયની સેવા કરતાં હોઈએ, ત્યારે તે સમયની વ્રજલીલાની ભાવનાનું ચિંતન સાથે સાથે કરવું જોઈએ.

ભાવ-ભાવના એટલે સેવામાં વપરાતા પદાર્થો અને વસ્તુઓની અલૌકિક ભાવના. આપણી આંખોથી આ પદાર્થો અને વસ્તુઓ આપણને જડ દેખાય છે; પરંતુ તેમનું આધિદૈવિક સ્વરૂપ અલૌકિક છે. દરેક વસ્તુ કે પદાર્થ કોઈને કોઈ વ્રજભક્તનું સ્વરૂપ છે. એટલે સેવામાં જેનો ઉપયોગ કરીએ, ત્યારે તેની ભાવ-ભાવનાનું સાથે અનુસંધાન રહેવું જોઈએ. શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીએ આ ભાવભાવના એમના ગ્રંથોમાં બતાવી છે, તેનું મનન-ચિંતન કરવું જોઈએ.

આ પ્રમાણે આ ત્રણ ભાવનાઓના અનુસંધાનપૂર્વક આપણે જ્યારે સેવા કરીએ, ત્યારે મન સહજ રીતે તેમાં ઓતપ્રોત થશે. તે ઉપરાંત, આપણે જ્યારે કીર્તન કરીશું ત્યારે પણ આપણું મન કીર્તનના માધ્યમથી પ્રભુની તે લીલામાં તલ્લીન બનશે. સામગ્રી કરતાં પણ મનની એકાગ્રતા થશે. શ્રીઠાકોરજીને શૃંગાર ધરતાં પણ મન તેમાં તત્પર રહેશે. આમ, જો આખો સેવાપ્રકાર ભાવનાના અનુસંધાન સાથે, પ્રેમ અને તત્પરતાથી કરવામાં આવે, તો સેવા દ્વારા પ્રભુમાં ચિત્તની એકાગ્રતા થઈ શકે છે.

પ્ર. ૯ : સેવા માટે શ્રીઠાકોરજીનું સ્વરૂપ સેવ્ય કરાવવું જરૂરી છે?

જ. ૯ : હા. મર્યાદા-માર્ગમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. ત્યારપછી જ તે મૂર્તિમાં તે દેવનો આવિર્ભાવ થાય છે અને તેમની પૂજા શરૂ થાય છે. એવી જ રીતે આપણે ત્યાં શ્રીઠાકોરજીનાં ચિત્રજી કે મૂર્તિને શ્રીવલ્લભકુળ પાસે સેવ્ય કરાવવાનો અર્થાત્ પુષ્ટાવવાનો પ્રકાર છે. શ્રીવલ્લભકુળ એમના હૃદયમાં બિરાજતું શ્રીઠાકોરજીનું ભાવાત્મક સ્વરૂપ પોતાના અલૌકિક સામર્થ્યથી એ ચિત્રજીમાં કે મૂર્તિમાં પધરાવે છે; ત્યારે તે ચિત્રજી કે મૂર્તિ જડ પદાર્થ ન રહેતાં સાક્ષાત્ ભગવત્-સ્વરૂપ બને છે, તેમાં પ્રભુ બિરાજમાન થાય છે. તેથી તેઓ આપણી સેવા અંગીકાર કરે છે. કેવળ ચિત્ર કે મૂર્તિ સેવા અંગીકાર કરી શકે નહિ.

જેમ લગ્ન કરવા ઇચ્છુક વ્યક્તિ પોતાના પ્રિય પાત્રના ફોટા સાથે જિંદગી વિતાવી શકતી નથી, તેમ આપણે પણ સેવા કરવી હોય તો ચિત્રજી કે મૂર્તિને સેવ્ય કરાવવાં અનિવાર્ય છે.

પ્ર. ૧૦ : સેવા કરવા માટે કોની આજ્ઞા લેવી જોઈએ, શા માટે?

જ. ૧૦ : શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં બતાવે છે કે ગુરુની આજ્ઞા પ્રમાણે જ સેવા કરવી. આપણને જેમણે બ્રહ્મસંબંધ આપ્યું હોય, તેઓ આપણા શ્રીગુરુદેવ છે. તેમની પાસેથી આજ્ઞા મેળવીને તે પ્રમાણે સેવા કરવી જોઈએ. સેવામાં કંઈ પણ મુશ્કેલી હોય, કંઈ ફેરફાર જરૂરી લાગતો હોય, તો પણ શ્રીગુરુદેવનું માર્ગદર્શન મેળવવું જોઈએ. સેવાનું બધું કાર્ય તેમની આજ્ઞા પ્રમાણે કરવું જોઈએ. મનસ્વી રીતે બીજા કોઈની દેખાદેખીથી સેવા કરી શકાય નહિ.

આનું કારણ એ છે કે આપણે મનસ્વી રીતે સેવા કરવા જઈએ તો સેવામાં ઘણા અપરાધ થવાની સંભાવના છે. આપણી બુદ્ધિ ટૂંકી છે. શ્રીઠાકોરજીના સ્વરૂપ અને સુખને આપણે જાણી શકતા નથી. એ સંજોગોમાં આપણી બુદ્ધિથી સેવાનો પ્રકાર નક્કી થઈ શકે નહિ. જેમણે પોતાનું ભાવાત્મક સ્વરૂપ આપણને પધરાવી આપ્યું છે, તેઓ જ તેમને વધારે સારી રીતે જાણે અને તેમના સુખનો વિચાર પણ કરી શકે. વળી, ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવાથી તેનો કોઈ દોષ આપણને લાગતો નથી. એની જવાબદારી શ્રીગુરુદેવ સ્વીકારે છે. માટે દાસભાવથી ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી આવશ્યક છે.

પ્ર. ૧૧ : બીજા સંપ્રદાયોમાં પૂજા-ઉપાસનાનો પ્રકાર છે, જ્યારે આપણે ત્યાં સેવાનો પ્રકાર છે. એ બે વચ્ચેનો તફાવત સમજાવશો?

જ. ૧૧ : પૂજા અને સેવામાં પાયાનો તફાવત છે. પૂજા શાસ્ત્રના નિશ્ચિત નિયમો અને ધોરણો ઉપર આધારિત છે. મર્યાદામાર્ગની સાધનાપદ્ધતિ છે. તેમાં કોઈ પણ દેવરૂપને પોતાના ઈષ્ટ ગણીને સ્થાન આપવામાં આવે છે, તેની પૂજા થાય છે. પૂજા જાહેર દેવાલયોમાં તેમજ પોતાના ઘરમાં થઈ શકે છે. જાહેર દેવાલયોમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. ઘરમાં થતી પૂજામાં આવાહન અને વિસર્જનના મંત્રો બોલી તે દેવને પૂજા સ્વીકારવા બોલાવવામાં આવે છે.

પૂજામાં ઈષ્ટદેવના સુખનો વિચાર હોતો નથી. જુદાં જુદાં દ્રવ્યોથી પૂજા થાય છે. દ્રવ્યોની સંખ્યાને લઈને પૂજાના જુદા જુદા પ્રકારો બતાવવામાં આવ્યા છે. જેમ કે એકોપચાર, પંચોપચાર, ષોડશોપચાર, રાજોપચાર વગેરે. પૂજામાં ઋતુનો વિચાર પણ કરવામાં આવતો નથી. ભરશિયાળામાં પણ ઠંડા જળથી દેવને સ્નાન કરાવી, ચંદન લગાડવામાં આવે છે. વજ સહિતનાં ફૂલોનો દેવ પર ઢગલો થાય છે. નૈવેદ્યમાં આખાં ફળ ધરવામાં આવે છે. પૂજા સકામ અથવા નિષ્કામ પ્રકારે થાય છે. સકામ મનુષ્યો લૌકિક અને પારલૌકિક ફળ મેળવવા માટે પૂજા કરે છે.

નિષ્કામ મનુષ્યો મોક્ષપ્રાપ્તિ માટે પૂજા કરે છે. પૂજા કલાક બે કલાક જેટલા નિશ્ચિત સમયની હોય છે. તેથી પૂજાની પ્રક્રિયા પાર્ટટાઈમ છે. આખું જીવન પૂજામય બનાવવાની જરૂર હોતી નથી. પૂજા જે વ્યક્તિ કરે તેને જ પૂજાનું ફળ મળે છે. તે વ્યક્તિની પૂજામાં મદદરૂપ થનાર અન્ય વ્યક્તિઓને પૂજાનું ફળ મળતું નથી. પૂજારીને પૈસા આપીને પણ પૂજા કરાવી શકાય છે.

સેવાનો પ્રકાર પૂજા કરતાં તદ્દન જુદો છે. પૂર્ણપુરુષોત્તમ શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણની જ સેવા થાય છે. અન્ય કોઈ દેવરૂપની સેવા થતી નથી. સેવા માટે બ્રહ્મ સંબંધ આવશ્યક છે. બ્રહ્મસંબંધ વિના સેવા થઈ શકતી નથી. પૂજા માટે આવી કોઈ દીક્ષા જરૂરી નથી. સેવા કરતાં પહેલાં શ્રીઠાકોરજીનાં ચિત્ર કે મૂર્તિને શ્રીવલ્લભકુળ પાસે સેવ્ય કરાવવાં આવશ્યક છે. તે વિના સેવા થઈ શકતી નથી. સેવામાં અષ્ટયામ સેવાનો પ્રકાર હોય છે, જે આપણે ઉપર જોઈ ગયા છીએ. જેથી સેવા ઈન્સ્ટન્ટ પ્રકારની કે પાર્ટટાઈમ પ્રકારની નથી.

સેવામાં ઋતુ અનુસાર શ્રીઠાકોરજીના સુખનો વિચાર રહેલો છે. શાસ્ત્ર-પદ્ધતિને પાયામાં રાખીને પ્રભુના સુખના વિચાર પ્રમાણે તેનો સેવામાં વિનિયોગ કરવામાં આવેલો છે, તેથી ઋતુ અનુસાર સેવાપ્રકારમાં વૈવિધ્ય રહેલું છે. શ્રીઠાકોરજીને સુખ થાય તે પ્રકારે ઉષ્ણ જળથી સ્નાન કરાવી, ઋતુ પ્રમાણે સુંદર વસ્ત્રાભૂષણ, સામગ્રી, કીર્તન આદિ અંગીકાર કરાવવામાં આવે છે. શ્રીઠાકોરજીને ફૂલોના ઢગલામાં ઢાંકી દેવામાં આવતા નથી, પરંતુ સુંદર પુષ્પોની માળા સિદ્ધ કરી, ધરાવવામાં આવે છે. તેવી જ રીતે આખાં ફળ ધરવાને બદલે ફળોને સિદ્ધ કરી, ધરાવવામાં આવે છે. સેવા સકામ ભાવથી કરવાની હોતી નથી. સેવામાં નિષ્કામ ભાવ જરૂરી છે. લૌકિક કે પારલૌકિક ફળ માટે સેવા કરવાની હોતી નથી. શ્રીઠાકોરજીને આપણા લૌકિક સ્વાર્થ માટેનું સાધન બનાવીને સેવા કરવાની નથી. સેવા પૂરો જીવનક્રમ છે. સેવા કરનારને અને સેવામાં સહાય કરનારને સેવાનું અલૌકિક ફળ મળે છે. શ્રીઠાકોરજીને લાયક જે કંઈ કાર્ય કરવામાં આવે, તે સેવાના ભાગરૂપ હોય છે. સેવા એટલે શુદ્ધ નિષ્કામ સ્નેહની અભિવ્યક્તિ. સેવામાં પૂજા જેવો આદર-સન્માનનો ભાવ નથી, માટે સેવા જાહેર દેવાલયોનો વિષય નથી. તે પોતાના ઘરમાં કરવાનો વિષય છે, તેથી ગૃહસેવાનો પ્રકાર જોવા મળે છે. સેવા પૈસા આપીને કરાવી શકાતી નથી, તે જાતે જ કરવી જોઈએ. કેવળ સેવાની ક્રિયાઓ કરવાથી સેવા થતી નથી, સેવાની ક્રિયાઓની સાથે સાથે આપણું મન તેમાં એકાગ્ર થવું જરૂરી છે. સાધનરૂપા પૂજા માનસી પૂજામાં પરિવર્તન પામતી નથી. જ્યારે સાધનરૂપા સેવા ઉત્તરોત્તર મન લગાડીને કરવામાં આવે તો

ફળરૂપા માનસી સેવામાં પરિવર્તન પામે છે. પૂજાનું વધુમાં વધુ ફળ મોક્ષ છે, જ્યારે સેવાનું મુખ્ય ફળ નિત્યલીલામાં ભગવદ્પ્રાપ્તિ અને તેમના દિવ્ય સ્વરૂપાનંદનો અનુભવ છે. આમ, પૂજા અને સેવામાં ઘણું મોટું અંતર છે. તે સમજીને આપણે સેવામાં તત્પર થવું જોઈએ.

પ્ર. ૧૨ : કેટલીક વખત એવું જોવા મળે છે કે આપણને સેવા કરવાની ઇચ્છા હોય, છતાં કોઈક એવું નડતર આવે કે સેવા થઈ શકે નહિ. આ નડતર વિષે થોડી સમજૂતી આપશો?

જ. ૧૨ : જેને આપણે લૌકિક ભાષામાં નડતર કહીએ છીએ તેને સેવાની પરિભાષામાં પ્રતિબંધ કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી 'સેવાફળ' ગ્રંથમાં સેવામાં નડતા ત્રણ પ્રતિબંધો બતાવે છે : (૧) ભોગ (૨) ઉદ્વેગ (૩) પ્રતિબંધ.

ભોગ બે પ્રકારના છે : લૌકિક અને અલૌકિક. લૌકિક ભોગ એટલે દુનિયાના મોજશોખ, ખાનપાન, આનંદપ્રમોદ વગેરે. આપણી કામવાસના અને તેનો ભોગ પણ લૌકિક ભોગ છે. આ બધા લૌકિક ભોગ આપણને તેમનામાં ડુબાડી દે છે. આપણી ઈન્દ્રિયો અને મન એમાં એવાં લાગી જાય છે કે તે વિના આપણને બીજું કંઈ સૂઝતું નથી. આપણે તેની પાછળ પાગલ જેવા બનીએ છીએ. ઘણી વાર તેને કારણે માણસ તેની જવાબદારીઓ પણ યોગ્ય રીતે બજાવી શકતો નથી. આવી સ્થિતિમાં આપણે સેવા કરી શકતા નથી; કારણ કે આપણને સેવા કરવાની ઈચ્છા જ થતી નથી. કોઈ સેવા કરવાનું કહે તો અનેક બહાનાં બતાવી, તેનો ઈન્કાર કરીએ છીએ. મુખ્યત્વે આપણા જીવનમાં સેવા ન બનવાનું આ જ કારણ છે.

સેવામાં બીજું નડતર ઉદ્વેગનું છે. ઉદ્વેગ પણ બે પ્રકારનો છે. લૌકિક ઉદ્વેગ અને અલૌકિક ઉદ્વેગ. લૌકિક ઉદ્વેગ આપણી સાંસારિક ચિંતાઓમાંથી, કાર્યોમાં મળતી નિષ્ફળતાઓ અને નિરાશાઓમાંથી, ઈચ્છેલો ભોગ પ્રાપ્ત ન થવામાંથી થાય છે. આ ઉદ્વેગ આપણા મનમાં ટેન્શન જન્માવે છે. તેમાંથી વ્યથા થાય છે, ચિત્ત અશાંત અને અસ્વસ્થ બને છે. તે કોઈ પ્રવૃત્તિમાં લાગતું નથી. ક્યારેક આવા માણસને આપઘાત કરવાના વિચારો પણ આવે છે. તે માનસિક રોગોનો ભોગ બને છે. આવી માનસિક અસ્વસ્થ સ્થિતિમાં સેવા બની શકતી નથી, કારણ કે સેવા માટે ચિત્તમાં જે પ્રસન્નતા અને એકાગ્રતા જોઈએ, તે આવી સ્થિતિમાં શક્ય નથી. આને લીધે પણ ઘણા સેવાથી વિમુખ થાય છે.

ઉપર લૌકિક ભોગ અને લૌકિક ઉદ્વેગ બતાવ્યા. અલૌકિક ભોગ અને

અલૌકિક ઉદ્વેગ, આ બંને સેવામાં પ્રતિબંધ કરતા નથી, બલકે સેવામાં સહાય કરે છે. અલૌકિક ભોગ એટલે સેવા-સ્મરણથી મળતું અલૌકિક ભગવત્સુખ. આ ભગવત્સુખ આપણને સેવામાં વિશેષ તત્પર કરે છે. અલૌકિક ઉદ્વેગ એટલે પ્રભુને મળવાનો વિરહતાપ. તે પણ આપણને સેવામાં વિશેષરૂપે જોડે છે.

આપણને સેવામાંથી રોકનાર ત્રીજું પરિબળ છે પ્રતિબંધ અર્થાત્ રૂકાવટ. પ્રતિબંધ પણ બે પ્રકારના છે : લૌકિક પ્રતિબંધ અને ભગવાન દ્વારા થતા પ્રતિબંધ. આપણને માંદગી આવે, સૂતક આવે, ધંધા માટે બહારગામ જવું પડે, સામાજિક પ્રસંગોમાં હાજરી આપવી પડે, આ બધા લૌકિક પ્રતિબંધો છે. તેમને કારણે આપણી સેવા છૂટે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આવા પ્રતિબંધો શ્રીઠાકોરજી આપણી સેવા માટેની તત્પરતા અને દઢતાની કસોટી કરવા આપે છે અથવા ક્યારેક વિરહનું દાન કરવા આપે છે. ક્યારેક સેવામાં થયેલા અપરાધને લઈને પણ આવા પ્રતિબંધ આવે છે. આવા પ્રતિબંધો આપણી બુદ્ધિથી દૂર કરવા જોઈએ. તેમાંથી સેવા માટેની અનુકૂળતા શોધી લેવી જોઈએ. આવા પ્રતિબંધોને વશ થઈને સેવા છોડી દેવી ન જોઈએ. સેવાનો વિશેષ આગ્રહ રાખીને આ પ્રતિબંધોનો સામનો કરવો જોઈએ.

ભગવત્કૃત પ્રતિબંધો પ્રભુએ આપેલા પ્રતિબંધો છે. ક્યારેક સેવાનો આપણો અધિકાર ન હોય અથવા શ્રીઠાકોરજી કોઈ કારણસર આપણી સેવા લેવા ઇચ્છતા ન હોય, ત્યારે શ્રીઠાકોરજી એવી લીલા કરે છે કે આપણે સેવા કરી શકીએ જ નહિ. આપણા બધા પ્રયત્નો નિષ્ફળ જાય. જ્યારે આવું બને ત્યારે તેને ભગવદિચ્છા માનીને સ્વીકારી લેવી જોઈએ. આવા સંજોગોમાં સેવાનો હઠાગ્રહ ન રાખવો. સેવાના બદલે શ્રીભાગવતનો પાઠ કરવો, સ્તોત્રપાઠ અને અષ્ટાક્ષરના જપ કરવા કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાં.

ઉપર પ્રમાણે કયા કારણોસર આપણે સેવા કરી શકતા નથી તેનો બરાબર વિચાર કરી, તે કારણોને દૂર કરી સેવામાં લાગવું જોઈએ.

પ્ર. ૧૩ : સેવા દ્વારા નિરોધ પ્રાપ્ત થાય છે, એમ સાંભળ્યું છે. નિરોધ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે, તો નિરોધ એટલે શું?

જ. ૧૩ : આપણે આગળ જોઈ ગયા કે સેવા એટલે ભક્તિ. શ્રીમહાપ્રભુજીએ ભક્તિને વૃક્ષ સાથે સરખાવી છે. વૃક્ષનો જેમ જેમ વિકાસ થતો જાય, તેમ તેમ તેને સુંદર પાન આવે, પછી ફૂલો બેસે અને છેવટે ફળ આવે ત્યારે વૃક્ષ પરિપૂર્ણ થયું કહેવાય. આપણા ભક્તિરૂપી વૃક્ષની પણ આ ત્રણ અવસ્થા છે.

સેવા કરતાં લૌકિકમાંથી આપણો રાગ એટલે આકર્ષણ ઘટે અને શ્રીઠાકોરજીમાં આપણો પ્રેમ વધે. આ પ્રેમાવસ્થા એ ભક્તિરૂપી વૃક્ષને ફૂટેલાં પાન છે. વૃક્ષ પાનથી છવાઈ જાય, પછી તેના પર ફૂલ બેસે છે. શ્રીઠાકોરજીમાં આપણો પ્રેમ વધે અને લૌકિકમાંથી ખેંચાણ ઘટે તેમ તેમ મન શ્રીઠાકોરજી તરફ વધુ ને વધુ આકર્ષાય છે. શ્રીઠાકોરજીમાં આપણી આસક્તિ વધે છે. શ્રીઠાકોરજી વિના ચેન પડતું નથી. સેવા છોડીને બીજાં કોઈ કાર્ય કરવાનું મન થતું નથી. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ પણ સરખી રીતે બજાવી શકાતી નથી. આવી સ્થિતિને આસક્તિ કહેવામાં આવે છે. ભગવાનમાં આવી આસક્તિ એ વૃક્ષને આવેલાં ફૂલ જેવી સ્થિતિ છે.

ફૂલ પછી વૃક્ષ પર ફળ આવે છે, તેવી રીતે સેવામાં આપણી ભગવદાસક્તિ વધુ ને વધુ દૃઢ થાય, તેમ તેમ આપણું ચિત્ત શ્રીઠાકોરજીમાં વધારે ને વધારે લાગેલું રહે છે. મન શ્રીઠાકોરજીમાં લાગેલું રહે તેને નિરોધ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં નિરોધ શબ્દના બે અર્થ છે. એક અર્થ છે કચડી નાખવું, મારી નાખવું. બીજો અર્થ છે સંપૂર્ણ ચોંટી જવું. યોગમાર્ગમાં યોગની વિવિધ પદ્ધતિઓથી ચિત્તવૃત્તિનો નિરોધ કરવામાં આવે છે; ત્યારે તેમાં મનને અને ઇન્દ્રિયોને દેહદમન વગેરેથી કચડી નાખવાની, મારી નાખવાની પ્રક્રિયા થાય છે. પુષ્ટિમાર્ગમાં સેવા દ્વારા મનને મોહનમાં મેળવી દેવાની પ્રક્રિયા થાય છે; એટલે યોગમાર્ગના નિરોધ કરતાં પુષ્ટિમાર્ગનો નિરોધ જુદો છે.

જ્યારે મનનો પ્રભુમાં સંપૂર્ણ નિરોધ થાય, ત્યારે તે ભક્તને તેનાં દેહ-ગેહ વગેરેનું ભાન રહેતું નથી. તેને વારંવાર મૂર્છા આવે છે. શરીર શિથિલ બની જાય છે. શરીરથી સેવા છૂટી જાય છે, પરંતુ તેનું મન પ્રભુમાં એવું લાગી ગયું હોય છે કે શ્રીઠાકોરજી ભાવાત્મક સ્વરૂપે સતત તેના હૃદયમાં બિરાજી તેની પાસે માનસી સેવા કરાવે છે અને તેને અલૌકિક રસદાન કરે છે. આવી સ્થિતિમાં તે ભક્ત પ્રભુ વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. આમ, હૃદયમાં ચાલતી ભગવલ્લીલાનો અનુભવ કરાવતી આ અવસ્થાને વ્યસન અવસ્થા અથવા સર્વાત્મ ભાવની અવસ્થા પણ કહેવામાં આવે છે. તે જ પુષ્ટિ માર્ગનો નિરોધ છે. આ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. એટલે નિરોધ સિદ્ધ થાય ત્યાં સુધી સેવા દૃઢતાથી કરવી જોઈએ.

પ્ર. ૧૭ : આગળ કહેવામાં આવ્યું કે સેવા ભાવપ્રધાન છે. કેટલાક એમ કહે છે કે સેવા બાલભાવથી કરવી જોઈએ. કેટલાક એમ કહે છે કે

સેવા પતિભાવથી પણ કરી શકાય. બાલભાવથી સેવા કરવાનું કારણ શું? સેવામાં ખરેખર કયો ભાવ રાખવો જોઈએ?

જ. ૧૪ : આપણે આપણી બુદ્ધિથી ભાવ ગ્રહણ કરી શકતા નથી. શ્રીઠાકોરજીને આપણી સેવા દ્વારા આપણી પાસેથી જે ભાવ માણવાની ઈચ્છા હોય, એ ભાવ તેઓ આપણા હૃદયમાં પ્રગટ કરે છે. સેવા કરવા માંડીએ એ પહેલાં ભાવ જાગતો નથી. જેમ જેમ સેવામાં આગળ વધતા જઈએ, તેમ તેમ એક ચોક્કસ ભાવ આપણા મનમાં આકાર લે છે.

શ્રીભાગવતજી કહે છે કે આપણે શ્રીઠાકોરજીને જે દૃષ્ટિથી જોઈશું, એ સ્વરૂપે તેઓ આપણે પ્રાપ્ત થશે. મથુરામાં કંસની સભામાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા, ત્યારે ત્યાં હાજર રહેલા જુદા જુદા લોકોને શ્રીકૃષ્ણનાં જુદા જુદા સ્વરૂપે દર્શન થયાં હતાં. સ્ત્રીઓને કામદેવ-સ્વરૂપે, ઋષિ-મુનિઓને પરમ તત્ત્વ-સ્વરૂપે, મલ્લોને મહામલ્લ-સ્વરૂપે અને કંસને કાલ-સ્વરૂપે દર્શન થયાં હતાં. જેના હૃદયમાં ભગવાને જે ભાવ પ્રેર્યા એ ભાવની દૃષ્ટિથી તેમણે દર્શન કર્યાં. આમ, ભાવ પ્રભુપ્રેરિત છે; આપણી ઈચ્છાનો વિષય નથી.

શ્રીઠાકોરજી સાથે વ્રજભક્તો સામાન્ય રીતે ત્રણ પ્રકારનો ભાવ અનુભવે છે. શ્રીનંદ-યશોદા વગેરે પ્રૌઢ વ્રજવાસીઓ બાલભાવથી શ્રીઠાકોરજીને સેવે છે. તેમને શ્રીકૃષ્ણ પોતાના પુત્ર લાગે છે. બાલભાવ એટલે વાત્સલ્યભાવ. ગોપિકાઓને શ્રીકૃષ્ણ પોતાના પ્રિયતમ લાગે છે, તેથી તેઓ શ્રીકૃષ્ણને માધુર્યભાવથી નીરખે છે અને સેવે છે. માધુર્યભાવ એટલે કાન્તાભાવ અથવા પતિભાવ. ગોપબાલકો શ્રીકૃષ્ણને પોતાના સખા માને છે, તેમનામાં સખ્યભાવ મુખ્ય છે. જે વ્રજભક્ત જે ભાવથી તેમને સેવે છે, તે ભાવથી તેઓ પોતાનો અનુભવ કરાવે છે. આપણે પણ આ ત્રણ ભાવ પૈકી આપણા હૃદયમાં જે ભાવ જાગે તે ભાવથી શ્રીઠાકોરજીને સેવવા જોઈએ.

પુષ્ટિમાર્ગના સેવાપ્રકારમાં બાલભાવની મુખ્યતા બતાવવામાં આવી છે, તેનાં બે કારણ છે : વાત્સલ્યભાવ હમેશાં શુદ્ધ અને નિષ્કામ હોય છે. તેમાં કોઈ વિકાર થવાનો સંભવ હોતો નથી. કોઈપણ મનુષ્ય જ્યારે બાળકને પુત્ર માનીને વહાલ કરે, ત્યારે તે નિઃસ્વાર્થ હોય છે. બાળક પાસે કોઈ પોતાના દુઃખનાં રોદણાં રડતું નથી. તેમ કરીને બાળકને ઓશિયાળું બનાવતું નથી. બાળક પાસે કોઈ કશું માગતું નથી. આપણે બાળકને તેને મનગમતું આપીએ છીએ, તેની પાસેથી લેવાની આશા રાખતાં નથી. માટે વાત્સલ્ય એ શુદ્ધ સ્નેહનું સ્વરૂપ છે. એવી જ

રીતે જ્યારે શ્રીઠાકોરજીમાં બાલભાવ રાખીને આપણે તેમની પાસે આંસુ ન પાડીએ અને કશું મેળવવાની ઈચ્છા ન રાખીએ, ત્યારે આપણી સેવા શુદ્ધ, નિઃસ્વાર્થ, સ્નેહનું સ્વરૂપ ધારણ કરે છે. તેથી બાલભાવની મુખ્યતા સ્વીકારવામાં આવી છે.

બાલભાવ માટે એક બીજું પણ કારણ છે. પત્ની એના પતિની સેવા કરે, ત્યારે પતિભાવમાં પણ પરોક્ષ રીતે બાલભાવ તો રહેલો જ છે. પતિને ભોજન વગેરે કરાવતી વખતે પત્નીના હૃદયમાં માતૃત્વનો ભાવ હોય છે; એટલે બાલભાવ તો માધુર્યભાવમાં પણ રહેવાનો જ છે. જો કેવળ માધુર્યભાવથી આપણે સેવા કરવાની શરૂ કરીશું, તો ક્યારેક આપણી લૌકિક કામવાસનાઓ પ્રભુમાં આરોપિત થઈ જશે. તેને કારણે આપણને અપરાધ લાગશે; કારણ કે પ્રભુ અલૌકિક છે. જ્યારે લૌકિક કામવાસના જાગે છે, ત્યારે ત્યાં અલૌકિક પ્રભુ બિરાજતા નથી. એટલે માધુર્યભાવમાં આ એક બીક રહે છે.

જો સખ્યભાવથી સેવા કરવા જઈશું તો પ્રભુનું સુખ સચવાશે નહિ; કારણ કે મિત્રતામાં પરસ્પર આનંદ લેવાનો જ ભાવ હોય છે, સુખ સાચવવાનો ભાવ હોતો નથી. મિત્રતામાં આદરભાવ પણ હોતો નથી. આપણી બુદ્ધિ જ્યાં સુધી લૌકિક છે, ત્યાં સુધી શ્રીઠાકોરજીમાં રાજાના જેવો આદરભાવ અને અપરાધનો ભય પણ રહેવો જરૂરી છે. સખ્યભાવથી સેવા કરતાં આવી સાવચેતી અને સાવધાની રહેશે નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પ્રભુમાં બાલભાવને પ્રધાન ગણીને સેવામાં તત્પર થવું.

પ્ર. ૧૫ : સેવાનું ફળ શું?

જ. ૧૫ : 'સેવાફળ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સેવાનાં ત્રણ ફળ કહે છે. સૌથી ઉત્તમ ફળ છે અલૌકિક સામર્થ્ય. મધ્યમ ફળ છે સાયુજ્ય. નિમ્ન ફળ છે સેવોપયોગી દેહ. અલૌકિક સામર્થ્ય એટલે આ જન્મમાં આપણું ભૌતિક શરીર અને ઈન્દ્રિયો અલૌકિકતા પ્રાપ્ત કરે, જેને તનુનવત્વ કહેવામાં આવે છે. જ્યારે આપણો દેહ તનુનવત્વ પ્રાપ્ત કરે ત્યારે તેને સેવામાં ઉમર, વ્યાધિ, અશક્તિ વગેરે શરીરના ધર્મો કે ભૂખ, તરસ, થાક, કંટાળો વગેરે બાધા કરતા નથી. તનુનવત્વથી વ્રજભક્તોના જેવું અલૌકિક સામર્થ્ય આવે છે, એટલે આજીવન ખૂબ જ પ્રસન્નતાથી સેવામાં તત્પર રહેવાય છે. સાથે સાથે લૌકિક શરીરથી શ્રીઠાકોરજીનો જે અનુભવ થઈ શકતો નથી, તે તનુનવત્વ પ્રાપ્ત થતાં થાય છે. આપણો દેહ છૂટ્યા પછી આપણો આત્મા નવતનુ એટલે અલૌકિક દેહ ધારણ કરીને

નિત્યલીલામાં પ્રવેશે અને ત્યાં શ્રીઠાકોરજીની સાક્ષાત્ સેવા કરતાં તેમના સ્વરૂપાનંદનો અનુભવ કરે, તેને અલૌકિક સામર્થ્ય કહેવામાં આવે છે. આંતર-બાહ્ય બંને રીતે ભગવદ્રસાનુભવ થવો તેનું નામ અલૌકિક સામર્થ્ય. તે પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.

સાયુજ્ય એટલે શ્રીઠાકોરજીમાં વિલીન થઈ જવું, જેને જ્ઞાનમાર્ગમાં મોક્ષ કહેવામાં આવે છે. મોક્ષ ચાર પ્રકારનો છે. સાયુજ્ય, સારૂપ્ય, સામીપ્ય, સાલોક્ય. તેમાંથી આ ઉત્તમ પ્રકારનો મોક્ષ છે. શ્રીઠાકોરજી આ જીવાત્માઓને મૃત્યુ બાદ પોતાનામાં સમાવી લે છે. ક્યારેક તેમના પર કૃપા કરવા તેમને અલૌકિક દેહ આપી, પોતાનામાંથી બહાર પ્રગટ કરી, પોતાના રમણનું સુખ આપે છે. આ મધ્યમ કક્ષાનું ફળ છે.

સેવોપયોગી દેહ એટલે નિત્યલીલામાં મનુષ્ય સિવાયની પશુપક્ષી આદિની દિવ્ય યોનિ, જેમાં દૂરથી પ્રભુનાં દર્શન થાય છે અને પ્રભુનું ગુણગાન થાય છે. આ યોનિમાં પ્રભુની સેવા પ્રાપ્ત થતી નથી. તેથી તેને નિમ્નકક્ષાનું ફળ કહ્યું છે; છતાં આ ફળ જ્ઞાનમાર્ગના મોક્ષ કરતાં ઉત્તમ છે, કારણ કે તેમાં ભગવદ્-અનુભવ તો થાય છે જ.

પ્ર. ૧૬ : સેવાનાં સ્વરૂપ, સિદ્ધાંત અને ફળ વિશે જાણ્યા પછી સેવા કરવાની આતુરતા વધે, એ સ્વાભાવિક છે. એ સંજોગોમાં સેવા કરવા તત્પર થનારે મુખ્યત્વે કઈ કઈ બાબતોની કાળજી લેવી જોઈએ?

જ. ૧૬ : સેવા કરવા તત્પર થનાર સેવકે નીચેની બાબતોની ખાસ કાળજી લેવી જોઈએ : (૧) સેવામાં દાસભાવ અને દીનતા હોવાં જોઈએ. હું આટલી બધી સેવા કરું છું, એની ગણતરી અને એનુ અભિમાન ન થવું જોઈએ. (૨) સેવા ઘરના એકાંતમાં ગુપ્ત રીતે કરવી. આપણી સેવાનું બીજાઓ પાસે પ્રદર્શન ન કરવું. (૩) સેવા દ્વારા આપણા હૃદયમાં જે ભાવ જાગે તે આપણા પૂરતો ગુપ્ત રાખવો. પ્રભુ કૃપા કરીને કોઈ સાનુભવ જતાવે તો તે પણ આપણા પૂરતો ગુપ્ત રાખવો. ભાવ અને સાનુભવની વાતો બીજાઓને કરવી નહિ. (૪) ભાવ-ભાવના, લીલા-ભાવના, સ્વરૂપ-ભાવના, નિકુંજાદિ લીલાઓનાં કીર્તનોના ગૂઢ ભાવ વગેરે પણ આપણા હૃદયમાં ગુપ્ત રાખવા. બીજાઓની આગળ તેની કથાવાર્તા ન કરવી. (૫) સવાર-સાંજ મળીને મંગળાથી શયન પર્યન્ત પૂરી સેવા કરવાનો આગ્રહ રાખવો. બપોરે અને રાત્રે શ્રીઠાકોરજી આપણી સામે ન હોય ત્યારે વિરહાતુર બનીને સેવા માટેનાં ઉપયોગી કાર્યો કરવાં. સમય મેળવીને કથાશ્રવણ, ગુણગાન,

સ્મરણ કરવું. (૬) જેઓ અવૈષ્ણવ હોય તેમને આપણા ઠાકોરજીનાં અને સેવાનાં દર્શન ન કરાવવાં. (૭) આપણી સેવા માટે બીજાઓ પાસેથી રૂપિયા કે વસ્તુ ન સ્વીકારવાં. (૮) શ્રીઠાકોરજીની સેવામાં ફળની, ભોગની કે કીર્તિની અપેક્ષા ન રાખવી. (૯) લૌકિક ચતુરાઈનો ઉપયોગ કરીને સેવામાં દંભ કે છળકપટ ન કરવાં. શુદ્ધ ભાવથી સેવા કરવી. પ્રભુ અંતર્યામી છે, તેમનાથી કશું છુપાવી શકાતું નથી. (૧૦) સેવામાં અસંભાવના અને વિપરીત ભાવના ન કરવી. અસંભાવના એટલે શ્રીઠાકોરજી આટલી બધી સામગ્રી આરોગ્યા છે કે કેમ? તેઓ તો નાના બાળક છે, આટલું બધું કેવી રીતે આરોગે? આ અસંભાવના કહેવાય. શ્રીઠાકોરજી સર્વસમર્થ છે, બધું જ આરોગી શકે છે, એમ સમજવું. આટલું બધું આરોગતાં શ્રીઠાકોરજીને પેટમાં દુઃખશે એવો વિચાર કરવો તે વિપરીત ભાવના છે. શ્રીઠાકોરજી લૌકિક નથી, એટલે આવી વિપરીત ભાવના પણ ન કરવી. (૧૧) સેવા નિત્ય નિયમથી, સમયસર આગ્રહ અને આદરપૂર્વક કરવી. (૧૨) અજાણતાં કે ઉતાવળમાં શ્રીઠાકોરજીનો અપરાધ ન થઈ જાય તેની કાળજી રાખવી. (૧૩) બીજાની દેખાદેખીથી સેવા ન કરવી. (૧૪) શ્રીઠાકોરજીને લૌકિક માનીને લૌકિક ભાવથી સેવા ન કરવી. (૧૫) આપણી લૌકિક બુદ્ધિ પ્રમાણે સેવામાં ફેરફાર ન કરવા.

આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને સાવધાનીથી સેવા કરવી જોઈએ. શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે તેમ સેવા એક માત્ર પુષ્ટિજીવોનો સ્વધર્મ છે, તે ધ્યાનમાં રાખવું.

પ્ર. ૧૭ : સેવા આપણો સ્વધર્મ છે એ વાત સાચી, તો સેવા કરનારે જનસેવાને પ્રભુસેવા માનવી કે નહિ? આપણાથી જનસેવા કરી શકાય કે નહિ?

જ. ૧૭ : દુનિયામાં દરેક માણસની એક મુખ્ય પ્રવૃત્તિ અને જવાબદારી હોય છે. તે બજાવતાં બજાવતાં તે માણસ બીજી કેટલીક ગૌણ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ પણ બજાવે છે. સમજદાર માણસ પોતાની મુખ્ય જવાબદારીના ભોગે બીજું કંઈ કરતો નથી. તેવી રીતે પુષ્ટિજીવોની મુખ્ય ફરજ ભગવત્સેવા છે. આપણે આગળ જોઈ ગયા કે પોતાની સેવા કરાવવા માટે શ્રીઠાકોરજીએ પુષ્ટિજીવોને પ્રગટ કર્યા. એટલે સેવા એ જ આપણો મુખ્ય આત્મધર્મ છે. આત્માનો ધર્મ એક જ છે, આત્માના અનેક ધર્મો નથી.

આપણા આત્માએ આપણું શરીર પણ ધારણ કર્યું છે. આ શરીરના કેટલાક

ધર્મો છે, જેને દેહધર્મ કહેવામાં આવે છે. દેહધર્મમાં મુખ્યત્વે આપણા શરીરની સંભાળ, આપણા કુટુંબની સંભાળ, આપણા સમાજ, ગામ, રાજ્ય અને દેશ પ્રત્યેની આપણી ફરજ વગેરેનો સમાવેશ થાય છે. એક મનુષ્ય તરીકે આ બધા દેહધર્મો પણ આપણે બજાવવાના છે; પરંતુ તેમાં એવી કાળજી રાખવી પડે કે દેહધર્મોને લઈને સેવાનો આત્મધર્મ ગૌણ ન બની જાય અથવા સેવા છૂટી ન જાય. સેવાને મુખ્યતા આપીને દેહધર્મો કરવાની અનુકૂળતા શોધવી જોઈએ. પરોપકાર એ દેહધર્મ છે. તેને આપણે આજના સમયમાં જનસેવા કહીએ છીએ. આ પરોપકાર એવી રીતે સહજતાથી થવો જોઈએ કે જેને કારણે સેવામાં પ્રતિબંધ ન આવે. સેવા સિવાયના સમયમાં આપણે બીજાઓને અવશ્ય મદદ કરવી જોઈએ, પરંતુ સેવા છોડીને પરોપકાર કરવા ન જવાય. આટલો વિવેક આપણામાં આવવો જોઈએ.

જનસેવા એ જ પ્રભુસેવા છે એ સમીકરણ સાચું નથી. જો આ સમીકરણ સ્વીકારીએ, તો મનુષ્ય બરાબર પ્રભુ એવો અર્થ થશે. આપણે જાણીએ છીએ કે મનુષ્ય પ્રભુ નથી, પ્રભુનો અંશ છે. તે બંનેની બરાબરી થઈ શકતી નથી.

શ્રીદયારામભાઈએ આ વાત ‘ભક્તિપોષણ’માં ઉદાહરણ આપીને કહી છે. એક હીરો હોય તો તેને વેચતાં તેમાંથી સોનામહોરો, રૂપિયો અને તાંબાનાણું મળી રહે; કારણ કે તે હીરો સર્વોત્તમ અને સર્વથી કિંમતી છે. સોનામહોર, રૂપિયો, તાંબાનાણું, હીરાની બરોબરી કરી શકતાં નથી. એવી રીતે આપણા શ્રીઠાકોરજી હીરા સમાન છે. વ્યૂહ વગેરે દેવો સોનામહોર છે, અન્ય દેવો રૂપિયા જેવા છે અને માણસ તાંબાનાણાં જેવો છે. શ્રીઠાકોરજીની સેવામાં બધાંની સેવા થઈ જાય છે; પણ જનસેવામાં શ્રીઠાકોરજીની સેવા થઈ જતી નથી.

એક વૃક્ષને જીવતું રાખવા માટે તેના મૂળમાં ખાતર-પાણી આપવાં પડે છે. મૂળની કાળજી લેવાય તો વૃક્ષ જીવતું રહે છે. ડાળાં-પાંદડાંને ખાતર-પાણી આપવાથી વૃક્ષનો ઉછેર થતો નથી. તેવી રીતે શ્રીઠાકોરજી જગતરૂપી વૃક્ષનું મૂળ છે, જગતના સર્વ પદાર્થો અને પ્રાણીઓ તેનાં ડાળાં-પાંદડાં છે. શ્રીઠાકોરજીને સેવવાથી બધાંની સેવા થઈ જાય છે, છતાં એક મનુષ્ય તરીકે જરૂરિયાતવાળાઓને મદદ કરવી એ આપણી ફરજ છે. એ ફરજ એવી રીતે નિભાવવી જોઈએ કે જેથી સેવામાં અંતરાય ન આવે.

◆

૧૫.' અન્યાશ્રય અને અનન્યાશ્રય

પ્ર. ૧ : આપણા ત્યાં અવારનવાર વડીલો તરફથી એવું કહેવાતું રહ્યું છે કે અન્યાશ્રય ન કરવો, કોઈ દેવદેવીનાં દર્શન ન કરવાં, કોઈ દેવદેવીનો પ્રસાદ ન ખાવો, આવું કેમ? અન્યાશ્રય એટલે શું?

જ. ૧ : 'અન્યાશ્રય' શબ્દ બે શબ્દોનો બનેલો છે : અન્ય + આશ્રય. આગળના પ્રકરણમાં 'શરણ' શબ્દનો વિચાર કરતાં આપણે આશ્રય શબ્દ જોઈ ગયા છીએ. આશ્રય શબ્દ શરણના અર્થમાં વપરાય છે. આપણી ભાષામાં તેને માટે આશરો શબ્દ વાપરીએ છીએ. આશરો એટલે આધાર અથવા ટેકો. જે કામ આપણાથી ન થઈ શકે તેવું હોય, તે કામ કરવા માટે આપણે બીજા કોઈનો આધાર કે ટેકો મેળવીએ, તેને આશ્રય કહે છે. કેટલીક વખત બીજાનો આવો આશ્રય જે તે કામ પૂરતો લઈએ છીએ; પરંતુ કેટલીક અવસ્થામાં માણસ લાંબા સમય સુધી અથવા કાયમ માટે બીજાનો આશરો લેતો હોય છે. જેમ કે બાલ્યાવસ્થામાં બાળક માતાપિતાનો આશ્રય લે છે. કાયમનો રોગી હંમેશ માટે દવા અને ડોક્ટરના આશ્રયે જીવે છે. વૃદ્ધો એમનાં કમાતાં સંતાનોનો આશરો લે છે. આ બધા દુનિયાના લૌકિક આશ્રયો છે.

દરેક માણસ જગતમાં બે બાબતો માટે તેની બધી પ્રવૃત્તિઓ કરે છે. તે સર્વ દુઃખોમાંથી મુક્ત થવા ઇચ્છે છે. સાથે સાથે દુનિયાનાં અને પરલોકનાં સર્વ સુખો મેળવવા પણ ઇચ્છે છે. એટલે માણસનું જીવન દુઃખ-નિવૃત્તિ અને સુખ-પ્રાપ્તિ માટે હોય છે. માણસ તેની પોતાની બુદ્ધિ અને શક્તિથી આ કરી શકતો નથી. દુનિયામાં અન્ય લોકોની મદદથી પણ તે બધાં દુઃખોમાંથી મુક્ત થઈ શકતો નથી. દુનિયાનાં બધાં સુખો પણ મેળવી શકતો નથી. પરલોકનાં સુખ તો માણસના હાથની વાત જ નથી. આ સ્થિતિમાં માણસ બીજા માણસનો આશરો લેવા ઉપરાંત પરમાત્માનો અને જુદાં જુદાં દેવદેવીઓનો આશ્રય પણ લે છે.

આપણામાં કહેવત છે કે ગરજવાનને અક્કલ હોતી નથી, એમ આપણે આ બાબતોમાં ગરજવાન હોવાથી, ડૂબતો માણસ તણખલું પકડે તેમ દેવો વગેરેનો ટેકો મેળવવા સતત દોડધામ કરીએ છીએ.

આપણો પુષ્ટિમાર્ગ એ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. ભક્તિ એટલે પ્રેમ અથવા સ્નેહ. દુનિયામાં પણ પત્ની એના પતિને જે પ્રેમ આપે તે પરપુરુષને આપતી નથી. આમ, પ્રેમમાં અનન્યતા જરૂરી છે. આદર-સન્માન વ્યાપક સ્વરૂપનું હોય, પણ પ્રેમ વ્યાપક સ્વરૂપનો હોતો નથી. જ્યારે પ્રેમને વ્યાપક બનાવવામાં આવે, ત્યારે તે પ્રેમ મટીને વ્યભિચાર બને છે. વ્યભિચાર હમેશાં નિંદાને પાત્ર છે.

દુનિયામાં એક રિવાજ છે કે આપણે કોઈ એક વ્યક્તિ પર પાકો વિશ્વાસ રાખી, તેનો આશરો લઈને રહીએ, તો તે તેનાથી બનતાં બધાં દુ:ખો દૂર કરી, આપણને શક્ય તેટલું સુખ આપે છે. પરંતુ જો આપણે એક જ કામ માટે અનેક માણસોનો આશ્રય લેવા જઈએ, તો કોઈ આપણી મદદે આવતું નથી. દરેક જણ એમ માને છે કે તેણે ઘણાં પાસે મદદનો હાથ લંબાવ્યો છે. હું મદદ નહિ કરું તો બીજો મદદ કરશે. આખરે કોઈ મદદ કરતું નથી.

આ બધી બાબતોનો વિચાર કરીને પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રયનો વિચાર કરવામાં આવ્યો. આપણે જેમની સાથે બ્રહ્મસંબંધ કર્યું, એ ભગવાન શ્રીકૃષ્ણ આપણા પતિ છે, આપણા અલૌકિક સ્વામી છે. આપણે આપણું તન, મન, ધન તેમને સોંપી દીધું છે. સદા માટે તેમના બનીને રહેવાની પ્રતિજ્ઞા કરી છે. એટલે ભગવાન શ્રીકૃષ્ણ એ જ આપણા પોતાના છે. એમના સિવાય બાકીના સૌ આપણા માટે અન્ય છે. એટલે મન, વચન અને કર્મથી ભગવાન શ્રીકૃષ્ણનાં બનીને જીવવાને બદલે આપણે આપણા લૌકિક સ્વાર્થ માટે અન્ય કોઈ દેવરૂપનાં દ્વાર ખખડાવીએ કે કોઈ મનુષ્યને દેવ સાથે સરખાવીએ અને તેની મદદ માગીએ, ત્યારે આપણે આપણા પોતાના સ્વામી શ્રીકૃષ્ણનો આશ્રય છોડી દીધો કહેવાય. સાથે સાથે અન્યનો આશ્રય - અન્યાશ્રય - કર્યો કહેવાય.

પ્ર. ૨ : કેટલાક લોકો એક શ્લોક ટાંકીને એમ સમજાવે છે કે સર્વ દેવને કરેલા નમસ્કાર કૃષ્ણ પ્રત્યે જાય છે, જેમ બધી નદીઓનું પાણી સમુદ્રમાં મળે છે. બધા દેવો અલગ અલગ દેખાવા છતાં આખરે તો ઈશ્વર એક જ છે. માટે કોઈ પણ દેવને ભજવાથી અન્યાશ્રય થતો નથી. અન્યાશ્રય એ સંકુચિત વિચાર છે. આ બાબતમાં આપ કાંઈક કહેશો?

જ. ૨ : કેટલીક વખત ખોટી સરખામણી કરવાથી આપણને સાચી વાત સમજમાં આવતી નથી. ભગવાન શ્રીકૃષ્ણ અને હિંદુ ધર્મમાં કહેવાતા ૩૩ કરોડ દેવો વચ્ચેનો સંબંધ સમજી લેવાની જરૂર છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે શ્રીકૃષ્ણ એ પરબ્રહ્મ પરમાત્મા છે. જગતમાં સર્વોચ્ચ, સર્વોપરી અને સર્વથી અધિક

શક્તિમાન તથા સદાનંદ છે. એમના સમાન બીજું કોઈ નથી. તેમણે પોતે આનંદ પ્રાપ્ત કરવા માટે આ સમગ્ર જગતની રચના પોતાનામાંથી કરેલી છે. જગતની રચના કરવા માટે તેમણે પોતાનાં મર્યાદિત ત્રણ શક્તિ-સ્વરૂપો પહેલાં પ્રગટ કર્યાં; જેમને આપણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના નામે જાણીએ છીએ. બ્રહ્માને સર્જન, વિષ્ણુને પાલન અને મહેશને પ્રલયનું કાર્ય સોંપાયું. આ ત્રણ મહાદેવોને મદદ કરવા માટે પરમાત્મા શ્રીકૃષ્ણે પોતાના નાના નાના અંશરૂપ તેત્રીસ કરોડ દેવ-દેવીઓને પણ પ્રગટ કર્યાં. આ સૌ મળીને જગતનું કાર્ય કરી રહ્યાં છે. આ સર્વ દેવ-દેવીઓને ભગવાને અત્યંત મર્યાદિત આનંદ અને કાર્યશક્તિ આપેલાં છે.

એક માણસ પાસે સો રૂપિયા હોય, તો તે બીજાને વધુમાં વધુ સો રૂપિયા આપી શકશે, ૧૦૦૦ રૂપિયા તો નહિ જ આપી શકે. તેમ આ બધાં સ્વરૂપો ભગવાન શ્રીકૃષ્ણ કરતાં અલ્પ શક્તિ અને આનંદવાળાં છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ આપણું જેટલું દુઃખ દૂર કરી શકશે, એટલું અન્ય કોઈ કરી શકશે નહિ. ભગવાન શ્રીકૃષ્ણમાં પૂર્ણાનંદ છે. તેમાંથી ગમે તેટલો આનંદ કાઢી લેવામાં આવે તો પણ તે ઘટતો નથી. આથી, ભગવાન શ્રીકૃષ્ણ આપણને પૂર્ણાનંદ આપી શકશે, અન્ય કોઈ દેવ પૂર્ણાનંદ આપી શકશે નહિ. કારણ તેમનો આનંદ જ અલ્પ છે. આથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આશ્રય કરવો તો શ્રેષ્ઠનો કરવો. શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ જ્યારે બીજું કોઈ નથી, ત્યારે શ્રીકૃષ્ણને છોડીને બીજાનો આશ્રય કરવાથી વધુ લાભ મળી શકવાનો નથી. અન્ય દેવોમાં શ્રીકૃષ્ણ તો અંશરૂપે રહેલા જ છે, એટલે દેવોને કરેલા પ્રણામ શ્રીકૃષ્ણને જરૂર પહોંચે. બધી નદીઓ સમુદ્રને જરૂર મળે, પણ તેથી જેમ નદી સમુદ્ર બની જતી નથી, તેમ દેવ પરમાત્મા બની જતા નથી. પરમાત્મા તો એક છે, દેવરૂપો એમના નાના નાના અંશ છે. માટે પરમાત્માને છોડીને દેવરૂપનો આશ્રય કરવાથી, કોઈ વિશેષ લાભ થતો નથી. માટે કહેવામાં આવ્યું કે કેવળ શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવો. જેટલું રક્ષણ શ્રીકૃષ્ણ કરશે એટલું રક્ષણ અન્ય કોઈ કરશે નહિ. ભલભલા દેવો પણ શ્રીકૃષ્ણ પાસે નાકલીટી તાણે છે. ગોવર્ધનલીલાના પ્રસંગમાં ઈન્દ્રને દંડવત કરી ક્ષમા માગવી પડી. વૃંદાવનમાં બ્રહ્માજી શ્રીકૃષ્ણના પ્રસાદનો એક કણ મેળવવા યમુનાજળમાં માછલું બનીને રહ્યા. મહેશ શ્રીબાલકૃષ્ણનાં દર્શન કરવા જોગી બનીને આવ્યા. સ્વર્ગના દેવો ગોપબાળકો બનીને વ્રજમાં પ્રગટ થયા. વેદની શ્રુતિઓ ને રામાવતારના ઋષિઓ વ્રજમાં ગોપિકાઓ બનીને જન્મ્યાં. આ પરથી આપણને ખ્યાલ આવે છે કે આ સૌ દેવદેવીઓ પણ પોતાના ઈષ્ટ તરીકે ભગવાન શ્રીકૃષ્ણને સ્વીકારે છે અને તેમની ભક્તિ કરે છે. માટે આપણે પણ શ્રીકૃષ્ણનો જ દૃઢ આશ્રય રાખવો જોઈએ.

પ્ર. ૩ : અન્યાશ્રયનું વિશેષ સ્વરૂપ સમજાવશો?

જ. ૩ : આપણે જોઈ ગયા કે આપણી ઇચ્છાઓ પૂરી કરવા માટે આપણે બીજાની મદદ લેવા દોડીએ છીએ. તેને લઈને અન્યાશ્રય કરી બેસીએ છીએ; તેથી અન્યાશ્રયનું મૂળ આપણા મનમાં રહેલું છે. કેવળ ક્રિયાથી અન્યાશ્રય થતો નથી. એ ક્રિયા પાછળ જે હેતુ રહેલો હોય છે, તે અન્યાશ્રયનું કારણ બને છે. જેમ કે આપણે ત્યાં કોઈ લૌકિક મહેમાન આવ્યા. તેઓ જૈનધર્મી છે. તેમને જૈન દેરાસરમાં દર્શને જવું છે. એક મહેમાન તરીકે તેઓ આપણને વિનંતી કરે કે મને તમારા ગામના જૈન દેરાસરે લઈ જાઓ. આપણે તેમને ત્યાં લઈ જઈએ. તેમને દેરાસર બતાવવા લઈ જવામાં કોઈ અન્યાશ્રય થતો નથી, પરંતુ આપણે તે વખતે અને ત્યારપછી અવાર-નવાર ત્યાં જવા લાગીએ, જતાં જતાં બીજાઓ પાસેથી એવું સાંભળીએ કે એ દેવ બહુ જ ચમત્કારી છે. આપણે તેમના ચમત્કારમાં વિશ્વાસ કરીએ, પછી તેમની પાસે અપેક્ષા રાખીએ કે મારા જીવનમાં તેઓ ચમત્કાર બતાવી મારુ દુઃખ દૂર કરે અથવા મને સુખ આપે. આવી બુદ્ધિથી અને હેતુથી ત્યાં જવા લાગીએ એટલે અન્યાશ્રય થાય છે. આમ, અન્યાશ્રયના બે પ્રકાર છે : સૂક્ષ્મ અન્યાશ્રય અને સ્થૂળ અન્યાશ્રય. મનમાં વિચાર દ્વારા જે અન્યાશ્રય થાય તે સૂક્ષ્મ અન્યાશ્રય છે. આથી, 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી અન્યાશ્રયથી બચવા કેટલુંક માર્ગદર્શન આપે છે.

પ્ર. ૪ : અન્યાશ્રયથી બચવા શ્રીમહાપ્રભુજીએ શો માર્ગ બતાવ્યો છે?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીએ સૌથી પહેલી વાત એ કહી કે આપણા પ્રભુ શ્રીકૃષ્ણમાં તમે પૂરેપૂરો પાકો વિશ્વાસ રાખો. આ જગતના સર્વ કર્તાહર્તા તેઓ જ છે. તેમના સમાન બીજું કોઈ નથી. તેઓ તેમની ઇચ્છા પ્રમાણે જ જગત ચલાવે છે. બીજાની મરજી કે ઇચ્છા પ્રમાણે તેઓ કંઈ કરતા નથી. આ સંજોગોમાં આપણું ધાર્યું થાય તે માટે બીજા દેવો પાસે જવાથી કશું મળશે જ નહિ. મોટા માણસ પાસે નાના માણસની ભલામણ ચાલતી નથી. દેવો ભગવાનને આપણે માટે ભલામણ કરી શકશે નહિ. ભગવાન આપણા સ્વામી છે. આપણે તેમના દાસ છીએ. તેઓ આપણું જેટલું હિત કરશે એટલું બીજું કોઈ નહિ કરે. માટે ભગવાનની ઇચ્છાને આધીન બનીને જીવવું. ભગવાનમાં કદી અવિશ્વાસ કરીને ન જીવવું.

શ્રીમહાપ્રભુજીએ બીજી વાત એ કહી કે જો કોઈ અન્ય દેવદેવી ભગવાન કરતાં વધારે આપી શકતાં નથી, તો તેમની પાસે જવાનો, તેમનો આશ્રય કરવાનો

કોઈ અર્થ નથી. માટે અન્ય દેવોનાં મંદિરોમાં આપણે જાતે સામે પગલે ચાલીને ન જવું. તેમની પૂજા, ઉપાસના કે સેવા ન કરવી. તેમની પાસે કંઈ પણ માગવું નહિ. અર્થાત્ આપણે કેવળ ભગવાન શ્રીકૃષ્ણના જ દાસ બનીને રહેવું. શ્રીકૃષ્ણની જ સેવા કરવી. શ્રીકૃષ્ણનાં જ દર્શન કરવાં. શ્રીકૃષ્ણનું જ ગુણગાન કરવું. શ્રીકૃષ્ણ પાસે પણ કશું માગવું નહિ. આવી રીતે રહેવાથી અન્યાશ્રયથી બચી શકાય છે.

પ્ર. ૫ : કોઈ દેવનો આશ્રય ન થઈ જાય, તે માટે કોઈનો અનાદર કે તિરસ્કાર કરી શકાય?

જ. ૫ : ના. દુનિયામાં પત્ની એના પતિનો જ આશ્રય કરીને રહે છે. ઘરમાં પતિ ઉપરાંત બીજા પુરુષો પણ હોય છે. સસરા, જેઠ, દિયર વગેરે પણ રહેતા હોય છે. આ સંજોગોમાં પત્ની પતિ સિવાયના પુરુષોનો અનાદર કે તિરસ્કાર કરતી નથી. તેમની સાથે વિવેક અને સૌજન્યમય વર્તન રાખે છે. સૌને આદર આપે છે, પરંતુ પોતાનું સર્વસ્વ તો માત્ર તેના પતિને જ સોંપે છે.

દુનિયામાં ઘણા માણસો આપણા ઓળખીતા હોય છે. થોડાક સ્નેહી પણ હોય છે. રસ્તે જતાં ઓળખીતા મળે ત્યારે હાથ ઊંચો કરી, આદર આપીએ છીએ. પરંતુ દરેક ઓળખીતા સાથે ઊભા રહીને વાતો કરતા નથી. હાથ ઊંચો કરવાથી આપણે તેમનો આદર કરીએ છીએ, તેમનો અનાદર અને તિરસ્કાર ન થાય તેની કાળજી રાખીએ છીએ. એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણને દાસભાવથી સ્નેહ કરીએ, ત્યારે અન્ય દેવદેવી કે મનુષ્યોને આપણે હીન ગણી, તેમનો અનાદર કે તિરસ્કાર ન જ કરી શકીએ. શ્રીમહાપ્રભુજી કહે છે કે તમારે સામે ચાલીને કોઈ દેવાલયમાં જવાની જરૂર નથી. રસ્તે જતાં દેવાલય આવે અને, અનાયાસ તે તરફ નજર જાય, તો અંદર બિરાજેલા દેવરૂપને હાથ જોડી આદરપૂર્વક જયશ્રીકૃષ્ણ કરવાં જોઈએ; તે તેમનો આદર છે. જેમ આપણા સ્વામી શ્રીકૃષ્ણ છે, તેમ તેમના પણ સ્વામી શ્રીકૃષ્ણ છે. બંનેના સ્વામી એક જ હોવાથી, સ્વામીનો જયઘોષ કરવો એ આપણો વૈષ્ણવી વ્યવહાર છે. તેમ કરવામાં અન્યાશ્રય થતો નથી. ક્યારેક કોઈક કારણસર દેવાલયમાં જવું પડે તો પણ તે દેવની સન્મુખ આ પ્રકારે આદર આપીને જયશ્રીકૃષ્ણ કહી શકાય. તેમને પીઠ ન કરાય, તેનું અપમાન ન કરાય. તેમના વિષે ઘસાતો શબ્દ ન બોલાય. આ વિવેક વૈષ્ણવ તરીકે આપણે સાચવવો જરૂરી છે.

પ્ર. ૬ : આ સંજોગોમાં આપણાં કુળદેવીનાં સ્થાનકે આપણે જવું કે ન જવું? તેમની પૂજા વગેરે કરવી કે ન કરવી?

જ. ૬ : મૂળ સિદ્ધાંત ઉપર જોઈ ગયા. કશું મેળવવાની બુદ્ધિથી ત્યાં પણ ન જવાય. કશું મેળવવા માટે તો શ્રીનાથદ્વારા પણ ન જવાય. સામાજિક વ્યવહાર

અને આગ્રહને લઈને જવું પડે તો એક વ્યવહાર ખાતર જવું અને બાહ્ય દેખીતી રીતે વ્યવહાર સાચવવા જે કરવું પડે તે કરવું. પરંતુ તે વખતે મનમાં અન્યાશ્રયનો ભાવ તો ન જ હોવો જોઈએ.

પ્ર. ૭ : કેટલાક વૈષ્ણવો એમનાં કુળદેવીને શ્રીયમુનાજી સાથે સરખાવે છે અને કહે છે કે શ્રીઠાકોરજી અમારા બાપ છે, તો કુળદેવી અમારી મા છે. આવું કહેવું બરાબર છે?

જ. ૭ : ના. આપણે આગળ જોઈ ગયા કે શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી એક જ સ્વરૂપ છે. શ્રીયમુનાજી શ્રીઠાકોરજી સમાન છે. અન્ય દેવીઓ તો શ્રીયમુનાજીના અંશરૂપ છે. તેથી કોઈ પણ દેવી-સ્વરૂપને શ્રીયમુનાજી કહી શકાય નહિ. કોઈ પણ દેવી-સ્વરૂપને શ્રીયમુનાજી તરીકે ન સ્વીકારી શકાય ત્યારે તેમને શ્રીઠાકોરજીનાં પત્નીનો મોભો ન જ આપી શકાય. સર્વ દેવીઓ શ્રીઠાકોરજીનાં દાસી છે, પત્ની નથી. દાસી પત્નીનું સ્થાન લઈ શકે નહિ. માટે દેવી એ દેવી છે અને શ્રીયમુનાજી એ શ્રીયમુનાજી જ છે. આપણે અન્યાશ્રય નથી કરતા એવું બતાવવા માટે આવો વિચાર કરવો તે કોઈ રીતે બરાબર નથી.

પ્ર. ૮ : લગ્ન વગેરે પ્રસંગોએ આપણે દેવદેવીઓનાં પૂજન વગેરે કરવાં પડે છે, તે કરવાથી અન્યાશ્રય થાય?

જ. ૮ : વેદોમાં જીવનના સોળ સંસ્કાર બતાવ્યા છે. જન્મથી મરણ સુધી દરેક હિન્દુએ આ સોળ સંસ્કાર કરવા જરૂરી છે. વેદની એ આજ્ઞા છે. શ્રીમહાપ્રભુજીએ વેદમાર્ગનો સ્વીકાર કર્યો છે. તેથી આ બધા સંસ્કારો પણ સ્વીકાર્યા છે. આ સંસ્કારોની વિધિ કરતી વખતે આપણા મનમાં એટલો જ વિચાર હોવો જોઈએ કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવા અમે વેદમાર્ગનું આચરણ કરીએ છીએ. કોઈ દેવ પાસેથી કંઈ મેળવવા માટે પૂજા કરતાં નથી. જો આવો ભાવ રાખીએ તો અન્યાશ્રય થતો નથી. પરંતુ શ્રીગણેશ પ્રસંગમાં વિઘ્ન હરનારા છે, માટે તેમની પૂજા કરું છું, એવા ભાવથી જો ગણપતિપૂજન કરીએ તો જરૂર અન્યાશ્રય થાય. કારણ કે જેના માથે સાક્ષાત્ પ્રભુ બિરાજતા હોય, તેમણે વિઘ્ન હરવા માટે એક નાનકડા દેવને શરણે જવાની જરૂર નથી. આમ, આપણા જીવનમાં આ બધા વૈદિક સંસ્કારો સ્વાર્થભાવથી ન કરવા.

પ્ર. ૯ : આપણા કોઈ સંબંધીને ત્યાં સત્યનારાયણની કથા જેવો પ્રસંગ હોય, અને સામાજિક સંબંધોના કારણે આપણે ત્યાં જવું પડે, ત્યારે શું કરવું? એમનો પ્રસાદ લેવો કે નહિ?

જ. ૯ : આવા દરેક પ્રશ્નનો જવાબ વિચારતાં મૂળ સિદ્ધાંત યાદ રાખવો પડશે. જો આપણે આપણા કોઈ સ્વાર્થથી તે દેવને નમન કરીશું કે તેમની કૃપા પામવા પ્રસાદ ખાઈશું તો અન્યાશ્રય થશે. પરંતુ સામાજિક વ્યવહારના ભાગરૂપે જવાનું થયું છે તો તેમને નમન કરી, આદર આપીશું તો તેમાં અન્યાશ્રય નથી.

આગળ જોઈ ગયા કે કોઈનો અનાદર ન થાય. કોઈ દેવનો પ્રસાદ કોઈ આપણને આપે તો તેનો અસ્વીકાર કરવાથી, તે દેવનો અનાદર થશે. માટે આપણે આદર કરવા માટે તે પ્રસાદનો સ્વીકાર કરીશું, પરંતુ તે પ્રસાદ ખાઈશું નહિ; કારણ કે આપણે સમર્પિત જીવનનું વ્રત લીધેલું છે. આપણા સ્વામી ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત કરેલું જ ભોજન કરવું એ આપણું કર્તવ્ય છે. એ સંજોગોમાં અન્ય દેવનો પ્રસાદ સ્વીકારી, તેને યોગ્ય વ્યક્તિને આપણે સન્માનપૂર્વક આપી શકીએ છીએ. એ પ્રસાદને જમીન ઉપર ગમે ત્યાં ફેંકીને એ દેવનો તિરસ્કાર આપણાથી ન થાય.

પ્ર. ૧૦ : દિવાળીના દિવસે લક્ષ્મીપૂજન, ચોપડાપૂજન વગેરે કરી શકાય?

જ. ૧૦ : એક ચાલી આવતી રૂઢિ અને રિવાજ તરીકે તે જરૂર કરી શકાય; પરંતુ તે કરવાથી લક્ષ્મીજી કે સરસ્વતીજી મારો વેપાર સવાયો કરશે, એવો ભાવ મનમા ન રહેવો જોઈએ.

પ્ર. ૧૧ : અન્યાશ્રયથી બચવા આપણે શું કરવું જોઈએ?

જ. ૧૧ : જે બ્રહ્મસંબંધ લીધું છે, તેની પ્રતિજ્ઞાનું યથાર્થ જ્ઞાન મેળવવું જોઈએ. તેના પાલનમાં તત્પર બનવું જોઈએ. આપણા પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. દુ:ખ સહન કરવાની શક્તિ કેળવવી જોઈએ. ભૌતિક સુખોની પાછળ પાગલ બની દોડવું ન જોઈએ. સંયમ અને સંતોષથી જીવન જીવવાની ટેવ પાડવી જોઈએ. શ્રીઠાકોરજીની સેવા અને ગુણગાન કરવાં જોઈએ. શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો જોઈએ. શ્રીકૃષ્ણાશ્રયનો વારંવાર પાઠ કરતાં, તેના અર્થનું ચિંતન કરવું જોઈએ.

આમ, સર્વ રીતે જો શ્રીઠાકોરજીના બનીને આપણે રહેવા લાગીએ, તો અન્યાશ્રયમાંથી અવશ્ય બચી શકાય. ખોટી સમજ અને બીજાઓના ખોટા ભયથી ઘણીવાર આપણે અન્યાશ્રય કરી બેસતા હોઈએ છીએ. શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં આજ્ઞા કરે છે કે અન્યાશ્રય મહાન બાધક છે. તેનાથી હમેશાં ડરતા રહેવું.

●

૧૬. વિવેક, ધૈર્ય અને આશ્રય

પ્ર.૧ : આજે આપણને જીવનમાં ઘણી ચિંતાઓ, ઉદ્વેગો, સંઘર્ષો ખૂબ જ પરેશાન કરે છે. આ બધાંને દૂર કરવાનો અને શાંતિ તથા સ્વસ્થતાનો અનુભવ કરવાનો કોઈ માર્ગ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે?

જ. ૧ : શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથો પૈકી 'નવરત્ન' ગ્રંથમાં ચિંતા અને ચિંતાની નિવૃત્તિનો માર્ગ બતાવ્યો છે. આપણને થતી ચિંતાઓનું મૂળ કારણ પહેલાં સમજવાની જરૂર છે. ચિંતાનું ઉદ્‌ગમ-સ્થાન ચિત્ત છે. ચિત્તનો સ્વભાવ ચંચળતાનો છે. ચિત્તમાં અનેક ઈચ્છાઓ જાગે છે, અનેક વિચારો ઉદ્‌ભવે છે. ભૂતકાળની ઘણી વાતો વારંવાર યાદ આવે છે. તેને લઈને આપણે જાતજાતનાં સુખો ભોગવવા પ્રયત્નશીલ બનીએ છીએ. આપણે તે વખતે પાયાની વાત ભૂલી જઈએ છીએ કે જગતમાં સર્વ કંઈ કરનાર પ્રભુ છે. તેમની ઈચ્છા પ્રમાણે જ આપણને સુખ, દુઃખ, ભોગ, ભક્તિ મળે છે. આપણે સ્વપ્રયત્નથી સુખ અને ભોગ મેળવવા તત્પર થઈએ છીએ. તેમાંથી સંઘર્ષો જાગે છે. આપણી શક્તિથી ધાર્યું પરિણામ આવતું નથી, ત્યારે આપણને ચિંતા અને ઉદ્વેગ થાય છે. આમ, ચિંતાના પાયામાં સુખ મેળવવાની આપણી ઘેલછા અને જાતમહેનતથી સુખ મેળવવાનો આપણો અહંકાર રહેલો છે, તે આપણને ચિંતા કરાવે છે.

ચિંતા થવાનું એક બીજું પણ કારણ છે. આપણું શરીર અને મન એકબીજા સાથે જોડાયેલાં છે. મન જે ઈચ્છાઓ કરે છે તે પૂરી કરવા માટે મન શરીરને આદેશ આપે છે અને દોડાવે છે. મનની ગતિ પવન કરતાંય અધિક છે. શરીરની ગતિ મનની ગતિના પ્રમાણમાં ગોકળગાયની ગતિ જેવી છે. આથી મન જે ગતિએ દોડે છે અને શરીરને દોડવા કહે છે, તે ગતિએ આપણું શરીર મનની આંગળી પકડીને દોડી શકતું નથી. એક પિતાની ઝડપ સાથે તાલ મિલાવી ત્રણ-ચાર વર્ષનું નાનું બાળક ન ચાલે ત્યારે બાળકની ઝડપે ચાલતાં પિતાને ફાવતું નથી, પિતાને ટેન્શન વધે છે. તેમ શરીરની ઓછી ગતિને કારણે તાત્કાલિક સુખ મેળવવા ઈચ્છતા મનનું ટેન્શન વધે છે. મન સ્વસ્થતા ગુમાવે છે, પરિણામે મનમાં ચિંતા જાગે છે.

પ્ર. ૨ : ચિંતા દૂર કરવા માટે શું કરવું જોઈએ?

જ. ૨ : શ્રીમહાપ્રભુજીએ ચિંતાના બે પ્રકારો બતાવ્યા છે : (૧) લૌકિક અને (૨) અલૌકિક. દુનિયાદારી માટેની ચિંતા લૌકિક ચિંતા છે. જેમ કે વધુ પૈસો મેળવવાની ચિંતા, સારી પત્ની મેળવવાની ચિંતા, વાડી-વજીફો મેળવવાની ચિંતા વગેરે. પ્રભુને નથી મેળવી શકાયા એની ચિંતા, સેવા-સ્મરણ પ્રયત્ન કરવા છતાં સરખી રીતે ન થાય તેની ચિંતા એ અલૌકિક ચિંતા છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે આપણી ચિંતા લૌકિક હોય કે અલૌકિક, પરંતુ આખરે એ ચિંતા છે. ચિંતા માટે એમ કહેવાયું કે ચિંતા હમેશાં ચિતા સમાન હોય છે. ચિતા તો મૃત શરીરને બાળે છે, પરંતુ ચિંતા ક્ષણે ક્ષણે જીવતા માણસને બાળે છે. આથી, શ્રીમહાપ્રભુજીએ સૌથી પહેલી વાત એ કહી કે વૈષ્ણવે જ્યારે પ્રભુને આત્મનિવેદન કર્યું છે, તે પ્રભુને સમર્પિત થયો છે; ત્યારે આવા સમર્પિત ભક્તે લૌકિક કે અલૌકિક કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવી. ચિંતા આપણા અજ્ઞાન અને અહંકારમાંથી જન્મે છે.

અજ્ઞાન અને અહંકાર દૂર થાય તો ચિંતા આપોઆપ દૂર થાય. અજ્ઞાનને દૂર કરવા માટે સાચા જ્ઞાનની જરૂર છે. અગ્નિ પ્રગટાવ્યા પછી સતત પવનની જરૂર રહે છે. પવન અગ્નિ ઉપર રાખ વળવા દેતો નથી, અગ્નિને પ્રજ્વલિત રાખે છે. તેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તે જ્ઞાનને સદા ધારણ કરવા માટે પ્રયત્ન જરૂરી છે. જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનનું આચરણ ભગવદીયોના સંગથી થઈ શકે. આપણામાં કહેવત છે કે એક મણ ઉપદેશ કરતાં અધોળ આચરણ વધારે કામ કરે છે.

શ્રીગોકુળનાથજી ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા પરના તેમના ભાવપ્રકાશના પ્રારંભમાં બહુ સુંદર વાત બતાવે છે : આ માર્ગ વૈષ્ણવો માટેનો છે. આ માર્ગ વૈષ્ણવો દ્વારા જ આપણે હૃદયમાં ધારણ કરી શકીશું અને વૈષ્ણવો દ્વારા તે આપણને ફળરૂપ બનશે; કારણ કે ગુરુદેવ પાસેથી તો આપણને ઉપદેશ પ્રાપ્ત થશે, પરંતુ તે ઉપદેશને જેમણે જીવનમાં ઉતાર્યો છે અને પચાવ્યો છે; એવા વૈષ્ણવોના સંગમાં નિત્ય રહેવાથી, આપણને બહુ જલદી દૃષ્ટાંત દ્વારા ઉપદેશ અને તેનો મર્મ સમજાશે. શાસ્ત્રોએ તેથી કહ્યું કે ગુરુનું મૌન પણ વ્યાખ્યાન છે. મૌન રહીને ગુરુ કે ભગવદીયો તેમના આચરણ દ્વારા આપણને બોધ આપે છે.

માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ચિંતાની નિવૃત્તિ માટે સમર્પિત બનેલા તાદૃશી વૈષ્ણવોનો તમે નિત્ય સંગ કરો, તેમના જીવનને જુઓ અને સમજો. તેમના વર્તનને ધ્યાનમાં લો. તેમાંથી તમને જ્ઞાન પ્રાપ્ત થશે. તેમની ભગવદ્વાર્તા સાંભળો. તેમના સત્સંગથી આપણને સમજાશે કે સર્વ કર્તા-હર્તા પ્રભુ છે, આપણે

તો કેવળ નિમિત્ત છીએ. પ્રભુ જેમાં આપણું શ્રેય હશે તે જ આપણને આપશે. આવું જ્ઞાન જો આપણને મળે, તો આપણને ઈચ્છાઓ ઓછી જાગશે, જાગેલી ઈચ્છાઓ આપણને પજવશે નહિ. જીવનમાં સંયમ અને સંતોષ આવશે. તેમાંથી ધૈર્ય આવશે, પછી મનને શરીર ઓછી ઝડપથી એકળામણ થશે નહિ.

આમ, ભગવદીયોના સંગથી અને સત્સંગથી આપણે સાચું જ્ઞાન મેળવવાનું છે. એ જ્ઞાનને આપણે જીવનમાં આચરવા લાગીશું; એટલે આપણો અહંકાર ઘટવા લાગશે. અહંકાર જતો રહેતાં આપણામાં વિનમ્રતા, વિવેક, દાસત્વ અને દીનતા આવશે. તેને લઈને આપણે પ્રભુના સાચા શરણાગત બનીશું. એક બાળક જેવા બની જઈશું. બાળક જેમ તેનું જીવન તેનાં માતા-પિતાને સોંપી દે છે તેમ આપણે પણ આપણું જીવન શ્રીપ્રભુને સોંપી દઈશું, એટલે નિશ્ચિંત બની જઈશું. પછી કોઈ ચિંતા આપણને પજવશે નહિ.

પ્ર. ૩ : આપણી આસપાસના જગતમાં ઘણા બધા પ્રસંગો એવા બનતા હોય છે કે તે આપણને દુ:ખ અને ચિંતા કરાવે છે. જ્ઞાન અને દીનતા આવ્યા પછી પણ આ પ્રસંગોની અસર આપણા મન ઉપર થાય છે. એ સંજોગોમાં થતી ચિંતા દૂર કરવાનો કોઈ ઉપાય શ્રીમહાપ્રભુજી બતાવે છે?

જ. ૩ : હા. શ્રીમહાપ્રભુજીએ તે માટે બહુ સુંદર ઉપાય બતાવ્યો છે. માણસની પ્રકૃતિ મુખ્યત્વે બે પ્રકારની છે : (૧) બહિર્મુખ અને (૨) અંતર્મુખ. જેની નજર દુનિયામાં જ ભમતી રહે છે, જેનું મન દુનિયાદારીમાં જ રચ્યુંપચ્યું રહે છે, જેની વાણી સતત દુનિયાદારીનો બડબડાટ કરે છે, તે બહિર્મુખ પ્રકૃતિના મનુષ્યો છે. જ્યારે અંતર્મુખ ઓછાબોલા, અતિ જરૂરી હોય એટલું જ કાર્ય કરનારા, બીજાઓની બાબતમાં માથું નહિ મારનારા, શાંત ચિત્તવાળા હોય છે. આપણી બહિર્મુખતા ચિંતાઓ વધારે છે. બિનજરૂરી-ખોટી ચિંતાઓનો બોજો આ માણસો વિના કારણે ઊંચકીને ફરે છે. તેથી સૌપ્રથમ આપણે અંતર્મુખ બનવાની જરૂર છે.

અંતર્મુખતા માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમે શ્રીઠાકોરજીની સેવા શરૂ કરો. આપણી ઇન્દ્રિયો અને મન જે બાહ્ય ભૌતિક દુનિયામાં લાગેલાં છે, તેમને ત્યાંથી હટાવી, સેવાના માધ્યમથી શ્રીઠાકોરજીમાં લગાડો. દુ:ખદ પ્રસંગથી ચિંતા અને દુ:ખ થાય. સુખદ પ્રસંગથી આનંદ થાય. શ્રીઠાકોરજી સ્વયં મધુર આનંદ-સ્વરૂપ છે, તેમની સેવાનો પ્રકાર પણ એટલો જ મધુર રસમય છે, સાચો આનંદ આપનારો છે, એટલે જો આપણે સેવાતત્પર થઈએ, તો આપણી બહિર્મુખતા દૂર થઈ શકે. સેવા ઘરના એકાંતમાં કરવાની હોઈને, લૌકિક

મનુષ્યોનો સંપર્ક આપોઆપ ઓછો થઈ જશે. સેવામાં અને સેવાના અનવસરમાં કીર્તન, જપપાઠ, સ્મરણ, સત્સંગ આદિને લઈને મન, વાણી અને ક્રિયાની બહિર્મુખતા દૂર થશે. જીવનમાં સંયમ અને સંતોષ આવશે. સેવા એક તપ છે. તપ આપણને અંતર્મુખ કરશે. સેવા કરનારને કોઈ પ્રકારની ચિંતા સતાવશે નહિ. તેનું ભાવજગત પ્રભુ અને સેવાપૂરતું મર્યાદિત બનશે.

શ્રીમહાપ્રભુજીએ આ સાથે એક બીજી વાત સમજાવી. સેવા કરતાં ભલે ઘરમાં વધુ સમય પસાર કરીએ અને બહિર્મુખ દુનિયાથી બચીએ; પરંતુ ગૃહસ્થાશ્રમને લઈને અન્ય લોકો સાથેનો સંપર્ક થોડા પ્રમાણમાં પણ રહેશે અને તે દીનતા જન્માવશે. એ સંજોગોમાં જગત સાથેનો વ્યવહાર કરવા શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જગતમાં લૌકિક બુદ્ધિ ન રાખશો. જગતને પણ પ્રભુના આધિભૌતિક સ્વરૂપ તરીકે અલૌકિક બુદ્ધિ અને દૃષ્ટિથી સ્વીકારો અને તે પ્રમાણે તેની સાથે વર્તન રાખો. જગતમાં પ્રભુ સર્વ કંઈ પોતાના નિજાનંદ માટે કરે છે એવો ભાવ રાખીને જગતમાં થતી બધી હિલચાલને પ્રભુની લીલા તરીકે સમજો. સાક્ષીવત્ બનીને પ્રેક્ષકભાવથી જગતનાં કાર્યોને સ્વીકારો. તેમાં તમારી મમતાને નહિ જોડો, તો તમને દુઃખ કે ચિંતા પજવશે નહિ.

પ્ર. ૪ : આપણે આ બધું કરવા સક્રિય બનીએ, પરંતુ આખરે તો આપણે માણસ છીએ. મન માંકડા જેવું છે. તે ક્યારેક કૂદાકૂદ કરે અને આપણને અસ્વસ્થ બનાવે, તો શું કરવું?

જ. ૪ : શ્રીમહાપ્રભુજીએ આ માટે 'નવરત્ન' ગ્રંથમાં છેલ્લો ઉપાય બતાવ્યો છે. આપણે શ્રીકૃષ્ણના શરણાગત સેવક છીએ. એટલે સતત 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નું રટણ મનમાં ચાલુ રાખવું. તેની ટેવ પાડવી. વારંવારના અભ્યાસથી ટેવ પડે છે. ટેવ પડતાં આ રટણ અન્ય કાર્યો કરતાં પણ સહજ રીતે ચાલુ રહે છે. ધીરજપૂર્વક ટેવ પડે પછી તેનું રટણ કરતાં 'શ્રીકૃષ્ણ મારા સ્વામી છે, તેઓ મારા રક્ષક છે, હું તેમનો દાસ છું' એવો ભાવ દૃઢ થશે. પછી એ વૈષ્ણવને ચિંતા ક્યારેય પજવશે નહિ. આમ, નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ચિંતાઓને નિવૃત્ત કરવાનો ઉપાય બતાવ્યો છે.

પ્ર. ૫ : કેટલાક એમ કહે છે કે જીવનમાં લૌકિક ચિંતાઓ સતાવે ત્યારે 'નવરત્ન' ગ્રંથનો રોજ નવ વખત કે તેથી વધુ વખત પાઠ કરવાથી શ્રીઠાકોરજી આપણી ચિંતાઓને દૂર કરે છે. કેટલાક એમ કહે છે કે નવ ગ્રહોને કારણે આપણને પીડાઓ થાય છે. આપણે ત્યાં શ્રીનાથજી આદિ

નવ નિધિસ્વરૂપો બિરાજે છે. તે રીતે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને તેમના સાત પુત્રો મળીને નવ આચાર્યનિધિ પણ બિરાજે છે. આચાર્યનિધિ અને ભગવન્નિધિરૂપ આ નવ નિધિ નવ ગ્રહોની પીડાને દૂર કરવા સક્ષમ છે. માટે જે ગ્રહ પીડા કરતા હોય, તેના નિવારણ માટે ભગવત્સ્વરૂપ અને આચાર્ય-સ્વરૂપના નામનો જપ કરવો. આ બધું કરવાથી ચિંતાનિવૃત્તિ થાય? વૈષ્ણવે આવું કરવું જોઈએ કે નહિ?

જ. ૫ : શ્રીમહાપ્રભુજીએ જે પુષ્ટિમાર્ગ આપ્યો અને જેમાં આપણને દીક્ષા આપીને સ્વીકાર્યા, એ પુષ્ટિમાર્ગનો પાયાનો પહેલો સિદ્ધાંત નિષ્કામ, પ્રેમલક્ષણા ભક્તિનો છે. નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિમાં બે મુખ્ય બાબતો છે. આપણા પ્રભુમાં દૃઢ વિશ્વાસ અને સાચો શુદ્ધ નિર્દોષ અને નિષ્કામ પ્રેમ. આ બે બાબતો જો આપણા મનમાં પાકી થઈ ગઈ હશે, તો આપણે શ્રીઠાકોરજી પાસે કે કોઈની પાસે કશું માગીશું નહિ. સાથે સાથે આપણા લૌકિક સુખદુ:ખ માટે જીવીશું પણ નહિ.

એટલે વૈષ્ણવે કેવળ ભગવત્સુખ માટે જીવવાનું છે. આ સંજોગોમાં આપણા શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીમહાપ્રભુજીની વાણી એ બધું જ અલૌકિક-સ્વરૂપાત્મક છે. તે લૌકિક નથી. લૌકિક સ્વાર્થ માટે અલૌકિકનો ઉપયોગ કરવો એ ભક્તિ નથી. માટે શ્રીમહાપ્રભુજીએ નિરપેક્ષ - નિષ્કામભાવે પુષ્ટિના માર્ગે ચાલવાની આજ્ઞા કરી છે. એ સમજાવવા માટે તો નવરત્ન ગ્રંથ આપે આપ્યો છે.

જો શ્રીમહાપ્રભુજીને એવું અભિપ્રેત હોત કે આ ગ્રંથના જપપાઠથી ચિંતા-નિવૃત્તિ થશે, તો અંતિમ શ્લોકમાં તે પ્રમાણે આજ્ઞા કરી હોત. પરંતુ શ્રીમહાપ્રભુજીએ એવી કોઈ આજ્ઞા કરી નથી, બલકે નવ શ્લોકોમાં લૌકિક, અલૌકિક ચિંતાઓને દૂર કરવા માટેનાં સાધનો અને ઉપાયો બતાવ્યાં છે. શ્રીમહાપ્રભુજીની વાણી અલૌકિક-સ્વરૂપાત્મક અને અલૌકિક ફલાત્મક છે. તેનો ઉપયોગ લૌકિક ભોગ મેળવવા માટે કદી કરવો નહિ. આપણામાં કહેવત છે કે સોનાની જાળ માછલાં પકડવા ન વપરાય.

બીજી વાત રહી નવગ્રહો અને તેમની પીડાના નિવારણ માટે નવ નિધિસ્વરૂપોના ઉપયોગની. ઉપર જોઈ ગયા તે પ્રમાણે આ પણ કદી કરવું નહિ; કારણ કે આ બધાં ભગવત્સ્વરૂપો અલૌકિક છે, લૌકિક નથી. મચ્છરને મારવા માટે ફલીટ વપરાય, મશીનગન ન વપરાય. સર્વ ગ્રહો પ્રભુને આધીન છે. ફળ આપનારા પ્રભુ છે. ગ્રહો તો પ્રભુની આજ્ઞાનો અમલ કરનાર-કરાવનાર છે. માટે ગ્રહની ફિકર ન કરતાં પ્રભુએ આપણા પર કરેલા અનુગ્રહનું ચિંતન કરવું.

ભગવન્નામ લેવું. ભગવદ્-પ્રીત્યર્થે ભગવત્સેવા નિષ્કામ ભાવે કરવી. કોઈ પણ રીતે પ્રભુનો દૃઢ આશ્રય છોડી અન્યાશ્રય ન કરવો.

પ્ર. ૬ : ઘણા વૈષ્ણવોના કિસ્સામાં એવું જોવા મળે છે કે તેમણે ઘણી સેવા કરી હોય અને કરતાં હોય, છતાં તેઓ દુઃખી જણાય છે. તેનું કારણ શું? આવું થાય ત્યારે ચિંતા થાય, તે વખતે શું કરવું?

જ. ૬ : શ્રીમહાપ્રભુજીએ આનો જવાબ સૂત્રાત્મક ભાષામાં આપ્યો છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે જેમના ઉપર શ્રીઠાકોરજીએ વિશેષ કૃપા કરી છે તેમને શ્રીઠાકોરજી લૌકિક કાર્યોમાં અને વૈદિક કાર્યોમાં કદાપિ સુખશાંતિ આપતા નથી. બહુ નવાઈ લાગે એવી આ વાત છે. તેનું કારણ એ છે કે આપણને જો લૌકિક સુખો મળી જાય, તો આપણે તેમાં ડૂબી જઈશું. પરિણામે શ્રીઠાકોરજીને ભૂલી જઈશું. શ્રીઠાકોરજીનાં સેવાસ્મરણ ઓછાં થઈ જશે. લૌકિક અને અલૌકિક સાથે રહી શકતાં નથી. શ્રીઠાકોરજી જાણે છે કે લૌકિક સુખો આપણને સારાં લાગવા છતાં અંતે દુઃખરૂપ છે. પરલોક માટે નુકસાન કરનારાં છે. એટલે જેમનો પરલોક સુધારવો છે એમનું ધ્યાન પોતાનામાં લાગેલું રહે, એ માટે શ્રીઠાકોરજી લૌકિક સુખો આપતા નથી.

કુંતાજીએ પણ ભગવાન શ્રીકૃષ્ણ પાસે દુઃખ માગ્યું છે. શ્રીમહાપ્રભુજી પણ **'નિરોધલક્ષણ'** ગ્રંથમાં શ્રીઠાકોરજી પાસે દુઃખ માગે છે. ભગવાનના સાચા ભક્તોને લૌકિક દુઃખો કદી દુઃખરૂપ લાગતાં નથી. લૌકિકનાં દુઃખોનો સંબંધ શરીર સાથે છે, આત્મા સાથે નથી. આત્માને એક જ દુઃખ છે - ભગવાનનો વિરહ. આત્માને શરીરનાં દુઃખો સાથે કોઈ સંબંધ નથી. શ્રીઠાકોરજી આપણા આત્માના સ્વામી છે, એટલે આપણા આત્મકલ્યાણ માટે જે જરૂરી હોય, તે જ આપણને આપે છે. આવો ભાવ રાખવાથી લૌકિક દુઃખો પીડા કરતાં નથી. તેની ચિંતા કરવા જેવી નથી.

સેવા કરનારને દુઃખો આવે તો તેણે પ્રભુને દોષ આપવાની જરૂર નથી. શ્રીમહાપ્રભુજી 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથમાં આ વાત એક ઉદાહરણ આપીને સમજાવે છે. અતિ હલકી જ્ઞાતિની એક ચાંડાલની યુવાન દીકરી એક રાજાની નજરે પડી. તે અત્યંત સુંદર હતી. રાજા તેના રૂપમાં મોહાંધ થયો. તેને રાણી બનાવી રાણીવાસમાં લઈ આવ્યો. તેને ઘણું માનપાન મળ્યું; પરંતુ તેનો મૂળ સ્વભાવ હલકી જ્ઞાતિનો હતો. તેને લઈને ક્યારેક તે રાજાનું માન સાચવી શકતી નહિ. ન મળ્યાનું મળવાથી તેનામાં ભારે અભિમાન આવી ગયું હતું. તેના

વર્તનથી નાખુશ થયેલા રાજાએ તેને ઠપકો આપ્યો. તેને પોતાનું અપમાન લાગ્યું. ત્યાંના ડાહ્યા પ્રધાને તે બાઈને સમજાવ્યું કે રાજાએ તને એકાંતમાં ઠપકો આપ્યો એમાં આટલું ખોટું શા માટે લગાડે છે? દુનિયા તો તને રાણી તરીકે જ માન આપે છે. રાણી બની તે પહેલાં તું કોણ હતી એનો વિચાર કર. તે વખતે તારે જે અપમાનો અને દુઃખો સહન કરવાં પડતાં હતાં એના પ્રમાણમાં તો અત્યારે તું ઘણી સુખી છે. માટે સમજદાર થઈને રાજાની આજ્ઞાનું પાલન કર. રાજાને સુખ થાય એવું વર્તન કર. રાજાની સેવા કર. અભિમાન રાખીને દુઃખી થઈશ નહિ.

આપણી પણ આવી જ સ્થિતિ છે. પ્રભુ આપણા સ્વામી છે. તે રાજા જેવા છે. દોષથી ભરેલો આપણો જીવાત્મા ચાંડાલી જેવો છે. લાયકાત ન હોવા છતાં પ્રભુએ આપણો સ્વીકાર કર્યો છે. આપણે દોષોથી ભરેલા હોઈને સેવા-સ્મરણ કરતાં જાણે-અજાણે દોષો કરી બેસીએ છીએ. સેવામાં ઘણું અભિમાન રાખીએ છીએ. એ બધાંને કારણે પ્રભુ આપણને થોડો દંડ આપે છે. તે દંડ શિક્ષા માટે નથી, પણ આપણા દોષોને દૂર કરવા માટે છે. સેવક બન્યા પહેલાં આપણે જે હીન કક્ષાએ હતા એના કરતાં તે દંડ મળ્યા પછી પણ ઘણી ઊંચી સ્થિતિમાં છીએ. પ્રભુએ આપણો હાથ ઝાલ્યો છે, તેઓ તે છોડવાના નથી. આવો પાકો ભરોસો રાખીને પ્રભુના દંડને પણ આશીર્વાદ સમજી તેનો સ્વીકાર કરો.

પ્ર. ૭ : આપે અગાઉ એમ કહ્યું હતું કે માણસના જીવનમાં વિવેક અને ધૈર્ય આવે, તો ચિંતા પરેશાન કરી શકતી નથી. પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ વિવેક એટલે શું?

જ. ૭ : શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની દષ્ટિએ વિવેક, ધૈર્ય અને આશ્રય સમજાવવા માટે 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથ લખ્યો છે. તેમાં તેમણે વિવેકનાં જુદાં જુદાં લક્ષણો બતાવ્યાં છે. વિવેકનો સંબંધ વિચાર સાથે હોવાથી, આપણી બુદ્ધિ સાથે છે. મન અને ચિત્ત જે ઇચ્છાઓ અને સંકલ્પ-વિકલ્પો કહે છે એનું નિયમન બુદ્ધિથી થાય છે. આપણી સદ્‌બુદ્ધિ હોય તો આપણે ખોટા વિચારોને રોકીને સારું જીવન જીવી શકીએ છીએ. એટલે શ્રીમહાપ્રભુજીએ પહેલો વિવેક એ બતાવ્યો કે શ્રીહરિ સર્વ કંઈ કરે છે. માણસ તેની શક્તિથી કંઈ કરી શકતો નથી. જગતના કર્તાહર્તા પરમાત્મા છે. આપણે કેવળ નિમિત્ત છીએ. એવી સમજ આપણી બુદ્ધિમાં હોવી જોઈએ. બીજો વિવેક એ બતાવ્યો કે શ્રીહરિ સર્વ કંઈ પોતાની ઇચ્છાથી કરે છે. તેઓ આપણી ઇચ્છા પ્રમાણે કશું કરતા નથી. માતા બાળકનું કલ્યાણ શામાં છે તે નક્કી કરીને બાળકને એ જ વસ્તુ આપે છે. બાકી બાળક

ગમે તેટલું રડે છતાં બાળકનું માગેલું માતા આપતી નથી. તેમ શ્રીહરિ પણ આપણુ માગેલું આપતા નથી. આ સમજ બીજો વિવેક છે. જો ભગવાન પોતાની ઈચ્છા પ્રમાણે જ બધું કરતા હોય અને આપણને આપતા હોય, તો તેમની પાસે કંઈ પણ મેળવવા પ્રાર્થના ન કરવી. આપણે જ્યારે કશું માગીએ છીએ ત્યારે ભગવાનની આપવાની શક્તિમાં શંકા લાવીએ છીએ. ભગવાનના વિચારમાં કદી શંકા રાખવી નહિ. ભગવાન આપણું જેમાં કલ્યાણ હશે તે બધું જ આપશે, એવો વિશ્વાસ રાખવો. આ ત્રીજો વિવેક થયો. આ જગતમાં જે કંઈ દેખાય છે તે બધાં જ નામરૂપ ભગવાનનાં જ છે. જગત ચાલી રહ્યું છે એ ચલાવવાનું સામર્થ્ય પણ પરામાત્માનું જ છે, તેમ સમજીને જગતમાં રહેવું, એ ચોથો વિવેક છે. આપણે ભગવાનના દાસ છીએ. ભગવાન આપણા સ્વામી છે. દાસનો ધર્મ સ્વામીને આધીન રહીને રહેવાનો છે. આપણે પણ ભગવાનને આધીન બની, એમના ભરોસે રહીએ. દાસ કદી અભિમાન કરતો નથી. માટે આપણે પણ કદી અભિમાન ન કરીએ, એ પાંચમો વિવેક છે. જિંદગીમાં ઘણી આપત્તિઓ આવશે. ત્યારે હું અમુક રીતે જ જીવું એવી હઠ ન કરવી. પ્રભુ રાખે તેમ રહેવું. હઠ પકડીને પ્રભુને શ્રમ ન કરાવવો, એ છઠ્ઠો વિવેક છે. જીવનના દરેક કાર્યમાં ધર્મ અને અધર્મનો વિચાર કરી, ધર્મનું આચરણ કરવું અને અધર્મનો ત્યાગ કરવો, એ સાતમો વિવેક છે. જો આ સાત વિવેક આપણી બુદ્ધિમાં આવે તો આપણું જીવન બહુ સુંદર બને. આપણને કોઈ વાતનો ઉદ્વેગ થાય નહિ.

પ્ર. ૮ : ધૈર્યનું સ્વરૂપ સમજાવશો?

જ. ૮ : શ્રીમહાપ્રભુજીએ ધૈર્યની વ્યાખ્યા આપતાં આજ્ઞા કરી કે ત્રણે પ્રકારનાં દુઃખો સહન કરવાં તેનું નામ ધૈર્ય છે. દુઃખોમાં મુખ્યત્વે કેટલાંક દુઃખો શરીર સાથે તો કેટલાંક દુઃખો મન અને આત્મા સાથે જોડાયેલાં છે. તેથી ત્રણ પ્રકારનાં દુઃખો કહ્યાં.

શરીર સાથે જોડાયેલાં દુઃખોને સહન કરવા માટે છાશનું ઉદાહરણ આપ્યું છે. દહીં વલોવતાં છાશ અને માખણ છૂટાં પડે. માખણ આત્મા જેવું છે અને છાશ શરીર જેવું છે. વલોવનાર માખણને સાચવશે, છાશની પરવા નહિ કરે. તેમ આપણે પણ આત્માની પરવા કરવાની છે. છાશ જેવા સત્ત્વહીન શરીરની ફિકર કરવાની નથી. શરીરનાં દુઃખો રડવાથી અને બૂમો પાડવાથી તે ઓછાં થતાં નથી. માટે શરીરનાં દુઃખો હિંમતપૂર્વક અને ધીરજપૂર્વક સહન કરવાં પડશે, તેનો બીજો કોઈ ઉપાય નથી.

બીજા પ્રકારનાં દુઃખ મનનાં દુઃખ છે. તે મનથી માનેલાં હોવાને કારણે

દુ:ખરૂપ લાગે છે. જે વ્યક્તિઓ અને વસ્તુઓમાં મનનું મમત્વ વધે છે તે વ્યક્તિઓ અને વસ્તુઓને કારણે આપણું મન ઉદાસ બને છે, દુ:ખી થાય છે. તે માટે જડભરતનું ઉદાહરણ આપવામાં આવ્યું. જડભરત આગલા જન્મમાં ભરત રાજા હતા. રાજપાટ છોડી ભક્તિ માટે વનમાં ગયા હતા. ત્યાં એક દિવસ ગર્ભવતી હરિણીને સિંહથી જીવ બચાવવા નદીમાં પડતી જોઈ. દયાથી તેને બચાવવા જતાં બચાવી શકાઈ નહિ. પાણીમાં પડતાં તેના પેટમાંથી બચ્ચું બહાર આવ્યું. નિરાધાર બચ્ચા પર દયા લાવી, ભરતમુનિએ તેને ઉછેર્યું. તેમના મનની મમતા હરણમાં બંધાઈ ગઈ. અંતકાળે હરણની ચિંતા વધી.

મનના આ દુ:ખના પરિણામે બીજો જન્મ હરણયોનિમાં થયો; પરંતુ મૂળે ભગવાનની તેમના ઉપર કૃપા હોવાથી, તેમને પૂર્વજન્મનું જ્ઞાન રહ્યું, પશ્ચાતાપ રહ્યો. ત્રીજો જન્મ ફરી મનુષ્યનો થયો, ત્યારે તેમણે નક્કી કર્યું કે કોઈ વસ્તુને કે માણસને મન આપવું નહિ. તેઓ જડની જેમ જીવવા લાગ્યા. આથી સૌ તેમન જડભરત કહેતા. રહુગણ નામના એક રાજા પાલખીમાં બેસીને જતા હતા. એક પાલખી ઊંચકનાર અશક્ત થયો. બીજા માણસને શોધતાં આ જડભરત મળ્યા. તેમની પાસે પરાણે પાલખી ઉપડાવી, પણ જડભરતનું મન પાલખીમાં નહોતું. તેથી સરખી રીતે પાલખી ઊંચકી નહિ. રાજાએ ઠપકો આપ્યો ત્યારે તેમણે જરાય મન પર લીધું નહિ. તેમણે રહુગણ રાજાને સાચું જ્ઞાન આપ્યું. દેહ છૂટયો ત્યારે તેમનો મોક્ષ થયો. આ ઉદાહરણ દ્વારા શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આપણે પણ જલકમલવત્ થઈને દુનિયામાં રહેવું. દુનિયાના વ્યવહારોની અસર મન ઉપર થવા દેવી નહિ. માન અને અપમાન સરખાં ગણવાં. આમ, કરવાથી માનસિક દુ:ખો સહન કરી શકાશે.

ત્રીજા પ્રકારનું દુ:ખ આત્માનું દુ:ખ છે. આપણે હજારો વર્ષોથી ભગવાનથી વિખૂટા પડ્યા છીએ. ભગવાનને ભૂલી ગયા છીએ. ભગવાનને ફરી મેળવવા છે, તે આત્માનું દુ:ખ છે. તેને માટે શ્રીમહાપ્રભુજી એક ગોવાલણીનું દૃષ્ટાંત આપે છે.

આ ગોવાલણીને અનેક દુ:ખો પડ્યાં છે. એનો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેનો પતિ એનો છોડીને ચાલ્યો ગયો છે. એનાં ઘરબાર રહ્યાં નથી. એના દુ:ખનો કોઈ પાર નથી. એવી સ્થિતિમાં એક દિવસ છાશનો ઘડો માથે લઈ, તે છાશ વેચવા જતી હતી. છાશનો ઘડો માથેથી પડ્યો. છાશ ઢોળાઈ ગઈ. ઘડો ફૂટી ગયો. તેને માટે એ નુકસાન મોટું હતું, છતાં તે હસતી હતી. એ જોઈને તેની સાથેની સ્ત્રીઓએ તેનું કારણ પૂછ્યું. ગોવાલણીએ કહ્યું : આટલાં બધાં દુ:ખોએ રડી રડીને હું ધીરજવાળી બની છું. આનાથી મોટાં દુ:ખો મને પડ્યાં છે. એને યાદ કરું છું ત્યારે તેના પ્રમાણમાં

આ તો સાવ મામૂલી દુઃખ છે. માટે મને રડવું આવતું નથી. આપણો આત્મા જન્મમરણનાં જે દુઃખો વેઠી રહ્યો છે, એના પ્રમાણમાં શરીર અને મનમાં દુઃખો કશા હિસાબમાં નથી. માટે શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આ ત્રણે પ્રકારનાં દુઃખો ધીરજથી સહન કરવાં, સાથે સાથે પ્રભુ જે બુદ્ધિ આપે તે પ્રમાણે દુઃખો દૂર કરવાનો પ્રયત્ન કરવો. પરંતુ દુઃખ દૂર કેમ ન થાય, એવો હઠાગ્રહ કરવો નહિ.

શ્રીમહાપ્રભુજી એમ પણ કહે છે કે શરીરનાં અને મનનાં દુઃખો કરતાં સ્વજનોથી આપણને થતા અપમાનનું દુઃખ ઘણું મોટું હોય છે. એવી જ રીતે નોકર-ચાકરોથી થતા અપમાનનું દુઃખ પણ ઘણું ભારે લાગે છે. ક્યારેક તેઓ આપણા શરીરને ઈજા પણ કરે છે. તેમનાં આક્રમણો પણ ધીરજ રાખીને સહન કરવાં.

શ્રીમહાપ્રભુજીએ દુઃખનાં રોદણાં રડવાની વાત કદી કરી નથી. તેમણે કહ્યું કે જે કંઈ આપણી ઈન્દ્રિયોથી થઈ શકે તે કરવું. જે ન થઈ શકે તેની ફરિયાદ કરવી નહિ. તેને સ્વીકારી લેવું. આપણે પોતે તદ્દન અસમર્થ છીએ, એમ સમજીને પ્રભુને આધીન બની જવું.

પ્ર. ૯ : આશ્રય એટલે શું?

જ. ૯ : આશ્રયનો વિચાર આપણે ખૂબ વિગતે શરણાગતિના પ્રકરણમાં કરી ગયા છીએ. શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં આશ્રયની વ્યાખ્યા આપતાં એમ કહે છે કે જીવનની બધી અશક્ય સ્થિતિમાં શ્રીહરિ ભગવાન એક જ આપણા આધાર છે અને રક્ષક છે એમ સ્વીકારવું તેનુ નામ આશ્રય. આ જીવન અને પરલોકમાં તેમનું શરણ રાખવું. જીવનમાં નીચેના જેવી ઘણી પરિસ્થિતિઓ આવશે, જ્યારે ભગવાનમાંથી આપણો વિશ્વાસ ડગી જવાનો સંભવ રહે. જેમકે દુઃખો, નુકસાન, જાણતાં-અજાણતાં થયેલાં પાપ, ભય, આપણી ઈચ્છાઓ અધૂરી રહેવી, ભક્તોનો દ્રોહ, અનાદર, તિરસ્કાર થવો, ભક્તિનો અભાવ રહેવો - આવી સર્વ સ્થિતિઓમાં શ્રીહરિનુ શરણ રાખવું. જીવનમાં ખરાબ વખત આવે કે સારો વખત આવે, અહંકાર ન કરવો. શ્રીહરિના શરણથી જ મન અલૌકિક બનશે. ભક્તે ભગવાનમાં અવિશ્વાસ ન કરવો. ભગવાનને પોતાની જાત સંપૂર્ણ રીતે સોંપી દેવી, તેનું નામ આશ્રય છે.

●

'સર્વથા શરણં હરિ' - સારી-નરસી સર્વ પરિસ્થિતિમાં શ્રીહરિ જ શરણ છે.

'સર્વાર્થે શરણં હરિ:' - સર્વ કંઈ પ્રાપ્ત કરવામાં શ્રીહરિ જ શરણ છે.

૧૭. દુઃસંગ અને સત્સંગ

પ્ર. ૧ : દુઃસંગ એટલે શું?

જ. ૧ : દુઃસંગ એટલે દુષ્ટ સંગ. દુષ્ટ શબ્દનો એક અર્થ છે કર્મદુષ્ટ. જેમનાં કાર્યો પાપમય, દોષોવાળાં છે તે દુષ્ટ છે. જેમ કે વ્યસની લોકો, નિંદકો, બીજા લોકોને ઈજા પહોંચાડનારા, અસત્ય આચરનારા, ચોરી કરનારા, જુગાર રમનારા, મદ્યપાન તથા વ્યભિચાર કરનારા. આ બધા લોકોનો સંગ દુઃસંગ કહેવાય.

બીજા દુષ્ટો જ્ઞાનદુષ્ટ છે. જ્ઞાનદુષ્ટ એટલે જેમનું જ્ઞાન દોષથી ભરેલું છે, જેમને સાચું જ્ઞાન નથી. જેમ કે જ્ઞાન ન હોવા છતાં જ્ઞાનના નામે વિતંડાવાદ કરનારા. કેટલાક લોકો શ્રીમહાપ્રભુજીના નામે પોતાના વિચારો રજૂ કરે છે. આવું અન્યથા જ્ઞાન આપનારા પણ જ્ઞાનદુષ્ટ છે. કેટલાક લોકો સિદ્ધાંતને સમજ્યા વિના પોતાના સ્વાર્થને ધ્યાનમાં રાખીને બીજાને ગેરમાર્ગે દોરે છે, તે પણ જ્ઞાનદુષ્ટ છે. આવા જ્ઞાનદુષ્ટ લોકોનો સંગ પણ દુઃસંગ છે.

એક ત્રીજા પ્રકારનો પણ દુઃસંગ થાય છે. કેટલાક એવા લોકો હોય છે કે તે સિદ્ધાંતને સમજતા હોય છે, પણ તેનું આચરણ કરતા હોતા નથી. આવા લોકો જ્યારે બીજાને સિદ્ધાંત સમજાવે છે ત્યારે તેની જે અસર થવી જોઈએ તે થતી નથી. બલકે સાંભળનારને એવું લાગે છે કે આ બધી વાતો સાંભળવા માટે છે. જીવનમાં ઉતારવા માટે નથી. જો જીવનમાં ઉતારવાલાયક હોત, તો કહેનારે તે જરૂર ઉતારી હોત. આવા લોકોના સંગથી આપણું આચરણ સુધરતું નથી, એટલે એક અર્થમાં તે પણ દુઃસંગ છે.

શ્રીહરિરાયજીએ ત્રીજા શિક્ષાપત્રમાં કોનો સંગ ન કરવો તે બતાવ્યું છે. નીચે બતાવેલા લોકોનો સંગ દુઃસંગ જાણવો.

(૧) જેમનો સંબંધ પુષ્ટિમાર્ગ સિવાય અન્ય સંપ્રદાયો સાથે છે અને જેમની શ્રદ્ધા તથા નિષ્ઠા અન્ય સંપ્રદાયોમાં છે.

(૨) જે લોકો લૌકિકમાં આસક્ત રહે છે.

(૩) શ્રીમહાપ્રભુજીનાં કહેલાં વચનોથી જેઓ વિરુદ્ધ વચનો કહે છે.

(૪) જે અવૈષ્ણવ છે એટલે કે પુષ્ટિમાર્ગથી વિમુખ છે અને ભગવદીયોમાં દોષબુદ્ધિવાળા છે.

(૫) જેઓ લૌકિક ભોગમાં રચ્યાપચ્યા છે અને લૌકિક વિષયો તથા વ્યસનોનો સંગ રાખે છે.

(૬) જેમની આસક્તિ લૌકિક વ્યાવહારિક કાર્યોમાં વિશેષ છે.

પ્ર. ૨ : આપણે દુઃસંગથી શા માટે બચવું જોઈએ?

જ. ૨ : આનો જવાબ શ્રીહરિરાયજીએ ત્રીજા શિક્ષાપત્રમાં એક ઉદાહરણ આપીને સમજાવ્યો છે. આપણે અગ્નિ સળગતો રાખવો છે અને ઉપરથી વરસાદ પડે છે, તો શું કરીશું? અગ્નિની ઉપર એક વાસણ મૂકીને તેમાં પાણી ઝીલી લઈશું. તેથી અગ્નિ ઓલવાશે નહિ, પાણી ગરમ થઈ વરાળ બનશે, હવામાં ચાલ્યું જશે; પરંતુ સળગતા અગ્નિ ઉપર વાસણ નહીં મૂકીએ તો અગ્નિ તરત ઓલવાઈ જશે.

આપણા હૃદયમાં શ્રીઠાકોરજી માટે જે પ્રેમ છે, તેનું નામ ભગવદ્‌ભાવ છે. શ્રીઠાકોરજીને મેળવવાના વિરહનો અગ્નિ આપણા હૃદયમાં સળગે છે. આવો અગ્નિ હૃદયમાં રાખીને આપણે દુનિયામાં જીવીએ છીએ. ગૃહસ્થ હોવાને કારણે અનેક કાર્યો કરવાં પડે છે, તે નિમિત્તે અનેક લોકોના સંપર્કમાં આવવું પડે છે. ઈચ્છા-અનિચ્છાએ તેમની વાતો સાંભળવી પડે છે. તેમનો ઘણો સંગ રહે છે.

મનનો સ્વભાવ છે કે તેના ઉપર જે વાતો ઝિલાય તેને તે તરત જ પકડી લે છે. જેમ અરીસો સારાખોટા પ્રતિબિંબને જુએ તેમ મન પણ સારીખોટી વાતો ઝીલે છે અને તરત જ તે માટે સક્રિય થાય છે. બધા માણસો મજબૂત મનવાળા હોતા નથી. મોટા ભાગના માણસોનાં મન વત્તાઓછા પ્રમાણમાં નબળાં હોય છે. તેને લઈને તેઓ ગેરમાર્ગે દોરવાઈ જાય છે. આથી જે લોકો શ્રીમહાપ્રભુજીના માર્ગે ચાલનારાં નથી, એમના સંપર્કમાં રહેવાથી એમના વિચારો અને આચરણની અસર તરત જ આપણા ઉપર થવા લાગે છે. આપણે એમના જેવા જ વિચારો અને વર્તન કરતા થઈ જઈએ છીએ.

દા.ત. આપણે એવા કોઈ મહાત્માના સંપર્કમાં આવ્યા કે જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી. જગતને મિથ્યા કહે છે, તો તેમની વાતો સાંભળતાં એક દિવસ આપણે પણ સેવા છોડી દઈને જગતને મિથ્યા કહેતા થઈ જઈશું. થોડા સમય પછી બીજા કોઈ વિદ્વાનનો સપર્ક થશે, એટલે આપણે તેમના વિચારોને અનુસરવા લાગીશું. આમ, આપણું મન એક વિચારથી બીજા વિચારે ભટક્યા કરશે.

પરિણામે પ્રભુપ્રાપ્તિનો હેતુ નિષ્ફળ જશે. માટે દરેક ધર્મમાં સાધક માટે એવો આગ્રહ સેવવામાં આવ્યો છે કે તે એક વખત જે ધર્મનો સ્વીકાર કરે, તે ધર્મના જ ગ્રંથો તેણે વાંચવા અને સાંભળવા. તે ધર્મના જ ગુરુ અને અનુયાયીઓનો સંગ રાખવો, જેથી તેનું મન ઘડિયાળના લોલકની જેમ જુદા જુદા વિચારો તરફ હાલક-ડોલક ન થાય.

શ્રીહરિરાયજી સમજાવે છે કે ભગવદ્‌ભાવ અગ્નિરૂપ છે. દુઃસંગ પાણી જેવો છે. દુઃસંગરૂપી વરસાદના પાણીથી ભગવદ્‌ભાવરૂપી અગ્નિ ઓલવાઈ જશે. ભગવદ્‌ભાવરૂપી અગ્નિને બચાવવા સત્સંગરૂપી વાસણની જરૂર પડશે.

પ્ર. ૩ : સત્સંગ એટલે શું?

જ. ૩ : સત્ શબ્દના પણ બે અર્થ છે : **સત્ એટલે સત્ય.** વેદ અને તેમાં બતાવેલા સિદ્ધાંતો પરમ સત્ય છે. એ જ પ્રકારે પરમાત્મા પણ પરમ સત્ય છે. એ સિવાય અન્ય કોઈ પરમ સત્ય નથી. વેદના અર્થોને પૂરેપૂરી પ્રામાણિકતાથી કેવળ શ્રીમહાપ્રભુજી અનુસર્યા છે, એટલે શ્રીમહાપ્રભુજીએ આપેલા સિદ્ધાંતો પણ પરમ સત્ય છે. આ પરમ સત્યનો સંગ રાખવો એનું નામ સત્સંગ.

આ પરમ સત્યો શાસ્ત્રગ્રંથ પાસેથી જેમ શીખવા મળે છે, તેમ એ સત્યોને અનુસરનારા મહાપુરુષો પાસેથી પણ શીખવા મળે છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને જેઓ પૂરી નિષ્ઠાથી અનુસરે છે, એવા વૈષ્ણવ ભગવદીયો પણ પરમ સત્યરૂપ છે. એમનો સંગ પણ સત્સંગ છે.

આમ, સત્સંગ બે પ્રકારે થાય છે. શાસ્ત્રગ્રંથો દ્વારા અને તેને અનુસરનારા ભગવદીયો દ્વારા. આ બંને પ્રકારના સત્સંગમાં પણ ભગવદીયો દ્વારા પ્રાપ્ત થતા સત્સંગને વધારે ઉત્તમ કહેવામાં આવે છે; કારણ કે શાસ્ત્રગ્રંથોમાં સિદ્ધાંતો સમજાવવામાં આવે છે. એ સિદ્ધાંતોનો વિચાર કરતાં આપણને કેટલાક સંશયો રહે છે. જેમ કે આ બધું સાચું છે? આ બધાનું જીવનમાં આચરણ થઈ શકે ખરું? આજે આ આચરણ શક્ય છે? વગેરે. આવા સંશયોનું નિરાકરણ શાસ્ત્રો કરતાં નથી; પરંતુ ભગવદીયો આવા સંશયોનું નિરાકરણ કરે છે.

ભગવદીયોનો સંગ થતાં તેમના જીવન દ્વારા જ ઘણી શંકાઓનો આપણને જવાબ મળી જાય છે. આ ભગવદીયોનાં વિચાર-વાણી-વર્તન સિદ્ધાંત સાથે એકરૂપ હોય છે. તેને લીધે તેઓ જે કહે છે તેની આપણા મન પર દૃઢ અસર થાય છે. આથી શ્રીહરિરાયજી ભગવદીયોનો સત્સંગ કરવા કહે છે.

પ્ર. ૪ : ભગવદીયો કોને કહેવાય? કયાં લક્ષણોવાળા ભગવદીયોનો સંગ કરવો?

જ. ૪ : શ્રીહરિરાયજીએ પહેલા અને ત્રીજા શિક્ષાપત્રમાં ભગવદીયોનાં લક્ષણો બતાવ્યાં છે. આ લક્ષણો નીચે મુજબ છે.

(૧) શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય; એટલે કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓની સાચી અને ઊંડી સમજ તથા તે આજ્ઞાઓનું જીવનમાં પાલન, આવી સમજ અને પાલનને નિષ્ઠા કહેવામાં આવે છે. જે વૈષ્ણવોમાં શ્રીમહાપ્રભુજી અને પુષ્ટિમાર્ગ વિષે આવી નિષ્ઠા હોય તેમનો સંગ કરવો.

(૨) જેઓ અનન્ય ભક્તિ કરનારા હોય. અનન્ય ભક્તિ એટલે કૃષ્ણમાં નિત્ય શુદ્ધ સ્નેહ. તેને કારણે શ્રીકૃષ્ણની પુષ્ટિમાર્ગીય પ્રકારે સેવા કરવામાં જે તત્પર હોય, તેવા વૈષ્ણવોનો સંગ કરવો.

(૩) પોતાના પુષ્ટિપ્રભુ સિવાય જેમને કોઈ ઠેકાણે આસક્તિ ન હોય. જેઓ શ્રીઠાકોરજીમાં અનન્ય ભાવવાળા હોય, તેમનો સંગ કરવો.

(૪) જેઓ શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને સમસ્ત લીલાપરિકરમાં એકત્વ સમજી સદૈવ ભગવદ્કથા અને સેવા દ્વારા નિત્યલીલાનું અનુસંધાન રાખનારા હોય, તેમનો સંગ કરવો.

(૫) જેઓ કામ, ક્રોધ જેવા લૌકિક વિચારોથી મુક્ત હોય, પ્રાણીમાત્રના હિતમાં સદા તત્પર હોય, ઈર્ષા વિનાના કોમળ હૃદયવાળા હોય, સ્વભાવે સાત્ત્વિક હોય, શાંત, સ્વસ્થ અને સંતોષી હોય તથા કોઈની પાસેથી કંઈ પણ મેળવવાની અપેક્ષા વિનાના નિરપેક્ષ હોય, તેમનો સંગ કરવો.

(૬) જેઓ કથા દ્વારા આજીવિકા ન મેળવતા હોય, કથામાં પણ ભગવદ્ભાવ રાખતા હોય, તેમનો સંગ કરવો. આવાં લક્ષણવાળા ભગવદીયોનો સંગ અલૌકિક ફળ આપનારો બને છે.

પ્ર. ૫ : તમે જે લક્ષણો આપ્યાં, એવા બત્રીસ લક્ષણોવાળા આદર્શ વૈષ્ણવ આ જગતમાં અત્યારે મળવા એ મોટા ભાગ્યની વાત કહેવાય. આવા ભગવદીય ન મળે, એ સ્થિતિમાં સત્સંગ કૈવી રીતે કરવો?

જ. ૫ : શ્રીહરિરાયજીએ એના કેટલાક વિકલ્પો આપ્યા છે. તે આ પ્રમાણે છે: (૧) અન્ય વૈષ્ણવોની સાથે ભગવદ્કથામાં બેસવું. કોઈ એક વૈષ્ણવ શિક્ષાપત્ર, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા જેવા પુષ્ટિમાર્ગીય ગ્રંથો વાંચે તેનું શ્રવણ-

મનન કરવું. જીવનમાં એ વાતોને ઉતારવા કોશિશ કરવી. (૨) આવી રીતે ભગવદ્‌વાર્તા જ્યાં થતી હોય, ત્યાં જઈને નિયમથી દરરોજ સત્સંગ કરવો.

(૩) આવી ભગવદ્-વાર્તા ન થતી હોય, ત્યારે આપણા ઘરમાં ચોવીસ કલાક દરમ્યાન અનુકૂલ સમય મેળવી રોજ ઓછામાં ઓછો એક કલાક સત્સંગ માટે આપવો. આપણા કુટુંબની વ્યક્તિઓ સાથે બેસીને ઉપર કહ્યાં તેવાં પુસ્તકોનું વાચન અને મનન-ચિંતન કરી શકાય. કેટલેક ઠેકાણે આવો સત્સંગ અઠવાડિયે, પંદર દિવસે કે મહિને એકાદ વખત થતો હોય છે, તે બરાબર નથી. સત્સંગ મનનો મહાપ્રસાદ છે. જેમ શરીરના પોષણ માટે દરરોજ બે વખત ભોજન જરૂરી છે, તેમ મનના પોષણ માટે પણ સત્સંગરૂપી મહાપ્રસાદ દરરોજ જરૂરી છે. શ્રીમહાપ્રભુજીએ તો એટલી હદ સુધી આજ્ઞા કરી કે ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલો સમય પણ જો ભગવાનનું નામ ન લેવાય તો બહિર્મુખતા આવે છે. આપણી ચારે બાજુ પ્રબળ દુ:સંગ છે. ટી.વી. કેબલનું પ્રચંડ આકર્ષણ છે, તેના સામે ભગવદ્‌ભાવને ટકાવવા દરરોજ નિયમિત રીતે સત્સંગ કરવો જરૂરી છે.

(૪) પરિવાર સાથે બેસીને સત્સંગની અનુકૂળતા ન હોય, તો આપણે પોતે એકલાએ પણ ઉપર કહ્યા તેવા ગ્રંથોનું નિત્ય વાચન કરીને સત્સંગ કરવો જોઈએ.

(૫) કદાચ કોઈ વૈષ્ણવ અભણ હોય, વાંચી ન શકતા હોય અને ભગવદ્-કથા સાંભળવાની અનુકૂળતા ન હોય, તો તેમણે શક્ય તેટલું અષ્ટાક્ષરનું રટણ કરવું જોઈએ. પરંતુ લૌકિક સંગના આક્રમણથી તો બચવું જ જોઈએ.

આપણને જે કામ કરવામાં રસ હોય છે, તે માટે કોઈ પણ રીતે સમય મેળવી લઈએ છીએ. જે કામ નહિ કરવાથી આપણને નુકસાન થાય એવું દેખાય છે, તે કામ પણ કોઈ પણ હિસાબે કરીએ છીએ. એટલે સમય મેળવવો એ આપણા મનની વાત છે. સમય નથી એ પોકળ બહાનું છે. માટે આપણા દૈનિક જીવનને એવી રીતે ગોઠવીએ કે દરરોજ સત્સંગ માટે ઓછામાં ઓછો એક કલાક આપણે આપી શકીએ.

પ્ર. ૬ : સત્સંગ કેવી રીતે કરશો?

જ. ૬ : સત્સંગ કરતી વખતે નીચેની બાબતોની કાળજી રાખવી.

(૧) દુ:સંગ ભગવદ્‌ભાવને દુષ્ટ કરે છે. આપણો ભગવદ્‌ભાવ નાશ પામે તે પહેલાંથી નિયમિત દરરોજ આગ્રહપૂર્વક સત્સંગ કરવાની શરૂઆત કરવી. (૨) સત્સંગ દરમ્યાન લૌકિક વાતો ન કરવી. આપણા મનમાં પણ લૌકિક

બાબતોનો વિચાર ન કરવો, પ્રયત્નપૂર્વક સત્સંગમાં ચિત્તને એકાગ્ર રાખીને શ્રવણ કરવું. (૩) સત્સંગમાં દીનતા રાખવી. જિજ્ઞાસાથી સત્સંગ કરવો. વક્તામાં અને ગ્રંથોમાં શ્રદ્ધા રાખવી. (૪) વક્તાથી નીચા આસને બેસીને દાસભાવ અને દીનતાથી શ્રવણ કરવું. લૌકિક પ્રતિષ્ઠાને ભૂલીને સત્સંગમાં જવું. ઉચ્ચ આસને ન બેસવું. (૫) સત્સંગનું શ્રવણ કર્યા પછી લૌકિક વાતો શરૂ ન કરવી, જે સાંભળ્યું છે તેનું ચિંતન કરવું. (૬) ભગવદીયોનાં વચનોથી વિરુદ્ધ વચન સ્વીકારવાં નહિ. (૭) વૈષ્ણવોના દોષ ન જોવા. વૈષ્ણવોની નિંદા ન કરવી.

ઉપર પ્રમાણે આગ્રહ રાખીને સત્સંગ કરવો જોઈએ.

પ્ર. ૭ : શ્રીભાગવત કથાનું શ્રવણ કોની પાસે, કેવી રીતે કરવું?

જ. ૭ : શ્રીભાગવત ઉપર અનેક આચાર્યો, મહાપુરુષો, મહાત્માઓ અને વિદ્વાનોએ વિચાર કરેલ છે. શ્રીભાગવત અને ગીતાજી ઉપર અનેક ટીકાઓ લખાયેલી છે. આજે પણ તેના અનેક જાણકારો કથા-પ્રવચનો કરે છે. સામાન્ય રીતે જે માણસ આ કથાના વક્તા હોય, તેમના પોતાના વિચારો તેમના કથનમાં આવતા હોય છે. તેઓ પોતાના અંગત દૃષ્ટિકોણ મુજબ કથાની રજૂઆત કરતા હોય છે. એ સંજોગોમાં સંભવ છે કે તેઓ મૂળ ગ્રંથોને સંપૂર્ણ રીતે પ્રામાણિક ન પણ રહેતા હોય.

આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ. પુષ્ટિમાર્ગ પર ચાલવાની પા પા પગલી માંડનારા છીએ. તે વખતે જુદા જુદા વક્તાઓની જુદી જુદી દિશાની વાતો સાંભળીશું, તો આપણે પુષ્ટિમાર્ગની એક નિશ્ચિત દિશા તરફ ચાલી શકીશું નહિ. આમતેમ અથડાતા રહીશું. પરિણામે જે ફળ પ્રાપ્ત કરવું છે તે સિદ્ધ થશે નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ કરેલા શ્રીભાગવત, ગીતાના પ્રામાણિક અર્થને અનુસરીને કથા કહેનારા વૈષ્ણવ ભગવદીયોનાં મુખેથી કથાપાન કરવું.

શ્રીમહાપ્રભુજીએ ભાગવતની કથા કરનાર વક્તા માટે એવો આગ્રહ સેવ્યો છે કે ભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે, તેથી ભાગવતનો ઉપયોગ આજીવિકા માટે કરવો જોઈએ નહિ. જે આજીવિકા માટે કથા કહે છે તેની કથા ખાબોચિયાના ગંદા પાણી જેવી છે, તેનું પાન કરવાથી લાભ કરતાં નુકસાન વધારે થાય છે. માટે નિષ્કામ અને નિરપેક્ષ ભાવે કથા કહેનારા ભગવદીયોનાં મુખેથી કથાનું રસપાન કરવું જોઈએ.

●

૧૮. અસમર્પિત અને સમર્પિત

પ્ર. ૧ : આપણે ત્યાં શ્રીઠાકોરજીને ભોગ ધર્યા વિનાનું ભોજન ન લેવાનું શા માટે કહેવામાં આવ્યું છે?

જ. ૧ : શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી હતી. તે 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ જણાવેલ છે તે મુજબ જીવો સ્વભાવથી દોષવાળા છે. પાંચ પ્રકારના દોષો આપણને લાગેલા છે. જ્યારે નિર્દોષ પ્રભુ સાથે આપણો સંબંધ કરવા માટે આપણે પણ નિર્દોષ બનવું જરૂરી છે. જીવોના દોષો નિવૃત્ત કરી તેમનો પ્રભુ સાથે સંબંધ કરાવવા માટે બ્રહ્મસંબંધ છે. બ્રહ્મસંબંધ થતાં જીવ દોષોથી નિવૃત્ત થાય છે.

જેમ ધોયેલું સ્વચ્છ સફેદ કાપડ ધૂળ, કચરો કે કોલસાના સંપર્કમાં આવે તો ફરી ગંદુ થાય છે, તેમ બ્રહ્મસંબંધથી આપણા દોષ નિવૃત્ત થયા, પરંતુ જો આપણે બ્રહ્મસંબંધની પ્રતિજ્ઞાનું પાલન ન કરીએ તો ફરી પાછા દોષવાળા બનીએ છીએ. તેથી પ્રભુ આપણો અંગીકાર કરે નહિ. તળાવ પર લીલ જામી હોય તો એક વખત લીલને હટાવવાથી નીચેનું પાણી શુદ્ધ પાણી મળે, પરંતુ બીજા દિવસે ફરી તે લીલને હટાવવી પડશે. આમ, બ્રહ્મસંબંધથી પ્રાપ્ત થયેલી શુદ્ધિ હંમેશ માટે સાચવી રાખવી પડશે. એ શુદ્ધિ સાચવવા માટે શ્રીમહાપ્રભુજીએ અસમર્પિતનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે તમારું સર્વસ્વ શ્રીઠાકોરજીને સમર્પણ કર્યું છે. તમે તેમના દાસ બન્યા છો, ત્યારે દુનિયામાં એક સેવક તેના સ્વામીને વફાદાર બનીને સ્વામીની સેવા કરતાં જીવન જીવે, એમ આપણે પણ શ્રીઠાકોરજીને વફાદાર રહીને એમની સેવા કરતાં જીવન જીવવું જોઈએ. જેમ સેવક સ્વામીએ ઉપયોગમાં લીધેલી વસ્તુથી જીવનનિર્વાહ કરે, તેમ આપણે પણ પ્રભુને અંગીકાર કરાવી, પ્રસાદી કરેલી દરેક ચીજ-વસ્તુઓથી જીવનનિર્વાહ કરવો જોઈએ. માટે આપણે ત્યાં શ્રીઠાકોરજીને ભોગ ધરીને ભોજન કરવાનો આગ્રહ સેવવામાં આવે છે.

પ્ર. ૨ : અસમર્પિત લેવાથી દોષ લાગે છે, એમ તેમ કહ્યું, એને જરા વિસ્તારથી સમજાવશો?

જ. ૨ : વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ ભોજનના પદાર્થો અંગે ઘણું સંશોધન કરી કેટલીક હકીકતો બતાવે છે. આપણું શરીર પાંચ પ્રકારના કોષોનું બનેલું છે. આવા કોષોની કુલ સંખ્યા લાખોની છે. આ કોષોની કુલ સંખ્યામાં સતત વધઘટ થતી રહે છે. કોષોની સંખ્યા વધે તેમ તંદુરસ્તી વધે છે, કોષોની સંખ્યા ઘટે તેમ તંદુરસ્તી ઘટે છે. પરિણામે ઉંમરની સાથે કોષોની સંખ્યા ઘટે છે તેથી નબળાઈ અને રોગોનો અનુભવ થાય છે.

આ કોષોની સંખ્યા યોગ્ય પ્રમાણમાં ટકાવી રાખવા માટે વ્યાયામ અને આરોગ્યના નિયમોની સાથે ભોજનના પદાર્થોનું પણ એક વિશિષ્ટ મહત્ત્વ છે. આપણે જે ખોરાક લઈએ છીએ, તેનું પાચન થતાં ખોરાકમાંથી લોહી, ચરબી વગેરે બને છે. લોહી આખા શરીરને સ્ફૂર્તિમાં રાખે છે. તે શરીરનાં બધાં અંગોને જરૂરી પોષણ આપે છે. લોહીમાંથી વીર્ય બને છે. વીર્ય શરીરને બળ અને તેજ આપે છે. યોગ્ય પૌષ્ટિક ભોજનથી શારીરિક અને માનસિક શક્તિ જળવાઈ રહે છે. માટે વિજ્ઞાન પોષણક્ષમ આહાર ઉપર વધારે ભાર મૂકે છે.

મનોવિજ્ઞાન આહાર અંગે કેટલીક વાતો બતાવે છે. ભોજનથી શરીર પર અસર થાય છે, તેમ મન ઉપર પણ અસર થાય છે. ભોજનના પદાર્થોમાં પણ સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ જેવા ગુણો છે. તેને લીધે વાત, પિત્ત અને કફ જેવા ઉપદ્રવો થાય છે. તેની અસર મનબુદ્ધિ ઉપર પડે છે. સાથે સાથે જ્યાં ભોજન બન્યું હોય, તે સ્થળની શુદ્ધિ અને પવિત્રતા ભોજન પર અસર કરે છે. ભોજન બનાવનારની અને ભોજન કરનારની ચિત્તવૃત્તિઓ પણ ભોજન ઉપર અસર કરે છે.

આના કારણે જ આપણામાં કહેવત આવી કે 'આહાર એવો ઓડકાર.' આથી શાસ્ત્રોએ કહ્યું કે ભોજનમાં માત્ર ભૌતિક શુદ્ધિ જ મહત્ત્વની નથી, તેની સાથે પવિત્રતા અને હૃદયની ભાવશુદ્ધિ પણ જરૂરી છે. ભોજન પવિત્ર અને દિવ્ય ત્યારે જ બને કે જ્યારે તેઓ અંગીકાર શ્રીઠાકોરજી કરે. જેમ અગ્નિના સ્પર્શથી કોલસામાં અગ્નિ પ્રગટે છે, લોહચુંબકના સ્પર્શથી લોખંડમાં ચુંબકીય શક્તિ આવે છે, તેમ શ્રીઠાકોરજીના આરોગવાથી તે ભોજન ભૌતિક ભોજન ન રહેતાં દિવ્ય મહાપ્રસાદ બને છે. પ્રસાદ એટલે પ્રસન્નતા, પ્રસાદ એટલે કૃપા. પ્રભુની પ્રસન્નતા અને કૃપા આ ભોજનમાં ભળતાં તે ભોજનના પદાર્થો ભગવદ્-રૂપ બને છે, તેથી નિર્દોષ અને આનંદરૂપ બને છે. તે પ્રસાદ લેવાથી આપણા શરીર અને મનની વૃત્તિઓ નિર્દોષ રહે છે. જેમ અગ્નિના સંગથી ઠંડી દૂર થાય, તેમ મહાપ્રસાદના ભોજનથી દોષો નિવૃત્ત થાય છે.

આરોગ્યવિજ્ઞાન કહે છે કે ભોજનને કારણે આપણા શરીરની તમામ આંતરિક પ્રક્રિયાઓ ઉપર ઘણી બધી અસર થાય છે અને તેમાં ઘણાં પરિવર્તન આવે છે. એવી જ રીતે મહાપ્રસાદની અતિ સૂક્ષ્મ, પરંતુ દિવ્ય અસરો શરીર, મન અને બુદ્ધિ અનુભવે છે. તેને લીધે આપણાં વિચાર, વાણી અને વર્તનમાં વૈષ્ણવતા આવે છે. જીવનમાંથી લૌકિકતા હટે છે.

અત્યાર સુધી આપણે પોતાને માટે રાંધતા અને ખાતા હતા, તેમાં નર્યો સ્વાર્થ હતો. ગીતાજીમાં ભગવાને કહ્યું કે જે પોતાને માટે રાંધે છે તે પાપ રાંધે છે. આમ, પોતાને માટે રંધાતુ ભોજન એ પાપનું ભોજન છે. પરંતુ જ્યારે તે જ ભોજન પ્રભુના આરોગવા માટે તૈયાર કરવામાં આવે, ત્યારે તે દિવ્ય ભોજન બને છે. તેના લેવાથી સર્વ પાપ અને દોષ નિવૃત્ત થાય છે. માટે શ્રીમહાપ્રભુજીએ ઠાકોરજીને ધરેલો પ્રસાદ લેવાની આજ્ઞા કરી છે.

પ્ર. ૩ : માત્ર ભોજન જ પ્રસાદી તરીકે લેવાય કે અન્ય વસ્તુઓને પણ આ નિયમ લાગુ પડે?

જ. ૩ : શ્રીમહાપ્રભુજીએ આનો જવાબ આપતાં આજ્ઞા કરી કે અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ. વસ્તુઓમાં ભોજન ઉપરાંત દરેક ચીજોનો સમાવેશ થઈ જાય. જીવનમાં જે જે ચીજ-વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ, તે બધી શ્રીઠાકોરજીને પહેલાં અંગીકાર કરાવેલી હોવી જોઈએ.

પ્ર. ૪ : ભોજનના પદાર્થો શ્રીઠાકોરજીને ભોગ ધરી શકાય. શ્રીઠાકોરજીનું સ્વરૂપ ઘણું નાનું હોય, તેમને આપણાં વસ્ત્રો અને અન્ય ચીજ-વસ્તુઓ કેવી રીતે અંગીકાર થાય?

જ. ૪ : આપણે ઘરમાં જે કંઈ ચીજ-વસ્તુઓ ખરીદીને લાવીએ, તે પહેલાં શ્રીઠાકોરજીના ઉપયોગમાં લેવાવી જોઈએ. દા.ત. કાપડ લાવ્યા તો પહેલાં તે કાપડમાંથી શ્રીઠાકોરજીનાં સાજ, વસ્ત્રો વગેરે બનતાં હોય તો બનાવી અંગીકાર કરાવવાં જોઈએ. પછી વધેલું કાપડ આપણા માટે ઉપયોગમાં લેવું જોઈએ. જે કાપડ શ્રીઠાકોરજીનાં સાજ કે વસ્ત્રોમાં ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય, એવા કાપડને પાટલા કે સિંહાસન પર બિછાવી તેના ઉપર શ્રીઠાકોરજીનાં ગાદીજી પધરાવી, તેનો અંગીકાર કરાવી શકાય. પછી તે કાપડ આપણે વાપરવું જોઈએ.

આવી જ રીતે દાગીના પણ તૈયાર થઈને આવે, ત્યારે પહેલાં આપણા ઉપયોગમાં ન લેવાય. પહેલાં તે ગાદીજી ઉપર ધરીને શ્રીઠાકોરજીને ધરાવવાની ભાવના કરવી જોઈએ. પછી આપણા ઉપયોગમાં લઈ શકાય. આમ, ઘરમાં

આવતી ચીજ-વસ્તુ પહેલાં શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવી જોઈએ. નવા જોડા-ચંપલ લાવીએ, તો તે પહેરીને પહેલાં શ્રીઠાકોરજીની સેવાના કામ માટે જવું જોઈએ. જેમ કે જળ ભરવા, શાકભાજી ખરીદવા વગેરે.

પ્ર. ૫ : આપણે ઘરમાં લાવેલી વસ્તુ શ્રીઠાકોરજીમાં વાપરીએ, તે પહેલાં ભૂલથી તેમાંથી થોડું ઘરનાં બાળકોએ ઉપયોગમાં લીધું હોય તો તેનો વાંધો ખરો?

જ. ૫ : હા. એવું થઈ શકે નહિ. આપણું વાપરેલું શ્રીઠાકોરજીને ધરાય નહિ. આપણી વાપરેલી વસ્તુઓ અર્ધભુક્ત કહેવાય છે. જેમ બીજાનું એંઠું આપણે ખાતા નથી, તેમ જેમાંથી આપણે પહેલાં આપણા માટે વાપર્યું હોય તો તે આપણું એંઠુ કહેવાય, તે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવાય નહિ. ઘરમાં આવતી વસ્તુઓમાંથી પહેલાં શ્રીઠાકોરજી માટે અલગ મૂકી દેવી જોઈએ. અર્ધભુક્ત વસ્તુ શ્રીઠાકોરજીના ઉપયોગમાં ન આવે તેની ખાસ કાળજી લેવી જોઈએ.

કેટલાક લોકોને રસોઈ કરતી વખતે તે ચાખવાની ખરાબ ટેવ હોય છે. આવી રીતે ચાખવાથી તે વાનગી અર્ધભુક્ત બને છે, અને પ્રભુને લાયક રહેતી નથી; માટે શ્રીઠાકોરજીને ધરવાની સામગ્રી ચાખવી જોઈએ નહિ.

પ્ર. ૬ : આપણે સર્વ કંઈ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી શકીએ એવી સ્થિતિમાં ન હોઈએ, તો અસમર્પિતના દોષમાંથી બચવાનો અન્ય કોઈ વિકલ્પ ખરો?

જ. ૬ : શ્રીમહાપ્રભુજીએ તો આવો કોઈ વિકલ્પ આપ્યો નથી. શ્રીમહાપ્રભુજીએ એક જ આજ્ઞા કરી કે સેવકોએ સર્વ કંઈ શ્રીઠાકોરજીને સમર્પણ કરીને જીવન જીવવું. પરંતુ આપણે ત્યાં જે સંપૂર્ણ સેવાપ્રકાર ન કરી શકે, તેમના માટે અસમર્પિતના દોષમાંથી બચવાનો પ્રકાર બતાવવામાં આવેલ છે. તેમાં બે-ત્રણ વિકલ્પો આજે જોવા મળે છે.

પહેલો વિકલ્પ એ છે કે જે કંઈ રસોઈ આપણા ઘરમાં બનાવવામાં આવે, તે શુદ્ધ અને પવિત્ર રીતે તૈયાર કરવામાં આવે. તૈયાર થયેલી રસોઈને રસોડામાં શુદ્ધ પ્રકારે સાજીને શ્રીઠાકોરજીને ભાવનાથી તે આરોગવાની વિનંતી કરવામાં આવે. જ્યારે જ્યારે કંઈ પણ બનાવીએ અથવા લાવીએ ત્યારે તે બધી વસ્તુઓ આમ ભાવનાથી શ્રીઠાકોરજીને અંગીકાર થાય. આ મુખ્ય પ્રકાર તો નથી, પણ ગૌણ પ્રકાર છે.

બીજો વિકલ્પ એ છે કે ભોજન બને, તેમાં ચરણામૃત પધરાવવામાં આવે. તેનાથી અસમર્પિતના દોષો થતા નથી. જોકે આ રીતે ભોજન કરવાથી શ્રીઠાકોરજીનું સાક્ષાત્ અધરામૃત તો આપણને નથી જ મળતું. બહાર ખાનપાન કરવામાંથી આપણે આપણી જાતને બચાવવી જોઈએ. છતાં નિરુપાયે બહાર ખાનપાન કરવું પડે, તો ત્યાં ચરણામૃત પધરાવી શકાય.

આપણી સાથે ચરણામૃતની નાની ડબ્બી રાખીને તેનો ઉપયોગ કરી શકીએ. જોકે બહાર ખાનપાન કરતાં ડુંગળી, લસણ જેવા અભક્ષ્ય પદાર્થોથી તો બચવું જ જોઈએ. ઘરમાં કે બહાર આવા પદાર્થોનો ઉપયોગ ન જ કરવો જોઈએ.

●

સેવકાનાં યથાલોકે વ્યવહારઃ પ્રસિધ્ધ્યતિ ।
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥

- શ્રીમહાપ્રભુજી

સેવક બન્યા પૂર્વે જગતમાં જે પ્રકારનો જીવન-વ્યવહાર હતો, એવો જ જીવન-વ્યવહાર સેવક બન્યા પછી પણ રહેવાનો છે. જીવન-વ્યવહાર બદલવાનો નથી. ઘર છોડી, સંન્યાસી થવાનું નથી. નોકરી ધંધો કે ઘરકામ છોડવાનાં નથી, કુટુંબની જવાબદારી છોડવાની નથી.

સેવક બન્યા પછીના આપણા જીવન-વ્યવહારમાં એક જ બાબત ઉમેરાશે. સર્વ કંઈ શ્રીપ્રભુને સમર્પિત કરવું. સમર્પિત જીવન અને સમર્પિત પદાર્થો વડે જીવન-વ્યવહાર ચલાવવો. અસમર્પિત એવું કંઈ પણ ઉપયોગમાં ન લેવું.

પ્રશ્ન થશે - સમર્પિત લેવાથી લાભ શો?

જે પદાર્થો આપણે ઉપયોગમાં લઈએ છીએ, તેમાં અનેક દોષો રહેલા છે, અનેક અશુદ્ધિઓ છે. જેમ અગ્નિમાં નાખેલુ અશુદ્ધ સોનું શુદ્ધ થાય છે, તેમ શુદ્ધ સ્વરૂપ શ્રીપ્રભુનો સંબંધ થવાથી સર્વ પદાર્થો બ્રહ્મ-રૂપતા-શુદ્ધતા પ્રાપ્ત કરે છે. તેમને ઉપયોગમાં લેવાથી આપણે નિર્દોષ, દોષમુક્ત રહીએ છીએ.

●

૧૯. અસદાલાપ અને ગુણગાન

પ્ર. ૧ : અન્ય ધર્મોમાં મૌનનો મહિમા વધારે જોવા મળે છે. પુષ્ટિમાર્ગમાં મૌનનો મહિમા ખરો?

જ. ૧ : મૌન એ વાણીનું તપ છે. પરામાત્માએ આપણને જે અગિયાર ઇન્દ્રિયો આપી છે, એ બધી ઇન્દ્રિયોનો સાચો ઉપયોગ પરમાત્માની સેવા માટે થવો જોઈએ. એ ઇન્દ્રિયોનો ઉપયોગ જ્યારે આપણા સુખ માટે થાય, ત્યારે તે ઇન્દ્રિયોનો દુરુપયોગ છે. શ્રીઠાકોરજીની સેવામાં ઇન્દ્રિયો જોડાય એ તેમનો સદુપયોગ છે. માટે આપણી ઇન્દ્રિયોનો લૌકિક કાર્યોમાં અતિ આવશ્યક હોય એટલો, ઓછામાં ઓછો ઉપયોગ થવો જોઈએ. બાકી તે ઇન્દ્રિયો ઉપર અંકુશ અને સંયમ રાખવો જોઈએ. તેને તપ કહેવામાં આવે છે.

દરેક ઇન્દ્રિયોનું આવું તપ પ્રભુના બની રહેવા માટે જરૂરી છે. ઇન્દ્રિયોના તપ વિના જીવનમાં બહિર્મુખતા આવવાનો સંભવ છે.

વાણીનું તપ એટલે લૌકિક વાતો ઓછામાં ઓછી કરવી; બાકી મૌન ધારણ કરવું અથવા વાણીથી મનમાં અને મોટેથી પ્રભુનાં ગુણગાન ગાવાં. આમ, મૌનનો મહિમા પુષ્ટિમાર્ગમાં સ્પષ્ટ છે. સેવા દરમ્યાન પણ મૌન રાખવું જોઈએ, જેથી મનની એકાગ્રતા સેવામાં રહે. બોલવાને કારણે સેવાના પદાર્થો ઉપર આપણું થૂંક ઊડે, તે મૌન રાખવાથી ન ઊડે.

પ્ર. ૨ : દુનિયામાં રહેવાને કારણે અન્ય મનુષ્યો સાથે વાતચીત તો કરવી પડે, તે વિના કેમ ચાલે?

જ. ૨ : લૌકિક વાતચીતને અસદાલાપ કહેવામાં આવે છે. અસત્ એટલે જે પ્રભુ સાથે સંબંધિત નથી. તે જેનો સંબંધ પ્રભુ સાથે ન હોય, એવી વાતો 'અસદાલાપ' કહેવાય. ઘણી વાર આપણે જરૂરી વાતચીત બહુ ઓછા શબ્દોમાં કરી શકતા હોઈએ છીએ; તેમ છતાં આપણે ઘણું બોલીએ છીએ. અજાણ્યા માણસો સાથે પણ બિનજરૂરી ઘણું બોલીએ છીએ. જ્યારે આપણે એકલા હોઈએ છીએ, ત્યારે પણ મનમાં ઘણો બડબડાટ કરતા હોઈએ છીએ. આ બધું જરૂરી હોતું

નથી; માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારી વાણીનું નિયમન કરો. વાણીનો નિરોધ કરો. ભગવન્નામ સિવાય વાણીનો કોઈ બીજો ઉપયોગ કરશો નહિ.

પ્ર. ૩ : ભગવદ્‌ગુણગાનમાં વાણીનો ઉપયોગ કઈ કઈ રીતે થઈ શકે?

જ. ૩ : વાણીના મુખ્ય બે પ્રકાર છે. શ્રાવ્ય અને અશ્રાવ્ય. બીજા લોકો સાંભળી શકે તેમ મોટેથી બોલાતી વાણી શ્રાવ્ય વાણી કહેવાય છે. બીજા સાંભળી ન શકે તેમ મનમાં બોલાતી વાણી અશ્રાવ્ય વાણી કહેવાય છે. આપણે એકલા હોઈએ,, ત્યારે આ શ્રાવ્ય વાણીનો ઉપયોગ કરવો પડતો નથી અથવા પ્રવાસમાં કે અન્ય સ્થળોએ પણ હંમેશા શ્રાવ્ય વાણીનો ઉપયોગ કરવાની જરૂરી રહેતી નથી. આ સ્થિતિમાં મનમાં શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરવાની ટેવ પાડી શકાય. શરૂઆતમાં પ્રયત્નપૂર્વક રટણ કરવું પડે. જેમ જેમ રટણ વધતું જાય, તેમ તેમ તેની ટેવ પડતી જાય. પછી આપોઆપ રટણ ચાલ્યા કરે. આમ, શ્રીઅષ્ટાક્ષર મંત્રના રટણથી અસદાલાપના દોષોમાંથી આપણે બચી શકીએ છીએ.

કદાચ એવું પણ બને કે કોઈ પણ વસ્તુ એકધારી કરવાથી મનને થાક લાગે, ક્યારેક નીરસતા આવે; એ સ્થિતિમાં અશ્રાવ્ય વાણીનો એક બીજો ઉપયોગ થઈ શકે. તે છે શ્રીઠાકોરજીની લીલાઓનું મનન-ચિંતન. શ્રીહરિરાયજી પ્રથમ શિક્ષાપત્રની શરૂઆતમાં લીલા-ચિંતનમાં અશ્રાવ્ય વાણીનો ઉપયોગ બતાવે છે. શ્રીઠાકોરજી નિત્યલીલામાં બે પ્રકારે લીલાઓ કરે છે. એક નિત્યની મંગળાથી શયન સુધીની લીલા. બીજી જુદા જુદા ઉત્સવોની લીલા. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આ સર્વ લીલાઓનું અનુક્રમે મનમાં ચિંતન-મનન કરવું. તેને આપણા સંપ્રદાયમાં લીલા-ભાવન કહેવામાં આવે છે. આવા લીલા-ભાવનથી મન અને વાણી તેમાં નિરોધ પામે છે; એટલે લૌકિક વિચારો થતા નથી.

શ્રાવ્ય વાણીનો ઉપયોગ પણ ભગવદ્‌કથા કે કીર્તન કરવામાં થઈ શકે. સેવા દરમ્યાન કીર્તન કરવાં જોઈએ. સેવાની સાથે જો કીર્તન થતાં રહે, તો લૌકિક વાણીને અવકાશ રહેશે નહિ. સેવા સિવાયના સમયમાં સ્તોત્રપાઠ કરી શકાય. સત્સંગમાં કથાવાચન કરી શકાય, કીર્તનો ગાઈ શકાય, બીજા વૈષ્ણવો સાથે શ્રીઠાકોરજી સંબંધી વાતો કરી શકાય. આમ, અનેક રીતે ભગવદ્-ગુણગાનમાં આપણી શ્રાવ્ય વાણીને જોડી શકાય છે. આમ કરવાથી આપણે અસદાલાપના દોષમાંથી બચી શકીએ છીએ.

પ્ર. ૪ : વાણીનો ઉચ્ચાર બે રીતે થાય છે : માત્ર હોઠથી બોલાતા શબ્દો અને હૃદયના ઊંડાણમાંથી ઊઠતા શબ્દો. તો ભગવદ્‌ગુણગાન કેવી રીતે કરવું?

જ. ૪ : જેમાં દિલ લાગેલું ન હોય, એવા માત્ર હોઠથી બોલાયેલા શબ્દોને પોપટિયા વાણી કહેવામાં આવે છે. ઘણી વાર આપણે સ્તોત્રપાઠ કરીએ છીએ, કીર્તન ગાઈએ છીએ, મનમાં અથવા મોટેથી જપ કરીએ છીએ, ત્યારે આ પોપટિયા વાણી ઉચ્ચારતા હોઈએ છીએ. જે બોલીએ છીએ તેના અર્થનું અનુસંધાન તે વખતે મનમાં વિચારતા હોતા નથી. જીભ યંત્રવત્ બોલ્યા કરે છે; પણ મન તેમાં લાગેલું હોતું નથી. આવી રીતે ભગવન્નામ લેવાથી વાણી પવિત્ર થાય છે, પરંતુ મનમાં ભગવત્-સ્વરૂપનો આનંદ પ્રાપ્ત થતો નથી. માટે ગોવિંદ સ્વામીએ કહ્યું કે જો હૃદયમાં સ્નેહ જ નથી, તો ખાલી જીભથી રટણ કરવાથી શું થશે?

આથી, અર્થના અનુસંધાન સહિત ભગવદ્-ભાવપૂર્વક ભગવન્નામ લેવાવું જોઈએ. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે હૃદયમાં પ્રભુ માટે ઘણો સ્નેહ હોય, ત્યારે પ્રભુના વિરહના અગ્નિથી એ હૃદય દાઝતું હોય, એવા હૃદયના ઊંડાણમાંથી ભગવન્નામ બહાર પ્રગટ થાય ત્યારે તે રસાત્મક બને છે. જેમ ચંદનનું લાકડું બળે, ત્યારે તેનો ધુમાડો વાતાવરણમાં સુગંધ ફેલાવે છે; તેવી રીતે વિરહતાપ-ક્લેશથી ભરેલા હૃદયમાંથી જ્યારે ભગવદ્-ગુણગાન પ્રગટ થાય, ત્યારે તેમાં શ્રીઠાકોરજીનો અલૌકિક આનંદરસ રહેલો હોય છે. તે આપણા કાન દ્વારા પાછો હૃદયમાં જતાં હૃદય અલૌકિક આનંદનો અનુભવ કરે છે. માટે ભગવદ્-ગુણગાનમાં પ્રભુ માટેનો પ્રેમ અને વિરહતાપ પહેલી જરૂરિયાત છે. આ ગુણગાન બીજાઓને રાજી કરવા માટે કરવાનું નથી. કથાકીર્તન આજીવિકા માટે નથી. તે આપણી પ્રતિષ્ઠા વધારવા માટે પણ નથી. તેના દ્વારા અન્ય પરોક્ષ લાભ લેવાનો નથી. કીર્તન કેવળ આપણા પ્રભુને રીઝવવા માટે, આપણો વિરહ પ્રભુને અંગીકાર કરાવવા માટે છે.

શ્રીમહાપ્રભુજી 'યમુનાષ્ટક'માં આજ્ઞા કરે છે કે ભગવન્નામ હમેશાં લેવું. સાથે સાથે ભગવન્નામ આનંદપૂર્વક લેવું. શ્રીમહાપ્રભુજી અન્ય સ્થળે એવી આજ્ઞા કરે છે.કે ગણતરી સાથે જપપાઠ કરવાથી તે મર્યાદા પ્રકાર બને છે, જેમાં સંખ્યાનું મહત્ત્વ વધે છે, સ્વરૂપનું અનુસંધાન ઘટે છે; જ્યારે સ્વરૂપના અનુસંધાનપૂર્વક જપપાઠ કોઈ ગણતરી રાખ્યા વિના કરવાથી તે ધ્યાન બને છે. તે પુષ્ટિપ્રકાર છે. આપણી પાસે ત્રણ શબ્દો છે. મનન-ચિંતન, સ્મરણ અને ધ્યાન. શ્રીઠાકોરજી અંગે જે સાંભળ્યું હોય, તેને વાગોળવું, ફરીફરીને યાદ કરવું તે મનન-ચિંતન છે. મનમાં પ્રયત્નપૂર્વક શ્રીઠાકોરજીનાં સ્વરૂપ અને લીલાઓને યાદ કરવાં તે સ્મરણ છે. શ્રીઠાકોરજીમાં પ્રેમ હોવાને કારણે વિરહવશ આતુરતાથી સહજ રીતે શ્રીઠાકોરજી હૃદયમાં યાદ આવ્યા કરે, વગર પ્રયત્ને શ્રીઠાકોરજીના વિચાર ચાલ્યા કરે અને

તેમાં તલ્લીન થઈ જતાં આજુબાજુનું ભાન ન રહે તે ધ્યાન છે. આમ, મનન-ચિંતનથી સ્મરણ સિદ્ધ થાય છે અને અંતે ધ્યાન સિદ્ધ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભગવદ્-ગુણગાન કોઈની દેખાદેખીથી કે અદેખાઈથી ન કરવું. ભગવદ્-ગુણગાન હરીફાઈ માટે નથી. તે કોઈ લૌકિક હેતુ કે સ્વાર્થના વિચારથી પણ ન કરવું. હરિ દ્વારા કંઈ પણ મેળવવાનો લોભ ન રાખવો. સેવાની જેમ ભગવદ્-ગુણગાન પણ નિરપેક્ષ, નિષ્કામ ભાવથી કરવું જોઈએ. તે બીજાઓ સામે પ્રદર્શનનો વિષય નથી. ભગવદ્-ગુણગાનનો આપણો મુખ્ય હેતુ એ હોવો જોઈએ કે શ્રીઠાકોરજીને તેમની સ્તુતિ પ્રિય છે. તેનાથી તેમને પ્રસન્નતા થાય છે. જ્યાં ભગવદ્-ગુણગાન થતું હોય, ત્યાં શ્રીઠાકોરજી અવશ્ય બિરાજે છે. એટલે આપણું ભગવદ્-ગુણગાન શ્રીઠાકોરજીના આનંદ માટે હોવું જોઈએ. આપણને આનંદ મળશે એવા ભાવથી પણ ગુણગાન ન કરવું જોઈએ.

પ્ર. ૫ : ભગવદ્-ગુણગાનમાં કઈ કઈ બાબતોનો ઉપયોગ કરી શકાય?

જ. ૫ : શ્રીમહાપ્રભુજીએ આપણને અષ્ટાક્ષર મંત્ર અને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષાઓ આપેલી છે. આગળ જોઈ ગયા તેમ અષ્ટાક્ષર મંત્ર કોઈ પણ સ્થિતિમાં ચોવીસે કલાક રટી શકાય છે. પરંતુ બ્રહ્મસંબંધ મંત્ર શુદ્ધ અને પવિત્ર સ્થિતિમાં જ રટી શકાય છે. એટલે અપરસમાં હોઈએ ત્યારે પંચાક્ષર મંત્રનું રટણ કરી શકાય. મંત્રજપ શક્ય હોય ત્યાં સુધી હોઠ ન ફફડે તે પ્રકારે, સ્વરૂપના અનુસંધાન સાથે મનમાં એક આસને બેસીને કરવો જોઈએ. તદુપરાંત, મનમાં લીલાઓનું ચિંતન પણ કરી શકાય. વળી, આપણા સ્તોત્રપાઠ પણ રોજ નિયમથી કરવા જોઈએ. તેમાં મંગલાચરણના પાંચ શ્લોકો, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, ષોડશ ગ્રંથ, શ્રીમધુરાષ્ટક, ત્રિવિધ નામાવલી, શ્રીપુરુષોત્તમ-સહસ્ત્રનામ વગેરેનો નિયમથી સમાવેશ કરવો જોઈએ. શક્ય હોય ત્યાં સુધી શુદ્ધ અને પવિત્ર થઈ, એક આસને બેસીને આ સ્તોત્રોનો પાઠ મોટેથી કે મનમાં કરવો જોઈએ. સાથે અર્થનું ચિંતન પણ રહેવું જોઈએ. નિત્યપાઠમાં શ્રીભાગવત અને ગીતાજીના અધ્યાયોનો પણ સમાવેશ કરવો જોઈએ.

અષ્ટસખાની અને અન્ય ભગવદીયોની વાણીમાં ગવાયેલાં કીર્તનો, શ્રીદયારામભાઈ આદિની કાવ્યરચના વગેરેનું ગાન કરી શકાય. આ બધાં ભગવદ્-ગુણગાનનાં સાધનો છે. ભગવદ્-ગુણગાન અલૌકિક છે, તેમ આ સાધનો પણ અલૌકિક છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રદ્ધાપૂર્વક, શંકા-સંશય રાખ્યા વિના, વિશુદ્ધ બુદ્ધિથી નિત્ય જપપાઠ કરવા. તેનાથી ભગવદ્રસનો અનુભવ અવશ્ય થશે.

પ્ર. ૬ : સૂતક જેવી અશુદ્ધ સ્થિતિમાં જપપાઠ, કીર્તન વગેરે થઈ શકે? જો ન થઈ શકે તો અસદાલાપથી બચવા શું કરી શકાય?

જ. ૬ : ભગવન્નામમાં ભગવત્-સ્વરૂપ બિરાજે છે; એટલે જેમ સૂતક જેવી અશુદ્ધ સ્થિતિમાં સેવા નથી થતી, તેમ જપપાઠ પણ થતા નથી. માત્ર અષ્ટાક્ષર મંત્રનો જપ થઈ શકે છે. એટલે સૂતક જેવી સ્થિતિમાં અષ્ટાક્ષર મંત્રનો વધારે જપ કરવો. તે રીતે અસદાલાપથી બચવું.

પ્ર. ૭ : કેટલેક ઠેકાણે શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીયમુનાષ્ટક વગેરેના સમૂહપાઠનું આયોજન થાય છે, તે કરી શકાય?

જ. ૭ : વૈષ્ણવોની સાથે બેસીને કીર્તન-શ્રવણ જરૂર કરી શકાય. સમૂહમાં પાઠ કરી શકાય, પરંતુ તેમાં એક વાતનું ખાસ ધ્યાન રહેવું જોઈએ કે તે દેખાદેખી ન કરતાં, પ્રભુમાં પ્રેમ રાખીને યથાશક્તિ જેટલા થાય તેટલા કરવા. લૌકિક હેતુ માટે આવું આયોજન ન કરવું.

પ્ર. ૮ : આપણને શ્રીભાગવતનો કે ગીતાજીનો પાઠ કરવો ન ફાવે, તો કોઈ બ્રાહ્મણ પાસે કરાવી શકાય?

જ. ૮ : બીજાની પાસે પાઠ કરાવવામાં કોઈ વાંધો નથી; પરંતુ આપણે પોતે ભોજન ન કરીએ, તો આપણું પેટ ભરાતું નથી. બીજાના કરેલા ભોજનથી આપણે ભૂખ્યા જ રહીએ. એવી રીતે જે પાઠ કરે તેને તેનું ફળ મળે. આપણે પાઠ કરીએ તો જ તેનું ફળ આપણને મળે. માટે જાતે પાઠ કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

પ્ર. ૯ : આપણને સંસ્કૃતનું જ્ઞાન ન હોય, તો તેને કારણે સ્તોત્રપાઠ બોલતાં ખોટા ઉચ્ચાર થાય, તેનો કોઈ દોષ લાગે?

જ. ૯ : દોષનો વિચાર મર્યાદામાર્ગમાં વિશેષ કરવામાં આવ્યો છે. પુષ્ટિમાર્ગમાં પ્રેમનો વિચાર છે. બાળક એની કાલીઘેલી વાણીમાં અશુદ્ધ બોલે છે, તેથી આપણને બાળક ઉપર ગુસ્સો આવતો નથી બલકે વધારે આનંદ આવે છે; કારણ કે બાળકની વાણીમાં જ્ઞાન કરતાં પ્રેમ વધુ છે. એવી રીતે આપણી અજ્ઞાનતાને કારણે કદાચ અશુદ્ધ ઉચ્ચાર થશે, તો પ્રભુ જરૂર તેને ક્ષમા કરશે અને પ્રભુ તેને અપરાધ ગણશે નહિ. પરંતુ આપણું કર્તવ્ય છે કે શુદ્ધ ઉચ્ચાર જાણનારા વૈષ્ણવો પાસેથી આપણે તે શીખી લેવા જોઈએ, જેથી કરીને શક્ય હોય એટલા શુદ્ધ ઉચ્ચારે સ્તોત્રપાઠ કરી શકાય. આજે તો ઓડિયો કેસેટની મદદ પણ લઈ શકાય છે.

* * *

૨૦. વિરહ અને વિપ્રયોગ

પ્ર. ૧ : તમે ઘણી વખત 'વિરહ' શબ્દ વાપર્યો છે. વિરહ એટલે શું?

જ. ૧ : સામાન્ય ભાષામાં આપણે વિયોગ શબ્દ વાપરીએ છીએ. સંયોગ અને વિયોગ આ બે શબ્દોનો ઉચ્ચાર કરીએ છીએ. યોગ એટલે જોડાણ. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ સાથે આપણા તન-મનનું જોડાણ થાય, તેને યોગ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં રસશાસ્ત્ર છે. રસશાસ્ત્ર મુજબ બે કે તેથી વધારે વ્યક્તિઓનાં તન-મનના જોડાણથી અને બાહ્ય વાતાવરણના પ્રભાવથી મનમાં કેટલીક વૃત્તિઓ જન્મે છે, તેને લીધે મન જુદા જુદા રસોનો અનુભવ કરે છે. જેમ કે પરસ્પર પ્રેમ ધરાવતું યુગલ સુંદર ઉત્તેજિત વાતાવરણમાં મળે, ત્યારે તેમના હૃદયમાં સ્નેહની વૃત્તિ પ્રગટ થાય છે. તેના પરિણામે તેઓ શૃંગાર રસનો અનુભવ કરે છે. શૃંગાર રસનાં બે પાસાં છેઃ સંયોગ અને વિયોગ. જ્યારે પ્રેમી યુગલ તન-મનથી એકબીજાની પાસે હોય, ત્યારે તેમનું જોડાણ એ સંયોગ છે. જ્યારે આ યુગલ એકબીજાથી દૂર હોય, ત્યારે મનથી એકબીજાનું ખેંચાણ અનુભવે છે તે વિયોગ છે. સંયોગ અને વિયોગ બંનેના અનુભવથી શૃંગાર રસ વધે છે, માટે જેટલું મહત્ત્વ સંયોગનું છે, એટલું જ મહત્ત્વ વિયોગનું પણ છે.

વિયોગથી સ્નેહની લાગણી વધારે દૃઢ બને છે. સંયોગમાં ક્યારેક એકબીજા પ્રત્યે ક્લેશ થાય, માન થાય, વિવાદ થાય; પરંતુ વિયોગમાં આ બધા વિકારો હટી જાય છે અને શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટ થાય છે. વિયોગ ફરી સંયોગ માટેની આતુરતા વધારે છે. વિયોગમાં સ્નેહીજન એકાંત પસંદ કરે છે, પોતાના પ્રિયતમ વિના બહારનું ઉત્તેજિત વાતાવરણ તેને કષ્ટ આપે છે. અન્ય લોકોની સોબત તેને ગમતી નથી. એટલે વિયોગાવસ્થાને વિરહની અવસ્થા કહેવામાં આવે છે. 'રહ' એટલે એકાંત, 'વિ' એટલે વિશેષ પ્રકારનું. સ્નેહીની ઉત્કટ યાદમાં વિશેષ પ્રકારનું એકાંત ભોગવવું તેનું નામ વિરહ.

શ્રીઠાકોરજીની સેવામાં સંયોગ શૃંગાર રસ છે. સેવાના અનવસરમાં શ્રીઠાકોરજી વિના આપણને વિયોગ થાય છે, ત્યારે આપણે વિરહની અવસ્થાનો અનુભવ કરીએ છીએ. એ અવસ્થામાં આપણું મન શ્રીઠાકોરજી સાથે જોડાયેલું,

હોય છે. શ્રીઠાકોરજી વિના તન તપે છે. કંઈ ચેન પડતું નથી. શ્રીઠાકોરજીના સ્મરણમાં આપણે તાપક્લેશનો જે અનુભવ કરીએ છીએ, તેને વિરહ કહેવામાં આવે છે.

પ્ર. ૨ : વિરહની સાથે એક બીજો શબ્દ સાંભળવામાં આવે છે, તાપ-ક્લેશ. બ્રહ્મસંબંધના મંત્રમાં એમ કહેવામાં આવ્યું કે તાપ-ક્લેશનો આનંદ મારામાં રહ્યો નથી. સામાન્ય રીતે ક્લેશ એટલે દુઃખ. આપણી પ્રિય વ્યક્તિ આપણાથી દૂર હોય, ત્યારે તેનું દુઃખ થાય. આ સ્થિતિમાં તાપ-ક્લેશનો આનંદ કેવી રીતે થાય?

જ. ૨ : જેમની વચ્ચે હૃદયનો નિઃસ્વાર્થ સાચો પ્રેમ છે, તેઓ એકબીજાથી વિખૂટાં પડે, ત્યારે તેમને એકબીજાનો વિરહ અનુભવાય છે. વિરહમાં ફરી મિલનની ઉત્કટ ઇચ્છા હોય છે. મિલનની ઉત્કટ ઇચ્છાનું જ બીજું નામ તાપ-ક્લેશ છે. તાપ-ક્લેશ માટે આપણે ત્યાં 'આર્તિ' શબ્દ પણ વપરાય છે. 'આરત' એટલે ઉત્કટ ઝંખના. આવી ઝંખનાને કારણે મન ક્લેશ અનુભવે છે.

લૌકિક સંબંધોનો પાયો ઇન્દ્રિય-સુખના સ્વાર્થનો હોવાથી, ક્લેશ દુઃખરૂપ લાગે છે; પરંતુ શ્રીઠાકોરજી સાથેનો આપણો સ્નેહસંબંધ દેહસુખનો સંબંધ નથી. તે સંબંધ અશરીરી છે, દિવ્ય છે. એટલે આ સંબંધને શ્રીઠાકોરજીના વિરહથી જે તાપ થાય છે, તેમાં લૌકિક દુઃખનો અનુભવ થતો નથી. ઇન્દ્રિયોની કામવાસના ન ભોગવાયાનો લૌકિક તરફડાટ હોતો નથી. વિરહમાં મનની એક ભાવાત્મક સ્થિતિ બને છે. તેમાં મન શ્રીઠાકોરજી સાથે વિશેષ પ્રમાણમાં લાગે છે - શ્રીઠાકોરજીમાં ડૂબી જાય છે. તેને લીધે મનને શ્રીઠાકોરજી પ્રત્યેના પ્રેમનો આનંદાત્મક અનુભવ થાય છે. આ અનુભવ લૌકિક ક્લેશપૂર્ણ હોતો નથી; પરંતુ અલૌકિક આનંદાત્મક હોય છે, એટલે આમાં લૌકિક દુઃખનો પ્રશ્ન આવતો નથી.

પ્ર. ૩ : વિરહની સાથે એક બીજો પણ શબ્દ સાંભળવામાં આવ્યો છે, વિપ્રયોગ. વિપ્રયોગ એટલે શું?

જ. ૩ : આપણે 'યોગ' શબ્દનો અર્થ જોયો. યોગ એટલે તન-મનનું જોડાણ. જ્યારે આ જોડાણ અશરીરી બને અને પરસ્પરનાં મનનું પાકું જોડાણ થાય, ત્યારે તે અવસ્થાને વિપ્રયોગ કહેવામાં આવે છે. 'વિ' એટલે વિશેષ પ્રકારનો, 'પ્ર' એટલે પુષ્કળ પ્રમાણમાં. એક વિશેષ-સ્વરૂપે દૃઢતાથી ભક્ત અને ભગવાનનું માનસિક જોડાણ થાય, તેવી ભક્તના મનની તન્મયતાની અવસ્થાને વિપ્રયોગ કહેવામાં આવે છે. આવી અવસ્થામાં ભક્ત પોતાના અંતઃકરણમાં

પ્રભુના અલૌકિક સ્વરૂપ અને વિવિધ લીલાઓનો સતત અનુભવ કરે છે. બાહ્ય રીતે તેને પ્રભુનું સંયોગસુખ હોતું નથી, પરંતુ આંતરીક રીતે તે સૂક્ષ્મ ઈન્દ્રિયો, હૃદય અને આત્માથી પ્રભુ સાથે લીલાવિહાર માણે છે. આ અવસ્થા પરમ સ્નેહના અનુભવની ભાવાત્મક, રસાત્મક અને ફલાત્મક અવસ્થા છે. તે જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. જેને આપણે ત્યાં 'વ્યસન અવસ્થા' ના નામે પણ ઓળખવામાં આવે છે. આવી અવસ્થામાં ભક્તને બાહ્ય ભાન રહેતું નથી, તે વિકળ બને છે. ક્યારેક મૂર્છાવશ પણ બને છે. તેના અંતરમાં લીલાના દિવ્ય સાગરને તે માણે છે. આવી અવસ્થા વિરલ ભક્તોને જ પ્રાપ્ત થાય છે.

પ્ર. ૪ : ઘણા વૈષ્ણવો એમ કહેતા હોય છે કે અમને શ્રીઠાકોરજીનો વિરહ સતાવે છે. તેઓ મોં ઉદાસ કરી બેસે છે. આંખમાંથી આંસુ પાડે છે, રડે છે, મેલાંઘેલાં કપડાં પહેરી રાખે છે. વિરહમાં આ બધું જરૂરી છે?

જ. ૪ : આપણે આગળ જોઈ ગયા કે શ્રીઠાકોરજીના સેવાના સમયમાં સંયોગસુખનો અનુભવ છે. અનવસરમાં વિરહ અને વિપ્રયોગના સુખનો અનુભવ છે. બાહ્ય ક્રિયાઓથી વિરહ થતો નથી. વિરહ થવાથી કદાચ આપણી બાહ્ય ક્રિયા ઉપર તેની અસર પડે; પરંતુ પ્રયત્નપૂર્વક મોં ઉદાસ કરીને રડતા બેસવાથી વિરહ કર્યો કહેવાય નહિ.

વિરહ તો મનના ભાવની એક એવી અવસ્થા છે કે જે સ્થિતિમાં સહજ રીતે શરીર વિકલ બને, ક્યાંક આંખ ભીની થાય, દેહનું સુખ રુચે નહિ. પણ સાચો સ્નેહી ભક્ત અને મનુષ્યોથી પોતાની આ સ્થિતિને છુપાવી રાખે છે. પોતાને વિરહનો અનુભવ થાય છે, તે બીજાની સામે જાહેરમાં પ્રગટ કરતો નથી. એ તો તેના અંગત જીવનનું એક રહસ્ય છે, જે બીજાને બતાવવા લાયક નથી. એટલે સેવાની તત્પરતા અને તન્મયતામાંથી સેવાના અનવસરમાં વિરહનો ભાવ પ્રગટશે. જે સેવા-સ્મરણ કરતા જ નથી, એને ભગવદ્-ભાવ હોવો ઓછો સંભવે છે. એ સ્થિતિમાં વિરહની વાત શક્ય નથી.

શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીના વિરહમાં ચંદ્ર સરોવર ઉપર બિરાજી છ માસ સુધી અને શ્રીનાથજી મથુરા પધાર્યા, ત્યારે શ્રીચતુર્ભુજદાસજીએ ગોવિંદકુંડ ઉપર રહી, મહિનાઓ સુધી વિપ્રયોગનો અનુભવ કર્યો. નિત્યલીલાના રાસના પ્રકરણમાં પ્રભુ અંતર્ધાન થયા ત્યારે અને પછી મથુરા પધાર્યા ત્યારે વ્રજભક્તોએ આ ભાવ અનુભવ્યો છે. આ ભાવ રસાત્મક અને ફલાત્મક છે. તે સૌને માટે સાધ્ય નથી.

પ્ર. ૫ : વિરહના અનુભવ માટે વૈષ્ણવે શું કરવું જોઈએ?

જ. ૫ : શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં તેનું માર્ગદર્શન આપ્યું છે. શ્રીઠાકોરજીની પ્રાપ્તિ અને અનુભવ કેવળ શ્રીસ્વામિનીજીની કૃપાથી શક્ય છે; કારણ કે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીને વશ છે. ભૂતળ ઉપર શ્રીસ્વામિની-સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની શરણાગતિ આપણને પ્રાપ્ત થઈ છે. એટલે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ચાલીને આપણે શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરી શકીએ, તો તેમની કૃપાથી આપણા હૃદયમાં ભગવદ્ભાવ જાગે. સેવા-સ્મરણથી તે ભગવદ્ભાવ વધે. પરિણામે આપણામાં સાચી દીનતા આવે. દીનતાને કારણે આપણે અનવસરમાં પ્રભુને મેળવવાની ઉત્કટ ઝંખના સેવીએ; તે હેતુથી વિરહપૂર્વક ગુણગાન કરીએ, તો આપણામાં અલૌકિક વિરહ જાગે છે.

અલૌકિક વિરહનું દાન કરનારા શ્રીમહાપ્રભુજી છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રના ભાવપૂર્વક જપપાઠ કરવાથી પણ વિરહાગ્નિ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજી આપણને વિરહનું દાન કરે છે. વિરહ પ્રગટ થયા પછી તે વધતો રહે ત્યારે તેના ફળ-સ્વરૂપે વિપ્રયોગનો અનુભવ થાય છે. આમ, વિરહ-વિપ્રયોગ શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત થાય છે. જીવની બુદ્ધિથી અને એના પ્રયત્નોથી તેનો અનુભવ થતો નથી. જ્યારે આપણું ચિત્ત સેવાસ્મરણમાં લાગે, સાચી દીનતા આવે, તાપક્લેશપૂર્વક ગુણગાન થાય, ત્યારે સમજવું કે શ્રીમહાપ્રભુજીએ આપણા ઉપર કૃપાનું દાન કર્યું છે અને આપણને વિરહ આપ્યો છે.

*

શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજી પાસે 'નિરોધલક્ષણ' ગ્રંથમાં માગે છે કે 'નંદ-યશોદા અને ગોપીજનોને ગોકુળમાં શ્રીકૃષ્ણના વિરહનું જે દુ:ખ અનુભવવા મળ્યું હતું, તે દુ:ખ મારા મનને પણ અનુભવવા મળે.'

વિરહનું દુ:ખ એ વાસ્તવમાં અલૌકિક સુખ છે. વિરહમાં સ્મરણ તીવ્ર બને, સ્મરણ ગુણગાનમાં પરિણમે. વિરહના અગ્નિમાં અભિમાન આદિ દોષો બળી જાય. આપણામાં દીનતા અને નિ:સાધનતા આવે. આવી મનઃસ્થિતિપૂર્વક ભગવદ્-ગુણગાન થતાં હૃદયમાં ભગવદ્-આવિર્ભાવ થતાં, ભગવદ્-રસાનુભવનું સુખ પ્રાપ્ત થાય.

૨૧. આપણાં બેઠકજી

પ્ર. ૧ : 'બેઠકજી' એટલે શું? ત્યાં જવાનો ભારે મહિમા કેમ છે?

જ. ૧ : શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી આદિ આપણા આચાર્યો જ્યાં જ્યાં પધાર્યા, તેમાંનાં કેટલાંક સ્થળોએ તેમણે ત્રણ કે સાત દિવસ બિરાજી શ્રીભાગવત, વેદ, ગીતા, વાલ્મીકિ રામાયણ આદિ ધર્મગ્રંથોનું પારાયણ કર્યું છે. આવાં દિવ્યસ્થાનો પછીના સમયમાં 'બેઠકજી' તરીકે પ્રસિદ્ધ થયાં છે. આ સ્થળોએ પારાયણ ઉપરાંત આપશ્રીએ કેટલાંક દિવ્ય ચરિત્રો પણ પ્રગટ કર્યાં છે.

ઉપનિષદોમાં 'ભૂમા' શબ્દ પરમાત્મવાચી અને આનંદવાચી છે. શ્રીમહાપ્રભુજી જ્યાં જ્યાં પધાર્યા, ત્યાં ત્યાં મોટેભાગે કોઈ જલાશયના કિનારે વૃક્ષ નીચે ખુલ્લામાં બિરાજ્યા છે. આપના પાવન સ્પર્શથી એ ભૂમિ ભગવદ્ધામ બની છે, ભગવત્-સ્વરૂપ બની છે. આથી તે સ્થાને શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યો સદા માટે બિરાજમાન છે, એનો અનુભવ ત્યાં ગયેલા અનેક વૈષ્ણવોને આજસુધી થતો રહ્યો છે. એટલે આજે શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યો આપણી વચ્ચે પ્રત્યક્ષ-સ્વરૂપે બિરાજતા નથી; ત્યારે તેમનાં સેવા-દર્શન-સ્મરણ માટે બેઠકજીએ જવાનો વૈષ્ણવોનો આગ્રહ હોય છે. પ્રત્યેક બેઠકજીમાં એ આચાર્ય-સ્વરૂપ સાક્ષાત્ બિરાજમાન છે જે, એ નિશ્ચિત માનવું. એ ભાવથી બેઠકજીએ જવું.

બેઠક એટલે બિરાજવાનું સ્થાન. મૂળમાં શ્રીમહાપ્રભુજી માટીનો ચોતરો બનાવીને ત્યાં બિરાજ્યા હશે; એટલે પ્રાચીન સમયમાં બેઠકજીના સ્થાનમાં માટીની ચોતરીજી ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજમાન છે એવા ભાવથી ચોતરીજીની સેવા કરવાનો પ્રકાર રહ્યો હતો. પાછળથી તે ચોતરીજી ઉપર આરસ મઢાયો. શ્રીમહાપ્રભુજીના સુખાર્થે ગાદી-તકીયા બિછાવાયા. તે પર શ્રીમહાપ્રભુજી બિરાજે છે એવી ભાવના સેવવામાં આવી છે. આજે પણ વ્રજ વગેરે કેટલાંક એકાંત સ્થળોમાં માટીનાં ચોતરીજીની જ સેવાનો પ્રાચીન પ્રકાર છે.

પ્ર. ૨ : શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યોનાં કુલ કેટલાં બેઠકજી છે?

જ. ૨ : શ્રીમહાપ્રભુજીનાં ચોર્યાશી બેઠકજી છે, એવું 'બેઠકચરિત્ર'ના આધારે જાણવા મળે છે. શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીયદુનાથજીએ શ્રીમહાપ્રભુજીના

ચરિત્ર વિષે 'શ્રીવલ્લભદિગ્વિજય' ગ્રંથ લખ્યો છે, તેમાં તેમણે ૮૪ની સંખ્યા આપી છે. સાથે શ્રીમહાપ્રભુજીએ કયા ધર્મગ્રંથનું પારાયણ કર્યું, એની વિગતો પણ છે. એ વિગતોનો અભ્યાસ કરતાં અને બેઠકચરિત્રમાં જે સ્થળોનો ઉલ્લેખ છે, એનો અભ્યાસ કરતાં એવું જણાય છે કે કેટલાંક સ્થળો કે જ્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવત વગેરેનું પારાયણ કર્યું છે, એમનો સમાવેશ બેઠકચરિત્રમાં નથી. બેઠક-ચરિત્રમાં એવી કેટલીક બેઠકોનો સમાવેશ થાય છે, જ્યાં શ્રીમહાપ્રભુજીએ માત્ર નિવાસ કર્યો છે, કોઈ પારાયણ કર્યું નથી. પરંતુ આજે શ્રીમહાપ્રભુજીની મનાતી ૮૪ બેઠકો પૈકી કેટલાક બેઠકજી પ્રગટ નથી. ખાસ કરીને હિમાલયના ક્ષેત્રનાં, દક્ષિણ ભારતનાં બેઠકજી આજે પણ અપ્રસિદ્ધ છે.

શ્રીમહાપ્રભુજીનાં આ ૮૪ બેઠકજી ઉપરાંત શ્રીગુસાંઈજીની ૨૮ બેઠકો છે. શ્રીગુસાંઈજીના સૌથી મોટા લાલ શ્રીગિરિધરજીની ૪ બેઠકો છે. ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીની ૧ બેઠક, શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલ શ્રીગોકુલનાથજીની ૧૩ બેઠકો છે. શ્રીહરિરાયજીની ૭ બેઠકો છે. પાંચમા લાલ શ્રીરઘુનાથજીની ૧ બેઠક છે. સાતમા લાલ શ્રીઘનશ્યામજીની ૨ બેઠક છે. શ્રીનાથજીની ચાર બેઠક છે. આમ, કુલ આંક ૧૪૨ નો થાય છે. બેઠકચરિત્રમાં આ ૧૪૨ બેઠકોનાં ચરિત્રો આપવામાં આવ્યાં છે, જેમાંથી આ પ્રત્યેક બેઠકજીનો વિશેષ પરિચય મળી શકશે.

આ ૧૪૨ બેઠકજી ઉપરાંત પણ અન્ય કેટલાંક બેઠકજી આજે પ્રગટ છે. જેમ કે શ્રીમહાપ્રભુજીનાં ડાભાનાં અને કાવીનાં બેઠકજી. વડનગરમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી. ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનાં એક બેઠકજી ગોકુળમાં અને બીજાં કચ્છમાં પ્રગટ છે. અન્ય ગોસ્વામી બાળકોનાં પણ બેઠકજી જુદાં જુદાં ગામોમાં બિરાજે છે. આ સર્વ બેઠકજીઓની એક વ્યવસ્થિત યાદી આજ સુધી થયેલી નથી, જે જરૂરી છે. જેથી તે ગામમાં જનાર વૈષ્ણવ ત્યાં સેવાદર્શનનું સુખ લઈ શકે.

પ્ર. ૩ : બેઠકજીમાં ઝારીજી ભરવાનો મહિમા શા માટે છે?

જ. ૩ : આપણે ત્યાં સેવા દીનતા અને નિઃસાધનતાના ભાવથી કરવાની કહી છે. સેવામાં આપણા જે દ્રવ્યનો આપણે વિનિયોગ કરાવીએ, તેનું અભિમાન આપણને થવું જોઈએ નહિ. જ્યાં અભિમાન આવે ત્યાંથી પ્રભુ દૂર પધારે છે. સેવા દાસ તરીકે દીનતાથી કરવાની છે. વિચારમાં, વાણીમાં અને વર્તનમાં અભિમાન ન આવે, તે માટે સેવા કરવાની બાબતમાં આપણે ત્યાં કેટલાક શબ્દપ્રયોગો પ્રચલિત છે. જેમ કે હાથ પવિત્ર કરવા. મારાથી શું સેવા બને? સેવા તો વ્રજભક્તોની છે, હું તો વ્રજભક્તોની કૃપાથી અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મારા

હાથ પવિત્ર કરું છું. આવો બીજો શબ્દપ્રયોગ છે ઝારી ભરવી. મારાથી બીજું કાંઈ બનતું નથી, હું તો શ્રીઠાકોરજીની ઝારી ભરું છે. ઝારીજી માટેનું જળ સૌને સુલભ છે. રંકથી માંડીને રાય સુધીના વૈષ્ણવો એકસરખા ભાવથી જળ ધરી શકે છે. પ્રાચીન સમયમાં તો સુંદર મીઠું જળ ઘણે દૂરથી, માથે ગાગર મૂકી લઈ આવવું પડતું હતું. તેને લીધે આપણું શરીર પણ જળ ભરવાની સેવામાં જોડાતું અને સેવામાં દીનતા રહેતી. શ્રીઠાકોરજી કેટલા દયાળુ છે કે શ્રીમહાપ્રભુજીની કાનિથી મારી ઝારી અંગીકાર કરે છે, એથી વધારે હું કંઈ કરી શકતો નથી. આવા ભાવથી ઝારીજી ભરવાનો વૈષ્ણવોનો આગ્રહ હોય છે.

ઝારીજી ભરવાનો એક બીજો પણ ભાવ છે. ઝારીજી શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. ઝારીજીમાં પધરાવવામાં આવતું જળ શ્રીયમુનાજીના જળના ભાવનું છે. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીને સૌથી વધારે પ્રિય છે. શ્રીયમુનાજી પુષ્ટિજીવો ઉપર અત્યંત કરુણા અને કૃપા કરનારાં છે. પુષ્ટિજીવોને પ્રભુ સુધી લઈ જનારાં છે. પુષ્ટિજીવોને પ્રભુની સેવામાં જોડનારાં છે. માટે ઝારીજીમાં બિરાજતાં શ્રીયમુનાજીને આગળ કરીને એમની કાનિથી આપણે શ્રીઠાકોરજીની સેવામાં, શ્રીઠાકોરજીની સન્મુખ જઈએ છીએ. આવા ઝારીજીના અનેક ભાવો છે. જેમ શ્રીઠાકોરજીની ગૃહસેવામાં દીનતા અને નિઃસાધનતાના ભાવથી આપણે ઝારીજી અંગીકાર કરાવીએ છીએ, તેમ બેઠકજીમાં પણ શ્રીમહાપ્રભુજી આદિ સ્વરૂપોને આ જ ભાવથી ઝારીજી અંગીકાર કરાવવામાં આવે છે.

ઘણા વૈષ્ણવો ઘેર દરરોજ ઝારીજી ભરતા નથી, એવા વૈષ્ણવોને બેઠકજીમાં ઝારીજી ભરવાની સેવા પ્રાપ્ત થાય છે. તેથી વૈષ્ણવોમાં બેઠકજીએ ઝારીજી ભરવાનો મહિમા વિશેષ જોવામાં આવે છે. કેટલાક વૈષ્ણવો ઘેર ઝારીજી ભરે છે. તેઓ એમ માને છે કે અમારે ઘેર શ્રીઠાકોરજી બિરાજે છે. બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે; એટલે બેઠકજીએ જઈએ તો શ્રીમહાપ્રભુજીની સેવા મળે. માટે બેઠકજીમાં ઝારીજી ભરવાનો તેમનો આગ્રહ હોય છે. પરંતુ આપણે સમજવું જોઈએ કે આપણે ઘેર બિરાજતા શ્રીઠાકોરજીના મુખારવિંદ-સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પણ બિરાજે છે, એટલે શ્રીઠાકોરજીની ગૃહસેવામાં શ્રીમહાપ્રભુજીની સેવા પણ આપોઆપ થઈ જાય છે; છતાં ગુરુભાવથી શ્રીમહાપ્રભુજી બેઠકજીમાં બિરાજે છે, ત્યારે આપણે તેમના સેવકભાવથી ત્યાં જઈને તેમની વિશેષ સેવા કરીએ તે યોગ્ય છે. માટે બેઠકજીમાં ઝારીજી ભરવાનો વૈષ્ણવોને ઘણો ઉત્સાહ હોય છે.

પ્ર. ૪ : વૈષ્ણવોનો મોટો સમૂહ બેઠકજીએ જાય, ત્યારે ઝારીજી ભરવાની બાબતમાં ઘણી ધાંધલ-ધમાલ થાય છે, તે યોગ્ય છે?

જ. ૪ : ના. તે કોઈ રીતે યોગ્ય નથી. સેવા શાંત ચિત્તે મન પરોવીને કરવાની છે. સેવા ભગવત્સુખના વિચારથી કરવાની છે. આપણા સુખ કે આનંદ માટે કરવાની નથી. જ્યાં બેઠકજીએ સેવાતત્પર વૈષ્ણવોનો મોટો સમૂહ હોય, ત્યાં સૌએ ધીરજપૂર્વક સેવાની શિસ્ત સાચવવી જોઈએ. જેથી સાચા સ્વરૂપે સેવા થઈ શકે અને શ્રીમહાપ્રભુજીને પણ શ્રમ ન થાય.

આ માટે એવી વ્યવસ્થા કરવી જોઈએ કે પાંચ-પાંચ વૈષ્ણવોનાં જૂથ બનાવી, દરેક વારાફરતી ઝારીજીમાં શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં થોડું જળ પધરાવે અથવા જૂથમાં એક લાઈનમાં ઊભા રહી, સૌથી આગળના વૈષ્ણવના જમણા ખભે પોતાનો જમણો હાથ મૂકી શ્રીયમુનાષ્ટકનું રટણ કરતાં, પોતે ઝારીજી ભરી રહ્યા છે, એવો ભાવ સેવવામાં આવે; તો પણ શ્રીમહાપ્રભુજી તેમની ઝારીજીની સેવા અવશ્ય અંગીકાર કરશે. આપણે ત્યાં જાતે સેવા કરવાની સાથે બીજા વૈષ્ણવોને સેવા આપવાનો વિશેષ મહિમા છે; કારણ તેમાં બીજા વૈષ્ણવની સેવા આપણે પરોક્ષ રીતે કરીએ છીએ. એટલે બીજા વૈષ્ણવને સેવા આપવાથી શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ ત્રણેયની સેવાનું ફળ આપણને પ્રાપ્ત થાય છે. આવું સમજીને બહુ જ વ્યવસ્થિત પ્રકારે બેઠકજીમાં સેવામાં પહોંચવું જોઈએ.

પ્ર. ૫ : આપણે જ્યારે બેઠકજીએ જઈએ, ત્યારે ત્યાં કેવી રીતે વર્તન કરવું જોઈએ?

જ. ૫ : બેઠકજીએ આપણે સેવાદર્શનના ભાવથી યાત્રારૂપે જઈએ છીએ. શ્રીમહાપ્રભુજીએ યાત્રા કરવાનો પ્રકાર બતાવ્યો છે, તે મુજબ યાત્રામાં સાત્ત્વિકતા અને સંયમ ખૂબ જરૂરી છે. ત્યાં આપણી સમૃદ્ધિનો, હોદ્દાનો કે બીજા કોઈ પ્રકારના અભિમાનનો રાજસ્ ભાવ લઈને જવું નહિ. આપણે શ્રીમહાપ્રભુજીના દાસાનુદાસ છીએ એવો ભાવ હૃદયમાં સતત રાખવો. કોઈ લૌકિક ભાવ લઈને પણ ન જવું. જેમ કે ચાલો પર્યટન થશે, પિકનીક થશે. ત્યાં બહુ જ સાદગીપૂર્વક જવું.

સમૂહમાં બસ કરીને ત્યાં જતાં હોઈએ, તો ધોળ-કીર્તન ગાતાં ગાતાં જવું; પણ પ્રવાસમાં લૌકિક વાતો ન કરવી. શક્ય હોય તે શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરવા. મનમાં શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવું. આપણી રીતે કુટુંબ સાથે કે એકલાં જતાં હોઈએ, તો પણ આ જ પ્રકારે પ્રવાસ કરવો. રસ્તામાં હોટેલનો કે બહારનો ચા-નાસ્તો ન કરવો. શ્રીઠાકોરજીને ધરાવેલ પ્રસાદ કે ફલાહાર કરવો. બને તેટલી

શુદ્ધિ સાચવવી. શક્ય હોય તો બેઠકજીમાં સેવા કરવાના આગલા દિવસે એકાદશી વ્રત કરવું.

આપણી સાથે આપણી અનુકૂળતા પ્રમાણે શ્રીમહાપ્રભુજીને અંગીકાર કરાવવા ધોતી-ઉપરણો, કંકુ, અત્તર, લીલો-સૂકો મેવો વગેરે પધરાવી જવું જોઈએ. શ્રીઠાકોરજીની જેમ શ્રીમહાપ્રભુજી પણ ઉત્તમોત્તમ વસ્તુના ભોક્તા છે, એ વાત ખ્યાલમાં રાખવી. ધોતી-ઉપરણો પણ ઉત્તમ પ્રકારનો સુંદર મુલાયમ હોય, તે જરૂરી છે. આ બધું અંગીકાર કરાવતાં એવો ભાવ ન રાખવો કે પછી તેનું શું થશે? આપણે તો એક વખત શ્રીમહાપ્રભુજી અંગીકાર કરે એટલે કૃતાર્થતા માનવી.

સેવામાં સજ્જ થવા માટે અપરસમાં પહેરવાનાં રેશમી વસ્ત્રો પણ સાથે લઈ જવાં જોઈએ. પુરુષોએ રેશમી ધોતી-બંડી અથવા રેશમી ધોતી-ઉપરણો અપરસમાં પહેરવાં જોઈએ. ધોતીની સાથે ગંજી કે સદરો પહેરી શકાય નહિ તેમજ ઉપરનું શરીર ખુલ્લું પણ રખાય નહિ. બે વસ્ત્રોથી જ સેવા થાય. રેશમી વસ્ત્રો ન હોય તો સુતરાઉ કોરાં ધોતી-ઉપરણો પણ ચાલે. બાળકને પણ આ જ પોષાક પહેરાવવો જોઈએ. સ્ત્રીઓએ ચણિયો, કબજો અને સાડી પહેરવાં જોઈએ. તે કાં તો રેશમી અથવા કોરાં - વગર વાપરેલાં હોવાં જોઈએ. જ્યારે રેશમી વસ્ત્રો લઈ જઈએ, ત્યારે તેને પહેલાં ઘેર વ્યવસ્થિત રીતે ધોઈ, સૂકવી, શુદ્ધ રૂપમાં લઈ જવાં જોઈએ. સ્નાન કર્યા પછી શરીર લૂછવા કોરો ટુવાલ પણ લઈ જવો જરૂરી છે. ઘણા વૈષ્ણવો ત્યાં બેઠકજીમાંથી મેલુંઘેલું ધોતિયું કે સાડી મેળવી સેવામાં જોડાય છે, તે બરાબર નથી. શ્રીઠાકોરજી સન્મુખ વ્યવસ્થિત, સુંદર રીતે જવું જોઈએ. સ્નાન કરતી વખતે માથાના વાળ ભીંજવીને સ્નાન કરવું જોઈએ. કાન અને નાકમાં પણ આંગળીઓ નાખીને સાફ કરવાં જોઈએ. જળના કોગળા કરી, મોં પણ સાફ કરવું જોઈએ. શરીરનો કોઈ ભાગ કોરો ન રહી જાય, એની કાળજી લેવી જોઈએ.

બહેનોએ ભીના વાળ સૂકવવા અલગ રેશમી વસ્ત્ર રાખવું જોઈએ અથવા કોરો ટુવાલ, જેનાથી શરીર લૂછ્યું હોય તે માથે બાંધવો જોઈએ; જેથી ભીના વાળમાંથી જળ ટપકે નહિ કે વાળ માથામાંથી છૂટો પડી બેઠકજીમાં પડે નહિ.

સ્નાન કર્યા બાદ અપરસનાં વસ્ત્રો પહેરી, માથું ઓળી, ચરણામૃત લઈ, તિલક કરવું જોઈએ. આટલું કર્યા પછી માટી લઈ, હાથ બરાબર ધોવા જોઈએ. તેને સેવાની ભાષામાં હાથ ખાસા કર્યા કહેવાય છે. હાથ ખાસા કર્યા પછી, હાથની મૂઠી વાળી રાખવી; કારણ કે હાથ આપણા શરીર ઉપર કે અન્ય કોઈ ચીજવસ્તુ, દીવાલ વગેરેને સ્પર્શે નહિ અને હાથ શુદ્ધ રહે.

સેવામાં સોનાની વીંટી કે અન્ય કોઈ ધાતુની વીંટી પહેરાતી નથી તેમજ હાથ ઉપર ઘડિયાળ પણ રખાતી નથી; એટલે કિંમતી વસ્તુઓ સેવામાં ન્હાતાં પહેલાં ઉતારી દેવી. ઘેરથી આપણે નીકળીએ ત્યારે ગળામાં પહેરેલી તુલસીમાળા પણ બદલી લેવી, નવી તુલસીમાળા પહેરવી.

સેવામાં જઈએ ત્યારે સૌ પહેલાં શ્રીમહાપ્રભુજીની સન્મુખ જઈ દંડવત કરી, સેવા માટેની આજ્ઞા માગવી. પુરુષોએ સાષ્ટાંગ દંડવત કરવા, સ્ત્રીઓએ પંચાગ દંડવત કરવા. એટલું યાદ રાખવું કે સેવા દરમ્યાન જ્યારે શ્રીમહાપ્રભુજીને હાથ જોડીને દંડવત કરીએ, ત્યારે આપણા હાથ જળથી ધોઈ, વસ્ત્રથી લૂછી, ખાસા કરવા પડે. પછી જ સેવાની અન્ય ચીજ-વસ્તુઓનો સ્પર્શ કરી શકાય.

બેઠકજીમાં મુખિયાજી બતાવે તે પ્રમાણે તેમનું માર્ગદર્શન મેળવીને લીલો-સૂકો મેવો, મિસરી વગેરે સિદ્ધ કરી, ભોગ ધરવાનાં વાસણ, પડિયા વગેરેમાં તે સામગ્રી સુંદર રીતે સાજવી. લીલો મેવો, મિસરી વગેરે શુદ્ધ કરતાં ખાસ કાળજી રાખવી. આપણું મોં શક્ય હોય તો વસ્ત્રથી બાંધી દેવું, જેથી થૂંકનો છાંટો તેમાં ઊડે નહિ. સામગ્રી જમીન ઉપર ન પડી જાય તેની કાળજી લેવી. જમીન પર પડેલી સામગ્રી ભોગ ધરવાના પાત્રમાં મૂકવી નહિ, તે એક બાજુ ખૂણામાં પધરાવી દેવી.

આ પ્રમાણે સામગ્રી સિદ્ધ કર્યા પછી ધોતી-ઉપરણા ધરવાના હોય તો તે પણ મુખિયાજીની મદદ લઈને, તેઓ બતાવે તે પ્રમાણે ઘડી વાળી સિદ્ધ કરવા. બધી તૈયારી થઈ જાય પછી મુખિયાજીના માર્ગદર્શન પ્રમાણે શ્રીમહાપ્રભુજીને કેસર સ્નાન કરાવાય. ચોતરીજી ઉપર હૂંફાળા કેસરના જળથી બહુ જ નરમ હાથે સ્નાન કરાવવું. એક પછી એક વૈષ્ણવને એનો લાભ મળે એવું કરવું. બહેનો જ્યારે સ્નાન કરાવે, ત્યારે તેમના હાથમાં પહેરેલી બંગડીઓ ઊંચે ચઢાવી દે, જેથી સ્નાન કરાવતી વખતે શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગને એ બંગડીઓ લાગે નહિ. સ્નાન ખૂબ જ કોમળતાથી કરાવવું. સ્નાન કરાવ્યા પછી તરત જ ત્યાં ને ત્યાં સ્નાનનું જળ હાથમાં લઈ, મોંમાં ન મૂકવું. તેમ કરવાથી શ્રીમહાપ્રભુજીની સેવામાં દોષ લાગે. શ્રીપ્રભુની સામે ખાનપાન કશું થાય નહિ.

સ્નાન થયા પછી કોમળ, મલમલના વસ્ત્રથી અંગવસ્ત્ર થાય. સ્નાનનું બધું જળ એક પાત્રમાં ભેગું થાય. ચોતરીજીની ચારે બાજુની જગ્યા ખાસા કરવા માટે ભીનું વસ્ત્ર લઈ મંદિરવસ્ત્ર કરવું પડે. એટલું થયા પછી દરેક વૈષ્ણવ વારાફરતી શ્રીમહાપ્રભુજીને ઋતુ અનુસારનું અત્તર સમર્પે. શિયાળામાં કેસર-કસ્તુરી,

અંબરનાં અત્તર સમર્પાય. ઉનાળામાં ખસ, મોગરો, જૂઈનાં અત્તર સમર્પાય. ચોમાસામાં કેવડો, કદંબ, ચમેલીનાં અત્તર સમર્પાય. ગુલાબનું અત્તર બારે માસ સમર્પી શકાય. અત્તરની શીશીમાંથી એકાદ-બે ટીપાં અત્તર જમણા હાથની હથેળીમાં લઈ, બંને હાથના પંજા અત્તરવાળા કરી બહુ જ હળવે હાથે ચોતરજી ઉપર અત્તર સમર્પવું.

ત્યારબાદ એક વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીને કંકુથી તિલક કરે, બાકીનાં બધાં વૈષ્ણવ તેમને હાથ લગાડે. શ્રીમહાપ્રભુજીને તિલકની સાથે તુલસીની બે માળાઓ ધરાય. પછી ધોતી અને ઉપરણો ધરાય. ત્યારબાદ ફૂલની માળા ધરાય. આમ, શ્રીમહાપ્રભુજીને શૃંગાર થયા પછી આપણે સૌ દંડવત કરી, દર્શન કરી, ફરી હાથ ખાસા કરીએ. હાથ ખાસા કર્યા પછી અગાઉ બતાવ્યું તેમ ઝારીજી ભરાય. ઝારીજી શ્રીમહાપ્રભુજીના ડાબા શ્રીહસ્ત તરફ પધરાવાય. પછી જે સામગ્રી સિદ્ધ કરી હોય તેનો ભોગ ધરાય. ભોગ ધરતાં પહેલાં ગદ્યમંત્રનું રટણ કરી, શ્રીમહાપ્રભુજીના ચરણસ્પર્શ કરવા અને સાષ્ટાંગ દંડવત કે પંચાંગ દંડવત કરવા. પછી હાથ ખાસા કરીને ભોગ ધરવો. પછી હાથ ધોઈ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરવી કે શ્રીદામોદરદાસ હરસાનીજી આદિ સર્વ ભગવદીયોની કાનિથી આપ કૃપા કરીને આરોગો. પછી બહાર આવી એકાંતમાં બેસી પંચાક્ષર, અષ્ટાક્ષર જપ કરાય. શ્રીસર્વોત્તમ સ્તોત્ર, ષોડશગ્રંથ વગેરેના પાઠ પણ કરાય. મુખિયાજીને પૂછીને અન્ય કોઈ સેવા હોય તો તે પણ કરવી. શ્રીમહાપ્રભુજીની સન્મુખ સમયને અનુરૂપ કીર્તન પણ કરી શકાય. આ પ્રકારે સેવામાં ચિત્તને જોડીને અહોભાવથી દીનતાપૂર્વક સેવા કરવી.

પ્ર. ૬ : કેટલાક વૈષ્ણવો એમ કહે છે કે બેઠકજીએ ઝારીજી ભરવાનાં હોય, તે દિવસે ઝારીજી ભર્યા પહેલાં ચ્હા પણ ન પીવી, તે બરોબર છે?

જ. ૬ : સેવા ભગવત્સુખ માટે છે, એ સિદ્ધાંત હમેશાં યાદ રાખવો. શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજી ન આરોગે, ત્યાં સુધી આપણાથી કશું લેવાય નહિ; પણ નાનાં બાળકો અને વૃદ્ધો માટે અથવા રોગથી પીડાતા દર્દીઓ માટે ધર્મશાસ્ત્રોએ કેટલીક છૂટ આપી છે. સેવા કરવા માટે શરીર-સ્વસ્થતા જરૂરી છે. જેમની તબિયત વગેરેને કારણે ચ્હા લેવાની કે દવાની સાથે દૂધ લેવાની જરૂર સવારમાં રહેતી હોય, તેઓ એવા ભાવથી તે લઈ શકે કે આ લીધા પછી, સેવા માટે મને શરીરનો ઉપદ્રવ નડશે નહિ. સ્વસ્થતાથી હું પ્રભુના સુખ માટે તત્પર થઈ શકીશ. આવી સ્થિતિમાં અપવાદરૂપ કિસ્સામાં લેવું પડે તો તેનો દોષ ન લાગે.

પ્ર. ૭ : કોઈ વૈષ્ણવને બ્રહ્મસંબંધ ન હોય, તો તે અપરસમાં નાહીને સેવા કરી શકે? જો તે સેવા ન કરી શકે, તો તેણે ત્યાં શું કરવું?

જ. ૭ : જેમને બ્રહ્મસંબંધ નથી થયું તેઓ અપરસમાં નાહીને સેવા કરી શકતા નથી. સેવા માટે બ્રહ્મસંબધ જરૂરી છે. જેમને બ્રહ્મસંબંધ થયું છે, એવા પણ કોઈ વૈષ્ણવ કોઈ કારણસર અપરસમાં સ્નાન ન કરી શકે એવું બને; તો જેઓ સેવામાં જોડાઈ શકતાં નથી, એવાં બધાં વૈષ્ણવો કેટલીક બહારની સેવા કરી શકે.

જેમકે બેઠકજીના સ્થાનમાં સફાઈ કરવી. દીવાલો, છત વગેરે સાફ કરવાં. તે સિવાય અન્ય કંઈ કાર્ય કરવા જેવું હોય તો તે પણ કરી શકાય. બાકી સમય વધે તો એક અલગ સ્થાનમાં બેસીને સ્તોત્રપાઠ, ધોળ-કીર્તન, જપ આદિ પણ તેઓ કરી શકે. જેમ બ્રહ્મસંબંધ વિનાના વૈષ્ણવ સેવા કરી શકતા નથી, તેમ જેને સફેદ કોઢ થયેલો છે, એવા વૈષ્ણવ પણ અપરસમાં સેવા પહોંચી શકતા નથી. સૂતક, વર્ધીમાં પણ સેવા થઈ શકે નહિ. સૂતકમાં તો બેઠકજીમાં જવાય પણ નહિ.

પ્ર. ૮ : આપણે બેઠકજીએ પહોંચીએ, ત્યારે શ્રીમહાપ્રભુજીને શૃંગાર થઈ ગયા હોય, એ સંજોગોમાં કેસર-સ્નાન કરાવી ધોતી-ઉપરણા ધરવાની ભાવના હોય, તો કેવી રીતે થાય?

જ. ૮ : સેવામાં પ્રભુનું સુખ વિચારવાનું છે, સાથે સાથે આપણો ભાવ અંગીકાર કરાવવાનો છે; એટલે શ્રીમહાપ્રભુજીને ફરીથી શ્રીઅંગે કેસર-સ્નાન કરાવાય નહિ. બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની સન્મુખ એમનાં પાદુકાજી બિરાજતાં હોય છે. પાદુકાજી પણ શ્રીમહાપ્રભુજીનું જ સ્વરૂપ છે, એટલે એક થાળમાં ચોકી ઉપર વસ્ત્ર બિછાવી, તે ઉપર પાદુકાજીને પધરાવી, તેમને કેસર-સ્નાન થાય. પછી અંગવસ્ત્ર કરી, અત્તર સમર્પી તિલક થાય. શ્રીમહાપ્રભુજીને જે ધોતી-ઉપરણા ધરાવેલા છે, તેના ઉપર આપણા મનોરથના ધોતી-ઉપરણા ધરાવી, અત્તર સમર્પી પુષ્પમાળા ધરાવાય.

ઉપનિષદમાં 'ભૂમા' શબ્દ આનંદવાચી છે. દરેકનાં ત્રણ સ્વરૂપ છે. ભૂમિરૂપી ચોતરીજી શ્રીમહાપ્રભુજીનું આધિભૌતિક સ્વરૂપ છે. ત્યાં પ્રકટ થયેલું આપશ્રીનું માહાત્મ્ય આપશ્રીનું આધ્યાત્મિક સ્વરૂપ છે. ત્યાં અલૌકિક સ્વરૂપે સાક્ષાત્ બિરાજતા શ્રીમહાપ્રભુજી આધિદૈવિક સ્વરૂપ છે. આપશ્રી 'ભૂમા' એટલે આનંદ-સ્વરૂપ હોઈ બેઠકજી-સ્વરૂપે આપશ્રીની સેવા થાય છે.

૨૨. વ્રજ અને લીલાપરિકરનું સ્વરૂપ

પ્ર. ૧ : વૈષ્ણવો વ્રજયાત્રા અને વ્રજવાસ કરવા ઘણો આગ્રહ રાખે છે, એનું કારણ શું?

જ. ૧ : જેમ શ્રીઠાકોરજી સદા નિત્યલીલામાં ગોલોકધામમાં બિરાજે છે, તેમ શ્રીઠાકોરજી પોતાના આખા લીલાપરિકર સાથે સદા ભૂતલ ઉપર વ્રજમાં બિરાજે છે. વ્રજ શ્રીઠાકોરજીનું નિત્યલીલાધામ ગોલોક છે. મૂળ ગોલોકમાં મૃત્યુ બાદ જઈ શકાય, પરંતુ સદેહે વ્રજ ગોલોકમાં વાસ કરી શકાય. વ્રજમાં શ્રીઠાકોરજીની સર્વ લીલાઓ હંમેશ માટે હોવાથી વૈષ્ણવો વ્રજયાત્રા અને વ્રજવાસ કરવાનો આગ્રહ સેવે છે. વૈષ્ણવોને એવી ભાવના રહે છે કે શ્રીઠાકોરજીની કૃપા થાય, તો વ્રજનો અલૌકિક અનુભવ પ્રાપ્ત થાય.

ભગવદીયોએ વ્રજનું સ્વરૂપ કમલાકાર બતાવ્યું છે. એક કમળમાં છપ્પન પાંખડીઓ હોય છે, તેમ વ્રજરૂપ કમળ છપ્પન પાંખડીઓનું છે. કેટલાક ભગવદીયોનો અનુભવ એમ કહે છે કે વ્રજ ચોર્યાસી પાંખડીઓનું કમળ છે. જેમ કમળની પાંખડીઓ બહારની બાજુ ખૂલે અને અંદરની બાજુ બિડાય, તેમ શ્રી ઠાકોરજીના સુખ માટે વ્રજની પાંખડીઓરૂપી ચોર્યાસી કોસ વિસ્તરે છે અને પાછા મધ્યમાં એકત્રિત થાય છે. આમ, શ્રીઠાકોરજી રાત-દિવસ વ્રજચોર્યાસી કોસમાં યથેચ્છ લીલાવિહાર કરે છે. પુરાણોએ પણ આ વ્રજભૂમિનો ઘણો મહિમા ગાયો છે. આપણા પ્રાચીન ભગવદીયોએ પણ વ્રજના માહાત્મ્યનાં ઘણાં કીર્તનો ગાયાં છે. આમ, વ્રજ અલૌકિક છે. તે ભગવદ્ધામ હોવાથી, ભગવત્-સ્વરૂપ છે. વ્રજનો વાયુ, વ્રજનાં જલ, વ્રજનાં ધામ અને વ્રજવાસીઓ સૌ દિવ્ય છે. તેમના આધિદૈવિક સ્વરૂપનો વિચાર કરીને વ્રજયાત્રા અને વ્રજવાસ કરવાં જોઈએ.

પ્ર. ૨ : વ્રજમાં મુખ્ય સ્થાનો કયાં કયાં છે?

જ. ૨ : આમ તો વ્રજનો કણકણ મુખ્ય છે. ત્યાં કંઈ મુખ્ય અને ગૌણ એવું નથી. મથુરાને વ્રજમંડળની બહાર ગણવામાં આવ્યું છે. દર વર્ષે વ્રજયાત્રા થાય છે, ત્યારે મથુરાથી નીકળેલી યાત્રાનો વ્રજમાં પહેલો મુકામ મધુવનમાં થાય છે અને છેલ્લો મુકામ ગોકુળમાં થાય છે. વ્રજમાં બાર વન અને બાર ઉપવન છે. વ્રજમાં

શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજી બિરાજે છે. વ્રજમાં ગોકુળ, નંદગામ, બરસાના, કામવન, વૃંદાવન, જતિપુરા આદિ મુખ્ય ધામો છે. જે વૈષ્ણવો ચોર્યાસી કોસની પરિક્રમા નથી કરી શકતા, એ વૈષ્ણવો વાહન દ્વારા આ બધાં ધામોની યાત્રા કરે છે. સાથે સાથે તેઓ શ્રીગિરિરાજજીની પરિક્રમા પણ પગે ચાલીને કરે છે. વ્રજમાં સુંદર સરોવરો અને કુંડો પણ છે. અનેક સ્થળે સુંદર વૃક્ષરાજિ છે અને શ્રીગિરિરાજજી ઉપરાંત નંદગામ, બરસાના અને કામવનમાં સુંદર નાનકડા પર્વતો પણ છે.

પ્ર. ૩ : આપણે ત્યાં દર વર્ષે વ્રજયાત્રા થાય છે, તે વિષે માહિતી આપશો?

જ. ૩ : વ્રજયાત્રા કોઈ પણ ગોસ્વામી બાળકના નેતૃત્વમાં, તેમના અધ્યક્ષપદે, તેમના મનોરથ-સ્વરૂપે થાય છે. હમણાંથી લગભગ દર વર્ષે એકથી વધુ વ્રજયાત્રાઓ, થોડા થોડા દિવસોના અંતરે શરૂ થાય છે. વૈષ્ણવો તેમની અનુકૂળતા પ્રમાણે તેનો લાભ લે છે. બેઠકજીની યાત્રા માટે જે વાત આપણે સમજ્યા તે વ્રજયાત્રાને પણ લાગુ પડે છે, એટલે એની ચર્ચા અહીં ફરી કરી નથી.

એટલું યાદ રાખીએ કે વ્રજયાત્રા ત્યાગ અને તપ માટે, પ્રભુના વિરહની ઉત્કટ તાપક્લેશની ભાવના માટે છે. એટલે વ્રજયાત્રા શરૂ કરતાં પહેલાં મથુરામાં દરેક યાત્રીને જીવનમાં ત્યાગ અને તપ બન્યાં રહે, એવા કેટલાક નિયમો લેવાના હોય છે. જેમ કે જમીન પર સૂઈ જવું, દાઢી ન કરવી, વાળ ન કપાવવા, ધોબીનાં ધોયેલાં ઈસ્ત્રીબંધ કપડાં ન પહેરવાં, શરીરને સાબુ લગાડી સ્નાન ન કરવું, બધું કાર્ય જાતે કરવું, સાદું સાત્ત્વિક ભગવદ્-પ્રસાદી ભોજન એક વખત કરવું, સેવા-સત્સંગ વિશેષ કરવાં વગેરે. આજે આ બધા નિયમોનું પાલન કરનારા વૈષ્ણવ બહુ ઓછા જોવા મળે છે. ઘણાંને માટે વ્રજયાત્રા પર્યટન-પિકનીક બની છે, તે બરાબર નથી.

વ્રજયાત્રા લગભગ એક માસથી ૪૦ દિવસ સુધીની હોય છે. તેમાં તંબુમાં રહેવાનું હોય છે. ઘણી મુશ્કેલીઓ હસતા મોઢે જે સ્વીકારી શકે, તે જ વ્રજયાત્રાનું અલૌકિક સુખ લઈ શકે છે.

પ્ર. ૪ : શ્રીગિરિરાજજીનું સ્વરૂપ સમજાવશો?

જ. ૪ : શ્રીગિરિરાજજી ત્રણ સ્વરૂપે બિરાજે છે. આપણાં ચર્મચક્ષુથી દર્શન થાય છે તે તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. ભક્તો પર કૃપા કરી પ્રભુની સન્મુખ લઈ જવાનું સામર્થ્ય તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. શ્રીઠાકોરજીની નિત્યલીલામાં શ્રીગિરિરાજજી ભક્ત અને ભગવાન બંને સ્વરૂપે બિરાજે છે. તે તેમનું આધિદૈવિક

સ્વરૂપ છે. શ્રીગિરિરાજજીના સ્વરૂપ માટે એમ કહેવાયું છે કે આપ સાત વર્ષના શ્રીઠાકોરજી જેવા મેઘશ્યામ વર્ણના છે. હમેશાં લાલ ધોતી-ઉપરણો અને લાલ પાઘ ધારણ કરે છે. શ્રીહસ્તમાં લાલ છડી હોય છે.

કેટલાક વૈષ્ણવોને ઘેર સેવામાં શ્રીગિરિરાજબાવા બિરાજે છે.

પ્ર. ૫ : આપણે જતિપુરા જઈએ, ત્યારે ત્યાં શ્રી ગિરિરાજજીની સેવા કેવી રીતે કરવી જોઈએ?

જ. ૫ : શ્રી ગિરિરાજજી સાક્ષાત્ શ્રીઠાકોરજી છે, એવા ભાવથી એમની સેવા કરવી જોઈએ. શ્રીગિરિરાજજીની સેવાનો પ્રકાર આ પ્રમાણે છે. સૌ પહેલાં માનસીગંગાના જળથી તેમના મુખારવિંદને સ્નાન કરાવવામાં આવે છે. પછી દૂધથી સ્નાન કરાવવામાં આવે છે. શક્ય હોય ત્યાં સુધી ગાયના દૂધથી સ્નાન કરાવવું જોઈએ. દરેક જણ પોતપોતાની શક્તિ અનુસાર દૂધથી સ્નાન કરાવી શકે. પછી ફરીથી માનસીગંગાના જળથી સ્નાન થાય. ત્યારબાદ અંગવસ્ત્ર કરી, ઋતુ અનુસાર અત્તર સમર્પી, ધોતી-ઉપરણો ધરાવાય. પછી કંકુથી તિલક અને કપોલ પર કમલપત્ર થાય. પુષ્પમાળા ધરાવાય, પછી દૂધઘરની વિવિધ સામગ્રીઓનો ભોગ ધરાવાય અને છેલ્લે ચરણસ્પર્શ કરાય. બધી સેવા થયા પછી શ્રીગિરિરાજબાવાને દંડવત કરવા જોઈએ. આ પ્રમાણે શ્રી ગિરિરાજબાવાની સેવા થઈ શકે.

પ્ર. ૬ : સાંજે શ્રી ગિરિરાજબાવાને શ્રીનાથજીના શૃંગાર ધરી દર્શન કરાવવામાં આવે છે, એનો ભાવ શો છે?

જ. ૬ : એનો ભાવ એવો છે કે શ્રીનાથદ્વારાથી સાંજે શ્રીનાથજી વ્રજમાં પધારે છે. શ્રીનાથજી અને શ્રીગિરિરાજજી એક જ સ્વરૂપ છે. તેથી દરરોજ સાંજે શ્રીગિરિરાજજીના મુખારવિંદને શ્રીનાથજીની જેમ શૃંગાર થાય, ભોગ આવે અને પછી શયનનાં દર્શન ખૂલે, શયન-આરતી થાય. આમ, શ્રીગિરિરાજજી શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે આપણને દર્શન આપે. એ સ્વરૂપનું મનન-ચિંતન કરતાં આપણે રાત્રે સૂઈએ, તેથી ઘણો આનંદ રહે.

પ્ર. ૭ : ઘણા વૈષ્ણવો શ્રીગિરિરાજજીની પરિક્રમા કરે છે. આ પરિક્રમા કેવી રીતે કરી શકાય?

જ. ૭ : શ્રીગિરિરાજજીની પરિક્રમાના જુદા જુદા પ્રકાર છે. જે લાંબુ અંતર ચાલી શકે તે નવ કોસની પરિક્રમા કરે છે. એક કોસ એટલે બે ગાઉ. એક ગાઉ એટલે બે માઈલ. નવ કોસની પરિક્રમા કરતાં નવથી દસ કલાક થાય. જે આટલું

ચાલી ન શકે તે સાત કોસની પરિક્રમા કરે. સાત કોસની પરિક્રમામાં ચંદ્ર સરોવર જવાનું હોતું નથી. દાનઘાટી પછી ચંદ્ર સરોવર તરફ ન જતાં આન્યોરના રસ્તે વળી જવાથી, બે કોસનો રસ્તો ઘટે છે. જે આટલું પણ ન ચાલી શકે તે પાંચ કોસની પરિક્રમા કરે છે. પાંચ કોસની પરિક્રમામાં રાધાકુંડ જવાનું હોતું નથી. પરિક્રમા કરનાર ગોવર્ધનથી રાધાકુંડ ન જતાં, સીધા દાનઘાટીના રસ્તે આન્યોર જવા નીકળે છે. આમ, અંતરની દૃષ્ટિએ આ ત્રણ પ્રકાર છે.

આ પરિક્રમાના બીજા પણ ત્રણ પ્રકાર છે. કેટલાક વૈષ્ણવો માત્ર ચાલતાં ચાલતાં પરિક્રમા પૂરી કરે છે, આ એક પ્રકાર. કેટલાક વૈષ્ણવો દૂધની ધારા અને ધૂપ સાથે પરિક્રમા કરે છે, તે બીજો પ્રકાર. કેટલાક વૈષ્ણવો દંડવત કરતાં કરતાં આખી પરિક્રમા કરે છે; જે દંડવતી પરિક્રમા કહેવાય છે, તે ત્રીજો પ્રકાર. આમ, દરેક પોતાની ભક્તિ અને શક્તિ પ્રમાણે કોઈ પણ પ્રકારે પરિક્રમા કરી શકે છે.

શ્રીમહાપ્રભુજીએ પરિક્રમાની બાબતમાં એવી આજ્ઞા કરી છે કે જો કોઈ પણ વૈષ્ણવ સાચા ભાવપૂર્વક શ્રીગિરિરાજજીની એકસામટી ત્રણ પરિક્રમા, ક્યાંય રોકાયા વિના સતત કરે, તો તેમને શ્રીગિરિરાજજી ગાય, સફેદ સર્પ, સિંહ અથવા ગ્વાલ-સ્વરૂપે ચોક્કસ દર્શન આપે છે. આપણો સાચો ભાવ હોય તો એક પરિક્રમામાં પણ શ્રીગિરિરાજજીનાં આવાં દર્શન પ્રાપ્ત થાય.

પ્ર. ૮ : શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાનો હેતુ શો છે?

જ. ૮ : આ પરિક્રમાના થોડાક હેતુઓ આ પ્રમાણે છે :

(૧) શ્રીગિરિરાજબાવાની તળેટીમાં શ્રીઠાકોરજીનાં અનેક લીલાસ્થળો અને બેઠકો બિરાજે છે. તે બધાંનાં દર્શન અને સેવા પ્રાપ્ત થાય. સાથે સાથે તે સ્થળોમાં જે જે લીલાઓ થઈ, એનું કથાકીર્તન-શ્રવણ થાય. આ એક હેતુ છે.

(૨) આપણા લૌકિક શરીરથી શ્રીઠાકોરજીનો સ્પર્શ અશક્ય છે. વ્રજરજના કણકણમાં શ્રીઠાકોરજી બિરાજે છે. પરિક્રમા કરતાં અન્ય ભક્તોનાં અને આપણાં ચરણથી વ્રજરજ ઊડે, તે આપણા અંગેઅંગમાં લાગે, તે દ્વારા શ્રીઠાકોરજીનો સુખદ અલૌકિક સ્પર્શ આપણને પ્રાપ્ત થાય, એવી ભાવના આ પરિક્રમા પાછળ છે.

(૩) ભગવદીયોનો સંગ મહાભાગ્યથી મળે છે. આખો દિવસ શ્રીગિરિરાજબાવાનાં દર્શન અને એમનો સંગ આ નિમિત્તે આપણને પ્રાપ્ત થાય છે. આપણાં તન-મન લૌકિકમાંથી હટીને અલૌકિકમાં લાગેલાં રહે છે. ભગવદ્કૃપા થાય, તો ક્યાંક અલૌકિક ઝાંખી થવાની શક્યતા પણ છે. આ ત્રીજો હેતુ છે.

પ્ર. ૯ : શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

જ. ૯ : પરિક્રમા વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે :

(૧) શક્ય હોય ત્યાં સુધી એવો સમય પસંદ કરવો કે જેથી દિવસના પ્રકાશમાં સર્વ લીલાસ્થળોનાં દર્શન કરતાં કરતાં પરિક્રમા થાય. રાતની પરિક્રમામાં આ લાભ મળતો નથી. ગરમીના દિવસોમાં દિવસે પરિક્રમા કરવી શક્ય હોતી નથી. શિયાળામાં દિવસે પરિક્રમા આનંદથી થાય છે.

(૨) પરિક્રમા સ્નાન કરીને શુદ્ધ અને પવિત્ર સ્થિતિમાં કરવી. પ્રારંભ કરતાં પહેલાં મુખારવિંદની સામે બિરાજતા શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીએ દંડવત કરી પરિક્રમાની આજ્ઞા માગવી. પછી શ્રીગિરિરાજજીના મુખારવિંદને દંડવત કરી આજ્ઞા માગવી.

(૩) શક્ય હોય તો જાણકાર વૈષ્ણવ કે વ્રજવાસીને સાથે લેવા, જેથી પ્રત્યેક સ્થળ અને ત્યાંની લીલાની આપણને સમજ મળે.

(૪) અનુકૂળતા હોય તો અપરસમાં પરિક્રમા કરવી, જેથી પરિક્રમાના માર્ગમાં આવતાં બેઠકજીઓએ ઝારી ચરણ-સ્પર્શ થઈ શકે. વ્રજમાં ક્યારેય અપરસ છોવાતી નથી.

(૫) પરિક્રમા દરમ્યાન ચાલતાં ચાલતાં લૌકિક વાતો કે વિચાર ન કરવા. ધૂન, ધોળપદ ગાતાં ગાતાં પરિક્રમા કરવી.

(૬) આપણી દૃષ્ટિ જમણા હાથ તરફ બિરાજતા શ્રીગિરિરાજજી તરફ રાખવી.

(૭) પરિક્રમા ખુલ્લે પગે કરવી.

(૮) પરિક્રમા દરમ્યાન કોઈ જોખમ સાથે રાખવું નહિ.

(૯) બહુ જ સાદાઈથી અને દીનતાથી પરિક્રમા કરવી.

(૧૦)પરિક્રમા પૂરી થયા પછી શ્રી ગિરિરાજબાવાને શ્રમ-નિવારણ માટે દૂધથી સ્નાન કરાવી, યથાશક્તિ ભોગ ધરવો.

પ્ર. ૧૦ : શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવવાનું કારણ શું?

જ. ૧૦ : દૂધ એ સ્નેહનું સ્વરૂપ છે. ગાય, ભેંસ એના બાળક માટે દૂધ પેદા કરે છે. માતા પણ પોતાનું પયપાન બાળકને કરાવે છે. આમ, બાળક પ્રત્યેના સ્નેહને લીધે દૂધ પ્રગટ થાય છે. શ્રીગિરિરાજબાવા ઉપર આપણો અઢળક પ્રેમ છે. શ્રીગિરિરાજબાવાને ગાયો પણ ઘણી પ્રિય છે. એટલે આપણો પ્રેમ

શ્રીગિરિરાજબાવા પર અભિષેક કરવા માટે તેમને ગાયના દૂધથી સ્નાન કરાવવામાં આવે છે.

પ્ર. ૧૧ : શ્રીગિરિરાજબાવાને સ્નાન કરાવેલ દૂધ વ્યવસ્થિત રીતે એકત્ર કરીને વ્રજવાસીઓનાં બાળકો વગેરેને સારી રીતે પિવડાવી ન શકાય?

જ. ૧૧ : તમે કહો છો તેમ જ થવું જોઈએ; પરંતુ દુઃખની વાત એ છે કે આજ સુધી એવી સારી વ્યવસ્થા ત્યાં થઈ નથી.

પ્ર. ૧૨ : શ્રીયમુનાજીના સ્વરૂપને સમજાવશો?

જ. ૧૨ : શ્રીયમુનાજીનાં શ્રીગિરિરાજજીની જેમ ત્રણ સ્વરૂપ છે. આપણાં ચર્મચક્ષુથી દર્શન થાય છે, તે જળ-સ્વરૂપ શ્રીયમુનાજીનું આધિભૌતિક સ્વરૂપ છે. યમયાતના દૂર કરવી, અલૌકિક સિદ્ધિઓ આપવી એ તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. વ્રજલીલામાં શ્રીઠાકોરજીનાં ચોથાં સ્વામિની એ તેમનું આધિદૈવિક સ્વરૂપ છે. આમ, શ્રીયમુનાજી ત્રણ સ્વરૂપે વ્રજમાં બિરાજે છે.

પ્ર. ૧૩ : શ્રીયમુનાજીનું સેવન કેવી રીતે કરવું?

જ. ૧૩ : ઘણા વૈષ્ણવો શ્રીયમુનાજીમાં સ્નાન કરે છે; પરંતુ શ્રીયમુનાજીમાં સ્નાન કરતાં પહેલાં શુદ્ધ જળથી સ્નાન કરી લેવું જરૂરી છે. અશુદ્ધ અને અપવિત્ર શરીરથી શ્રીયમુનાજીમાં સ્નાન કરી શકાય નહિ. શ્રીયમુના-સ્નાનની સાથે શ્રીયમુનાજીનું પાન કરવું જોઈએ. આપણે ત્યાં ગંગા-સ્નાન અને યમુના-પાનનો મહિમા છે. શ્રીયમુનાજીનું પાન કરવાથી યમયાતના ભોગવવી પડતી નથી; કારણ કે શ્રીયમુનાજી યમરાજનાં નાનાં બહેન છે. મોટો ભાઈ નાની બહેનનાં બાળકોને દુઃખી ન થવા દે. જે શ્રીયમુનાજીનું પાન કરે, તે શ્રીયમુનાજીનું સંતાન કહેવાય. તેથી યમરાજ એ જીવોનો વાળ વાંકો થવા દેતા નથી.

પયપાન કરવાની એક પદ્ધતિ છે. શ્રીયમુનાજીનું ધ્યાન કરીને પહેલાં શ્રીયમુનાજીનું પૂજન થાય. તેમના કિનારે બેસી શ્રીયમુનાજીને દૂધથી સ્નાન કરાવાય. પછી પુષ્પમાળા ધરાય. પછી દૂધઘરની સામગ્રી ભોગ ધરાય. ત્યારબાદ શ્રી યમુનાષ્ટકનો પાઠ કરાય. શ્રીયમુનાજીને દંડવત કરવાનાં અને છેવટે નીચા નમી જમણા હાથમાં શ્રીયમુનાજળ લઈ, આપણો હાથ મોંને ન લાગે એવી રીતે અધ્ધરથી પાન કરવું, જેથી હાથ એંઠો ન થાય. આમ ત્રણ વખત પાન કરી શકાય. શ્રીયમુનાજીના કિનારે બેસી શક્ય તેટલા શ્રીયમુનાષ્ટકના પાઠ કરવા. શ્રીયમુનાજીનાં ૪૧ પદ પણ ગાવાં. આમ, શ્રી યમુનાજીનું સેવન થઈ શકે છે.

પ્ર. ૧૪ : વ્રજલીલામાં જુદાં જુદાં વ્રજભક્તો બિરાજે છે, એમનો પરિચય કરાવશો?

જ. ૧૪ : વ્રજલીલામાં ગોપ-ગોપીજનો બિરાજે છે. ગોપસખાઓ જુદા જુદા દેવો છે, જેઓ વ્રજમાં પ્રગટ થયા હતા. આ ગોપસખાઓને શ્રીઠાકોરજીની દિવસની લીલાનું સુખ અને સેવા મળ્યાં છે. ગોપીજનોને જે સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે, તે ગોપબાલકોને થતી નથી. તેમનો અધિકાર ગોપીજનો જેટલો નથી.

ગોપીજનોમાં ચાર પ્રકાર છે : નિર્ગુણ, તામસ, રાજસ અને સાત્ત્વિક. તેમના પણ ગુણોના મિશ્રણ પ્રમાણે પેટાપ્રકારો થાય છે. એમ કુલ ૧૯ પ્રકારો બને છે. નિર્ગુણ ગોપીજનોનાં સ્વામિની શ્રીયમુનાજી છે. તામસ ગોપીજનોનાં સ્વામિની શ્રીરાધિકાજી છે. રાજસ ગોપીજનોનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી છે. સાત્ત્વિક ગોપીજનોનાં સ્વામિની શ્રીકુમારિકાજી છે.

નિત્યલીલામાં જે વ્રજભક્તો પ્રભુના સુખ માટે અત્યંત આગ્રહી હોય, એમને તામસ ભક્તો કહે છે. જે અનેક મનોરથથી પ્રભુને રીઝવવા તત્પર હોય, તેમને રાજસ ભક્તો કહે છે. જે શાંત પ્રકૃતિનાં અને સેવાસ્મરણ-તત્પર હોય, તેમને સાત્ત્વિક ભક્તો કહે છે. આમ, વિવિધ ગુણોને લઈને વ્રજભક્તોનાં અનેક યૂથો છે. સૌ વ્રજભક્તોનાં સ્વામિની શ્રીરાધિકાજી છે. શ્રીરાધિકાજીની કૃપાથી જ નિત્ય લીલામાં પ્રવેશ મળે છે.

વેદની શ્રુતિઓએ ભગવત્-સ્વરૂપનો આનંદ માણવા માટે ભગવાનને વિનંતી કરી, ત્યારે ભગવાનની કૃપાથી તેઓ વ્રજમાં ગોપિકાઓરૂપે જન્મ્યાં, તે શ્રુતિરૂપા ગોપીજનો કહેવાય છે. રામાવતારમાં વનમાં તાપ કરતાં ઋષિકુમારો શ્રીરામજીનાં દર્શન કરી મોહિત થયા. તેમણે શ્રીરામજી પાસે કામસુખ માગ્યું. એકપત્ની-વ્રતધારી શ્રીરામજીએ તેમને કૃષ્ણાવતારમાં તેમની ઇચ્છા પૂરી કરવા વરદાન આપ્યું. આ ઋષિકુમારો એ જ કુમારિકા વ્રજભક્તો છે. બાકીનાં વ્રજભક્તો નિત્યસિદ્ધા ગોપીજનો કહેવાય છે. તેઓ ગોલોકધામમાં નિત્યલીલામાં સદા બિરાજમાન છે.

આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે બધાં વ્રજભક્તો અલૌકિક સ્વરૂપ છે અને સદા શ્રીઠાકોરજીની સેવામાં તત્પર છે.

●

૨૩. શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય

પ્ર. ૧ : પુષ્ટિમાર્ગના મોટાભાગના સિદ્ધાંતો ધ્યાનમાં આવ્યા. આ માર્ગ જેટલો દેખાય છે, એટલો સરળ નથી. પુષ્ટિના માર્ગ ઉપર ચાલવાનું કામ ઘણું કપરું જણાય છે, તો તે માટે શું કરવું?

જ. ૧ : શ્રીહરિરાયજીએ આનો ઉપાય શિક્ષાપત્રમાં બતાવ્યો છે. જેમ શ્રીઠાકોરજીની નિત્યલીલામાં શ્રીસ્વામિનીજીની કૃપા વિના પ્રવેશ મળતો નથી અને પ્રવેશ મળ્યા પછી, શ્રીઠાકોરજીની સેવા અને સંયોગનું સુખ શ્રીસ્વામિનીજી ન આપે તો મળતાં નથી, તેમ અહીં પૃથ્વી ઉપર પુષ્ટિમાર્ગમાં પ્રવેશ અને તે માર્ગે ચાલવાની શક્તિ શ્રીસ્વામિનીજી-સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપા વિના શક્ય નથી. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીની કૃપા જ મુખ્ય છે. જેના પર શ્રીમહાપ્રભુજીની કૃપા થાય, તેને આ માર્ગ સરળ બની જાય છે.

પ્ર. ૨ : શ્રીમહાપ્રભુજીની કૃપા મેળવવા શું કરવું જોઈએ?

જ. ૨ : વેદમા કહ્યું છે કે કૃપા ખરીદી શકાતી નથી. કૃપાસાગર પ્રભુ પોતાની ઇચ્છાથી કૃપા વરસાવે છે. કૃપા મેળવવાનાં કોઈ સાધનો કે નિયમો નથી. શ્રીમહાપ્રભુજીની કૃપાનું પણ આમ જ સમજવું.

શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર નિત્યલીલાના પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ થયા છે; એટલે આપની કૃપા પુષ્ટિજીવો ઉપર વિશેષ પ્રમાણમાં થાય છે. આપ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ બિરાજતા હતા ત્યારે પણ અનેક પુષ્ટિજીવો ઉપર કૃપા કરી, તેમને શરણે લીધા હતા. આપના સેવકોમાં અનેક પ્રકારના મનુષ્યો હતા. તેઓ તેમની કોઈ શક્તિથી શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરી શકે તેમ ન હતા. શ્રીમહાપ્રભુજીએ સ્વતઃ તેમને પોતાનાં ચરણકમળમાં ખેંચ્યા હતા.

આજે પણ શ્રીવલ્લભકુળ દ્વારા શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને શરણે લેવાની અને પ્રભુને સોંપવાની કૃપા કરી રહ્યા છે. આપણને અષ્ટાક્ષર મંત્રની કે બ્રહ્મ સંબંધની દીક્ષા મળે છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપા જ છે. શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા પછી આપણને શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિના માર્ગ ઉપર મૂકી દીધા છે.

પોતાના ગ્રંથો દ્વારા પુષ્ટિનો માર્ગ આપણને બતાવી દીધો છે. હવે આપણે એ માર્ગે ચાલવાનું છે. જો આપણે તે માર્ગે ચાલીએ, તો શ્રીમહાપ્રભુજી આપણા ઉપર વિશેષ પ્રસન્ન થાય અને આપણને આગળ વધવાની શક્તિ અવશ્ય આપે.

પ્ર. ૩ : શ્રીમહાપ્રભુજીના ગ્રંથોથી પુષ્ટિમાર્ગ સમજી શકાય એમ આપે કહ્યું. પણ શ્રીમહાપ્રભુજીની વાણી દુર્બોધ છે, તો તે કેવી રીતે સમજાય?

જ. ૩ : શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને સમજવાની પદ્ધતિ બતાવી છે. આપણે તે વિષે આગળ થોડોક વિચાર પણ કરેલો છે. શ્રીમહાપ્રભુજીના હૃદયને શ્રીગુસાંઈજી આદિ આપણા આચાર્યોએ જાણ્યું છે. તેમણે એ ગ્રંથો પર ટીકાએ લખીને એ ગ્રંથોનું રહસ્ય વધારે સ્પષ્ટ કર્યું છે. એટલે આપણે આપણી બુદ્ધિથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અર્થ ન બેસાડતાં આપણા આચાર્યોની ટીકાઓના આધારે એ ગ્રંથોનું રહસ્ય સમજવું જરૂરી છે.

ગ્રંથોનો ભાવ સમજીને એટલુ પૂરતું નથી. જે સમજ્યા છીએ, તેનું દૃઢતાથી જીવનમાં આચરણ પણ કરવું પડે. આમ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાસંગત આપણે દૃઢતાથી જીવન જીવીએ, તે માર્ગનિષ્ઠા કહેવાય. આવી માર્ગનિષ્ઠાથી શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થાય. આવો દૃઢ આશ્રય થયો હોય, તેમને શ્રીમહાપ્રભુજીની કૃપાનો વિશેષ અનુભવ થાય. માટે શ્રીમહાપ્રભુજીમાં આપણી માર્ગનિષ્ઠા થવી જરૂરી છે. એ માટે આપણે આ પ્રશ્નો દ્વારા પુષ્ટિમાર્ગને સમજી રહ્યા છીએ.

વિશ્વાસ કેવળ શબ્દથી થતો નથી. શ્રદ્ધા જ મન અને વાણીનો વિષય બને છે. નિષ્ઠામાં મન, વાણી અને સમગ્ર ક્રિયાઓ જોડાય છે. વિચાર, વાણી અને વર્તન સમજપૂર્વક એકરૂપ બને, ત્યારે નિષ્ઠા જન્મે છે. નિષ્ઠામાં દૃઢતાની જરૂર છે. શ્રીવલ્લભસિદ્ધાંતમાં નિષ્ઠા રાખી, વૈષ્ણવે શ્રીવલ્લભે બતાવેલા માર્ગે ચાલવું જોઈએ. બેઠાં બેઠાં શ્રીવલ્લભની વાતો કરવાથી કે 'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો' ગાવાથી નિષ્ઠા પ્રગટતી નથી. જો નિષ્ઠા એટલી સરળ હોત, તો દરેક વૈષ્ણવ-શ્રીવલ્લભમાં દૃઢ નિષ્ઠાવાન બની જાત.

એક કવિએ સાચું કહ્યું છે, 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને.' બીજા કવિ કહે છે, 'રે શિર સાટે નટવરને વરીએ.' આમ બધા એક દિશાની વાત કરે છે. સમર્પણમાં સાહસ અને હિંમત જરૂરી છે. સમર્પણ પોચટ નથી. જેમ કાચીંડો રંગ બદલે તેમ આપણે પણ જીવનના રંગ બદલતા રહીએ, તો નિષ્ઠા જન્મતી નથી. જેમ મરજીવો સમુદ્રના અગાધ જળમાં ડૂબકી મારવામાં એક ક્ષણનો વિચાર કરતો નથી અને કૂદકો લગાવી દે છે, તેમ આપણે પણ

શ્રીવલ્લભના માર્ગે ચાલવા કટિબદ્ધ બની જવું જોઈએ. પછી આગળ-પાછળ શું થશે, તેનો વિચાર કરવો જોઈએ નહિ.

જેના માથે શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી બિરાજતા હોય, તેણે પોતાનું અકલ્યાણ થશે એવું સ્વપ્ને પણ વિચારવું જોઈએ નહિ. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે કલ્યાણનાં કાર્યો કરનારની ક્યારેય ખરાબ ગતિ થતી નથી. તેણે ભય રાખવાનું, અવિશ્વાસ રાખવાનું કોઈ કારણ નથી.

આજે પુષ્ટિમાર્ગ તરફની આપણી ગતિ થોડી ધીમી જણાય છે. તેમાંથી નિષ્ઠાના પ્રશ્નો ઊભા થાય છે. પરંપરાથી આપણે વૈષ્ણવતા સ્વીકારી છે. કોઈ પણ વાત કે વર્તન જ્યારે પરંપરાથી ચાલ્યા કરે, ત્યારે સમયાંતરે તેમાં વિકૃતિઓ આવે છે. એ વર્તનની પાછળનો વિચાર ઘસાઈ જાય છે. વિચાર વિનાનું વર્તન બદલાઈ જાય છે. આપણે આપણા વડીલો દ્વારા વારસામાં મળેલા પુષ્ટિમાર્ગીય' વર્તનને વગર વિચારે સ્વીકારી લઈએ છીએ અને તેને કારણે એવું માનતા થઈએ છીએ કે આપણે જે કરીએ છીએ તે જ સાચો પુષ્ટિમાર્ગ છે. સાથે સાથે આપણે એવું પણ ઇચ્છીએ છીએ કે આપણે જે કરીએ છીએ તે સાચું છે એમ મોટાઓ મહોર મારી આપે તો વધારે સારું. આવી મહોર મેળવવા આપણે મથીએ છીએ. કોઈ આપણને એમ કહે કે તમે કરો છો તે સિદ્ધાંત સાથે સુસંગત નથી, તો આપણે તેમની વાતમાં વિશ્વાસ કરવાને બદલે તેમની સાથે વિતંડાવાદ કરવા લાગી જઈએ છીએ.

વાસ્તવમાં આપણે શિક્ષિત છીએ, બુદ્ધિથી વિચારવાની ટેવ આપણા શિક્ષણે આપણને પાડી છે. જીવનનાં બીજાં ક્ષેત્રોમાં આપણે માત્ર સાંભળેલી વાત વગર વિચારે સ્વીકારી લેતા નથી. ત્યારે ધર્મના વિષયમાં આપણને અનુકૂળ આવે એવી પરંપરાને સિદ્ધાંત માનીને પકડી રાખીએ અને જે અનુકૂળ ન આવે એવા સિદ્ધાંતોને સિદ્ધાંત તરીકે સ્વીકારવાની આનાકાની કરીએ, તો જરૂર એમ કહી શકાય કે હજી આપણામાં સાચી નિષ્ઠા ઊગી નથી.

કોઈ પણ માણસ સો ટકા સંપૂર્ણ નથી, હોઈ શકે પણ નહિ. એટલે દરેક વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીના બધા જ સિદ્ધાંતોને સો ટકા આચારમાં મૂકી શકે એવું ન બને. પરંતુ સાથે સાથે આપણામાં ઘુવડની દૃષ્ટિ કે શાહમૃગની વૃત્તિ ન હોવી જોઈએ. ઘુવડ દિવસે જોઈ શકતું નથી, એ તેની આંખોની મર્યાદા છે. તે અંધારું જોવા જ ટેવાયેલું છે. એ ઘુવડ બીજાં પક્ષીઓને એમ જ કહે છે કે સૂર્ય કે સૂર્યપ્રકાશ જેવું જગતમાં કંઈ છે જ નહિ. એક અંધ માણસ પણ જો જન્માંધ હોય, તો એમ

જ કહેશે કે દુનિયામાં માત્ર કાળો રંગ જ છે, બીજા કોઈ રંગ નથી. આપણે પણ આવી દૃષ્ટિ રાખીએ તો એમ જ કહીશું કે જય શ્રીકૃષ્ણ બોલ્યા એટલે આપણે પૂરા વૈષ્ણવ થઈ ગયા. અથવા અષ્ટાક્ષરની માળા કરી એક-બે પાઠ કર્યા એટલે વૈષ્ણવ થઈ ગયા. વધુમાં વધુ મંદિરે એકવાર દર્શન કરી આવ્યા એટલે ભયોભયો. આપણને કોઈ સમજદાર વૈષ્ણવ કે આપણા પૂજ્ય આચાર્ય એમ કહે કે આટલાથી વૈષ્ણવતા પૂરી થતી નથી, તો આપણે તેમના વાતનો સ્વીકાર નહિ કરીએ.

જેમ ભય આવે ત્યારે શાહમૃગ એનું મોં જમીનમાં છુપાવી દે છે અને એમ કરીને એવું આશ્વાસન લે છે કે હું મારા દુશ્મનનો જોઈ શકતું નથી, એમ મારો દુશ્મન પણ હવે મને જોતો નહિ હોય; તેથી હું સલામત છું. પરંતુ આપણે સમજી શકીએ કે આમ કરવાથી શાહમૃગ સલામત રહી શકતું નથી. એવી જ રીતે આપણે પણ સિદ્ધાંતો સામે આંખમિંચામણાં કરવાથી અને અથવા સિદ્ધાંતોનું આપણને અનુકૂળ આવે એવું અર્થઘટન કરવાથી સાચા વૈષ્ણવ બની શકતા નથી. આ વાત સાચા વૈષ્ણવ બનવા માગતા આપણે સૌએ ધ્યાનમાં લેવી પડશે.

કોઈ આપણને કહે કે પુષ્ટિમાર્ગ આવો છે, ત્યારે એની વાત સ્વીકારી લેવાને બદલે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના આધારે પહેલાં ખાતરી કરવી પડશે કે તેમણે જે કહ્યું તે શ્રીમહાપ્રભુજીના વિચાર સાથે સુસંગત છે? જો હોય તો તેનો સ્વીકાર કરવો, ન હોય તો તેનો અસ્વીકાર કરવો.

શ્રીવલ્લભ-વિચારને જીવનમાં જીવવા માટે પૂર્વગ્રહયુક્ત બંધ મન રાખવું નહિ. દિલ-દિમાગ ખુલ્લાં રાખીને મૂળ વાત સમજવી. બધા સિદ્ધાંતો જીવનમાં જીવી ન શકાય, તો શ્રીમહાપ્રભુજી આપણી એ નબળાઈને જરૂર ક્ષમા કરશે; પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનો સો ટકા સ્વીકાર નહિ કરીએ, તો શ્રીમહાપ્રભુજીને અપ્રસન્નતા જ થશે કે મારો થઈ મારી જ વાતનો સ્વીકાર કરતો નથી. એટલે શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત નિષ્ઠાપૂર્વક, સો ટકા સ્વીકારીએ. એમાંથી જેટલા સિદ્ધાંતોનું તત્કાલ પાલન ન થઈ શકે તેનું પાલન કરવા લાગીએ, તેમાં બાંધછોડ ન કરીએ. જેનું પાલન કરવામાં કંઈક પ્રતિકૂળતા હોય, તો એ પ્રતિકૂળતાઓને કેવી રીતે દૂર કરવી એનો વિચાર કરવો અને દૂર કરવા પ્રયત્નશીલ બનવું. આમ કરવાથી શ્રીમહાપ્રભુજીમાં આપણી નિષ્ઠા થશે. સિદ્ધાંતોના પાલનમાં અનુકૂળતા થાય કે પ્રતિકૂળતા; પણ શ્રીમહાપ્રભુજીની દૃઢ શરણાગતિ છોડવી નહિ. હમેશાં દીનતાથી એમનાં ચરણકમળોમાં વિનંતી કરતા રહેવી કે આપ અમને આપના સિદ્ધાંત પ્રમાણે સો ટકા જીવન જીવવાની શક્તિ, મતિ અને ગતિ આપો. ●

૨૪. પુષ્ટિમાર્ગની આચાર-પરંપરા

પ્ર. ૧ : બીજા હિન્દુધર્મીઓ કરતાં આપણે ત્યાં અડવા ન અડવાની, વારંવાર હાથ ધોવાની, સૂતક વગેરે પાળવાની, ગ્રહણની - એમ ઘણા પ્રકારની ઘણી વધારે ચિકાશ જોવામાં આવે છે, તેનું કારણ શું?

જ. ૧ : આપણે આનો વિચાર કર્યો જ છે; છતાં ફરીથી એ વાત સમજી લઈએ કે પુષ્ટિમાર્ગ હિન્દુ ધર્મથી અલગ કોઈ સ્વતંત્ર સંપ્રદાય નથી. પુષ્ટિમાર્ગ હિન્દુ ધર્મની જ એક શાખા છે. તેનો આધાર વેદ-ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવત છે. બીજા આચાર્યોએ પોતાની વિચારસરણીને સાચી ઠેરવવા માટે આ ધર્મગ્રંથોના અર્થોને પોતપોતાની રીતે રજૂ કર્યા છે; પરિણામે અર્થઘટનમાં તેમની સો ટકા પ્રામાણિકતા રહી નથી. જ્યારે શ્રીમહાપ્રભુજી એક એવા આચાર્ય છે કે જેમણે એમ કહ્યું કે મારો અંગત સ્વતંત્ર કોઈ ધર્મવિચાર નથી. વેદ-ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવત એકમતે જે સિદ્ધાંતો કહે છે, એ બધા સિદ્ધાંતો હું સ્વીકારું છું અને તેને પાયામાં રાખીને જ તમને પુષ્ટિમાર્ગનો ધર્મવિચાર સમજાવું છું. શ્રીમહાપ્રભુજીએ વેદની આજ્ઞાઓનું ઉલ્લંઘન ક્યારેય કર્યું નથી. શ્રીમહાપ્રભુજી આ ધર્મગ્રંથોને સંપૂર્ણ રીતે સ્વીકારી અનુસરે છે. તેથી શ્રીમહાપ્રભુજીના તત્ત્વવિચાર અને ધર્મવિચારમાં ક્યાંક તફાવત નથી. બીજે ક્યાંક તત્ત્વવિચાર અને ધર્મવિચારમાં જે ફરક જોવા મળે છે, એવો ફરક આપણા પુષ્ટિમાર્ગમાં નથી.

શ્રીમહાપ્રભુજી વેદની આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કરતા હોવાથી, તેમણે વર્ણાશ્રમધર્મનું પાલન કરવાનો આગ્રહ પુષ્ટિમાર્ગમાં સેવ્યો છે. પ્રાચીનકાળમાં હિન્દુ ધર્મના બીજા સંપ્રદાયો પણ વર્ણાશ્રમધર્મનો આગ્રહ ધરાવતા હતા. સમય જતાં વર્ણાશ્રમના વિચારમાં ઘણાં પરિવર્તનો આવતાં ગયાં. તેને લીધે વર્ણાશ્રમની આચાર-પરંપરામાં બીજા સંપ્રદાયોએ ઢીલ મૂકી; જ્યારે આપણે એ આચાર-પરંપરાને સ્વીકારીને ચાલ્યા છીએ, જે આજે પણ આપણા આચારમાં જોવા મળે છે. આપણો આચાર વેદમાં બતાવેલ વર્ણાશ્રય-પરંપરાનો હોઈ ધર્મયુક્ત છે; તેથી આપણે બીજાની દેખાદેખી કરીને આપણા આચારમાં શિથિલતા લાવ્યા નથી.

પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. ભક્તિમાં વર્ણ, આશ્રમ, જાતિ-

પેટાજાતિનો કોઈ પ્રતિબંધ નથી. મનુષ્યમાત્રને ભક્તિ કરવાનો એકસરખો અધિકાર છે. વેદમાં ધર્મકાર્યો માટે સ્ત્રીઓ અને શૂદ્રોને અન્ય મનુષ્ય જેટલા અધિકાર નથી. શ્રીમહાપ્રભુજીએ એવી કુશળતાથી આપણી આચારપરંપરા આપી છે કે તેની મર્યાદામાં રહીને દરેક વૈષ્ણવ વર્ણાશ્રમનું અને પુષ્ટિભક્તિ-માર્ગનું પાલન કરી શકે. બંને વચ્ચે ક્યાંય વિરોધ આવે નહિ.

શ્રીમહાપ્રભુજીએ આચારપાલન અંગે બહુ સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી છે. દરેક વૈષ્ણવને જીવનમાં બે પ્રકારના ધર્મો આચરવાના છે : **દેહધર્મ અને આત્મધર્મ**. આત્માને વર્ણ કે આશ્રમનો સંબંધ નથી. આત્માને કેવળ ભગવાન સાથેનો સંબંધ છે. શરીરને પહેલો સંબંધ વર્ણ અને આશ્રમ સાથે છે, પછી આત્માને લઈને શરીરનો સંબંધ ભગવાન સાથે થાય છે. જ્યાં સુધી આપણને આપણું શરીર અને તેની ઇન્દ્રિયોનું પૂરું સાનભાન છે, જ્યાં સુધી આપણે જગતમાં રહીને આપણી બધી ભૌતિક જવાબદારીઓ વહન કરીએ છીએ, ત્યાં સુધી આપણે દેહધર્મોનું પણ પાલન કરવાનું છે. દેહધર્મો સાથે આપણે આંખમિચામણાં કરી શકતા નથી. માટે દેહધર્મ આપણો સ્વધર્મ છે. દેહધર્મમાં આપણા પોતાના કુટુંબ, સમાજ, દેશ વગેરે પ્રત્યેની આપણી ફરજોનો સમાવેશ થાય છે. આપણે જે વર્ણમાં જન્મ્યા છીએ, તે વર્ણના આચાર પ્રમાણે આપણે જીવવું જોઈએ. આપણે જે આશ્રમમાં છીએ, તેની ફરજો આપણે બજાવવી જોઈએ. દા.ત. આપણે વણિક છીએ, એટલે આપણો વર્ણ વૈશ્ય છે, તો વ્યાપાર-ધંધો એ આપણા વર્ણની જવાબદારી છે. આપણે ગૃહસ્થ છીએ, આપણો પરિવાર છે; તો આપણે ગૃહસ્થાશ્રમમાં રહી, એક ગૃહસ્થ તરીકે જે જે કાર્યો હોય, તે પણ આપણે કરવાનાં છે. આ બધી જવાબદારીઓ ધર્મના માર્ગે બજાવવાની છે. **ધર્મના ચાર પાયા છે: સત્ય, દયા, તપ અને પવિત્રતા**. આપણાં શાસ્ત્રોએ આ ચાર તત્ત્વોને ધ્યાનમાં રાખીને, આપણે કેવા પ્રકારનું જીવન જીવવું જોઈએ તે બતાવેલું છે. બ્રહ્મચારીનું જીવન, ગૃહસ્થ-જીવન અને સંન્યાસીનું જીવન કેવું હોય, તે ધર્મશાસ્ત્રોએ વિગતે વર્ણવ્યું છે. તેમાંથી આપણા વર્ણાશ્રમને લાગુ પડે તે આપણે સ્વીકારવાનું છે. આવું જીવન જીવવું એ આપણો દેહધર્મ, સ્વધર્મ છે.

ધર્મશાસ્ત્રોએ ત્રણ પ્રકારના આચાર બતાવ્યા છે : **સદાચાર, આચાર અને અનાચાર**. શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે બધાં કાર્યો કરવાં એ સદાચાર છે. આપણી મરજી પ્રમાણે કાર્યો કરવાં એ આચાર છે. શાસ્ત્રોથી વિરુદ્ધ પાપમય કાર્યો કરવાં એ અનાચાર કે દુરાચાર છે. અનાચારથી હમેશાં દૂર રહેવું જોઈએ; કારણ કે આપણા આચાર-વિચાર કાપડના તાણાવાણાની જેમ એકમેક સાથે વણાઈ ગયા

હોય છે. જેવો વિચાર હશે, એવું આચરણ હશે. વિચારની અસર આચરણ ઉપર આવશે. આપણા મનમાં કોઈને પીડા કરવાનો વિચાર ચાલતો હશે, તો આપણે હિંસા કરી બેસીશું. આપણો આચાર જેવો હશે એવો વિચાર પણ બનશે. આચારની અસર પણ વિચાર ઉપર થાય છે. જે શુદ્ધતા, પવિત્રતા ન પાળતો હોય, તેના વિચારોમાં ધર્મ અને ભક્તિનું સ્થાન વિષયવાસના અને ભોગ લેશે. આમ, આચાર-વિચાર એકસાથે સંકળાયેલા હોવાથી, શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે તમે તત્ત્વદર્શનને બરાબર સમજો. શુદ્ધાદ્વૈતના વિચારને બરાબર ધ્યાનમાં લો. પછી તે મુજબ ધર્મશાસ્ત્રોએ બતાવેલી રીતે આચારણ કરો એટલે કે જીવન જીવો. જોકે બધા મનુષ્યો એકસરખા સ્વભાવ ને શક્તિવાળા નથી. માટે તેમણે ધર્માચરણમાં જડતા બતાવી નથી. તેમણે એમ કહ્યું કે તમારી જેટલી શક્તિ હોય, એ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરો. પણ એનો અર્થ નથી કે શક્તિ હોવા છતાં આપણે દંભ કરીએ કે મારાથી થઈ શકતું નથી. શ્રીમહાપ્રભુજીએ એમ પણ કહ્યું કે જે તમારા વર્ણ અને આશ્રમના ધર્મો નથી, જે તમારા સંપ્રદાયનો આચાર નથી, એ બધાને વિધર્મ જાણો. એનાથી તદ્દન દૂર રહેજો. સ્વધર્મ અને વિધર્મનું મિશ્રણ કરશો નહિ.

આમ, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં સ્વધર્મ તરીકે દેહધર્મ અને આત્મધર્મ બતાવ્યા છે. દેહધર્મરૂપે વર્ણ અને આશ્રમની જવાબદારીઓ વહન કરતાં કરતાં, આત્મધર્મરૂપે ભગવત્સેવા, સત્સંગ અને સ્મરણ પણ કરવાનાં છે. પ્રભુ પોતે શુદ્ધ, પવિત્ર અને અલૌકિક છે. આપણું જીવન સંપૂર્ણ રીતે સેવા-સત્સંગ અને સ્મરણમય બનાવવાનું છે. અગાઉ જોયું તેમ, સેવા આદિ જીવનમાં પાર્ટટાઈમ પ્રવૃત્તિ નથી, તે ફૂલટાઈમ ફરજ છે. એટલે જો આપણા દેહધર્મના આચાર ધર્મમય નહિ હોય, શુદ્ધ અને પવિત્ર નહિ હોય, તો સેવા-સત્સંગ-સ્મરણમાં શુદ્ધતા અને પવિત્રતા આવશે નહિ. શુદ્ધતા અને પવિત્રતા વિના કરેલાં સેવા-સત્સંગ-સ્મરણ અલૌકિક ફળ આપશે નહિ. માટે પુષ્ટિમાર્ગમાં સદાચારનો આગ્રહ સેવવામાં આવ્યો છે.

સદાચારનું પાલન કરવા શ્રીમહાપ્રભુજીએ એક સુંદર વાત બતાવી. આપણું શરીર ૧૧ ઈન્દ્રિયોવાળું છે. તેમાં અંતઃકરણ અને આત્મા પણ છે. આ બધા દ્વારા જીવન જીવતાં જીવતાં સેવા-સત્સંગ-સ્મરણ કરવાનાં છે. શરીર, ઈન્દ્રિયો, આત્મા અને અંતઃકરણની શુદ્ધિ અને પવિત્રતા ધર્માચરણમાં જરૂરી છે. દેહશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને અંતઃકરણશુદ્ધિ કરવી પડશે. તો જ આત્મશુદ્ધિ થશે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ શરીર એક રથ છે. અગિયાર ઈન્દ્રિયો અગિયાર ઘોડા છે. મન સારથિ છે. બુદ્ધિ લગામ છે. આત્મા પ્રવાસી છે. મનથી બુદ્ધિની લગામ વડે ઈન્દ્રિયોના અગિયાર ઘોડાઓને કાબૂમાં રાખીને, જે દિશામાં જવાનું તે

દિશામાં શરીરરૂપી રથને હાંકવાનો છે. મન-બુદ્ધિ અને ઈન્દ્રિયોને કાબૂમાં રાખવા માટે આપણે ત્યાં આચારનો આગ્રહ સેવવામાં આવે છે.

પ્ર. ૨ : આપે આચારશુદ્ધિનું મહત્ત્વ સમજાવ્યું. હવે આજના સમયને ધ્યાનમાં લઈને શુદ્ધ અને પવિત્ર આચરણ કેવી રીતે કરી શકાય તે બતાવશો?

જ. ૨ : આપણામાં કહેવત છે કે 'મન હોય તો માળવે જવાય' માણસને જે કામ કરવાનું અંદરથી મન થાય છે તે કાર્ય ગમે તેવી પ્રતિકૂળતાઓનો સામનો કરીને પણ કરે છે. આપણામાં એક બીજી કહેવત પણ છે, 'નાચવું નહિ તેને આંગણું વાંકું' કોઈ કામ કરવાની ઈચ્છા ન હોય, તો હજાર બહાના શોધી લે છે. આજે ઘણા લોકો એવું કહે છે કે હિન્દુ ધર્મની પ્રાચીન આચારપરંપરા આજે શક્ય નથી. દેશકાળ બદલાઈ ગયાં છે. સમયની સાથે ચાલવું પડશે. આ વાત બરાબર નથી. નબળા માણસો સમયની સાથે ચાલે છે. જેનામાં પોતાની મરજી મુજબ ચાલવાનો દૃઢ નિર્ધાર છે, એવી તાકાતવાળા માણસો સમયના સામા પ્રવાહે આજે પણ ચાલે છે. આપણા હિન્દુ ધર્મને સનાતન એટલે માટે કહ્યો છે કે દેશકાળની મર્યાદાઓથી તે પર છે. એ સીમાબદ્ધ નથી. તે કોઈપણ સ્થળે, કોઈપણ સમયે, એકસરખી રીતે પાળી શકાય છે. માત્ર એનું પાલન કરવા માટેની આપણી તૈયારી જોઈએ.

બીજા બધા ધર્મના અનુયાયીઓ તેમના ધર્મની આચાર-પરંપરાનું આ સમયમાં ચુસ્તતાથી પાલન કરી શકે છે. દા.ત. જૈનો કંદમૂળનો ત્યાગ કરીને જીવી શકે છે. ગમે ત્યાં ભોજન લે, પણ કંદમૂળ ન લેવાનો આગ્રહ રાખતા હોવાથી, મોટી મોટી હોટલો, રેસ્ટોરાં પણ તેમને માટે અલગ જૈન ભોજન બનાવે છે. કાંદા, લસણ કે કંદમૂળ વિનાની વાનગી માટે જૈન ભોજન શબ્દ પ્રચલિત બન્યો છે. તેઓ પણ આપણા જેવા જ જંજાળી ગૃહસ્થો છે; છતાં તેમનાં કડક વ્રત-ઉપવાસ તેઓ હોંશથી કરે છે. સૂર્યાસ્ત પછી ભોજન કરવાનો નિષેધ પાળે છે. તેમના દેરાસરે ધોતી અને ખેસ ધરીને દરરોજ પૂજા કરવા જવામાં તેમને સંકોચ કે સમય નડતો નથી. આપણને આ બધું નડે છે, આપણને આપણો આચાર અકળાવે છે. એનું કારણ વિચારીએ તો એક જ છે કે આપણનો આચાર-પાલનમાં નિષ્ઠા નથી. આપણે એમ માનતા થયા છીએ કે જેમ સ્વાદિષ્ટ મહાપ્રસાદ ખાવામા શરીરને કંઈ તકલીફ આપવી પડતી નથી, તે રેડીમેડ મળી જાય છે; તેમ પુષ્ટિમાર્ગમાં બધું રેડીમેડ બની જાય તો સારું. શ્રીઠાકોરજીને મેળવવામાં પણ શરીરને નમાવવાની જરૂર નથી. આવા કોઈક ખ્યાલમાં આપણે રાચતા હોવાથી, આપણે આપણા આચારો તરફ આંખમિચામણાં કર્યાં છે. તેને લીધે આપણને આચારપાલનની વાત કઠે છે; પરંતુ

સદાચાર વિના સદ્‌વિચાર હૃદયમાં સ્થિર થતો નથી. શરીર શુદ્ધિ અને આત્મશુદ્ધિ નહીં થાય, ત્યાં સુધી ભગવત્પ્રાપ્તિ થશે નહીં. ઘરમાં લાગેલી ઊંધઈને દૂર કર્યા વિના જો બહારથી રંગરોગાન કરી દઈએ, તો તેથી ઊંધઈ મરી જતી નથી. ઘર મજબૂત બનતું નથી. તેમ આપણે પણ આપણાં શરીર-મન અને આત્માના દોષો તથા પાપોની શુદ્ધિ નહિ કરીએ, તો ભગવદ્ધર્મનું પાલન થઈ શકશે નહિ.

આપણે આજે પશ્ચિમના જગત તરફ આંધળિયાં કરીને દોડી રહ્યા છીએ. ક્ષુલ્લક શરીરના ભોગોમાં ગળાડૂબ બની ગયા છીએ, એને જ જીવનનું પરમફળ માનવા લાગ્યા છીએ. જેમ દારૂડિયો દારૂને જ દેવ માને અને એમાં ડૂબીને પોતાનો સર્વનાશ નોતરે, તેમ આપણે પણ ભૌતિક ભોગો પાછળ પાગલ બનીને સર્વનાશની દિશામાં જઈ રહ્યા છીએ. તેને લીધે આપણે સદાચારપૂર્વક ધર્માચરણ કરવાની આનાકાની કરીએ છીએ, પણ તેનાં પરિણામો વિનાશક જ છે.

પ્ર. ૩ : જીવનમાં શુદ્ધિ અને પવિત્રતા જાળવવા શું શું કરવું જોઈએ?

જ. ૩ : શુદ્ધિ અને પવિત્રતાનાં બે સ્વરૂપ છે : બાહ્ય અને આંતરિક. બહારની શુદ્ધિ અને પવિત્રતા સ્નાન, અસ્પર્શ જેવાં કેટલાંક કાર્યો દ્વારા થાય છે. જેમ કે જ્યારે અશુદ્ધ અને અપવિત્ર વસ્તુઓનો કે વ્યક્તિઓનો સ્પર્શ થાય, ત્યારે ફરી શુદ્ધ થવા સ્નાન કરવું, હાથપગ ધોવા વગેરે. આજે આપણે આ બધામાં શિથિલ બન્યા છીએ. સંડાસ જઈને સરખી રીતે હાથપગ ધોતા નથી અને સ્નાન કરતા નથી. બાથરૂમ જઈને પણ આપણે હાથપગ ધોતા નથી. ચમચીથી ભોજન કરવાને કારણે એંઠા હાથ ધોતા નથી. મોં ધોવાને બદલે નેપકીનથી લૂછીએ છીએ. જોડા-ચંપલ પહેરી ઠેઠ રસોડા સુધી ફરીએ છીએ. જોડા-ચંપલ પહેરીને ભોજન પણ લઈએ છીએ. આ બધી હરકતોને કારણે આપણે બાહ્ય શુદ્ધિ ગુમાવીએ છીએ. ચરણામૃત લેવાની ટેવ નથી. સ્નાનથી જેમ શુદ્ધિ થાય છે, તેમ ચરણામૃતથી પવિત્રતા થાય છે. તુલસીની કંઠી અને પ્રસાદી-કંકુનું તિલક કે સ્ત્રીઓ માટે પ્રસાદી-કંકુનો ચાંલ્લો પવિત્ર બનાવનારાં છે. આપણે તે પણ ત્યજી દીધાં છે. એને લીધે બાહ્ય શુદ્ધિ અને પવિત્રતા જીવનમાં રહ્યાં નથી.

જેમ બાહ્ય શરીર અને ઈન્દ્રિયો છે, તેમ અંદરની બાજુ સૂક્ષ્મ લિંગ અને તેની સૂક્ષ્મ ઈન્દ્રિયો પણ છે. અંતઃકરણ પણ છે. તે બધાંની શુદ્ધિ અને પવિત્રતા પણ જરૂરી છે. આ આંતરિક શુદ્ધિ અને પવિત્રતા માટે સ્નાનની સાથે સાથે આપણે ત્યાં ચરણામૃત લેવાનો, તુલસીદળ લેવાનો, ઝારીજીનું જળ અને યમુનાજળ લેવાનો, કંકુનું તિલક કરી ચંદન લગાડવાનો - એમ વિવિધ પ્રકારો છે. મહાપ્રસાદથી

આંતરિક શુદ્ધિ અને પવિત્રતા થાય છે. અસમર્પિતના ઉપયોગથી આંતરિક દોષો લાગે છે. આજે આપણે મહાપ્રસાદ લેવાનો બંધ કર્યો હોઈ આપણી ચિત્તવૃત્તિઓ ભોગના માર્ગે દોડે છે. સેવા-સત્સંગ-સ્મરણથી પણ આત્માની શુદ્ધિ થાય છે; માટે પુષ્ટિમાર્ગમાં બાહ્ય અને આંતરિક શુદ્ધિ માટે સદાચારને મહત્ત્વ અપાયું છે.

સદાચાર એટલે માત્ર નહાવું-ધોવું અને છૂતાછૂત નહીં. નહાવા-ધોવાનું, સૂતક પાળવાનું, ગ્રહણ પાળવાનું મુખ્ય કારણ ધર્મશાસ્ત્રોએ બતાવેલ શુદ્ધિ અને પવિત્રતા છે. એના માટે માત્ર સ્નાન અને અસ્પર્શ જ સાધનો નથી. સત્ય બોલવું ખાસ જરૂરી છે. અસત્યથી મન મલિન, અપવિત્ર બને છે. અસત્ય ભાષણ કરવાથી જીભ અશુદ્ધ થાય છે. અસત્ય આચરણ કરવાથી ઈન્દ્રિયો મલિન બને છે. એવું જ દયાનું છે. જેનાં વિચાર-વાણી-વર્તનમાં દયા નથી, તે માણસ કઠોર કાળજાનો થાય છે. તેની નિર્દયતા અને હિંસકતા તેને તામસી બનાવે છે. દયાથી જીવનમાં સાત્ત્વિકતા આવે છે. સાત્ત્વિક જીવન જ ધર્મનું પાલન કરી શકે છે. સત્ય અને દયાની સાથે જીવનમાં તપ પણ જરૂરી છે. માણસ પાસે સંપત્તિ ન હોય, તો આપોઆપ તપ થાય. પરંતુ સંપત્તિની વચ્ચે પણ વૈષ્ણવે તપસ્વી જીવન જીવવાનું છે. લૌકિક રાગભોગથી મુક્ત રહેવું, ભૌતિક મનોરંજનથી જાતને બચાવવી, લૌકિક વ્યવહારો ઓછા કરી દેવા, પ્રભુને મેળવવાનો વિરહ વધારવો એ તપ છે. મનનો, વાણીનો અને ઈન્દ્રિયોનો સંયમ એ મોટામાં મોટું તપ છે. છેલ્લી વાત પવિત્રતાની. બધી ઈન્દ્રિયો પ્રભુસેવા-સ્મરણમાં લાગે, તો તે પવિત્ર બને છે. જેમ અગ્નિના સ્પર્શથી ભેજ ચાલ્યો જાય, તેમ પ્રભુના સંબંધથી અપવિત્રતા દૂર કરી શકાય છે.

આપણા જીવનના પ્રત્યેક કાર્યનો આ દૃષ્ટિકોણથી વિચાર કરવો જોઈએ. જીવનની પ્રત્યેક ક્ષણ સદાચારના માર્ગે કેવી રીતે શુદ્ધ અને પવિત્ર બને, તેનું ધ્યાન રાખવું જોઈએ. આચાર-પરંપરા સામે ઉપેક્ષા કરવી જોઈએ નહિ. આચારપાલન એ કોઈ સામાજિક ગુનો નથી. આપણા આચાર માટે આપણને ગૌરવ હોવું જોઈએ. એની અસ્મિતા વધારવી એ આપણું કર્તવ્ય છે. નિર્ભયતાથી આચારપાલન કરવામાં સંકોચ કરવો જોઈએ નહિ. સેવામાં ધોતી-બંડી પહેરવાં. બહારથી આવ્યા પછી વસ્ત્રો બદલી, સ્નાન કરી ઘરનાં શુદ્ધ વસ્ત્રો પહેરવાં. અશુદ્ધ અને અપવિત્ર સ્થિતિમાં ઘરમાં અડકવું નહિ. આ બધું કરવામાં આપણને કોઈ રોકતું નથી. જેને વધારે બહાર જવાનું થતું હોય, તે પણ ધારે તો બહારના ખાનપાનથી અળગા રહી શકે છે. પોતાના સાથે જરૂરી જળ, નાસ્તો લઈ જઈ શકે છે અથવા ફળફૂલથી કે દૂધથી જીવન ટકાવી શકે છે. સવાલ છે કેવળ આપણા આગ્રહનો.

●

દીવાદાંડીના અજવાળે

સમુદ્રમાં કેટલાંક સ્થાનો ભયજનક હોય છે. એ વિભાગમાં જઈ ચઢેલ વહાણ સલામત રીતે કિનારે ન પણ પહોંચી શકે. એવા વહાણને ત્યાં જતું રોકવા સમુદ્રકિનારે દીવાદાંડીઓ ઊભી કરવામાં આવે છે. દૂરદૂરથી એ દીવાદાંડીઓને જોઈને પોતાની સલામત દિશા નક્કી કરી, ખલાસીઓ વહાણનું સુકાન ફેરવી લે છે.

આપણી દુનિયા પણ એક સાગર જેવી છે. તેમાં આપણી જીવનનૌકાને નુકશાન થાય, એવી ઘણી બાબતો આવે છે. વિષમ પરિસ્થિતિમાંથી જીવનનૌકાને બચાવવા માટે ગુરુ અને શાસ્ત્રોની દીવાદાંડી આપણી પાસે છે; પરંતુ પ્રમાદવશ આપણે એ દીવાદાંડીઓનો સરખી રીતે ઉપયોગ કર્યો નથી. તેને લઈને આપણી જીવનનૌકા ખરાબે ચઢી અથડાઈ-કૂટાઈ નાશ પામે છે.

ગુરુ અને ગ્રંથોનાં વચનો દિવ્ય અને અલૌકિક હોવાથી, ક્યારેક દુર્બોધ બને છે. ભગવદીયોના સંગથી એ વચનો સુબોધ બને છે. આવો ભગવદીયોનો સંગ દરેકને નિત્ય મળવો દુર્લભ છે. એ સંજોગોમાં સદ્પુસ્તકોનો સંગ કરી શકાય છે. એ હેતુથી પુષ્ટિમાર્ગને જાણવાની સાચી જિજ્ઞાસા ધરાવનાર સૌ માટે આ એક પાયાનું પુસ્તક તૈયાર થયું છે. તેનાં ચોવીસ પ્રકરણોમાં પુષ્ટિમાર્ગની પાયાની લગભગ બધી વાતો પ્રશ્નોત્તરના સ્વરૂપમાં સરળ ભાષામાં રજૂ કરવામાં આવી છે. દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને પુષ્ટિમાર્ગ સમજવા, સમજીને આચારમાં મૂકવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી બનશે, એવી શ્રદ્ધા છે.

સૌના માનીતા પ્રા. રમેશભાઈ પરીખનું આ નવલું નજરાણું આવકારપાત્ર છે.

પુષ્ટિ-સ્વાધ્યાય માટે ઉત્તમ સાહિત્ય પ્રકાશિત થઈ રહ્યું છે. એ શૃંખલામાં ઉમેરાતું આ પુસ્તક સહુ સ્વાધ્યાયીઓને સ્વાધ્યાયનું વિશેષ ભાથું જરૂર પૂરું પાડશે.